ॐ

श्राद्धगुण विवरण.

भाषांतर.

प्रकाशक,

श्री जैन आत्मानंद सभा,

भावनगर.

सद्गुरु स्तुति.

सज्ज्ञानामृतवर्षणे गतमदो भव्यांगिनां भारते,
रक्तःशुद्धविचारचारु चरितः सम्यक्सदासंवृतः
द्रव्यक्षेत्र स्वभावकालनीतिषु आज्ञां सदा निर्वहन्,
श्राद्धानांगुणसंनिधिवितरणे आनंदसूरिं स्तुमः

" આ ભરતક્ષેત્રમાં ભવ્ય જનોને નિર્મળપણે સત્યજ્ઞાનરૂપ અમૃત જેમણે સિંચ્યું છે, જેઓ હંમેશાં નિર્મળ અંતઃકરણવાળા, સદાચારમાં તત્પર અને ઇંદ્રિયદમનમાં પ્રવૃત્ત હતા, શ્રી જિનેશ્વરની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ રાજનિતિનું પાલન કરતા હતા, તે શ્રીમદ્ વિજયાનંદસૂરિને પ્રસ્તુત 'શ્રાદ્ધ-ગુણ વિવરણ' ના પ્રારંભમાં સ્તવીએ છીએ.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરી.

(આત્મારામજી મહારાજ)

The Bombay Art Printing Works, Fort.

વોરા હઠીસંગ ઝવેરચંદ સીરીઝ નંબર ૧ લો.

પરમર્ષિ શ્રી જિનમંડનગણિ વિરચિત,

શ્રી

શ્રાદ્ધગુણ વિવરણ ભાષાંતર.

(જિન વચનામૃત મહોદધિમાંથી પરમર્ષિ ગીતાર્થ વચન તરંગ બિન્દુરૂપ શ્રાવકધર્મરૂપી કલ્પવૃક્ષના ઉત્તમ ગુણોરૂપી પુષ્પોનું દૃષ્ટાંત યુક્ત વિસ્તાર વડે વિવેચન.)

અનુવાદક,

(પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય)

શ્રીમાન્મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ.

વોરા હઠીસંગ ઝવેરચંદ ભાવનગર નિવાસીની આર્થિક સહાય વડે,

પ્રસિદ્ધ કર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

ભાવનગર–ધી આનંદ પ્રી. પ્રેસમાં શા. ગુલાબચંદ લલુભાઇએ છાપ્યું.

વીરસંવત ૨૪૪૨. આત્મસંવત ૨૧. વિક્રમ સંવત ૧૯૭૨. ઇ.સ. ૧૯૧૬.

શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નં. ૩૦

श्रद्धालुतां श्राति शृणोति शासनं, धनं वपेदाशु वृणोति दर्शनम् ।
कृंतत्य पुण्यानि करोति संयमं, तं श्रावकं प्राहुरमी विचक्षणाः ॥

ભાવાર્થ—જે શ્રદ્ધાળુપણાને દૃઢ કરે, જિનેશ્વર ભગવાનની આજ્ઞાને શ્રવણ કરે, શુભ ક્ષેત્રમાં દ્રવ્યને શિઘ્ર વાવે (વ્યય કરે) જિન દર્શનને (સમ્યક્-ત્વને) વરે, (આદરે), પાપોનો નાશ કરે, અને સંયમ કરે, (મન ઇંદ્રિયોને વશ કરે) તેમને વિચક્ષણ પુરૂષો શ્રાવક કહે છે. (**શ્રીમદ્ જિનમંડનગણિ.**)

(શ્રીમાન્ પ્રવર્ત્તકજી શ્રીકાન્તિવિજયજી મહારાજના શિષ્ય.)

મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ.

(શ્રી શ્રાદ્ધ ગુણવિવરણગ્રંથના ભાષાંતર કર્તા.)

The Bombay Art Printing Works, Fort.

પરમકૃપાળુ શાંતમૂર્તિ શ્રીમદ્ હંસવિજયજી મહારાજ તથા શ્રીમાન્ પંન્યાસજી મહારાજ શ્રી સંપત્તવિજયજી મહારાજ શુ-માારે સાત વર્ષ ઉપર આ શહેરમાં પધાર્યા હતા, ઘણુંજ થોડા દિવસની અત્રે સ્થિરતા છતાં તે દરમ્યાન આ શ્રાદ્ધગુણ વિવરણ ગ્રંથ વ્યાખ્યા-નમાં વાંચતા હતા, તે વખતે તેઓ સાહેબે શ્રાવકવર્ગ માટે આ ગ્રંથની એટલી બધી ઉપયોગિતા જણાવી હતી અને સાથે આજ્ઞા કરી હતી કે, આ શ્રાવક ઉપયોગી ગ્રંથનું ભાષાંતર કરાવી આ સભા તરફથી પ્રસિદ્ધ થાય તો સમાજને ઘણોજ લાભ થશે; સાથે આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર ગૃહસ્થ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ-ને પણ આવા ઉપયોગી ગ્રંથો પ્રસિદ્ધ કરવા માટે ગ્રંથોદ્ધારના કાર્યમાં લક્ષ્મીનો વ્યય કરવા પ્રસંગાનુસાર ઉપદેશ આપ્યો હતો, જે માટે આ બંને મહાત્માઓના ઉપદેશરૂપ નિમિત્તથી આ ગ્રંથની કંઇ શરૂ-આત કરવાની ઇચ્છા થઈ, જે માટે ઉક્ત બંને મહાત્માઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનીયે છીયે. ત્યારબાદ કેટલોક સમય વિત્યાબાદ ઉક્ત ગૃહસ્થ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદની ઇચ્છા આ ગ્રંથ માટે સહાય આપવાની થતાં તેનું ભાષાંતર કરાવ્યું; તે પૂર્ણ થયા બાદ અત્રે સભાના સામાન્ય ધારા મુજબ તે ભાષાંતર શ્રીમાન્ મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજને સાદ્યંત તપાસી જવા વિનંતિ કરી, જે ઉપરથી તેઓશ્રીએ તે તપાસતાં તે ભાષાંતર જોઇએ તેવું માલમ પડયું નહીં, જેથી આ સભાની નમ્ર વિનંતિથી અને તેઓશ્રીની પૂર્ણ લાગણી હોવાથી આ ગ્રંથનું ભાષાંતર સભાઉપર કૃપા કરી પોતે

નવેસરથી કરી આપવા મહદ્ કૃપા દર્શાવી. પોતાના જ્ઞાન, ધ્યાન, સજ્ઝાય અને મુનિધર્મની ક્રિયા વગેરે કરતાં, તેમજ તે સિવાય પાટણના જૈન ભંડારોની પોતાના ગુરૂરાજ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજની સાથે ઉદ્ધાર અને વ્યવસ્થા કરતાં, તેમજ આ સભા તરફથી અને બીજાઓ તરફથી તેઓશ્રીની અત્યંત લાગણી અને કાળજીથી ગ્રંથોદ્ધારના કાર્યમાં આખો દિવસમાં ઘણો ટાઈમ તેઓશ્રીનો વ્યતિત થતાં છતાં, ઉપરાંત વખત લઇ આ મહદ્ ગ્રંથનું ભાષાંતર ઘણીજ તસ્દી લઈ કરી આપી જૈન સમાજ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે. આવું સરલ અને સુંદર સ્ખલના રહિત ભાષાંતર તેઓની કૃપા વડેજ પ્રસિદ્ધ થયું છે, જેથી આ સ્થળે આ સભા તેઓશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માને છે. અને આવી કૃપા તેઓશ્રીની થવાથી અને સાથે આર્થિક સહાય આપનારની ઇચ્છાથી તે ઉપકારની નિશાની તરિકે એ મહાત્માનો ફોટોગ્રાફ આ ગ્રંથમાં આપી કંઈ ઋણમુક્ત થઇએ છીએ.

પ્રસિદ્ધ કર્ત્તા.

વોરા હઠીસંગભાઇ અમરચંદ,

શ્રી છઠ્ઠી જૈન શ્વેતાંબર કોનફરન્સની રીસેપશન કમીટીના પ્રમુખ સાહેબ,

ભાવનગર.

The Bombay Art Printing Works, Fort.

અર્પણ પત્રિકા.

શેઠ હઠીસંગભાઇ ઝવેરચંદ વોરા.

ભાવનગર.

આપ વ્યવહારિક સ્થિતિમાં શ્રીમાન છો. ધર્મના ઉચ્ચ સંસ્કારી કુળમાં આપનો જન્મ થયેલો હોવાથી તે સંસ્કારના બળે, આપને મળેલ ઉત્તમ લક્ષ્મીનો અન્ય અન્ય પ્રસંગે તીર્થયાત્રા, ઉદ્યાપન, પ્રતિષ્ઠામહોત્સવ, જીર્ણોદ્ધાર, ગુરૂભક્તિ વગેરે ધર્મકાર્યોમાં અંતઃકરણના ધાર્મિક ઉત્સાહથી સારો વ્યય કરી આપે યશ પ્રાપ્ત કરેલ છે; વળી સાધર્મી બંધુઓ પરત્વેની ઉચ્ચ લાગણીને લઇને શહેર ભાવનગરમાં મળેલ શ્રી જૈન કોન્ફરન્સ વખતે કોમની સેવાના તે ઉત્તમ કાર્ય માટે આપે ઉદાર હાથથી દ્રવ્ય વાપર્યું હતું, તે સાથે જ્ઞાનોદ્ધારના કાર્ય ઉપર આપને ખાસ પ્રેમ હોઇને આ **શ્રાદ્ધગુણ વિવરણ** જેવા મહાન ગ્રંથમાં પણ આપે સારી ઉદારતા બતાવી છે; તેને લઇને તેમજ આ સભા ઉપર પણ પુરતી પ્રીતિ ધરાવો છો તેથી આ શ્રાવકપણાના ગુણને ધારણ કરાવનારો અને જયશ્રીની સિદ્ધિને આપનારો આ અપૂર્વ ગ્રંથ આપશ્રીને અર્પણ કરીએ છીએ.

પ્રસિદ્ધ કર્ત્તા.

પ્રસ્તાવના

પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનનો ઉદ્દેશ સમજી ઉત્તમ અધિકારી થવું જોઇએ. તેવો અધિકાર પ્રાપ્ત કર્યા શિવાય આ વિશાળ સંસારસાગરમાં પોતપોતાની શક્તિ–અનુસાર પ્રયત્ન કરીને પ્રત્યેકને જીવનનૌકા માટે જે માર્ગ કાઢવો પડે છે, તે કાઢી શકાતો નથી. આપણી પાછળ અનંતકાળ વીતેલો હોય છે અને આપણે જીવનદશામાં જેમ જેમ આગળ વધતા જઇએ છીએ, તેમ તેમ આપણી સમક્ષ વિશાળ અને અભેદ્ય ભવિષ્યકાળ પણ આગળ વધતોજ હોય છે, એવી રીતે આપણી કર્મોએ નીમેલી મર્યાદા હોય, ત્યાંસુધી એ જીવનયાત્રા ચાલતી રહે છે, અને અંતે કાળ આપણને આ સંસારના મહાન્ રણાંગણમાંથી ઉપાડી જાય છે, પણ તે સમયે આપણે મહાન્ સમરાંગણમાં કેટલા વિજયી થયા છીએ કે પરાજિત થયા છીએ, એ વાતનો નિર્ણય આપણને અધિકારજ કરાવે છે.

એ ઉત્તમ અધિકાર સંપાદન કરવાનું સાધન ગુણો છે. પ્રત્યેક મનુષ્ય પ્રાણીમાં કર્માનુસાર બીજરૂપે કિંવા વિશેષ સ્પષ્ટરૂપે એ ગુણોની પ્રેરણા રહેલી હોય છે. તે ગુણોનો જ્યારે વિકાશ થાય છે, ત્યારે મનુષ્ય જીવનની ભવ્યતા પ્રકાશી નીકળે છે. કર્મ પુદ્ગલના અનાદિ સંબંધથી વિચિત્ર વેશોને ધારણ કરી આત્મા આ સંસારની ચતુર્વિધ ગતિમાં ભ્રમણ કર્યા કરે છે, તેમાં જ્યારે સુકર્મયોગે તેને મનુષ્ય ગતિ પ્રાપ્ત થાય છે, ત્યારે તે ગુણો મેળવવાનો પૂર્ણ અધિકારી થઇ શકે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રમય આત્માનું વાસ્તવિક સ્વરૂપ જોવાને અને જાણવાને જે ગુણોની આવશ્યકતા છે, તે ગુણો મનુષ્ય ગતિમાં સારી રીતે મેળવી શકાય છે. ભગવાન્ તીર્થંકરોએ પણ સૂત્રવાણીમાં એજ પ્રરૂપણા કરેલી છે. તેઓ ઉપદેશે છે કે, "આ જીવ વસ્તુતાએ શુદ્ધ છે પણ તેની શુદ્ધ દશા કર્મને લીધે દબાઇ જાય છે–આચ્છાદન પામી જાય છે, તેથી તે સ્વભાવ દશા ભુલી જઇને વિભાવદશામાં આવી પડે છે, તેથી તેણે પોતાની પરમ વીર્ય સ્ફુરણા કરી પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રગટ કરવો જોઇએ." ભગવાન્ દેવાધિદેવના આ ઉપદેશ ઉપરથી સિદ્ધ થાય છે કે, પ્રત્યેક મનુષ્ય આત્માએ વીર્યસ્ફુરણા કરવી જોઇએ, એ વીર્ય સ્ફુરણા આત્મીય ગુણોને લઇનેજ પ્રગટ કરી શકાય છે, અને તેથી ખરેખરી માનસિક ઉન્નતિ મેળવી શકાય છે.

આ સંસારના નિત્ય વ્યવહારમાં રહીને ધર્મનો અધિકાર અથવા ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે તેવા ઉચ્ચ ગુણોની પૂર્ણ આવશ્યકતા છે. મનુષ્યને આ સંસારમાં અનેક પ્રકારની

પ્રકૃતિઓના સંસર્ગમાં આવવું પડે છે તેથી પોતાને અવશ્ય કર્ત્તવ્ય જે જે વ્યવહાર હોય તેમાં જે જે પ્રકૃતિનો યોગ થાય તેનો પોતાના વ્યવહારિક કાર્ય જેટલોજ સંબંધ રાખી પોતાના મુખ્ય નિશ્ચયમાં વિક્ષેપ થવા દેવો નહિ. આપણા શુભ નિશ્ચયને વિરોધી એવા વિચારથી તણાઇ જવા કરતાં, આપણાં શુભ વિચારમાં અન્ય જનો દોરાય તેમ કરવાનો યત્ન રાખવો, મૈત્રી આદિ ઉત્તમ ભાવનાઓથી દોરાઈ સર્વ પ્રાણીમાત્ર તરફ વાત્સલ્ય પ્રેમ પ્રસારવો અને સર્વોપયોગી ગૃહાવાસમાં રહીને પણ અનાસક્તિ રાખી, સમભાવે વર્ત્તી મનુષ્યજીવનને ઉન્નત કરતાં જવું, એ ઉત્તમ શિક્ષણોના પાઠ ગુણ મેળવવાથીજ પ્રાપ્ત કરી શકાય છે. આહાર, વિહાર, વિચાર, વાંચન, સંગત, વ્યવહાર આદિ સર્વ પ્રવૃત્તિમાં જો ઉત્તમ ગુણોનો પ્રકાશ પાડવામાં આવશે, તો પછી તમોને આ વિષમય સંસાર પણ અમૃતમય લાગશે, કોઇ સ્થાને દુરાગ્રહ કે અનાદરની બુદ્ધિ ઉત્પન્ન થશે નહિં, કોઇ પ્રિય પદાર્થને અભાવે કલેશ થશે નહિ, પરજીવનમાં પણ સ્વજીવન એટલે સુધી ભળી ગયેલું લાગશે કે અન્યના હર્ષશોકથી તમને હર્ષશોક થયા વિના રહેશે નહિં અને શક્તિ–અનુસાર સર્વને સહાય કરવાની પણ ઇચ્છા થશે. ઉન્નત વિચારો અને ભવ્ય ભાવનાઓ શુદ્ધ થયેલા તમારા અંતઃકરણરૂપી દર્પણમાં વધારે સ્પષ્ટ રીતે પ્રતિબિંબ પામશે. અકસ્માત્ તમને તમારી ઉમદા આશાઓ અને ઇચ્છાઓ પૂર્ણ થતી જણાશે; જૈન–આગમના તત્વોનું જ્ઞાન અને તેના ખુલાસા સ્વતઃ પ્રાપ્ત થઇ આવશે, તમારી દૃષ્ટિજ કોઇ દિવ્ય પ્રકારે ખુલી જશે, શંકા, આકાંક્ષા, જડતા, પ્રમાદ, આલસ્ય, વિષયભોગેચ્છા, મિથ્યાત્વ, અસ્થિરતા, તથા ચંચળતા વગેરે દોષો તમારાથી દૂર રહેશે, અને ભવ્ય જીવનનું સ્વરૂપ પ્રાપ્ત કરી તમે ધર્મના પૂર્ણ અધિકારી થઇ શકશો.

આવી રીતે ધર્મની સંપૂર્ણ યોગ્યતા ગુણોથીજ મેળવી શકાય છે, એ વાત સર્વ પ્રકારે સિદ્ધ થાય છે. હવે તે ગુણોનું સ્વરૂપ કેવું છે ? અને તે ગુણો મનુષ્યને તેના જીવનમાં કેટલા લાભકર્ત્તા છે ? તે વિષેનું સવિસ્તર અને દૃષ્ટાંત સહિત વિવેચનનું જ્ઞાન પ્રત્યેક શ્રાવકે સંપાદન કરવું જોઇએ. અને તે જ્ઞાનને પોતાના નિર્મળ ચારિત્રમાં ઉતારવું જોઇએ. તેમ કરવાથી ગૃહસ્થાવાસમાં રહેલા ધર્માધિકારી શ્રાવકમાં સાંસારિક ઉન્નતિની, અનુભવસિદ્ધ ધર્મકાર્યની, નીતિના નિર્મલ બોધની અને છેવટે આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત થાય છે, તેમજ પોતાના ઉચ્ચ આશયોનું અને મહા પ્રભાવિક સમકિતનું મહાબળ પણ પ્રગટ થાય છે.

આ **શ્રાદ્ધગુણ વિવરણ** ગ્રંથ ઉપર્યુક્ત સર્વ માહાત્મ્યથી ભરપૂર છે. અને ગૃહસ્થ :શ્રાવકને ધર્મનો અધિકાર પ્રાપ્ત કરવામાં જે ગુણોની આવશ્યકતા છે, તેને યથાર્થ રીતે બતાવનારો છે. અને ધર્મના અધિકારી કોણ ? એ પ્રશ્નનો યથાર્થ નિર્ણય કરાવનારો છે. જેઓએ શ્રાવકપણાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા નિશ્ચય કર્યો હોય, એટલે કે જેને આપણે શુદ્ધ શ્રાવક કહીએ છીએ, તેઓ આવા ગ્રંથના પ્રથમ પદે અધિકારી છે અને ખાસ કરીને તેવાઓનેજ ઉદ્દેશીને આપણાં મહોપકારી મહાત્માઓએ આવા ગ્રંથો લખેલા છે. એટલુંજ નહિ પણ સર્વમાન્ય સર્વોપયોગી થઇ શકે તેમ પણ છે. આવા ગ્રંથો વાંચી, વિચારી ગૃહસ્થાવાસીઓ પોતાના યથાર્થ સ્વરૂપને સમજી શકે છે અને પરિણામે ધર્મના પૂર્ણ અધિકારિ વર્ગમાં દાખલ થઇ શકે છે.

ગૃહસ્થવર્ગના ઉભય લોકના શ્રેયને સાધનારા આ ગ્રંથની અંદર તેના કર્ત્તા પરમર્ષિ **શ્રી જિનમંડનગણી**એ ગૃહસ્થધર્મનું પ્રતિપાદન કરવાને શ્રાવકના પાંત્રીશ ગુણોનું યથાર્થ વર્ણન કરી બતાવ્યું છે અને પ્રસંગોપાત મનન કરવા યોગ્ય દૃષ્ટાંતો આપી ગૃહસ્થ જીવનનું પરમ સાધ્ય જે ગુણો છે, તેનું છટાદાર બ્યાન આપેલું છે. ગૃહસ્થધર્મ મુનિધર્મથી સરળ અને સુસાધ્ય છે, તેથી તેની આદ્ય ઉપયોગિતા સિદ્ધ કરવાને ગ્રંથકારે તે ઉપર અનેક પ્રકારે ઉલ્લેખ કરેલો છે.

ગ્રંથના આરંભમાં **શ્રાવક** શબ્દના અર્થનું ગૌરવ ભરેલું પ્રતિપાદન કરવામાં કર્ત્તાએ પોતાના પાંડિત્યનો પ્રભાવ સારી રીતે બતાવી આપ્યો છે. અને શ્રાવકના સત્ય લક્ષણો શાસ્ત્રીય પ્રમાણોથી ઉત્તમ પ્રકારે સિદ્ધ કરી બતાવ્યાછે. તે પ્રસંગે શ્રાવકધર્મનું સ્વરૂપ, ધર્મોપદેશ આપવાની યોગ્યતા અને તેના પ્રકારો હૃદયગ્રાહી દૃષ્ટાંતોથી એવા ઉત્તમ પ્રકારે દર્શાવ્યા છે કે, જે વાંચવાથી સામાન્ય વાચકોને પણ તે સરલતાથી ગ્રાહ્ય થઈ તેમ છે.

ધર્મના સામાન્ય અને વિશેષ—એવા બે પ્રકાર છે. સમ્યક્ વર્ત્તન એ સામાન્ય ધર્મ અને બારવ્રતાદિરૂપ—એ વિશેષ ધર્મ ગણાય છે. તેમાં સામાન્ય ધર્મ હોય તો જ વિશેષ ધર્મ સુશોભિત થાય છે. આ લેખમાં કર્ત્તાએ સામાન્ય ધર્મનું સ્વરૂપ દર્શાવ્યું છે. અને તેની અંદર ગૃહસ્થ શ્રાવકના ગુણોનું પ્રતિપાદન કરેલું છે. પ્રથમ **ગૃહસ્થ** શબ્દનો અર્થ ' गृहैर्दारैः सह तिष्ठति इति गृहस्थः ' એટલે સ્ત્રી સાથે ઘર માંડીને રહે તે ગૃહસ્થ કહેવાય છે. તે ગૃહવ્યવહારની સ્થાપના વૈભવને લઇને બને છે અને તે વૈભવ ન્યાયથી મેળવવો જોઇએ. માટે ગૃહસ્થનું પ્રથમ લક્ષણ ' न्यायसंपन्नविभवः ' એમ બતાવવામાં આવ્યું છે. શુદ્ધ વ્યવહારથી (ન્યાય—પ્રમાણિકપણાથી) ઉપાર્જન કરેલી સંપત્તિ ગૃહસ્થ અને તેના પરિવારને સુખકારી થાય છે. અને તેથી ગૃહાવાસના સુખો નિઃશંકપણે ભોગવાય છે. અન્યાયોપાર્જિત સંપત્તિ શંકા અને ભયનું સ્થાન રૂપ બની આ લોક તથા પરલોકમાં અનર્થનું કારણ થઇ પડે છે. આ વિષે ગ્રંથકર્ત્તાએ સ્પષ્ટ વિવેચન કરી અને ચરિતાનુયોગના પ્રાચીન દૃષ્ટાંતરૂપ કથાનકો આપી એ આદ્ય ગુણનો દિવ્ય પ્રભાવ સારી રીતે દર્શાવ્યો છે. જેની અંદર ગૃહસ્થના જીવનને ઉજ્વળ અને યશસ્વી બનાવનારા દાનધર્મ વિષે પણ સારો ઇસારો કરવામાં આવ્યો છે. આ પ્રસંગે અન્યાયોપાર્જિત દ્રવ્યના પરિણામને દર્શાવનારૂં રંકશ્રેષ્ઠીનું દૃષ્ટાંત ઘણું સુબોધક આપવામાં આવ્યું છે. અને તેને અંગે વ્યવહાર શુદ્ધિનું સ્વરૂપ, ન્યાયનિષ્ઠ વૃત્તિનું માહાત્મ્ય, દેવદ્રવ્યાદિકના ભક્ષણથી થતી હાનિ, શુદ્ધ ઋજુવ્યવહારના પ્રકાર, લક્ષ્મીના યોગથી બુદ્ધિની વિચિત્રતા, તે સંબંધે ધનશ્રેષ્ઠીનું દૃષ્ટાંત આપી ગ્રંથકારે પ્રથમ ગુણ વિષે ઘણું રસિક વિવેચન કરેલું છે.

ગૃહસ્થ ન્યાયોપાર્જિત વૈભવવાળો હોય પરંતુ જો તેનામાં શિષ્ટાચારનો ગુણ ન હોય તો તે યોગ્ય કહેવાય નહિ. તેથી તે પછી " **શિષ્ટાચારની પ્રશંસા કરવા રૂપ** " બીજા ગુણનું વર્ણન આપવામાં આવ્યું છે. આ ઉપયોગી ગુણના વર્ણનમાં સદાચારના લક્ષણો આપવામાં આવ્યા છે કે, જેની અંદર શ્રાવક ગૃહસ્થે લોકાપવાદનો ભય રાખવો, ગરીબ—નિરાશ્રિત લોકોનો ન્યાત, જાત કે ધર્મનો ભેદ રાખ્યા વિના ઉદ્ધાર કરવો, બીજાએ કરેલા ઉપકારની કદર કરવી,

દાક્ષિણ્યતા રાખવી, કોઇની નિંદા કરવી નહિ, સત્પુરૂષોની પ્રશંસા કરવી, વિપત્તિમાં ધૈર્ય રાખવું, સંપત્તિમાં નમ્ર થવું, પ્રસંગે થોડું બોલવું, કોઇ સાથે વિરોધ કરવો નહિ, અંગીકાર કરેલું કાર્ય પુરૂં કરવું, નકામો ખર્ચ કરવો નહિ, હંમેશા યોગ્ય સ્થાને ક્રિયા કરવી, સારા કામ કરવાનો આગ્રહ રાખવો, પ્રમાદ છોડી દેવો, લોકાચારને અનુસરવું, અને જમાના પ્રમાણે ચાલવું, આ પ્રમાણે શિષ્ટાચારના લક્ષણો બતાવી તે ઉપર કૌશાંબી નગરીના ધર્મપાળ અને વસુપાળ શ્રેષ્ટીનું અસરકારક દૃષ્ટાંત આપી એ બીજા ગુણના વર્ણનની સમાપ્તિ કરવામાં આવી છે.

ગૃહસ્થ શિષ્ટાચાર પાળનારો હોય પણ જો તે વિવાહ સંબંધમાં અવિચારી બની જાય તો તેની કુલ વ્યવસ્થાનો ભંગ થઈ જાય, તેથી તે પછી **" સમાન કુલ તથા શીલવાલા અન્ય ગોત્રી સાથે વિવાહ સંબંધ જોડવાનો "** ત્રીજો ગુણ આપવામાં આવ્યો છે. આ ગુણના વિવેચનમાં ધર્મ્ય અને અધર્મ્ય મળી આઠ પ્રકારના વિવાહનું વર્ણન આપી તે પ્રસંગે કુલીન કન્યાના લક્ષણો તથા વિવાહને યોગ્ય વયનું સ્વરૂપ પ્રતિપાદન કરી શ્રાવક ગૃહસ્થાવાસના ઉચ્ચ બંધારણ સંબંધે સારો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્ત્રી અને પુરૂષની સમાનતાને લઈને ધર્મ, શોભા, કીર્ત્તિ અને આ લોકના સર્વ સુખો પ્રાપ્ત થાય છે અને વિષમતાને લઇને કલહ કલેશ પ્રમુખ દોષો ઉત્પન્ન થાય છે. આ વિષે ગ્રંથકારે સુભદ્રાનું દૃષ્ટાંત આપી તે દોષનો અછો વિચાર આપેલો છે. આ પ્રસંગે શ્રાવક કુલની ઉત્તમ સ્થિતિ કેવા પુત્રોથી રહે છે, તે વાત દર્શાવાને સુજાત, અતિજાત, કુજાત અને કુલાંગાર એ ચાર પ્રકારના પુત્રોના લક્ષણો આપ્યા છે. જે ઉપરથી શ્રાવક સંસારમાં સ્ત્રીપુત્રાદિક પરિવારની વ્યવસ્થા કેવી રાખવી જોઇએ, એ વાત સૂચવી તે સાથે યથાર્થ ગૃહિણી શ્રાવિકાનું સ્વરૂપ પણ કહી બતાવ્યું છે. ઉત્તમ ગૃહિણી સંસારને શોભાવે છે અને અધમ અંગના ગૃહરાજ્યને છિન્ન ભિન્ન કરી નાંખે છે. તે વિષય ચર્ચી **સાવિત્રી** નામની એક હલકી સ્ત્રીનું સુબોધક દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. આ પ્રમાણે શ્રાવક સંસારના શિક્ષણરૂપે આ ત્રીજો ગુણ વર્ણવી એ વિષયને સમાપ્ત કરવામાં આવ્યો છે.

કદિ શ્રાવક ગૃહસ્થ સુજ્ઞ સ્ત્રીના યોગથી યુક્ત થયો હોય, પરંતુ જો તે પાપથી ડરતો ન હોય તો તે યોગ્ય ગણાતો નથી, તેથી તે પછી **" પાપભીરૂ "** નામના ચોથા ગુણનું વિવેચન કરવામાં આવ્યું છે. આ ગુણના વિવેચનમાં જો પુરૂષ પાપભીરૂ ન હોય તો તેને અનર્થના કારણ રૂપ અનેક દુર્વ્યસનો લાગુ પડે છે. એ વાત ગ્રંથકારે આ ગુણને અંગે દર્શાવી છે. તે પછી પાપભીરૂ ગૃહસ્થને કેવા લાભો થાય છે, તે વિષે કુશસ્થળ નગરના **વિમળ** તથા **સહદેવ** નામના બે શ્રેષ્ટિકુમારોનું દૃષ્ટાંત આપી એ ચોથા ગુણને સમાપ્ત કરવામાં આવ્યો છે.

કદિ ગૃહસ્થ પાપભીરૂ હોય પણ જો પ્રસિદ્ધ દેશાચારથી ઉલટી રીતે વર્ત્તતો હોય તો તે ગૃહસ્થ ધર્મને યોગ્ય ગણાતો નથી, તેથી **" પ્રસિદ્ધ દેશાચાર "** નામના પાંચમા ગુણનું વર્ણન કરી બતાવવામાં આવ્યું છે. જૈન ગૃહસ્થે લોક વિરૂદ્ધ કે ધર્મ વિરૂદ્ધ આચારનો ત્યાગ કરવો જોઇએ. અન્યથા તે પુરૂષ લોકમાન્ય, યશસ્વી અને સિદ્ધકાર્ય થઇ શકતો નથી. આ પ્રસંગે ગ્રંથકારે ગૃહસ્થને શિક્ષણ લેવા યોગ્ય કેટલાએક લોક વિરૂદ્ધ કાર્યો ગણાવી તેમાંથી દૂર રહેવા સારો ઉપદેશ આપેલો છે.

કદિ પ્રસિદ્ધ લોકાચાર પ્રમાણે વર્ત્તતો હોય પણ જો તે ગૃહસ્થને પરનિંદા કરવાની કુટેવ હોય તો તે ઉપર કહેલો ગુણ નિષ્ફળ થઇ જાય છે, તેથી તે પછી **"કોઇનો અવર્ણવાદ ન બોલવા રૂપ"** છઠ્ઠા ગુણનો પ્રસંગ સંક્ષેપમાં વર્ણવી બતાવ્યો છે. નીચ ગોત્ર કર્મ બાંધનારા એવાને આ ગુણનો વિશેષ બોધ થવા માટે ગ્રંથકારે કોઇ એક વૃદ્ધ બ્રાહ્મણીનું અસરકારક દૃષ્ટાંત આપેલું છે.

પ્રસિદ્ધ લોકાચાર પ્રમાણે વર્ત્તે અને પરનિંદા પરહરે છતાં પણ જો નઠારા ઘરમાં અને નઠારા પડોશમાં રહેનાર ગૃહસ્થ હોય તો તેને અનેક પ્રકારની હાનિ થાય છે, તે બતાવાને **"ગૃહસ્થે કેવા ઘરમાં અને કેવા પડોસમાં રહેવું જોઇએ"** તે વિષે સાતમા ગુણનું વિવેચન કરવામાં આવ્યું છે. અને તે વિષે ગિરનાર પર્વત પાસે આવેલા કુબેરપુરની અંબિકા નામની વિપ્રપત્નિનો દાખલો આપી નઠારા પડોશથી કેવી હાનિ થાય છે, એ સિદ્ધ કરી બતાવ્યું છે. આ જ પ્રસંગને પુષ્ટ કરવા માટે તે પછી આઠમા ગુણ તરીકે **"સત્સંગ રાખવાનો"** ઉપદેશ આપેલો છે. અને તેને માટે વીરપુર નગરના પ્રભાકર નામના એક વિપ્રકુમારનું હૃદયગ્રાહી દૃષ્ટાંત આપી ગ્રંથકર્ત્તાએ સદુપદેશનો ઘણો મધુર સ્વાદ ચખાડ્યો છે.

ઉપર કહેલા બધા ગુણો પ્રાપ્ત થયાં હોય છતાં પણ જો ગૃહસ્થ માતાપિતાનો પરમ ભક્ત ન હોય તો તે ધર્મનો અધિકારી બનતો નથી, તેથી **"માતા પિતાની ભક્તિ–સેવા કરવા રૂપ"** નવમો ગુણ વર્ણવી બતાવ્યો છે. આ પ્રસંગે ગ્રંથકારે સત્પુત્રના લક્ષણોનું સારૂં વિવેચન કરી બતાવ્યું છે. અને તે ઉપર કેટલાએક મનોરંજક દાખલાઓ આપી એ ગુણની ઉપયોગિતા સિદ્ધ કરી બતાવી છે. ઉપર્યુક્ત સર્વ ગુણો પ્રાપ્ત થયા છતાં પણ ગૃહસ્થે પોતાના જીવનમાં સાવચેત રહેવાનું છે. કોઈ પણ સ્થળ ઉપદ્રવવાળું જોવામાં આવે તો તત્કાળ તેનો ત્યાગ કરવો જોઇએ. તે ત્યાગનેજ દશમા ગુણ તરીકે ગણી ગ્રંથકારે **"ગૃહસ્થે કેવા દેશમાં અને કેવા સ્થળમાં રહેવું જોઇએ,"** એ વિષે સારૂં વિવેચન કરેલું છે. નઠારા સ્થળમાં વાસ કરવાથી કેવી હાનિ થાય છે, તે વિષે પદ્મપુર નગરના **નિર્વિચાર** રાજાનું અસરકારક દૃષ્ટાંત આપી આ ગુણની ખરી ઉપયોગિતા સિદ્ધ કરી બતાવી છે.

સારા યોગ્ય સ્થળમાં વાસ કરનાર ગૃહસ્થ પણ કોઇવાર નિંદિત કાર્યમાં પ્રવૃત્ત થઈ જાય છે, તેથી તે પછી **"નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવા રૂપ"** અગીયારમાં ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે અયોગ્ય કાર્યનો આરંભ, પ્રજા વર્ગ સાથે વિરોધ, બલવાનની સાથે સ્પર્ધા અને સ્ત્રી જાતિનો વિશ્વાસ–એ ચાર જે મૃત્યુના દ્વાર કહેવાય છે, તે વિષે વિવેચન કરી અને ઉજ્જયણી નગરીના **રોગ** નામના બ્રાહ્મણની દૃષ્ટાંત–કથા આપી ગ્રંથકારે આ સર્વોપયોગી મહાન્ ગુણનો ઉત્તમ મહિમા વર્ણવી બતાવ્યો છે. તે પછી સ્વજન, સ્વદેશ, સ્વજાતિ અને રાજ્યને અહિતકારી કર્ત્તવ્યને અંગીકાર ન કરવાનો બોધ આપ્યો છે. અને તેથી કેવી હાનિ થાય છે, તે વિષે અનેક પ્રમાણો આપી સારી રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

ઉપર કહેલા બધા ગુણો પ્રાપ્ત કર્યા હોય તે છતાં જો પોતાના ધરવ્યવહારની સ્થિતિનો વિચાર કર્યા વગર ઉડાઉપણે ખર્ચ રાખે તો તેની વ્યવહાર નૌકા ચાલી શકતી નથી, તેથી તે પછી જ **"આવકના પ્રમાણમાં ખર્ચ રાખવાનો" બારમો ગુણ** વર્ણવી બતાવવામાં આવ્યો છે. ગૃહસ્થે ઉપાર્જન કરેલા દ્રવ્યમાંથી કેવી રીતે વ્યય કરવો અને ઉપયોગ કરવો, તે વિષે આ પ્રસંગે ઘણું વિવેચન કરી એક કૃપણ શ્રેષ્ઠીનું અસરકારક દૃષ્ટાંત આપેલું છે. અને વૈભવને અનુસાર ખરચ કરનાર ગૃહસ્થ પ્રતિષ્ઠા, યશ, પુણ્ય, સુખ અને સંપત્તિ સારી રીતે મેળવી પોતાના ગૃહસ્થાવાસને સારી રીતે દીપાવે છે, એમ પ્રતિપાદન કર્યું છે.

ગૃહસ્થ આયોચિત વ્યય કરનાર હોય પણ જો તે ગૃહસ્થને છાજે તેવો વેષ પહેરે નહીં તો તે ગૃહસ્થ પોતાની પ્રતિષ્ઠાને યથાર્થ જાળવી શકતો નથી, તેથી તે પછી ગ્રંથકારે **"વૈભવને અનુસારે વેષ રાખવાનો"** તેરમો ગુણ વર્ણવી બતાવ્યો છે. આ ગુણને અંગે માંગલ્યના સ્વરૂપનું વિવેચન કરી તે વિષે કર્ણદેવનું મનોહર દૃષ્ટાંત આપ્યું છે. જે મનન કરવા જેવું છે.

માંગલ્ય વેષથી બાહેર સ્વરૂપ વડે સુશોભિત દેખાતો ગૃહસ્થ બુદ્ધિના આંતર સ્વરૂપથી રહિત હોય તો તે ઉત્તમ ગણાતો નથી, તેથી **"બુદ્ધિના આઠ ગુણો મેળવવા રૂપ"** ચૌદમા ગુણનું વર્ણન કરી બતાવ્યું છે. અને તે ઉપર **નારદ** અને **પર્વત** નામના બે વિદ્યાર્થીઓનું સુબોધક ઉદાહરણ આપેલું છે.

બાહ્ય અને આંતર સ્વરૂપથી યુક્ત થયેલો ગૃહસ્થ જો સતત્ ધર્મશ્રવણ કરતો ન હોય, તો તે વૃથા જીવનવાળો ગણાય છે, તેથી તે ગુણની પછી **"ધર્મ શ્રવણ કરવારૂપ"** પનરમા ગુણનું વર્ણન કરી તે સંબંધે મણિકાર શ્રેષ્ટી અને સુદર્શન શ્રેષ્ટીના દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે. જે ઉપરથી વાચક અને શ્રોતા–ઉભયના હૃદય ઉપર ધર્મશ્રવણના મહિમાનું સ્વરૂપ પ્રગટ થઇ આવે છે.

બાહ્ય અને આંતર સ્વરૂપની શુદ્ધિવાલો ગૃહસ્થ શ્રાવક શાસ્ત્ર શ્રવણ કરતો હોય પણ જો તે ધર્મના સાધનરૂપે અને ચિંતામણિરૂપે ગણાતા આ મનુષ્ય શરીર તરફ ઉપેક્ષા રાખી આહાર વિહારના નિયમો પાળી શકતો ન હોય તો તે અવિચારી પુરૂષ ગણાય છે, તેથી તેને માટે સંપાદન કરવા યોગ્ય **" અજીર્ણમાં ભોજનનો ત્યાગ અને સકાલે ભોજન કરવારૂપ "** સોળમા તથા સત્તરમા ગુણનું વિવેચન કરવામાં આવ્યું છે. અને તે વિષે ધર્મના શાસ્ત્રીય નિયમો દર્શાવવામાં આવ્યા છે.

સર્વ ગુણસંપન્ન ગૃહસ્થે ગૃહાવાસમાં રહીને ધર્મ, અર્થ અને કામ સાધવા જોઇએ અને પોતાને ઘેર આવેલા યોગ્ય અતિથિનો સત્કાર કરવો જોઇએ. આ વાત સિદ્ધ કરવા માટે **" ત્રિવર્ગના સાધન કરવારૂપ "** અઢારમા અને **" અતિથિની ભક્તિ કરવારૂપ "** ઓગણીશમા ઉચ્ચ ગુણોનું ગ્રંથકારે સપ્રમાણ વિવેચન કરેલું છે. ત્રિવર્ગનું વિવેચન અને અતિ-

થિનું સ્વરૂપ એવા ઉત્તમ પ્રકારથી વર્ણવેલું છે કે, જે પ્રત્યેક વાચકને મનન પૂર્વક વાંચવા જેવું છે. ગૃહસ્થના ઘરમાં પોષ્યવર્ગમાં કોણ કોણ આવેલ છે અને તે તે પ્રત્યે કેવી રીતે વર્ત્તવાનું છે, તે વિષે ગ્રંથકારે સંક્ષેપમાં ઘણું સારૂં સમજાવ્યું છે. અને અતિથિ સત્કાર વિષે પ્રતિષ્ટાનપુરના વિખ્યાત નરપતિ **શાલિવાહનનો** સુબોધક પ્રબંધ આપેલો છે.

વૈભવસંપન્ન થયેલા ગૃહસ્થને ઘેર અનેક યોગ્ય અતિથિઓ આવે છે, તેમ નિરાશ્રિતો આશ્રય લેવાને પણ આવે છે, તેમજ તેની સલાહ લેવાને ઘણાં યોગ્ય પુરૂષો આવે છે, તેથી મોટાઈના અભિમાનને લઇ તેનામાં મિથ્યાગ્રહ રાખવાનો સ્વભાવ પડી જાય છે અને તેને લઇને નિર્ગુણમાં પક્ષપાત કરવાની પ્રવૃત્તિ થઇ આવે છે, તેથી ગ્રંથકારે તે પછી " **મિથ્યાભિનિવેશ** ત્યાગ કરવારૂપ " અને " **ગુણમાં પક્ષપાત** કરવારૂપ " વીશમા અને એકવીશમા ગુણનું સ્વરૂપ દર્શાવ્યું છે. જે ઉપરથી ગૃહસ્થ ધર્મની યોગ્યતાનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય છે.

સાંસારિક પ્રવૃત્તિમાં અનેક જાતના કાર્યો થઇ આવે છે, અને તેથી કોઇવાર આકસ્મિક ઉપાધિઓ પણ ઉત્પન્ન થાય છે, તેથી યોગ્ય ગૃહસ્થે નિષિદ્ધ દેશ અને કાળની ચર્યામાં ઉતરવું ન જોઇએ. અને પોતાનામાં કેટલી શકિત છે, તેનો વિચાર કરવો જોઇએ. જો દેશ, કાળ અને શકિતનો વિચાર કરવામાં ન આવે તો પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયા વિના રહેતો નથી, તેથી તે વિષે " અદેશ અને **અકાળ ચર્યાનો ત્યાગ કરવારૂપ** " અને " **સ્વ તથા પરના બળાબળને જાણવારૂપ** " બાવીશ અને ત્રેવીશમા ગુણનું બ્યાન આપવામાં આવ્યું છે. તેમાં બળાબળ જાણવા ઉપર લક્ષણાવતી નગરીના રાજા **લક્ષ્મણસેનના** મંત્રી **કુમારદેવનું** દૃષ્ટાંત આપી ગ્રંથકારે એ ગુણની મહત્તા સારી રીતે પ્રતિપાદન કરી છે.

પ્રત્યેક ગૃહસ્થે વ્રત અને જ્ઞાનથી વૃદ્ધ એવા પુરૂષોની સેવા પૂજા કરવી જોઇએ અને પોતાને આશ્રયે રહેલા પોષ્ય વર્ગનું પોષણ કરવું જોઇએ. તે સિવાય ગૃહસ્થધર્મની ઉપયોગિતા સિદ્ધ થતી નથી. તેને માટે " **વ્રતધારી અને જ્ઞાનવૃદ્ધોની પૂજા કરવા રૂપ** અને **પોષ્ય વર્ગનું પોષણ કરવા રૂપ** " ચોવીશ તથા પચ્ચીસમા ગુણોની આવશ્યકતા દર્શાવી છે અને તે પ્રસંગે વ્રતી, વૃદ્ધ અને પોષ્યજનોના સ્વરૂપનું સ્પષ્ટીકરણ સારી રીતે કરી બતાવ્યું છે.

વિવિધ કર્મોના વિલાસવાળા સંસારી જીવનમાં ગૃહસ્થને ક્ષણે ક્ષણે આગામી અનર્થોની શંકા રાખવાની છે અને કાર્યાકાર્યના વિશેષ જ્ઞાનને મેળવવાનું છે. તેથી તેને માટે " **લાંબે કાલે થનાર અનર્થાદિકનો વિચાર કરવા રૂપ** અને **વિશેષ જાણવા રૂપ** " છવીશ અને સત્યાવીશમા ગુણોનું સ્વરૂપ દર્શાવેલું છે. એ ગુણોના માહાત્મ્યને પ્રગટ કરવા **ધનશ્રેષ્ઠી** અને **સુબુદ્ધિમંત્રીનું** રસિક દૃષ્ટાંત આપવામાં આવેલું છે.

પ્રત્યેક ગૃહસ્થે બીજાએ કરેલા ઉપકારની કદર કરવી જોઇએ. તેમ ન કરવાથી તે લોકોમાં કૃતઘ્ન ગણાય છે, તેથી તેની તરફ લોકો માનદૃષ્ટિથી જોતાં નથી. જે ગૃહસ્થ કૃતજ્ઞ હોય છે, તે

લોકપ્રિય થાય છે. અને લોકપ્રીતિ મેળવવામાંજ ગૃહસ્થ જીવનની ઉચ્ચતા ગણાય છે, તેથી ગ્રંથકારે " **કૃતજ્ઞ, અને લોકવલ્લભ થવા રૂપ** " અઠ્યાવીશમા અને ઓગણત્રીશમા ગુણો સારા વિવેચન સાથે દર્શાવ્યા છે. કૃતજ્ઞતાના ગુણ ઉપર વસંતપુરના **જિતારિ** રાજાનો અને લોકવલ્લભપણાના ગુણ ઉપર **અભયકુમાર** મંત્રીનો રસિક દૃષ્ટાંત આપી, ગ્રંથકારે એ ઉભય ગુણોનું ગૌરવ યથાર્થ પ્રતિપાદન કરેલું છે.

ગૃહસ્થ કૃતજ્ઞ અને લોકપ્રિય થયો હોય છતાં પણ જો તેનામાં લજ્જા કે દયા ન હોય તો તે ન્યૂનતાવાળો ગણાય છે. તેથી ઉત્તમ ગૃહસ્થે લજ્જા અને દયા ધારણ કરવી જોઇએ. તેથી ગ્રંથકારે તે પછી " **સલજ્જ અને સદય** રૂપે " ત્રીશ અને એકત્રીશમા ગુણોનું યથાર્થ દિગ્દર્શન કરાવ્યું છે અને તેની પુષ્ટિને માટે અણહિલપુરપાટણના મહારાજા કુમારપાળના મંત્રી **આંબડ** દેવ અને મહારાજા **વિક્રમાદિત્ય**ના સુબોધક દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે. અહિં સુધી ગૃહસ્થના વર્ત્તન સંબંધી ગુણો દર્શાવ્યા પછી ગ્રંથકાર તેના આંતરગુણોનું વર્ણન કહી બતાવે છે કે જે ગુણો ગૃહસ્થ શ્રાવકની માનસિક ઉચ્ચતાને દર્શાવનારા છે. ઉત્તમ સ્વભાવના પ્રભાવને દર્શાવનાર ગૃહસ્થ **પ્રથમ** તો સૌમ્ય–મનોહર આકૃતિવાળો હોવો જોઇએ. દર્શનીય, અને પ્રસન્ન મૂર્ત્તિ ગૃહસ્થના દેખાવ ઉપરથી તેના આંતરગુણો જણાઈ આવે છે. ભયજનક આકૃતિવાળો પુરૂષ દુર્ગુણી હોઇ લોકોને ઉદ્વેગનું કારણ બને છે. તેથી ગ્રંથકારે " **સૌમ્ય** " નામે બત્રીશમો ગુણ દર્શાવી રાજા **વીરધવળ**નું આકર્ષક દૃષ્ટાંત આપ્યું છે.

જે સૌમ્ય હોય તે પરોપકારી હોવો જોઇએ. તેમ વળી પરોપકારના ગુણ વગરની સૌમ્યતા નકામી ગણાય છે, તેથી તે ગુણની પછીજ તેત્રીશમા ગુણ તરીકે **પરોપકાર**ને ગણેલો છે. ગ્રંથકારે આ સ્થળે પરોપકારના માહાત્મ્યને દર્શાવનારૂં સારૂં વિવેચન કરેલું છે. તે ગુણને આકર્ષક બનાવવા માટે **વિક્રમ** અને **ભરત** રાજાના સુબોધક દૃષ્ટાંતો આપવામાં આવેલા છે. જે વાંચવા ઉપરથી પરોપકારનો અદ્‌ભુત પ્રભાવ વાંચકોના જાણવામાં આવી શકે છે. ઉપર કહેલા સર્વ ગુણોથી યુક્ત થયેલા ગૃહસ્થને સાંસારિક પ્રવૃત્તિઓ વિષમય એવા વિષય જાળમાં ખેંચી ન જાય તેથી છેવટે " **અંતરંગ શત્રુ જેવા કામ ક્રોધાદિનો ત્યાગ કરવારૂપ** " ચોત્રીશમો ગુણ દર્શાવ્યો છે. તે પ્રસંગે એ આંતરશત્રુઓનું યથાર્થ સ્વરૂપ બતાવી ગ્રંથકારે ગૃહસ્થને અધ્યાત્મ માર્ગ તરફ વાળવાની સૂચના કરી છે. અને તેની પછી છેવટે " **ઇંદ્રિયોને વશ કરવારૂપ** " પાંત્રીશમા ગુણનું સર્વોત્તમ દિગ્દર્શન કરાવ્યું છે. આ મહાન્ અંતિમ ગુણોનો અતુલ પ્રભાવ દર્શાવવામાં ગ્રંથકારે પોતાનું ખરેખરૂં પાંડિત્ય પ્રગટ કરી બતાવ્યું છે. અને છેવટે આ માર્ગાનુસારી પાંત્રીશ ગુણો કે જેઓનું સેવન કરવાથી અભ્યુદય આપનારા ઐશ્વર્યને પ્રાપ્ત કરી ભવ્ય પુરૂષો સમ્યકત્વ સહિત નિર્મલ બાર વ્રત રૂપ શ્રાવકધર્મને પ્રાપ્ત કરી મોક્ષપદના અધિકારી થઇ શકે છે.

એકંદર આ ગ્રંથ ગૃહસ્થ શ્રાવક જીવનના માર્ગદર્શક તરીકે બહુ ઉપયોગી છે. આ ગ્રંથની મહત્તા અને ઉપયોગિતાના સંબંધમાં જેટલું ધારીએ તેટલું કહી શકાય તેમ છે. ગ્રંથની

શૈલી બહુજ ઉત્તમ છે, તે સાથે પ્રસંગે પ્રસંગે આવેલા વિવિધ સુભાષિતો કંઠસ્થ કરવા યોગ્ય અને મનન કરવા યોગ્ય છે.

આ ગ્રંથના કર્ત્તા **શ્રીજિનમંડનગણી** વિક્રમ સંવત્ પંનરમા સૈકામાં વિદ્યમાન હતા. તેઓ શ્રી તપાગચ્છ રૂપી કમળને વિકાશ કરનાર શ્રી જગચ્ચંદ્ર સૂરિના પરિવારમાં થયેલા હતા, તેઓ જૈન ધર્મમાં પ્રખ્યાત થયેલા શ્રી સોમસુંદર સૂરિના શિષ્ય હતા, મહાત્મા સોમસુંદસૂરિ ભારતવર્ષમાં એક સારા વિદ્વાન્ અને લેખક ગણાતા હતા. તેઓએ પયન્નાપર તથા પ્રત્યાખ્યાન ભાષ્ય ઉપર ટીકા રચેલી છે. તેમજ યોગશાસ્ત્ર, ઉપદેશમાળા, ષડાવસ્યક તથા નવતત્વ પ્રમુખ ગ્રંથોપર સુબોધક ટબા રચેલા છે. ગ્રંથકારે આ ગ્રંથની પ્રશસ્તિમાં પોતાની ગુરૂ પરંપરા ક્રમવાર આપી છે.

છેવટે જૈન ગૃહસ્થધર્મના પ્રભાવને પ્રગટ કરનાર અને માર્ગાનુસારીપણાના માહાત્મ્યને દર્શાવનાર આ શ્રાદ્ધગુણ વિવરણનો ગ્રંથ સર્વ સાધર્મિ બંધુઓના વાંચવામાં આવે અને તેથી કરીને તેમનામાં ગૃહસ્થાવાસની ઉચ્ચતાની, કર્ત્તવ્યનિષ્ટ ધર્મકાર્યની, સદાચાર તથા સદ્વર્ત્તનના નિર્મળ બોધની અને પરંપરાએ અધ્યાત્મ જ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત થઇ આવે તેમજ ગૃહાવાસના ઉચ્ચ આશયોનું અને ખરેખર જૈનતત્વનું મહાબલ પ્રગટ થઇ આવે એવા હેતુથી આ મહાન ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

આ **શ્રાદ્ધગુણ વિવરણ મૂળ ગ્રંથ** પણ મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજના ઉપદેશાનુસાર આર્થિક સહાય મળવાથી પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજે તેની બીજી પ્રતો એકઠી કરી મેળવી, શોધી છેવટે પ્રુફ વગેરે તપાસી આપવામાં જે કૃપા દર્શાવી કે જેને લઇને તે મૂળ ગ્રંથ પણ અમો પ્રસિદ્ધ કરી શકયા છીએ.

આ ગ્રંથના ભાષાંતરની યોજના ઉત્તમ પ્રકારે કરવામાં આવી છે. મૂળ કર્ત્તાનો આશય સમજી શકાય તેમ જૈન શૈલીને અનુસરી અર્થનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બનતી રીતે સરલતા અને સુગમતા રાખવામાં આવી છે. અમો આશા રાખીએ છીયે કે, પ્રત્યેક જૈન ગૃહસ્થને ઉપયોગી એવો આ ગ્રંથ દરેક જૈન કુટુંબમાં આદરણીય થયા વિના રહેશે નહીં. જો એમ થશે તો કર્ત્તાનો, અનુવાદકનો અને પ્રકાશકનો શ્રમ સર્વ પ્રકારે સફળ થયેલો ગણાશે.

શહેર ભાવનગરમાં સં. ૧૯૬૪ ની સાલમાં આપણી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું છઠ્ઠું અધિવેશન કરવામાં આવ્યું તે વખતે આ મહાન્ પરિષદનો તમામ ખર્ચ આ શહેરના અગ્રગણ્ય ગૃહસ્થ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે આપેલો હતો, અને ભારતવર્ષના શ્રીસંઘની યથાશક્તિ ભક્તિ કરી હતી. તે માંગલિક કાર્યની ખુશાલીમાં આ સભાને રૂા. ૧૦૦૦) એક હજારની રકમ જ્ઞાનનો ઉદ્ધાર કરવા નિમિત્તે ગ્રંથમાળા (સીરીઝ) માટે ભેટ આપવાની ઇચ્છા જણાવેલી તે મુજબ સભાએ ધારાની રૂઇએ આ ગ્રંથ તેમની સીરીઝના પ્રથમ પુષ્પ તરિકે છપાવી પ્રસિદ્ધ કર્યો છે. આવી રીતે આવા ઉપયોગી ગ્રંથોને પ્રસિદ્ધ કરી જ્ઞાનોદ્ધાર કરવાના ઉચ્ચ કાર્યો કરવાને માટે

પોતાનો ઉદાર હાથ લંબાવી મનુષ્ય જન્મનું સાર્થક કરનાર ઉક્ત આર્થિક સહાય આપનાર ગૃહસ્થને ધન્યવાદ આપવામાં આવે છે, અને તેઓનું અનુકરણ કરવાનું શુભ પગલું ભરવા અન્ય બંધુઓને સુચના કરવામાં આવે છે.

સદરહુ ગ્રંથની શુદ્ધિને માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે છતાં દૃષ્ટિદોષથી કે પ્રેસદોષથી કોઇ પણ સ્થળે સ્ખલના જણાય તો ક્ષમા યાચીએ છીએ.

આત્માનંદ ભવન.
વીર સંવત્ ૨૪૪૨, આત્મ સંવત્ ૨૦.
વિક્રમ સંવત્ ૧૯૭૨.
શ્રીમાન્મહાવીર પ્રભુની જન્મ તીથી.

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ,
શેઠ હરજીવનદાસ દીપચંદ.
સેક્રેટરીઓ.



શેઠ હઠીસંગ ઝવેરચંદ વ્હોરાનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

વંશ અને જન્મ વૃત્તાંત.

વોરા હઠીસંગ ઝવેરચંદનો જન્મ કાઠીયાડમાં પ્રખ્યાત શહેર ભાવનગરમાં સંવત ૧૯૧૬ ના કારતક વદી એકાદસીને રોજ થયો છે. તેઓ જ્ઞાતે વીશાશ્રીમાળી વણીક હોઇને તેમનું કુંટુંબ વોરાના અટકથી ઓળખાય છે. ગોહિલકુળના (આ રાજ્યના) આદ્ય મહારાજાશ્રી ભાવસિંહજીએ જ્યારે ભાવનગર શહેર વસાવ્યું તે વખતે વહોરા કુટુંબના પૂર્વજો તે શહેરનું તોરણ બાંધવામાં સામેલ હતા. પ્રથમ શેઠ હેમજી કુંવરજી નામે એક ગૃહસ્થ રાધનપુરથી કાઠીયાવાડમાં આવેલા હતા. તેમની સાથે વરતેજથી નેમા વ્હોરાને આદ્ય મહારાજા ભાવસિંહજીએ ઘણા સન્માન સાથે બોલાવી ભાવનગર શહેરમાં વસાવ્યા હતા. તેમણે ભાવનગરમાં રહી પોતાની વ્યાપાર કળા ખીલવી હતી. નેમા વ્હોરાને ભાણજી અને દેવશી નામે બે પુત્રો થયા હતા. તેમાં ભાણજી ને ગાંગજી અને થોભણ નામે બે પુત્રો થયા હતા. એ ચારે શાખાઓમાંથી વોરા વંશ વૃદ્ધિ પામ્યો છે; જેમના નિવાસથી ભાવનગરમાં વ્હોરાશેરીને નામે એ સ્થળ અદ્યાપિ પ્રખ્યાત છે. ગાંગજીના પુત્ર હેમા વોરા તથા દેવસી વોરાના પુત્ર સવચંદ વ્હોરાએ પોતાના વ્યાપાર કળાથી સારી ખ્યાતિ સંપાદન કરી ભાવનગરના સર્વે વ્યાપારીમાં અગ્ર પદવી મેળવી હતી. જિનાલયો જૈન ઉપાશ્રયો વગેરે જે ભાવનગરમાં થયેલા છે, તેમાં અગ્ર ભાગ આ વ્હોરા કુટુંબનોજ છે.

ધાર્મિક અને વ્યાપારિક ઉન્નતિને સંપાદન કરનાર હેમજી વોરાને જયચંદ, સૂરચંદ અને કરશન નામે ત્રણ પુત્રો થયા હતા. તેઓમાં વચલા પુત્ર સુરચંદને જશરાજ અને ઝવેરચંદ નામે બે પુત્રો થયા હતા. તેઓમાં જે ઝવેરચંદ વ્હોરા આ જીવનવૃતાંતના નાયક હઠીસંગભાઇના પિતા થાય છે. તેમના પિતામહ સુરચંદ વોરાનું સિદ્ધતિર્થ–પાલીતાણામાં વિખ્યાત દિશોરા કુટુંબના વાલજી ગણેશની પુત્રી ઝીણીબાઈ સાથે લગ્ન થયું હતું. તે પરમ શ્રાવિકા ઝીણીબાઇના આગમન પછી સુરચંદ વ્હોરાની સમૃદ્ધિમાં ઘણો વધારો થયો હતો. અને ધાર્મિક કાર્યો કરી

સુરચંદ વ્હોરાને રાજમાન અને સંઘમાન બંને સંપાદાન થયાં હતા અને ભાવનગરના સમગ્ર સંઘના તેઓ નાયક બન્યા હતા.

સુરચંદ વ્હોરાના સ્વર્ગવાસ પછી જ્યેષ્ટ પૂત્ર જશરાજ વ્હોરા, લઘુ પૂત્ર ઝવેરચંદ વ્હોરા બંને ભ્રાતાઓ ભાવનગરના સંઘની અગ્ર પદવી પર આવ્યા હતા. તેઓ બંનેમાં ઉત્તમ પ્રકારનો ભાતૃભાવ હતો. શ્રાવક જન્મની સાર્થકતા કરવાને તેમણે અનેક પ્રકારનાં ધર્મકાર્યો કર્યા હતાં અને જૈન ધર્મના ઉદ્યોતમાં અતિશય વૃદ્ધિ કરી હતી. વોરા હઠીસંગભાઇની માતાનું નામ લાધીબાઈ હતું. જેઓ વિખ્યાત કુટુંબવાળા શા. કલ્યાણજી તેજશીનાં પુત્રી થતાં હતાં. તેમના ઉદરથી ત્રણ પુત્રીઓ ઉપર શેઠ હઠીસંગભાઇનો જન્મ થયો હતો. માતાપિતાના લાડમાં ઉછરેલા વોરા હઠીસંગભાઇએ પિતાના આશ્રય નીચે રહી ગુજરાતી ભાષાનું સામાન્ય જ્ઞાન મેળવી તેમણે પોતાની વેપાર વિદ્યા ઉપર સારૂં ધ્યાન આપ્યું હતું. પરંપરાથી ધર્મના સંસ્કાર પામેલા હોવાથી તેમજ શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મને માનનારા પોતાના કુટુંબના સહવાસથી શેઠ હઠીસંગભાઇ પણ દેવ, ગુરૂધર્મ પ્રત્વે સારો પ્રેમ ધરાવે છે. અને તે સાથે વેપાર કળાની સારી તાલીમ લઇ પોતાની પેઢીના સર્વ કાર્યમાં સારી પ્રવિણતા પણ સંપાદન કરેલ છે.

વોરા હઠીસંગભાઇને તેમનાં એક પ્રથમનાં પત્નિ સ્વર્ગવાસી પુલીબાઇ કે જેઓ ભાવનગરના શેઠ ભાણજી બીમજીનાં પુત્રી હતાં. તેને હરકોર નામે એક પુત્રી છે. તેને વળાના મેતા કુટુંબમાં શેઠ ગુલાબચંદ જીવાભાઇના જ્યેષ્ટ પુત્ર દુર્લભજી વેરે આપેલાં છે. તેમને હાલ ચાર પુત્રીઓ અને બે પુત્ર છે. મોટી પુત્રીનું નામ વિજકોર અને નાની પુત્રીનું નામ રંભા વગેરે ચાર પુત્રીઓ છે. અને પુત્રનું નામ પ્રભુદાસ વગેરે બે પુત્રો છે. હાલની બે સ્ત્રીઓ દીવાળી તથા મોતીને કંઇપણ ફરજંદ નથી.

ધર્મ અને યાત્રાઓ.

શેઠ હઠીસંગભાઇ જ્યારે યોગ્ય વયમાં આવ્યા, ત્યારે તેમના તરફથી જૈન ધર્મને ઉદ્યોત કરનારાં ઘણા કાર્યો થયેલાં છે. તેમનું કુટુંબ ભાવનગરના જૈન સંઘમાં જે વિખ્યાતિ પામેલું છે, તેનું કારણ પણ તેમની ધાર્મિક પ્રવૃત્તીજ છે, આ ભારત વર્ષના ઘણા ભાગમાં સંવેગી સાધુઓનો મોટો પરિવાર મુનિરાજશ્રી બુટેરાયજી મહારાજથી શરૂ થયેલો છે. તેમના પરિવારમાં વિખ્યાત થઇ ગયેલા ગણિ મૂળચંદજી મહારાજ સંવત ૧૯૦૮ની સાલમાં ભાવનગર પધાર્યા હતા તે વખતે તેમણે વ્હોરા શેરીમાં આવેલા એક વિશાળ ભાગમાં ઉતરી પોતાના વ્યાખ્યાનનો સારો લાભ વ્હોરા કુટુંબને આપ્યો હતો અને સ્વર્ગવાસી નિતિવિજયજી મહારાજનો દિક્ષા મહોત્સવ પણ એ કુટુંબના આગ્રપણા નીચે થયો હતો. તે પછી સંવત ૧૯૧૪ના વર્ષમાં મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પંજાબમાંથી આવેલા હતા અને તેમના ઉપદેશનો મહાનલાભ ભાવનગરની જૈન પ્રજાને મળ્યો હતો જે લાભ શેઠ હઠીસંગભાઇના કુટુંબે ઘણા ચાતુર્માસ સુધી લીધો હતો. મુનિરાજ વૃદ્ધિચંદ્રજી મહારાજના ઉપદેશથી શેઠ હઠીસંગભાઇનાં વડીલ માતુશ્રી તરફથી રૂપાનું ઘોડીયાપારણું કરાવી શ્રીસંઘમાં મૂકવામાં આવ્યું છે, જે પ્રતિવર્ષે વીરપ્રભુના જન્મોત્સવ વખતે તેનો સારો ઉપયોગ થાય છે.

શેઠ હઠીસંગભાઇ સ્વતંત્ર થયા પછી તેમણે ધાર્મિક યાત્રાઓમાં પોતાની લક્ષ્મીનો સારો સદુપયોગ કરેલો છે તેમના કાકા જસરાજ વ્હોરાના પુત્ર અમરચંદભાઈ કે જેઓ તેમના વડીલ

બંધુ થાય છે તેમની સાથે રહી શેઠ હઠીસંગભાઇએ કેટલાંએક ધર્મકાર્યો કરેલાં છે જેમાં તેઓ બંને ભાઇઓ લક્ષ્મીની જેમ પુણ્યના પણ સાથેજ ભાગીદાર બનેલા છે.

શેઠ હઠીસંગભાઈના પિતામહી ઝીણીબાઇ ઘણા ધર્મીષ્ઠ હતાં. તેમણે સંવત ૧૯૨૦ની સાલમાં સિદ્ધાચલની યાત્રા માટે એક મહાન સંઘ કાઢયો હતો. જેમાં તેમના બંને પૌત્રોએ લક્ષ્મીનો સારો વ્યય કર્યો હતો. નવકારશ્રીનું મહાભોજન કરાવી વૃતધારીઓને માટે એક મોટી રકમ અર્પણ કરી હતી. જેમાંથી પૌષધ વૃતધારી શ્રાવકોને અદ્યાપિ પારણા ભોજન અપાય છે.

શેઠ હઠીસંગભાઇએ સંવત ૧૯૨૩ના વર્ષમાં પોતાના જ્યેષ્ટ બંધુ અમરચંદભાઇ સાથે કેશરીયાજી–આબુજીની યાત્રા કરી હતી. એ યાત્રાને પ્રસંગે તારંગાજી–રાણકપુરજી અને મારવાડી પંચતીર્થીની યાત્રા થઇ હતી. તે સત્કાર્યમાં તેમણે ધાર્મિક સખાવતો સારી કરી હતી. તે પછી શેઠ હઠીસંગભાઇએ પોતાની માતા જવલબાઇને સાથે લઇ સિદ્ધગીરીની નવાણું યાત્રા કરી હતી અને એ પવિત્ર તિર્થમાં લક્ષ્મીની મોટી રકમની સખાવત કરી હતી. આ પવિત્ર પ્રસંગે હમેશાં સ્મરણમાં રાખવાને–યાત્રાનું મહાપુણ્ય ઉપાર્જન કરવાને શેઠ હઠીસંગઇ તરફથી સિદ્ધવડે યાત્રાળુઓને ફાગણ શુદી ૧૩ ને દિવસે પાથેય (ભાતુ) આપવાને એક રકમ કાઢવામાં આવેલી છે. આ શિવાય બીજી ઘણી યાત્રાઓમાં તેમની વ્યાપાર લક્ષ્મીનો સદુપયોગ થયેલો છે. સંવત ૧૯૩૪ના વર્ષમાં તેમણે ભોયણી, અમદાવાદ, ખેડા, માતર ખંભાત–વડોદરા, સુરત વગેરે મોટા સ્થળોમાં યાત્રા કરી દરેક સ્થાને ઘણો ખર્ચ કર્યો હતો. સંવત ૧૯૩૩ના વર્ષમાં શેઠ હઠીસંગભાઇએ પોતાના બંધુ અમરચંદભાઇ સાથે કાઠીયાવાડમાં જુનાગઢ તથા પંચતીર્થીની યાત્રા કરવા એક મોટો સંઘ કાઢયો હતો અને તેમાં ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજ્યાનંદ સૂરિ (શ્રી આત્મારામજી મહારાજ) વિગેરે કેટલાક વિદ્વાન મુનીઓ સાથે પધાર્યા હતા. સંવત ૧૯૪૧ના વર્ષમાં હઠીસંગભાઈએ સમેતશિખરજી વીગેરેની મહાયાત્રા કુટુંબ સાથે કરી હતી અને તેમાં દરેક સ્થળે સારી સખાવત કરી હતી. સંવત ૧૯૪૭ની સાલમાં કેશરીયાજી વગેરે પંચતીર્થી કરી હતી તેવીજ રીતે તેમના પિતાશ્રીએ પણ શિખરજીની યાત્રા કરી હતી. આ પ્રમાણે અનેક યાત્રાઓમાં શેઠ હઠીસંગભાઇએ પોતાના શ્રાવક જીવનની સાર્થકતા કરી છે. અને તે તે પ્રસંગે ધાર્મીક સખાવતોમાં ઉદાર હાથ લંબાવ્યો છે.

પ્રતિમા સ્થાપન અને પ્રતિષ્ઠા.

સરલ હૃદયના વોરા હઠીસંગભાઇએ પોતાના વડીલ બંધુ અમરચંદભાઇની સાથે મળી સંવત ૧૯૨૪ના વર્ષમાં શ્રી ગોડીજીના દહેરાસરજીમાં શ્રી શાંતિનાથ ભગવાનના દહેરાસરમાં બીજા બિંબોની પ્રતિષ્ઠા કરી હતી અને તે પ્રસંગે તેમના વડીલે વીશ સ્થાનક તપનું ઉદ્યાપન કર્યું હતું. જેમાં તેમની ઉદારતા પ્રકાશી નીકળી હતી. અને ભાવનગરના શહેરમાં વ્હોરા કુટુંબનો વિજયનાદ થઇ રહ્યો હતો. સંવત. ૧૯૩૫ ના વર્ષમાં ભાવનગરના મોટા જિનાલયમાં શ્રી શાંતિનાથ પ્રભુના બાજુમાં સુંદર પ્રતિમાનું સ્થાપન શેઠ હઠીસંગભાઇ તરફથી થયું હતું. અને તે પોતાના મર્હુમ લઘુ ભ્રાતા હરજીવનના નામથી અંકિત કરવામાં આવ્યું હતું. જે સત્કાર્ય પોતાના પૂજ્ય માતુશ્રી જવલબાઇને હાથે ઉજવવામાં આવ્યું હતું. વળી શેઠ હઠીસંગભાઈના પિતા ઝવેરચંદ

વેારાએ સિદ્ધગીરી પર રહેલા ચૌમુખજીની ટુંકમાં આવેલા દેરાસરનેા જીર્ણોદ્ધાર કરાવવેા શરૂ કરેલેા તે વેારા હઠીસંગભાઇએ પૂર્ણ કરાવ્યેા હતેા.

ભાવનગર શહેરની બહાર આવેલા દાદાસાહેબના સ્થાનથી ઓળખાતા ભવ્ય જિનાલયમાં જ્યારે પ્રતિષ્ઠામહેાત્સવ કરવામાં આવ્યેા હતેા ત્યારે શેઠ હઠીસંગભાઇએ ઉદારતાથી એ જિનાલય ઉપર ધ્વજદંડ ચડાવ્યેા હતેા. અદ્યાપિ તે કાયમ દર વરસે પેાતાના તરફથી ચડે છે. સંવત્ ૧૯૫૫ ના વર્ષમાં શેઠ હઠીસંગભાઇએ ઘરદેરાસરની સ્થાપના કરી તેમાં રૂપાની છત્રીમાં પ્રભુને પધરાવી પ્રતિષ્ઠાનેા મેાટેા ઉત્સવ કર્યેા હતેા. આ પ્રતિષ્ઠાની શુભ ક્રિયા પન્યાસજી શ્રી ગંભિરવિજયજી મહારાજના હાથથી કરવામાં આવી હતી. આ મહેાત્સવમાં તેમના સૌભાગ્યવંતા પત્નિ દીવાળીબાઇને ઉપધાન વહેવરાવવામાં આવતાં પ્રથમ માળા તે પરમ પૂજ્ય પન્યાસજીને હાથે પહેરાવવામાં આવી હતી અને તે પ્રસંગે સમસ્ત સંઘકૃત નંદિશ્વરદ્વીપની રચના કરવામાં આવી હતી. જે પ્રસંગે મેાટેા વરઘેાડેા, રાત્રિજાગરણ વીગેરે ઘણી ધામધુમ થઈ હતી. આ બધા પ્રસંગેામાં નવકારશી અને સ્વામીવાત્સલ્યના મહેાત્સવેા ઘણી ઉદારતાથી પેાતાના તરફથી ઉજવવામાં આવ્યા હતા.

આ શિવાય તેવા પ્રકારના બીજાં કાર્યોમાં એ ઉદાર શેઠે પેાતાની લક્ષ્મીનેા સદુપયેાગ કરેલેા છે અને તેવી રીતે વર્તમાન કાળે પણ કરે છે.

ધાર્મીક સખાવત.

શેઠ હઠીસંગભાઇએ જેવી રીતે દેવ–ગુરૂની સેવામાં પેાતાની ઉદારતા દર્શાવી છે, તેવી રીતે તેમણે બીજી ધાર્મીક સખાવતેા પણ કરેલી છે. સં. ૧૯૪૯ ના વર્ષમાં પેાતાના ઉપકારી ગુરૂ શ્રી વૃદ્ધિચંદ્રજી પાઠશાળાનું સ્થાપન થયું તે વખતે એક સારી રકમ અર્પણ કરી એ શુભ કાર્યનેા સમારંભ તેમના તરફથી થયેા હતેા. જ્યારે તે ભાવનગર શહેરના પરમ્ ઉપકારી ગુરૂએ સ્વર્ગવાસ કર્યેા ત્યારે તેમના અગ્નિદાહના સ્થાપન ઉપર તે ગુરૂની ચરણપાદુકાના સ્મરણરૂપ સ્તુપની ક્રિયા પણ તેમણે બંધુ અમરચંદભાઇ સહીત મુખ્ય રીતે કરી હતી.

દાદાસાહેબની વાડીમાં યાત્રાળુઓ ઉતરવા માટે પેાતાના ખર્ચ એક મકાન બંધાવી સંઘને અર્પણ કરેલ છે જેમાં યાત્રાળુઓ ઉતરવાનેા લાભ લે છે, તે શિવાય સિદ્ધગીરીની છાંયામાં આવેલા દેપલા નામના ગામમાં ત્યાંના શ્રી સંઘે કરેલા નવીન જિનાલયમાં પેાતાના તરફથી જિનપ્રતિષ્ઠા કરવાને તેઓ મેાટેા સંઘ લઇને ગયા હતા. અને તે પ્રસંગે સર્વ લેાકેાને વાહન–ભેાજન વગેરે સામગ્રીનેા તમામ ખર્ચ આપી તે ગામના સર્વ વર્ણને ભેાજન આપ્યું હતું. એજ વર્ષમાં તેમના તરફથી સારેા ધનવ્યય કરવામાં આવ્યેા હતેા. સ્વર્ગવાસી મહેાપકારી શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના ઉપદેશથી શેઠ હઠીસંગભાઇએ પેાતાના વડીલ બંધુ અમરચંદભાઈ સાથે રહી સિદ્ધક્ષેત્ર શ્રી પાલીતાણામાં એક સુંદર ધર્મશાળા બંધાવી છે જે પવિત્ર સ્થાનમાં બંને ભાઇઓએ સારી રકમ ખરચી પેાતાના નિર્મલ નામને એ પવિત્ર ગીરીરાજની છાયામાં ચિરસ્થાયી કરેલું છે. જેનેા લાભ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ સદાકાળ લીધા કરે છે. દાદાસાહેબમાં ઉઘાડવામાં આવેલ જૈન બેાર્ડીંગમાં તેમના તરફથી અમુક

રકમ અર્પણ થયેલી છે. સંવત ૧૯૫૬ ના ભયંકર દુકાળમાં ગરીબ લોકોને સસ્તે ભાવે અનાજ આપવાના તથા પાંજરાપોળના અનાથ જનવરોનો નીભાવ કરવામાં વોરા હડીસંગભાઈ તરફથી મદદ થઈ હતી.

આ શિવાય કાઠીયાવાડ ગુજરાત, કચ્છ, વાગડ, માળવા, પંજાબ વગેરે દેશોમાંથી આવેલ ચૈત્યજીર્ણોદ્ધાર, નવીન જિનાલયોની, ઉપાશ્રયોની, ધર્મશાળાઓની અને બીજા જાહેર શુભ ખાતાની ટીપોમાં વ્હોરા હડીસંગભાઇએ દરેક પ્રસંગે કાંઇ કાંઇ રકમ અર્પણ કરેલી છે અને લક્ષ્મીને સર્વ રીતે કૃતાર્થ કરેલી છે. આજસુધીના જીવનમાં તે ઉદાર ગૃહસ્થ પોણા લાખની મોટી ગંજાવર રકમ સત્કાર્યમાં અર્પણ કરી ચુકયા છે અને હજુ ભવિષ્યમાં જેઓ પોતાના જીવનમાં લક્ષ્મીનો સદુપયોગ કરવાને તત્પર રહેલા છે.

જાહેર કાર્યોમાં ભાગ.

સં. ૧૯૩૪ ના વર્ષમાં સ્થાનકવાસી અને લોકાગચ્છ સાથે ભાવનગરમાં મહાન કલહ થયો હતો. તે સંવત ૧૯૪૦ ના વર્ષમાં સમોવસરણની રચના શ્રીસંઘ તરફથી થતાં તે કલહનો ભંગ કરી તેમણે પ્રથમ નવકારશ્રીનું ભોજન આપ્યું હતું. તે વખતે વોરા કુટુંબે તન મન અને ધનથી તેમાં ભાગ લીધો હતો અને વ્હોરા હડીસંગભાઇએ પરસ્પર સંપવૃદ્ધિને માટે સારો પ્રયત્ન કર્યો હતો. વ્હોરા હડીસંગભાઇ પોતાના સખાવતના ગુણોથી સંઘના માનની સાથે રાજનું માન પણ પામેલા છે. ભાવનગરના નામદાર મહારાજા સાહેબ સર ભાવસિંહજી તરફથી તેમને દરેક ઉત્તમ પ્રસંગે આમંત્રણ મળે છે. અને પ્રજાવર્ગમાં એક આગેવાન ગણાય છે. તેઓ જ્ઞાન અને જ્ઞાનના સાધનોને પુષ્ટિ આપનારા દરેક શુભ ખાતાને સારી સહાય આપે છે. ઘણા વર્ષ પહેલાં સ્થપાયેલ શ્રી જૈન હિતેચ્છુ સંસ્થામાં જોડાવાથી તેઓને જ્ઞાનખાતા ઉપર સારી પ્રીતિ થઇ હતી. અને તેથી તેમણે તે વખતે પ્રથમથી જ્યાનંદ કેવળીના રાસનું ઉપયોગી પુસ્તક છપાવવામાં સારી સહાય આપી હતી. ત્યારપછી તેઓ અત્યારે ભાવનગરમાં સ્થપાયેલી શ્રી જૈન આત્માનંદ સભાના પ્રથમ લાઇફમેમ્બર થયેલા હતા. ત્યારબાદ શ્રી છઠ્ઠી જૈનશ્વેતામ્બર કોનફરન્સ આ ભાવનગર શહેરમાં મળી હતી, કે જે કોન્ફરન્સમાં બીજે નહીં મળેલ એટલી (શુમારે પંદર હજાર) જૈન બંધુઓની સંખ્યા એકઠી થઇ હતી. તેઓની દરેક પ્રકારની ભક્તિ તેમજ આ કોન્ફરન્સનો તમામ ખર્ચ જે કે શુમારે પંદર હજાર રૂપૈયા થયો હતો તે વોરા હડીસંગભાઇએ ઘણીજ ઉદારતાથી તમામ પોતે આપ્યો હતો, જેને લઇને સંઘભક્તિ બહુ સારી રીતે કરી હતી સાથે શ્રી સિદ્ધાચળજીની યાત્રાનો લાભ આ કોન્ફરન્સમાં બહાર ગામથી આવનાર અનેક જૈન બંધુઓને આવા શુભ નિમિત્તથી થયો હતો. તે વખતે રીસેપ્સન કમીટીના પ્રમુખ શ્રી સંઘ તરફથી વોરા હડીસંગભાઇ નિમાયા હતા. તેઓએ આવું મહાન ઉદાર કાર્ય અને સંઘભક્તિ કરવાને લઇ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના તરફથી વોરા હડીસંગભાઇને આ રાજ્યના નામદાર મહારાજાના લઘુ બંધુ કુમાર સાહેબ મંગળસિંહજીભાઇના પ્રમુખપણા નીચે અનેક ગામોથી આવેલા શ્રી સંઘોના હાજરી વચ્ચે દબદબા ભર્યું એક માનપત્ર આપવામાં આવ્યું હતું અને તેજ વખતે શ્રી જૈન ધર્મ પ્રબોધક સભાએ પણ સાથેજ માનપત્ર આપ્યું હતું. જે સમયે તેઓ ઉક્ત સંસ્થાના પેટ્રન થઇ રૂ. ૫૦૦)ની રકમ આ સંસ્થાને આપી હતી તે સાથે આ સંસ્થાની

વર્ષગાંઠ જેઠ શુદ ૭ નારોજ દરવર્ષે સ્વામીવાત્સલ્ય તેઓના તરફથી થાય તેને માટે રૂા. ૭૫૦)ની રકમ આ સભાને ભેટ કરી હતી જે રૂપૈયાના વ્યાજમાંથી અને તુટતા રૂપૈયાનું ફંડ કરી કાયમ તે પ્રમાણે સ્વામીવાત્સલ્ય થાય છે. વળી આ શુભકાર્યની નિશાની કાયમ જળવાઇ રહે તેને માટે રૂા. ૧૦૦૦)ની એક રકમ જૈન ગ્રંથો પ્રસિદ્ધ કરવાને આ સભાને તેઓએ ભેટ કરી છે; જેમાંથી ઉત્તરોતર વોરા હઠીસંગભાઇના નામની સીરીઝ તરીકે ગ્રંથો આ સભા તરફથી પ્રસિદ્ધ થશે જેમાં પ્રથમ પુષ્પ–ગ્રંથ પુસ્તક તરિકે આ શ્રાદ્ધગુણવિવરણ ભાષાંતરનો ગ્રંથ છે.

આ શહેરમાં સાધ્વીજી મહારાજના ઉપાશ્રયને માટે સગવડતાવાળું સ્થાન બરાબર નહોતું તેથી શ્રી સંઘની માલેકીનું ઠાકર મહેતાની મેડીના નામથી ઓળખાતું મકાન નવેસરથી ચણી એક સુંદર બીલ્ડીંગ કરવામાં આવ્યું, જે સાધ્વીજી મહારાજના ઉપયોગ માટે લેવાનું નકી થતાં તેમાં વોરા હઠીસંગભાઇએ રૂા. ૩૨૫૧) શ્રી સંઘને આપીતે ઉપાશ્રય શ્રી સંઘને અર્પણ કર્યો છે અને તે ઉપાશ્રયને વોરા હઠીસંગભાઇની પત્ની દીવાળીબાઈ તથા મોતીબાઇ ઉપાશ્રય એમ શ્રી સંઘના તરફથી નામ આપવામાં આવેલ છે.

આ છઠ્ઠી ફ્રાન્ફરન્સના મેળાવડા વખતે અત્રેના શ્રી સંઘ તરફથી આ ફ્રાન્ફરન્સનો વોરા હઠીસંગભાઇને આદેશ આપવામાં આવ્યો તે વખતે એકત્ર થયેલ શ્રી સંઘ સમસ્ત અત્રેના શ્રી સંઘ તરફથી કાયમના માટેનું એકનિરાશ્રિત ફંડ ખોલવામાં આવ્યું હતું જેમાં રૂા. ૨૫૦૦) ની રકમ તે ફંડમાં વોરા હઠીસંગભાઇએ ભરવાથી તેમજ આ ફ્રાન્ફરન્સનો તમામ ખર્ચ તે આપતા હોવાથી અત્રેના શ્રીસંઘ તરફથી સદરહુ ફંડનું નામ પણ " વોરા હઠીસંગ ઝવેરચંદ શ્રી જૈનનિરાશ્રીત ફંડ " એમ રાખવામાં આવ્યું હતું અને અહીંના બીજા મુખ્ય મુખ્ય કેટલાક આગેવાનોએ પણ સારી રકમો ભરી હતી. પરંતુ અત્રેના આગેવાનોએ અત્યાર સુધી તે ખાતું ખોલ્યું નહી તેને માટે પ્રયાસ કાંઇ પણ કર્યો નહીં, પોતે ભરેલી રકમ આપી નહીં અને વોરા હઠીસંગભાઇએ ભરેલી રકમ આપવા અને ફંડ શરૂ કરવા અનેક વખત આગેવાનોને કહ્યા છતાં તે પણ લીધી નહીં તે વખતે થયેલું ફંડ માત્ર કાગળો ઉપર લખેલું જ અત્યાર સુધી પડી રહ્યું છે.

વોરા હઠીસંગભાઈ અત્યારે ભાવનગર શહેરમાં સંઘના અગ્રેસર ગણાય છે, સંઘના દરેક કાર્યમાં તેમની સલાહ લેવાય છે. તેમનું હૃદય નિર્મળ છે. છળ, કપટ પોતે સમજતા નથી અને તેનાથી દુર રહે છે. જોકે તેઓ ઉંચી જાતીની ધાર્મીક કે વહેવારીક કેલવણી મેળવી શકયા નથી તથાપિ કુટુંબના ધર્મના સંસ્કારને લઇને તેઓ ધાર્મિક કાર્યોને ચાહે છે અને પ્રસંગે પ્રસંગે તેને માટે ઉદારતા બતાવે છે. વળી સાથે પોતાની કોમની ઉન્નતિ કરવામાં તેઓ સારી ઇચ્છા ધરાવે છે અને અનેક ધર્મના કાર્યોમાં પ્રસંગે પ્રસંગે મળેલી લક્ષ્મીનો સદ્વ્યય કરે છે.

મનુષ્ય માત્રમાં ઘણે ભાગે ગુણ અને દોષ બંને હોય છે, પરંતુ સજ્જન મનુષ્યો હમેશાં ગુણગ્રાહી હોય છે. જેથી કોઇ પણ વ્યક્તિમાં જે જે ગુણો હોય તેનું અનુકરણ અને પક્ષપાત કરવો એ દરેક મધ્યનું કર્તવ્ય છે. વોરા હઠીસંગભાઇનું આ જન્મવૃતાંત સંક્ષિપ્તથી આપવામાં આવ્યું છે, પરંતુ હવે પછી તેઓ આ કરતાં પણ વધારે સારા ધર્મના કાર્યો કરી વધારે ગુણો સંપાદન કરી પોતાને મળેલ લક્ષ્મીનો સદ્માર્ગે વ્યય કરી વધારે યશ મેળવે, એવું ઇચ્છીયે છીયે.

પ્રકાશક.

વિષયાનુક્રમણિકા.

નંબર.	વિષય	પૃષ્ટ.
૧	નમસ્કાર પ્રયોજનાદિ.	૧
૨	શ્રાવક શબ્દનો અર્થ.	૪
૩	ધર્મોપદેશ દાનાવસરે યોગ્યતા વિચાર.	૭
૪	સામાન્ય ગૃહસ્થ ધર્મ ગ્રહણ હેતુ.	૧૩
૫	સામાન્ય ગૃહસ્થ ધર્મરૂપ પાંત્રિશ સદ્‌ગુણ સંગ્રહ શ્લોકો....	૧૪
૬	**પ્રથમ ગુણ વિચરણ** (ન્યાય સંપન્ન વિભવ.) ૧૫	
૭	ન્યાયસંપન્ન વિભવાદિ સ્વરૂપ.	૧૬
૮	ન્યાયોપાર્જિત દ્રવ્ય સત્પાત્ર વિનિયોગની ચતુર્ભંગીમાં પ્રથમ સ્વરૂપ.	૧૬
૯	પ્રથમભંગ સ્વરૂપ ઉપર નંદિષેણની કથા.	૧૭
૧૦	બીજા ત્રીજા ભંગનું સ્વરૂપ....	૧૯
૧૧	ત્રીજા ચોથા ભંગનું સ્વરૂપ...	૨૦
૧૨	ચોથા ભંગ ઉપર રંક શ્રેષ્ઠીની કથા.	૨૨
૧૩	વ્યવહાર શુદ્ધિ સ્વરૂપ.	૨૪
૧૪	વ્યવહાર શુદ્ધિ ઉપર વંચક શ્રેષ્ઠીની કથા.	૨૬
૧૫	દેવદ્રવ્યાદિ ગ્રહણ નિષેધાદિ.	૨૯
૧૬	દેવદ્રવ્યાદિ ગ્રહણ નિષેધ ઉપર કુકકુર કથા.	૩૦
૧૭	ચાર પ્રકારના શુદ્ધ વ્યવહારનું સ્વરૂપ.	૩૧
૧૮	શુદ્ધ વહેવાર ઉપર ધનશ્રેષ્ઠીની કથા.	૩૭
૧૯	**બીજા ગુણનું વર્ણન.** (શિષ્ટાચાર પ્રશંસા.)	૩૯
૨૦	સદાચારનું સ્વરૂપ.	૩૯
૨૧	સદાચાર ઉપર ચોરનું ઉદાહરણ.	૪૯
૨૨	**ત્રીજા ગુણનું વર્ણન.** (સમાન કુલ શીલવાળા અન્ય ગોત્રી સાથે વિવાહ કરવો)....	૫૪
૨૩	વિવાહાદિ સ્વરૂપ નિરૂપણ.	૫૪
૨૪	આઠ પ્રકારના વિવાહાદિ સ્વરૂપ.	૫૪
૨૫	વરના લક્ષણો.	૫૫
૨૬	સ્ત્રીના લક્ષણો.	૫૬
૨૭	સમાન શીલના વિવાહ.	૫૭
૨૮	સમાન શીલ ઉપર સુભદ્રાનું દૃષ્ટાંત.	૫૭
૨૯	ચાર પ્રકારના પુત્રનું સ્વરૂપ.	૬૧
૩૦	સુકલત્રના લાભનું ફળ.	૬૩
૩૧	કુકલત્ર (નઠારી સ્ત્રી) ઉપર સાવિત્રીનું દૃષ્ટાંત.	૬૬
૩૨	વધુ (વહુ) ના રક્ષણનો ઉપાય.	૬૭
૩૩	**ચોથા ગુણનું વર્ણન.** (પાપભીરૂ)	૬૯
૩૪	પાપભીરૂનું સ્વરૂપ.	૬૯
૩૫	પાપભીરૂ ઉપર વિમલનું આખ્યાન.	૭૦
૩૬	**પંચમ ગુણવર્ણન** (પ્રસિદ્ધ દેશાચાર આચરણ કરવા રૂપ.)	૭૩

૩૭ દેશાચારનું સ્વરૂપ. ૭૩
૩૮ દેશલોકાદિ વિરૂદ્ધ ૭૩
૩૯ **છઠ્ઠા ગુણનું વર્ણન** (કોઇના અવર્ણવાદ નાહ બોલવા રૂપ.) ૭૬
૪૦ પ્રશંસક સ્વરૂપ. ૭૬
૪૧ અવર્ણવાદને વિષે બ્રાહ્મણીનું દ્રષ્ટાંત. ૭૭
૪૨ બહુજન માનનીય અવર્ણવાદિ વિપાકદર્શન. ૭૮
૪૩ તે ઉપર સીતાનું દ્રષ્ટાંત. ૭૮
૪૪ **સાતમા ગુણનું વર્ણન** (ગૃહસ્થે કેવા ઘરમાં રહેવું) ૮૦
૪૫ ગૃહાદિ સ્વરૂપ..... .... ૮૦
૪૬ ગૃહ કરવાને વિષે સુસ્થાન સ્વરૂપ. ૮૦
૪૭ ગૃહકરણે સ્થાનનિષેધ ... ૮૧
૪૮ સુસ્થાનેવિષે નિર્દોષ ગૃહકરણ. ૮૧
૪૯ ગૃહને વિષે લક્ષ્મીવૃદ્ધિ ઉપાય. ૮૨
૫૦ ગૃહ વ્યવસ્થા સ્વરૂપ. ૮૩
૫૧ ગૃહ સ્થાન સ્વરૂપ. ૮૩
૫૨ સારા નરસા પાડોશનું ઉપદર્શન. ૮૩
૫૩ ખરાબ પાડોશ ઉપર અંબિકાનું ઉદાહરણ. ૮૪
૫૪ **આઠમા ગુણનું વર્ણન** (સત્સંગ આચરણ કરવા રૂપ).... ૮૬
૫૫ સદાચારીનો સંગ કરવાવિષે સત્ અસત્ સંગનું સ્વરૂપ..... ૮૬
૫૬ તે ઉપર પ્રભાકરની કથા ૮૭
૫૭ **નવમા ગુણનું વર્ણન** (માતપિતાની પૂજા કરવા રૂપ) ૯૪
૫૮ માતપિતા આદિની પૂજા કરવાનું સ્વરૂપ. ૯૫
૫૯ **દશમા ગુણનું વર્ણન.** (ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવા રૂપ.).... ....૧૦૧
૬૦ ઉપદ્રવવાળા સ્થાનના ત્યાગનું સ્વરૂપ. ૧૦૧
૬૧ તે ઉપર નિર્વિચાર રાજાનું આખ્યાન. ૧૦૧
૬૨ **અગીયારમા ગુણનું વર્ણન.** (નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ નાહ કરવા રૂપ.) ૧૦૪
૬૩ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ નહિ કરવા વિષે વર્ણન. ૧૦૪
૬૪ અનુચિત કાર્ય નહિ કરવા વિષે૧૦૫
૬૫ તે ઉપર આરોગ્યદ્વિજની કથા.૧૦૯
૬૬ **બારમા ગુણનું વર્ણન.** (આવકના પ્રમાણમાં ખર્ચ કરવા રૂપ.) ... .૧૧૭
૬૭ આવક પ્રમાણે ખરચ રાખવા સંબંધીવિવરણ. ૧૧૭
૬૮ તે ઉપર કદર્યનું ઉદાહરણ....૧૧૯
૬૯ **તેરમા ગુણનું વર્ણન.** (વૈભવને અનુસારે વેષ રાખવા રૂપ.) ૧૨૪
૭૦ વૈભવને અનુસારે વેષ રાખવા વિષે વિવેચન..... ....૧૨૪
૭૧ **ચૌદમા ગુણનું વર્ણન.** (બુદ્ધિના આઠ ગુણો મેળવવા રૂપ.) ૧૨૭
૭૨ બુદ્ધિના આઠ ગુણનું વર્ણન. ૧૨૭
૭૩ તે ઉપર નારદ પર્વતનું ઉદાહરણ ૧૨૯
૭૪ **પંદરમા ગુણનું વર્ણન.** (નિરંતર ધર્મને શ્રવણ કરવા રૂપ.) ૧૩૧

૭૫ નિરંતર ધર્મ શ્રવણ કરવા વિષે વર્ણન ૧૩૧
૭૬ તે ઉપર મણિકાર શ્રેષ્ઠીની કથા ૧૩૧
૭૭ સુશ્રુષાનું ફળ. ૧૩૨
૭૮ સુશ્રુષા લક્ષણ. ૧૩૩
૭૯ તે ઉપર સુદર્શન શ્રેષ્ઠિની કથા. ૧૩૩
૮૦ **સોળમા ગુણનું વર્ણન.** (અજિર્ણમાં ભોજનનો ત્યાગ કરવા રૂપ.) ૧૩૮
૮૧ અજિર્ણમાં ભોજન ત્યાગ કરવા વિષે વિવેચન.... .... ૧૩૮
૮૨ સતરમા ગુણનું વર્ણન (કાલે ભોજન કરવા રૂપ.) ૧૪૦
૮૩ કાલે ભોજનાદિ સ્વરૂપ ૧૪૦
૮૪ ભોજન વિધિ ૧૪૧
૮૫ રાત્રિભોજન નિષેધનું વર્ણન. ૧૪૧
૮૬ રાત્રિભોજનને વિષે દોષોનું વર્ણન. ૧૪૨
૮૭ વિસ્તારથી ભોજન વિધિ.... ૧૪૨
૮૮ **અઢારમા ગુણનું વર્ણન.** (ત્રિવર્ગના સાધન કરવા રૂપ.) ૧૪૪
૮૯ ત્રિવર્ગનું સ્વરૂપ. ૧૪૪
૯૦ **ઓગણીશમા ગુણનું વર્ણન.** (અતિથિ વીગેરેની ભક્તિ કરવા રૂપ.) ૧૪૭
૯૧ અતિથિ વિગેરેની ભક્તિ કરવા વિષે વિવરણ ૧૪૭
૯૨ અતિથિ દાનને વિષે સુધન શ્રેષ્ઠીની કથા. ... .૧૪૯
૯૩ નવ પ્રકારે ઉચિત્ત દર્શન. ૧૫૧
૯૪ પ્રથમ પિતા સબંધી ઉચિત્ત આચરણા. ૧૫૧
૯૫ માતા સબંધી ઉચિત્ત આચરણા. ... .૧૫૨
૯૬ સહોદર ઉચિત્ત આચરણા. ૧૫૨
૯૭ ભાર્યા સંબંધી ઉચિત્ત આચરણા. ૧૫૩
૯૮ પુત્ર ઉચિત્ત આચરણા. ...૧૫૩
૯૯ સ્વજન ઉચિત્ત આચરણા. ૧૫૪
૧૦૦ ધર્માચાર્ય સબંધી ઉચિત્ત આચરણા. ૧૫૫
૧૦૧ નગરજનો સબંધી ઉચિત્ત આચરણા. ૧૫૫
૧૦૨ પરતિર્થિક ઉચિત્ત આચરણા. ૧૫૭
૧૦૩ ઉચિત્ત આચરણના ફળોપદર્શનનું વર્ણન. ૧૫૮
૧૦૪ તે ઉપર શાલિવાહન પ્રબંધ. ૧૫૯
૧૦૫ **વીશમા ગુણનું વર્ણન.** (મિથ્યાગૃહનો ત્યાગ કરવા રૂપ.) ૧૬૧
૧૦૬ અભિનવેશ (મિથ્યા ગૃહના ત્યાગનું સ્વરૂપ. ૧૬૦
૧૦૭ **એકવીશમા ગુણનું વર્ણન.** (ગુણમાં પક્ષપાત કરવા રૂપ.) ૧૬૩
૧૦૮ ગુણમાં પક્ષપાત કરવા વિષે વર્ણન. ૧૬૩
૧૦૯ **બાવીશમા ગુણનું વર્ણન.** (અદેશ અને અકાલ ચર્યાનો ત્યાગ કરવા રૂપ.) ૧૬૫
૧૧૦ અદેશ અને અકાળ ચર્યાના નિષેધ્યપણાનું વર્ણન. ૧૬૫
૧૧૧ તે ઉપર હંસનું ઉદાહરણ. ૧૬૫
૧૧૨ **તેવીશમા ગુણનું વર્ણન.** (પોતાના તથા પરના બળા-

બળને જાણવા રૂપ.).... ....૧૬૭
૧૧૩ બળાબળ સ્વરૂપ. ... .૧૬૭
૧૧૪ તે ઉપર લક્ષ્મણસેન નૃપની કથા. ૧૬૭
૧૧૫ **ચોવીશમા ગુણનું વર્ણન.**
(વ્રતમાં રહેલા અને જ્ઞાનથી વૃદ્ધોની પૂજા કરવા રૂપ.) ૧૭૧
૧૧૬ વ્રતમાં રહેલા તથા જ્ઞાનથી વૃદ્ધોની પૂજા કરવા વિષે વર્ણન. ૧૭૧
૧૧૭ તે ઉપર કપર્દી શ્રેષ્ઠીનું દૃષ્ટાંત. ૧૭૨
૧૧૮ **પચીશમા ગુણનું વર્ણન.**
(પોષ્ય વર્ગનું પોષણ કરવા રૂપ. ૧૭૩
૧૧૯ પોષ્ય પોષકનું સ્વરૂપ..... ....૧૭૩
૧૨૦ તે ઉપર સાગર શ્રેષ્ઠીની કથા. ૧૭૪
૧૨૧ પરમાર્થથી—નિશ્ચયથી પોષ્ય વિચાર. ૧૭૪
૧૨૨ **છવીશમા ગુણનું**
(દીર્ઘદર્શીપણું.) ૧૭૬
૧૨૩ દીર્ઘદર્શીનું સ્વરૂપ. ૧૭૬
૧૨૪ તે ઉપર ધનશ્રેષ્ઠીની કથા. ૧૭૬
૧૨૫ **સત્તાવીસમા ગુણનું વર્ણન** (વિષેજ્ઞપણા રૂપ.) ૧૮૦
૧૨૬ વિશેષજ્ઞનું સ્વરૂપ. ૧૮૦
૧૨૭ તે ઉપર સુબુદ્ધિ મંત્રિની કથા. ૧૮૧
૧૨૮ બીજે પ્રકારે વિશેષજ્ઞનું સ્વરૂપ. ૧૮૨
૧૨૯ તે ઉપર સાગરદત્તનું આખ્યાન.૧૮૩
૧૩૦ **અઠાવીશમા ગુણનું વર્ણન**
(કૃતજ્ઞપણા રૂપ.) ૧૮૬
૧૩૧ કૃતજ્ઞનું સ્વરૂપ. ૧૮૭
૧૩૨ તે ઉપર જિતારી રાજાની કથા. ૧૮૮
૧૩૩ પરમાર્થવડે કરીને કૃતજ્ઞનું સ્વરૂપ. ૧૮૯
૧૩૪ **એગણત્રીશમા ગુણનું વર્ણન.** (લોકવલ્લભપણા રૂપ.) ૧૯૨
૧૩૫ લોકવલ્લભનું સ્વરૂપ. ૧૯૨
૧૩૬ પરલોક વિરૂદ્ધનું સ્વરૂપ. ૧૯૨
૧૩૭ ઉભયલોક વિરૂદ્ધનું સ્વરૂપ. ૧૯૩
૧૩૮ લોકવલ્લભ ઉપર શ્રી અભયકુમારની કથા. ૧૯૩
૧૩૯ **ત્રીશમા ગુણનું વર્ણન.**
(સલજ્જપણારૂપ.) ૧૯૮
૧૪૦ લજ્જાવાનનું સ્વરૂપ. ૧૯૮
૧૪૧ તે ઉપર શ્રી આંબડદેવનું આખ્યાન.૧૯૯
૧૪૨ **એકત્રીશમા ગુણનું વર્ણન.**
(સદયપણા રૂપ.) ૨૦૧
૧૪૩ દયાવાનનું સ્વરૂપ. ૨૦૧
૧૪૪ તે ઉપર વિક્રમરાજાની કથા. ૨૦૩
૧૪૫ **બત્રીશમા ગુણનું વર્ણન.**
(સૌમ્યપણા રૂપ.).... ....૨૦૫
૧૪૬ સૌમ્યનું સ્વરૂપ. ૨૦૫
૧૪૭ તે ઉપર વિરધવળની કથા. ૨૦૬
૧૪૮ તેનાથી વિપરીત ક્રૂર પ્રકૃતિ ઉપર લક્ષ્મણસેન નૃપનું ઉદાહરણ. ૨૦૭
૧૪૯ **તેત્રીશમા ગુણનું વર્ણન.**
(પરોપકાર કરવા રૂપ.) ૨૧૦
૧૫૦ પરોપકારીનું સ્વરૂપ. ...૨૧૦
૧૫૧ ચાર પ્રકારે મનુષ્યનું સ્વરૂપ.....૨૧૧
૧૫૨ બે પ્રકારે ઉપકારનું સ્વરૂપ.....૨૧૨
૧૫૩ તે ઉપર વિક્રમાદિત્યની કથા.....૨૧૨
૧૫૪ ચેતન અચેતનના પરોપકારનું ઉપદર્શન. ૨૧૪

૧૫૫ પરોપકારને વિષે ભરત રાજાનું
ઉદાહરણ. ૨૧૫
૧૫૬ ચોત્રીશમા ગુણનું વર્ણન.
(અંતરંગારિ ષડ્ વર્ગના ત્યાગ
કરવા રૂપ.) ૨૨૬
૧૫૭ છ અંતરંગારિનું સ્વરૂપ. ૨૨૬
૧૫૮ કામનું સ્વરૂપ..... ....૨૨૬
૧૫૯ ક્રોધનું સ્વરૂપ..... ....૨૨૮
૧૬૦ લોભનું સ્વરૂપ. ૨૨૯
૧૬૧ માનનું સ્વરૂપ. ૨૩૧
૧૬૨ મદનું સ્વરૂપ. ૨૩૨
૧૬૩ હર્ષનું સ્વરૂપ..... ....૨૩૪
૧૬૪ પાંત્રીસમા ગુણનું વર્ણન.
(ઇંદ્રિયોનો જય કરવા રૂપ.)૨૩૬
૧૬૫ ઇંદ્રિયોના રોધ કરવાનું સ્વરૂપ. ૨૩૬
૧૬૬ ગ્રંથ સમાપ્તિ..... ....૨૩૯
૧૬૭ ગ્રંથકારની પ્રશસ્તિ. ૨૪૦

આ સભા તરફથી અત્યારસુધીમાં જે જે ગ્રંથો પ્રસિદ્ધ થયા તેનું લીસ્ટ જે સંખ્યા કુલ ૮૨ છે.

આ સભાએ પ્રસિદ્ધ કરેલા સંસ્કૃત માગધી મૂળટીકાના ગ્રંથો.

* નં. ૧ સમવસરણ સ્તવ: અવચૂરી ૦–૧–૦
* „ ૨ ક્ષુલ્લકભવાવલી ... ૦–૧–૦
* „ ૩ લોકનાલિકા દ્વાત્રિંશિકા ૦–૨–૦
* „ ૪ યોનિસ્તવ: ૦–૧–૦
* „ ૫ કાલસપ્તતિકા ૦–૧–૬
* „ ૬ દેહસ્થિતિ ૦–૧–૦
* „ ૭ સિદ્ધદંડિકા ૦–૧–૦
* „ ૮ કાય સ્થિતિ ... ૦–૨–૦
* „ ૯ ભાવ પ્રકરણ ૦–૨–૦
* „૧૦ નવતત્વ ભાષ્ય. ૦ ૧૨-૦
* „૧૧ વિચાર પંચાશિકા ૦–૨–૦
* „૧૨ બંધષટ્ ત્રિંશિકા. ૦–૨–૦
* „૧૩ પરમાણું, પુદ્ગલ, નિગોદ પટ્ત્રિંશિકા ૦–૩–૦
* „૧૪ શ્રાવકવ્રતભંગ પ્રકરણ ૦–૨–૦
૦ „૧૫ દેવવંદન ભાષ્ય. ૦–૫–૦
૦ „૧૬ સિદ્ધપંચાશિકા. ૦–૨–૦
૦ „૧૭ અન્નાયઉંચ્છકુલકમ્ ... ૦–૨–૦
૦ „૧૮ વિચારસપ્તતિકા ૦–૩–૦
„૧૯ અલ્પ બહુત્વ ૦–૨–૦
„૨૦ પંચસૂત્રમ્ ૦ ૬–૦
* „૨૧ જંબુચરિત્ર. ૦–૪–૦
* „૨૨ રત્નપાળ નૃપકથા ૦–૫–૦
„૨૩ સુક્તરત્નાવલી. ૦–૪–૦
„૨૪ મેઘદુત. ૦–૪–૦
„૨૫ ચેતોદુત. ૦–૪–૦
* „૨૬ પર્યુષણષ્ટાન્હિક વ્યાખ્યાન. ૦–૬–૦
„૨૭ ચંપકમાલાકથા. ૦–૬–૦
૦ „૨૮ સમ્યકત્વ કૌમુદિ. ૦-૧૦-૦
૦ „૨૯ શ્રાદ્ધગુણ વિવરણ. ૦-૧૦-૦

* આવી નિશાનીવાળા ગ્રંથો શિલકમાં નથી.
૦ આવી નિશાનીવાળા ગ્રંથો શિલકમાં જુજ છે.

૦ ,,૩૦ ધર્મરત્ન પ્રકરણ. ૦-૧૨-૦
* ,,૩૧ કલ્પસૂત્ર ૦-૦-૦
,,૩૩ ઉપદેશસપ્તતિકા. ૦-૧૩-૦
,,૩૪ કુમારપાળપ્રબંધ. ૦-૧૪-૦
,,૩૫ આચારોપદેશ. ૦-૩-૦
,,૩૬ રોહિણી અશોકચંદ્ર કથા..... .... ૦-૨-૦
,,૩૭ ગુરૂગુણષટ્ત્રિંશિકા ૦-૯-૦
* ,,૩૮ જ્ઞાનસાર. ૧-૦-૦
,,૩૯ સમયસાર. ૦-૮-૦
,,૪૦ સુકૃતસાગર ૦-૮-૦
,,૪૧ ધમ્મિલ કથા ૦-૨-૦
,,૪૨ પ્રતિમાશતક ૦-૮-૦
,,૪૩ ધન્ય કથાનકમ્. ૦-૨-૦
,,૪૪ ચતુર્વિંશતિ જિન સ્તુતિ સંગ્રહ. ૦-૬-૦
,, મેરૂ ત્રયોદશી કથા. ૦-૧-૦
,,૪૫ રોહણેય ચારત્ર. ૦-૧-૦
,,૫૧ શ્રી ક્ષેત્રસમાસ. ૦-૮-૦

ગુજરાતી ભાષામાં–ભાષાંતર વગેરેના ગ્રંથો, જે કે ગુજરાતી ભાષાના વાંચનારાઓને ખાસ ઉપયોગી છે તેવા પ્રકટ થયેલા ગ્રંથો.

૧ જૈન તત્ત્વાદર્શ ૪-૦-૦
૨ અજ્ઞાનતિમિરભાસ્કર ૨-૮-૦
૩ ધર્મબિન્દુ ગ્રંથ ૨-૮-૦
૪ આત્મપ્રબોધગ્રંથ.... .... ૨-૮-૦
૫ ધ્યાનવિચાર. ૦-૩-૦
૬ શ્રી પ્રકરણસંગ્રહ.... .... ૦-૪-૦
૭ શ્રાવક કલ્પતરૂ ૦-૬-૦
૮ આત્મોન્નતિ ૦-૧૦-૦
૯ પ્રકરણ પુષ્પમાલા... .... ૦-૬-૦
૧૦ વીવીધ પૂજાસંગ્રહ (શ્રીમદ્ આત્મારામજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભ-વિજયજી મહારાજ કૃત. ૦-૮-૦
૧૧ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર ૦-૮-૦
૧૨ કુમારવિહારશતક ૧-૪-૦
૧૩ દેવસીરાઇ પ્રતિક્રમણ ૦-૩-૦
૧૪ હંસવિનોદ ૦-૧૨-૦
૧૫ પ્રશ્નોત્તર પુષ્પમાળા (આ વૃત્તી બીજી) ૦-૧૪-૦
૧૬ નવતત્ત્વનો સુંદર બોધ ૦-૧૦-૦
૧૭ આત્મવલ્લભ સ્તવનાવળી... ૦-૬-૦
૧૮ જીવવિચારવૃત્તિ ૦-૬-૦
૧૯ દંડક વિચારવૃત્તિ.... .... ૦-૮-૦
૨૦ નયમાર્ગદર્શક. ૦-૧૨-૦
૨૧ જૈનતત્વસાર મૂળ તથા ભાષાંતર. ૦-૬-૦
૨૨ સદર ભાષાંતર.... .... ૦-૨-૦
૨૩ મોક્ષપદ સોપાન.... .... ૦-૧૨-૦
૨૪ શ્રીજંબુસ્વામી ચરિત્ર ૦-૮-૦
૨૫ નવાણું પ્રકારી પૂજા. ... ૦-૪-૦
૨૬ જૈન ગ્રંથગાઇડ ૧-૦-૦
૨૭ તપોરત્ન મહોદધિ (તપાવલી) ભા. ૧,૨ જો. ૦-૮-૦
૨૮ વિવિધપૂજા સંગ્રહ નવી આવૃત્તિ. ૦-૮-૦
૨૯ શ્રી સમ્યકત્વ સ્વરૂપ સ્તવ. ૦-૨-૦
૩૦ શ્રી શ્રાદ્ધગુણ વિવરણ ભાષાંતર. ૧-૮-૦

શ્રાદ્ધગુણ વિવરણ.

(ભાષાંતર.)

अर्हम्

श्री सर्वज्ञाय नमः

श्रीमद्विजयानंदसूरीश्वरपादपद्मेभ्योनमः

परमर्षि श्रीजिनमणिगणि विरचित

श्राद्धगुण विवरण.

प्रणम्य श्रीमहावीरं, केवलज्ञानभास्करम् ।
वच्मि कंचनसुश्राद्ध,–धर्मं शर्मैककारणम् ॥ १ ॥

शब्दार्थ—केवल ज्ञाने करी सूर्य समान श्रीमन्महावीर भगवानने नमस्कार करीने सुखना એક (अद्वितीय) કારણ રૂપ શુદ્ધ શ્રાવક ધર્મનું કાંઈક (संक्षिप्तरूप-માં) વર્ણન કરું છું. ॥ ૧ ॥

ભાવાર્થ—ભગવાન્ નિર્ગ્રન્થ જ્ઞાતપુત્રે મોક્ષના સાધન માટે બે પ્રકારના ધર્મો કહ્યા છે તેમાં એક મુનિધર્મ અને બીજો ગૃહસ્થ ધર્મ. તેમાંથી આ ગ્રન્થકાર જિનમણ્ડન ગણી મહારાજ મુનિધર્મ માટે ન બોલતાં પ્રથમ પાયારૂપ ગ્રહસ્થ ધર્મ હોવાથી તથા ગ્રહસ્થ ધર્મ મુનિધર્મથી સરલ અને સુસાધ્ય હોવાથી પ્રથમ તે ધર્મનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરે છે. પ્રતિજ્ઞા કરતાં ગ્રન્થકાર મહારાજ કહે છે કે હું સંક્ષેપમાં શ્રાવકોના ગુણોનું વર્ણન કરું છું. આમ કહેવાનું કારણ ઉપાસક દશાંગસૂત્ર—તથા—શ્રાવકપ્રજ્ઞપ્તિ—શ્રાવકધર્મવિધિપ્રકરણ—શ્રાવકદિનકૃત્ય—ધર્મરત્ન–યોગશાસ્ત્ર–ધર્મબિન્દુ વિગેરે બીજા અનેક ગ્રંથોમાં શ્રાવકોના ગુણોનું વર્ણન અતિવિસ્તાર પૂર્વક આપેલું છે. પરંતુ આ કાલના મનુષ્યોને તેવા ગ્રંથો જોવાનું સામર્થ્ય અલ્પ હોવાથી

તેમજ જ્ઞાનની ન્યૂનતા હોવાથી અલ્પ સમયમાં ઇચ્છિત બોધ પ્રાપ્ત થાય તેવા હેતુથી આ શ્રાદ્ધગુણ વિવરણ સંક્ષેપમાં લખવાનું ગ્રંથકારે ઉચિત ધાર્યું હોય એમ લાગે છે.

મંગલાચરણમાં શ્રીમદ્વીરભગવાન્‌ને—નમસ્કાર કરવાનું કારણ શાસનના નાયક છે માટે તથા એ ભગવાને બતાવેલા શ્રાવકના ગુણોનું આ ગ્રંથમાં વર્ણન છે, કારણકે ભગવાન્ યુગાદિ દેવના સમયના શ્રાવકોમાં સરલતાનો ગુણ હોવાનું ગ્રંથોથી દેખાય છે તેમજ બાવીસ તીર્થંકર ભગવાન્‌ના સમયના શ્રાવકોમાં વિદ્વત્તા સાથે સરલતાના ગુણો મુખ્ય હોવાનું દેખાય છે તો તે ગુણોને મુખ્યતાએ રાખીને આ ગ્રંથ લખવામાં આવતો નથી પણ ભગવાન્ મહાવીર સ્વામિના સમયના શ્રાવકોના ગુણો કેવા હોવા જોઇએ તે અત્રે દર્શાવ્યું છે, તેથી વીર ભગવાન્‌ને નમસ્કાર કર્યાનું સમજાય છે. વ્યંગાર્થનો વિચાર કરતાં એમ પણ લાગે છે કે હાલના સુશ્રાવકોને પણ–બાવીસ–તીર્થંકર મહારાજના શ્રાવકોની પેઠે પ્રાજ્ઞ અને ઋજુ થવાની ગ્રંથકારે ખાસ સૂચના કરી છે. આ શાસ્ત્રમાં વર્ણવેલા ગુણો પ્રાપ્ત કરી શ્રાવકોએ ઋજુ તથા પ્રાજ્ઞ થવા ચુકવું નહીં. પ્રાયે ઋજુપણું જન્મથી અને જ્ઞાનથી થઇ શકે છેઅને પ્રાજ્ઞપણું સત્સંગથી સત્શાસ્ત્રના અધ્યયનથી [૧]શ્રવણ [૨]મનન **નિદિધ્યાસનથી** (અનુભવ કરવાથી) થાયછે તો બીજાં અનેક કાર્યોમાંથી વિરામ પામી જેનાથી મુનિ માર્ગ ન સધાતો હોય તેવા સુશ્રાવકોએ નિત્યકર્મ સાથે પોતામાં પ્રાજ્ઞપણું આવે તેને માટે અહોરાત્રિમાં અમુક કાલ નિયમિત કરી ઉપર દર્શાવેલા સાધનમાંથી જે સાધન મળી આવે તેનો ઉપયોગ કરી પોતાનામાં પ્રાજ્ઞપણું મેળવવા સતત્ પ્રયાસ કરવો ઉચિત છે. જ્યાં સુધી તેમ નહીં થાય ત્યાંસુધી કુલ પરંપરાથી પ્રાપ્ત થયેલું શ્રાવકપણું તે વાસ્તવિક શ્રાવકપણું ગણાશે નહીં અને દેખાદેખીની ક્રિયાથી કષાયની મંદતા થઇ શ્રાવકપણાને યોગ્ય નિઃસ્પૃહતાથી થતો પરમાનન્દ મલશે નહીં. મોક્ષમાં કેવો આનંદ હશે તેનો જેમને અનુભવ કરવો હોય તેમણે શ્રાવકપણાને યોગ્ય સમતાથી–પ્રાપ્ત થતા આનન્દનો અનુભવ કરવો એવો ગ્રન્થકારનો આશય હોય એમ સંભવે છે.

जयश्रीसिद्धिदः साध्यो, गुरूक्तशुद्धमंत्रवत् ।
सान्वर्थः सात्विकैर्धर्मो, विवेकिश्रावकोत्तमैः ॥ २ ॥

શબ્દાર્થ—સાત્વિક અને વિવેકી ઉત્તમ શ્રાવકોએ જયશ્રીની સિદ્ધિને આપનારો અને સાન્વર્થ (નામ પ્રમાણે ગુણ યુક્ત) એવો ધર્મ ગુરૂકથિત શુદ્ધ મંત્રની પેઠે સાધવા યોગ્ય છે. ॥ ૨ ॥

૧ સાંભળવાથી. ૨ વિચારવાથી.

ભાવાર્થ—આ સંસારમાં ધન ધાન્યાદિક ઇચ્છિત વસ્તુઓ અને દીવ્ય શક્તિઓ પ્રાપ્ત કરવાને મનુષ્યો સદ્‌ગુરૂની સેવા કરે છે. અને જ્યારે ગુરૂ મહારાજ આવી સેવાથી પ્રસન્ન થાય છે, ત્યારે શિષ્યને તેની યોગ્યતાનુસાર તેની આશા પૂર્ણ કરવાને મંત્ર આપે છે, આવો મંત્ર પ્રાપ્ત કરી શિષ્ય તેનું આરાધન કરે છે. અને પોતે ધારેલો લાભ મેળવે છે, તેજ પ્રમાણે ગ્રન્થકાર મહારાજ કહે છે કે હે ભવ્ય પ્રાણીઓ! જો તમારે મોક્ષ સુખ મેળવવું હોય તો તમે ગુરૂ મહારાજે બતાવેલા મંત્રની પેઠે ધર્મનું આરાધન કરો કે જેથી અવિનાશી એવું આત્મિક સુખ પ્રાપ્ત થાય, સાત્વિક કહેવાનું કારણ એ છે કે, મંત્ર સાધતાં જેમ ઉપસર્ગો થાય છે તેમ ધર્મ સાધનમાં પણ અનેક ઉપસર્ગો આવે છે, આવે વખતે નિઃસત્ત્વ પ્રાણી ગભરાઇને ધર્મથી ભ્રષ્ટ થાય છે. આને માટે શ્રાવકોમાં શ્રેષ્ઠ એવા આનન્દ અને કામદેવાદિ સુશ્રાવકોના દૃષ્ટાન્તો પ્રસિદ્ધ છે તે જુવો. આ મહાશયોને ધર્મથી ભ્રષ્ટ કરવાને દેવોએ અનેક ઉપસર્ગો કર્યા છતાં ધર્મનો ત્યાગ કર્યો નહીં તો તેઓ સદ્‌ગતિના ભાજન થયા તેમ જો તમો પણ દૃઢ ચિત્તથી ધર્મનું આરાધન કરશો તો તાત્કાલિક સદ્‌ગતિ અને પરંપરાથી મોક્ષસુખને મેળવી શકશો. કદી કોઇ એમ કહે કે સાત્વિકપણું લાવેલું આવતું નથી. તો તે વાત યોગ્ય નથી કારણ આત્મામાં અનન્ત ગુણો છે, તે બધા તિરોભાવને પામેલા છે, એટલે આવરણથી અવરાએલા છે; પુરૂષાર્થ કરવાથી આવરણના ક્ષયોપશમ કે ક્ષય પ્રમાણે તે ગુણો પ્રગટ થાય છે. તેથી જ્યારે ઉપસર્ગ આવે ત્યારે વિચાર કરવો કે સાત્વિક માણસો ધર્મ સાધી શકે છે, મહારામાં પણ તેવો ગુણ છે તો પ્રાણાન્તે પણ હું ધર્મને છોડીશ નહીં, અને આવે વખતે પૂર્વે થઇ ગયેલા મહર્ષિઓ અને સુશ્રાવકોએ કેવી દૃઢતાથી ધર્મ આરાધ્યો છે તે વિચારી પોતે નિઃસત્ત્વ થઈ ધર્મ નહીં છોડતાં સાત્વિકપણાને અવલંબી રહેવું એવો આશય ગ્રન્થકાર મહારાજનો જણાય છે.

વિવેક વિના ધર્મ થઈ શકતોજ નથી, સત્સદ્વિવેક થયા વિના આત્મજ્ઞાનનો સંભવ નથી, આત્મજ્ઞાન શિવાય સમ્યકત્વ નથી અને જો ચતુર્થ ગુણસ્થાન પ્રાપ્ત ન થયું હોય તો પછી શ્રાવકનું પંચમ ગુણસ્થાન તેની તો વાતજ શી? તેથી ભવ્ય પ્રાણીઓએ સત્સદ્વિવેક મેળવવા સત્શાસ્ત્રો અને સદ્‌ગુરૂનું સેવન કરવું અને જડ ચૈતન્યનું સ્વરૂપ સમજી પોતાનું કર્ત્તવ્ય શું છે તે વિચારવું, આમ વિચાર કરતાં ગુરૂ મહારાજે બતાવેલા ધર્મનું આરાધન કરવાનું પોતાની મેળે સમજાશે અને તેથી જયશ્રીની સિદ્ધિને આપનારો ધર્મ શુદ્ધ મંત્રની જેમ આરાધવા યોગ્ય છે, એમ અનુભવમાં આવશે.

તેમાં પ્રથમ (ગ્રન્થકાર મહારાજ) શ્રાવક શબ્દનો અર્થ કહે છે.

" परलोकहियं सम्मं जो जिणवयणं सुणेइ जवजत्तो ।
अइतिव्वकम्मविगमामुक्को सो सावगो एत्थ ॥ ३ ॥ અથવા,

" श्रद्धालुतां श्राति शृणोति शासनं, धनं वपेदाशु वृणोति दर्शनम् ।
कृंतत्यपुण्यानि करोति संयमं, तं श्रावकं प्राहुरमी विचक्षणाः ॥ ४ ॥

શબ્દાર્થ—જે ઉપયોગ પૂર્વક પરલોકમાં હિતકારી એવાં જિનેશ્વર ભગવાનનાં વચનો સમ્યક્ પ્રકારે સાંભલે અને અતિ તીવ્ર કર્મોથી [કષાયાદિથી] મુકાયેલો હોય તે શ્રાવકનોઅત્ર (અધિકાર) સમજવો ૩ અથવા.

જે શ્રદ્ધાળુપણાને દ્રઢ કરે જિનેશ્વર ભગવાનની આજ્ઞાને શ્રવણ કરે, શુભક્ષેત્રમાં દ્રવ્યને શીઘ્ર વાવે (વ્યયકરે) જિન દર્શનને (સમ્યકત્વને) વરે, (આદરે) પાપોનો નાશ કરે અને સંયમ કરે (મન ઇંદ્રિયોને વશ કરે) તેમને વિચક્ષણ પુરૂષો શ્રાવક કહે છે. ॥ ૪ ॥

ભાવાર્થ—આ ગ્રન્થમાં કેવા શ્રાવકનું વર્ણન આવનાર છે તે ગ્રંથકર્ત્તા મહારાજ કહે છે. શ્રાવકો ચાર પ્રકારના શાસ્ત્રોમાં વર્ણવ્યા છે તે પૈકી અહિંઆ નિચેના ગુણોવાળા એટલે કે ભાવ શ્રાવકોનો મુખ્યતાએ અધિકાર છે, કારણ કુલક્રમાગત જેમને શ્રાવકપણું પ્રાપ્ત થયું છે તેઓ જ્યાંસુધી વ્રતાદિક ન લે ત્યાંસુધી નામ શ્રાવક કહી શકાય, અથવા કોઇ મનુષ્યનું નામ શ્રાવક હોય તેને પણ શ્રાવક કહેવાય અને તે પણ નામ શ્રાવકમાં ગણાય, એટલે તેનું અત્રે વર્ણન નથી. તેમજ ચિત્રામણકે મૂર્ત્તિમાં શ્રાવકપણું સ્થાપ્યું હોય તેનો પણ અત્રે અધિકાર નથી, તેવીજ રીતે હવે પછી શ્રાવકપણું થનાર છે તેનો પણ અહીં અધિકાર જણાતો નથી. અર્થાપત્તિથી ભાવશ્રાવકનો અધિકાર હોવાનું ભાસે છે. પ્રથમ વિશેષણ ઉપયોગ પૂર્વક સાંભળનાર એવું છે. ખરેખર આ વિશેષણ પ્રમાણે મોટા ગ્રંથોના ગ્રંથો ન સાંભળતા થોડું પણ ઉપયોગ પૂર્વક સાંભળે અને તેનું મનન કરી હેયોપાદેયનો વિચાર કરી જો શ્રાવકો વર્તે તો તેઓ અલ્પ સમયમાં તત્ત્વ પ્રાપ્તિ પૂર્વક પરમશાન્તતા મેળવી ભવ ભ્રમણથી છુટી શકે છે. સાંપ્રતકાળમાં વાંચવા સાંભળવાનું ઘણું થાય છે, પણ તે ઉપયોગ પૂર્વક ન હોવાથી જોઇએ તેવું કાર્યકારી થતું નથી તેથી, ઉપયોગ પૂર્વક શ્રવણ કરવાનો ગુણ શ્રાવકોએ અવશ્ય પ્રાપ્ત કરવો જોઇએ.

બીજું વિશેષણ અતિ તીવ્ર કર્મોથી મુકાયેલો હોય એવું છે આ વિશેષણથી અનંતાનુબંધી કષાય અને અપ્રત્યાખ્યાની કષાયોનો નાશ કરનાર શ્રાવક હોય એમ

સૂચવે છે, અથવા તીવ્ર કર્મોથી મુકાયેલો એટલે જે કર્મો (વ્યવસાયાદિ) કરતાં રૌદ્ર પરિણામ ન થાય તેવાં કાર્યો કરનાર શ્રાવક હોવો જોઇએ તે પ્રાયઃ ભાવશ્રાવકમાં હોય એમ સંભવે છે.

શ્રદ્ધાને દૃઢ કરે એટલે દ્રઢ સમ્યત્કવાન હોય અથવા જૈન દર્શનની અનેક પ્રકારે પરીક્ષા કરી તેના ઉપર વિશેષ શ્રદ્ધાલુ થાય. આ શ્રદ્ધા શાસ્ત્રો શ્રવણ કરવાથી થાય છે, તેથી ઉપયોગ પૂર્વક જિનેશ્વર ભગવાનની વાણી નિરંતર શ્રવણ કરે, અને આવી રીતે ભગવાનની વાણી નિરંતર શ્રવણ કરવાથી સંસારનું અસારપણું અને લક્ષ્મીની ચંચલતા જાણી પૂર્વ પુણ્યથી પોતાને પ્રાપ્ત થયેલા ધનને શુભ ક્ષેત્રોમાં નામાદિકની અપેક્ષા રાખ્યા વિના લાભાલાભ જોઇ વાવરે અને જ્યારે આવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે સમ્યકત્ત્વ પ્રાપ્ત થયું છે એમ જાણવું. જ્યારે સમ્યકત્ત્વ રત્નની પ્રાપ્તિ થઈ તો પછી સ્વયમેવ પાપોનો નાશ થઈ જાય છે અને ઇંદ્રિઓ તથા મન સહજપ્રયાસથી વશ થાય છે, તેથી સંયમ કરનારો શ્રાવક હોય એમ વિશેષણ આપેલું છે તેથી વિચક્ષણ પુરૂષો આવા ગુણવાળાને શ્રાવક કહે છે. મતલબ કે–શાસ્ત્રકારે **શ્રાવક** શબ્દની નિરૂકતની રીતિથી સિધ્ધિ કરતાં એક એક અક્ષરથી કેવા પ્રકારનો અર્થ ઘટી શકે તે દેખાડી શ્રાવક શબ્દને સાર્થક કરી બતાવ્યો છે. જે પ્રકારે શાસ્ત્રકારે અર્થ દ્વારા શ્રાવક શબ્દ સાર્થક કરી બતાવ્યો છે તેજ પ્રકારે શ્રાવક શબ્દના ધારક મનુષ્યે પ્રવૃત્તિ દ્વારા શ્રાવક શબ્દને સાર્થક કરવો ઘટે છે.

निरुक्तं पदभंजनम् આ પ્રમાણે પદને તોડીને એક એક અક્ષરનો અર્થ કરવો તેને નિરૂકત કહે છે અને આ પ્રક્રિયા પ્રાયઃ ઘણા શાસ્ત્રોમાં જોવામાં આવે છે. શ્રી આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં ચતુર્દશ પૂર્વધારી શ્રીમદ્ ભદ્રબાહુ સ્વામીએ **मिच्छामि दुक्कडं** નો અર્થ એક એક અક્ષરનો જુદો જુદો વર્ણન કરેલ છે. મનુસ્મૃતિમાં **मांस** શબ્દનો પણ અર્થ એજ ઢબથી કરવામાં આવેલ છે. તેજ રીતિથી શ્રાવક શબ્દનો અર્થ અત્રે શાસ્ત્રકારે બે પ્રકારે કરી બતાવ્યો છે. **श्रद्धालुतां श्राति** શ્રધ્ધાને પકાવે તેને **श्रा** કહીએ.

धनं वपेत्—સાત ક્ષેત્રોમાં પોતાનું ન્યાયોપાર્જીત ધન વાવે (ખર્ચે) તેને **व** કહીએ અને **कृन्तत्यपुण्यानि** એટલે અપુણ્ય (પાપ) ને છેદન કરે તેને **क** કહીએ **श्रा–व–क** ત્રણે અક્ષરોના વર્ણન કરેલ અર્થ વિશિષ્ટ જે વ્યક્તિ હોય તેને **श्रावक** કહેવામાં આવે છે તાત્પર્ય શ્રધ્ધા પૂર્વક સાત ક્ષેત્રોમાં પોતાનું ન્યાયથી પેદા કરેલ દ્રવ્ય ખર્ચી પાપનો નાશ કરે તેને વિચક્ષણ પુરૂષો શ્રાવક કહે છે. અથવા—**शृणोति शा-**

सनम् હિતકારી ભગવદ્ વચનને સાંભળે તેને શ્રા કહીએ वृणोति दर्शनम् દર્શન (સમ્યક્ત્વ) ને વરે અંગીકાર કરે તેને વ કહીએ અને करोतिसंयमम् સંયમવ્રત અંગીકાર કરે તેને ક કહીએ તાત્પર્ય ભગવદ્વચન સાંભળી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી યથાયોગ્ય સંયમ વ્રત નિયમાદિ આચરે તેને વિચક્ષણ પુરૂષ શ્રાવક કહે છે.

શ્રાવકનું બીજું લક્ષણ.

" श्रवंति यस्य पापानि पूर्वबद्धान्यनेकशः ।
आवृतश्च व्रतैर्नित्यं श्रावकः सोऽभिधीयते ॥ ५ ॥

શબ્દાર્થ—જેનાં પૂર્વે અનેક પ્રકારે બાંધેલાં પાપો શ્રવિ જાય છે (જતાં રહે છે) અને જે હમેશાં વ્રતોથી યુકત હોય છે તે શ્રાવક કહેવાય છે. ॥ ૫ ॥

ભાવાર્થ—કર્મોનો ક્ષય બે પ્રકારે થાય છે એક બાંધેલા કર્મ ભોગવી લેવાથી, એટલે કે કર્મો પોતાનું નિર્ણીત ફલ આપી ખરી જાય છે અને બીજું પ્રત્યાખ્યાન તીવ્ર તપસ્યા જ્ઞાન ધ્યાન વિચારણા વિગેરેથી કર્મો નિર્જરે છે. શ્રાવક પૂર્વે બાંધેલા પાપો ઉપર જણાવેલા બે પ્રકારથી આત્મ પ્રદેશથી દૂર કરે છે, તેમજ નવાં પાપો ન બંધાય તેને માટે નિરંતર પોતાને યોગ્ય વ્રતોથી યુક્ત હોય છે તેથી આવા ગુણ વાળાને શ્રાવક કહેવાય છે.

આ શ્રાવક ધર્મ કેવો છે તે કહે છે.

सुदेवत्वमानुषत्वयतिधर्मप्राप्त्यादिक्रमेण मोक्षसुखदायकत्वेन सुरतरूपमानो योग्येन्य एव दातव्यः

શબ્દાર્થ—દેવપણું મનુષ્યપણું અને યતિ ધર્મની પ્રાપ્તિ વિગેરેના ક્રમે કરીને મોક્ષના સુખને આપનારો હોવાથી કલ્પવૃક્ષની ઉપમાને યોગ્ય એ ધર્મ યોગ્ય પુરૂષ **જ** આપવો જોઈએ. કહ્યું છે કે,

" जं सिवहेऊ सावय,—धम्मोवि कमेण सेविओ विहिणा ।
तम्हा जुग्गजियाणं, दायव्वो धम्मरसियाणं ॥ ६ ॥

શબ્દાર્થ—વિધિએ કરીને સેવેલો શ્રાવક ધર્મ પણ ક્રમેકરી મોક્ષનો હેતુ થાય છે તેથી તે શ્રાવક ધર્મ ધર્મને વિષે રસિક એવા યોગ્ય પુરૂષોને આપવો જોઈએ ॥ ૬ ॥

ભાવાર્થ—શ્રાવક ધર્મ પણ યોગ્યતા વિના કોઈને આપવો નહી એવો ગ્રંથકાર મહારાજનો આશય છે. અપાત્રમાં શુદ્ધ વસ્તુ નાખ્યાથી વિપર્યયને પામે છે, તો

પછી ધર્મરત્ન જેવી અમુલ્ય વસ્તુ યોગ્યાયોગ્ય વિચાર કર્યા શિવાય દરેકને આપવી યોગ્ય નથી. (આ ઉપરથી શ્રાવકધર્મથી શ્રેષ્ઠ એવા મુનિ ધર્મને તો યોગ્યાયોગ્યનો વિચાર કરી ખરેખરા પાત્રનેજ આપવો યોગ્ય છે એમ સિદ્ધ થાય છે.)

ધર્મોપદેશ આપવાના અવસરે ત્રણ યોગ્ય શોધવાં જોઈએ તે કહે છે.

" जुग्गजियाणं विहिणा जुग्गेहिं गुरूहिं देसिओ सम्मं ।
जुग्गो धम्मोवि तहा सयलिद्धिपसाहगो भणिओ" ॥ ७ ॥

શબ્દાર્થ—યોગ્ય જીવોને યોગ્ય ગુરૂઓએ વિધિ પૂર્વક સારી રીતે ઉપદેશેલો યોગ્ય ધર્મ સર્વ પ્રકારની સિદ્ધિઓને આપનારો કહેલો છે ॥ ૭ ॥

ભાવાર્થ—યોગ્ય જીવો એટલે મુમુક્ષુ અને આ ગ્રથમાં આગલ કહેવામાં આવશે તેવા લક્ષણવાળા જીવો સમજવા. કદી શાસ્ત્રોક્ત લક્ષણવાળા જીવો મળે પરંતુ ધર્મોપદેષ્ટા ગુરૂ ક્રિયાહીન શિથિલાચારી પરિગ્રહધારી વિષયી અસત્યવાદી વિગેરે દુર્ગુણોયુક્ત હોય તો તેવા પાસેથી પ્રાપ્ત થયેલો શ્રાવક ધર્મ પ્રાયે યથાર્થ ફલને આપનાર થતો નથી, તેથી ગુરૂઓ પણ શાસ્ત્રોક્ત ગુણોએ યુક્ત હોય તેજ શ્રાવકધર્મ આપવાને યોગ્ય છે. યોગ્ય ધર્મ કહ્યો છે તે ધર્મ ગ્રહણ કરનારની અપેક્ષાથી છે એટલે કે જીવોમાં ધર્મ પાલન કરવાની જેવી યોગ્યતા હોય તેને તેવા તેવા પ્રકારનો ધર્મ બતાવવો જોઈએ, જેથી કરેલી પ્રતિજ્ઞાનું પાલન સુખેથી કરી શકે. પાત્રાપાત્રનો વિચાર કર્યા શિવાય ઉપયોગી પણ કઠિણ નિયમો આપવામાં આવે તો તેથી નિયમો લેનારનું મન પાછલથી વિહ્વલ થાય અને લિધેલા નિયમોનો ભંગ કરી દોષનો પાત્ર થાય અને વખતે શ્રદ્ધા ભ્રષ્ટ થઇ ધર્મથી પરાઙ્મુખ થાય, તેથી યોગ્ય ગુરૂઓએ યોગ્ય જીવોને યોગ્યધર્મ યોગ્યતા પ્રમાણે આપવો જોઈએ.

અયોગ્ય પુરૂષને આપેલો ધર્મ વિશેષ ગુણોની પ્રાપ્તિ કરાવનાર થતો નથી કહ્યું છે કે—

" चूतांकुरकवलनतः कोकिलकः स्वनति चारु नतु काकः ।
योग्यस्य जायते खलु हेतोरपि नेतरस्य गुणः" ॥ ८ ॥

શબ્દાર્થ—જેમ આંબાના મહોરના ભક્ષણથી કોયલ પક્ષી સુંદર શબ્દ કરે છે પરંતુ કાંઇ કાગડો કરતો નથી, તેમ જે યોગ્ય હોય તેને હેતુથી ગુણ થાય છે, પણ બીજા અયોગ્યને થતો નથી ॥ ૮ ॥

ભાવાર્થ—આંબાનો મોહોર કોયલ પણ ખાય છે. અને કાગડો પણ ખાય છે. આ મોહોરથી કોયલનો સ્વર સુધરે છે. અને સુંદર પંચમ સ્વરથી તે આખા વન-

ને ગજાવી શ્રવણ કરનારને આનંદ આપે છે. આજ મોહોર કાગડો ભક્ષણ કરે છે પણ તેનો દુઃસ્વર તેવોને તેવોજ રહે છે અને તે જ્યારે શબ્દ કરે છે ત્યારે શ્રવણ કરનાર ને કંટાલો આપે છે. મોહરમાં સ્વર સુધારવાની શક્તિ જગ જાહેર છે છતાં તે અપાત્રમાં પડવાથી નિષ્ફલ થાય છે, તેજ પ્રમાણે ધર્મમાં ઐહિક અને પારલૌકિક સુખ આપવાની શક્તિ છે તથાપિ અપાત્રમાં સ્થપાયેલો તે ધર્મ નિષ્ફળ જાય છે, તેથી પાત્રાપાત્રનો વિચાર કરવો એ ખાસ જરૂરનું છે. યોગ્યાયોગ્યને માટે ગ્રંથકાર સ્વયમેવ બીજાં દૃષ્ટાંતો બતાવશે જેથી અહીં આટલું કહ્યું છે.

યોગ્યાતા અનેક પ્રકારની છે તે આ પ્રમાણે.

" आम्रे निंबे सुतीर्थे कचवरनिचये शुक्तिमध्येऽहिवक्त्रे,
औषध्यादौ विषऽौ गुरुसरसि गिरौ पांशुनूकृष्णनूम्योः ।
इक्षुक्षेत्रे कषायद्रुभवनगहने मेघमुक्तं यथांभ—
स्तद्भत्पात्रेषु दानं गुरुवदनभवं वाक्यमायाति पाकं" ॥ ए ॥

શબ્દાર્થ—જેમ વર્ષાદનું પાણી આંબામાં. લીંબડામાં. સારા તીર્થમાં. કચરામાં. છીપમાં. સર્પના મુખમાં ઔષધી વિગેરેમાં ઝેરી વૃક્ષમાં. મોટા સરોવરમાં. પર્વતમાં. પીલી તથા કાલી જમીનમાં. સેલડીના ક્ષેત્રમાં. કષાય વૃક્ષોના ગહન વનમાં પડવાથી જુદી જુદી રીતે પરિપાકને પામે છે તેમ ગુરૂના મુખમાંથી નિકળેલું વાક્ય જેવા પાત્રમાં તેનું દાન થયું હોય તે અનુસારે પાકને પામે છે. ॥ ૯ ॥

ભાવાર્થ—વર્ષાદનું પાણી એકજ સ્વભાવનું છે છતાં જુદા જુદા પાત્રોમાં પડવાથી તેનું પરિણામ કેવા પ્રકારનું થાય છે તે ગ્રંથકાર મહારાજે બતાવ્યું છે. જેમકે આમ્ર વૃક્ષમાં પડવાથી મિષ્ટ આમ્રરસ ઉત્પન્ન કરે છે. લીંબડાના વૃક્ષમાં પડવાથી કટુકરસ પેદા થાય છે. ઉત્તમ તીર્થમાં પડવાથી પવિત્રતાને પામે છે. કચરામાં પડવાથી નિંદનીક થાય છે, છીપમાં પડવાથી ઉત્તમ મૌક્તિક થાય છે. સર્પના મુખમાં પડવાથી પ્રાણ ઘાતક ઝેર નિવડે છે. ઔષધિમાંપડવાથી ઔષધિ રૂપ થઈ અનેક પ્રાણીઓને ફાયદા પહોંચાડે છે. ઝેરી વૃક્ષમાં પડવાથી પ્રાણ નાશક ઝેર થાય છે, સરોવરમાં પડવાથી અનેક પ્રાણીઓને ઉપયોગી સ્વચ્છ જલ થાય છે. પર્વત ઉપર પડવાથી વિનાશ પામે છે, પીલી તથા કાલી જમીનમાં પડવાથી ધાન્યાદિકની વૃદ્ધિ કરે છે. સેલડીના ક્ષેત્રમાં પડવાથી શેલડીના અતિ મધુર રસને આપનારૂં થાય છે. કષાય વૃક્ષોના ગહન વનોમાં પડવાથી કષાય રસ ઉત્પાદક થાય છે. તેવીજ રીતે સદ્ગુરૂ મહારાજનાં વચનામૃતો એકજ સ્વભાવ પરિણત હોય

છે તથાપિ પાત્રતાની યોગ્યાયોગ્યતાને લઈને ભિન્ન ભિન્ન આશયપણે પરિણમે છે, તેથી જેને જે યોગ્ય હોય તેને તેવો ઉપદેશ આપવો એવો ગ્રંથકાર મહારાજનો ઉદ્દેશ છે.

સાંપ્રત કાલમાં ઉપદેશ દેવાનો ક્રમ પ્રાયે બદલાયેલો લાગે છે. શ્રોતાઓનો વિચાર કર્યા વિના વાંચનાર મહાશયો પોતાના મનને ઠીક લાગે તેવા ગ્રંથો સભામાં વાંચેછે. શ્રાવક ધર્મની પણ જેને બરોબર ખબર ન હોય તેવાઓની સમક્ષ આચારાંગાદિ અતિ કઠિન ગ્રંથો વાંચવામાં આવે છે આથી શ્રોતાવક્તાના કાલનો જોઇએ તેવો ઉપયોગ થતો નથી, તેથી દેશ કાળ અને શ્રોતાઓનો વિચાર કરી ઉપદેશ દેવામાં આવે તો વિશેષ લાભનું કારણ થઈ પડે.

હવે બીજી રીતે બતાવે છે.

गिरिसिर १ पणाल २ मरुथल ३ कसिणावनि ४ जलहिसुत्ति ५ मणिखाणी ६ धम्मोवएसवासे फलजणणे जीवदिट्ठंता ॥१०॥

શબ્દાર્થ—અથવા જેમ પર્વતનું શિખર, પરણાળ, મરૂસ્થલ, કાળી જમીન, સમુદ્રની છીપ અને મણિઓની ખાણ એના સંબંધમાં આવેલા પાણીનું જુદું જુદું પરિણામ થાય છે તેમ ધર્મોપદેશની વાસનાનું ફળ ઉત્પન્ન થવામાં જીવોની યોગ્યતા ઉપર આધાર રહે છે. ॥ ૧૦ ॥

ભાવાર્થ—વ્યાખ્યાન શ્રવણ કરનાર શ્રોતાઓ પૈકી કેટલાક બેદરકાર અને કાર્યાંતરથી વ્યગ્ર ચિત્તવાળા કોઇ બરોબર વ્યાખ્યાન શ્રવણ કરી વિચાર કરતા નથી. રૂઢી સાચવવાને સારૂ વ્યાખ્યાન શ્રવણ કરનાર અથવા માનની કે પ્રભાવનાની ઇચ્છાથી ઉપાશ્રયે જઇ કાળ ગાળનાર શ્રોતાઓ પર્વતના શિખર જેવા છે. જેમ પર્વતના શિખર ઉપર પડેલું જળ પર્વતના શિખરને કાંઇપણ લાભકારી થતું નથી તેમ પૂર્વોક્ત લક્ષણવાળા શ્રોતાઓને ઉપદેશ રૂપી જળ લાભકારી થતું નથી. ૧

બીજા જીવો પરણાળ જેવા છે; પરણાળ જેમ જળને ઝીલીને પોતાની પાસે ન રાખતાં જમીન વાસણ અગર ટાંકામાં નાંખે છે પરંતુ પરણાલને જલની અસર થતી નથી, તેવીજ રીતે ગુરૂ મહારાજથી ઉપદેશ શ્રવણ કરી તે ઉપદેશ બીજાઓને સંભળાવી પોતાનું પંડિતપણું જાહેર કરેછે; પરંતુ પોતાના આત્માનું કોઇ પણ પ્રકારે હિત સાધી શકતા નથી; તેથી આવા પ્રકારના જીવો પણ ગુરૂ

મહારાજના વચનામૃતનું પાન કરવાને યોગ્ય થઇ શકતા નથી, તેથી આવા જીવોને ઉપદેશ આપવા પ્રયત્ન કરવો નહીં. ૨

હવે જીવોને મરૂસ્થલ સાથે સરખાવવામાં આવે છે. જેમ મરૂસ્થલ પાણીને ગ્રહણ કરી લે છે તેથી તેમાં તૃણાદિક તથા નિરસ ધાન્યાદિકનો પાક થાય છે; તેમ કેટલાક જીવો ગુરૂમહારાજનો ઉપદેશ ગ્રહણ કરી શકે છે, પરંતુ તેવા પ્રકારની યોગ્યતાના અભાવે યથાર્થપણે ધર્મની આરાધના કરી શકતા નથી તથાપિ આવા જીવો ધર્મોપદેશને યોગ્ય સમજવા. ૩

કાળી જમીનની સાથે જીવોની સરખામણી કરતાં જેમ કાળી જમીનમાં પડેલું પાણી એ જમીનમાં રહેલા વૃક્ષાદિકને પુષ્ટ કરે છે, તેમ ગુરૂ મહારાજનો આપેલો ઉપદેશ જે જીવ ગ્રહણ કરી પોતામાં રાખી બીજા જીવોને તેજ ઉપદેશ દેઈ લાભ કરે છે; જેમ કાળી જમીનમાં શેલડી, દ્રાક્ષ, શાલી, ગોધૂમ વીગેરે સરસ વસ્તુઓ ઉત્પન્ન થાય છે તેમ આવા જીવોમાં સ્વલ્પ ઉપદેશ પણ વ્રતાદિક ઉત્પન્ન કરવાનો હેતુ થઈ ત્રણ કિંવા છેવટે સાત આઠ ભવે જરૂર મોક્ષ આપનાર થાયછે. તેથી આવા જીવો ખરેખર ઉપદેશને યોગ્ય છે. ૪

સમુદ્રની છીપની સાથે સરખાવ્યાછે. છીપમાં જળ પડવાથી પરિણામ પામી જેમ ઉત્તમ મૌક્તિક રૂપે થઇ જળ અમૂલ્ય કીંમતને પામે છે તેમ જે જીવો ગુરૂ મહારાજનો ઉપદેશ શ્રવણ કરી તે પ્રમાણે પોતે વર્ત્તી પોતાના દૃષ્ટાંતથી બીજા યોગ્ય જીવોને પણ સન્માર્ગે દોરેછે તે જીવો ઉત્તમ પ્રકારના ગણાય છે. ચીલાતી પુત્રે માત્ર ઉપસમ, વિવેક, અને સંવર એ પદત્રયીનો ઉપદેશ શ્રવણ કરી પોતાનું હિત સાધ્યું, તેમજ સોમવસુ બ્રાહ્મણે પણ મીઠું ખાવું, સુખે સુવું, અને લોકને પ્રિય આત્મા કરવો, આ ત્રણ પદ શ્રવણ કરી તેનું ખરૂં રહસ્ય ત્રિલોચન મંત્રી પાસે શ્રવણ કરી તે પ્રમાણે કોણ વર્તે છે વિગેરેની તપાસ કરી પોતે તેમ વર્તી સુખી થયો. તેમ સ્વલ્પ ઉપદેશ પણ યોગ્ય પાત્રમાં પડવાથી છીપમાં પડેલા જળ બિંદુની માફક મહા મૂલ્યવાન્ થાય છે. ૫

મણિની ખાણમાં પડેલા થોડા પાણીથી જેમ મહા મૂલ્યવાન્, તેજસ્વી, ચિન્તામણિ રત્નાદિક ઉત્પન્ન થાય છે તેમ કોઇક જીવને થોડાં પણ મહાવાકયો ઘણો લાભ કરતા થાય છે. જેમ શ્રીમદ્ ભગવાન્ મહાવીર સ્વામીનો સ્વલ્પોપદેશ ગૌતમાદિ ગણધર મહારાજોને આત્માને સંસારથી તારવાને અર્થે થયો તેમ થોડા પણ

ઉપદેશથી મણિ જેવા જીવોને અત્યંત લાભ થવાથી તેજ ભવમાં તેઓ મોક્ષ પામે છે આવા જીવો ઉત્તમોત્તમ જાણવા. ૬

शुभाशुभद्रव्यसुभाविता घटावाम्याअवाम्याश्च तथा।
ह्य वासिताः सद्धर्मवासस्य तथैव योग्यतां श्रयंति जीवाः
कतिचित् सुयोगतः ॥ ११ ॥

શબ્દાર્થ—જેવી રીતે સારાં દ્રવ્યોથી તથા ખરાબ દ્રવ્યોથી વાસિત કરેલા ઘડાઓ ત્યાગવા યોગ્ય અને અત્યાગવા યોગ્ય થાય છે તથા કેટલાક ઘડાઓ અવાસિત હોય છે તેવીજ રીતે જીવો કેટલાએક સારા યોગથી સદ્ધર્મવાસની યોગ્યતાને પ્રાપ્ત થાય છે. ॥ ૧૧

યોગ્યતા અનેક પ્રકારની છે તેને માટે આગમમાં આ પ્રમાણે કહ્યું છે.

"घम्मा दुविहा नवा जुन्ना य जुण्णा दुविहा नाविया अनाविया य नाविया दुविहा पसथ्थनाविया अप्पसथ्थनाविया य पसथ्था अगुरुतुरुक्काईहिं अपसथ्था पलंडुलसुण माईहिं पसथ्थनाविआ वम्मा अवम्मा य एवं अप्पसथ्थावि जे अप्पसथ्था अवम्मा जे य पसथ्था वम्मा न ते सुंदरा इयरे सुंदरा अनाविआ न केणइ नाविआ णवगा आवागाओ उत्तारिता मत्तगा एवं धम्मानिलासिणो नवगा जे मिछदिट्ठी तप्पढमयागाहिजंति । जुण्णावि जे अनाविया ते सुंदरा कुप्पव यणपासथ्थेहिं नाविया एवमेव नावकुमा संविग्गेहिं जे अप्पसथ्था वम्मा जे अ पसथ्था य संविग्गा य अवम्मा एए लट्ठा

શબ્દાર્થ—ઘડા બે પ્રકારના છે. નવા અને જુના. જુના બે પ્રકારના છે વાસિત અને અવાસિત. વાસિત બે પ્રકારના પ્રશસ્ત વાસિત અને અપ્રશસ્ત વાસિત. પ્રશસ્ત

વાસિત તે અગર શિલારસ વિગેરે દ્રવ્યોથી વાસિત અને અપ્રશસ્ત વાસિત તે કાંદા [ડુંગળી] લસણ વિગેરેથી વાસિત હોય તે. તેમાં પ્રશસ્ત વાસિતના બે ભેદ છે. એક ત્યાગવા યોગ્યઅને બીજો અત્યાગવા યોગ્ય. એવીજ રીતે અપ્રશસ્તના પણ બે પ્રકાર છે. ત્યાજય અને અત્યાજય. તેમાં જે અપ્રશસ્ત છતાં અત્યાજ્ય થાય તથા પ્રશસ્તમાં ત્યાજ્ય થાય તે બે સારા નથી બાકીના જે ભેદો કહ્યા છે [પ્રશસ્ત વાસિત અત્યાજ્ય થાય અને અપ્રશસ્ત ત્યાજ્ય થાય]તે પણ સારા છે. તેમજ (પ્રાચીન પણ) સારા કે ખરાબ દ્રવ્યોથી જે વાસિત નથી થયા તેને અવાસિત કહેછે.

નિભાડામાંથી તત્કાળ કાઢેલા ઘડા તે નવીન કહેવાય છે. એવી રીતે ધર્માભિલાષી જીવોને પણ જાણવા, જે નવા મિથ્યાદૃષ્ટિઓ છે તેને પ્રથમ બોધ આપવો. જુના પણ [મિથ્યાદૃષ્ટિઓ] જે અવાસિત છે તે સુંદર છે.

(ઉપર જે વાસિત કહ્યા છે તે વાસિત શાથી થાય છે તે કહે છે.)

કુદર્શનથી અને પાસાત્થાદિકના પરિચયથી વાસિત થાય. એવીજ રીતે ભાવ ઘડાઓ [જીવો] સમજવા, જે સંવિગ્ન ગુણોથી વાસિત છે તે પ્રશસ્ત છે,જે અપ્રશસ્ત છે તે વામ્ય છે અને જે પ્રશસ્ત અને સંવિગ્ન [ગુણવાલા] છે તે મનોજ્ઞ છે.

ભાવાર્થ—જીવોને યોગ્ય.યોગ્ય જાણવાને માટે ઘડા સાથે સરખાવ્યા છે. અને તેને માટે પાંચ પ્રકારના ઘડા કહ્યા છે. તેમાં પ્રથમ નવા અને જુના બે પ્રકારના ઘડા કહ્યા છે. તેમ બે પ્રકારના જીવો જાણવા, જુના ઘડાના બે પ્રકાર કહ્યા છે, વાસના વાળા અને વાસના વગરના.વાસનાવાળા બે પ્રકારના છે એક સુગંધી દ્રવ્યથી વાસિત થએલા અને બીજા દુર્ગંધીદ્રવ્યથી વાસિત થએલા. દુર્ગંધીદ્રવ્યથી વાસિત થએલા ઘટની માફક મિથ્યા શાસ્ત્રોથી જેમનાં હૃદય વાસિત થયેલાં છે અને જેઓ તે વાસનાને સદ્ગુરૂનો ઉપદેશ મળતાં પણ છોડતા નથી તે વામ્યછે એટલે તે જીવો ધર્મના પાત્ર નથી અને જેઓ મિથ્યા દર્શનાદિકથી વાસિત છે છતાં પણ ન્યાય બુદ્ધિવાળા સરલ હૃદયના હઠ કદાગ્રહથી રહિત જીવો હોય તે સદ્ગુરૂના ઉપદેશથી સદસદ્ વિવેકથી પૂર્વે ગ્રહણ કરેલા મિથ્યા દર્શનને છોડી સત્યને ગ્રહણ કરે તેવા જીવો અવામ્ય છે એટલે ધર્મોપદેશને યોગ્ય છે.

પ્રશસ્ત વાસિતના બે ભેદ છે. વામ્ય અને અવામ્ય. જે જીવોને પ્રથમ સમ્યગ્ દર્શનાદિની પ્રાપ્તિ થયેલી છે અને જે જીવો કુગુર્વાદિકનો યોગ થતાં સમ્યગ્ દર્શનને વમી જાય તેવા છે તે જીવો વામ્ય જાણવા, અને તેવા જીવો ઉપદેશ યોગ્ય હોતા નથી અને જે જીવોને પ્રથમથી સમ્યગ્દર્શન ચારિત્રાદિકની પ્રાપ્તિ થએલીછે અને

પાછળથી કુગુર્વાદિકનો સંસર્ગ થયાં છતાં પણ સમ્યગ્ દર્શનાદિકનો ત્યાગ કરતા નથી તેવા જીવો ધર્મોપદેશને યોગ્ય ગણાય છે તે અવાચ્ય જાણવા.

જે જીવો જુના છતાં અવાસિત છે એટલે કોઇ પણ ધર્મની વાસનાને પામ્યા નથી તે જીવો પણ ધર્મના ઉપદેશને યોગ્ય છે. આ પ્રમાણે જુના ઘડાના દૃષ્ટાંતથી ધર્મોપદેશને માટે જીવોની યોગ્યતા કહી. હવે નવીન ઘટ સાથે જીવોની સરખામણી કરતાં યોગ્યાયોગ્યનો વિચાર જણાવે છે.

જેમ કુંભારના નિભાડામાંથી તત્કાલ કાઢેલા ઘડાને જે પ્રકારની વાસના આપીએ તે પ્રકારની વાસના ગ્રહણ કરે છે, તેમ બાલ્યાવસ્થાવાળા જે કોઇ જીવો જેને કોઇ પ્રકારના ધર્મનો સંસ્કાર થયો નથી તેવા જીવોને ધર્મોપદેશ યોગ્યતા પ્રમાણે અને ન્યાય પુરસ્સર આપવાથી શીઘ્ર કાર્યકારી થાય છે, તેથી આવા જીવો ધર્મને ખરેખરા પાત્ર છે. આ ગ્રંથકાર મહારાજે યોગ્યાયોગ્ય બતાવવા જે આટલો બધો પરિશ્રમ લીધો છે તેનું કારણ સ્પષ્ટ છે કે આયુષ્ય અલ્પ છે વિઘ્નો ઘણાં છે, મહર્ષિઓએ પોતાનું અને અનેક ભવ્ય જીવોનું હિત કરવાનું છે તેથી અપાત્ર જીવો સાથે ધર્મોપદેશની ચર્ચા કરવાનું ઉચિત નથી, એમ ધારી ઉપદેશ આપતાં પહેલાં દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવનો વિચાર કરી પાત્ર જીવોનેજ ઉપદેશ આપવા પ્રયાસ કરવો જેથી ઉભયનું શ્રેય થાય.

શબ્દાર્થ—યોગ્યાયોગ્યનું સ્વરૂપ પ્રતિપાદન કર્યા પછી વિશેષ ધર્મના અર્થી એવા યોગ્ય પુરૂષોએ પણ પ્રથમ સામાન્ય ગૃહસ્થ ધર્મની વિધિમાં (નિશ્ચિત કરેલું પૂર્વાપરભાવ રૂપ વિધાન તે વિધિ) પ્રયત્ન કરવો જોઇએ. કહ્યું છે કે

ભીંતના ધોળવા પ્રમુખ વ્યવસ્થા કર્યા શિવાય (ભીંતના ઉપર ચિત્રેલું) ચિત્ર શોભતું નથી. વસ્ત્રને પાસ આપ્યા શિવાય તેના ઉપર રંગ સ્થિર થતો નથી. ખેતરને ખેડ્યા શિવાય તથા સમારાદિ દીધા શિવાય બીજ વવાતાં નથી. એવીજ રીતે સામાન્ય ધર્મ પૂર્વકજ બારવ્રતાદિરૂપ વિશેષધર્મ શોભાથી પ્રકાશિત થાય છે. તે કારણથી શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પોતાના યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશની અંતે **ન્યાયસંપન્નવિભવ** ઇત્યાદિક કુલ ક્રમથી આવેલ અનિંદ્ય વિભવની *ત્રિભાગાદિ અપેક્ષાએ ન્યાયથી આચરણ કરવા રૂપ જેનું લક્ષણ છે એવો સામાન્ય ધર્મ પરમાર્હત [પરમ જૈન] વિચાર ચતુર્મુખ [વિચાર કરવામાં બ્રહ્મા રૂપ] રાજર્ષિ પરનારી સહોદર (પરસ્ત્રી બાંધવ) રૂદતી વિત્ત પરાઙ્મુખ [નિરવંશનું દ્રવ્ય ગ્રહણ કરવામાં વિમુખ] રાજ પિતામહ વિગેરે બિરૂદો જેને મલેલાં છે એવા

*વ્યવસાય ૧, નિધાન ૨, વ્યાજે ધીરવા ૩.

કુમારપાલ મહારાજને સમગ્ર રાજાઓની સભા સમક્ષ ઉપદેશ કર્યો તેજ અહિ પ્રતિપાદન કરે છે.

न्यायसंपन्नविभवेत्यादि श्लोकदशक.

न्यायसंपन्नविभवः १ शिष्टाचारप्रशंसकः २
कुल शीलसमैः सार्द्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः ३ ॥ १ ॥
पापभीरुः ४ प्रसिद्धं च देशाचारं समाचरन् ५
अवर्णवादीनकापि राजादिषु विशेषतः ६ ॥ २ ॥
अनतिव्यक्तगुप्ते च । स्थानेषु प्रातिवेश्मके ।
अनेकनिर्गमद्वार विवर्जित निकेतनः ७ ॥ ३ ॥
कृतसंगः सदाचारैः ८ मातापित्रोश्च पूजकः ९
त्यजन्नुपप्लुतं स्थान १० मप्रवृत्तश्चगर्हितो ११ ॥ ४ ॥
व्ययमायोचितं कुर्वन् १२ वेषं वित्तानुसारतः १३
अष्टभिर्धीगुणैर्युक्तं १४ शृण्वानो धर्ममन्वहम् १५ ॥ ५ ॥
अजीर्णेभोजनत्यागी १६ काले भोक्ताच सात्म्यतः १७
अन्योन्या प्रतिबंधेन त्रिवर्ग मपि साधयन् १८ ॥ ६ ॥
यथावदतिथौ साधौ । दीने च प्रतिपत्तिकृत् १९
सदानभिनिविष्टश्च २० पक्षपाती गुणेषुच २१ ॥ ७ ॥
अदेशाकालयोश्चर्यात्यजन् २२ जानन् बलाबलं २३
वृत्तस्थ ज्ञान वृद्धानां पूजकः २४ पोष्य पोषकः २५ ॥ ८ ॥
दीर्घदर्शी २६ विशेषज्ञः २७ कृतज्ञः २८ लोकवल्लभः २९
सल्लज्जः ३० सदयः ३१ सौम्यः ३२ परोपकृति कर्मठः ३३ ॥९॥
अंतरंगारिषड्वर्ग परिहार परायणः ३४
वशीकृतेंद्रियग्रामो ३५ गृहि धर्मायकल्पते ॥ १० ॥

दशभिः कुलकम्

ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરનાર (૧) શિષ્ટ પુરૂષોના આચારની પ્રશંસા કરનાર [૨] કુલ અને શીલથી સદૃશ અન્ય ગોત્રિયોની સાથે લગ્ન કરનાર [૩] ॥ ૧ ॥

પાપથી ભય રાખનાર [૪] પ્રસિદ્ધ દેશાચારને આચરનાર [૫] કોઇના પણ સંબંધમાં અવર્ણવાદ નહિ બોલનાર તેમાં વિશેષે કરી રાજાદિકનો અવર્ણવાદ નહી બોલનાર (૬) ॥ ૨ ॥ જે સ્થાન અતિ પ્રગટ તેમ અતિ ગુપ્ત ન હોય, તેમજ સારા પાડોશીઓએ યુકત હોય અને જે ઘરમાંથી નીકળવાનાં દ્વાર ઘણાં ન હોય તેવા સ્થાનમાં વાસ કરનાર (૭) ॥ ૩ ॥ શ્રેષ્ઠ આચારવાળાની સાથે સંસર્ગ કરનાર (૮) માતા પિતાની પૂજા કરનાર (૯) ઉપદ્રવ વાળાં સ્થાનનો ત્યાગ કરનાર (૧૦) નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ નહીં કરનાર [૧૧] ॥ ૪ ॥ આવકના પ્રમાણમાં ખર્ચ કરનાર ૧૨ સંપત્તિને અનુસાર વેષ ધારણ કરનાર ૧૩ આઠ બુદ્ધિના ગુણોએ યુકત ૧૪ નિરંતર ધર્મને શ્રવણ કરનાર ૧૫ ન પચ્યું હોય ત્યાં સુધી ભોજનનો ત્યાગ કરનાર ૧૬ હંમેશાના વખત પ્રમાણે પથ્યાપથ્યનો વિચાર કરી ભોજન કરનાર ૧૭ પરસ્પરના વિરોધ વગર ત્રણ વર્ગનું (ધર્મ અર્થ અને કામનું) સાધન કરનાર ૧૮ ॥ ૬ ॥ અતિથિ સાધુ અને દીન પુરૂષોનો યોગ્યતા પ્રમાણે સત્કાર કરનાર (૧૯] નિરંતર દુરાગ્રહ નહી રાખનાર ૨૦ ગુણોની અંદર (ગુણી જનોની અંદર) પક્ષપાત રાખનાર ૨૧ ॥ ૭ ॥ દેશ તથા કાળ વિરૂદ્ધ આચરણનો ત્યાગ કરનાર ૨૨ (પોતાના) બલાબલને જાણનાર૨૩ વ્રતધારી તથા જ્ઞાનથી વૃધ્ધોની પૂજા કરનાર ૨૪ પોષણ કરવા યોગ્ય જનોનું પોષણ કરનાર ૨૫ ॥ ૮ ॥ પૂર્વાપર લાંબી નજરથી જોનાર ૨૬ વિશેષ જાણનાર ૨૭ કરેલા ગુણને જાણનાર ૨૮ લોકની પ્રીતિ મેળવનાર ૨૯ શરમ રાખનાર ૩૦ દયાળુ ૩૧ શાંત પ્રકૃતિવાળો ૩૨ પરોપકાર કરવામાં શૂરો ૩૩ ॥ ૯ ॥અંતરંગ ભાવના છ શત્રુઓનો ત્યાગ કરવામાં તત્પર ૩૪ ઇંદ્રિયોના સમૂહને વશ કરનાર (૩૫) ઉપર કહેલા પાંત્રીશ ગુણોવાળો જે હોય) તે ગૃહસ્થ ધર્મને યોગ્ય છે. ૧૧

અહીં સ્વામીદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસીને ઠગવો, ચોરી વિગેરે નિંદવા યોગ્ય (માર્ગે] દ્રવ્ય ઉપાર્જન કરવાનું છોડીને પોતપોતાના વર્ણને અનુકુલ આવે તેવી રીતે દ્રવ્ય ઉપાર્જન કરવામાં ઉપાયરૂપ જે સદાચાર તે ન્યાય કહેવાય છે. તે ન્યાયે કરીને પ્રાપ્ત કરીછે સંપત્તિ જેણે તેને ન્યાયસંપન્નવિભવ કહેવાય છે. (ઉપર જણાવ્યા પ્રમાણે) શુદ્ધ વ્યવહારથી ઉપાર્જન કરેલી સંપત્તિ નિઃશંકપણે પોતાના શરીરે કરી તેના ફલને ભોગવવાથી અને (પોતાના) મિત્ર અને સ્વજનાદિકમાં સમ્યક્ પ્રકારે વહેંચણ કરવાથી આ લોકના સુખને માટે થાય છે, જે કારણથી કહ્યું છે કે—

सर्वत्र शुचयो धीराः स्वकर्मबलगर्विताः ।

कुकर्मनिहितात्मानः पापाः सर्वत्र शंकिताः " ॥ १२ ॥

પોતાના કર્મના બલે કરી અભિમાની થએલા ધીર પુરૂષો દરેક ઠેકાણે પ્રકાશિત થાય છે અને કુકર્મની અંદર આત્માને સ્થાપન કરનારા પાપી પુરૂષો દરેક ઠેકાણે ભયભીત રહે છે ॥ ૧૨ ॥

ન્યાયોપાર્જિત વિત્તના અધિકારમાં સ્પષ્ટતા માટે અન્યાયોપાર્જિત વિત્તવાળાની સ્થિતિ દર્શાવે છે.

અહિં પુરૂષને અન્યાયથી પ્રવૃત્તિ કરવામાં બે પ્રકારે અવિશ્વાસપણું પ્રાપ્ત થાય છે, એક ભોક્તાનું અને બીજુ ભોગ્ય વિભવનું. તેમાં ભોગવનારને આ (પુરૂષ) પરદ્રોહથી પ્રાપ્ત પરદ્રવ્ય ભોગવે છે એવા દોષના લક્ષણવાલી આશંકા થાય, તથા ભોગ્ય વસ્તુમાં આ પરદ્રવ્ય છે તેને આ ભોગવે છે એવી શંકા થાય માટે અન્યાય પ્રવૃત્તિનો નિષેધ કરવાથી (ન્યાય પ્રવૃત્તિમાં) તે બન્ને પ્રકારની શંકા હોતી નથી તેથી ન્યાયોપાર્જિત વિત્તમાં અભિશંકનીયતા (અવિશ્વાસપણું) નથી. અહિં અભિપ્રાય એવો છે કે ન્યાયોપાર્જિત દ્રવ્યના વ્યય કરનાર ઉપર કોઈ પણ પુરૂષ કોઇ વખતે લેશ માત્ર પણ શંકા કરતો નથી તેથી કરીને તે [ન્યાય પ્રવૃત્તિ કરનાર] અવ્યાકુલ ચિત્ત અને સારી પરિણતિવાલાને આ લોકમાં પણ મહાન્ સુખનો લાભ થાય છે અને દરેક ઠેકાણે યશ અને શ્લાઘાની પ્રાપ્તિ થાય છે. સત્પાત્રોને વિષે દ્રવ્યનો ઉપયોગ થવાથી તથા પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિનો હેતુ થવાથી અને દયાએ કરી દીન અનાથ પ્રાણીઓને દ્રવ્યાદિ આપવાથી તે પરલોકના હિતને અર્થે થાય છે.

અહિં ન્યાયોપાર્જિત વિત્ત તથા તેનો સત્પાત્રમાં વિનિયોગ કરવાથી ચતુર્ભંગી થાય છે. જેમકે ન્યાયથી પ્રાપ્ત થયેલો વૈભવ અને સત્પાત્રમાં વિનિયોગ ॥૧॥ (આ ન્યાયસંપન્ન વૈભવનો પ્રથમ ભાંગો) પુણ્યાનુબંધી પુણ્યનો હેતુભૂત હોવાથી ઉત્તમ દેવપણું ભોગ ભૂમિમાં (યુગલિક ક્ષેત્રમાં) મનુષ્યપણું, સમ્યક્ત્વ વિગેરેની પ્રાપ્તિ તથા આસન્નસિદ્ધિ ફળ આપનારૂં થાય છે. જેમ ધન સાર્થવાહ તથા શાલિભદ્ર વિગેરેને થયું જેથી કહ્યું છે કે—

परितुलियकप्पपायवचिंतामणि कामधेणुमाहप्पं।
दाणाओ सम्मत्तं पत्तं धणसत्थवाहेणं" ॥ १३ ॥

શબ્દાર્થ—દાનથી ધનસાર્થવાહે કલ્પવૃક્ષ, ચિંતામણિ અને કામધેનુના મહિમાની તુલના કરનાર સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું હતું. ॥ ૧૩ ॥

અથવા નંદિષેણ વિગેરેના દૃષ્ટાંતની પેઠે—જેમ કોઇક ગામમાં દ્રવ્યના સમૂહે કરી કુબેરની સાથે સ્પર્દ્ધા કરનાર કોઈ બ્રાહ્મણે યજ્ઞના પ્રારંભમાં એક લાખ બ્રાહ્મણને જમાડવાનો પ્રારંભ કર્યો. તેની અંદર દાનની રૂચિવાળા કોઈ જૈન બ્રાહ્મણને લાખ બ્રહ્મભોજન પૂર્ણ થયે અવશેષ રહેલ તંદુલ અને ઘી પ્રમુખ હું તને આપીશ, એવી પ્રતિજ્ઞા કરી તેને સહાય કરવા માટે રાખ્યો. અનુક્રમે લક્ષ બ્રહ્મભોજન પૂર્ણ થતાં અવશેષ રહેલું તંદુલ વિગેરેને નિર્દોષ અને ન્યાયથી પ્રાપ્ત થયેલું માની તે નિર્ધન જૈન બ્રાહ્મણે વિચાર કર્યો કે જો આ (અન્નાદિક) કોઇ પણ સત્પાત્રને આપવામાં આવે તો ઘણું ફળ થાય. કહ્યું છે કે—

" ન્યાયથી પ્રાપ્ત થયેલાં અને કલ્પનીય એવાં અન્નપાનાદિક દ્રવ્યોનું પરમ ભક્તિએ અને આત્માને ઉપકાર થશે એવી બુદ્ધિએ સાધુઓને જે દાન આપવું તેને મોક્ષફળ આપનારો અતિથિસંવિભાગ કહે છે. "

તે પછી તે બ્રાહ્મણે દયા તથા બ્રહ્મચર્ય પ્રમુખ ગુણવાળા કેટલાએક (પોતાના) સ્વધર્મીઓને ભોજન માટે નિમંત્રિત કર્યા. તે સાધર્મીઓના ભોજન અવસરે એક મહિનાના ઉપવાસના પારણે કોઈ મહાવ્રતધારી મુનિ આવી પહોંચ્યા. આ સાધર્મીઓથી આ યતિ ઉત્તમ પાત્ર છે એવો નિશ્ચય કરી તે બ્રાહ્મણે બહુમાન તથા શ્રદ્ધાપૂર્વક તે મુનિને અન્નપાન વિગેરે આપ્યું. જે કારણથી કહ્યું છે કે—

" मिथ्यादृष्टिसहस्रेषु वरमेको ह्यणुव्रती ।
अणुव्रतिसहस्रेषु वरमेको महाव्रती ॥ १४ ॥
महाव्रतिसहस्रेषु वरमेको हि तात्त्विकः ।
तात्त्विकेन समं पात्रं न भूतं न भविष्यति " ॥ १५ ॥

શબ્દાર્થ—"હજારો મિથ્યાદ્રષ્ટિઓથી એક અણુવ્રતધારી[શ્રાવક] શ્રેષ્ઠ ગણાય છે. હજારો અણુવ્રતધારીઓથી એક મહાવ્રતધારી (સાધુ) શ્રેષ્ઠ ગણાય છે ॥૧૪॥

હજારો મહાવ્રતધારીઓથી એક તત્ત્વવેત્તા શ્રેષ્ઠ ગણાય છે, તત્ત્વવેત્તાની સમાન [ઉત્તમ] પાત્ર થયું નથી અને થવાનું નથી. ॥ ૧૫ ॥ "

કાળે કરી આયુષ્યની સમાપ્તિ થતાં પાત્રમાં દાન આપનાર તે જૈન બ્રાહ્મણ તે દાનના પ્રભાવથી પ્રથમ દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવીને રાજગૃહનગરમાં નંદિષેણ નામે શ્રેણિક રાજાનો પુત્ર થયો, તેણે યૌવન વયમાં પાંચસો રાજકન્યાઓની સાથે પાણિગ્રહણ કર્યું અને તે (નંદિષેણ) દોગુંદક દેવતાની પેઠે મનોહર વિષય સુખરૂપ સમુદ્રમાં મગ્ન થયો.

આ તરફ તે લક્ષ બ્રહ્મ ભોજન કરાવનાર બ્રાહ્મણ પાપાનુબંધીપુણ્યને પુષ્ટ કરનાર તેવા પ્રકારના વિવેક રહિત દાનથી ઘણા ભવોની અંદર કાંઈક ભોગાદિક સુખોને ભોગવી કોઇક જંગલમાં હાથીપણે ઉત્પન્ન થયો. પૂર્વે યૂથપતિએ નાશ કર્યા છે હાથીપુત્રો જેના, એવી કોઈ હાથણીએ યૂથપતિને વંચન કરી કોઇ તાપસોના આશ્રમમાં એક કલભને જન્મ આપ્યો, અને તેને ત્યાંજ મુકયો. તે ગજકલભ (હાથીનું બચ્ચું) તાપસોના કુમારોની સાથે વૃક્ષોને પાણી સિંચતો હોવાથી તાપસોએ તેનું સેચાનક એવું નામ પાડયું. કોઇક અવસરે પોતાના યૂથપતિ પિતાને મારી પોતે યૂથપતિ થયો, અને હાથણીઓના ટોળાને ગ્રહણ કરી લીધું. તે હાથી પોતાની માતાના પ્રપંચને પ્રથમથીજ જાણતો હતો, તેથી તેણે તાપસોના આશ્રમને ભાંગી નાખ્યો. ખેદ પામેલા તાપસોએ શ્રેણિક રાજાને તે હાથી બતાવ્યો. તે હાથી આ પ્રમાણે હતો—સાત હાથ ઉંચો, નવ હાથ લાંબો, ત્રણ હાથ પોહોલો, દશ હાથ વિસ્તારમાં અને વીશ નખોએ સુશોભિત હતો. ચડાવેલા ધનુષ્યના જેવા તેના ઉંચા કુંભસ્થલ હતા, કંઠમાં લઘુ હતો, મધુ સમાન પિંગલ નેત્રો હતાં, ચળકતા ચંદ્રના જેવી ઉજ્વલ કાંતિ હતી, ચારશો ને ચાલીસ સારાં લક્ષણ યુકત હતો. તે ભદ્ર જાતિનો હાથી સાતે અંગોમાં સુશોભિત હતો. શ્રેણિક રાજાએ તેને અતિ યત્ન પૂર્વક પકડીને પોતાનો પટહસ્તિ કર્યો. રાજયોગ્ય આહાર તથા વસ્ત્ર ઓઢાડવા વિગેરેની તેની બરદાસ થવાથી તે સુખી થયો. કોઈક અવસરે તાપસોએ "જો ! આ અમારા આશ્રમને ભાંગવાનું ફલ છે," એમ તે હાથીને કહ્યું અને માર્મિક બીના યાદ કરાવી તેથી આલાન સ્તંભને ઉખેડી ત્યાંથી નિકલ્યો અને બીજી વાર તાપસોના આશ્રમનો નાશ કર્યો. પરિવાર સહિત શ્રેણિક રાજા તેની પાછળ ગયો પરંતુ તે દુઃખે કરી વશ થાય તેવો હાથી કોઇનાથી પણ વશ કરી શકાયો નહીં. પછી રાજાની આજ્ઞાથી નંદિષેણ કુમારે તે હાથીને હંકાર્યો. નંદિષેણ કુમારને જોઇ આ કોઇ પણ મહારો સંબંધી છે, એમ વિચાર કરવાથી તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, એટલે તે શાંત થઇ ઉભો રહ્યો. પછી

નંદિષેણ કુમારે તેને લાવી આલાનસ્તંભે બાંધ્યેા, તેથી શ્રેણિક વિગેરેને આશ્ચર્ય લાગ્યું. આ અરસામાં શ્રી મહાવીર સ્વામી ભગવાન્ વૈભારગિરિ ઉપર પધાર્યા, (તે વૃત્તાંત સાંભળી) શ્રેણિકરાજા અભયકુમાર અને નંદિષેણ વિગેરે તેમને વંદન કરવા માટે ગયા. ધર્મદેશનાના અંતમાં રાજાએ પ્રભુને હસ્તિ ઉપશાંતાદિ બાબત પ્રશ્ન કર્યો. પ્રભુએ પૂર્વ ભવમાં લક્ષ બ્રહ્મ ભેાજન કરાવનાર તથા સાધુને દાન વિગેરે આપનાર બ્રાહ્મણેાનેા વૃત્તાંત કહી સંભળાવ્યેા. બીજી વખત તેમના આગામિક ભવના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ મહાવીર સ્વામી બેાલ્યા કે–"હે રાજન્! આ નંદિષેણ કુમાર ન્યાયથી મેળવેલા દ્રવ્યનેા સુપાત્રમાં ઉપયેાગ કરવાથી અનેક દેવ મનુષ્ય વિગેરેના મહા ભેાગેાને ભેાગવી, ચારિત્રને ગ્રહણ કરી દેવપણાને મેળવી અનુક્રમે મેાક્ષ સુખને પામશે.અને હાથીનેા જીવ તેા તેવા પ્રકારના દ્રવ્ય અને પાત્રાપાત્રનેા વિચાર કર્યા સિવાય (કરેલા) દાન પ્રમુખથી ભેાગેાને પ્રાપ્ત થયેા, પરંતુ પરલેાકમાં પ્રથમ નરકમાં જનાર છે," એવું શ્રવણ કરી નંદિષેણ કુમાર પ્રતિબેાધ પામ્યેા અને શ્રાવક ધર્મને અંગીકાર કર્યો. અનુક્રમે દીક્ષા ગ્રહણ કરતી વખતે "હજુ પણ તારે ભેાગાવલી કર્મ ઘણું બાકી છે" એવા વચનેાથી (શાસન) દેવતાએ નિષેધ કર્યા છતાં પણ તેણે દીક્ષા ગ્રહણ કરી. પૂર્વના નિકાચિત ભેાગ કર્મના ઉદયથી પ્રેરાયેલા નંદિષેણ દીક્ષાનેા ત્યાગ કરી બાર વર્ષ વેશ્યાના ઘરમાં રહ્યા, અને ત્યાં નિરંતર દશ દશ (મનુષ્ય)ને પ્રતિબેાધ પમાડતા, ઇત્યાદિ નંદિષેણની કથા બીજા ગ્રંથથી જાણવી.

પૂર્વે કહ્યા પ્રમાણે દાનની રીતિમાં કુશળ અને ન્યાયથી દ્રવ્યને ઉપાર્જન કરનાર તથા સત્પાત્રનું પેાષણ કરનાર ગૃહસ્થ સુંદર ભેાગેાને પ્રાપ્ત કરી અનુક્રમે મેાક્ષલક્ષ્મીના સુખને પામે છે.

ન્યાયથી પ્રાપ્ત થયેલ દ્રવ્યે કરી જેવા તેવા પાત્રને પેાષણ કરવારૂપ બીજો ભંગ જાણવેા. આ ભાંગેા જ્યાં ત્યાં સંસારમાં માત્ર ભેાગનું ફળ આપનારેા થાય છે, પણ છેવટે લક્ષ બ્રહ્મભેાજન કરાવનાર બ્રાહ્મણની પેઠે કટુક ફળ આપનારેાજ છે, જે કારણથી કહ્યું છે કે—

" दानेन भोगानाप्नोति यत्रतत्रोपपद्यते "

શબ્દાર્થ—" દાને કરી જ્યાં ત્યાં (ભવેામાં ભમતાં) ભેાગેા પ્રાપ્ત થાય છે " (પણ મેાક્ષ સુખ મળતું નથી.)

અન્યાયથી પ્રાપ્ત થયેલા દ્રવ્યે કરી સત્પાત્રને પોષણ કરવારૂપ ત્રીજો ભાંગો જાણવો. સારા ક્ષેત્રમાં વાવેલા સામાન્ય બીજના ફળરૂપ અંકુરની પેઠે તે દ્રવ્યનું ભવિષ્યકાળમાં સુખની ઉત્પત્તિમાં સહચારીપણું હોવાનેલીધે ઘણા આરંભથી દ્રવ્ય ઉપાર્જન કરનાર રાજાઓ તથા વેપારીઓના સંબંધમાં આ ત્રીજો ભાંગો જણાવ્યો છે. અર્થાત્ રાજાઓ અને વેપારીઓ મહારંભથી દ્રવ્યને મેળવે છે અને ઉત્તરકાળમાં તે દ્રવ્ય તેમને સુખ આપનારૂં થાય છે, તેમ અન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યનો સત્પાત્રમાં વિનિયોગ થવાથી પરિણામે સુખ આપનારૂં થાય છે. કહ્યું છે કે—

" खलोऽपि गवि दुग्धं स्याद्दुग्धमप्युरगे विषम् ।
पात्रापात्रविशेषेण तत्पात्रे दानमुत्तमम् ॥ १ ॥ "

શબ્દાર્થ—" ખોળ પણ ગાયને વિષે (ગાયને ખવડાવવાથી) દુધ ઉત્પન્ન કરે છે અને દુધ પણ સર્પને વિષે (સર્પને પાવાથી) ઝેરને ઉત્પન્ન કરે છે. પાત્રાપાત્રના વિશેષે કરી આવું ફળ થાય છે તેથી પાત્રને દાન આપવું ઉત્તમ છે ॥૧॥"

તેવીજ રીતે તેજ સ્વાતિ નક્ષત્ર અને તેજ જળમાં પાત્ર વિશેષથી મોટો અંતર છે. સર્પના મુખમાં પડેલું ઝેર થાય છે અને છીપમાં પડેલું મૌક્તિક થાય છે.

મહા આરંભરૂપ અનુચિત વૃત્તિથી મેળવેલું દ્રવ્ય સારા ક્ષેત્રમાં વાવર્યા વિના મમ્મણ શેઠ વિગેરેની પેઠે દુર્ગતિના ફળનેજ આપનારૂં થાય છે. કહ્યું છે કે—

" ववसायफलं विहवो, विवहस्स फलं सुपत्तविणिओगो ।
तयन्नावे ववसाओ, विहवोवि य दुग्गइनिमित्तं ॥ १ ॥"

શબ્દાર્થ—" વ્યાપાર કરવાનું ફળ વૈભવ અને વૈભવનું ફળ સત્પાત્રમાં વિનિયોગ કરવો તે છે, પરંતુ તેના અભાવે વ્યાપાર અને વૈભવ પણ દુર્ગતિના હેતુ થાય છે ॥ ૧ ॥ "

અન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યે કરી કુપાત્રના પોષણ વિગેરે કરવારૂપ ચોથો ભાંગો જાણવો ॥ આ ચતુર્થ ભંગ આ લોકમાં સત્પુરૂષોને નિંદનીક હોવાથી અને પરલોકમાં દુર્ગતિનો હેતુ હોવાથી વિવેકી પુરૂષોએ ત્યાગ કરવો યોગ્ય છે. કહ્યું છે કે–

"अन्यायोपात्तवित्तस्य दानमत्यंतदोषकृत् ।
धेनुं निहत्य तन्मांसैर्ध्वांक्षाणामिव तर्पणम् ॥ १ ॥"

શબ્દાર્થ—"અન્યાયથી ગ્રહણ કરેલા દ્રવ્યનું દાન (કુપાત્રને) કરવું તે અત્યંત દોષ ઉત્પન્ન કરવાવાળું છે જેમ કોઇ ગાયને મારીને તેના માંસથી કાગડાઓને તૃપ્તિ કરાવે તેના જેવું છે ॥ ૧ ॥" વળી અન્ય દર્શનમાં પણ કહ્યું છે—

"अन्यायोपार्जितैर्वित्तैर्यत् श्राद्धं क्रियते जनैः ।
तृप्यंते तेन चांडाला बुक्कसा दासयोनयः ॥ २ ॥"

શબ્દાર્થ—" અન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યોથી જે લોકો શ્રાદ્ધ કરે છે તેનાથી ચંડાળો, વર્ણશંકર તથા દાસની યોનિમાં ઉત્પન્ન થયેલા તૃપ્ત થાય છે (પિતૃ તૃપ્ત થતા નથી) ॥ ૨ ॥"

જેથી ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય થોડું આપેલું પણ કલ્યાણને માટે થાય છે અને અન્યાયથી આવેલું દ્રવ્ય પુષ્કળ આપ્યું હોય, તોપણ ફળ રહિત થાય છે. અન્યાયની વૃત્તિથી અર્જન કરેલું દ્રવ્ય આલોક અને પરલોકમાં અહિતના અર્થેજ થાય છે, કેમકે આલોકમાં લોક વિરૂદ્ધઆચરણ કરવાવાળા પુરૂષને વધબંધનાદિ દોષો પ્રાપ્ત થાય છે, અને પરલોકમાં નરકમાં પડવા વિગેરે દોષો થાય છે. કદાપિ કોઇ માણસને પાપાનુબંધીપુણ્યકર્મના ફળને લઈને આલોકની વિપત્તિ દેખાતી નથી, તથાપિ પરિણામે તે અવશ્ય થવાનીજ. જે કારણથી કહ્યું છે કે—

"पापेनैवार्थरागांधः फलमाप्नोति यत्कचित् ।
बडिशामिषवत्तत्तमविनाश्य न जीर्यति ॥ १ ॥"

શબ્દાર્થ—" અર્થના રાગે કરી અંધ થયેલો મનુષ્ય પાપવડે કદી કોઇ વખત ફળને પામે, તોપણ કાંટાના માંસની પેઠે જેમ તે માંસમચ્છનો નાશ કર્યા વિના રહેતું નથી, તેમ અન્યાયથી મેળવેલું ધન શરૂઆતમાં કાંઇક ફળ આવે છે, પરંતુ પરિણામે તે (ધન) ગ્રહણ કરનારનો નાશ કરે છે ॥ ૧ ॥ " વળી કહ્યું છે કે—

"अन्यायोपात्तवित्तेन यो हितं हि समीहते ।
नक्षणात्कालकूटस्य सोऽभिवांछति जीवितुम् ॥ २ ॥"

શબ્દાર્થ—" જે પુરૂષ અન્યાયથી ગ્રહણ કરેલા દ્રવ્યે કરી (પોતાના) હિતને ઇચ્છે છે તે પુરૂષ કાળકૂટ ઝેરના ભક્ષણથી જીવવાની ઇચ્છા રાખે છે "॥ ૨ ॥

તેવી રીતે આલોકમાં અન્યાયથી પેદા કરેલા દ્રવ્યવડે પોતાનો નિર્વાહ કરનાર ગૃહસ્થ વિગેરેની પ્રાયે કરી અન્યાય, કલેશ, અહંકાર અને પાપબુદ્ધિમાંજ રંકશ્રેષ્ઠિ વગેરેની પેઠે પ્રવૃત્તિ થાય છે. તે રંકશ્રેષ્ઠિની કથા આ પ્રમાણે છે.

મરૂસ્થળમાં પલ્લી (પાલી) નામે ગામની અંદર કાકૂ અને પાતક નામે બે ભાઇઓ હતા. તે બેમાં નાનો ભાઇ ધનવાન હતો, અને મોટો ભાઇ નિર્ધન હોવાથી તે નાનાભાઇના ઘરમાં રહી સેવક વૃત્તિથી નિર્વાહ કરતો હતો. એક વખતે વર્ષાઋતુમાં દિવસના કાર્યથી થાકેલો કાકૂ રાત્રે સુતો હતો, તે વખતે પાતકે કહ્યું કે—હે ભાઇ ! પાણીના સમૂહથી આપણા ક્યારાઓની પાળો તૂટી ગઇ છે અને તું નિશ્ચિંતપણે સુતો છે, એમ ઠપકો આપ્યો. તે વખતે તે કાકૂ પથારીનો ત્યાગ કરી દરિદ્રી અને પરના ઘરનું કાર્ય કરનાર પોતાના આત્માને નિંદતો કોદાળાને ગ્રહણ કરી જેટલામાં ત્યાં જાય છે, તેટલામાં તુટેલી પાળોને બાંધવાની રચના કરવામાં તત્પર નોકરોને જોઇ તેણે પૂછયું કે—"તમે કોણ છો ?" તેઓએ ઉત્તરમાં જણાવ્યું કે અમે તારા ભાઇના નોકરો છીએ. કોઇ ઠેકાણે મહારા નોકરો છે ? એમ કાકૂએ પ્રશ્ન કરે છતે તે બોલ્યાકે વલ્લભીપુરમાં તહારા નોકરો છે. એ વાત થયા બાદ કેટલાક કાળ પછી કુટુંબ સહિત વલ્લભીપુરમાં ગયો. ત્યાં દરવાજાની પાસે રહેનાર ભરવાડોની નજીકમાં વસતા અત્યંત દુર્બળપણાને લઇ ભરવાડોએ તેનું રંક એવું નામ પાડયું. તે રંક વણિક તે આભીરોના અવલંબનથી ઘાસનું ઝુંપડુ કરી ત્યાં દુકાન માંડીને રહ્યો. એક વખતે કોઇ જાત્રાળુ (કાર્પટિક) કલ્પની રીતિ (રસ સાધવાના વિધાન) પૂર્વક ગિરનાર પર્વતથી સિદ્ધરસની તૂંબડીને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી રસ્તામાં જતાં તે સિદ્ધ રસમાંથી કાકૂ તૂંબડી એવી શરીર વિનાની (અદૃશ્ય) વાણીનું શ્રવણ કરી ભય પામ્યો. તેથી વલ્લભીનગરીના સમીપમાં તે તૂંબડીને તે કપટી વાણીઆના ઘરમાં અનામત મુકી અને તે યાત્રાળુ (કાર્પટિક) સોમનાથની યાત્રા કરવા ગયો. કોઇ પર્વના દિવસે ચૂલા ઉપર મુકેલી તાવડીમાં તૂંબડીના છિદ્રમાંથી પડેલા રસના બિંદુએ કરી સુવર્ણ રૂપ થયેલી (તાવડી) જોઇ તે વણિકે આ સિદ્ધરસ છે, એમ નિશ્ચય કરી તે તુંબડી સહિત ઘરની સાર વસ્તુને બીજે ઠેકાણે સ્થાપન કરી પોતાના ઘરને બાળી નાખ્યું, અને બીજે દરવાજે ઘર કરીને રહ્યો, ત્યાં રહેનાર અને પ્રચુર ઘીને ખરીદ કરનાર

તે શ્રેષ્ઠીએ કોઇએ વેચવા લાવેલા ઘીનું પોતે માપ કરતાંતે ઘીને અખૂટ દેખી ઘીના ભાજન નીચે કાળા ચિત્રકની ઇંઢાણી છે, એમ નિશ્ચય કરી તે ઇંઢાણીને કોઇ પણ કપટથી ગ્રહણ કરી લીધી. એવી રીતે કપટથી ખોટાં ત્રાજવાં અને માપના વેપાર વિગેરેથી પાપાનુબંધિપુણ્યના બળે કરી વેપારમાં તત્પર રંક શ્રેષ્ઠિને ઘણું દ્રવ્ય મળ્યું.

એક વખતે કોઈ સુવર્ણની સિદ્ધિ કરનાર તે રંક શ્રેષ્ઠિને મળ્યો. તેને પણ કપટવૃત્તિથી ઠગી લીધો અને તેની સુવર્ણ સિદ્ધિ ગ્રહણ કરી લીધી. એવી રીતે ત્રણ પ્રકારની સિદ્ધિથી તે કાકૂ અનેક કોટિ ધનનો સ્વામી થયો, પરંતુ અન્યાયથી પ્રાપ્ત થયેલા વૈભવના સેવનથી પૂર્વે નિર્ધન હતો તેથી અને પછી ધનની સંપત્તિ થઈ તેની આસક્તિને લઈ કોઇ પણ તીર્થમાં, સત્પાત્રમાં અને અનુકંપાના સ્થાનમાં પોતાની લક્ષ્મીનો ત્યાગ તો દૂર રહ્યો પણ ઉલટો સંપૂર્ણ લોકોને ઉચ્ચાટન કરવા, નવા નવા, કરોનું વધારવું, અહંકારનું પોષણ અને બીજા શ્રીમંતોની સ્પર્ધા તથા અદેખાઇ વિગેરેથી સર્વ ભૂતોના સંહારરૂપ કાલરાત્રિ જેવી તે કાકૂ પોતાની લક્ષ્મી લોકોને દેખાડતો હતો. તે પછી કોઇ વખતે પોતાની પુત્રીની રત્નથી જડેલી કાંસકી રાજાએ પોતાની પુત્રી માટે માગી પરંતુ તેણે આપી નહિ, તેથી બળાત્કારથી હરણ કરી લીધી. તે વિરોધથી પોતે મ્લેચ્છના દેશમાં જઈ કોટિ સુવર્ણ આપી મુગલોને લાવ્યો. તે મુગલોએ દેશનો નાશ કર્યે છતે તે રંક વણિકે રાજાના સૂર્યમંડળથી આવતા અશ્વના રક્ષકોને લાંચ આપી ફોડયા અને ખોટો પ્રપંચ કરાવ્યો. પૂર્વે તે રાજા સૂર્યના વરદાનથી પ્રાપ્ત થયેલા દિવ્ય ઘોડા ઉપર ચડતો તે પછી સંકેત કરેલા પુરૂષો પાંચ શબ્દના વાજીંત્રો વગાડતા, પછી ઘોડો આકાશમાં જતો તેના ઉપર આરૂઢ થયેલો રાજા શત્રુઓને મારતો, અને સંગ્રામ પૂર્ણ થતાં ઘોડો સૂર્યમંડળમાં પ્રવેશ કરતો; પણ આ વખતે રંક શ્રેષ્ઠિએ ફોડેલા પંચ શબ્દ વાજીંત્ર વગાડનારાઓએ રાજાને ઘોડા ઉપર સ્વાર થતાં પહેલાં પંચ શબ્દ વાજીંત્રનો નાદ કર્યો એટલે ઘોડો ઉડીને ચાલ્યો ગયો, તે વખતે હવે શું કરવું એવા વિચારથી મૂઢ થયેલા શિલાદિત્ય રાજાને તે મુગલોએ મારી નાંખ્યો. તે પછી સુખે કરી વલ્લભીપુરીનો ભંગ કરાવ્યો. કહ્યું છે કે—

"पण सयरी वाससयं, (वासाइं) तिन्नि सयाइं अइक्कमेऊणं ।
विक्कमकालाओ तओ, वल्लभीभंगो समुप्पन्नो ॥ १ ॥"

શબ્દાર્થ—" વિક્રમ રાજાના સમયથી ત્રણસો પંચોતેર ૩૭૫ (મહાવીર સ્વામીથી ૮૪૫) વર્ષ અતિક્રમણ થયે વલ્લભીનો ભંગ થયો. " ॥ ૧ ॥

(વલ્લભીના ભંગ સંબંધી કેટલાએક મતમતાંતરોછે તે અન્ય ગ્રંન્થોથી અને પ્રાચીન લેખોથી જાણી લેવા. આ શિલાદિત્ય પ્રથમ શિલાદિત્ય હોવાનો સંભવ છે. કારણ આ ગાથામાં જે સંવત્ બતાવ્યો છે તે મલ્લવાદીના સમયને પ્રાયે મળતો આવે છે.)તે રંક શ્રેષ્ઠિએ મુગલોને પણ રણમાં પાડીને મારી નાખ્યા ઇત્યાદિ. રંક શ્રેષ્ઠિ કથા સમાપ્ત.

એવી રીતે અન્યાયવિત્તના વિલાસને જાણી ન્યાયથી અર્થ ઉપાર્જન કરવામાં તત્પર થવું, વળી વ્યવહાર પૂર્વક પ્રાપ્ત થયેલ વિત્તથી આજીવિકા કરનારનો ખોરાક, પ્રકૃતિ (સ્વભાવ), ધર્મ અને કર્મ વિગેરે પણ શુદ્ધજ હોય છે. જે કારણથી આગમમાં કહ્યું છે—

" ववहारसुद्धी धम्मस्स, मूलं सव्वन्नुन्नासए ।
ववहारेण तु सुद्धेणं, अत्थसुद्धी जओ भवे " ॥ १ ॥
" सुद्धेणं चेव अत्थेणं, आहारो होइ सुद्धेण ।
आहारेण तु सुद्धेणं, देहसुद्धी जओ भवे " ॥ २ ॥
" सुद्धेणं चेव देहेण, धम्मजुग्गो य जायई ।
जं जं कुणइ किच्चंनु, तं तं ते सफलं भवे " ॥ ३ ॥

શબ્દાર્થ—" સર્વજ્ઞ ભગવાન્ ધર્મનું મૂળ વ્યવહારની શુદ્ધિ કહે છે અને શુદ્ધ વ્યવહારે કરી અર્થની શુદ્ધિ થાય છે ॥ ૧ ॥ શુદ્ધ અર્થે કરીનેજ આહાર શુદ્ધ થાય છે અને શુદ્ધ આહારથી દેહની શુદ્ધિ થાય છે ॥ ૨ ॥ વ્યાખ્યા-શુદ્ધ અર્થે કરીનેજ આહાર એટલે અશન પાન ખાદિમ સાદિમ વિગેરે શુદ્ધ (દોષ રહિત) થાય છે, અને તે શુદ્ધ આહારે કરી દેહની શુદ્ધિ થાય છે. કારણ કે બાહ્ય મલ (મલિન શરીરાદિ) હોય તોપણ જીનેશ્વરની આજ્ઞા પ્રમાણે વર્ત્તન કરવાથી કર્મરૂપી મેલ દૂર થવાથી દેહની શુદ્ધિ ગણાય છે. " શુદ્ધ દેહે કરીનેજ ધર્મને યોગ્ય થવાય છે, અને જે જે કાર્ય કરાય તે તે તેનું કાર્ય સફળ થાય છે. ॥૩॥ વ્યાખ્યા-ગૃહસ્થ શુદ્ધ દેહે કરીનેજ ધર્મને યોગ્ય થાય છે. જેમકે અંગોને

પ્રક્ષાલન કરનાર શ્રેષ્ઠ અલંકારને યોગ્ય થાય છે, તેમ આ શુદ્ધ દેહવાળો જીવ ધર્મ રૂપી અલંકારને યોગ્ય થાય છે, અને પછી દેવપૂજા,તથા દાનાદિ અનુષ્ઠાન વિગેરે જે જે કાર્ય જીવ કરે છે, તે તે તેને સફળ એટલે સ્વર્ગ અને મોક્ષના ફળનેજ આપનારૂં થાય છે.

ભાવાર્થ—અહિં જીનેશ્વર ભગવાને ધર્મનું મૂળ વ્યવહાર શુદ્ધિ છે એમ જણાવ્યું છે, તેથી વ્યાપાર કરતાં ઓછું આપવું વધારે લેવું, માપવાનાં ખોટલાં પ્રમાણથી વધારે ઓછાં રાખવાં, તાજવામાં ઘડો વિગેરે રાખવો, સારો માલ દેખાડી ખરાબ આપવો, સારો પદાર્થ નબળા પદાર્થની સાથે મેળવી સારા માલના પૈસા લેવા, દેવદ્રવ્ય વિગેરે ઉચાપત કરવું, લાંચ ખાવી, વિશ્વાસઘાત કરવો એ વિગેરે અન્યાયોથી દ્રવ્ય ઉપાર્જન કરવું ગૃહસ્થોને યોગ્ય નથી; કારણ કે શુદ્ધ વ્યવહારથી ઉપાર્જન કરેલું દ્રવ્ય તેજ અર્થશુદ્ધિ છે, અને તથાપ્રકારનો જો શુદ્ધ અર્થ (દ્રવ્ય) હોય તોજ તેનાથી ખરીદેલો આહાર શુદ્ધ સાત્વિક ગુણ ઉત્પન્ન કરનારો થઇ શકે છે. કહેવત છે કે ' જેવો આહાર તેવો ઓડકાર ' એટલે જો ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરેલું હોય અને તેનો આહાર વિગેરેમાં જો ઉપયોગ થાય તો તે વ્યવહારની શુદ્ધિથી અર્થની પ્રાપ્તિ થઇ ગણાય છે, અને તે દ્રવ્યનો સત્પાત્ર, દીન, અનાથ વિગેરે ધર્મકાર્યમાં વ્યય કરવામાં આવ્યો હોય તો તે અત્યંત આનંદ આપનારો થાય છે. સાથે ધર્મની પણ પુષ્ટિકર્તા થાય છે, અને તે દ્રવ્ય જેના ઉપભોગમાં આવ્યું હોય તેના વિચારો પણ વ્યવહાર શુદ્ધિમાં પ્રવર્ત્તન કરાવનારા થાય છે, તેમજ અનીતિ વિગેરેને વધારનાર વિચારોનો લય થાય છે, તેથી વ્યવહાર શુદ્ધિથી દ્રવ્ય મેળવવા સતત્ પ્રયાસ કરવો જેથી તે ઉત્તરોત્તર ઉત્તમ ફળને આપનારૂં થાય. આવો શુદ્ધ આહાર કરવાથી શરીરના પરમાણુઓ પણ નિર્મળ થાય છે, જેથી શરીર અને દ્રવ્ય મનના પરમાણુઓ શુદ્ધ થવાથી જીનેશ્વર ભગવાનની આજ્ઞાનુસાર વર્ત્તવાથી કર્મબળ નાશ થાય છે, તેથી આત્મા ઉત્તરોત્તર ઉચ્ચ દશાને પામી પોતાના સ્વરૂપને પ્રગટ કરવા પ્રયત્નવાન થાય છે, અને યોગ્ય સમયે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અનુકુળતા પ્રમાણે પ્રથમ દેશવિરતિપણાને અંગીકાર કરી અને પછી સર્વ વિરતિપણાનું આરાધન કરી અપ્રમાદિ ગુણસ્થાનો પ્રાપ્ત કરી,ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન, કેવળદર્શનને પ્રગટ કરી અંતે મોક્ષપદને પામે છે. હવે ઉપર કહેલી બીના વ્યતિરેકથી દર્શાવે છે—

" अन्नहा अफलो होइ, जं जं किच्चं तु सो करे ॥
ववहारसुद्धिरहिओ य, धम्मं खिंसावए जओ ॥ १ ॥"

શબ્દાર્થ—"અન્યથા વ્યવહાર શુદ્ધિ રહિત પુરૂષ જે જે કાર્ય કરે છે, તે તે કાર્ય ફળ વગરનું થાય છે, અને તે ધર્મની લઘુતા કરાવે છે" ॥ ૧ ॥ વિવેક રહિત લોકો નિંદા કરે છે.

લઘુતા જે થાય છે તે કહે છે—

" धम्मखिंसं कुणंताणं अप्पणो अपरस्स य ॥
अबोही परमा होइ इइ सुत्ते विन्नासियं ॥ २ ॥"

શબ્દાર્થ—" ધર્મની હેલના કરવાવાળા પોતાના આત્માનો અને બીજાના બોધિબીજ (સમ્યક્ત્વ)નો નાશ કરે છે, એમ સૂત્રમાં પણ કહેલું છે" ॥ ૨ ॥

લોકમાં પણ કહેવાય છે કે જેનો જેવો આહાર હોય છે તેનો તેવો શરીરનો બાંધો અને સ્વભાવ થાય છે; જેમ બાલ્યાવસ્થામાં ભેંસોનું દુધ પીનારા ઘોડાઓ પાણીમાં પડે છે, અને ગાયોનું દુધ પીનારા જળથી દૂરજ ઉભા રહે છે, તેવીજ રીતે મનુષ્ય પણ બાલ્યાવસ્થામાં ભોજન કરેલા આહારને અનુસરતી પ્રકૃતિ (સ્વભાવ)વાળો થાય છે. તે કારણથી ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય છે, તેજ ધર્મની વૃદ્ધિનું કારણ થાય છે. અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય આખરે રાજા, ચોર, અગ્નિ, જળ વિગેરેથી હરાઈ જનારૂં હોવાથી તે ઘણો કાળ સ્થિર રહેતું નથી, અને તે પોતાના શરીરના ઉપભોગ અને પુણ્ય કાર્યમાં વ્યય વિગેરેનું કારણભૂત થતું નથી. કહ્યું છે કે—

" अन्यायोपार्जितं वित्तं, दशवर्षाणि तिष्ठति;
प्राप्ते त्वेकादशे वर्षे, समूलं च विनश्यति ॥ १ ॥ "

શબ્દાર્થ—"અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય દશ વર્ષ સુધી રહે છે, અને અગ્યારમું વર્ષ પ્રાપ્ત થયે મૂળ સહિત (સર્વથા) તે નાશ પામે છે" ॥ ૧ ॥ જેને માટે વંચક શ્રેષ્ઠિનું દૃષ્ટાંત છે—

કોઈ ગામમાં હેલોક નામે શ્રેષ્ઠિ હતો અને તેને હલી નામે ભાર્યા અને હાલાક નામે પુત્ર હતો.તે હેલોક શ્રેષ્ઠિ મીઠા આલાપોથી, ખોટાં ત્રાજવાથી, ખોટા માપથી, નવી અને પુરાણી વસ્તુ મેળવી રસનો ભેદ કરવાથી અને ચોરના લાવેલા (પદાર્થ) નું ગ્રહણ કરવા વિગેરે પાપના વ્યાપારથી ભોળા અને ગામડીયાઓને ઠગવાના ધંધાથી ધન ઉપાર્જન કરતો હતો. ખરી રીતે તો તે શેઠીઓ પરને ઠગવાથી પોતાના સ્વાર્થને ઠગનારોજ હતો. કહ્યું છે કે—

" कौटिल्यपटवः पापा, मायया बकवृत्तयः ।
भुवनं वंचयमाना, वंचयन्ते स्वमेव हि ॥ १ ॥ "

શબ્દાર્થ—"કપટ કરવામાં નિપુણ અને માયાએ કરી બગલાના જેવી વૃત્તિવાળા પાપી પુરૂષો જગતને ઠગવા જતાં પોતાના આત્માને ઠગે છે. " ॥ ૧ ॥

મળેલું દ્રવ્ય પણ અન્યાયથી પ્રાપ્ત થયેલ હોવાથી વર્ષની અંતે ચોર, અગ્નિ, રાજા વિગેરેથી હરાઇ જાય છે અને ઘરમાં કાંઇ પણ એકકું થતું નથી (રહેતું નથી).

અનુક્રમે યૌવન અવસ્થા પ્રાપ્ત થતાં પુત્રને બીજા ગામમાં વસનાર ઉત્તમ શ્રાવક શેઠની પુત્રીની સાથે પરણાવ્યો. વહુ ઘરમાં આવી તે ધર્મની જાણકાર શ્રાવિકા હતી. શેઠની દુકાન ઘરની સમીપમાં હતી. ઉક્ત શેઠ ગ્રહણ કરવાના અને આપવા વિગેરેના અવસરે પૂર્વના સંકેત કરેલા **પંચપોકર ત્રિપોકર** માપાના સંબંધથી પુત્રને પણ પંચપોકર ત્રિપોકર રૂપ બીજા નામથી આમંત્રણ કરે છે. અનુક્રમે તે વૃત્તાંત લોકોના જાણવામાં આવ્યાથી લોકોએ તે શેઠનું વંચકશ્રેષ્ઠિ એવું બીજું નામ પાડયું. એક વખતે શેઠના પુત્રની વહુએ પોતાના સ્વામીને પુછયું કે, 'શા કારણથી પિતા તમને બીજા નામથી બોલાવે છે?' તે શેઠના પુત્રે પોતાની ભાર્યાને વ્યાપાર સંબંધી સર્વ વૃત્તાંત કહ્યો. તે ધર્મિષ્ટ વહુએ શેઠને વિનંતી કરી કહ્યું કે 'આવી રીતે પાપના વ્યાપાર વિગેરેથી ઉપાર્જન કરેલું દ્રવ્ય ધર્મકાર્ય માટે અને ભોગમાટે થતું નથી અને ઘરમાં પણ રહેતું નથી, તે કારણથી ન્યાયથી અર્થને ઉપાર્જન કરવો કલ્યાણકારી છે.' શેઠે કહ્યું, ' ન્યાયથી વ્યાપાર કરતાં કેવી રીતે નિર્વાહ થાય અને કોઇ પણ લોક વિશ્વાસ ન રાખે.' પછી વહુએ કહ્યું કે 'વ્યવહારથી શુદ્ધ હોય તો થોડું પણ દ્રવ્ય ઘણું થાય છે અને ઘરમાં ટકી રહે છે, તથા સારા ક્ષેત્રમાં વાવેલા બીજની પેઠે ઘણાં ફળવાળું થાય છે અને નિઃશંકપણાએ ભોગ વિગેરેની પ્રાપ્તિથી મનને

સુખ અને સમાધિનો લાભ થાય છે. જો તમને વિશ્વાસ ન હોય તો છ મહીના સુધી તુચ્છ ધંધાનો ત્યાગ કરી ન્યાય વૃત્તિથી વ્યાપાર કરો.' પછી શ્રેષ્ઠિએ વહુના વચનથી તેવી રીતે કર્યું. છ મહીનામાં તેણે પાંચશેર પ્રમાણ સુવર્ણ ઉપાર્જન કર્યું. તે શ્રેષ્ઠિના સત્યવાદીપણાથી અને સત્યકારીપણા વિગેરેથી સર્વે ઘરાકો તેની દુકાને આપ લે કરવા લાગ્યા, લોકોમાં તેની કીર્ત્તિ પ્રસરી અને લોકોમાં વિશ્વાસ થયો. તે શેઠે સુવર્ણ લાવીને વહુને આપ્યું. વહુએ કહ્યું પરિક્ષા કરો. પછી તે સુવર્ણની પાંચશેરી કરાવી તેને ચામડાથી મઢી અને પોતાના નામથી અંકિત કરાવી ત્રણ દિવસ સુધી રાજમાર્ગમાં મુકી પણ કોઇએ દેખી નહિ; પછી તેને લાવી કોઈ મ્હોટા જળાશયમાં નાખી તેને કોઇ મચ્છ ગળી ગયો, તે મચ્છ કોઇએક માછીની જાળમાં પડયો; માછીએ તેને ફાડયો કે તરતજ તેના ઉદરમાંથી પાંચશેરી નીકળી, તે માછીએ નામથી તેને ઓળખી. ત્યાર પછી તે માછી તે પાંચશેરી શેઠની દુકાને લાવ્યો, શેઠે કાંઇક આપી ગ્રહણ કરી લીધી, અને શ્રેષ્ઠિને વહુના વચન ઉપર વિશ્વાસ થયો. પછી શુદ્ધ વ્યવહારમાં તત્પર તે શ્રેષ્ઠિએ ઘણું વિત્ત ઉપાર્જન કર્યું, અને સમ ક્ષેત્રમાં અનેક પ્રકારે વ્યય કરતાં ઉત્કૃષ્ટિ મોટાઈને પામ્યો. તે પછી સંપૂર્ણ લોકો આ શેઠનું ઉજ્વળ દ્રવ્ય છે એવો વિચાર કરી વ્યાપારાદિને અર્થે વ્યાજ આપવા વિગેરેથી ગ્રહણ કરવા લાગ્યા. વહાણ ભરવામાં પણ વિઘ્નની નિવૃત્તિને અર્થે તેનાજ દ્રવ્યને નાખવા લાગ્યા. કાળે કરી તેના નામથી સર્વત્ર વૃદ્ધિ થાય છે એવા વિચારે કરી વહાણ ચલાવવાની વખતે લોકો હજુ સુધી હેલઉ હેલઉ એમ બોલે છે. એવી રીતે શુદ્ધ વ્યવહાર આ લોકમાં પણ પ્રતિષ્ઠાનો હેતુ થાય છે તેથી ન્યાય છે તેજ પરમાર્થથી અર્થોપાર્જનના ઉપાયમાં રહસ્ય છે. કહ્યું છે કે—

" सुधीरर्थार्जने यत्नं, कुर्यान्न्यायपरायणः ।
न्याय एवानपायोऽयमुपायः संपदांपदम् ॥ १ ॥ "

શબ્દાર્થ—" ન્યાયમાં તત્પર થઈ સારી બુદ્ધિવાળા પુરૂષે અર્થ ઉપાર્જન કરવામાં પ્રયત્ન કરવો. ન્યાય છે તેજ સંપત્તિનો વિઘ્ન રહિત ઉપાય અને સ્થાન છે. ॥ ૧ ॥ "

સજ્જનપણાને ભજવાવાળા પુરૂષોને વૈભવથી રહિતપણું વધારે સારૂં છે, પરંતુ વધારે ખરાબ આચરણથી ઉપાર્જન કરેલી અને વૃદ્ધિ પામેલી સંપત્તિએ

સારી નથી. પરિણામે સુંદર એવું સ્વભાવથી કૃશપણું હોય તો તે શોભે છે; પરંતુ કૃળમાં (પરિણામે) વિરસ અને સોજાથી થયેલું સ્થુળપણું હોય તો તે શોભતું નથી.

તપસ્વી લોકોનો વિહાર, આહાર (ખોરાક), વચન અને વ્યવહાર શુદ્ધ જોવાય છે, અને ગૃહસ્થોનો તો વ્યવહારજ શુદ્ધ જોવાય છે, તેમજ અન્યાય, ઉપલક્ષણથી દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, પાખંડી અને પાસત્થા વિગેરેના દ્રવ્યથી વેપાર કરવો અને તે દ્રવ્યનું વ્યાજથી ગ્રહણ કરવું વિગેરે પણ મહા દોષકરનાર છે. જે કારણથી કહ્યું છે કે—

" अन्यायदेवपाखंडि, तद्धनानां धनेन यः ।
वृद्धिमिच्छति मुग्धोऽसौ विषमत्ति जिजीविषुः ॥ १ ॥"

શબ્દાર્થ—" જે પુરૂષ અન્યાયના, દેવના, પાખંડીઓના અને આ ત્રણેના દ્રવ્યથી વેપાર કરનારની પાસેથી પૈસા લઈ તે દ્રવ્યે કરી પોતાના દ્રવ્યની વૃદ્ધિ ઇચ્છે છે તે ભોળો પુરૂષ ઝેરનું ભક્ષણ કરી જીવવાની ઇચ્છા કરે છે. ॥ ૧ ॥ " લૌકિક શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે—

" देवद्रव्येण या वृद्धि, र्गुरुद्रव्येण यद्धनम् ।
तद्धनं कुलनाशाय, मृतोऽपि नरकं व्रजेत् ॥ १ ॥ "

प्रज्ञास्वे मा मतिं कुर्यात्प्राणैः कंठगतैरपि ॥
अग्निदग्धाः प्ररोहंति, प्रज्ञादग्धो न रोहति ॥ २ ॥

प्रज्ञास्वं ब्रह्महत्या च, दरिद्रस्य च यद्धनम् ॥
गुरुपत्नी गुरुद्रव्यं, स्वर्गस्थमपि पातयेत् ॥ ३ ॥ "

શબ્દાર્થ—" દેવના દ્રવ્યથી જે વૃદ્ધિ થાય અને ગુરૂના દ્રવ્યથી જે ધન પ્રાપ્ત થાય તે દ્રવ્ય કુળના નાશ માટે થાય છે અને મૃત્યુ થયા પછી નરકે જાય છે ॥ ૧ ॥ પ્રાણો કંઠ સુધી આવ્યા હોય તોપણ દેવદ્રવ્યમાં બુદ્ધિ કરવી નહીં. અગ્નિથી દાઝેલા ઉગેછે પણ દેવદ્રવ્યથી દાઝેલો ઉગતો (ઉદય પામતો) નથી. ॥૨॥ દેવદ્રવ્ય, બ્રહ્મહત્યા, દરિદ્રીનું ધન, ગુરૂની ભાર્યા અને ગુરૂદ્રવ્ય એ સર્વે સ્વર્ગમાં રહેલાને પણ નીચે પાડે છે. ॥ ૩ ॥ "

અહિં લૌકિક કથા કહે છે—પૂર્વે શ્રી રામના રાજ્યમાં એક વખતે રાજમાર્ગમાં કોઇ શ્વાન બેઠો હતો, તેને કોઈ બ્રાહ્મણના પુત્રે કાન ઉપર પથ્થર માર્યો. રૂધિર નીકળતો શ્વાન ન્યાયના સ્થાનમાં જઇ બેઠો. રાજાએ (રામે) તેને બોલાવીને પુછયું એટલે તે શ્વાન બોલ્યો કે 'મને નિરપરાધીને તે બ્રહ્મપુત્રે શામાટે માર્યો ?' પછી તેને મારનાર બ્રહ્મપુત્રને ન્યાયસ્થાનમાં બોલાવી રાજાએ તેને કહ્યું, 'તને મારનાર આ બ્રહ્મપુત્ર છે ? બોલ, એને શું દંડ કરીએ ?' કુતરાએ કહ્યું કે 'આ નગરમાં શંકરના મઠના અધિપતિ તરીકે નિયોજન કરો,' રાજાએ પુછયું, 'આ દંડ કેવો કહેવાય ?' ત્યારે કુતરાએ ફરીથી કહ્યું, 'હું આ ભવથી સાત ભવ પહેલાં નિરંતર શંકરની પૂજા કરી દેવદ્રવ્યના ભયથી મહારા બન્ને હાથોને ધોઇ ભોજન કરતો હતો. એક વખતે શંકરના લિંગમાં ભરવા માટે લોકોનું ભેટ કરેલું કઠિન ઘી તેને વેચતાં તે કઠણ હોવાથી મહારા નખની અંદર ભરાઇ ગયું, તે ઉષ્ણ ભોજનથી ગળી ગયું અને અજાણપણાએ મહારાથી તેનું ભક્ષણ કરાયું. તે દુષ્ટ કર્મથી હું સાત વખત કુતરો થયો છું ! હે રાજન ! આ સાતમા ભવમાં મને જાતિ સ્મૃતિ જ્ઞાન થયું છે, અને હમણાં તમારા પ્રભાવથી મને મનુષ્ય સંબંધી વાણી ઉત્પન્ન થઈ છે.' એવી રીતે અજ્ઞાનથી ભક્ષણ કરેલું દેવદ્રવ્ય દુઃખનું કારણ થાય છે. આ કારણથી વિવેકી પુરૂષોએ તે દ્રવ્યનું પોતાની શક્તિ અનુસાર રક્ષણ કરવું. પંડિત પુરૂષો ઝેરને ઝેર કહેતા નથી; પરંતુ દેવદ્રવ્યને ઝેર કહે છે. " વિષ ભક્ષણ કરનાર એકનેજ હણે છે, અને દેવદ્રવ્ય પુત્ર તથા પુત્રના પુત્રોને હણે છે," એમ સ્મૃતિકાર કહે છે.

અહિં કોઇ એમ શંકા કરે કે ' જો એવી રીતે વ્યવહારનો નિષેધ કરશો તો ગૃહસ્થને દ્રવ્યની પ્રાપ્તિજ નહીં થાય, અને પછી આજીવિકાનો વ્યવચ્છેદ થતાં ધર્મનો હેતુભૂત ચિત્ત સમાધિનો લાભ કેવી રીતે થશે ?' એવી આશંકા કરી કહે છે, " ન્યાય એજ અર્થની પ્રાપ્તિમાં ઉષ્કૃષ્ટ રહસ્ય છે, અને ન્યાય એજ પરમાર્થથી દ્રવ્ય ઉપાર્જન કરવાના ઉપાયનું તાત્પર્ય છે. જેમ દેડકાઓ જળાશયમાં આવે છે, અને પક્ષીઓ સરોવરના પૂરમાં આવે છે તેમ શુભકર્મને વશ થયેલી સર્વ પ્રકારની સંપત્તિઓ સારા કર્મવાળા પુરૂષોની પાસે આવે છે. " તેવીજ રીતે કહ્યું છે કે—

" नोदन्वानर्थितामेति, न चांभोभिर्न पूर्यते ।
आत्मा तु पात्रतां नेयः, पात्रमायांति संपदः ॥३॥ "

શબ્દાર્થ—" જેમ સમુદ્ર યાચકપણાને પ્રાપ્ત થતો નથી અને પાણીથી ભરાય છે તેમ આત્માને પાત્રપણાને પમાડવો તેથી પાત્રમાં સંપત્તિઓ પોતાની મેળે આવે છે. ॥૧॥ "

તે શુદ્ધ ઋજુ વ્યવહાર ચાર પ્રકારનો છે તે કહે છે. યથાર્થ કહેવું ૧. અવંચન ક્રિયા ૨. ભવિષ્યના અપાયને (અનર્થને) પ્રકાશ કરવો. ૩. અને મૈત્રી ભાવનો સદ્‌ભાવ ૪. ઋજુ એટલે સરળ, શુદ્ધ એટલે દોષ રહિત એવો વ્યવહાર નામનો ગુણ ચાર પ્રકારનો છે, તે બતાવે છે. યથાર્થ કહેવું એટલે ધર્મમાં, લેવડ દેવડમાં અને સાક્ષી કે બીજા વ્યવહાર વિગેરેમાં વિરોધ રહિત વચનનું બોલવું, અહિં આ તાત્પર્ય છે,—નિરંતર ધર્મ અને અધર્મને જાણી ભાવ શ્રાવકો પરને ઠગવાની બુદ્ધિથી બોલતા નથી, અને તેઓ સાચું અને મધુર બોલે છે ખરીદ કરવાના અને આપવાના સાટામાં પણ ઓછી વધારે કિંમત કહેતા નથી અને સાક્ષીમાં નિયુક્ત કર્યા હોય તોપણ અસત્ય વચન બોલતા નથી. રાજાની સભા વિગેરેમાં જઈ કોઈ પણ મનુષ્યને અસત્ય વચનથી દૂષિત કરતા નથી, અને ધર્મમાં આસક્ત એવા ભાવ શ્રાવકો ધર્મના ઉપહાસ્યજનક વચનનો કમળ શ્રેષ્ઠિ વિગેરેની પેઠે ત્યાગ કરે છે. આ ઋજુ વ્યવહારનો પ્રથમ ભેદ થયો.

૨ અવંચન ક્રિયા એટલે પરના દુઃખમાં અકારણભૂત એવી મન વચન અને કાયાના વ્યાપાર રૂપ ક્રિયા તેને અવંચન ક્રિયા કહે છે. સદૃશ વિધિથી અને ત્રાજવાં અને પાલા વિગેરેથી ઓછું આપી અને વધારે લઈ શુદ્ધ ધર્મનો અર્થી બીજાને ઠગે નહીં. અવંચન ક્રિયા ઉપલક્ષણથી અઢાર પ્રકારની પ્રસિદ્ધિના ત્યાગપૂર્વક, ચોરેનું લાવેલું અને તેના (ચોર સંબંધી) પ્રયોગ વિગેરેનો ત્યાગ કરવો તે આ પ્રમાણે છે,—ચોર, ચોરી કરાવનાર, ચોરનો સલાહકાર, ચોરના ભેદનો જાણુ, ચોરીના માલને ખરીદનાર, ચોરને ખોરાક આપનાર અને અને ચોરને સ્થાન આપનાર એ સાત પ્રકારના ચોર કહેવાય છે. તેમાં કાણુકક્કયી એટલે ચોરનું લાવેલું ઘણી કિંમતનું પણ કાણુક એટલે આ ખરાબ છે એમ કહી થોડી કિંમતથી ખરીદ કરી લે તેને કાણુકક્કયી કહે છે. હવે અઢાર પ્રસિદ્ધિઓનું વર્ણન કરે છે.

ભલન ૧, કુશળ ૨, તર્જા ૩, રાજભોગ ૪, અવલોકન ૫, અમાર્ગદર્શન ૬, શય્યા ૭, તથા પદભંગ ૮, વિશ્રામ ૯, પાદપતન ૧૦, આસન ૧૧, તથા ગોપન ૧૨, ખંડનું ખાદન ૧૩, તથા વળી મહારાજિક ૧૪, પદ્ય ૧૫, અગ્નિ ૧૬, ઉદક

૧૭, રજ્જુ ૧૮ વિગેરેનું જાણપૂર્વક આપવું. આ અઢાર પ્રસિદ્ધિઓ બુદ્ધિમાન પુરૂષોએ જાણવી. એ અઢાર પ્રસિદ્ધિઓનો અનુક્રમે સંક્ષેપમાં અર્થ બતાવે છે. તેમાં (તે કાર્યમાં) તમારે ડરવું નહીં તે વિષયમાં હું જ ખાત્રીદાર થાઉં છું, ઇત્યાદિક વાક્યોથી ચોરી કરવાના વિષયમાં ઉત્સાહ વધારવો તેનું નામ ભલન કહે છે ॥ ૧ ॥ ચોર જ્યારે મળે ત્યારે સુખ તથા દુઃખ વિગેરેની વાતો પુછવી તેને કુશલ કહે છે ॥ ૨ ॥ ચોરને હસ્ત વિગેરેથી ચોરી કરવા માટે જવાની ઇશારત કરવી તેને તર્જા કહે છે ॥૩॥ જેમાં રાજનો ભાગ હોય તેવું રાજભોગ દ્રવ્ય ઓળવવું તેને રાજભોગ કહે છે. ॥૪॥ ચોરી કરતા ચોરોને (માલ લેવાની) ઇચ્છાપૂર્વક દેખવું તેને અવલોકન કહે છે ॥ ૫ ॥ ચોરના માર્ગ પુછનારને બીજો રસ્તો બતાવવાથી તે ચોરોને છુપાવવા તેને અમાર્ગદર્શન કહે છે ॥ ૬ ॥ ચોરને સુવાની વસ્તુ વિગેરેનું આપવું તેને શય્યા કહે છે ॥ ૭ ॥ (ચોરના આવ્યા ગયા) પછી ચાર પગવાળાં જનાવરોને તે રસ્તામાં ફેરવવાથી પગલાં ભાંગવાં તેને પદભંગ કહે છે. ॥ ૮ ॥ ચોરને પોતાના ઘરમાંજ રહેવા વિગેરેની આજ્ઞા આપવી તેને વિશ્રામ કહે છે ॥૯॥ ચોરને નમસ્કાર વિગેરે બહુમાન કરવું તેને પાદપતન કહે છે ॥૧૦॥ ચોરને ગાદી તકીયો આપવો તેને આસન કહે છે ॥ ૧૧ ॥ ચોરને સંતાડવો તેને ગોપન કહે છે ॥૧૨॥ ચોરને ખાંડ રોટલી વિગેરેનું ભોજન આપવું તેને ખંડ ખાદન કહે છે ॥ ૧૩ ॥ ચોરને ઉપયોગી લોકમાં પ્રસિદ્ધ એવું ચૂર્ણ આપવું તેને મહારાજિક કહે છે ॥૧૪॥ અને ચોરને પદ્ય અગ્નિ ઉદક દોરડું વિગેરે આપવું, એટલે કે ચોરને પગ ધોવા અને શરીરે ચોળવા માટે દૂર માર્ગથી આવવાથી ઉત્પન્ન થયેલા શ્રમને દૂર કરવાના હેતુરૂપ ઉષ્ણ જળ અને તેલ વિગેરે પગને હિતકારી પદ્યનું આપવું તેને પદ્યપ્રદાન કહે છે ॥ ૧૫ ॥ રસોઈ કરવા માટે ચોરને અગ્નિ આપવો તેને અગ્નિપ્રદાન કહે છે. ॥ ૧૬ ॥ ચોરને પીવા વિગેરેના માટે શીતળ જળનું આપવું તેને ઉદકપ્રદાન કહે છે ॥ ૧૭ ॥ અને ચોરી કરીને લાવેલાં ચતુષ્પદવાળાં જનાવરોને બાંધવા માટે દોરડું આપવું તેને રજ્જુપ્રદાન કહે છે ॥ ૧૮ ॥ ઉપર જણાવેલી વસ્તુઓ જાણીને આપવી એમ દરેક ઠેકાણે જોડવું, કેમકે અજાણતાં આપે તો તેનો અપરાધ નથી. આ પ્રમાણે અવંચનક્રિયાનું વર્ણન જાણવું.

' हुंतावायपगासणत्ति '—એ પદનો અર્થ કરે છે. અશુદ્ધ વ્યવહારથી ઉત્પન્ન થયેલા રાજદંડ અને નરકમાં પડવારૂપ જે ભાવી અપાયો (અનર્થ) તેનું પ્રકાશવું

એટલે પ્રગટ કરવું તે આવી રીતે — હે ભદ્ર ! આલોક અને પરલોકમાં અનર્થને કરવાવાળાં ચોરી વિગેરે પાપોને કરીશ નહીં; એમ બીજાઓને જણાવે. અહીંઆં તેજ પ્રતિપાદન કરે છે.'—

"अन्नाएण विढत्तं, दव्वमसुद्धं असुद्धदव्वेणं।
आहारोवि असुद्धो, तेण असुद्धं सरीरंपि॥१॥
देहेण असुद्धेणं, जंजं किज्जइ कयावि सुहकिच्चं।
तंतं न होइ सहलं, बीयंपिव ऊसरनिहित्तं॥२॥"

શબ્દાર્થ —" અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય અશુદ્ધ ગણાય છે અને અશુદ્ધ દ્રવ્યથી (અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ) આહાર પણ અશુદ્ધ થાય છે. અને તે આહારથી (ખોરાકથી) પોષાએલું શરીર પણ અશુદ્ધ થાય છે. ૧.તે અશુદ્ધ શરીરે કરી જે જે શુભ કાર્ય કોઇ વખતે કરવામાં આવે તે તે કાર્ય ઉખરભુમિમાં નાખેલા બીજની પેઠે નિષ્ફળ થાય છે. ૨" આ ઋજુ વ્યવહારનો ત્રીજો ભેદ થયો. તેવીજ રીતે 'मित्तीभावोय सज्जावत्ति' એ ઋજુવ્યવહારના ચોથાભેદને વર્ણવે છે.

મિત્રનો ભાવ અથવા તો મિત્રનું કર્મ તેને મૈત્રી કહે છે. નિષ્કપટપણે તે મૈત્રી-ભાવનું થવું, એટલે ઉત્તમ મિત્રની પેઠે કપટ રહિતપણે મૈત્રી કરે, પણ ગોમુખ વ્યાઘ્રવૃત્તિથી (મુખે ગાય જેવી અને વર્ત્તનમાં વાઘ જેવી વૃત્તિથી) વ્યાપાર કરતો સર્વ લોકમાં અવિશ્વાસનું પાત્ર અને પાપનો ભાગી થાય તેવી રીતે કપટ મિત્રતા દેખાડી લોકોને ઠગે નહીં. એવું જાણી વિવેકી પુરૂષ ચાર પ્રકારે ઋજુવ્યવહાર કરનાર થાય. આ (આગળ કહેવાશે તે) વ્યાપારનો વ્યવહાર આ પ્રમાણે છે:—

જો વેપારીને લક્ષ્મીની ઇચ્છા હોય તો કરીયાણાને વગર જોયે ખ્હાનું આપે નહીં. અને જો ખ્હાનું આપે તો ઘણાઓની સમક્ષ આપે. જ્યાં મિત્રપણાની ઇચ્છા ન હોય ત્યાં અર્થનો સંબંધ કરે; પોતાની પ્રતિષ્ઠાના ભંગનો ભય રાખનાર પોતાની મરજી પ્રમાણે (મિત્ર જ્યાં વેપાર કરતો હોય ત્યાં) ઉભો પણ ન રહે. લક્ષ્મીને ઇચ્છ-નાર ઉત્તમ વેપારીએ કદિ પણ બ્રાહ્મણ વેપારીઓ અને શસ્ત્રધારી લોકોની સાથે વેપાર કરવો નહીં. દ્રવ્યની રક્ષા કરવામાં તત્પર એવા વેપારીએ નટ, વેશ્યા, જુગારી અને ધૂર્ત્ત પુરૂષને ઉધારે આપવું નહીં. જે પોતાના ધર્મને બાધ કરનારૂં હોય, અને જે બદનામી કરનારૂં હોય તેવું કરીયાણું ઘણો લાભ આપનારૂં હોય તો-

પણ પુન્યના અર્થી પુરૂષોએ ગ્રહણ કરવું નહીં. જે કાંઈ દ્રવ્ય ખોટાં માપ અને ત્રાજવાંથી. ઉપાર્જન કરાય છે તે દ્રવ્ય પ્રથમ જોવામાં આવે છે, પણ ઉષ્ણ પાત્રમાં પડેલા જળબિંદુની પેઠે પાછલથી જોવામાં આવતું નથી. દાક્ષિણ્યતાથી કોઇના જામીન કે સાક્ષી થવું નહીં. અને જ્યાં ત્યાં [illegible] નહીં. જે પુરૂષ જુગારથી અને કીમીયાદિકના પ્રયોગથી દ્રવ્યની ઇચ્છા રાખે છે, તે પુરૂષ મેશના કૂચડાથી પોતાનું ઘર ધોળું કરવાની ઇચ્છા કરે છે. આ લોકમાં પ્રાયે કરી લોભની આકુળતાથી ઘણા આરંભોવાળો, અને શ્રાવકોને અનુચિત એવો બે પગવાળાં અને ચારપગવાળાં પ્રાણીઓનો તેમજ લોઢું, ગળી, તલ, વિગેરે ખરાબ પદાર્થનો વેપાર, તથા યંત્રકર્માદિક હલકો વેપાર કરવાથી અને ધર્મકાર્યના ખર્ચમાં સંક્ષેપ વિગેરે કરવાથી ધનની વૃદ્ધિ થતી નથી. કારણ કે દ્રવ્યની વૃદ્ધિ તો શુભકર્મોથી પુષ્ટ થયેલા ધર્મને અનુસારે રહેલી છે. કહ્યું છે કેઃ—

" यत्नानुसारिणी विद्या, लक्ष्मीः पुण्यानुसारिणी,
दानानुसारिणी कीर्त्तिः, बुद्धिः कर्मानुसारिणी ॥१॥"

શબ્દાર્થ—" વિદ્યા ઉદ્યમને અનુસારે પ્રાપ્ત થાયછે, લક્ષ્મી (પૂર્વ) પુન્યને અનુસારે મળે છે, કીર્ત્તિ દાનને અનુસારે પ્રસરે છે અને બુદ્ધિ કર્મોને અનુસાર થાય છે." ૧

ભાવાર્થ—" यत्नानुसारिणी विद्या"—વિદ્યા યત્નસાધ્ય છે છતાં કેટલાએક પુરૂષો કર્મનો દોષ કાઢી અભ્યાસ કરવામાં પ્રમાદી થાય છે. પરંતુ પ્રમાદ નહીં કરતાં આત્મામાં તિરોભાવે રહેલાં મતિ અને શ્રુતજ્ઞાનનો રોધ કરનાર મતિ અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મને આત્મપ્રદેશથી દૂર કરવા પ્રયત્ન કરવો. જ્યારે પ્રયત્ન કર્યા શિવાય જ્ઞાન (વિદ્યા) પ્રગટ થવાનું નથી, ત્યારે તેનો નાશ કરવા માટે શો પ્રયત્ન કરવો જોઇએ કે જેથી વિદ્યા (જ્ઞાન) પ્રાપ્ત થાય ? આ પ્રમાણે કોઈ આશંકા કરે તેના પ્રત્યુત્તરમાં જણાવવાનું કે, પુસ્તકસંરક્ષણ, જીર્ણ પુસ્તકોદ્ધાર, પુસ્તકના નવીન ભંડાર, જ્ઞાનપંચમ્યાદિનું આરાધન, તપસ્યા, જ્ઞાનાભ્યાસીને સહાય, લોકોપયોગી નવીન પુસ્તકોની રચના અને જ્ઞાન તથા જ્ઞાનીનો વિનય બહુમાન કરવારૂપ પ્રયત્નથી મતિ અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કે ક્ષયોપશમ થાય છે. માટે ઉપરોક્ત સર્વ કાર્ય અંતઃકરણની ખરી લાગણી પૂર્વક કરવાથી અને સતત્ વિદ્યાભ્યાસ ચાલુ રાખવાથી વિદ્યા પ્રાપ્ત થતાં વિલંબ થતો નથી; વિદ્યા તો શું પણ **मास तुष** મુનિ કે

જેનાથી **मा रुष मा तुष** ને બદલે **मास् तुष्** બોલાતું હતું તોપણ તેમણે ગુરૂ મહારાજની આજ્ઞા પ્રમાણે વિદ્યાભ્યાસનો પ્રયત્ન ચાલ્યો તો તે કેવળ જ્ઞાન મેળવા ભાગ્યશાળી થયા હતા. તેમજ અનેક રાજકાર્યનો વ્યવસાય છતાં મહારાજા કુમારપાલે એકાવન વર્ષની પુખ્ત ઉમરે શાસ્ત્રાભ્યાસ કરી વીતરાગસ્તવ, યોગશાસ્ત્ર અને શબ્દશાસ્ત્ર વિગેરે કંઠાગ્ર કર્યાં હતાં, એટલુંજ નહીં પણ તેઓશ્રી સાહિત્યશાસ્ત્રમાં પણ નિપુણ હતા, તેની સાબિતી તેમના બનાવેલા સર્વજિન સાધારણસ્તોત્રના કાવ્યો ઉપરથી થાય છે. વળી સતત્ વિદ્યાભ્યાસ કરતાં કલિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના સ્વાધ્યાયી શ્રીમદ્ રામચંદ્રસૂરીનું એક નેત્ર નાશ પામ્યું હતું, તોપણ પ્રયત્ન જારી રાખી સાહિત્ય અને ધર્મ શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન મેળવી તેમણે સો પ્રબંધ રચ્યા હતા. તેમજ શ્રીમદ્ યશોવિજયોપાધ્યાય તથા શ્રીમદ્ વિનયવિજયોપાધ્યાયજીએ વિદ્યાભ્યાસ માટે કરેલો પ્રયાસ જગ જાહેર છે. અને તેઓશ્રી પોતાને અને જગત્ને ઉપકાર થાય તેવા સંખ્યાબંધ ગ્રંથો રચવાને શક્તિમાન થયા હતા. આ શિવાયનાં સેંકડો ઉદાહરણથી સિદ્ધ થાય છે કે પ્રયત્નથી જ્ઞાનાવરણીય કર્મ ત્રુટે છે, અને વિદ્યા પ્રાપ્ત થાય છે. તેથી 'હું અશક્ત છું, વૃદ્ધ છું, મને શાસ્ત્ર સમજાતાં નથી' ઇત્યાદિ બહાનાં કાઢી પ્રમાદનું સેવન ન કરતાં સતત્ વિદ્યાભ્યાસ કરવા પ્રયત્ન કરવો જોઇએ.

"**लक्ष्मीः पुण्यानुसारिणी**"—લક્ષ્મી પૂર્વકૃત શુભ કર્મને અનુસારે પ્રાપ્ત થાય છે. આ સ્થળે પ્રયત્નની મુખ્યતા નથી, કારણ પ્રાતઃકાળથી સાયંકાળ પર્યંત પ્રયત્ન કરનાર મજુર વિગેરેને સ્વલ્પ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે, અને સ્વલ્પ પ્રયત્ન કરનારને ઘણા દ્રવ્યની પ્રાપ્તિ થતી જગ જાહેર છે. માટે કોઇ એમ સમજતો હોય કે હું પુષ્કળ પ્રયત્ન કરવાથી પ્રચુર દ્રવ્ય મેળવી શકીશ, તો તે વિચાર ભુલ ભરેલો છે. ત્યારે ગૃહસ્થોએ પોતાના નશીબ ઉપર આધાર રાખી શું બેસી રહેવું? એવો કોઇ પ્રશ્ન કરે તો તેના ઉત્તરમાં કહેવાનું કે આ ગ્રંથમાં તેમજ બીજા ગ્રંથોમાં શ્રાવકોએ પોતાના આત્મહિતને ન બગાડતાં વ્યવસાયાદિક કેવી રીતે પ્રમાણિકપણે કરવા, તથા ક્યા ક્યા ધંધા શ્રાવકોને કરવા ઉચિત છે, તે તથા પ્રાપ્ત થએલા દ્રવ્યમાંથી ધર્મકાર્યમાં અને સાંસારિક કાર્યમાં કેટલું દ્રવ્ય ખર્ચવું તેના નિયમો બતાવ્યા છે, અને તે પ્રમાણે વર્ત્તનાર શ્રાવકો ચોક્કસ સુખી હોયજ એવી વિદ્વદ્વર્ગની

માન્યતા છે. તો શાસ્ત્રોક્ત રીતિએ પ્રયત્ન કરતાં જે દ્રવ્ય મળે તેનાથી સંતોષમાનવો યોગ્ય છે.

આ ગ્રંથમાં આગળ આપેલા ધનશ્રેષ્ઠિના દ્રષ્ટાંતથી આ વાત સિદ્ધ થાય છે, તેથી — **लक्ष्मीः पुण्यानुसारिणी** એ યથાર્થજ છે.

"दानानुसारिणी कीर्त्तिः"— કીર્ત્તિ દાનને અનુસારે થાય છે. આ સંબંધમાં જણાવવું જોઈએકે કેટલાએક ગૃહસ્થો પોતાને ત્યાં કોઇના ધર્માદાના પૈસા જમે હોય, અથવા પોતે ધર્માદા નિમિત્તે કાઢયા હોય તે ન વાપરતાં પોતાને ત્યાં જે જમે રાખ્યા હોય તે પૈસાથી કોઇ દાનાદિ કાર્ય કરી પોતાની કીર્ત્તિ થાય તેવું ઇચ્છે છે તે યોગ્ય નથી; આવા દાનાદિક અવસરે પણ ન્યાયનું અવલંબન કરી યથાતથ્ય જણાવવું યોગ્ય છે. કારણ કે કપટથી દાન કરતાં જ્યારે કપટ ખુલ્લું થાય છે ત્યારે દાન કરનારની કીર્ત્તિને બદલે અપકીર્ત્તિ થાય છે. પોતાના પૈસાનું દાન કરવાને અવસરે કીર્ત્તિની ઇચ્છા રાખ્યા વિના શુદ્ધપાત્રમાં શુદ્ધદ્રવ્ય અને શુદ્ધભાવથી દાન કરવું યોગ્ય છે. આ પ્રમાણે કરેલા દાનથી યોગ્ય કીર્ત્તિ ફેલાયા વગર રહેશે નહીં.

"बुद्धिः कर्मानुसारिणी" — કર્મને અનુસારે કાર્ય કરવાની બુદ્ધિ થાય છે. જેમ કોઇ માણસને અમુક વસ્તુથી લાભ થવાનો હોય તો તેને તે વસ્તુનો વેપાર કરવાની ઇચ્છા થાય, અને તેમાં પ્રવૃત્તિ કરતાં તે વસ્તુ તેને મળી આવી દ્રવ્યનો લાભ થાય. આ ઠેકાણે અમુક વસ્તુનો વેપાર કરવા રૂપ જે બુદ્ધિ થઇ તે પૂર્વકૃત કર્મને અનુસારે થઇ; તેમજ **" तादृशीजायतेबुद्धिर्यादृशी नवितव्यता "** જેવું કાર્ય થવાનું હોય તેવી પ્રવૃત્તિ કરવાની અભિલાષા થાય છે. આ સંબંધમાં વાલ્મિક રામાયણમાં કહ્યું છે કેઃ—

" न निर्मितः कैर्नच दृष्टपूर्वः, नश्रूयते हेममयःकुरङ्गः ।
तथापिजाता रघुनन्दनस्य, विनाशकाले विपरीतबुद्धि : ॥१॥ "

તાત્પર્ય એ છે કે— " સુવર્ણમય હરણ કોઇએ બનાવેલ નથી, પૂર્વે કોઇએ દેખ્યું નથી અને કોઇના સાંભળવામાં પણ આવતું નથી; તોપણ વિનાશ કાળે રામચંદ્રજીની બુદ્ધિ વિપરીત થઇ " તો આ પ્રમાણે બુદ્ધિ, ભાવી કાર્યને અનુસારે થાય છે. તે ઉપરથી ફલિતાર્થ એ નીકળે છે કે શુભાશુભ કાર્યમાં વિદ્વાનોએ સમ પરિણામ રાખવો અને દરેક પ્રયત્ને જેનાથી કર્મબંધ થાય એવાં તીવ્ર કષાયજનક

કાર્યો કરતાં અટકવું, પુનઃ પુનઃ વિચાર કરવો અને મ્હારી નિંદિત કાર્ય કરવાની મતિ કેમ થાય છે, એમ વિચારી દુર્મતિનો બનતે પ્રયત્ને ત્યાગ કરવો.

લક્ષ્મીના સંબંધમાં પૂર્વે સૂચવેલું ધનશ્રેષ્ઠિનું ઉદાહરણ આ પ્રમાણે છે.

કાંચનપુરમાં સુંદરશ્રેષ્ઠિનો ધનશ્રેષ્ઠિનામે પુત્ર નવાણું લાખ દ્રવ્યનો સ્વામી હતો. પંચાવન લાખ પૂર્વજોના ક્રમથી આવેલા હતા અને ચુંમાલીશ લાખ પોતાના પિતાએ ઉપાર્જન કરેલા હતા. જ્યારે પોતાના પિતા પરલોક ગયા ત્યારે તે ધનશ્રેષ્ઠિએ ક્રોડ દ્રવ્ય મેળવવાની ઇચ્છાથી ગૃહકાર્ય અને ધર્મકાર્ય વિગેરેના ખર્ચમાં એક લાખ દ્રવ્યનો ઘટાડો કર્યો; તોપણ વર્ષની અંતે હિસાબ (સરવૈયું) તપાસતાં કેટલાંએક કરીયાણાના ભાવ ઉતરી જવાથી તેટલું જ (નવાણું લાખ) દ્રવ્ય રહ્યું. ખર્ચ ઘટાડવાથી પણ અધિક દ્રવ્ય થયું નહીં. પછી બીજા દેશોમાં જઇ પંદર પ્રકારના કર્માદાનોથી વેપાર કરતાં તેણે એક ક્રોડથી અધિક દ્રવ્ય ઉપાર્જન કર્યું. દેશાંતરથી પાછા ફરતાં રસ્તામાં ભીલોએ તેનું સઘળું દ્રવ્ય લુંટી લીધું અને કાંઇક ગુપ્ત રાખેલાં આભૂષણ વિગેરે સારવસ્તુને લઇ તે ધનશ્રેષ્ઠિ પોતાને ઘેર આવ્યો. અને બીજીવાર હિસાબ (સરવૈયું) તપાસતાં પણ પૂર્વે હતું તેટલું જ (નવાણું લાખ) દ્રવ્ય રહ્યું. પછી ઘણા લોભથી આકુળ વ્યાકુળ મનવાળા તે ધનશ્રેષ્ઠિએ પલ્લી અને તેની આજુબાજુના ગામોમાં જઇ, ચોરોએ ચોરી કરીને આણેલી વસ્તુઓ સસ્તા ભાવથી લેવી, ચોરોને મદદ આપવી અને રાજકાયદાનું ઉલ્લંઘન કરવું વિગેરે પ્રકારોથી તેણે સવાક્રોડ દ્રવ્ય ઉપાર્જન કર્યું. પછી કોઈ ગામમાં અગ્નિથી તે સઘળું બળી જવાથી પોતાના આત્માની નિંદામાં તત્પર થયેલો તે ધનશ્રેષ્ઠિ ઘેર આવ્યો; તેને જિનદત્ત નામના તેના મિત્રે પ્રતિબોધ કર્યો કે "હે મિત્ર ! ખરાબ વેપારથી દ્રવ્ય અને ધર્મની હાનિ તું ન કર, અને ઘર વિગેરેનો ખર્ચ પણ પૂર્વે જેટલો કરતો હતો તેટલોજ કર " પછી તે ધનશ્રેષ્ઠિ પૂર્વની પેઠે ખર્ચ વિગેરે કરી વેપાર કરવા લાગ્યો. એક વખતે તેણે લાખ દ્રવ્યના સ્વામીઓથી કરાતી ક્રોટીધ્વજ વાળા ગૃહસ્થોની અભ્યુત્થાનાદિ ભક્તિને જોઇ, ૧ સાધન (મંત્રાદિ,) ૨ વાહન (ઘોડા પ્રમુખ) અને ૩ ખાણ એ ત્રણ પ્રકારથી ઘણું દ્રવ્ય ઉપાર્જન થાય છે, એમ શ્રવણકરી પ્રથમ ઘોડાનો વેપાર કરવા માંડયો. પછી મિત્ર પ્રમુખે તે ધનશ્રેષ્ઠિને વાર્યો તોપણ તે વહાણે ચઢયો, ત્યાં તેણે ઘણા ક્રોડોપ્રમાણ દ્રવ્ય મેળવ્યું. પછી એક ક્રોડની કિંમતનું રત્ન પોતાની જંઘામાં ઘાલી પાછા આવતાં તેનું વહાણ ભાંગી ગયું; અને

તેના હાથમાં એક પાટીયું આવ્યું. તે પાટીયાથી સમુદ્ર ઉતરી ઘેર આવ્યો; અને ફરી હિસાબ જોતાં પણ નવાણું લાખજ રહ્યા. કારણકે જંઘાની અંદર છુપાવેલા કોડ મૂલ્યના રત્નને શરીરની ગરમી વિગેરે લાગવાથી રત્નનું તેજ મંદ થઇ ગયું, તેથી તેની એક લાખ દ્રવ્ય જેટલી કિંમત ઓછી થઇ ગઇ. પછી તે શ્રમિત થએલો ધનશ્રેષ્ઠિ પુણ્ય ઉપર આધાર રાખી ઘર તથા ધર્મકાર્ય વિગેરેમાં અધિક ખર્ચ કરવાને તત્પર થયો. તેમ કરતાં ઘરમાં રહેલી વસ્તુઓના ભાવમાં વધારો થવાથી કેટલાએક દિવસે તેને કોટી દ્રવ્ય પણ પ્રાપ્ત થયું. તે પછી અનેક મંદિરોના જીર્ણોદ્ધાર અને નવીન જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા વિગેરે મોટાં પુણ્યકાર્ય કરવામાં પ્રયત્નવાન થએલા તે ધનશ્રેષ્ઠિને એક કોટીથી અધિક દ્રવ્ય થવા લાગ્યું; પરંતુ તેમાંથી કાંઇ પણ ઓછું થયું નહીં. કારણ કે " ઉત્તમ ધર્મ કરનારાઓની સર્વ ઠેકાણે વૃધ્ધિ થાયછે," એવી ઉક્તિ છે.અનુક્રમે ધનશ્રેષ્ઠિ પોતાના સુપુત્રને વિષે ઘરનો ભાર આરોપણ કરી પોતે ચારિત્રી (સાધુ) થયો. પછી અતિ તીવ્ર તપશ્ચર્યાથી ઘાતિ કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાની થયો, અને મોક્ષપદને પામ્યો. એવીજ રીતે અત્યંત કલેશ વિગેરેનો ત્યાગ કરી શુદ્ધ વ્યવહારના આચરણ કરનારનેજ પ્રાયે કરી દ્રવ્યવૃદ્ધિ અને વૈભવની પ્રાપ્તિ થાય છે. ગૃહસ્થપણામાં 'ન્યાય સંપન્ન વિભવ'ની મુખ્યતા છે, તેથી શરૂઆતમાં તે ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે.

હવે ગ્રંથકાર મહારાજ પ્રથમ ગુણનો ઉપસંહાર કરતાં ઉપદેશદ્વારા ધર્મ યોગ્ય પુરૂષને ઓળખાવે છે.

"इच्छं न्यायोपगतविभवः पुण्यकार्याण्यनेका-
न्यातन्वानो विशदविधिना प्राप्तकीर्तिप्रतिष्ठः।
लोके श्लाघापदमधिगतः शुद्धगार्हस्थधर्मे,
योग्यः प्रोक्तो मुनिभिरुदयत् सद्विवेकिप्रवेकः।१। "
इति न्यायसंपन्न विभवनामा प्रथमो गुणः समाप्तः ॥१॥

શબ્દાર્થ—"ઉપર જણાવ્યા પ્રમાણે ન્યાયથી પ્રાપ્ત થયેલ વિભવવાળો, નિર્મળ વિધિથી અનેક પુન્ય કાર્યો કરનાર, કીર્ત્તિ તથા પ્રતિષ્ઠા પામેલો, લોકમાં પ્રશંસા પાત્ર થયેલો, અને સદ્‌વિવેકની શ્રેષ્ઠતાને પ્રગટ કરનાર પુરૂષને મુનિઓએ શુદ્ધ ગૃહસ્થ ધર્મને યોગ્ય કહ્યોછે. ૧" ન્યાય સંપન્ન વિભવ યુક્ત હોય તે ધર્મને યોગ્ય થાય, ઇત્યાદિ વિસ્તારપૂર્વક માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ પૈકી પ્રથમ ગુણનું વર્ણન કર્યું.

દ્વિતીય ગુણ વર્ણન.

શિષ્ટ પુરુષોના આચારની પ્રશંસા.

વે ક્રમ પ્રાપ્ત શિષ્ટ પુરૂષના આચારની પ્રશંસા કરવા રૂપ બીજા ગુણનું વર્ણન કરે છે.

શિક્ષાને પ્રાપ્ત થયેલા અર્થાત્ વ્રતમાં રહેલા અને જ્ઞાનથી વૃદ્ધ એવા સત્પુરૂષો ની સેવાથી પ્રાપ્ત કરી છે નિર્મળ શિક્ષા જેમણે તે શિષ્ટ પુરૂષો કહેવાય છે, અને તેવા ઉત્તમ પુરૂષોનો આચાર—શ્રેષ્ઠ આચરણ રૂપ વર્ત્તન–તેની પ્રશંસા કરનાર અર્થાત્ તેમની ઉપવૃંહણા કરવી, ઉત્સાહ વધારવો, ઘણા લોકોની આગળ તેમના ગુણો ગાવા અને સહાય આપવા વિગેરે કાર્યોથી શ્લાઘા કરનાર હોય તેને શિષ્ટાચાર પ્રશંસક કહે છે. આ પ્રમાણે કરવાથી ખરેખર પુન્ય માર્ગની વૃદ્ધિ થાય છે, ગુણી પુરૂષોમાં માન્યતા થાય છે, ગુણવાન પુરૂષોની પ્રવૃત્તિ દૃષ્ટિ ગોચર થાય છે, ઉત્તમ માર્ગને અનુસરાય છે અને નિરંતર સર્વ લોકોનો મહાન્ ઉત્સાહ વૃદ્ધિ પામે છે, ઇત્યાદિ. વળી આ સદાચાર કેવો છે તે કહે છે.—

"लोकापवादभीरुत्वं, दीनाभ्युद्धरणादरः ।
कृतज्ञता सुदाक्षिण्यं, सदाचारः प्रकीर्त्तितः" ॥ १ ॥

શબ્દાર્થ:—"લોકોના અપવાદથી ભય રાખવો, દીન પુરૂષોનો ઉદ્ધાર કરવામા આદર કરવો, કરેલા ઉપકારને જાણવો, અને દાક્ષિણ્યતા (શરમ) રાખવી; આ ચારને સદાચાર કહેલો છે. ૧."

ભાવાર્થ—लोकापवादभीरुत्वं "— જે કાર્ય કરવાથી લોકોમાં નિંદા થાય તેવું કાર્ય કરતાં ભય રાખવો તે. અહીં તાત્પર્ય એવો છે કે પ્રાયે ધનાદિકના લોભથી અથવા ઇંદ્રિયોના વિષયને આધીન થઇ કોઇ અસત્ પ્રવૃત્તિ કરવાનું ઇચ્છે

તેને લોકાપવાદનો ભય છે, અને જે ધર્મિષ્ઠ હોય તેજ એવા ભયની દરકાર રાખે છે. તેથી તેમની અધર્મમાં પ્રવૃત્તિ થતી નથી. માટે શ્રાવકપણામાં 'લોકાપવાદ ભીરૂત્વ' ગુણની ખાસ આવશ્યકતા છે.

"**दीनाभ्युद्धरणादरः**"— દીન પુરૂષોનો ઉદ્ધાર કરવામાં આદરવાળો એટલેકે, પોતાના સ્વધર્મિ–જાતિ બંધુ કે દેશ બંધુ કોઇ પણ પ્રાણી આપત્તિમાં આવી પડયો હોય તો તેની ઉપેક્ષા નહીં કરતાં યથાશક્તિ તેને સહાય આપવામાં અથવા તો તેનો બનતા પ્રયાસે ઉદ્ધાર કરવામાં આદરયુક્ત થવું જોઇએ.

"**कृतज्ञता**"— કરેલા ગુણને જાણવો તે—આ સામાન્ય ગુણ દરેક વ્યક્તિને લાગુ પડે છે; દુનિયામાં પણ કરેલા ગુણને ભૂલી જનાર અધમ ગણાય છે. તેથી દરેક પ્રકારે પોતાની શક્તિ અનુસાર ઉપકારીના ઉપકારનો બદલો વાળવા ચુકવું નહીં. હવે જો કોઇ એક પુરૂષમાં ઉપકારીના ઉપકારનો બદલો વાળવાની કોઇ પણ રીતે શક્તિ ન હોય તોપણ તેણે તેનો બદલો વાળવા હમેશાં ઇચ્છા રાખવી જોઇએ કે જેથી કૃતઘ્નતા પ્રાપ્ત થાય નહીં, તેમજ ઉપકારીનો બદલો આપવાને શક્તિમાન પુરૂષે એવો પણ વિચાર ન કરવો જોઇએ કે મ્હારા ઉપર ઉપકાર કરનાર કાંઇ પણ આપત્તિમાં આવી પડે તો હું તેમને આપત્તિમાંથી મુક્ત કરી ઋણ મુક્ત થાઉં. એવો વિચાર કરવો તે માથું કાપી પાઘડી બંધાવવા જેવું છે; તેથી વિચારશીળ પુરૂષ આ પ્રમાણે વિચાર કરે નહીં. પરંતુ ઉપકારીના ઉપકારનું નિરંતર સ્મરણ કર્યા કરે અને ચિંતવે કે, મ્હારા ઉપર જેવી આપત્તિ આવી પડી હતી તેવી આપત્તિ મ્હારા ઉપકારી પુરૂષપર મા આવી પડો.

"**सुदाक्षिण्यं**"—સુદાક્ષિણ્યતાવાળો એટલે કેટલાએક સારા માણસો, મહાજન, જ્ઞાતિજન તથા ગ્રામ કે દેશના માનનીય પુરૂષો અમુક સુકૃત કાર્ય કરવા ભલામણ કરે, અને તે કરવામાં પોતાને મહેનત પડતી હોય, દ્રવ્યનો વ્યય થતો હોય, અગર બીજું કંઇ કષ્ટ સહન કરવું પડતું હોય તોપણ તે કાર્ય શરમને લઇને કરી આપે. કદિ ઉપરોક્ત પુરૂષો અકાર્ય કરવાની ભલામણ કરે તો તે કરવું કે નહીં? એવી કોઇ આશંકા કરે તેને કહેવાનું કે પ્રથમ તો ઉત્તમ પુરૂષો તેવા અકાર્યની ભલામણ કરેજ નહીં. કદિ તેવા સંજોગોને લઇ અકાર્ય કરવાનું કહેવામાં આવે તો તેવા કાર્યમાં દાક્ષિણ્યતા રાખવી યોગ્ય નથી. આ ગુણવાળો પુરૂષ દુની-

યાને પ્રિય થાય છે તેથી આ ગુણની શ્રાવકપણામાં આવશ્યકતાછે. ઉપર જણાવેલા ચાર ગુણોને સદાચાર કહેલો છે. ૧ વળી કહ્યું છે કેઃ—

"सर्वत्र निन्दा सन्त्यागो, वर्णवादस्तु साधुषु ।
आपद्यदैन्यमत्यन्तं, तदुत्सम्पदि नम्रता ॥ २ ॥"

શબ્દાર્થ—" સર્વ ઠેકાણે નિંદાનો સર્વથા ત્યાગ, સત્પુરૂષોની પ્રશંસા, અત્યંત કષ્ટમાં અદીનપણું અને તેવીજ રીતે સંપત્તિમાં નમ્રતા રાખવી ॥ ૨ ॥ "

ભાવાર્થ—" **सर्वत्र निन्दा सन्त्यागो** "—કોઇ પણ માણસે કોઇ પણ વ્યક્તિની નિંદા કરવી નહીં. પરંતુ વિપરીત આચરણ કરનારને જોઈ તેના ઉપર કરૂણા લાવી તેને પોતે બનતા ઉપાયે વિપરીત કર્મ કરતાં અટકાવે, અને સન્માર્ગે ચલાવવા પ્રેરણા કરે, અને જો તેમ કરતાં અસત પ્રવૃત્તિનો તે ત્યાગ ન કરે તો તેના ઉપર ઉદાસીનતા ધારણ કરે; પણ તેના ઉપર દ્વેષ ધારણ કરી નિંદા ન કરેઃ નિંદા કરવાથી નિંદા કરનાર પુરૂષના આત્માને કોઇ પણ પ્રકારનો લાભ થતો નથી. પરંતુ જે પુરૂષની નિંદા કરવામાં પ્રવર્ત્તમાન થયો હોય તેના અવગુણમાં ચિત્તની રમણતા થવાને લીધે આત્મામાં તે અવગુણોનું પ્રતિબિંબ પડવાથી આત્મા મલીનતાને પામે છે જેમ જિનેશ્વર કે મહર્ષિઓના ગુણોત્કીર્ત્તન કરવાથી ગુણોત્કીર્ત્તન કરનારનો આત્મા નિર્મળતાને પ્રાપ્ત થાય છે, તેમ તે ન્યાય આ ઠેકાણે લાગુ કરી કોઇ પણ વ્યક્તિની નિંદા કરી આત્માને કલુષિત કરવો નહીં. તેમાં રાજા, મંત્રી, દેવ, ગુરૂ, સંઘ અને સત્પુરૂષોની નિંદાનો ત્યાગ તો અવશ્ય કરવો જોઇએ. નહીં તો રોહિણીની પેઠે નરક અને તિર્યંચનાં અતિ તીવ્ર દુઃખોનો અનુભવ કરવો પડશે. એમ જાણી નિંદાથી નિવર્ત્તવું એજ ઉચિત છે.

"वर्णवादस्तु साधुषु"—સત્પુરૂષોની પ્રશંસા કરવી–તેમના શાંતતા, ગંભીરતા, શૌર્યતા, નમ્રતા, સહનશીલતા, વિષયવિમુખતા, વચનમાધુર્યતા, નિરભિમાનતા, ગુણજ્ઞતા, નિપુણતા, સરળતા, સૌમ્યતા, દાક્ષિણ્યતા, અદીનતા, સર્વજનવલ્લભતા, પ્રમાણિકતા, નિઃસંગિતા, નિડરતા, નિર્લોભતા, પરોપકારિતા, દીર્ઘદર્શિતા, ધર્મચુસ્તતા, સંસારવિમુખતા તથા ઔદાર્ય, ધૈર્ય, સૌજન્ય, ઔચિત્ય, વિનય, વિવેક, અનુભવ, સદાચાર અને પાપભીરૂત્વ વિગેરે અનેક ગુણોનું નિરંતર સ્મરણ કરવું, અને તેમને

પ્રસિદ્ધિમાં લાવવા શક્તિ અનુસાર ચેાગ્ય પ્રયાસ કરવેા. કેમકે મહાત્માઓના આવા ઉત્તમ ગુણેા ધાર્મિક તેમજ નૈતિક અવનતિના પ્રસંગે ખરેખર એક પુષ્ટ આલંબન રૂપ થઇ પડે છે. વળી તેમની પ્રેમ પૂર્વક કરેલી પ્રશંસા ઉત્તરોત્તર ગુણ પ્રાપ્તિ, પુણ્યવૃદ્ધિ, નરેંદ્રપણું સ્વર્ગ તથા યાવત્ અપવર્ગના ફળને પણ આપનારી થાય છે. માટે સંત પુરૂષેાના ગુણેા દૃષ્ટિગેાચર કરી તેમની પ્રશંસા કરવામાં ઉદાસીનતા ધારણ કરવી નહીં, કારણ કે આગળ કહેવામાં આવનાર સાધુ પુરૂષેાના ગુણેાની પ્રશંસા કરનાર તથા ઉદાસીનતા રાખનાર બે ચેારેાના ઉદાહરણની પેઠે શુભાશુભ ફળની પ્રાપ્તિ થાય છે. તેથી વિશેષ ધર્માભિલાષી પુરૂષેાએ ઉદાસીનતાનેા ત્યાગ કરી તેમના ગુણેાની પ્રશંસા અવશ્ય કરવી જોઈએ.

" **आपद्यदैन्यमत्यन्तम्** "—ગમે તેવી આપત્તિ આવે તેા પણ અતિશય દીનપણું ધારણ કરવું નહીં. પણ એવી વખતે આત્માની શક્તિનેા વિચાર કરી મનન કરવું કે, પૂર્વ ભવ સંબંધી કેાઈ નિકાચીત કર્મ ઉદયઆવ્યું છે; તેા તેને સમભાવથી વેદવું—ભેાગવવું એજ આ આપત્તિના વિનાશનેા પ્રતિકાર છે. માટે મ્હારે દીન થવાની કે યાચના કરવાની કેાઇ પણ પ્રકારે જરૂર નથી. આ કર્મ પેાતાનુ ફળ આપી નષ્ટ થતાં આત્મા પેાતાની મેળે કર્મજનિત આપત્તિથી મુક્તિ થશે એટલે મ્હારા પેાતાના આત્મામાં રહેલાં અનંત સુખેા પ્રગટ થવાથી સર્વ કલેશેા નાશથશે, એવેા વિચાર કરી સમભાવમાં રહેવાની પ્રવૃત્તિ કરે. પરંતુ સર્વથા દીનતા કરે નહીં. કારણકે દીનતા કરવાથી પેાતાની નિર્બળતા જાહેરમાં લાવવા શિવાય બીજી કાંઈ પણ કાર્ય-સિદ્ધિ થતી નથી.

" **तद्वत्सम्पदि नम्रता** "—તેવીજ રીતે સંપત્તિમાં નમ્રતા રાખવી. કદિ પુન્યેાદયથી સંપત્તિ પ્રાપ્તથાય તેાપણ અહંકાર ન ધારણ કરતાં હમેશાં નમ્રતા રાખે. એવા ભાગ્યેાદયના વખતે વિચાર કરે કે મ્હારા પૂર્વ પુન્યનેા ઉદય થવાથી આ સંપત્તિ, સ્વજન, અને સંતતિ વિગેરે અનુકૂળ પદાર્થો મને પ્રાપ્ત થયાં છે; તેા આવા અનુકૂળ અવસરે મ્હારે સમપરિણામે રહી અસ્થિર સંપત્તિથી મદાંધ ન થતાં નમ્રતા ધારણ કરવીજ ચેાગ્ય છે. તેમજ આ સંપત્તિને સ્થિર કરવાનેા ખરેખરેા પ્રતિકાર તેા એ છે કે પેાતાની લક્ષ્મીના જૈનાગમ તથા જૈનમંદિરનેા જીર્ણોદ્ધાર, દીનેાદ્ધાર, સત્પાત્ર, અને જ્ઞાનદાન આદિકમાં વિનિયેાગ કરવેા તેજ છે. કારણકે પુન્યને અનુસારે પ્રાપ્ત

થનારી લક્ષ્મીનો વ્યય સત્કાર્યમાં કરવાથી પુન્યની વૃદ્ધિ થાય છે, અને પુન્યની વૃદ્ધિ થવાથી લક્ષ્મી સ્થિર થાય છે. નહિ તો ચક્રવર્ત્તી અને ઇંદ્રાદિકની ઋદ્ધિ પણ સ્થિર રહી નથી તો આ મનુષ્ય સંબંધી અસ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થવાથી રંક શ્રેષ્ઠિની પેઠે અહંકાર કરવોએ સર્વથા અનુચિત છે. કહ્યું છે કેઃ—"**नमन्ति सफला वृक्षः** (જ્યારે વૃક્ષો ફળેછે ત્યારે તે નમ્રીભૂત થાયછે.) તેવી રીતે જેમ જેમ સંપત્તિ પ્રાપ્ત થતી જાય તેમ તેમ વિશેષ નમ્રતા રાખવામાંજ શોભા રહેલી છે. પરલોકમાં પણ ધનમદથી ધનનાશ, માન હાનિ, દરિદ્રતા વિગેરે પ્રાપ્ત થાય છે. માટે ધનનો અહંકાર પરલોકમાં પણ હિતકારક નથી, તેથી નમ્રતા એજ સંપત્તિનું ભૂષણ છે. એ ગુણ ઉત્તમ પુરૂષને અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય છે. વળી કહ્યું છે કે—

" प्रस्तावे मितभाषित्वमविसंवादनं तथा ।
प्रतिपन्न क्रिया चेति, कुलधर्मानुपालनम् " ॥ ३ ॥

શબ્દાર્થ—" પ્રસંગ આવે જરૂર પુરતું બોલવું, તથા વિરોધ ન કરવો, ક્રિયા અંગીકાર કરવી અને પોતાના કુળ ધર્મનું પાલન કરવું. ॥ ૩ ॥ "

ભાવાર્થ—"प्रस्तावे मितभाषित्वम्"—પ્રસંગ આવે જરૂર પુરતુંજ બોલવું જોઈએ. કેમકે અસંબંધવાળાં અથવા સંબંધવાળાં પણ વાક્યો વિશેષ બોલવાથી ઘણી વખત શ્રોતાઓ કંટાળી જાય છે, તેથી ધારેલી અસર થતી નથી. કદિ કોઇ એમ કહેકે ત્યારે શાસ્ત્ર સંબંધી ભાષણ પણ વિશેષ કરવાં સારાં કેમ ગણાશે ? તેને માટે કહેવું જોઈએ કે જિનેશ્વરની વાણીમય અગાધ શાસ્ત્રોમાંથી જેટલું ન બોલાય તેટલું બોછું છે માટે પ્રયોજન પુરતું અને અસરકારક બોલવું જોઈએ. બોલતાં પહેલાં અંતરંગ વિચારો થવાથી મનમાં સંકલ્પ વિકલ્પની જાળ ઉત્પન્ન થાય છે. પછી આત્મા ભાષાવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી મુખદ્વારા પ્રગટ કરે છે; એટલે અપ્રાસંગિક કે પ્રાસંગિક પણ વિશેષ બોલવામાં આટલી બધી ખટપટમાં આત્માને ઉતરવું પડે છે. તેથી પ્રસંગે પણ મિતભાષિપણું રાખવું યોગ્ય છે.

" अविसंवादनं तथा "—કોઇ પણ સાથે વિરોધ કરવો નહિ. કેમકે વિરોધ કરવાથી વૈર પરંપરા વધે છે, અને આર્ત્ત તથા રોદ્રધ્યાન થવાથી મનુષ્ય જન્મનું

ફળ જે સ્વર્ગ કિંવા મોક્ષરૂપ થવું જોઇએ તેને બદલે તે વિસંવાદ ઉપરોક્ત દુર્ધ્યાન કરાવી આત્માને નરક કે તિર્યંચરૂપ દુર્ગતિમાં ખેંચી જવા સમર્થ થાય છે. તેથી વિચારશીલ પુરૂષે વિરોધ કરતા પહેલાં વિચાર કરવો. તેમાં પણ વ્રતધારી શ્રાવકોએ અને વિશેષે કરી યતિ મહાશયોએ તો સર્વથા વિસંવાદ ત્યાગજ કરવો જોઇએ. કારણ કે યતિવર્યો હમેશાં આવશ્યકમાં "**मित्ती मे सव्वभूएसु**" આ મહાવાક્યનું સ્મરણ કરે છે. તો તેમણે તો કોઇ પણ સાથે વિરોધ રાખવો એ વ્યાજબી ગણાશે નહીં. "**प्रतिपन्नक्रिया चेति**"—અંગીકાર કરેલું કાર્ય કરવામાં વિઘ્ન આવે તો પણ તેથી ડરી ન જતાં તે કાર્ય પુરૂં કરવાનો પ્રયત્ન કરવો. કાર્ય કરવાનું અંગીકાર કરતાં પહેલાં કાર્યના ગુણ દોષ, પોતાની શક્તિ, સહાયક અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવનો વિચાર કરી કાય કરવાનો આરંભ કરવો. બનતા સુધી પોતાની જાત મહેનતથી થઇ શકે તેવું કાર્ય હાથ ધરવું કે તે પરિપૂર્ણ થવામાં વાંધો આવે નહીં. પરંતુ બીજાઓના ઉપર આધાર રાખી કાર્ય હાથ ધરવું નહીં. આ ઉપરથી એમ નહીં સમજવું કે કોઇ પણ કાર્ય હાથ ધરવું એ એક આપત્તિ છે. કહ્યું છે કેઃ—

" प्रारभ्यते न खलु, विघ्नभयेन नीचैः,
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः,
प्रारब्धमुत्तमजनाः न परित्यजन्ति ॥ १ ॥ "

તાત્પર્યાર્થઃ—"વિઘ્ન આવશે એમ ધારી નીચ પુરૂષો શુભ કાર્યનો પ્રારંભ કરતા નથી, વિઘ્નથી હણાએલા મધ્યમ પુરૂષો કાર્યનો પ્રારંભ કરી વિરમી જાય છે. અને ઉત્તમ પુરૂષો તો વારંવાર વિઘ્નથી હણાયા છતાં પણ પ્રારંભ કરેલા કાર્યનો ત્યાગ કરતા નથી." આ ઉપરથી દરેક સત્પુરૂષોએ સત્કાર્ય કરવામાં વીર્ય ફોરવીતેને સંપૂર્ણ કરવા ચુકવું નહીં.

" **कुलधर्मानुपालनं** "—કુળધર્મનું પાલન કરવું—શ્રાવકના કુળમાં જન્મ પ્રાપ્ત થયા છતાં કુસંગતિથી પોતાના શુદ્ધ આચારનો ત્યાગ કરી મ્લેચ્છાદિક લોકોના વેષ તથા દુરાચારોનું ગ્રહણ કરવામાં શ્રેષ્ઠતા માનવી તે શ્રાવકને કોઇ પણ રીતે યોગ્ય નથી. ભાગ્યોદયથી પ્રાપ્ત થએલા જૈનધર્મ અને તેના આચારો સુશ્રાવકે પ્રા-

ણાંતે પણ છોડવા જોઈએ નહીં. આ ઠેકાણે અસત્ કુળાચારની ઉપેક્ષા કરી શ્રાવકના કુળનો સંબંધ હોવાથી શ્રાવકના કુળાચારનું ગ્રહણ કરેલું છે. વળી કહ્યું છે કેઃ—

" असद्व्ययपरित्यागः, स्थाने चैव क्रिया सदा ।
प्रधानकार्ये निर्बन्धः, प्रमादस्य विवर्जनम् ॥ ४ ॥ "

શબ્દાર્થ—"કુળ વિનાના ખર્ચનો ત્યાગ કરવો, ઉચિત સ્થાનમાંજ હમેશાં ક્રિયા કરવી, શ્રેષ્ઠ કાર્યમાં આગ્રહ રાખવો અને પ્રમાદનો ત્યાગ કરવો ॥૪॥"

ભાવાર્થ—"**असद्व्यय परित्यागः**"—નિષ્કુળ ખર્ચનો ત્યાગ કરવો જોઇએ. કારણકે તેમ થવાથી દ્રવ્યનો નાશ થઈ પાપની વૃદ્ધિ થાય છે, તેથી આ લોકમાં દરિદ્રતા તથા અપકીર્તિ અને પરલોકમાં દુર્ગતિ વિગેરેના અતિતીવ્ર દુઃખ સહન કરવાં પડે છે. વળી અસત્ કાર્યમાં દ્રવ્યનો વ્યય થઇ જવાથી મનુષ્ય ભવને યોગ્ય ખરેખરૂં પુન્ય કાર્ય જે દ્રવ્યથી કરવાનું છે તે રહી જાય છે, જેથી પરીણામે પશ્ચાતાપ કરવો પડે છે, માટે અસત્ કાર્યમાં દ્રવ્યનો વ્યય કરતાં પહેલાં ખાસ શુભાશુભ ફળનું મનન કરી ભવિષ્ય કાળમાં આપત્તિ વિગેરે કાંઇ ખમવું નપડે તેવી રીતે પ્રવૃત્તિ કરે. તેમજ માત્ર ખાલી નામના કરવાની ઇચ્છાથી લગ્નાદિ પ્રસંગોમાં પણ બીજા ધનાઢયોની સાથે સ્પર્દ્ધામાં ઉતરવા પ્રયત્ન નહીં કરતાં સમયોચિત અને શક્તિ અનુસાર વ્યય કરવો યોગ્ય છે.

" **स्थाने चैव क्रिया सदा** "—દરેક ક્રિયા હમેશાં યોગ્ય સ્થાનેજ કરવી જોઇએ, અનુચિત સ્થાનમાં ક્રિયા કરવાથી કાર્યની જેવી જોઇએ તેવી સફળતા થઇ શક્તિ નથી. જેમ સિદ્ધગિરિ આદિ પવિત્ર ક્ષેત્રમાં પ્રભુભક્તિ, બ્રહ્મચર્ય, સામાયિક પ્રતિક્રમણ, તપ,જપ, ધ્યાન અને મુનિદાન વિગેરે જેવું સ્થિર ચિત્તથી થઇ શકે છે તેવું પોતાના ગામમાં કે ઘરમાં પ્રાયે થઇ શકતું નથી. વળી સાધુની સમીપમાં કે ઉપાશ્રયમાં જેવી ધર્મ ક્રિયા થઇ શકેછે; તેવી ગૃહાદિક અન્ય સ્થાનમાં થઇ શકતી નથી. માટે વિચારશીલ પુરૂષે યોગ્ય સ્થાને યોગ્ય ક્રિયા કરવી.

"**प्रधानकार्ये निर्बन्धः**"શ્રેષ્ઠ કાર્ય કરવામાં આગ્રહ રાખવો જોઇએ,કારણકે આ ચરાચર જગતમાં પ્રાણી માત્રને અનેક કાર્ય કરવાનાં છે છતાં તેનો ધર્મ, અર્થ, કામ

અને મોક્ષરૂપ ચાર વિભાગમાં સમાવેશ કરવામાં આવ્યોછે. તેમાં પણ અર્થ અને કામની પ્રાપ્તિ જો કે ધર્મ કરવાથી થાયછે તો પણ વિવેક વિના તેનું (અર્થ અને કામનું) સેવનકરનાર દુર્ગતિનું ભાજન થાય છે. તેથી તેના સંબંધમાં આવેલાં સર્વ કાર્ય અવશ્ય કરણીય ન હોવાથી તે પ્રધાન કાર્ય નથી, માટે તેને ગ્રંથકર્તાએ તેને ગૌણતામાં રાખી અનંત રત્નત્રય,અનંત વીર્ય અક્ષય સ્થિતિ અને અનંત સુખ આપનાર મોક્ષરૂપ પુરૂષાર્થને પ્રધાન કાર્ય ગણેલું છે,અનેતે ધર્મરૂપ પુરૂષાર્થ સિદ્ધ થવાથી પ્રાપ્ત થાય છે. તેથી ધર્મ એજ પ્રધાન કાર્ય છે. કહ્યું છે કે—

" त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य ।
तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थकामौ॥१॥"

તાત્પર્યાર્થ:—"ધર્મ અર્થ અને કામરૂપ ત્રિવર્ગનું સાધન કર્યા શિવાય મનુષ્યનું આયુષ્ય પશુની પેઠે નિષ્ફળ છે, તેમાં પણ પંડિત પુરૂષો ધર્મને પ્રધાન કહે છે; કારણકે તેના વિના અર્થ અને કામની પ્રાપ્તિ થતી નથી. ૧" માટે વિવેકી પુરૂષે ધર્મરૂપ પ્રધાન કાર્યને બાધ ન આવે તેવી રીતે પ્રવૃત્તિ કરવી એ ઉચિત છે.

" प्रमादस्य विवर्जनम् "—પ્રમાદનો ત્યાગ કરવો. તેત્યાગ કરવાનું કારણ એ છે કે પ્રાણી માત્રનો કટ્ટો શત્રુ પ્રમાદજ છે, અને જે શત્રુ હોય તેનો ત્યાગ કરવો એ સૃષ્ટીનો એક સ્વાભાવિક નિયમ છે. તો પ્રમાદ શત્રુનો ત્યાગ કરવાને બદલે તેની સેવા કરવી એ નિયમથી કેટલું વિરૂદ્ધ છે? કદિ કોઇ રાજા હુકમ કરે કે મ્હારી તમામ રૈયતે હમેશાં એક કલાક મ્હારી સેવા ઉઠાવવી; રાજાના આ હુકમને લોક જુલમી હુકમ ગણશે અને તેને (હુકમને) રાજા પાસે પાછો ખેંચાવવા વિદ્વાન્, ધનવાન્, અને સમસ્ત પ્રજાવર્ગ બનતો પ્રયાસ કરવા ચુકશે નહીં. તો જ્યારે પ્રમાદરૂપી રાજા તેઓને ભ્રમમાં નાંખી પ્રતિદિન ઘણા કલાકો સેવા કરાવે છે,ત્યારે તેની સેવામાંથી મુક્ત થવા માટે બનતો પ્રયાસ કેમ ન કરવો જોઇએ? જે પ્રમાદ રાજાની આજ્ઞા ત્રણ લોકના પ્રાણીઓ મસ્તકે ચડાવે છે તે પ્રમાદના મુખ્ય પાંચ ભેદ છે, અને ગૌણતાએ દરેક પ્રાણીઓના વિચિત્ર સ્વભાવોને લીધે અનેક ભેદો થાય છે. પરંતુ તે સર્વે ત્યાગ કરવા યોગ્ય છે. આ પ્રમાદ કયે વખતે અને કેવા રૂપમાં આવશે તે મુકરર નથી. માટે સાધુ અગર શ્રાવકોએ પ્રમાદ શત્રુથી સાવધાન રહી, હમેશાં આત્મામાં જાગ્રતિ રાખી

તેને લેશમાત્ર પણ સ્થાન આપવું નહીં. કારણ કે સંસારની વૃદ્ધિ કરનાર અને પૂર્વધરોને પણ છેક નિગોદ સુધી પહોંચાડનાર તેજ છે. કહ્યું છે કેઃ—

" मज्जं विसयकसाया, निद्दा विगहा य पंचमीनणिया ।
एए पंच पमाया, जीवं पाडंति संसारे ॥ १ ॥ "

તાત્પર્યાર્થઃ—"આઠ મદ, પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષય, સોળ કષાય, પાંચ પ્રકારની નિદ્રા અને ચાર વિકથા એ પાંચ પ્રમાદ જીવને સંસારમાં પાડે છે.॥૧॥" આ ગાથાનું મનન કરતાં એમ લાગે છે કે કોઇ ભવ્ય પ્રાણી સંસારી કાર્યમાંથી અવકાશ મેળવી ધર્મ કરવાને તત્પર થાયછે, તેટલામાં ઉપરોકત પ્રમાદ આડા આવી તેને તેમ કરતાં અટકાવેછે; તો તેનાથી પાછા નહીં હઠતાં આત્મવીર્યને પ્રકાશમાં લાવી, પ્રમાદનો પરાજયકરી, ધર્મ કરવામાં તત્પર થવું; અને જે કાર્ય આજે કરવાનું હોય તેને આવતી કાલ ઉપર મુલતવી રાખવું નહીં. કહ્યુંછે કેઃ—

" कलकरणसो आज कर, आजकरणसो अब ।
अवसर बिता जातहै, फिर करेगा कब ॥ "

આ કવિતાનો વિચાર કરી જે શુભકાર્ય કરવાનું હોય તે શીઘ્ર કરવું જોઇએ. કેમકેઃ—"श्रेयांसि बहुविघ्नानि " શુભ કાર્યમાં ઘણાં વિઘ્ન આવે છે, માટે શુભ કાર્ય કરવામાં વિલંબ કરવો નહીં. વળી કહ્યું છે કેઃ—"धर्मस्य त्वरिता गति"—

ધર્મની ગતિ શીઘ્ર હોય છે. તેથી ધર્મ કરણી કરવામાં ક્ષણ માત્ર પણ પ્રમાદ કરવો નહીં. ભગવાન દેવાધીદેવ મહાવીરસ્વામી મહારાજે પ્રથમ ગણધર શ્રીમદ્ ગૌતમસ્વામી કે જેઓ પ્રાયે અપ્રમત્તપણે વર્તતા હતા, તોપણ તેઓશ્રીને ઉદ્દેશી જૈનાગમમાં ફરમાવ્યું છે કેઃ—"समयं गोयम मा पमायए"— હે ગૌતમ ? સમયમાત્ર પણ તું પ્રમાદ કરીશ નહીં. આ મહાવાક્ય ઉપરથી પ્રમાદનું ખળ કેવું પ્રબળ છે તે સ્પષ્ટ જણાઇ આવે છે. માટે હું સુશ્રાવક છું અથવા સર્વોત્તમ સાધુ છું એવો નકામો અહંકાર નહીં કરતાં પ્રમાદ ત્યાગ કરવામાં સતત પ્રયાસ કરવો; નહીં તો કંડરીક અને મંગ્વાચાર્ય વિગેરેની પેઠે દુર્ગતિના દુઃખ સહન કરવાનો પ્રસંગ આવશે. વળી કહ્યું છે કેઃ—

" लोकाचारानुवृत्तिश्च, सर्वत्रौचित्यपालनं ।
प्रवृत्ति र्गर्हिते नेति, प्राणैः कण्ठगतैरपि ॥ ९ ॥ "

શબ્દાર્થઃ—" લોકાચારનું અનુકરણ કરવું, સર્વ ઠેકાણે ઔચિત્યનું પાલન કરવું અને કંઠે પ્રાણ આવે તોપણ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. ॥ ૫ ॥ "

ભાવાર્થઃ—" **लोकाचारानुवृत्तिश्च**"— લોક એટલે મહાજન તેમનો જે આચાર તે લોકાચાર તેને અનુસરી વર્ત્તન કરવું. કહ્યું છે કેઃ—"**महाजनो येन गतः स पंथाः**"—મહાન્ પુરૂષ જે માર્ગે ગયા હોય તે માર્ગ કહેવાય છે, અને તેમાર્ગ અન્ય પુરૂષોને અનુકરણીયછે. માટે દ્રવ્ય, ક્ષેત્ર,કાળ અને ભાવનો વિચાર કરી લોકાચારનું પાલન કરવા પ્રયત્ન કરવો. આ સ્થળે કહેવું જોઇએ કે, કેટલાએક લોક દેશાચાર તથા કુળાચારને લોકાચાર ગણી તે આચાર લોક વિરૂદ્ધ કે શાસ્ત્ર વિરૂદ્ધ હોય તો પણ તેનો ત્યાગ કરવાને આનાકાની કરેછે, તે યોગ્ય નથી. જેનાથી ઉભય લોકના હિતની હાનિ થતી હોય, અને જિનાજ્ઞાનો ભંગ થતો હોય તેવો આચાર લોકાચાર થઇ શકે નહીં. તેથી એવા મન કલ્પિત લોકાચારનું અનુકરણ કરવું સર્વથા અનુચિત છે. શુદ્ધલોકાચારનું પાલન પ્રાણીમાત્રને ધર્મ પ્રાપ્તિ અને આત્મ હિતનું કારણભૂત થઇ પડેછે. માટે બનતા પ્રયાસે વિવેકી પુરૂષે શુદ્ધ લોકાચારનું ઉલ્લંઘન ન થાય તેવી પ્રવૃત્તિ કરવી.

" **सर्वत्रौचित्यपालनम्**"—સર્વ ઠેકાણે ઔચિત્યનું પાલન કરવું, કેમકે કદિ સાંસારિક કાયમાં સમયાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવામાં ન આવે તો લોકમાં માન હાનિ, મદાંધતા અને વિવેક શૂન્યતા પ્રગટ થાય, અને ધર્મની પણ અપભ્રાજના થવાનો પ્રસંગ આવે, તેથી વિવેક પુરસ્સર પ્રવૃત્તિ કરવી. કહ્યું છે કેઃ—"**विवेको दशमो निधिः**" આ વાક્યાનુસાર વૃદ્ધ, જ્ઞાની, અભ્યાગત જ્યેષ્ટ તથા કનિષ્ઠ બંધુ અને સત્પુરૂષોનું ઔચિત્ય સાચવવા અને કોઇ પણ વ્યક્તિને અપ્રિય લાગે તેવી પ્રવૃત્તિ કદિ પણ નહીં કરવા વિવેકીપુરૂષોએ ખાસ ધ્યાન આપવું જોઇએ.

" **प्रवृत्तिर्गर्हित नेति**"—કંઠે પ્રાણ આવે તોપણ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી નહીં કેમકે જે કરવાથી આત્મગુણહાનિ, જિનાજ્ઞાભંગ, લોકાપવાદ અને રાજ વિરૂદ્ધતા થાય તેવાં દુર્વ્યસનનું સેવન અને પ્રમાદ તથા કષાયાદિક નિંદિત કાર્યોનો પ્રયત્ન પૂર્વક ત્યાગ કરવો, કારણ કે નિંદિત કાર્ય સત્યકી વિદ્યાધરની પેઠે

આ લોક તથા પરલોકના અહિતને માટે થાય છે.

ઉપરોક્ત સર્વ પ્રકારનો સદાચાર આચરણ કરવા લાયક છે. માટે વિશેષ ધર્માભિલાષી પુરૂષે સદાચાર ગ્રહણ કરવા ચુકવું નહીં. કહ્યું છે કેઃ—

" विपद्युच्चैः स्थेयं पदमनुविधेयं च महतां,
प्रिया न्याय्या वृत्तिर्मलिनमसुभङ्गेप्यसुकरम् ।
असन्तो नाभ्यर्थ्याः सुहृदपि न याच्यः कृशधनः,
सतां केनोद्दिष्टं विषममसिधारा व्रतमिदम् ॥ ६ ॥"

શબ્દાર્થઃ—" આપત્તિ વખતે ઉચ્ચ સ્થિતિમાં રહેવું, મહાન્ પુરૂષોના પગલે ચાલવું, ન્યાય વૃત્તિને પ્રિય કરવી, પ્રાણનો નાશ થતાં પણ મલિન કાર્ય ન કરવું; દુર્જનની પ્રાર્થના ન કરવી અને પોતે નિર્ધન થયા છતાં પણ મિત્રની પાસે યાચના કરવી નહીં. એવું અતિ વિષમ અને ખડ્ગની ધારા જેવું આ વ્રત સત્પુરૂષોને કોણે બતાવ્યું હશે ? ૬ "

આ 'શિષ્ટાચાર પ્રશંસા' ધર્મરૂપી બીજનો આધાર અને પરલોકમાં ધર્મ પ્રાપ્તિનું કારણ હોવાથી મોક્ષરૂપ કાર્યનું કારણ થાય છે. તેને ચોરના દ્રષ્ટાંતથી બતાવે છે—

કોશાંબીપુરીમાં સદ્ભૂત ગુણોના ઉત્તમ ભંડાર રૂપ અને જૈન ધર્મના આસ્વાદથી ઉલ્લાસ પામેલો જિતારિ નામે પ્રખ્યાત રાજા હતો, અને તેજ નગરીમાં મોટી ઋદ્ધિવાળા ધન અને યક્ષ નામના બે શેઠીયા રહેતા હતા. તેમાં ધન શ્રેષ્ઠીને પોતાના કુળને આનંદ આપનાર ધર્મપાલ નામે પુત્ર હતો, અને યક્ષ શ્રેષ્ઠીને દ્રવ્યની વૃદ્ધિ કરનાર વસુપાલ નામે પુત્ર હતો. અનુક્રમે તે બન્ને મનોહર એવી યોવન વયને પ્રાપ્ત થયા. અને પૂર્વ જન્મના સંસ્કારને લીધે બાલ્યાવસ્થાથીજ તે બન્નેને ક્ષીર નીર પેઠે અત્યંત આશ્ચર્યકારક મિત્રતા થઇ. તે બે મિત્રોમાંથી એકને જે રૂચે તે બીજાને પણ રૂચતું હતું. તેથી લોકમાં આ બન્ને એક ચિત્ત વાળા છે એવી પ્રસિદ્ધિને પામ્યા. તે પછી પોતાના કુળને ઉચિત કાર્ય કરતાં તે બન્નેના દિવસો નિર્ગમન થતા હતા. તેવામાં એક વખતે તે નગરીના ઉદ્યાનમાં જગત્વત્સલ શ્રીમાન્ મહાવીર સ્વામીનું આગમન થયું, અને દેવોએ સમોસરણની રચના કરી.આ વાતની ખબર પડતાં નગરના લોકોની સાથે કોશાંબીનો રાજા જિતારિ વીરપ્રભુને વંદન કરવા ગયો. કુતૂહળમાં તત્પર તે બે શેઠીઆના પુત્રો પણ ભગવાન્ મહાવીરને વંદન કરવા ગયા. તે

વખતે જિનેશ્વરે ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. પછી તે બે વણિકના પુત્રોમાંથી એક ને જિનેશ્વરની વાણી શ્રદ્ધા રૂપ થાય છે, અને તેના મનને રૂચે છે, તેથી વિશાળ નેત્ર વાળો, મસ્તક ધુણાવતો અને રોમાંચિત શરીર વાળો તે વણિક પુત્ર કર્ણરૂપ પત્રના પાત્રમાં અર્પણ કરાએલા જિનેશ્વરના વાક્યને અમૃતની પેઠે પાન કરે છે. બીજાને તો તે જિનવચન રેતીના કોળીઆ સદૃશ વિરૂદ્ધ લાગતું હતું. આથી તે બન્ને મિત્રો એક બીજાના આશય સારી રીતે સમજી ગયા હતા. પછી તે બન્ને મિત્રો સમોસરણમાંથી ઉઠી પોતાને ઘેર ગયા. ત્યાં બેમાંથી એક એવી રીતે બોલ્યો કે " હે ભાઇ?, તું જિનવાણીથી ખરેખર ભાવિત થયો છે અને હે! મિત્ર હું ભાવિત ન થયો તેનું શું કારણ હશે? વળી લોકમાં આટલા કાળ સુધી આપણે બે એક ચિત્તવાળા પ્રસિદ્ધ થયા છીએ પણ હમણા આ બાબતમાં આપણા બન્નેનું ચિત્ત જુદા વિચાર વાળું થયું છે. તેનું શું કારણ હશે!" આ વાત સાંભળી ચકિત થયેલા બીજા મિત્રે કહ્યું કે " હે ભાઇ?, તારૂં કહેવું સત્ય છે મને પણ આ બાબતમાં સંકલ્પ વિકલ્પ થયા કરે છે. પરંતુ આ વિષયમાં આપણા બન્નેનો નિર્ણય ફક્ત પ્રશ્ન કરવાથી તેજ કેવળજ્ઞાની કરશે" તે હેતુથી 'આવતી કાલે તેમની પાસે જઇશું' એવી રીતે નિશ્ચય કરી તે બન્ને મિત્રો પ્રભાત થતાં મહાવીરસ્વામી પાસે ગયા. ત્યાં વિનય પૂર્વક તેમનું આરાધન કરી તેમણે પોતાનો સંદેહ પુછયો. તેથી ભગવાન મહાવીરસ્વામીએ ઉત્તર આપ્યો કે " પૂર્વે તમારા બેમાંથી એક જણે મુનિની પ્રશંસા કરી હતી. તે વૃતાંત આ પ્રમાણે છે—

કોઇ ગામમાં તમે બન્ને કોઇ ગરીબ મનુષ્યના પુત્ર હતા. અનુક્રમે સુંદરતાના સ્થાનરૂપ યૌવન વય પ્રાપ્ત થવાથી તમો તે વયના વિકારને પ્રાપ્ત થયા. પરંતુ સંપત્તિના અભાવથી લેશ માત્ર તમારા મનોરથ કોઈરીતે પૂર્ણ થતા નહોતા, તેથી તમે ચોરી રૂપ અનાર્ય કર્મ કરવાનો આરંભ કર્યો. પછી કોઇ વખતે રાત્રિમાં બીજા ગામની અંદર જઇ અતિ શીઘ્રતાથી તમે ગાયોનું હરણ કર્યું. તેથી તમને ફાંસી દેવાનું કામ કરનાર પુરૂષોએ ત્રાસ પમાડયો, એટલે તમે નાસવાની તૈયારી કરી. પછી ત્યાંથી નાસતાં પર્વતની ગુફામાં રહેલા અને ધ્યાન તથા મૌનની ક્રિયામાં તત્પર એવા એક મુનિ તમારા જોવામાં આવ્યા. તે અવસરે ધર્મપાલના જીવે આ પ્રમાણે વિચાર કર્યો કે, ' અહો! શ્રેષ્ઠ આચારના મંદિર રૂપ આ મુનિનો જન્મ સુલબ્ધ છે, જે આવી રીતે નિર્ભય, શાંત અને સંગ રહિત આ ગુફામાં રહે છે. વળી અમે તો અધન્યમાં પણ અધન્ય છીએ, કારણકે દ્રવ્યની ઇચ્છાથી વિરૂદ્ધ કાર્ય કરનારા અમે પરાભવને પ્રાપ્ત થયા છીએ. અરે!

ધિક્કારથી આત્માનો નાશ કરનારા અમે મૃત્યુ પામ્યા પછી કઇ ગતિમાં જવાના ? અને દુઃખી હાલતને લીધે અમે ઉભય લોક વિરૂદ્ધ કર્મ કરનારા થયા છીએ. જેવી રીતે આ મુનિનું આચરણ પાપરહિત અને નિર્મળ છે. તેવીજ રીતે અમારૂં આચરણ આ મહાત્માથી વિપરીત છે; તો આવા વિરૂદ્ધ આચરણથી અમારૂં કલ્યાણ શી રીતે થશે ? આ પ્રમાણે ધર્મપાળે સાધુની પ્રશંસા કરી અને બીજો વસુપાલ તો તે મુનિ તરફ ઉદાસીન વૃત્તિવાળો થયો. તે બેમાંથી એક ગુણના રાગથી બોધિબીજ પામ્યો, અને બીજાને તે પ્રાપ્ત થયું નહીં. પછી કષાયની મંદતાને લીધે દાન દેવામાં તત્પર થએલા તમે બન્ને મિત્રોએ મનુષ્ય ભવને યોગ્ય પ્રશસ્ય કર્મ ઉપાર્જન કર્યું. અનુક્રમે ત્યાંથી કાળ કરી શ્રેષ્ઠ આચારવાળા અને વણિક ધર્મમાં પરાયણ તમે બન્ને આ કૌશાંબી નગરીમાં વણિકના પુત્રપણે ઉત્પન્ન થયા છો. ઉપરોકત કારણથી આ ભવમાં એકલા આ ધર્મપાલને શ્રેષ્ઠ બોધ રૂપ બોધિબીજનું ફળ પ્રાપ્ત થયું છે, અને બીજાને બોધિબીજના અભાવથી બોધ રૂપ ફળ પ્રાપ્ત થયું નથી. " એવી રીતે પૂર્વભવનું વૃતાંત શ્રવણ કરવાથી ધર્મપાલ જાતિ સ્મરણ પામ્યો, અને દ્રઢ નિશ્ચય થવાથી ભાવપૂર્વક જિનેશ્વરના કથન કરેલા ધર્મમાં તત્પર થયેલો ધર્મપાળ મોક્ષમાં જશે. અને બીજો વસુપાલ તો બોધિબીજના હેતુભુત શિષ્ટાચારમાં ઉદાસીનતાને લીધે સંસારમાંજ પરિભ્રમણ કરશે. ॥ ઇતિ ચોર દ્રષ્ટાંત સમાપ્તઃ ॥

ઉપરોકત ફળાફળનો સારી રીતે વિચાર કરી સુશ્રાવકે શિષ્ટાચાર અને તેમના ગુણાદિકની પ્રશંસા કરનાર થવું જોઇએ. કહ્યું છે કેઃ—

" अकुर्वन्नपि सत्पुण्यं, शिष्टाचारप्रशंसया ।
दम्भसंरम्भमुक्तात्मा, प्राणी प्राप्नोति तत्फलं ॥ ७"

શબ્દાર્થ—" પુન્યકાર્યને નહીં કરનાર પણ કપટ અને કોપથી મુકત થએલો પ્રાણી શિષ્ટાચાર પ્રશંસાથી બોધિબીજના ફળને પ્રાપ્ત કરે છે. ૭ "

ભાવાર્થ—કોઇ પુરૂષ અંતરાય કર્મના ઉદયથી પુન્ય કાર્ય ન કરી શકતો હોય તોપણ તેને શિષ્ટાચારની પ્રશંસા કરવી યોગ્ય છે. કારણકે તે પ્રશંસાના બળથી શિષ્ટાચારમાં પ્રવૃત્તિ કરવાની પ્રબળ ઇચ્છા પ્રગટે છે, અને તેથી બોધિબીજની પ્રાપ્તિ થાય છે. બોધિબીજની પ્રાપ્તિ થતાં અનુક્રમે અનંતાનુબંધી કષાય અને દર્શન મોહનીય કર્મનો ક્ષય થવાથી, તત્ત્વ બોધરૂપ શુદ્ધ સમ્યકત્ત્વ આત્મામાં પ્રગટ થાય છે, અને અનુક્રમે અવશેષ રહેલા કષાયની મંદતા થતી જાય છે, તેથી જિન કથિત ધર્મનું

વિશેષ આરાધન અને ઉત્તરોત્તર આત્મ શુદ્ધિ થવાથી દેશવિરતિ અને સર્વ વિરતિ પ્રાપ્ત થાય છે, અને તેનાથી સ્વર્ગ અને મોક્ષના સુખને મેળવી શકાય છે. તેથી કોઇ પણ પ્રકારે શિષ્ટાચારની પ્રશંસા કરવા ચુકવું નહીં. વળી કહ્યું છે કેઃ--

"बिभ्राणोऽपि गुणश्रेणी—रन्येषु गुण मत्सरी;।
निमज्जत्येव संसारे, मुग्धो दुःखाकुलाशयः॥ ८"

શબ્દાર્થ—" ગુણની શ્રેણિને ધારણ કરતો હોય તોપણ બીજાના ગુણની અંદર અદેખાઈ રાખનાર દુઃખથી આકુળ હૃદયવાળો તે મુગ્ધ પુરૂષ સંસારમાંજ નિમગ્ન થાય છે."

ભાવાર્થ—ગુણની શ્રેણિને ધારણ કરનાર હોય તોપણ ઇર્ષાને લીધે બીજા ગુણી પુરૂષના ગુણનો ઉત્કર્ષ સહન ન થઈ શકવાથી ગુણની અંદર મત્સર ધારણ કરી તે મુગ્ધ જન સંસારમાં પરિભ્રમણ કરે છે. કારણકે પોતામાં રહેલા ગુણનો ગર્વ અને બીજાના ગુણમાં ઇર્ષા થવાથી આત્મગુણની વૃદ્ધિને બદલે હાનિ થતાં આત્મા મલિનતાને પ્રાપ્ત થાય છે, તેથી ભવભ્રમણ કરવું પડે છે. તે આ બે મુનિના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે. એક ઉપાશ્રયમાં નીચે ઉપર ઊતરેલા બે મુનિઓમાંથી એક તપસ્વી અને બીજા હંમેશાં ભોજન કરનાર હતા. એક વખતે તપસ્વી મુનિ કોઈ ગૃહસ્થને ઘેર ભિક્ષાર્થે ગયા, ત્યાં ભિક્ષા આપનાર બાઇ પાસે નિત્ય ભોજન કરનાર મુનિની નિંદા અને પોતાના ગુણની શ્લાઘા કરી ચાલ્યા ગયા. પછી બીજા મુનિ તેજ ગૃહસ્થને ત્યાં ભિક્ષાર્થે આવ્યા. તેમને તે બાઇએ પૂછયું કે ' ઉપાશ્રયમાં બીજા મુનિ આવ્યા છે ? ' તેમણે કહ્યું કે, ' હા, એક મહાન્ તપસ્વી અને ગુણવાન મુનિ પધાર્યા છે. તેમના ગુણ આગળ મ્હારામાં તો લેશ માત્ર પણ ગુણ નથી. ' ઇત્યાદિ તેમના ગુણની પ્રશંસા અને આત્મનિંદા કરી તેથી તે બાઇ શંકાશીલ થઈ. કોઇ વખતે કેવળજ્ઞાનીનો જોગ મળતાં તે બાઇએ પ્રશ્ન કર્યો કે, બે એ મુનિમાંથી કયા મુનિનો આત્મા ઉચ્ચ દશામાં વર્ત્તે છે ? ' કેવળજ્ઞાનીએ ઉત્તર આપ્યો કે, ' નિત્ય ભોજન કરનાર મુનિનો આત્મા ઉચ્ચ દશાને પ્રાપ્ત થએલો છે, તેથી અલ્પ સમયમાં મોક્ષ સુખ મેળવશે. ' આ ઉદાહરણનો વિવેકી પુરૂષે વિચાર કરી ગુણ કે ગુણી ઉપર મત્સર ધારણ કરી આત્માને મલીન કરવો નહીં.

ગ્રંથ કર્ત્તા આ બીજા ગુણનો ઉપસંહાર કરતાં શિષ્ટાચારની પ્રશંસા કરવાનો ઉપદેશ દ્વારા આગ્રહ કરે છે,

अतो विवेकज्ञजनेनशिष्टा—चारप्रशंसा प्रवणेन भाव्यम् ।
विशुद्धधर्मोज्वलकीर्तिलाभाऽ–भिलाषिणाऽत्रोचितवृत्तियुक्त्या॥९॥
इति द्वितीयो गुणः

શબ્દાર્થ:—" ઉપરોક્ત હેતુથી શુદ્ધ ધર્મ અને નિર્મળ કીર્ત્તિની અભિલાષા રાખનાર વિવેકી પુરૂષે ઉચિત વર્ત્તન પૂર્વક શિષ્ટાચારની પ્રશંસા કરવામાં આસક્ત થવું. " આ પ્રમાણે શ્રાવકના પાંત્રીશ ગુણ પૈકી બીજા ગુણનું વર્ણન કર્યું.

तृतीय गुण वर्णन

વે સમાન કુળ તથા શીલવાળા પણ અન્ય ગોત્રી સાથે વિવાહ કરવારૂપ ત્રીજા ગુણનું વિવરણ કરે છે.

'कुलशीलसमैः सार्द्धंकृतो वाहोऽन्यगोत्रजैः'—પિતા અને પિતામહ (દાદા) વિગેરે પૂર્વ પુરૂષના વંશને કુળ કહે છે. અને મદિરા, માંસ, રાત્રિભોજન અને અનંતકાયાદિકના ઉપયોગનો ત્યાગ કરવા રૂપ આચાર,અથવા તો સમાન દેવ, ગુરૂ અને ક્રિયા કલાપ (ધર્માનુષ્ઠાન) ના આસેવનરૂપ આચારને શીળ કહે છે. તેવું કુળ તથા શીળ જેમનું એક સરખું હોય તેઓ સમાન કુળ શીળવાળા કહેવાય છે. કુળ અને શીળના કહેવાવડે ઉપલક્ષણથી સંપત્તિ, વેષ અને ભાષાદિકનું પણ ગ્રહણ કરવું. તેજ અહીં દર્શાવે છે. જો સંપત્તિ વિગેરેમાં વિષમતા હોય તો કન્યા પોતાના પિતાના મહાન્ વૈભવથી અલ્પ વૈભવવાળા પોતાના સ્વામીની અવગણના કરે છે, અને પોતાના પિતાના પ્રચુર વૈભવને આધીન થઈ અહંકારને પ્રાપ્ત થએલો વર પણ કન્યાના પિતાની નિર્ધનતાને લીધે પિતૃ પક્ષના દુર્બળ ટેકાવાળી કન્યાની અવગણના કરે છે. અમુક પુરૂષથી ચાલી આવેલી વંશ પરંપરા તે ગોત્ર, અને તેમાં ઉત્પન્ન થએલા તે ગોત્રી કહેવાય છે. તેમનાથી જે અન્ય ગોત્રવાળા હોય તેમની સાથે વિવાહ કરવો યોગ્ય છે. અહીં નીતિ આ પ્રમાણે છેઃ—

બાર વર્ષની કન્યા અને સોળ વર્ષનો પુરૂષ તે બન્ને વિવાહ યોગ્ય ગણાય છે. તેવા વિવાહ પૂર્વક કરેલો સંતતિ ઉત્પન્ન કરવા અને પાલન કરવા રૂપ વ્યવહાર ચાર પ્રકારના વર્ણોને કુલીન બનાવે છે. અગ્નિ અને દેવાદિકની સાક્ષી પૂર્વક પાણિગ્રહણ કરવું તે વિવાહ કહેવાય છે, અને તે વિવાહ લોકને વિષે આઠ પ્રકારનો કહેલો છે. તેમાં ૧ કન્યાને શણગારીને આપવી તેને બ્રહ્મ વિવાહ, ૨ વૈભવ આપીને કન્યા આપવી તેને પ્રાજાપત્ય વિવાહ, ૩ બે ગાયોના દાનપૂર્વક કન્યા આપવી તેને આર્ષ

વિવાહ અને ૪ જ્યાં યજ્ઞને અર્થે ઋત્વિજને કન્યાદાનનીજ દક્ષિણા આપવી તેને દૈવ વિવાહ કહે છે. એ ચારે વિવાહ ધર્મ વિવાહ કહેવાય છે. અને ૫ માતા પિતા અથવા બંધુવર્ગને પ્રમાણ નહીં હોવાથી પરસ્પરના અત્યંત રાગથી એક બીજાની સાથે જોડાઇજવું તેને ગાંધર્વ વિવાહ, ૬ મૂલ્ય લઈને કન્યા આપવી તેને આસુર વિવાહ, ૭ બળાત્કારથી કન્યાનું ગ્રહણ કરવું તેને રાક્ષસ વિવાહ, અને ૮ સુતેલી અથવા પ્રમાદ વશ થએલી કન્યાનું ગ્રહણ કરવું તેને પૈશાચ વિવાહ કહે છે. આ ચારે અધર્મ વિવાહ કહેવાય છે. જો વર અને કન્યાને પરસ્પર પ્રેમ હોય તો તે અધર્મ વિવાહ પણ ધર્મ વિવાહ થાય છે. પવિત્ર પત્ની વિગેરેની પ્રાપ્તિના ફળવાળો વિવાહ કહેવાય છે. જે કારણથી કહ્યું છે કે :—

" कन्यां सतीमुत्तमवंशजातां,लब्ध्वाऽधिकां याति न कः प्रतिष्ठाम् ।
क्षीरोदकन्यां गिरिराजपुत्रीं, गोपस्तथोग्रश्च यथाऽधिगम्य ॥१॥"

શબ્દાર્થ :—" કૃષ્ણમહારાજે સમુદ્રની પુત્રી લક્ષ્મીને અને શંકરે હિમાલયની પુત્રી પાર્વતીને પ્રાપ્ત કરી જેમ અધિક પ્રતિષ્ઠા મેળવી હતી, તેમ સતી અને ઉત્તમ કુળમાં ઉત્પન્ન થએલી કન્યાને મેળવી કયો પુરૂષ અધિક પ્રતિષ્ઠા નથી પામતો ?૧ "

જેની જીવ્હા રસવાળી છે, ભાર્યા સતી અને કૃપાળી છે, અને લક્ષ્મી ત્યાગવાળી છે, તે પુરૂષનું જીવિતવ્ય સફળ છે. આ લોકમાં હમેશાં કલેશાદિકના કારણને લીધે અપયશ તથા દુઃખની પ્રાપ્તિ અને દુષ્ટ વિચારોથી ઉત્પન્ન થયેલ કર્મોના બંધ પ્રાપ્ત થવાથી પરલોકમાં દુર્ગતિનું કારણ થાય છે. તેથી અપવિત્ર પત્નીનો સંયોગ છે તેજ નરક છે. જે કારણથી કહ્યું છે કેઃ—

"कुग्रामवासः कुनरेंद्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ।
कन्याबहुत्वं च दरिद्रता च,षड् जीवलोके नरका भवन्ति॥२॥"

શબ્દાર્થઃ—" કુગ્રામમાં વાસ, કુનરેંદ્ર સેવા, કુભોજન, ક્રોધ યુક્ત મુખવાળી ભાર્યા, ઘણી કન્યાઓ અને દરિદ્રતા એ છ મૃત્યુલોકમાં નરક કહેવાય છે. ૨ "

વર કે કન્યાની પવિત્રતાનું સૂક્ષ્મ જ્ઞાનતો વર અને કન્યાના ગુણ તથા લક્ષણાદિકને જોવાથી થાય છે. તેમાં પ્રથમ કુળ, આચાર, સનાથપણું, વિદ્યા, દ્રવ્ય, શરીર અને ઉમર એ સાત ગુણો વરની અંદર જોવા યોગ્ય છે. તે ઉપરાંત તો કન્યા ભાગ્યવતી હોવી જોઇએ. વરનાં લક્ષણો આ પ્રમાણે છે.—

છાતી, મુખ અને કપાળ એ ત્રણ વિશાળ હોય, અને નાભિ, સત્વ અને સ્વર એ ત્રણ ગંભીર હોય તો તે શ્રેષ્ઠ છે. કંઠ, પીઠ, પુરૂષચિન્હ અને જંઘાયુગલ એ ચાર જે પુરૂષનાં લઘુ હોય તે નિરંતર પૂજનિક થાય છે. અંગુલી સહિત અંગુલી પર્વ, કેશ, નખ, દાંત અને ત્વચા એ પાંચ જેનાં સૂક્ષ્મ હોય તે મનુષ્ય સુખ ભોગવે છે. બે સ્તન અને બે નેત્રનો મધ્યભાગ, બે ભુજાઓ, નાસિકા અને જડબું એ પાંચ જેનાં દીર્ઘ હોય તે પુરૂષ શ્લાઘ્ય અને પુરૂષોત્તમ ગણાય છે. નાસિકા, કંઠ, નખ, કક્ષા, હૃદય અને મુખ એ છ જેનાં ઉંચાં હોય તે હમેશાં ઉદય પામે છે. નેત્રના ખૂણા, જિહ્વા, તાળવું, નખ, ઓષ્ઠ અને હાથ તથા પગનાં તળીઆં એ સાત જેનાં રક્ત હોય તો તે સિદ્ધિને માટે થાય છે. ગતિથી વર્ણ, વર્ણથી સ્નેહ, સ્નેહથી સ્વર, સ્વરથી કાંતિ અને કાંતિથી સત્વ એમ ઉત્તરોત્તર એક બીજાથી શ્રેષ્ઠ છે. ઉપરોકત બત્રીશ લક્ષણમાંથી સત્વ સર્વોત્તમ છે. સત્વગુણી પુરૂષ પુન્યશાળી અને દાની હોય છે, રજોગુણી પુરૂષ વિષયાસકત અને ભ્રાંતિ યુકત હોય છે, અને તમોગુણી પુરૂષ પાપી અને લોભી હોય છે. આ ત્રણમાંથી સત્વગુણી ઉત્તમ છે. મૂર્ખ, નિર્ધન, દૂર રહેનાર, શૂરવીર, મોક્ષકામી, અનાથ અને શીલહીન પુરૂષને કન્યા આપવી નહીં. અતિ આશ્ચર્યજનક ધનવાળા, આળસુ કે શીતાદિક દોષવાળા, અપંગ અને રોગી પુરૂષોને પણ કન્યા આપવી નહીં. બધિર, નપુંસક, મુગા, લંગડા, અંધ, શૂન્ય હૃદયવાળા અને એકદમ પ્રહાર કરનાર પુરૂષને પણ કન્યા આપવી નહીં. અધમ કુળ અને અધમ જાતિવાળા, માતાપિતાના વિયોગવાળા અને પત્ની તથા પુત્ર યુકત પુરૂષને પણ કન્યા આપવી નહીં. ઘણા વેર અને અપવાદવાળા, હમેશાં પેદા કરે તેટલું ખાઈ જનાર અને પ્રમાદથી હણાએલા મનવાળા પુરૂષને પણ કન્યા આપવી નહીં. એક ગોત્રવાળા, જુગાર અને ચોરી વિગેરેના વ્યસનથી આત્માનો નાશ કરનાર અને પરદેશીને પણ પંડિત પુરૂષે કન્યા આપવી નહીં. ઉપર જણાવ્યા પ્રમાણે વરના ગુણ દોષ જાણવા. હવે કન્યાનાં લક્ષણ અને ગુણ દોષનું વર્ણન આ પ્રમાણે છે.—

" पीनोरुः पीनगण्डा लघुसमदशना पद्मनेत्रान्नरक्ता,
बिम्बोष्टी तुङ्गनाशा गजपतिगमना दक्षिणावर्तनाभिः।
स्निग्धाङ्गी वृत्तवक्त्रा पृथुमृदुजघना सुस्वरा चारुकेशी ,
नर्सा तस्याः क्षितीशो भवति च सुभगा पुत्र माता चनारी॥३॥"

શબ્દાર્થ:—" પુષ્ટજંઘા, ભરાવાદાર ગાલ, લઘુ અને સરખા દાંત, લાલખૂણાવાળા કમલ સમાન નેત્ર, બિંબફળ સમાન ઓષ્ઠ, ઉન્નત નાસિકા, ગજેંદ્રની પેઠે ગતિ, દક્ષિણાવર્તનાભિ, સ્નિગ્ધ શરીર, વૃત્તાકાર મુખ, વિશાળ અને કોમળ જઘન (કેડની નીચેનો ભાગ) મધુર સ્વર અને સુંદર કેશવાળી કન્યાનો સ્વામી રાજા થાય છે, અને સૌભાગ્યવતી એવી તે સ્ત્રી પુત્રવતી થાય છે.૩" આ પ્રમાણે કન્યાનાં લક્ષણ જાણવાં. હવે કુલક્ષણોનું વર્ણન કરે છે.—

" शुष्काङ्गी कूपगण्डा प्रविरलदशना श्यामताल्वोष्टजिह्वा,
पिङ्गाक्षी वक्रनासा खरपुरुषरवा वामना चातिदीर्घा ।
श्यामाङ्गी सन्नतभ्रूः कुचयुगविषमा रोमजङ्घातिकेशी,
सा नारी वर्जनीया धनसुतरहिता षोडशाऽलक्षणाढया ॥४॥"

શબ્દાર્થ:—" જે સ્ત્રીનું અંગ શુષ્ક હોય, કૂપની માફક ઉંડા ગાલ હોય, છુટા છુટા દાંત હોય, તાળવું ઓષ્ઠ અને જીવ્હા શ્યામ હોય, નેત્ર પીળાં હોય, ઠીંગણી હોય અને જે અતિ ઉંચી હોય, શરીર કાળું હોય, ભ્રકુટી નમેલી હોય, સ્તનનું યુગલ વિષમ હોય, રોમયુકત જંઘા હોય અને ઘણા કેશ હોય, તેવી સોળ કુલક્ષણવાળી સ્ત્રી ધન અને પુત્ર રહિત હોય છે. તેથી તે ત્યાગ કરવા યોગ્ય છે.૪" આ સ્ત્રીઓનાં સોળ કુલક્ષણ સમજવાં.

જે કન્યા બંધુ (સ્વજન,) સારાં લક્ષણ, લાવણ્ય, ઉત્તમ કુળ અને જાતિ વિગેરેથી ભૂષિત, રૂપવતી અને શરીરના સંપૂર્ણ અવયવવાળી હોય તેવી કન્યાની સાથે લગ્ન કરવું જોઇએ. આઠમા વર્ષથી લઇને જ્યાંસુધી અગીયારમું વર્ષ સંપૂર્ણ થાય-ત્યાં સુધી લોકમાં કુમારિકા ગણાય છે. ત્યારબાદ તે ન્યાય પૂર્વક વિવાહને યોગ્ય થાય-છે. ઇત્યાદિ પરીક્ષા પૂર્વક સમાન આચાર અને કુળથી શોભિત એવા વર કન્યાનો યોગ થયે છતે ધર્મ, શોભા, કીર્તિ અને આ લોક સંબંધી સુખ વિગેરેની પ્રાપ્તિ થાય-છે;નહિ તો પરસ્પરની અસમાનતાને લઇને સુભદ્રાની પેઠે કલહ કલંકાદિ ઉત્પન્ન થાય છે. તેનું જ દૃષ્ટાંત ગ્રંથકાર પ્રતિપાદન કરે છે.—

વસંતપુરમાં જિતશત્રુ નામે રાજા હતો, અને તેજ નગરમાં સમ્યક્ પ્રકારે જીવાજીવાદિક નવતત્ત્વનો જાણ અને શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિની પ્રશંસા તથા મિથ્યાદૃષ્ટિનો પરિચય કરવા રૂપ પાંચ અતિચાર રહિત એવા સમ્યક્ત્વ રૂપ ભૂષણથી ભૂષિત થએલો જિનદત્ત નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે

શ્રાવક હતો. તેને અનુક્રમે સુભદ્રા નામે પુત્રી ઉત્પન્ન થઈ. તે રૂપ, લાવણ્ય અને સૌભાગ્ય રૂપી અમૃતનો જાણે સમુદ્ર જ હોય નહીં તેવી ઉત્તમ સુશ્રાવિકા હતી. તેને વરવા માટે અનેક વરોનું આગમન થતું હતું. પરંતુ જિનદત્તશ્રેષ્ઠી શ્રાવક શિવાય બીજાને તે કન્યા આપવા ઇચ્છતો ન હતો. કહ્યું છે કેઃ—

" विवेकीना धर्मयशोऽभिवृद्ध्यै, समं कुलाचार मिहावलोक्या
वराय शुद्धाय सुता प्रदेया, नेया तथाऽन्यापि सुखोदयाय ॥९॥"

શબ્દાર્થ—" વિવેકી પુરૂષે ધર્મ અને કીર્ત્તિના ફેલાવા માટે આ લોકમાં સમાન કુળ અને આચારનું અવલોકન કરી પવિત્ર વરને પોતાની પુત્રી આપવી જોઇએ; અને તેવીજ રીતે સુખની વૃદ્ધિ માટે [પુત્રાર્થે] બીજી કન્યા લાવવી જોઇએ. ૫"

એક વખતે ચંપા નગરીથી બૌદ્ધ ધર્મની શ્રધ્ધાવાળો બુધ્ધદાસ નામે વણિક વેપાર અર્થે વસંતપુરમાં આવ્યો. ત્યાં સુભદ્રાને જોઇ તેના રૂપથી મોહિત થએલો કપટવૃત્તિ શ્રાવક થઇ હમેશાં એવી રીતે ધર્મનું શ્રવણ કરવા લાગ્યો કે જેથી અનુક્રમે તત્વોનો જાણ થઇ તે ભાવશ્રાવક થયો. તેના અધ્યવસાયને સમજી જિનદત્ત શ્રેષ્ઠીએ પોતાની પુત્રી તેને આપી; અને પાણિગ્રહણ મહોત્સવ કર્યો. કેટલોએક કાળ વ્યતીત થયા પછી તે બુધ્ધદાસ વ્યવહારી સુભદ્રાને લઇ ચંપા નગરીમાં આવ્યો. ત્યાં પણ સુભદ્રા જૈનધર્મ પાળવા લાગી. સુભદ્રાની સાસુ અને નણંદ બૌધ્ધની ભક્ત હતી, તેથી હમેશાં સુભદ્રાની નિંદા કરતી. આથી બુધ્ધદાસે પૃથક્ ઘર કર્યું. ત્યાં સાધુ સાધ્વીઓ ભિક્ષાર્થે આવતા હતા તે જોઇ તેની સાસુ વિગેરેને તેના પર દ્વેષ થઈ આવ્યો, તેથી તે કહેવા લાગી કે આ સુભદ્રા સાધુમાં આસક્ત છે. પરંતુ આ વાત તેના સ્વામીને વિશ્વાસ કરવા લાયક લાગી નહીં. એક વખતે બલ, રૂપ અને ગુણયુક્ત અને જાણે મૂર્ત્તિમાન ચારિત્ર જ હોય નહીં એવા કોઇ જિનકલ્પી સાધુ તેને ઘેર આહાર લેવાને અર્થે આવ્યા. તે વખતે પવનથી પ્રેરાએલું તરણું કોઈ પ્રકારે તે સાધુના નેત્રમાં પ્રવેશ કરી ગયું. તે મુનિશ્રી પોતાના શરીરનો ઉપચાર કરવામાં વિમુખ હોવાથી તેમણે તે તરણાને નેત્રમાંથી દૂર કર્યું નહીં. પણ આહાર આપતી વખતે સુભદ્રાએ આ મુનિશ્રીનું નેત્ર વિનાશ ન પામે એમ ધારી તેને ચાતુર્યથી તે મુનિ મહાશયના નેત્રમાંથી જીવ્હાએ કરી તે તરણું ઉપાડી લીધું. તે અવસરે સુભદ્રાના લલાટનું તિલક મુનિશ્રીના લલાટમાં સંક્રમણ થયું, તે સુભદ્રાની

જાણ્યું જાણ્યું નહીં. જ્યારે મુનિશ્રી ત્યાંથી ચાલી નીકળ્યા ત્યારે તેની સાસુ મુખે તેના પતિને બતાવ્યું કે જો! તારી સ્ત્રીનું તિલક મુનિના લલાટમાં સંક્રમણ થયું છે. તે જોઇ બુધ્ધદાસ વિચાર કરવા લાગ્યો કે આ પરમ શ્રાવિકાની આવી વિપરીત વાત કેમ સંભવે? અથવા વિષયો બલવાન્ છે,એમ વિચારી તે સુભદ્રા તરફ મંદ સ્નેહવાળો થયો. સુભદ્રાએ આ વૃત્તાંત કોઇ પણ પ્રકારે જાણી લીધો. પછી સુભદ્રા તે અસત્ય અપવાદ દૂર કરવાને રાત્રિમાં શાસનદેવીના સાનિધ્ય માટે કાયોત્સર્ગ કરી ઉભી રહી. તેના શીલની જાણકાર શાસનદેવી પણ સુભદ્રા પાસે આવી, અને કહ્યું કે, ' હે ભદ્રે! હું તારૂં શું પ્રિય કરૂં? આ વચન સાંભળી સુભદ્રા બોલી કે, હે દેવિ! મ્હારા અપવાદને દૂર કરી તમે જૈનશાસનની પ્રભાવના કરો. દેવીએ જવાબ આપ્યો કે, હું પ્રભાતે ચંપાનગરીના દરવાજાઓ બંધ કરી નગરીના લોકો જ્યારે આકુળ વ્યાકુળ થશે ત્યારે આકાશમાં રહીને આ પ્રમાણે બોલીશ કે, ' જે સ્ત્રી મન, વચન અને કાયાથી નિર્મળ શીળવાળી હોય તે ચાળણીમાં જળ સ્થાપી તે જળથી દરવાજાનાં કમાડને ત્રણ વાર છાંટો એટલે કમાડો ઉઘડી જશે. ' અને જ્યારે નગરની બીજી સ્ત્રીઓથી ચાલણીમાં જળ ન રહે ત્યારે તેમની સમક્ષ તું તેમ કરી બતાવજે, એટલે તારો અપવાદ દૂર થશે અને કીર્તિ ફેલાશે " પછી સુભદ્રાએ દેવીના આદેશ પ્રમાણે નગરીના ત્રણ દ્વાર ઉઘાડી ચોથું દ્વાર કોઇ પણ અન્ય સતી હશે તે ઉઘાડશે,એમ ધારી ત્યાંથી પાછી ફરી.આમ થવાથી ચંપાનગરીમાં જૈનશાસનની પ્રભાવના થઇ,અને સુભદ્રાના શ્વસુરવર્ગ, રાજા અને સંપુર્ણ નગર પ્રતિબોધ પામ્યું.

આવા પ્રકારની કેટલીએક ઉત્તમ સ્ત્રીઓ હોય છે, તેથી પરીક્ષા પૂર્વક તેવી ઉત્તમ કન્યાઓ સાથે લગ્ન કરવામાં પ્રયત્ન કરવો જોઇએ. તેમ કરવાથી વધૂના સ્નાનનો ઉપાય કરનાર પુરૂષને સુજાત અને અતિજાત જેવી સુત સંતતિ રૂપ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. અને તે સંતતિથી ગૃહસ્થો પિતાના ઋણથી મુક્ત થાય છે; તેમને સર્વ કાર્યમાં સહાય મળે છે, હમેશાં મનને સ્વસ્થતા અને વિશ્રાંતિ મળે છે, સંપૂર્ણ આર્થિક વેપારમાં વિશ્વાસ પ્રાપ્ત થાય છે, વખત આવે ઘરભારનું આરોપણ કરવાથી ઇચ્છા મુજબ પોતાની પુન્ય કાર્યમાં પ્રવૃત્તિ થાય છે, અને ચિત્તને વિષે ચિંતવેલા મનોરથો પૂર્ણ કરવા વિગેરેથી મહિમા અને ઉન્નતિ થાય છે. શ્રી ઉદયનમંત્રીને વાગ્ભટ્ટ અને આમ્રદેવ વિગેરેથી જેમ આલોકનું ફળ થયું હતું, તેમ સંતતિ પરલોકના ઉદય માટે પણ થાય છે.

મધુમતી (મહુવા) ના રહીશ ભાવડ શ્રેષ્ઠીની તેના પુત્ર જાવડ શ્રેષ્ઠીએ કલ્યાણુની વૃદ્ધિ કરી હતી. તેવા પ્રકારના પોતાના ઉત્તમ પિતાના કલ્યાણની વૃદ્ધિ કરવાથી પરલોકમાં પણ ઉદય થાય છે. કહ્યું છે કે—ભાવડશેઠ કોઇ પર્વને વિષે સિદ્ધાચલ ઉપર ગયેા હતેા. ત્યાં સ્નાત્ર કરવા ચેાગ્ય જિનપ્રતિમાના અભાવને લીધે સ્નાત્રાદિક થયું નહીં તેથી તે અશ્રુયુક્ત થયેા, તેને અશ્રુયુક્ત જોઇ એક વખત તેના પુત્ર જાવડે તેનું કારણ પુછયું એટલે ભાવડશેઠે અશ્રુપાત થવાનું સાચું કારણ કહ્યું. તે સાંભળી જાવડશેઠે પ્રતિજ્ઞા કરીકે "મ્હારે આ પર્વત ઉપર પાષાણમય એક જિનપ્રતિમા સ્થાપન કરવી." પછી જાવડશેઠે કાશ્મીરદેશના નવકુલ્લ પત્તનમાં જઇ નવ લાખ સેાનામેાહરથી શ્રી ઋષભદેવ, પુંડરીક, અને ચક્રેશ્વરી એ ત્રણ મૂર્ત્તિએા લાવી દશલાખ સેાનામેાહરનેા ખરચ કરી વિક્રમ સંવત્ ૧૦૮ માં શત્રુંજય ઉપર પાષાણમય ત્રણ બિંબેાનું સ્થાપન કર્યું. નીચ અને કુલાંગાર (કુળને વિષે અંગારા સમાન) રૂપ સંતતિથી કોણિકાદિક પુત્રેાથી શ્રેણિક વિગેરેને જેમ બનેલું છે. તેમ આલેાકમાં દુઃખ અને પરલેાકમાં દુર્ગતિ વિગેરેનીજ પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે—

" श्रियाम्नोधिं विधिं वाचा, देव्या व्यालोक्य विश्रुतम् ।
पुष्पुत्रदुःखान्नार्केन्दू तापमङ्कं च मुञ्चतः ॥ ६ ॥ अथवा—

" कामं श्यामवपुस्तथा मलिनयत्यावासवस्त्रादिकम्,
लोकं रोदयते जनक्ति जनतागोष्ठीं क्षणेनाऽपि यः।
मार्गेऽप्यङ्गुलिलग्न एव जनकस्याज्येति न श्रेयसे,
हा! स्वाहाप्रिय! धूममङ्गजममुं भूत्वा न किं व्रीमितः ॥७॥

શબ્દાર્થ—" લક્ષ્મી દેવીથી સમુદ્રને અને સરસ્વતીથી બ્રહ્માને પ્રસિદ્ધ થયેલા જોઇ, સૂર્ય અને ચંદ્ર પોતાના દુષ્ટ પુત્રેાના દુઃખથી અનુક્રમે તાપ અને કલંકને છોડતા નથી. ૬" અથવા—" હે અગ્નિ ! આ ધૂમ રૂપી પુત્ર કે જે કાલા શરીરનેા છે, આવાસ અને વસ્ત્ર વિગેરેને મલિન કરે છે, લેાકેાને રૂદન કરાવે છે, ક્ષણવારમાં જનસમૂહની ગેાષ્ઠીનેા નાશ કરે છે, અને માર્ગમાં પણ (પિતાની) અંગુળીએ વળગેલેા છતાં પિતાના કલ્યાણને માટે થતેા નથી, તેવા પુત્રને પામી તને કેમ લજ્જા આવતી નથી?" લેાકમાં પુત્રને વૃક્ષેાની ઉપમા આપેલી છે. ૭ કહ્યું છે કે:—

" सहकारं हि सुजातं, कुष्माण्डं बीज पुरमति जातम् ।
वटतसफलं कुजातं,भवति कुलाङ्गारमिह्नु फलम् ॥८॥"

શબ્દાર્થ—" સુજાત--મનોજ્ઞ પુત્ર આમ્રવૃક્ષ સમાન છે, અતિ જાત—ઉત્તમ પુત્ર કેાળા તથા બીજોરા સમાન છે, કુજાત પુત્ર વડના ફળ સમાન છે, અને કુળમાં અંગારા રૂપ પુત્ર શેલડીના ફળ સમાન છે. ૮ શ્રીમદ્ જિનાગમ પણ એજ પ્રમાણે કહે છે.

" પુત્રો ચાર પ્રકારના કહેલા છે તે આ પ્રમાણે છે. અતિજાત—પિતાથી ચઢીયાતા, સમાનજાત—પિતાના સરખા, નીચ—પિતાથી ઉતરતા, અને કુળાંગાર પોતાના કુળનો નાશ કરનાર. "

ભાવાર્થ—' **सुजातः** "—આ ઠેકાણે શાસ્ત્રકારે ચાર પ્રકારના પુત્રોની ખુલ્લી રીતે સમજ પડે તેને માટે ચાર જાતનાં વૃક્ષોની સાથે સરખામણી કરી છે. તેમાં પ્રથમ સુજાત—મનોજ્ઞ પુત્રને આમ્રવૃક્ષ સાથે સરખાવ્યા છે. જેમ આંબાની ગોટલી વાવવાથી જે જાતની તે ગોટલી હોય તેજ જાતનું આમ્ર ફળ થાય છે, પણ વિશેષ સારૂં કે તેનાથી ઉતરતું થતું નથી; તેવી રીતે મનોજ્ઞ અથવા તો પિતા તુલ્યપુત્ર પિતાને પગલે ચાલે, પિતાની કરેલી મર્યાદાને ટકાવી રાખે એટલે કે પિતાના ધાર્મિક કે સાંસારિક કાર્ય ન્યૂનાધિક કરે નહીં. તેવા પુત્રને સુજાત અથવા તો સમજાત પુત્ર કહેવામાં આવે છે.

" **अतिजातः** "—પિતાથી ચઢીયાતા પુત્રને કેાળા અને બીજોરાના ફળ સાથે સરખાવ્યા છે. જેમ કેાળાની વેલડી અને બીજોરાનું વૃક્ષ પ્રમાણમાં નાનું હોય છે છતાં તેનાથી ઉત્પન્ન થયેલું કેાળું તથા બીજોરારૂપ ફળ મોટું હોય છે. તેમજ પિતાની સામાન્ય સ્થિતિ હોવા છતાં જે પુત્ર વેપારમાં પુષ્કળ દ્રવ્ય મેળવી, અનેક સત્કૃત્યો કરી પિતાથી અધિક થઇ આખા કુટંબને સામાન્ય સ્થિતિમાંથી ઉચ્ચ, સ્થિતિમાં લાવે છે તે પુત્ર અતિજાત ગણાય છે.

" **कुजातः** "—નીચ અથવા તો પિતાથી ઉતરતા પુત્રને વડના વૃક્ષના ફળ સાથે સરખાવ્યો છે. જેમ વડનું ઝાડ ઘણું મોટું, છાયા યુક્ત અને તાપાદિક કષ્ટને સહન કરી શ્રમિત થયેલા પાંથજનોને આનંદ આપનારૂ થાય છે, પણ તેનું ફળ અતિશય લઘુ, અસ્વાદિષ્ટ, તુચ્છ અને ઉપકાર રહિત હોય છે.

તેમ જે પુત્ર સત્કૃત્ય અને પરોપકારાદિવડે મેળવેલી પિતાની વિશાળ કિર્ત્તિને અયોગ્ય વર્તણુંક ચલાવી, દ્રવ્યનો દુરૂપયોગ કરી, સત્કૃત્ય અને પરોપકારાદિ શુભ કાર્યોથી વિમુખ થઇ પોતે મલીન કરે છે તે કુજાત પુત્ર કહેવાય છે.

"कुलाङ्गारः"—આથી પણ અધમ કુલાંગાર પુત્રને શેલડીના ફળની ઉપમા આપી છે. જ્યાં સુધી શેલડીને ફળ આવ્યું હોતું નથી ત્યાં સુધી તે આબાદ રહે છે, અને સર્વ રીતે ઉપયોગી થઇ પડે છે; અને જ્યારે તેને ફળ આવે છે ત્યારે તે તદ્દન નાશ પામે છે તેની પેઠે કુળમાં કલંક લગાડે તેવા કાર્યો કરનાર કુપુત્ર ઉત્પન્ન થવાથી આખા કુળનો નાશ થાય છે. લોકો પોતાના કુળની વૃદ્ધિને માટે પુત્રની ઇચ્છા કરે છે. તેમજ તેને માટે અનેક પ્રયત્ન કરે છે અને જ્યારે કમનસીબે આ ચોથા પ્રકારનો (કુળનો નાશ કરનાર) પુત્ર ઉત્પન્ન થાય છે ત્યારે ખરેખર પોતાની પુત્રપ્રાપ્તિની ઇચ્છા અને પ્રયત્નાદિની નિંદા કરી પોતે કરેલી મૂર્ખાઇનો પશ્ચાતાપ કરે છે, અને ચિંતવે છે કે 'આના કરતાં જો મેં ધર્માદિ શુભ કાર્યની ઇચ્છા કરી હોત તો આવા અધમાધમ પુત્રથી મ્હારા કુળનો ક્ષય થઇ હું આ સ્થિતિએ પહોંચત નહીં' આ ઉપરથી 'પુત્રથી જ કલ્યાણ છે' એમ માનવું અને તેને માટે પ્રયાસ કરવો એ ધર્માભિલાષીઓને કોઇ પણ રીતે ઉચિત નથી.

ગ્રંથકાર પ્રસંગોપાત સંતતિનું વર્ણન કરી હવે સ્ત્રીના પ્રસ્તુત વિષય ઉપર આવે છે.

જેની મનોવૃત્તિ લેશમાત્ર પણ ખંડિત થઇ નથી તેવી સ્ત્રી સર્વમાં પ્રધાન એવું ઔચિત્યપણું, વિનય અને વિવેકને અગાડી કરી સંપૂર્ણ વ્યવહારને કરવા કરાવવાથી, પતિને અનુકુળ આચરણ કરવાથી અને પતિની આજ્ઞાનુસાર સમગ્ર કાર્યોની અંદર પોતે પ્રવૃત્તિ કરવાથી શ્રેણિક રાજાને ચેલ્લણા અને ઉદાયન રાજાને પ્રભાવતીરાણીની પેઠે નિરંતર હર્ષ તથા સુખનો ઉલ્લાસ કરનારી થાય છે, વળી ઘર સંબંધી સઘળા પ્રસંગોમાં નાના પ્રકારનાં ઘરનાં કાર્યો કરવા વિગેરેની સ્ત્રીને આવડત હોય. કહ્યું છે કે—

"गृहचिन्तान्नरहरणं, मतिवितरणमखिलपात्रसत्करणम् ।
किं किं न कलयति गृहिणां, गृहिणी गृहकल्पवल्लीव ॥१॥"

શબ્દાર્થ—" ઘરની ચિંતાના સમૂહને દૂર કરનારી, સારી બુદ્ધિ આપનારી અને સમય પાત્રોનો સત્કાર કરનારી સ્ત્રી જાણે ઘરની કલ્પલતા જ હોય નહિ તેમ તે ગૃહસ્થોને શું શું ફળ નથી આપતી ? [અર્થાત્ સર્વ ફળ આપે છે.] ૯ "

ભાવાર્થ—આ જગતમાં પ્રાણીઓને અનેક પ્રકારની ચિંતા હોય છે અને તે ચિંતા ચિતાની પેઠે પ્રાણીમાત્રને હમેશાં બાળ્યા કરે છે. તેમાં ગૃહસ્થોને પ્રાયે કરી ઘર સંબંધી અને વ્યાપાર સંબંધી એમ બે પ્રકારની ચિંતા હોય-છે. આપણા દેશમાં પુરૂષોનું કામ વ્યવસાય અથવા નોકરી આદિકથી દ્રવ્ય પ્રાપ્ત કરી તે દ્રવ્યથી પોતાના કુટુંબ અને શરીરનું પોષણ કરવાનું હોય છે. જેમને સ્ત્રી નથી હોતી અથવા સ્ત્રી વિવેક શૂન્ય હોય છે તેમને આ બન્ને કાર્યો જાતેજ કરવાં પડે છે, તેથી દ્રવ્ય ઉપાર્જન કરવા ઉપરાંત પુરૂષને બે ચિંતાઓ હોવાને લીધે સુખ પ્રાપ્ત થતું નથી, અને પુરૂષ ચિંતાગ્રસ્ત હોવાને લીધે નવીન શોધ, અપૂર્વ શાસ્ત્રાભ્યાસ અને અપૂર્વ કળા કૌશલ્ય વિગેરેથી પોતાનો જોઇએ તેવો ઉત્કર્ષ કરી શકતો નથી. પરંતુ જો સ્ત્રી કેળવાએલી અને વિવેકવાળી હોય તો 'ઘરસંબંધી વ્યવસ્થા કરવી એ મ્હારીજ ફરજ છે' એમ ધારી તે બોજો પોતે ઉપાડી લઇ પતિને તે ચિંતામાંથી દૂર કરે છે. જેમ પાશ્ચિ-માત્ય પ્રજામાં સ્ત્રીઓ વિવેકશીલ અને કેળવાએલી હોવાને લીધે તેમના પતિઓ ઘરસંબંધી ચિંતામાંથી મુક્ત થયેલા છે તેથી તે લોકોએ નવી નવી શોધો, શાસ્ત્રાભ્યાસ અને કળા કૌશલ્યમાં આગળ વધી પોતાનો ઉત્કર્ષ કર્યો છે, અને હંમેશા કરે જાય-છે. તેવીજ રીતે શાસ્ત્રકારના " **गृह चिन्ताजर हरणम्** " આ વાક્યને અનુસારે પ્રથમ આ દેશમાં પણ સ્ત્રીઓને કેળવણી આપવામાં આવતી હતી એમ સિદ્ધ થાય-છે. ગૃહસ્થોનો ઉત્કર્ષ તો કેળવાએલી અને સુશીલ સ્ત્રીઓને આશ્રયીને રહેલો છે, માટે દરેક પ્રકારે સ્ત્રીઓને અમુક ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણ તો ફરજીઆત તરીકે આપવું જ જોઇએ, અને તોજ તે યથોચિત સાંસારિક અને ધાર્મિક કાર્યમાં પ્રવર્ત્તી પોતાના અને પતિના સંસારને સુખમય બનાવી પોતાનું ' ગૃહિણી ' એવું નામ સાર્થક કરે છે.

સ્ત્રી પતિને ઉત્તમ મતિ આપનારી હોવી જોઇએ, અર્થાત્ પોતાનો સ્વામી વ્યાપારમાં અથવા રાજકાર્ય સંબંધી ગુંચવણમાં આવી પડયો હોય તો તેને **શીલ-વતી** અને **અનુપદેવી**ની પેઠે સારી મતિ આપી મદદ કરવી જોઇએ. કદાચિત્

પોતાનો સ્વામી કુળ મર્યાદાનું ઉલ્લંઘન કરી અવળે રસ્તે ચાલતો હોય તો પણ તેના વિનયાદિકનું ઉલ્લંઘન કર્યા શિવાય સારી શિખામણ આપી આ લોક અને પરલોકના અતિ તીવ્ર દુઃખ વિપાકોને સંભળાવી **મદનરેખા** તથા **લીલાવતી**ની પેઠે દરેક પ્રકારે તેની મતિ સુધારી ઐહિક અને પારલૌકિક સુખનો ભાગી બને તેમ પ્રયત્નશીલ થવું જોઈએ. ગૃહસ્થોને આવા પ્રકારની સ્ત્રીનો જ સંગ્રહ કરવો ઉચિત છે.

પુરૂષ હમેશાં વ્યવસાયાદિ કાર્યમાં વ્યગ્ર હોવાને લીધે પોતાના જાતિબંધુ,ધર્મબંધુ અથવા મુનિમહાશય પોતાને ઘેર પધાર્યા હોય તોપણ તેમનું આતિથ્ય યથોચિત કરી શકતો નથી. પણ જો સ્ત્રી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની જાણ હોય તો પોતાના આંગણે કલ્પવૃક્ષ સમાન સત્પાત્રો પ્રાપ્ત થતાં, યોગ્ય આગત સ્વાગત કરી આલોકમાં પોતાના પતિના કુળમાં યશ અને કીર્ત્તિનો વધારો કરે છે, અને પરલોકમાં પોતે અખંડિત પુણ્યની ભાગીદાર થઇ પતિને પણ પુણ્યનો ભાગી બનાવે છે. આ કાર્ય ખાસ કરીને સ્ત્રીનું છે, અને તે વિદુષી સ્ત્રી સારી રીતે કરતી હોવાથી પતિને આવી ચિંતામાંથી દુર રાખે છે.

આવી રીતે ગૃહસ્થોને કલ્પલતાની પેઠે સ્ત્રી શું શું સંપાદન નથી કરતી? અર્થાત્ જેમ કલ્પલતા મનોવાંછિત આપી સુખી કરે છે તેમ ગુણવતી સ્ત્રી પણ પોતાના સ્વામીને અનુકુળ વર્ત્તન કરી આ લોકમાં જ સ્વર્ગ અને મોક્ષના સુખને આપનારી થાય છે. વળી કહ્યું છે કે—

" दक्षा तुष्टा प्रियालापा, पतिचिताऽनुवर्तिनी ।
कुलोचित्याव्ययकरी,सा लक्ष्मीरिव चापरा॥ १०॥"

શબ્દાર્થ—" શાણી, સંતોષ પામેલી, પ્રિય બોલનારી, પતિના ચિત્તને અનુસરનારી અને [પોતાના] કુળને ઉચિત ખરચ કરનારી સ્ત્રી જાણે બીજી લક્ષ્મી હોય નહીં ? [તેમ ઘરને શોભાવે છે.] ॥ ૧૦ ॥

ભાવાર્થ—સ્ત્રી વિદુષીજ હોવી જોઇએ, અને તેવી હોય તોજ દરેક કાર્યમાં વિવેક પુરસ્સ વર્ત્તનકરનારી સ્ત્રી પતિના વૈભવમાં સંતોષ માનનારી હોઇ શકે છે.ગમે તેટલી ઐશ્વર્યતા, દિવ્ય સંપત્તિ અને માનપ્રતિષ્ઠા હોય તો પણ જ્યાંસુધી સંતોષ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી ઐશ્વર્યતા વિગેરે દુઃખદાયી થાય છે.કારણ કે ઐશ્વર્યાદિની પ્રાપ્તિ તો પૂર્વ પુણ્યને અનુસરીને રહેલી છે;માટે પુણ્યાનુસાર પ્રાપ્ત થએલા ઐશ્વર્યાદિકથી અસંતોષ

માની વધારે ઇચ્છા કરવી ઉચિત નથી; કેમકે તેમ કરવાથી કંઇ પ્રાપ્ત થતું નથી, અને ઉલટું અસંતોષને લઇને એવી ઇચ્છા રાખનાર હંમેશાં દુઃખી જ રહે છે. કેટલીએક સ્ત્રીઓ પોતાના સ્વામી તરફથી મળેલાં વસ્ત્રાભૂષણથી સંતોષ નહીં માનતાં બીજા ધનાઢયની સ્ત્રીઓનાં અતિ ઉત્તમ વસ્ત્રાભૂષણ જોઇ તેવાં મેળવવા પોતાના પતિને હેરાન કર્યા કરે છે. આથી સંતોષ શિવાયની સ્ત્રી સાથનો ગૃહસંસાર સુખમય થતો નથી; પણ જેની સ્ત્રી સંતોષી હોય તેને આ દુનીયાંજ સ્વર્ગ રૂપ થાય છે.

જે સ્ત્રી સાક્ષર હોય છે તે ગમે તેવા પ્રસંગે પણ કઠોર મર્મભેદક અને બિભત્સ શબ્દ વિગેરેનો ઉચ્ચાર કદિ પણ કરતી નથી. અને અવસરે પણ **મદનસુંદરી**ની પેઠે મધુર, પરિમિત અને સમયોચિત બોલનારી હોય છે. મધુર આલાપ પણ એક જાતનું વશીકરણ છે અને તે જેની પાસે હોય તેને આ જગત લીલા માત્રથી વશ થાય છે. પ્રિયભાષીપણાથી આ લોકમાં આદર, યશોવાદ, ધર્મયોગ્યતા અને પરલોકમાં સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય છે, માટે મહાન ભાગ્યોદય પ્રાપ્ત થયેલા મનુષ્યભવને સાર્થક કરવા દરેક સ્ત્રીએ પ્રિયભાષીપણું મેળવવા સતત પ્રયાસ કરવો જોઇએ.

પતિના ચિત્તને અનુસરીને વર્ત્તનારી સ્ત્રી મણિ, મંત્ર, ઔષધિ અને કામણ ટુમણ વિના પણ પોતાના પતિને વશ કરી લે છે; માટે જે સ્ત્રીને પોતાના પતિનો વશ કરવાની ઇચ્છા હોય તેણે **રૂખમણી** અને **દ્રૌપદીની** પેઠે તેના અભિપ્રાયને અનુસરીને વર્ત્તન કરવું કે જેથી પતિ સહેજે વશ થશે.આ ગુણ પણ દરેક સ્ત્રીઓને અનુકરણ કરવા યોગ્ય છે જે સ્ત્રીમાં આ ગુણ હોય છે તે સ્ત્રી પતિની માનનીક હોવાથી હંમેશાં સુખી થાય છે.

પોતાના કુળને ઉચિત હોય તેટલોજ ખરચ કરનારી સ્ત્રી હોય તો તે કુટુંબમાં પ્રિય થઇ પડે છે, અને વિશ્વાસ પાત્ર થાય છે. જો પતિપાસે જોઇએ તેટલા પૈસાની જોગવાઇ ન હોય, અને સ્ત્રી વિશેષ ખરચાલુ હોય તો તે ઘર જલદી દુર્દશાને પ્રાપ્ત થાય છે. માટે સ્ત્રીઓએ પોતાના પતિની સંપત્તિને અનુસાર ખરચ કરવો, કે જેથી દિવસો આનંદથી નિર્ગમન થાય, આવી સ્ત્રી કુટુંબનું ઘણું માન મેળવવા ભાગ્યશાળી થાય છે. ઉપરોક્ત સર્વ ગુણોપેત જે સ્ત્રી હોય તેને લક્ષ્મી તુલ્ય ગણવામાં આવે છે, અને તેવીજ સ્ત્રીઓ ઉભય કુળને પ્રકાશમાં લાવે છે. માટે ગૃહસ્થોએ ઉપરના બે શ્લોકમાં જણાવેલા ગુણયુક્ત જે સ્ત્રી હોય તેવી સ્ત્રીનો સંગ્રહ કરવો ઉચિત છે.

સસરાના કહેવાથી દીપકને કરનારી વહૂની પેઠે ઘર કાર્ય કરવામાં ઉદાસીનતા ધારણ કરનારી સ્ત્રી ન હોવી જોઇએ. પરંતુ જેમ તેજપાલ મંત્રીની ભાર્યા **અનુપમાદેવી** ઘર કાર્યમાં કુશળ હતી તેવી સ્ત્રી હોવી જોઇએ. અને કલહ કરનારી ભાર્યાથી તો ખરેખર ઘરનો નાશ જ થાય છે. તે વિષે દૃષ્ટાંત આ પ્રમાણે છે—

કોઇ ગામમાં **શિવ** નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને કજીયાખોર અને સર્વ ધર્મથી બહાર કરેલી **સાવત્રી** નામે ભાર્યા હતી. તેના ઘર આગળ એક વડનું ઝાડ હતું તેમાં એક વ્યંતર રહેતો હતો સાવત્રી વડના મૂળમાં કચરો પેશાબ વિગેરે નાંખતી હતી તેથી ઉદ્વેગ પામેલો તે વ્યંતર પલાયન કરી કોઇ એક ગામના ઉપવનમાં જઇ રહ્યો. સાવત્રી અને શિવને પરસ્પર આ પ્રમાણે કલહ થતો હતો.

"आः किं सुन्दरि ! सुन्दरं न कुरुषे किं नो करोषि स्वयम्,
धिग् त्वां क्रोधमुखीमलीकमुखरस्त्वत्तोऽपि कः कोपनः ।
आः पापे प्रतिजल्पसि प्रतिपदं पापस्त्वदीयः पिता,
दम्पत्योरिति नित्यदन्तकलहक्लेशार्त्तयोः किं सुखम् ॥११॥"

શબ્દાર્થ—" શિવ—' અરે સુંદરિ ! તું સુંદર કેમ કરતી નથી ?' સાવત્રી—' તું પોતેજ કેમ સુંદર કરતો નથી ?' શિવ—' ક્રોધમુખી તને ધિક્કાર છે. ' સાવત્રી—' અસત્ય બોલવામાં વાચાલ તારાથી બીજો કોણ ક્રોધી છે. ?' શિવ—' અરે પાપણી ! તું દરેક વાક્યમાં સામું બોલે છે ?' સાવત્રી—' તારો બાપ પાપી ' આ પ્રમાણે નિરંતર દંતકલહ અને કલેશથી દુઃખી થયેલાં દંપતિને સુખ ક્યાંથી હોય ??"

પછી તે શિવ બ્રાહ્મણ ઘરનો ત્યાગ કરી નાઠો અને જે ઉપવનમાં તે વ્યંતર રહ્યો છે તે ઉપવનમાં ગયો. વ્યંતરે તેને બોલાવ્યો કે ' હે શિવ ? તું મને ઓળખે છે ?' શિવે કહ્યું ' ના ' વ્યંતરે કહ્યું ' હું તારી સ્ત્રીના ભયથી આ ઉપવનમાં આવ્યો છું. તારો નિર્વાહ અહિં કેવી રીતે થશે ?' શિવે કહ્યું ' તમારી કૃપાથી મારો નિર્વાહ થઇ જશે. ' પછી વ્યંતર શિવને જણાવી કોઇ શેઠના પુત્રને વળગ્યો. શેઠે મંત્ર જાણનારને બોલાવ્યા પણ તેઓ કાંઇ પણ ગુણ કરી શકયા નહીં. પછી શિવ ભૂતને કાઢે છે એમ જાણી શિવને બોલાવ્યો. શિવના મંત્રેલા જળથી ફાયદો થવાથી શેઠે તેને પાંચસો સોના મોહોર આપી આથી તેની લોકમાં પ્રસિદ્ધિ થઇ. જ્યાં જ્યાં વ્યંતર વળગે છે ત્યાં ત્યાં જઇ શિવ તે વ્યંતરને નસાડે છે. પછી એક

વખત વ્યંતરે શિવને કહ્યું કે ' હવે પછી તહારે મને કાઢવાનો ઉપાય કરવો નહીં. જો તું તેમ કરીશ તો પણ હું ત્યાંથી નીકળીશ નહીં. તેથી તહારો અપયશ થશે. ' પરંતુ ધનમાં આસકત થયેલો તે બ્રાહ્મણ ઉપચાર કરતો વિરમ્યો નહીં. એક વખતે તે વ્યંતર કોઇ ધનવાન પુરૂષના પુત્રને વળગ્યો. શિવ ત્યાંજઇ મંત્રજાપ કરવા લાગ્યો વ્યંતરે મુષ્ટી ઉગામી કહ્યું કે ' હું તને મારી નાખીશ. ' ત્યારે ભયભીત થયેલ બ્રાહ્મણ બોલ્યો કે ' હે વ્યંતર ! હું તને કંઇ જણાવવા માટે અહિં આવ્યો છું. ' વ્યંતરે કહ્યું કે ' તે શું છે ? ' શિવે કહ્યું કે મ્હારી સ્ત્રી સાવત્રી અહિં આવી છે. ' એ વાર્ત્તા શ્રવણ કરીનેજ વ્યંતર પલાયન કરી ગયો અને તે બ્રાહ્મણને દ્રવ્ય તથા યશની પ્રાપ્તિ થઇ. કહ્યું છે કે—

" कलहिन्या गेहिन्याऽत्र, के के नोद्वेजिता जनाः ।
सात्रागतेति श्रुत्वैव, त्यक्त्वा पात्रं गतोऽमरः ॥ १२ ॥"

શબ્દાર્થ—" કજીયાખોર સ્ત્રીથી આ લોકમાં કયા કયા પુરૂષો ઉદ્વેગને નથી પામ્યા ? (અર્થાત સર્વે પામ્યા છે) ' તે અહિં આવી છે ' એટલું સાંભળીને વ્યંતર દેવતા પાત્રનો ત્યાગ કરી નાશી ગયો. ॥ ૧૨ ॥ "

વળી કુલીનતા, આચારની વિશુદ્ધિ, ઉત્તમ કુળાચાર અને દેવ, અતિથિ તથા બાંધવનો સત્કાર કરવામાં નિર્દોષપણું વિગેરે ઉત્તમ કુળ વધૂના ગુણો છે. માટે તેવી સારી ભાર્યા મેળવવાને પ્રયત્ન કરવો જોઈએ.

વધૂ રક્ષણના ઉપાયો આ પ્રમાણે છે.

પથારી ઉપાડવી, ઘરમાંથી કચરો કાઢી સાફ રાખવું, જળને ગાળી પવિત્ર રાખવું, રસોડાનું કાર્ય કરવું, વાસણો ધોઇ સાફ રાખવાં, ધાન્યોને દળવાં, ગાય દોહવી, દહીંનું મથન કરવું, રસોઇ કરવી, યોગ્ય રીતે ભોજન પીરસવું, પાત્ર વિગેરેને સાફ કરવાં અને સાસૂ, સ્વામી, નણંદ તથા દેવરનો વિનય કરવા વિગેરેથી વધૂ કષ્ટ પુર્વક જીવે છે. આ પ્રમાણે સ્ત્રીને ઘરકાર્યમાં જોડવી, તેને પરિમિત (થોડું) દ્રવ્ય આપી મુકવુ, સ્વતંત્ર થવા દેવી નહીં અને શ્રેષ્ટ આચાર રૂપ માતાના સરખી સ્ત્રીને રોકી રાખવી. અર્થાત્ જેમ સારા આચાર રૂપી માતાને સત્પુરૂષો પોતા પાસેથી જ્યાં ત્યાં જવા દેતા નથી તેમ સ્ત્રીને પણ જવા દેવી નહીં. વળી કહેલું છે કે—

ઉત્તમ કુળની સ્ત્રીઓને નિરંતર ઘરના દ્વારમાં બેસવું, નાટક વિગેરેનું જોવું અને ગવાક્ષમાં (ગોખમાં) બેસવું નિષેધ કરેલું છે. શરીરના અવયવોને પ્રગટ કરવા,

ક્રીડા કરવી, કુતુહલ કરવું, પરપુરૂષની સાથે બોલવું, કામણ કરવું અને ઉતાવળું ચાલવું એ કુલીન સ્ત્રીઓને યોગ્ય નથી. પરિવ્રાજિકા, વેશ્યા, દાસી, વ્યભિચારણી અને કારીગરની સ્ત્રીની સાથે કુલીન સ્ત્રીઓએ કદિ પણ સંસર્ગ રાખવો યોગ્ય નથી. (બેકાકી) જવું, જાગરણ કરવું, દૂરથી જળ લાવવું, માતાને ઘેર રહેવું, વસ્ત્ર માટે ધોબી પાસે જવું, દૂતિની સાથે મેળ રાખવો, પોતાના સ્થાનથી ભ્રષ્ટ થવું, સખિના વિવાહ (લગ્ન) માં ગમન કરવું અને પતિનું દેશાંતર ગમન વિગેરે વ્યાપારો ખરેખર સતીઓના પણ શીળ રૂપ જીવિતને પ્રાયે હરનારા થાય છે. તાંબુલ, શૃંગાર, મર્મકારી વચન, ક્રીડા, સુગંધની ઇચ્છા, ઉદ્ભટ વેષ, હાસ્ય, ગીત, કૌતુક, કામક્રીડા, શય્યા, કુસંબી વસ્ત્ર, રસ સહિત અન્ન, પુષ્પ અને કેશર તથા રાત્રિમાં ઘરથી બહાર જવું આ સર્વનો કુલીન અને સુશીલ એવી વિધવા સ્ત્રીઓએ નિરંતર ત્યાગ કરવો જોઇએ. હે સુંદર ભ્રકુટી વાળી સ્ત્રી ? તું તારા પતિ તરફ નિષ્કપટી, નણંદો તરફ નમ્ર, સાસુ તરફ ભક્તિવાળી, સ્વજનો પ્રત્યે સ્નેહવાળી, પરિવાર તરફ હેતવાળી, શોકયો સાથે હસમુખી, પતિના મિત્રો સાથે (નિર્દોષ) હાસ્ય વચન બોલવા વાળી અને તેના દુશ્મનો પ્રત્યે બેદ ધરનારી થજે. આ સર્વે સ્ત્રીઓને પતિવશ કરવાને મંત્રોષધિ રૂપ છે. હવે ગ્રંથકાર પ્રસ્તુત ગુણનો ઉપસંહાર કરતાં ઉપદેશ દ્વારા ફળ દર્શાવે છે.

" एवं गृहस्थः सुकलत्रयोगाज्जनेषु शोभां लभते सुखी च,
देवातिथिप्रीणनपुण्यकर्मा,जनैः परत्रापि गतिं विशुद्धाम्॥१३॥"

શબ્દાર્થ—" એવી રીતે ગૃહસ્થ સારી સ્ત્રીના યોગથી લોકોમાં શોભા પામે છે. અને સુખી થાય છે. તેમજ દેવ તથા અતિથિને તૃપ્ત કરવા રૂપ પુણ્ય કર્મોને ઉપાર્જન કરી પરલોકમાં પણ સુગતિનું ભાજન થાય છે. ।૧૩।" આ ઠેકાણે માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ પૈકી ત્રીજા ગુણનું વર્ણન સમાપ્ત થયું. ॥

चतुर्थ गुण वर्णन.

વે ક્રમથી પ્રાપ્ત થયેલ ' પાપ ભીરૂ ' નામે ચતુર્થ ગુણને વર્ણવે છે.

" पापन्नीरुरिति "—દીઠેલા અને નહીં દીઠેલા અનર્થોના કારણભૂત કર્મ તે પાપ અને તેથી ભય રાખનારને પાપભીરૂ કહે છે. તેમાં ચોરી, પરસ્ત્રીગમન અને જુગાર રમવા વિગેરે દેખેલા અનર્થોના કારણો છે તે આ લોકમાં પણ સર્વ મનુષ્યોમાં વિડંબનાનાં સ્થાન તરીકે પ્રસિદ્ધ છે. કહ્યું છે કે—

" द्युताद्राज्यविनाशनं नलनृपः प्राप्तोऽथवा पाण्डवा-
मद्यात्कृष्णनृपश्च राघवपिता पापर्द्धितो दूषितः ।
मांसाच्छ्रेणिकभूपतिश्च नरके चौर्याच्चिनष्टा न के
वेश्यातः कृतपुण्यको गतधनोऽन्यस्त्रीमृतो रावणः ॥१॥"

શબ્દાર્થ—" નળ રાજા અને પાંડવોએ જુગારના વ્યસનથી પોતાના રાજ્યનો નાશ કર્યો, કૃષ્ણ મહારાજ મદિરાથી નાશ પામ્યા, રામચંદ્રજીના પિતા દશરથ શિકાર કરવાના વ્યસનથી દૂષિત થયા, શ્રેણિક રાજા માંસના વ્યસનથી નરકે ગયા, ચોરીના વ્યસનથી કોણ નાશ નથી પામ્યા ! કૃતપુણ્યશ્રેષ્ઠી વેશ્યાના વ્યસનથી નિર્ધન થઈ ગયો અને રાવણ પરસ્ત્રી ગમનના વ્યસનથી મૃત્યુ પામ્યો ॥ ૧ ॥" આ દીઠેલા અનર્થનાં કારણો છે.

શાસ્ત્રમાં કહેલા નરકાદિ દુઃખનું ફળ આપનાર મદિરા અને માંસનું આસેવન કરવા વિગેરે કાર્ય તે નહીં દીઠેલા અનર્થનાં કારણ છે. જે કારણથી જૈનાગમમાં કહેલું છે કે, " મ્હોટા આરંભથી, મ્હોટા પરિગ્રહથી, માંસાહારથી અને પંચેંદ્રીનો વધ કરવાથી જીવો આ ચાર પ્રકારે નરકનું આયુષ્ય બાંધે છે. " વળી બીજે ઠેકાણે કહેલું છે કે " પંચેંદ્રીનો વધ કરવામાં આસક્ત, માંસાહાર કરવામાં આદરવાળા

અને મ્હોટા આરંભ તથા પરિગ્રહવાળા જીવો નરકને વિષે ઉત્પન્ન થાય છે." જો બીજી કોઇ રીતે નિર્વાહ થઈ શકતો હોય તો પાપથી ભય રાખનાર પુરૂષે માંસાદિના ઉપલક્ષણથી બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયનું ભક્ષણ, તેનો વેપાર અને પંદર કર્માદાનનો પણ વિમળશ્રેષ્ઠીની પેઠે ત્યાગ કરવો જોઇએ. તેમજ ગૃહસ્થોએ હમેશાં પાપથી ભય રાખનાર થવું જોઇએ, કારણ કે પાપભીરૂ પુરૂષને **વિમળ**ની પેઠે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. તેનું ઉદાહરણ આ પ્રમાણે છે.—

કુશસ્થળ નામે નગરમાં **વિમળ** અને **સહદેવ** નામે કોઇ એક શેઠના પુત્રો રહેતા હતા. તેમાં વિમળ પાપભીરૂ હતો, અને સહદેવ તેનાથી વિપરીત સ્વભાવવાળો હતો. તે બન્ને ભાઈઓએ ગુરૂ પાસે સમ્યક્ત્વ મૂળ બાર વ્રત ગ્રહણ કર્યાં હતાં. એક વખત બન્ને ભાઇઓ વેપાર માટે દેશાંતર ચાલ્યા. માર્ગમાં મુસાફરોએ વિમળને રસ્તો પુછ્યો. વિમળે કહ્યું કે 'હું જાણતો નથી.' અનુક્રમે બીજા વેપારીઓ શ્રાવસ્તી નગરીમાં ઘણો લાભ સાંભળી તે તરફ ગયા. પણ વિમળશ્રેષ્ઠી માર્ગમાં ઘણી સૂક્ષ્મ દેડકીઓ જોવાથી શ્રાવસ્તી તરફ ન જતાં કનકપુર તરફ ચાલ્યો. રસ્તામાં જતાં એક ગામમાં ગળી, મીણ, મધ, લૂણ અને જુના તલ વિગેરે પાપકારી વસ્તુઓ સસ્તી મળતી હતી પરંતુ પાપથી ભય પામેલા વિમળે ગ્રહણ કરી નહીં. કેટલાએક ગામડીઆ માંખણ તાવી ઘી આપતા હતા, પણ વિમળે ગ્રહણ કર્યું નહીં; પરંતુ તેને ગ્રહણ કરવાની ઇચ્છાવાળો સહદેવ બ્હાનું આપતો હતો, પણ વિમળે તેમ થવા દીધું નહીં. વળી આગળ ચાલતાં એક ગામમાં માછી લોકોએ જાળ બનાવવા માટે સુતર માગ્યું. સહદેવ તે આપવાને ઉત્સાહવાળો થયો, પણ વિમળે આપવા દીધું નહીં. અનુક્રમે બન્ને ભાઇઓ કનકપુર પહોંચ્યા. ત્યાં રસોઇ વખતે કોઇ વેપારીએ અગ્નિ માગ્યો, પણ વિમળે તે આપ્યો નહીં. તે જોઇ કોઇ દેવે વેપારીનું રૂપ કરી પરીક્ષા કરવા માટે અગ્નિ માગ્યો, પણ તેણે અગ્નિ નહીં આપવાથી કોપયુક્ત થયેલો તે દેવ રાક્ષસરૂપ ધારણ કરી ભય પમાડવા લાગ્યો, પણ વિમળ ભય પામ્યો નહીં. પછી રાક્ષસે કહ્યું કે 'અરે! જો તું મને અગ્નિ આપે તો હું તને છોડી દઉં.' વિમળે કહ્યું કે 'હે રાક્ષસ! અગ્નિ ચારે તરફના મુખવાળું શસ્ત્ર છે તેથી શ્રાવકો તેને આપતા નથી' જે કારણથી કહેલું છે કે, 'પાપથી ભય રાખનાર શ્રાવકોએ કદી પણ મધ, મદિરા, માંસ, ઔષધ. મૂળીયાં, શસ્ત્ર, અગ્નિ, યંત્ર અને મંત્ર વિગેરે આપવાં નહીં.' વળી 'શસ્ત્ર, અગ્નિ, મુશળ, યંત્ર, તૃણ, કાષ્ટ, મંત્ર, મૂળ અને ઔષધિ શ્રાવક આપે અને અપાવે પણ નહીં. કહ્યું છે કે—

" न ग्राह्याणि न देयानि पंच वस्तूनि पंडितैः ।
अग्निर्विषं तथा शस्त्रं, मद्यं मांसं च पञ्चमं ॥२॥"

શબ્દાર્થ—" અગ્નિ, ઝેર, શસ્ત્ર, મદિરા અને પાંચમું માંસ એ પાંચ વસ્તુઓ પંડિત પુરૂષોએ કોઇને આપવી નહીં, અને ગ્રહણ પણ કરવી નહીં. ॥ ૨ ॥

તે કારણથી હું પ્રાણાંતે પણ અગ્નિ નહીં જ આપું. વિમળના આવા વચનો શ્રવણ કરી રાક્ષસનું રૂપ ધારણ કરનાર દેવ તેના પરાક્રમથી સંતુષ્ટ થયેલો પોતાના સ્વાભાવિક રૂપને પ્રગટ કરી બોલ્યો કે, " હે વિમળ ! તારી પ્રશંસા સ્વર્ગમાં ઇંદ્ર મહારાજે કરી હતી કે, વિમળ જેવો કોઇ બીજો પાપ ભીરૂ પુરૂષ છેજ નહીં' તે કારણથી તમને ક્ષોભ પમાડવા મેં દેડકી વિગેરે કર્યું હતું પણ તમે ક્ષોભ પામ્યા નહીં. માટે તમે વરદાન માગો. " વિમળે વરદાન માગ્યું નહીં તોપણ તે દેવ વિષ હરનાર મણી આપી સ્વર્ગમાં ચાલ્યો ગયો. પછી વિમળ અને સહદેવ કનકપુરમાં ગયા. આ અરસામાં નગરને વિષે પડહો વાગતો હતો કે, ' સર્પથી ડંશેલા રાજપુત્રને જે કોઇ જીવાડશે તેને રાજા અડધું રાજ્ય આપશે. ' એવું સાંભળી વિમળે નિષેધ કર્યો તોપણ સહદેવે પડહાને ગ્રહણ (સ્પર્શ) કરી મણિના પ્રભાવથી રાજકુમારનું વિષ ઉતારી દીધું. એટલે રાજાએ તેને અડધું રાજ્ય આપવા માંડયું ત્યારે તે કહેવા લાગ્યો કે, ' મ્હારો મોટો ભાઇ વિમળ છે તેને આપો.' રાજાએ તેમ કર્યું પણ વિમળે અધિકરણના ભયથી રાજ્ય ગ્રહણ કર્યું નહીં તેથી રાજાએ સહદેવને અર્ધ રાજ્ય અને વિમળને શ્રેષ્ટી પદ આપ્યું. પછી અધિકારને પ્રાપ્ત કરી સર્વ ઠેકાણે ન્યાય પૂર્વક વર્ત્તન કરતો અને પરોપકારમાં તત્પર એવો વિમળ ધર્મ કરવા લાગ્યો કહ્યું છે કે—

"आज्ञा कीर्त्तिः पालनं धार्म्मिकाणां, दानं भोगो मित्रसंरक्षणं च।
एषामेते षड्गुणा न प्रवृत्ताः, कोऽर्थस्तेषां पार्थिवोपाश्रयेण॥३॥"

શબ્દાર્થ—" આજ્ઞા, કીર્ત્તિ, ધર્મીપુરૂષોનું પાલન, દાન, ભોગ અને મિત્રનું રક્ષણ આ છ ગુણો જેના પ્રવર્ત્તમાન થયા નથી તેમને રાજાના આશ્રયથી શું પ્રયોજન છે ? " અર્થાત્ જેને રાજાનો આશ્રય હોય તેણે આ છ કાર્યો અવશ્ય કરવાં જોઇએ.

સહદેવ તો રાજ્ય મેળવી લોકોને અત્યંત દુઃખ આપવા વિગેરે પાપોને નિઃશંકપણે કરવા લાગ્યો. વિમળ તેમ કરતાં અટકાવ કરતો હતો, પણ સહદેવ તેમ કરતાં વિરમ્યો નહીં. કારણ કે, " ઉપદેશથી કોઇનો સ્વભાવ ફેરવી શકાતો નથી.

છ મહીના સુધી વાંસની ભુંગળીમાં રાખેલું કુતરાનું પુછડું બહાર નીકળ્યું કે પાછું વાંકું ને વાંકું જ રહે છે.” પછી સહદેવને કોઇ શત્રુએ મારી નાખ્યો. ત્યાંથી મરણ પામી નરકે ગયો. અને વિમળ તો ધર્મ કરી સ્વર્ગમાં ગયો, ત્યાંથી ચ્યવી એક ભવ કરી સાધુ થઇ મોક્ષમાં જશે. ઇતિ વિમળ દૃષ્ટાંતઃ

ગ્રંથકાર ચતુર્થ ગુણનો ઉપસંહાર કરતાં ઉપદેશ દ્વારા તેનું ફળ દર્શાવે છે.

“ विमलवदिति यः स्यात्पापनीरुप्रवृत्तिः,
सततसदयचित्तो धर्मकर्मैकचित्तः ।
स सुरनरसुखानि प्राप्य जाग्रद्विवेकः,
कलयति शिवलक्ष्मीनायकत्वं सुखेन ॥ ४ ॥”

શબ્દાર્થ—“ ઉપર જણાવ્યા પ્રમાણે વિમળની પેઠે જે પુરૂષ પાપ રહિત પ્રવૃત્તિ કરવાવાળો, નિરંતર દયાળુ હૃદયવાળો, ધર્મરૂપ કાર્યમાંજ એક ચિત્તવાળો અને સ્ફુરાયમાન વિવેકવાળો હોય તે પુરૂષ દેવ અને મનુષ્ય સંબંધી સુખોને પ્રાપ્ત કરી મોક્ષરૂપ લક્ષ્મીના નાયકપણાને કષ્ટ વિના મેળવે છે.” ૪આ ઠેકાણે ચતુર્થ ગુણનું વર્ણન સમાપ્ત થયું.

પંચમ ગુણ વર્ણન.

હવે ક્રમથી પ્રાપ્ત થયેલ 'પ્રસિદ્ધ દેશાચાર'ને આચરણ કરવારૂપ પંચમ ગુણનું વર્ણન કરે છે.

"प्रसिद्धं च देशाचारं समाचरन्"—તથા પ્રકારના અન્ય શિષ્ટ પુરૂષોને તે આચાર માન્ય હોવાથી લોક રૂઢીમાં આવેલો હોય તેને પ્રસિદ્ધ કહે છે. અને મહાન્ પુરૂષને યોગ્ય ભોજન, વસ્ત્ર અને ગૃહકાર્ય વિગેરે નાના પ્રકારની ક્રિયારૂપ આખા દેશનો વ્યવહાર તેને દેશાચાર કહે છે. તેવા પ્રસિદ્ધ દેશાચારને સારી રીતે આચરનાર ગૃહસ્થ ધર્મને યોગ્ય થાય છે, અર્થાત્ પુર્વોક્ત રીતિથી વર્ત્તન કરનાર પુરૂષ વિશેષ ધર્મ મેળવવા અધિકારી થાય છે. દેશ—ઉપલક્ષણથી પોતાના કુળમાં ઉત્પન્ન થયેલા અને સર્વ ઠેકાણે પ્રસિદ્ધિને પામેલા લોકાચાર અને ધર્માચારનું સારી રીતે આચરણ કરનાર હોય, તેનું આચરણ તો તેનાથી વિરૂદ્ધ આચારનો ત્યાગ કરવાથી થાય છે. કહ્યું છે કે—

"लोकः खल्वाधारः, सर्वेषां धर्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं, धर्मविरुद्धं च संत्याज्यम् ॥ १ ॥"

શબ્દાર્થ—"જે કારણથી ખરેખર સમગ્ર ધાર્મિક લોકોનો આધાર લોક છે, તે માટે લોક વિરૂદ્ધ અને ધર્મ વિરૂદ્ધ [આચાર]નો ત્યાગ કરવો જોઇએ. ૧" દેશ અને લોકાદિક વિરૂદ્ધ તો આ પ્રમાણે છે.—

" દ્રવ્યના પ્રમાણ કરતાં અધિક વેશ રાખનાર, અધિક દ્રવ્ય છતાં હીનવેશ રાખનાર અને પોતે શક્તિ રહિત છતાં શક્તિવાળાની સાથે વેર કરનાર પુરૂષનું મહાન્ પુરૂષો ઉપહાસ્ય કરે છે. ચોરી વિગેરેથી દ્રવ્યની આશા બાંધનાર, સારા ઉપાયોમાં શંસય રાખનાર અને પોતાની શક્તિ છતાં ઉદ્યોગ રહિત થનાર પુરૂષને

લક્ષ્મી પ્રાપ્ત થતી નથી. રોગી છતાં અપથ્યનું સેવન કરનાર, હિતશિક્ષા આપનાર ઉપર દ્વેષ રાખનાર અને નિરોગી છતાં ઔષધ ખાનાર પુરૂષ ખરેખર મરવાને ઇચ્છે-છે એમાં સંદેહ નથી. જકાત આપી ઉલટે રસ્તે ચાલનાર, ભોજન વખતે ક્રોધ કર-નાર અને પોતાના કુળ ા અહંકારથી સેવા નહીં કરનાર આ ત્રણેને મંદ બુદ્ધિ સમજવા. બુદ્ધહીન છતાં કાયની સિદ્ધિ ઇચ્છનાર, દુઃખી છતાં સુખના મનોરથ કર-નાર અને કરજ કરી સ્થાવર મીલકતને ખરીદનાર આ ત્રણેને મુર્ખ પુરૂષોના સરદાર જાણવા. મનોહર સ્ત્રી છતાં પરસ્ત્રીની ઇચ્છા કરનાર, ભોજન તૈયાર છતાં ગમન કરનાર અને નિર્ધન છતાં ગોષ્ટિ કરવામાં અત્યંત આસકત હોય, તેવો પુરૂષ મુર્ખોનો શિરો-મણી ગણાય છે. કીમીયામાં દ્રવ્ય ખોનાર, રસાયનમાં રસિક થનાર અને પરીક્ષા માટે વિષ ભક્ષણ કરનાર આ ત્રણે અનર્થને પ્રાપ્ત થાય છે. જેના દોષ જાણીતા હોવા છતાં તેની શ્લાઘા કરનાર, ગુણીના ગુણની નિંદા કરનાર અને રાજા વિગેરેનો અવર્ણવાદ બોલનાર પુરૂષ તત્કાળ અનર્થનું ભાજન થાય છે. કદિ શ્રમ થયો હોય તો પણ આત્માનું કલ્યાણ ઇચ્છનાર પુરૂષે મહિષ, ખર અને ગાયોની ઉપર આરોહણ કરવું નહીં. કેદખાનામાં તથા વધસ્થાનમાં, જુગાર રમવાના સ્થાનમાં, પરાભવના સ્થાનમાં, ભાંડાગારમાં અને નગરના અંતેઉરમાં જવું નહીં. ઇત્યાદિ ઉત્તમ લોકાચારનું સેવન કર્યું હોય તો તેનાથી પ્રાયે કરી આલોકમાં ખરેખર યશ, મોટાઇ અને શોભા વિગે-રેની વૃદ્ધિ થાય છે. તેમજ લોકોને તે માન્ય હોવાથી કરવા ધારેલાં ધર્મ કાર્યોની સિદ્ધિ પણ સુખેથી થાય છે; અને જો તે લોકાચારનું ઉલ્લંઘન કરવામાં આવેતો તે દેશના રહેવાસી લોકોની સાથે વિરોધ થવાનો સંભવ હોવાથી ધર્મકાર્યમાં વિઘ્ન આવી પડે છે. કહ્યું છે કે—

" व्यलीकमस्तु मा वास्तु, लोकोक्तिस्तु सुदुस्सहा ।
भज्यतां भाजनं मा वा, टणत्कारस्तु मारयेत् ॥ २ ॥ "

શબ્દાર્થ—" અસત્ય હોય અથવા તો સત્ય હોય પરંતુ લોકોકિત તો અતિ દુઃસહ્ય હોય છે. પાત્ર (વાસણ) ભાંગો કે ન ભાંગો પણ લોકો તો ટકોરો મારે છે જ ? "

જનોક્તિને લોક કહે છે; અને તે પ્રવાહથી શાશ્વત છે, તેના આચારથી વિરૂદ્ધ હોય તેને લોક વિરૂદ્ધ જાણવું. લોકાચારથી વિરૂદ્ધ કરનાર મનુષ્ય એકદમ લઘુતાને પ્રાપ્ત થાય છે અને લઘુતાને પ્રાપ્ત થયેલો મનુષ્ય પણ તરણાની પેઠે નકામો થાય છે.

પોતાના સ્થાનમાં સંતુષ્ટ થયેલા ત્રણસોને ત્રેસઠ પાખંડીઓ હમેશાં જે લોકાચારનું પાલન કરે છે. તે લોકાચાર કેવી રીતે લઘુ થાય ? જ્યારે સર્વ પ્રકારના સંગનો ત્યાગ કરનાર મુનિઓ પણ શરીર અને સંયમનું રક્ષણ કરવા માટે લોકાચારને અનુસરે છે ત્યારે બીજાની તો ગણત્રીજ શી. ? ઘણા લોક સાથે વિરોધ રાખનારનો સંસર્ગ કરવો, દેશાચારનું ઉલ્લંઘન કરવું, શક્તિ ઉપરાંત ભોગ કરવો, દાનાદિકનો નિષેધ કરવો, સંત પુરૂષોને કષ્ટ આવે ખુશી થવું અને શક્તિ છતાં તેમના કષ્ટને દૂર કરવા ઉપાય ન કરવો, ઇત્યાદિ બીજા પણ કેટલાંએક લોક વિરૂદ્ધ કાર્યો જાણી લેવાં. હવે ગ્રંથકાર પંચમ ગુણનો ઉપસંહાર કરતાં ઉપદેશ દ્વારા ફળ દર્શાવે છે.

" समाचरन् शिष्टमतस्वदेशाचारं यथौचित्यवशेन लोके ।
सर्वानिगम्यो लभते यशांसि,स्वकार्यसिद्धिंच गृहाश्रमस्थः॥३॥"

શબ્દાર્થ—" ગૃહસ્થાશ્રમમાં રહેલો પુરૂષ શિષ્ટ પુરૂષને માન્ય એવા પોતાના દેશાચારને યોગ્ય રીતે આચરણ કરતો લોકમાં સર્વને માનનીય થાય છે. અને યશ તથા પોતાના કાર્યની સિદ્ધિને પણ મેળવે છે. "

। इति पंञ्चमो गुणः ।

ષષ્ઠ ગુણ વર્ણન.

અનુક્રમથી આવેલા 'કોઇનો પણ અવર્ણવાદ નહીં બોલવા' રૂપ છઠા ગુણને વર્ણવે છે.

अवर्णवादी नक्काऽपि"— અવર્ણ એટલે નિંદા, તેને બોલવાના સ્વભાવવાળો પુરૂષ અવર્ણવાદી કહેવાયછે. તેવા અવર્ણવાદને કોઇ પણ ઠેકાણે બોલનાર નહોય, અર્થાત્ જઘન્ય, મધ્યમ અને ઉત્તમ ભેદવાળા પ્રાણીઓનો પણ અપવાદ બોલનાર ન હોય, કેમકે બીજાનો અવર્ણવાદ બોલવામાં ઘણા દોષ રહેલા છે. તેને માટે કહ્યું છે કે—

" परपरिन्नवपरिवादादात्मोकर्षाच्च बध्यते कर्म्म ।
नीचै गोत्रं प्रतिन्नवमनेकन्नवकोटिदुर्मोचम् ॥१॥"

શબ્દાર્થ—"બીજાનો પરાભવ તથા અપવાદ અને પોતાનો ઉત્કર્ષ કરવાથી પ્રત્યેક ભવમાં અનેકભવ કોટીથી પણ છુટી ન શકે તેવું નીચ ગોત્ર કર્મ બંધાય છે.૧"

પોતાની પ્રશંસા, બીજાની નિંદા, મહાન્ પુરૂષોના ગુણને વિષે મત્સર અને સંબંધ વગર બોલવું એ સર્વે આત્માને નીચે પાડે છે. બીજાનો અવર્ણવાદ કરવાથી ખર, નિંદા કરનાર શ્વાન, પરનું ખાનાર કૃમિ અને બીજાના ઉપર દ્વેષ રાખનાર કીડી પણે ઉત્પન્ન થાય છે. પરના અછતા અથવા તો છતા પણ દોષો કહેવાથી અને સાંભળવાથી કંઇ પણ ગુણ થતો નથી, પણ કહેનાર ઉપર વેર વધે છે, અને સાંભળનારની અત્યંત કુબુદ્ધિ થાય છે. ઉત્તમ પુરૂષની મતિ દૂષણને પ્રાપ્ત થતી નથી, અર્થાત્ દૂષણ તરફ લક્ષ આપતી નથી. મધ્યમ પુરૂષની મતિ દૂષણનો સ્પર્શ કરે છે, પરંતુ દૂષણને પ્રગટ કરતી નથી. અધમ પુરૂષ દૂષણ જોઇ બીજા પાસે પ્રગટ કરે છે. અને અધમાધમ પુરૂષ તો દુષણ જોઇ એકદમ બૂમ પાડી ઉઠે છે. પોતાનો

ગુણ અને બીજાનો દોષ કહેવા માટે, પરની યાચના કરવા માટે અને યાચકને નિરાસ કરવા માટે સત્પુરૂષોની જીભ્હા જડ બની જાય છે, અર્થાત્ આવા પ્રસંગે સત્પુરૂષો મૌનજ ધારણ કરે છે. કારણ કે પરની નિંદા કરવી એ એક મહાન્ પાપ છે. વળી વધારે આશ્ચર્ય તો એ છે કે પોતે નહીં કરેલાં પણ બીજાના પાપો, નિંદા કરનારી વૃદ્ધ બ્રાહ્મણીની પેઠે, નિંદા કરનારને લાગુ થાય છે. તે વૃદ્ધ બ્રાહ્મણીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે—

કોઇ સારા ગામમાં દાનેશ્વરી અને લોકપ્રિય **સુંદર** નામે શ્રેષ્ઠી રહેતો હતો. કહ્યું છે કે— " પ્રજાને દાતાજ પ્રિય હોય છે, પણ ધનવાન પ્રિય હોતો નથી. લોકો આવતા વર્ષાદને ઇચ્છે છે; પણ સમુદ્રને કોઈ ઇચ્છતું નથી; " અર્થાત્ જેમ વર્ષાદ જળ આપીને, અને દાતા દાન આપીને, પ્રાણીઓના પ્રાણનું રક્ષણ કરે છે, તેથી લોકો તે બન્નેને ઇચ્છે છે; તેમ સમુદ્ર પાસે પુષ્કળ જળ, અને ધનવાન પાસે પુષ્કળ દ્રવ્ય છતાં કોઇના ઉપયોગમાં આવતું નથી, તેથી લોકો આ બન્નેને ઇચ્છતા નથી.

તે સુંદર શેઠની એક પાડોશણ બ્રાહ્મણી શેઠની આ પ્રમાણે નિંદા કરવા લાગી કે " આ શેઠને ઘેર પરદેશી લોકો આવે છે, અને તે આ શેઠને ધર્મી જાણી પોતાનું દ્રવ્ય થાપણ મુકી જાય છે, અને કેટલાએક આ શેઠને વ્યાજે આપી જાય છે. જ્યારે તે પરદેશમાં મરણ પામે છે ત્યારે આ શેઠને ઘેર ઉત્સવ થાય છે. માટે એ ધર્મી છે તે જાણ્યો. " એક વખત રાત્રિના સમયમાં ક્ષુધાથી પીડાયેલો કોઇ કાર્પટિક (યાત્રાળુ) સુંદર શેઠને ઘેર આવ્યો, પણ તે વખતે આ શેઠના ઘરમાં ભોજન કે પાન કરવા જેવું કાંઇ હતું નહિં, તેથી તે દાન વ્રતને ધારણ કરનાર દાતાએ ભરવાડણને ઘેરથી છાશ લાવી તેને પાઇ. આથી તે અચાનક મરણ પામ્યો; કારણ કે ભરવાડણના મસ્તક ઉપર રહેલા છાશના ભાજનમાં સમડીએ નીચે પકડી રાખેલા મ્હોટા સર્પના મુખમાંથી પડેલા ઝેરથી તે છાશ મિશ્રિત થયેલી હતી. સવારમાં તે કાર્પટિકને મરણ પામેલો જોઇ તે વૃદ્ધ બ્રાહ્મણી ખુશી થઈ કહેવા લાગી કે, ' દ્રવ્યના લોભથી વિષ આપનાર આ દાતાનું ચરિત્ર જોયું કે ? ' આ અરસામાં તે યાત્રાળુની હત્યા ભમે છે, અને વિચાર કરે છે કે હું કોને વળગું ? ' દાતાનો આત્મા નિર્મળ છે, સર્પ અજાણ અને પરવશ છે, સમડી પણ સર્પને ભક્ષણ કરનારી છે અને ભરવાડણ અજાણ છે તો મ્હારે કોને વળગવું ? ' એવી રીતે વિચાર કરતી હત્યા તે નિંદા

કરનારી બ્રાહ્મણીને વળગી પડી, એટલે તે તત્કાળ શ્યામ, કુબડી અને કુષ્ટ રોગથી દુષિત થઇ ગઇ. પછી આકાશમાં રહેલી હત્યાએ લોકોને આ પ્રમાણે કહ્યું કે—

" कुम्भनिम्नयुगलेन किल्विषं, बालकस्य जननी व्यपोहति ।
कण्ठताळुरसनानिरुज्जता,दुर्जनेन जननी व्यपाकृता ॥ २ ॥"

શબ્દાર્થ—" માતા બાળકની વિષ્ટાને કુટેલા ઘડાના ઠીંકરાથી દૂર કરે છે, પણ કંઠ, તાળુ અને જીવ્હાથી અવર્ણવાદ રૂપ વિષ્ટાને બહાર ફેંકનાર દુર્જને તો માતાને પણ હરાવી છે. ૨ "

તે કારણથી ઉપર જણાવ્યા પ્રમાણે સમગ્ર લોકનો પણ અવર્ણવાદ કલ્યાણકારી નથી, તો **"राजादिषु विशेषतः "** એ વચનથી ઘણા લોકને માન્ય એવા રાજા, મંત્રી, દેવ, ગુરૂ અને સંઘ વિગેરેનો અવર્ણવાદ કેવી રીતે કલ્યાણકારી થાય ? અર્થાત્ ન જ થાય. રાજાદિકનો અવર્ણવાદ બોલવાથી આ લોકમાં દ્રવ્યાદિકનો વિનાશ અને ભવાંતરમાં નીચ ગોત્ર તથા કલંક વિગેરે દોષોની પ્રાપ્તિ થાય છે. તેને માટે જૈનાગમમાં આ પ્રમાણે છે—

" પોતાનું હિત ઇચ્છનાર પુરૂષે અસત્ય, અભ્યાખ્યાન (કલંક,) ચુગલી અને મર્મ ભેદક વિગેરે દુઃખનાં કારણભૂત વચન બોલવાંજ ન જોઇએ. પંડિત પુરૂષોએ બીજાનો છતો દોષ પણ ન કહેવો જોઇએ, તો લોકોને વિષે પ્રગટ અથવા તો છાનો એવો અવિદ્યમાન દોષ તો બોલાયજ કેમ ? જે દુર્બુદ્ધિ બીજા પુરૂષને કલંક આપે છે, તે પુરૂષ આ લોકમાં નિંદનીક થાય છે અને ભવાંતરમાં તીવ્ર દુઃખોને મેળવે છે. જે દુઃષ્ટમતિ માત્સર્યના દોષથી પાંચ સમિતિ યુકત, શુદ્ધ ભાવયુકત અને બ્રહ્મચર્ય યુકત યતિને (સાધુને) કલંક આપેછે, તે અતિ તીવ્ર પાપને ઉપાર્જન કરી, પૂર્વ ભવમાં મુનિને કલંક આપનારી સીતાની પેઠે અનંત દુઃખને પામે છે."તે વિષે સીતાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.—

આ ભરત ક્ષેત્રમાં **મિણાલકુંડ** નામે નગરમાં **શ્રીભુતિ** નામે પુરોહિત રહેતો હતો. તેને **સરસ્વતી** નામે સ્ત્રી હતી, અને તે બન્નેને **વેગવતી** નામે એક પુત્રી હતી. એક વખતે તે નગરના ઉદ્યાનમાં એક મુનિશ્રી પધાર્યા. પ્રતિમા રૂપ કાઉસ્સગ ધ્યાનમાં રહેલા તે મુનિશ્રીને લોક ભકિતપૂર્વક વંદન કરવા લાગ્યા. તે જોઇ ખોટા મત્સરથી વેગવતી લોકોને કહેવા લાગી કે ' બ્રાહ્મણોને છોડી આ મુંડ પાખંડીને કેમ પૂજો છો ? મેં આ સાધુને સ્ત્રીની સાથે ક્રીડા કરતાં જોયો છે ' એ પ્રમાણે મુનિ-

ઉપર વેગવતીએ અસત્ય કલંકનો આરોપ મુક્યો. તેથી ભોળા લોકો મુનિશ્રીની પૂજા કરતા અટકયા. મુનિશ્રીએ પણ પોતાના ઉપર લોકોનો અભાવ જોઇ તે અસત્ય કલંકના આરોપને જાણી લીધો. પછી તેમણે ' મ્હારા નિમિત્તે જિનશાસનની હાનિ મા થાઓ ' એ વિચાર મનમાં રાખી ' જ્યાં સુધી આ કલંક ઉતરે નહીં ત્યાં સુધી મ્હારે ભોજન કરવું નહીં, ' એવી પ્રતિજ્ઞા કરી કાઉસ્સગ ધ્યાને રહ્યા. પછી શાસન દેવતાની સહાયથી વેગવતીના શરીરમાં અતિતીવ્ર વેદના ઉત્પન્ન થઇ, અરતિ પ્રગટ થઇ, અને તત્કાળ તેનું મુખ શૂન્ય થઇ ગયું. પછી તેને પશ્ચાતાપ થવાથી સાધુ પાસે જઈ સર્વ લોકની આગળ પોતાના આત્માની નિંદા કરતી બોલી કે, ' મેં દ્વેષભાવથી સાધુને ખોટું કલંક ચડાવ્યું છે. ' એ પ્રમાણે કહી મુનિને ખમાવી તેમને પગે લાગી. પછી શાસનદેવતાએ સજ્જ કરેલી વેગવતી ધર્મ સાંભળી દીક્ષા અંગીકાર કરી તેને ચિરકાળ પાળી સૌધર્મદેવલોકે દેવી થઇ. ત્યાંથી ચ્યવી જનકરાજાની પુત્રી સીતા નામે થઇ. પૂર્વભવમાં ખોટું આળ આપ્યું હતું તેથી સીતા અહિં કલંકને પાત્ર થઈ, પછી કલંકથી મુકત થયેલા સાધુની પણ લોકોએ પૂજા કરી અને જિનશાસનની પ્રભાવના થઇ. વળી જે બીજાના અવર્ણવાદ સાંભળેછે તે પણ પાપી ગણાય છે. કહ્યું છે કે—

" निवार्यतामालि ! किमप्ययं बटुः,पुनर्विवक्षुः स्फुरितोत्तराधरः।
न केवलं यो महतां विजाषते,शृणोति यस्मादपि यः स पापभाक्।३।"

શબ્દાર્થ—" હે સખી ! ઉપરના સ્ફુરાયમાન હોઠવાળા અને કાંઇ પણ બીજી વખત કહેવાની ઇચ્છાવાળા આ બટુકને નિવારણ કર. કારણ કે જે મહાન્ પુરૂષોની નિંદા કરે છે તે એકલોજ પાપી ગણાય છે એમ નહીં, પરંતુ જે નિંદા સાંભળે છે તે પણ પાપનો ભાગી થાય છે. ૩ "

આ ગુણની સમાપ્તિ કરતાં ગ્રંથકાર મહાશય ઉપદેશદ્વારા આ ગુણને મેળવનાર ગૃહસ્થધર્મને યોગ્ય થાય છે એમ દર્શાવે છે.

"इत्थं सदा निन्द्यमवर्णवादं,त्यजन्परेषां श्रवणं च तस्य ।
जगज्जनश्लाघ्यतया गृहस्थः,सद्धर्म्मयोग्यो भवतीह सम्यक्॥४॥"

શબ્દાર્થ—" ઉપર જણાવ્યા પ્રમાણે નિરંતર નિંદવા યોગ્ય એવો બીજાનો અવર્ણવાદ અને તેનું શ્રવણ એ બન્નેને ત્યાગ કરતો ગૃહસ્થ જગતના લોકોને પ્રશંસનીય થવાથી આલોકમાં સારી રીતે સદ્ધર્મને યોગ્ય થાય છે. ૪ " ઇતિષષ્ઠઃ ॥

સપ્તમ ગુણ વર્ણન.

વે ક્રમ પ્રાપ્ત સપ્તમ ગુણનું વર્ણન કરે છે.

" अनेकनिर्गमद्वारविवर्जितनिकेतनः "—ગૃહસ્થ અનેક પેસવા નિકળવાના દ્વારોથી રહિત મકાનવાળો હોય. કારણકે જે ઘરમાં પેસવા નિકળવાનાં ઘણાં દ્વાર હોય તો જેઓના આગમન અને પ્રવેશની ખબર પડતી નથી તેવા દુષ્ટ લોકોના આવવાથી સ્ત્રી વિગેરેનો પરાભવરૂપ ઉપદ્રવ થાય છે. આ ઠેકાણે ઘરનાં અનેક દ્વારોનો નિષેધ થવાથી ગૃહસ્થ નિયમિત દ્વારથી સારી રીતે રક્ષણ કરાએલા ઘરવાળો હોવો જોઈએ એવો અહિં તાત્પર્ય છે. તેવા પ્રકારના ઘરને પણ અનુચિત સ્થાનમાં નહિં બાંધતાં ઉચિત સ્થાનમાંજ બાંધવું યુકત છે. તે સ્થાન આ પ્રમાણે છે. શલ્ય (અસ્થિ), રાખ ખાતર વિગેરે દોષ અને નિષેધ કરેલ આયથી રહિત હોય તથા ઘણી દૂર્વા, અંકુરા, દર્ભનો ગુચ્છો, સુંદર વર્ણ તથા ગંધવાળી માટી હોય, સારા સ્વાદયુકત પાણીનો ઉદ્‌ગમ હોય અને નિધાનવાળું હોય તેને યોગ્ય સ્થાન કહે છે કહ્યું છે કે—

" शीतस्पर्शोष्णकाले याऽत्युष्णस्पर्शा हिमागमे ।
वर्षासु चोन्नयस्पर्शा, सा शुभा सर्वदेहिनाम् ॥ १ ॥ "

શબ્દાર્થ—" ઉષ્ણ કાળમાં શીત સ્પર્શવાળી, શીત કાળમાં ઉષ્ણ સ્પર્શવાળી અને વર્ષા ઋતુમાં ઉષ્ણ તથા શીત એ બન્ને સ્પર્શવાળી હોય તે ભુમિ સર્વ પ્રાણીઓને કલ્યાણકારી થાય છે. ૧ "

પ્રથમ ભૂમીને એક હસ્ત પ્રમાણ ખોદી પછી તે ખાડાને તે રેતીથી પુરી દેતાં જો રેતી વધી પડે તો શ્રેષ્ઠ, ઓછી રહેતો હીન, અને બરોબર થાયતો સાધારણ

(મધ્યમ) ભૂમિ સમજવી. જે જમીનમાં વાવેલી ડાંગેર વગેરે ત્રણ દિવસમાં, પાંચ દિવસમાં અને સાત દિવસમાં ઉગે તે ભૂમિ અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને હીન એમ ત્રણ પ્રકારની છે; અથવા જે જમીન દિગ્મૂઢ કરનારી ન હોય, અર્થાત્ જે જમીનમાં ઉભા રહેવાથી દિશાઓની ચોક્કસ ખબર પડતી હોય, ચારે બાજુ સરખી હોય, સુંદર આકૃતિ હોય, ત્રીજે દિવસે બીજને ઉગાડવાવાલી હોય અને પૂર્વ, ઈશાન તથા ઉત્તર દિશા તરફ જળાશય યુક્ત હોય તે જમીન શ્રેષ્ઠ ગણાય છે; ઇત્યાદિ સ્થાન માટે અન્ય શાસ્ત્રથી જાણી લેવું. સ્થાનના ગુણ દોષોનું જ્ઞાન તો શકુન, સ્વપ્ન, દૈવ-પ્રશ્ન અને નિમિત્ત વિગેરેના બળથી થાય છે. સ્થાન સંબંધી નિષેધ તો આ પ્રમાણે છે.

" જે સ્થાનમાં વૃક્ષ અને ધ્વજા વિગેરેની પહેલા તથા છેલ્લા પહોર શિવાયની બીજા અને ત્રીજા પહોરની છાયા પડતી હોય તો તે છાયા નિરંતર દુઃખ આપનારી થાય છે. ખજુરી, દાડમ, કેળ, બોરડી અને બીજોરાનું વૃક્ષ જે ઘરમાં ઉત્પન્ન થાય છે તે ઘરનો મૂળથી નાશ થાય છે. ઘરમાં દુધવાળું વૃક્ષ હોય તો તે લક્ષ્મીનો નાશ કરનાર, કાંટાવાળું વૃક્ષ હોય તો શત્રુથી ભય આપનાર અને ફળ આપનાર વૃક્ષ હોય તો સંતાનનો નાશ કરનાર થાય છે. તેથી આવૃક્ષોના કાષ્ટનો પણ ત્યાગ કરવો. કોઈ કહે છે કે ઘરની પૂર્વ દિશાએ વડ, દક્ષિણ તરફ ઉમરડો, પશ્ચિમ દિશાએ પીંપળો અને ઉત્તર તરફ પીંપર હોયતો તે પ્રશંસનીય છે. ગૃહસ્થ તીર્થંકરની પીઠ, શંકર તથા સૂર્યની દૃષ્ટિ, વાસુદેવની ડાબી બાજુ અને બ્રહ્માની દક્ષિણ બાજુનો ત્યાગ કરી મકાન બંધાવે " બીજે સ્થળે પણ કહેલું છે કે, " જિનેશ્વરની પીઠ, સૂર્ય તથા શંકરની દૃષ્ટિ અને વિષ્ણુની વામ બાજુનો ત્યાગ કરવો જોઇએ. ચંડી સર્વ દિશાએ અશુભ છે, અને બ્રહ્મા સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. અરિહંતની દૃષ્ટિ તથા દક્ષિણ બાજુ અને શંકરની પીઠ તથા વામ બાજુ હોય તો કલ્યાણ કરનાર, અને તેથી વિપરીત દિશાએ હોયતો ઘણું દુઃખ આપનાર થાય છે. પરંતુ જો વચમાં માર્ગ હોયતો કાંઇ પણ દોષ લાગુ થતો નથી. સ્થાન સારૂં હોય તોપણ ઘર નિર્દોષ કરવું જોઇએ. " કહ્યું છે કે—

" पुरिसव्व गिहस्संगं, हीणं अहिअं न पावए सोहं ।
तम्हा सुठ्ठं कीरइ, जेण गिहं हवइ रिद्धिकरं ॥३॥"

શબ્દાર્થ—" ન્યૂનાધિક શરીરવાળા પુરૂષની પેઠે ઘરનું શરીર ન્યૂનાધિક હોયતો શોભા પામતું નથી. તેથી જો ઘર નિર્દોષ કર્યું હોય તો તે ઋદ્ધિ કરનાર થાય છે." ૨

વળી " હળ, યાન, ગંલી, અરઘટ, યંત્ર, કાંટાળુ, વૃક્ષ, પાંચ જાતનાં ઉંબર વૃક્ષ અને દુધવાળાં વૃક્ષ એ સર્વેનાં કાષ્ટ ઘર બંધાવનાર ગૃહસ્થે ત્યાગ કરવાં જોઇએ. બીજોરી, કેળ, દાડિમ, જંબીર, દોહલિદ્ધ, આંબલી, બાવળ, બોરડી અને ધંતૂરાના કાષ્ટનો પણ ત્યાગ કરે. ઉપર જણાવેલા વૃક્ષોનાં મૂળીયાં પડોશને લીધે જેના ઘરમાં ગયાં હોય, અને તેમની છાયા જેના ઘર ઉપર પડતી હોય તેના કુળનો નાશ થાય છે. પાષાણુમય સ્તંભ, પાટડા, છત, બારસાખ અને ઉત્તરંગ એ સર્વે ગૃહસ્થોને હાનિ કારક છે, પણ ધર્મ સ્થાનમાં તે સુખ આપનાર છે. પાષાણુમય પ્રાસાદ કે ઘરમાં કાષ્ટના સ્તંભાદિકનો અને કાષ્ટમય પ્રાસાદ કે ઘરમાં પાષાણુના સ્તંભાદિકનો ગૃહસ્થોએ પ્રયત્નથી ત્યાગ કરવો જોઇએ. દેવમંદિર, કૂપ, વાપિકા, સ્મશાન, મઠ, અને રાજમંદિરના પાષાણુ, ઇંટો અને કાષ્ટ ગૃહસ્થે બાંધકામમાં સરસવમાત્ર પણ લેવાં યોગ્ય નથી. ગોળાકાર, ખુણારહિત, સાંકડું, એક બે કે ત્રણ ખૂણાવાળું અને દક્ષિણ તથા વામ બાજુ દીર્ઘ હોય એવા ઘરમાં વાસ કરવો યોગ્ય નથી. જે ઘરનાં દ્વાર આપો આપ બંધ થાય છે, અને ઉઘડે છે તે અશુભ ગણાય છે; અને ઘરનાં મૂળ દ્વારમાં ચિત્ર તથા કળશ આદિની વિશેષ શોભા કરવી તે શુભ ગણાય છે. જોગણીનાં નાટક, ભારત, રામાયણ, રાજાનાં યુદ્ધ, ઋષિચરિત્ર અને દેવચરિત્રનાં ચિત્રો ઘર ઉપર ચિતરવાં યોગ્ય નથી. ફળયુક્ત વૃક્ષ, પુષ્પ, વેલડી, સરસ્વતી, નવનિધાન યુક્ત લક્ષ્મી, કળશ, વધામણાં અને સ્વપ્નોની શ્રેણિ એ મકાન ઉપર ચિતર્યાં હોય તો તે શુભ ગણાય છે. મકાન પુર્વ તરફ ઉન્નત હોયતો દ્રવ્યની હાનિ કરનાર, દક્ષિણ તરફ ઉન્નત હોયતો દ્રવ્યની સમૃદ્ધિ કરનાર, પશ્ચિમ તરફ ઉન્નત હોય તો વૃદ્ધિ કરનાર અને ઉત્તર તરફ ઉન્નત હોય તો વસ્તીનો નાશ કરનાર થાય છે. નગર કે ગામના ઇશાનાદિક કોણમાં ઘર બાંધવું નહીં, કારણ કે તે સત્પુરૂષોને માટે અશુભ ગણાય છે. પણ અંત્યજ જાતિને માટે તો ઋદ્ધિ કરનાર થાય છે. "

વળી ઘરમાં લક્ષ્મીની વૃદ્ધિ કરવાનો ઉપાય આ પ્રમાણે છે—

" જે ઘરમાં વેધાદિક દોષ ન હોય, સઘળો કાટમાલ નવો હોય, ઘણાં દ્વાર ન હોય, ધાન્યનો સંગ્રહ હોય, જ્યાં દેવતા પૂજતા હોય, આદર પૂર્વક ઉત્સવ થતો હોય, રક્ત વર્ણની યવનિકા હોય, સારી રીતે ઘરનો કચરો દૂર થતો હોય, મોટા નાના વિગેરેની સારી વ્યવસ્થા હોય, સૂર્યનાં કિરણો પ્રવેશ ન કરતા હોય, દીપક બળતો હોય, રોગીનું પાલન થતું હોય અને શ્રમ પામેલાની ચાકરી થતી હોય તેવા ઘરમાં લક્ષ્મી વાસ કરે છે. "

ઘરની વ્યવસ્થા નીચે જણાવ્યા પ્રમાણે હોવી જોઇએ. તેને માટે વિવેક વિલાસમાં કહ્યું છે કેઃ—

"पूर्वस्यां श्रीगृहं कार्य—माग्नेय्यां च महानसम् ।
शयनं दक्षिणस्यां तु, नैऋत्यामायुधादिकम् ॥ ३ ॥
भुजिक्रिया पश्चिमायां, वायव्यां धान्यसङ्ग्रहः ॥
उत्तरस्यां जलस्थान—मीशान्यां देवतागृहम् ॥ ४ ॥"
इति विवेकविलासे ॥

શબ્દાર્થ—" લક્ષ્મીનું સ્થાન પૂર્વ દિશામાં, રસોડું અગ્નિ કોણમાં, શયન દક્ષિણ દિશામાં, શસ્ત્રાદિક નૈઋત્ય કોણમાં, ભોજન ક્રિયા પશ્ચિમ દિશામાં, ધાન્ય સંગ્રહ વાયવ્ય કોણમાં, જળનું સ્થાન ઉત્તર દિશામાં અને દેવમંદિર ઈશાન કોણમાં કરવું. ૩-૪"

વળી સ્થાન કેવા પ્રકારનું હોવું જોઇએ. તે સ્પષ્ટ રીતે દર્શાવે છે.

અતિ પ્રગટ અને અતિ ગુપ્ત સ્થાનનો નિષેધ હોવાને લીધે સ્થાન અતિ પ્રગટ અને અતિ ગુપ્ત ન હોવું જોઇએ. તેમાં અતિ પ્રગટ હોય તો નિશ્ચે સમીપમાં બીજાં ઘર ન હોવાને લીધે અને ચારે તરફ ખુલ્લું હોવાને લીધે ચોરાદિકથી પરાભવ થાય, અને અતિ ગુપ્ત હોય તો ચારે તરફના બીજાં મકાનોથી ઘેરાએલું હોવાને લીધે શોભાને પામતું નથી, અને અગ્નિ વિગેરેના ઉપદ્રવ વખતે મકાનમાં મુશ્કેલીથી પેસી કે નિકળી શકાય છે.

વળી મકાન કેવા સ્થાનમાં હોવું જોઇએ તે બતાવે છે.

" सुप्रातिवेश्मके "—જ્યાં સુંદર શીળ વિગેરેથી અલંકૃત પાડોશી વસતા હોય તેવા સ્થાનમાં મકાન હોવું જોઇએ. જો બરાબ શીળ [આચાર] વાળા પાડોશી હોય તો બરોબર તેમના આલાપ સાંભળવાથી અને ચેષ્ટા વિગેરે જોવાથી સદ્ગુણી પુરૂષના પણ ગુણની હાની આપો આપ થઈ જાય છે. ઉત્તમ સાધુના ઉપાશ્રયની પાસે રહેલા હાથીને સાધુના દર્શનથી દયાના પરિણામ થયા હતા, અને પાછળથી સૂકરીના રહેઠાણ પાસે કરેલી હસ્તીશાળામાં રહેવાથી તેજ હાથી દયા રહિત થયો હતો, વળી ગાયો ચરાવનાર સંગમને સારા પાડોશીનો યોગ મળવાથી તે પરલોકમાં શાલિભદ્રપણે ઊત્પન્ન થયો હતો.

આગમમાં નિષેધ કરેલા દુષ્ટ પાડોશીઓ તો આ પ્રમાણે છે.

" खरिया तिरक्खजोणी, ताम्रायरसमणमाहणसुसाणा ।
वग्गुरियवाहगुम्मिय, हरिएसु पुन्निन्दमार्च्छिधा ॥ ९ ॥

जूयारवेसं नरु नट्ट नट्ट तह कुकम्मकारीणं ।
संवासं वजिज्जा, घरहट्टाणं च मित्ती य ॥ ६ ॥"

શબ્દાર્થ—" દાસી, તિર્યંચોથી પોષણ કરનાર, તાલાચર [તાળોટા પાડીને ફરવા વાળા મશ્કરા,] સાધુ, બ્રાહ્મણ, સ્મશાન, મૃગલાં વિગેરેને ફાંસામાં નાંખનાર (પારાધી), વ્યાધ, શિકારી વિશેષ (જનાવરોની મદદથી શિકાર કરનાર), હરિકેશ ચંડાલ વિશેષ, ભિલ્લ લોક, માછી, જુગારી, વેશ્યા, નટજાતિ વિશેષ, ભાટ અને કુકર્મ કરવાવાળા પુરૂષોના ઘર તથા દુકાનનો પાડોશ અને મૈત્રીનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૫-૬ "

વળી ઘર દેવળની પાસે હોયતો દુઃખ, ચતુષ્પથ [ચોક] માં હોય તો હાનિ, ધૂર્ત્તના મકાન પાસે હોયતો પુત્રનાશ અને મંત્રીના મકાન પાસે હોય તો દ્રવ્યનો નાશ થાય છે. મૂર્ખ, અધર્મી, પાખંડી, મર્યાદા રહિત, ચોર, રોગી, ક્રોધી, અંત્યજ, અહંકારી, ગુરૂની શય્યા સેવનાર, શત્રુ, સ્વામિવંચક, શિકારી, અને સાધુ, સ્ત્રી તથા બાળકનો ઘાત કરનાર અધમ પુરૂષોનો પાડોશ આત્માનું હિત ઇચ્છનાર બુદ્ધિમાન પુરૂષે ત્યાગ કરવો જોઇએ. ખરાબ પાડોશીને વિષે અંબીકાનું ઉદાહરણ આ પ્રમાણે છે.—

શ્રી ગિરનાર પર્વતની નજીક કુબેરપુરમાં દેવભટ્ટ અને દેવીલાનો પુત્ર સોમભટ્ટ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને સ્વભાવથીજ દાનપ્રિય અંબિકા નામે ભાર્યા હતી. તે બન્નેને સિદ્ધ તથા બુદ્ધ નામે બે પુત્રો હતા. એક વખતે શ્રાદ્ધના દિવસે અંબિકાએ એક માસના ઉપવાસી સાધુને ભક્તિ, શ્રદ્ધા અને આનંદથી દાન આપ્યું. અંબિકાના તે દાનને જોઇ જાણે સાક્ષાત્ રાક્ષષીજ હોય નહીં અને જાણે કલહની મૂર્ત્તિજ હોય નહીં, એવી તેની ક્રોધક પાડોશણ ઉંચો હાથ કરી એકદમ ઘરમાંથી નિકળી મ્હોટા શબ્દોથી જેમ તેમ બોલવા લાગી. તે અરસામાં કોઇ ઠેકાણે ગયેલી તેની સાસૂ આવી પહોંચી. તે પાડોશણનાં વચનો સાંભળી ક્રોધયુક્ત થયેલી તેની સાસૂએ સોમભટ્ટને જણાવી દીધું. સોમભટ્ટ બોલ્યો કે, " અરે પાપિણી ! હજુ સુધી કુળદેવતાની પૂજા થઇ નથી, પિતૃપિંડ ભર્યા નથી અને બ્રાહ્મણોને પણ જમાડ્યા નથી અને તેં આ શું કર્યું ? " ઇત્યાદિ આક્રોશ વચનોથી તિરસ્કાર કરી ઘરમાંથી કાઢી મુકી, અંબિકા પણ પોતાના બે પુત્રોને લઇ એકદમ ત્યાંથી નિકળી ગઇ. ગામમાં કોઇપણ ઠેકાણે સ્થાન નહીં મળવાને લીધે નગરની બહાર જતાં ચાલવાથી થાકી ગયેલી અંબિકા પાસે તેના બન્ને પુત્રોએ જળ માગ્યું. આગળ એક શુષ્ક સરોવર જોવામાં આવ્યું, તે તેના શીળના પ્રભાવને લીધે જળથી ભરાઇ ગયું, અને એક શુષ્ક આમ્ર વૃક્ષ હતું તે પણ ફળ યુક્ત થઇ ગયું. હવે જળ તથા ફળ વિગેરેથી સુખી

થયેલી અંબિકા આમ્રવૃક્ષની છાયામાં વિશ્રામ લે છે, તેટલામાં ઘરમાં ગયેલી તેની સાસૂ શીળના મહિમાથી તથા મુનિદાનથી પ્રસન્ન થયેલ શાસનદેવતાના પ્રભાવથી મુનિને દાન આપવાની જગામાં રહેલાં આસનો સુવર્ણમય થયેલાં તથા સિક્થો મૌક્તિકરૂપ થયેલાં અને રસોઇનાં ભાજનો જેવાં ને તેવાં ભરેલાં જોઇ ખુશી થઈને પુત્રને કહેવા લાગી કે, "હે પુત્ર ! પતિવ્રતા અને ગુણવતી વહૂને એકદમ તેની પાછળ જઈ પાછી તેડી લાવ." સોમભટ્ટ પણ તેનું માહાત્મ્ય જોઇ પશ્ચાતાપ કરતો તેની પાછળ ગયો. ભર્ત્તારને આવતો જોઇ ભય પામેલી અંબિકા પોતાના પુત્રો સાથે નજીકના કૂવામાં પડી. જૈન મુનિને આપેલા દાનના ધ્યાનમાં તત્પર થયેલી તે શુભ ધ્યાનથી કોહંડ નામના વિમાનમાં મોટી ઋધ્ધિવાળી અંબિકા નામની દેવી થઇ. લોકોના અપવાદથી ભય પામેલા સોમભટ્ટે પણ તેજ કૂવામાં ઝંપાપાત કર્યો. તે પણ મરીને તેજ વિમાનમાં અભિયોગિક કર્મના ઉદયથી સિંહરૂપ ધારી દેવ થયો, અને તે અંબિકાના વાહન તરીકે થયો. ॥ ઇતિ અંબિકા ઉદાહરણ સમાપ્ત.

હવે આ ગુણની સમાપ્તિ કરતાં ગ્રંથકાર ઉપદેશદ્વારા સારો પાડોશ રાખવા આગ્રહ કરે છે.

"इत्यम्बिकावदिहकन्दलमत्सरादीन्,
कुप्रातिवेश्मिकतया प्रतिजाव्य दोषान् ।
श्राद्धः सदा स्वपरसौख्यसमाधिहेतोः,
सुप्राति वेश्मिकगृहे विदधीत वासम् ॥ ७ ॥"

શબ્દાર્થ—"ઉપર જણાવ્યા પ્રમાણે આ લોકમાં અંબિકાની પેઠે ખરાબ પાડોશથી અપવાદ અને અદેખાઇ વિગેરે દોષોની પ્રાપ્તિ થાય છે એમ વિચારી શ્રાવક નિરંતર પોતાની અને પરની સુખ સમાધિ માટે સારા પાડોશવાળા મકાનમાં વાસ કરે. ૭ " इति सप्तमः ॥

અષ્ટમ ગુણ વર્ણન.

૮ વે ક્રમથી પ્રાપ્ત થયેલ " સારા આચારવાળાનો સંગ કરવા " રૂપ અષ્ટમ ગુણનું વર્ણન કરે છે.

" **कुतसङ्गः सदाचारैः** "—સુંદર આચાર અર્થાત્ આ લોક તથા પરલોકના હિતવાળી પ્રવૃત્તિ તેને સદાચાર કહે છે. તેવા સારા આચારવાળા પુરૂષોની સાથે સંગ કરનાર હોય. પરંતુ જુગારી, ધૂર્ત્ત, બદમાસ, ભાટ, ભાંડ, અને નટ વિગેરેનો સંગ કરે નહીં. કારણકે તેમનો સંગ કરવાથી સદાચાર હોય તે પણ નાશ પામે છે. કહ્યું છે કે:—

"यदि सत्सङ्गनिरतो, भविष्यसि भविष्यसि ।
अथाऽसज्जनगोष्ठीषु, पतिष्यसि पतिष्यसि ॥ १ ॥"

શબ્દાર્થ—" જો તું સત્પુરૂષની સંગતિમાં આસક્ત થઇશ તો સુખી થઇશ અને જો તું દુર્જનની સંગતિમાં પડીશ તો દુઃખમાં પડીશ. ૧ "

(નિશ્ચય નયથી) સંગતિ સર્વ પ્રકારે ત્યાગ કરવા યોગ્ય છે. જો તે સર્વથા ત્યાગ ન કરી શકાય તો સત્પુરૂષોની સાથે સંગ કરવો યોગ્ય છે, કારણકે સંત પુરૂષો સંગતિનું ઔષધ છે. વળી કહ્યું છે કે " તું સત્સંગનું મહાત્મ્ય તો જો ! પાર્શ્વમણિના સંગથી લોઢું સુવર્ણ થાય છે, અને કાચ સુવર્ણની સંગતિથી મણિની ગણત્રીમાં આવે છે. જેમ જળમાં ઉત્પન્ન થયેલો શંખ અગ્નિના સંબંધથી દાહ ઉત્પન્ન કરે છે, તેમ સારા કુળમાં ઉત્પન્ન થયેલો પુરૂષ પણ કુસંગતિથી વિકારને પામે છે. મનુષ્યાદિક સચેતનનો સંગતો દૂર રહો, પરંતુ વૃક્ષમાં પણ સજ્જન દુર્જનપણું રહેલું છે. કારણકે અશોકવૃક્ષ શોકનો નાશ કરે છે, અને કલિ (બોરડાનું) વૃક્ષ કલેશ ઉત્પન્ન કરે છે. જેમ અશ્વ પાતળો હોય છે તો પણ શોભાને પામે છે, અને રાસભ પુષ્ટ હોય તોપણ શોભાને પામતો નથી; તેમ સજ્જન નિર્ધન હોય તો પણ તે શ્રેષ્ટ ગણાય છે,

પણ અધમ પુરૂષ ધનવાન્ હોય તો પણ તે શ્રેષ્ટ ગણાતો નથી. ઉપાધિજન્ય દોષ તો દૂર રહો, પરંતુ જેમ જ્ઞાનની સંગતિ થવાથી પ્રાણીનાં કર્મ નાશ પામે છે, તેમ સ્વભાવથી ઉત્પન્ન થયેલો પણ દોષ સારી સંગતિથી ચાલ્યો જાય છે."

એ પોપટનામાતા પિતા એકજ હોવા છતાં ભિલ્લોના સંગથી એકને અવગુણ થયો હતો, અનેમુનિયોના સંગથી બીજાને ગુણ થયો હતો, એમ સંભળાય છે. "હે રાજન્! મહારા અને તે પક્ષીના માતા પિતા એકજ છે મને મુનીઓ લાવ્યા છે, અને તેને ભિલ્લ લોકો લઇ ગયા છે. હે રાજન્! તે પક્ષી ભિલ્લોની વાણી શ્રવણ કરે છે, અને હું મુનિ પુંગવોની વાણી શ્રવણ કરૂં છું. સંસર્ગથી દોષ અને ગુણ પ્રાપ્ત થાય છે, એ તમે પણ પ્રત્યક્ષ જોયું." વળી કહ્યું છે કે:—

"धर्मं ध्वस्तदयो यशश्च्युतनयो वित्तं प्रमत्तः पुमान्,
काव्यं निष्प्रतिभस्तपः शमदयाशून्योऽल्पमेधाः श्रुतम् ।
वस्त्वालोकमलोचनश्चलमना ध्यानं च वाञ्छत्यसौ,
यः सङ्गं गुणिनां विमुच्य विमतिः कल्याणमाकाङ्क्षति ॥३॥"

શબ્દાર્થ—" જેમ નિર્દય પુરૂષ ધર્મને, અન્યાયી યશને, પ્રમાદી પુરૂષ દ્રવ્યને, બુદ્ધિહીન કાવ્યને, સમતા અને દયારહિત પુરૂષ તપશ્યાને, અલ્પ બુધ્ધિ શ્રુતને, નેત્રહીન પદાર્થ જોવાને, અને ચલચિત્તવાળો ધ્યાનને ઇચ્છે છે તેમ દુર્મતિ ગુણીના સંગનો ત્યાગ કરી કલ્યાણની ઈચ્છા રાખે છે. ૨ "

સારી સંગતિનો ઉપદેશ જેવી તેવી રીતે પ્રાપ્ત થતો નથી.આ સંબંધમાં લોકમાં પ્રસિદ્ધ થયેલી **પ્રભાકરની** કથા આ પ્રમાણે છે.—

વીરપુર નગરમાં ષટ્કર્મમાં તત્પર **દિવાકર** નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને **પ્રભાકર** નામે એક પુત્ર હતો. તે કીમીયાગર, જુગારી, કજીયાખોર અને સર્વ ઠેકાણે નિરંકુશ હાથીની પેઠે ઇચ્છા પ્રમાણે ભ્રમણ કરનાર હતો. તેના પિતાએ તેને આ પ્રમાણે શિખામણ આપી કે, "હે વત્સ! તું વ્યસનનો ત્યાગ કર. જેને માટે કહ્યું છે કેઃ—

"वैरवैश्वानरव्याधि—वादव्यसनलक्षणाः ।
महानर्थाय जायन्ते, वकाराः पञ्च वर्द्धिताः ॥ ३ ॥"

શબ્દાર્થ—"વૈર, વૈશ્વાનર (અગ્નિ), વ્યાધિ, વાદ અને વ્યસનરૂપ આ પાંચ વકારો વૃદ્ધિ પમાડવાથી મહાન્ અનર્થ થાય છે. ૩"

માટે હે વત્સ! શાસ્ત્રોનું અવગાહન કર, કાવ્યરસરૂપ અમૃતનું પાન કર, કળા-

એનો અભ્યાસ કર, ધર્મ કર અને પોતાના કુળનો ઉદ્ધાર કર." એવી રીતે તેના પિતાએ શીખામણ આપી તો પણ તેને સામો ઉત્તર આપ્યો કે—

" न शास्त्रेण क्षुधा याति, न च काव्यरसेन तृट् ।
एकमेवार्जनीयं तु, द्रविणं निष्फलाः कलाः ॥ ४ ॥

શબ્દાર્થ—" શાસ્ત્રાભ્યાસથી કંઇ ક્ષુધા મટતી નથી, કાવ્યરસથી કંઇ તૃષા છુપાતી નથી, માટે એકલા દ્રવ્યનેજ ઉપાર્જન કરવું જોઇએ; બીજી કળાઓ તો ફળ વિનાની છે. ૪ "

આ પ્રમાણેની તેની ઉદ્ધતાઈ ભરેલી યુક્તિઓથી દુઃખી થએલો દિવાકર મૌન રહ્યા, પછી દિવાકરે પોતાના મૃત્યુ સમયે બીજી વખત સ્નેહથી પુત્રને બોલાવી આ પ્રમાણે કહ્યું, " હે પુત્ર ! યદ્યપિ મ્હારા વચન ઉપર તને શ્રદ્ધા નથી તોપણ મ્હારૂં સમાધિથી મૃત્યુ થાય તે માટે આ એક શ્લોક તું ગ્રહણ કર;—

" कृतज्ञस्वामिसंसर्ग–मुत्तमस्त्रीपरिग्रहम् ।
कुर्वन्मित्रमलोलं च, नरो नैवावसिदति ॥ ५ ॥ "

શબ્દાર્થ—" કૃતજ્ઞ સ્વામીનો સંસર્ગ, ઉત્તમ સ્ત્રીનો સંગ્રહ અને નિર્લોભી પુરૂષની મૈત્રી કરનાર પુરૂષ કદિપણ દુઃખી થતો નથી. ૫ " ઉપરના શ્લોકના તાત્પર્ય ને મળતા આ બીજા શ્લોકનો અર્થ આ પ્રમાણે છે " ઉત્તમ પુરૂષોની સાથે સંગતિ કરનાર, પંડિતોની સાથે ગોષ્ઠી કરનાર, અને ઉદાર પુરૂષોની સાથે મૈત્રી કરનાર પુરૂષ કદિ પણ દુઃખી થતો નથી. "

આ શ્લોક પ્રભાકરે પિતાના આગ્રહથી ગ્રહણ કર્યો. કેટલેક વખતે તેનો પિતા મૃત્યુ પામ્યો. પછી પ્રભાકર તે શ્લોકની પરિક્ષા કરવાના ઇરાદાથી દેશાંતર જતાં કોઈ-એક ગામમાં કૃતઘ્ન અને તુચ્છ પ્રકૃતિવાળા સિંહ નામના ઠાકોરની સેવા કરવા લાગ્યો. પ્રભાકરે તેજ ઠાકોરની સૌથી અધમ દાસીનો ભાર્યા તરીકે સ્વીકાર કર્યો, અને તેજ ગામના રહેવાસી, નિર્દાક્ષિણ્ય શિરોમણિ તથા કેવળ દ્રવ્યમાંજ લુબ્ધ થએલા **લોભનંદી** નામે વણિકને પોતાનો મિત્ર કર્યો. એક વખતે ઉપરી રાજાએ સિંહને બોલાવવાથી તે પ્રભાકરની સાથે રાજા પાસે ગયો. પ્રભાકર રાજાને પંડિત પ્રિય સમજી આ પ્રમાણે બોલ્યોકે,—મૂર્ખો મુર્ખોની સાથે, વૃષભ વૃષભની સાથે, હરિણો હરિણોની સાથે અને સદ્બુદ્ધિવાળા સદ્બુદ્ધિવાળાની સાથે સંગતિમાં આવે છે. માટે મિત્રતા સમાન શીળવાળાની સાથેજ હોવી જોઇએ." પ્રભાકરની આ યુક્તિથી સંતુષ્ટ

થયેલા રાજાએ ઘણા ગામો સહિત એક નગર આપવા માંડયું પણ તે નહીં લેતાં પ્રભાકરે સિંહને અપાવ્યું.

એવી રીતે પ્રભાકરે સિંહને અનેક પ્રકારે ઉપકારો કર્યા, દાસીને સુવર્ણનાં આભરણ વિગેરે આપ્યાં, લોભનંદીને પણ મહર્દ્ધિક બનાવ્યો. હવે સિંહ પાસે પોતાના જીવથી પણ અધિક વહાલો એક મયૂર હતો. તેનું માંસ ખાવાનો દોહદ પ્રભાકરની દાસી ભાર્યાને ગર્ભના પ્રભાવથી ઉત્પન્ન થયો. પ્રભાકરે પિતાના આપેલા શ્લોકની પરીક્ષામાટે રાજાના મયૂરને કોઇ ઠેકાણે સંતાડી બીજા મયૂરના માંસથી દોહદ પૂર્ણ કર્યો. હવે સિંહે ભોજન વખતે મયૂરનો ચારે તરફ તપાસ કરતાં કોઇ પણ ઠેકાણેથી મળી આવ્યો નહીં, ત્યારે તેણે ગામમાં પડહો વગડાવ્યો કે, 'જે પુરૂષ મયૂરની ખબર આપશે તેને રાજા એકસો આઠ સોનામહોર આપશે,' એવી રીતનો પડહો સાંભલી 'મને બીજો સ્વામી મળી આવશે' એમ ધારી દ્રવ્યમાં લુબ્ધ થયેલી દાસીએ રાજાને કહ્યું કે, "હે રાજન્! મેં અટકાવ્યા છતાં પણ અત્યંત વિષયાસક્તિમાં નષ્ટ થયેલા આ પ્રભાકરે મ્હારો દોહદ પૂર્ણ કરવા માટે બીજો મયૂર નહીં મળવાથી તમારા મયૂરને મારી નાંખ્યો છે." એવું દાસીનું કહેવું સાંભળી સિંહની પેઠે ક્રૂર અને ક્રોધયુક્ત થયેલા સિંહે પ્રભાકરને પકડવા સુભટો મોકલ્યા. તે વૃતાંત જાણી ભયભીત થયેલો પ્રભાકર મિત્રને ઘેર ગયો, અને કહેવા લાગ્યો કે, 'હે મિત્ર! મ્હારી રક્ષા કર! રક્ષા કર! એમ બોલતાં પ્રભાકરને લોભનંદીએ કહ્યું કે, 'તેં રાજાનું શું નુકશાન કર્યું છે?' પ્રભાકર–મ્હેં મ્હારી સ્ત્રી માટે રાજાનો મયૂર મારી નાંખ્યો છે.' મિત્રાધમ લોભનંદી–'સ્વામીનો દ્રોહ કરનાર, તહારે માટે સ્થાન ક્યાં છે? બળતા પુળાને પોતાના ઘરમાં કોણ નાખે?' ઇત્યાદિ બોલનાર મિત્રના ઘરમાં યાવત્ પ્રવેશ કરે છે તેટલામાં લોભનંદીએ બુંબારવ કર્યો એટલે રાજાના સુભટો આવી તેને પકડી રાજા આગળ લઈ ગયા. તેને જોઈ ભ્રકુટી ચઢાવી સિંહ તિરસ્કાર પૂર્વક બોલ્યો કે, 'હે વિપ્રાધમ! મ્હારા મયૂરને આપી દે અથવા ઇષ્ટ દેવતાનું સ્મરણ કરી લે.' તે વખતે પ્રભાકર દયામણો થઇ બોલ્યો કે, 'હે રાજન્! તમે મ્હારા પિતા, સ્વામી અને શરણ રૂપ છો તેથી તમ્હારા આ સેવકનો એક અપરાધ ક્ષમા કરો.' એ પ્રમાણે વિનંતિ કરી તોપણ અધમ પ્રકૃતિને લીધે તેને મારી નાંખવાને સુભટોને સોંપી દીધો. તેઓએ તેનું કાંઇ પણ અનિષ્ટ કરવાની તૈયારી કરી તેટલામાં પ્રભાકરે યથાર્થ સ્વરૂપ નિવેદન કરી મયૂર સોંપી દીધો. તે પછી પ્રભાકર બોલ્યો કે, 'પિતાનું વચન દેવ સમાન કહેલું છે, જેનું ઉલ્લંઘન

કરવાથી મને તત્કાળ આવું ફળ પ્રાપ્ત થયું.' આ પ્રમાણે કહી સિંહની રજા લઈ પ્રભાકર આગળ ચાલ્યો. રસ્તામાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો—

" वरं विहर्त्तुं सह पन्नगै र्नवेच्छठात्मभिर्वा रिपुभिः सहोषितम् ।
अधर्मयुक्तै श्चपलैरपण्डितै र्न पापमित्रैःसह वर्त्तितुं क्षमम् ॥६॥
इहैव हन्युर्भुजगा हि रोषिता, धृताऽसयश्छिद्रमपेक्ष्य वाऽरयः।
असत्प्रवृत्तेन जनेन सङ्गतः, परत्र चैवेह च हन्यते जनः ॥७॥
नृणां मृत्युरपि श्रेयान्, पण्डितेन सह ध्रुवम् ।
न राज्यमपि मूर्खेण, लोकद्वयविनाशिना ॥ ८ ॥ "

શબ્દાર્થ—" સર્પોની સાથે વિચરવું અને શઠ પુરૂષો તથા શત્રુઓની સાથે વાસ કરવો સારો છે, પણ ધર્મહીન, ચપળ, મૂર્ખ અને પાપી મિત્રોની સાથે વર્ત્તન કરવું યોગ્ય નથી. ૬. ગુસ્સે થયેલા સર્પો અને ખડ્ગને ધારણ કરનાર શત્રુઓ તો છિદ્રને જોઇ આ લોકમાંજ હણનારા થાય છે; પણ અસત્પ્રવૃત્તિવાળા પુરૂષની સાથે સંગતિ કરનાર પુરૂષ ઉભય લોકમાં હણાયછે.૭ પંડિતની સાથે રહેતાં મનુષ્યોનું મરણ થાય તે પણ ખરેખર કલ્યાણકારી છે; પરંતુ ઉભય લોકનો નાશ કરનાર મૂર્ખની સાથે રહેતાં રાજ્ય હોય તે પણ સારૂં નથી. "૮

અનુક્રમે પ્રભાકર **સુંદરપુર**માં ગયો. ત્યાં **હેમરથ** નામે રાજા હતો, તેને કુવ્યસનનો ત્યાગ કરનાર, કૃતજ્ઞ, વિદ્વાન્‌પ્રિય અને લોકોનો પ્રેમ સંપાદન કરવામાં કુશળ એવો **ગુણસુંદર** નામે પુત્ર હતો. શાસ્ત્રાભ્યાસ કરવામાં તત્પર થયેલા તેને પ્રભાકરે નગરની બહાર જોયો. તેની પાસે જઈ પ્રભાકરે વિનય પૂર્વક પ્રણામ કર્યો. તે જોઇ કુમારે પણ પ્રસન્ન દૃષ્ટિથી અવલોકન કરવા રૂપ પૂજાથી પ્રભાકરની પૂજા કરી. કહ્યું છે કેઃ—

" प्रसन्ना दृग् मनः शुद्धं, ललिता वाग् नतं शिरः ।
सहजार्थिष्विदं पूजा, विनापि विभवं सताम् ॥ ९ ॥"

શબ્દાર્થ—" પ્રસન્ન દૃષ્ટિ, નિર્મળ અંતઃકરણ, સુંદર વાણી અને નમ્રીભૂત

મસ્તક એ સત્પુરૂષોની અર્થિપુરૂષોને વિષે સંપત્તિ વગરની સ્વાભાવિક પૂજા ગણાય છે. ૯ "

કુમારના સ્નેહ યુક્ત આલાપ વિગેરે જોઈ પ્રભાકર વિચાર કરવા લાગ્યો કે, 'અહો ! આ કુમારની નિર્મળ મૂર્તિ, મિત અને મધુર વચન, નવીન ઔચિત્ય ચાતુર્યતા અને આત્માની નિર્મળતા કેવી આશ્ચર્યજનક છે ! કેટલાએક પુરૂષો બાલ્યાવસ્થાથીજ દ્રાક્ષની પેઠે મધુર હોય છે, કેટલાએક આમ્ર વૃક્ષની પેઠે કાલાંતરે મધુરતાને પ્રાપ્ત થાય છે, અને કેટલાએક તો ઇંદ્રવારણાના ફળની પેઠે વિપાકથી (પાકવાથી) કદિ પણ મધુર થતા નથી, અને જ્યાં આકૃતિ હોય ત્યાં ગુણો વાસ કરી રહે છે. ' એ પ્રમાણે નિશ્ચય કરી પ્રભાકર તેની સેવા કરવા લાગ્યો. તેથી કુમારે તેને રહેવા નગરની અંદર એક મકાન અપાવ્યું. પછી પ્રભાકરે ઉત્તમ સ્વભાવવાળી, સ્થિરતાવાળી અને વિનયાદિક ગુણવાળી એક બ્રાહ્મણીને પોતાની ભાર્યા કરી, તથા મહાન્ ધનાઢ્ય, પરોપકારરૂપ વ્રતને ધારણ કરનાર અને પુરજનોમાં મુખ્ય એવા **વસંત** નામના વણિકને મિત્ર કર્યો. અનુક્રમે પિતા મરણ પામતાં ગુણસુંદર કુમાર રાજા થયો, અને સર્વ કાર્ય કરવામાં સમર્થ પ્રભાકર મંત્રી થયો. એક વખતે અશ્વના વેપારીઓએ બે જાતિવંત ઘોડાઓ રાજાને ભેટ કર્યા. તે ઉત્તમ લક્ષણવાળા હતા પરંતુ વિપરીત શિક્ષાને પામેલા હતા. તે બિના જાણ બહાર હોવાને લીધે રાજા અને મંત્રી બન્ને ઘોડા ઉપર આરૂઢ થઇ નગરની બહાર જઇ અશ્વો ખેલાવવાના સ્થાનમાં અશ્વોને ખેલાવી વેગ જાણવાની ઇચ્છાથી તે બન્નેએ અશ્વોને ચાબુકનો પ્રહાર કર્યો તેથી તે બન્ને એટલા તો વેગથી ચાલી નિકળ્યા કે કોઈ પણ તેઓની ગતિને પહોચી શકે નહીં. અનુક્રમે વનમાં આમળાંના વૃક્ષ નીચેથી પસાર થતા નિશાનબાજ મંત્રીએ ત્રણ આમળાં ગ્રહણ કરી લીધાં. પછી તેમણે લગામો મુકી દીધી એટલે એકદમ બન્ને અશ્વો ઉભા રહ્યા. આ વખતે રાજાને તૃષા લાગી હતી તેથી મંત્રીએ એક આમળું આપ્યું; ક્ષણવારમાં અતિ તૃષાતુર થયેલા રાજાને બીજું અને ત્રીજું આમળું આપ્યું. એવી રીતે ત્રણ આમળાથી કાળ ક્ષેપ કરતાં પાછળ રહેલું સૈન્ય આવી પહોચ્યું. પછી સ્વસ્થ થઇ નગરને વિષે આવી પહોંચ્યા.

હવે ગુણસુંદર રાજાને એક પાંચ વર્ષનો પુત્ર હતો તે બાળ હરિણને સાથે લઇ હમેશાં મંત્રીના મકાનમાં ક્રીડા કરવા આવતો હતો. એક વખતે મંત્રીએ

રાજાની પરીક્ષા કરવા માટે કુમારને સંતાડી દીધો. રાજાએ ભોજન વખતે કુમારની સર્વ ઠેકાણે તપાસ કરાવી પરંતુ કોઇ પણ ઠેકાણેથી તે મળી આવ્યો નહીં. તેથી ભ્રમિત થયેલાની પેઠે રાજા સ્થિર થઈ ગયો, અને રાજાનો સઘળો પરિવાર પણ શ્યામ મુખ બની ગયો. આ અરસામાં કોઈએ શંકા કરી કહ્યું કે " કુમાર મંત્રીને ઘેર ગયો હતો. " તેથી સર્વ લોકોના ચિત્તમાં મંત્રી ઉપર શંકા થઇ આવી. મંત્રી પણ રાજસભામાં ગયો ન હતો તેથી તેની ભાર્યા બોલી કે " હે સ્વામિન્ ! આજે રાજસભામાં કેમ ગયા નથી. " મંત્રીએ જવાબ આપ્યો કે " હે પ્રિયે ! હું રાજાને મુખ દેખાડવાને સમર્થ નથી; કારણ કે આજે મ્હેં રાજકુમારને મારી નાંખ્યો છે. " ભાર્યાએ કહ્યું કે " હે નાથ ! એ શું ? " મંત્રીએ જવાબ આપ્યો કે " ગઇ કાલે તહેં કહ્યું હતું કે ' ગર્ભના પ્રભાવથી આ રાજાનો પુત્ર શત્રુની પેઠે મ્હારા નેત્રોને દાહ ઉત્પન્ન કરે છે, ' તેથી મ્હેં તહારી ચિત્તની સમાધિ માટે તેને મારી નાંખ્યો છે. " તે પછી ચિંતામાં બળાપો કરતી મંત્રી પત્ની એકદમ વસંત મિત્રને ઘેર જઈ તેને સર્વ વૃતાંત કહી સંભળાવ્યો. મિત્ર અત્યંત કૃતજ્ઞ હોવાથી "આ વાતમાં કાંઇ નથી. હું પોતેજ રાજાને ભેગો થઇશ." એવી રીતે મંત્રી પત્નીને આશ્વાસન આપી પોતે રાજા પાસે ગયો, અને રાજાને વિનંતિ કરી કે " હે દેવ ! આ બાબતમાં મંત્રીનો બીલકુલ અપરાધ નથી. કિંતુ આ વિષયમાં મ્હારો પોતાનોજ અપરાધ છે. " એવી રીતે યુક્તિથી કાંઇક બોલે છે તેટલામાં મંત્રીની પત્ની પણ આવી પહોચી અને તેણે જણાવ્યું કે " મ્હારો દોહદ પૂર્ણ કરવા માટે આ બીના બનેલી છે. " તે પછી મંત્રી પણ આવી પહોંચ્યો અને કંપાયમાન શરીરવાળા તેણે વિનંતિ કરી કે " હે રાજન્ ! મ્હારા દુઃખથી દુઃખી થયેલો વસંત અને મ્હારી પત્ની પોતાનો અપરાધ જાહેર કરે છે, પરંતુ સઘળો અપરાધ મ્હારોજ છે, તેથી મ્હારા પ્રાણો ગ્રહણ કરવા જોઇએ. " તે પછી રાજા વિચાર કરવા લાગ્યો કે, ' આ મંત્રી બધી રીતે મ્હારૂં હિત કરનાર અને આમળાં આપી મને જીવિતદાન આપનાર છે. ' એમ વિચારી રાજાએ લોક સમક્ષ મંત્રિને કહ્યું કે " હે મિત્ર ! તે વખતે જો તહેં મને આમળાનાં ફળ ન આપ્યાં હોત તો હું ક્યાંથી,આ રાજ્ય ક્યાંથી, પુત્ર ક્યાંથી અને પરિવાર પણ ક્યાંથી હોત." મંત્રિએ કહ્યું કે,"હે સ્વામિન્ ! આમ કહેવાથી તમારી કૃતજ્ઞતા પ્રગટ થાયછે;પણ તમારા પુત્રરૂપી રત્નનો નાશ કરનાર મને તો દંડ આપવોજ જોઇએ."ત્યારે રાજાએ કહ્યું,"જો એમ છે તો ત્રણ આમળામાંથી એક આમળું વળી ગયું. " એટલે મંત્રિ બોલ્યો કે, " હે દેવ ! હે સર્વ ગુણાધાર ! જો

એ પ્રમાણે છે તો ત્રણ આમળાં રહેવા દો અને તમે કુમારની સાથે ચિરકાળ સુધી રાજ્ય કરો. " એમ બોલી કુમારને લાવી રાજાને અર્પણ કર્યો. તે અવસરે કુમારને જોઇ સર્વને આનંદ થયો. ' હે મંત્રિન્! આ શું ?' એમ રાજાએ પુછ્યું એટલે મંત્રિએ પિતાના આદેશથી લઇને પોતાનું સપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવ્યું. તેના આ સ્વરૂપને જાણી લજ્જા પામેલા રાજાએ મંત્રીને અદ્ધાસન ઉપર બેસાડી કહ્યું કે " હે મંત્રિન્! મ્હેં જે અમૂલ્ય આમળાંની પુત્ર સમાન તુલના કરી તે સહન કરવું. " ઇત્યાદિ પ્રીતિયુક્ત વાક્યોથી પ્રભાકરને ખુશી કર્યો. પછી ઉત્તમ સ્વામી વિગેરેની પરીક્ષા જેણે કરી છે એવા પ્રભાકર મંત્રીએ રાજા સાથે રહી ચિરકાળ રાજ્યનું પાલન કર્યું. હવે ગ્રંથકાર આ ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ દ્વારા સજ્જનનો સંગ કરવા આગ્રહ કરે છે.

" प्रज्ञाकरस्यैव समीक्ष्य साक्षात्फलानि सङ्गात्सदसज्जनानाम्।
विवेकिना सौख्यगुणाद्यवाप्त्यै, कार्यः सदा सज्जनसङ्गरङ्गः॥१०॥"

શબ્દાર્થ—" વિવેકી મનુષ્યે સજ્જન તથા દુર્જનના સંગથી જે ફળો પ્રાપ્ત થાય છે તેને પ્રભાકરની પેઠે સાક્ષાત્ જોઇ સુખ અને ગુણ વિગેરેને મેળવવા માટે હમેશાં સજ્જનનો સંગ કરવો ઉચિત છે. ૧૦ " इति अष्टमः ॥

નવમ ગુણ વર્ણન.

હવે ક્રમથી પ્રાપ્ત થયેલ "માતા પિતાની પૂજા કરવા" રૂપ નવમા ગુણનું વર્ણન કરે છે.

"मातापित्रोश्च पूजकः"—ગૃહસ્થોએ માતાપિતાની પ્રાતઃ, મધ્યાન્હ અને સાયંકાળે પ્રણામાદિકે કરી પૂજા કરનાર થવું જોઈએ. કહ્યું છે કેઃ—

" मातृपित्रादिवृद्धानां, नमस्कारं करोति यः ।
तीर्थयात्राफलं तस्य, तत्कार्योऽसौ दिनेदिने ॥ १ ॥ "

શબ્દાર્થ—" જે પુરૂષ માતા પિતા તથા વડીલ વર્ગને નમસ્કાર કરે છે તેને તીર્થ યાત્રા જેટલું ફળ થાય છે, તે હેતુથી તેમને નિરંતર નમસ્કાર કરવો જોઈએ.૧"

ભાવાર્થ—પૂજ્ય વર્ગમાં અગ્રેસર માતાપિતા છે. જેમ દેવપૂજા ત્રણ વાર કરવાની શાસ્ત્રમાં આજ્ઞા છે, તેમ માતાપિતા, વડીલ બંધુ વર્ગ અને વૃદ્ધ કુટુંબ વર્ગ વિગેરેને પણ દિવસમાં ત્રણ વાર નમસ્કાર કરવાની આજ્ઞા છે. માટે તેમને હમેશાં નમસ્કાર કરવો જોઈએ. જે પુરૂષો પોતાના પરોપકારી પૂજ્ય વર્ગની અવગણના કરે છે તે કદિ પણ ધર્મ અંગીકાર કરવાને લાયક થતો નથી. જે માતાપિતાએ આપણા ઉપર અગાધ ઉપકાર કરેલો છે તેનો બદલો કોઇ પણ રીતે વાળી શકાતો નથી. તેને માટે જૈનાગમમાં જણાવેલી બીના આજ ગુણમાં આગળ જણાવેલી છે, તેથી અહીંયાં એટલું જ કહેવું બસ થશે કે માતા પિતાનું પૂજન કરનાર ઘેર બેઠાં તીર્થયાત્રાનું ફળ પ્રાપ્ત કરે છે; માટે હમેશાં ત્રણ વાર ન બની શકે તો પ્રાતઃકાળમાં તો માતાપિતા વિગેરે પૂજ્ય વર્ગને ધર્મ જિજ્ઞાસુ પુરૂષોએ અવશ્ય નમસ્કાર કરવા ચુકવું નહીં. સાંપ્રત કાળમાં ગુજરાત દેશમાં માતાપિતાને નમસ્કાર કરવા રૂપ પ્રચાર બહુધા લુપ્ત થઇ ગયો છે. પરંતુ આ પ્રચાર દક્ષિણ, મારવાડ અને પંજાબ

વિગેરે દેશોમાં દૃષ્ટિગોચર થાય છે. પણ જેવી રીતે શાસ્ત્રકાર ફરમાવે છે તેવી રીતે શ્રધ્ધા અને વિનય પૂર્વક જોવામાં આવતો નથી. તો જેને શ્રાવક ધર્મને યોગ્ય થવું હોય તેણે શાસ્ત્રકારના ફરમાન મુજબ માતાપિતાદિક પૂજ્ય વર્ગનું નમસ્કાર રૂપ પૂજન અવશ્ય કરવું જોઇએ. ' માતાપિતાને નિરંતર નમસ્કાર કરનાર,' એ વિશેષણથી સ્પષ્ટ જણાઇ આવે છે કે તેઓની આજ્ઞાનો ભંગ તો કરી શકાયજ નહીં. કારણકે વૃધ્ધોની આજ્ઞાનુસાર વર્ત્તન કરવું તેનેજ આગળ ઉપર શાસ્ત્રકારે પૂજન કહેલું છે.

કેટલાએક કુપુત્રો સહેજ વાતમાં માતાપિતાની સામે થઇ તેમનાં હિતકારી અને અમૂલ્ય વચનોની અવજ્ઞા કરે છે. તેમનું નમસ્કાર અને આજ્ઞા પાલન રૂપ પૂજન તો દૂર રહ્યું, પણ અવસર આવે તેમના શરીર ઉપર પ્રહાર કરતાં પણ અચકાતા નથી. આવા જીવો પ્રાયે કરી ધર્મને અયોગ્ય હોય છે, અને તે પરલોકમાં જરૂર દુર્ગતિને આધીન થાય છે. તો વિવેકી પુરૂષોએ માતાપિતાની અવજ્ઞા કરનાર અધમ પુરૂષનો સંસર્ગ પણ કરવો વ્યાજબી નથી. કોઈ કારણસર અથવા અજ્ઞાનતાને લીધે માતાપિતાની પ્રકૃતિ દુઃસહ્ય હોય તોપણ ઉત્તમ પુત્રોએ તો તેમની નમસ્કારાદિ પૂજા કરી જેવી રીતે તેમના ચિત્તને સમાધિ રહે તેવી રીતે વર્ત્તન કરવું એ ઉચિત છે. ' આ માતાપિતાનો ભક્ત છે ' એમ લોકોને બતાવવા ખાતર નહીં, પણ અંતઃકરણની ખરી ભક્તિથી પૂજ્યવર્ગની પૂજામાં જોડાવું જોઇએ; કારણ કે પ્રાણી માત્રને સંસારમાંથી તારનાર સ્થાવર અને જંગમ એમ બે તીર્થો કહ્યાં છે; તેમાં સ્થાવર તીર્થોની સાથે માતાપિતાની સામ્યતા બતાવી છે. જો કે ગ્રંથકર્ત્તાએ સ્મૃતિ પુરાણાદિકનાં વચનો ટાંકી માતાપિતાને સ્થાવર તીર્થોથી પણ અધિક શ્રેષ્ઠ બતાવ્યા છે, તોપણ ઉપરનો શ્લોક જોતાં માતાપિતાની શત્રુંજયાદિ તીર્થોની સાથે સામ્યતા બતાવી છે તેને તો કોઇ પણ ના કહી શકે તેમ નથી. આ ઠેકાણે તાત્પર્ય એવો છે કે, જે પુરૂષ હમેશાં માતાપિતાની નમસ્કાર રૂપ પૂજા કરનાર હોય છે તેજ પુરૂષ વિધિપૂર્વક તીર્થયાત્રા અને તીર્થોનું બહુમાન વિગેરે કરી શકે છે. માટે માતાપિતાના પૂજક થઇ હમેશાં તીર્થયાત્રા જેટલું ફળ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થવું જોઇએ.

વળી તેમને પરલોકમાં હિતકારી અનુષ્ઠાનને વિષે જોડવાથી, આલોક તથા પરલોકના સંપૂર્ણ વ્યાપારોની અંદર તેમની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી, ઉત્તમ વર્ણ અને ગંધયુક્ત પુષ્પ તથા ફળ વિગેરે વસ્તુની ભેટ મુકવાથી અને નવીન

અન્ન તથા વસ્ત્રાદિ તેમના ઉપભોગમાં આવ્યા પછી ઉપયોગમાં લેવાથી માતા-પિતાની પૂજા થાય છે. આથી વિપરીત કરવું તે અનુચિત છે. " **मातापितरौ** " એ વાક્યમાં **द्वंद्व समास** થયેલો છે. તેથી **मातृ** શબ્દમાં **आ** ઉમેરાય છે, અને પિતાથી માતા વિશેષ પૂજનીક હોવાથી **माता** શબ્દનો પૂર્વમાં નિપાત કર્યો છે. જે કારણથી મનુ કહે છે કેઃ—

" उपाध्यायाद्दशाचार्य, आचार्याणां शतं पिता ।
सहस्त्रं तु पितुर्माता, गौरवेणाऽतिरिच्यते ॥ २ ॥ "

શબ્દાર્થ—" દશ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય, સો આચાર્ય કરતાં એક પિતા અને હજાર પિતા કરતાં એક માતા ગૌરવતામાં અધિક છે. ૨ "

વળી અડસઠ તીર્થો, તેત્રીશ ક્રોડ દેવતા, અને અઠ્યાશી હજાર ઋષિઓ માતાના ચરણમાં વસે છે. વડીલો પતિત થયા હોય તો તેમનો ત્યાગ કરવો ઉચિત છે; પરંતુ માતા ગર્ભ ધારણ અને પોષણ કરવાથી વિશેષ ઉપકારી છે, માટે માતાનો કદિ પણ ત્યાગ કરવો નહિ. હે ભારત ! સ્મૃતિઓમાં જે અડસઠ તીર્થો કહ્યાં છે તેનાથી ગંગા શ્રેષ્ઠ છે, અને માતા તેનાથી પણ અધિક શ્રેષ્ઠ ગણાય છે. શ્રાદ્ધના અધિકારમાં પ્રથમ માતાનું, તે પછી પિતાનું અને તે પછી માતામહ વિગેરેનું શ્રાદ્ધ કરવામાં આવે છે. આ પ્રમાણે વૃદ્ધના શ્રાદ્ધ કરવામાં ક્રમ બતાવ્યો છે. વળી કહ્યું છે કેઃ—

"आस्तन्यपानाज्जननी पशूना—मादारलम्भावधि चाधमानाम् ।
आगेहकर्म्मावधि मध्यमाना—माजीविता त्तीर्थमिवोत्तमानाम्॥३॥"

શબ્દાર્થ—" પશુઓને જ્યાં સુધી સ્તન્યપાન કરાવે ત્યાં સુધી, અધમ પુરૂષોને સ્ત્રીની પ્રાપ્તિ થાય ત્યાં સુધી, મધ્યમ પુરૂષોને ઘરનું કામ કરે ત્યાં સુધી અને ઉત્તમ પુરૂષોને જ્યાં સુધી જીવે ત્યાં સુધી માતા તીર્થ રૂપ છે. ૩ " વળી આગમમાં પણ કહ્યું છે કેઃ—

" तिण्हं दुप्पडिआरं समणाउ सो तंजहा अंमापिउणो भट्टिदायगस्स धम्मायरियस्स " ઇત્યાદિ હે શ્રમણ ! હે આંયુષ્યમાન્ ! માતાપિતા, સ્વામી અને

ધર્માચાર્ય એ ત્રણ જણનો બદલો દુઃખે કરી વાળી શકાય છે. તેમાં કોઇ કુલીન પુરૂષ હમેશાં પ્રાતઃકાળમાં માતા-પિતાના શરીરને શતપાક તથા સહસ્રપાક તેલથી મર્દન કરી, સુગંધીવાળા ચૂર્ણથી ઉદ્વર્ત્તન કરી, ગંધોદક, ઉષ્ણોદક અને શીતોદક એ ત્રણ પ્રકારના જળથી સ્નાન કરાવી, સર્વ અલંકારોથી વિભૂષિત કરી, અઢાર પ્રકારના વ્યંજન (શાક દાળ) વિગેરે યુક્ત અને મનોજ્ઞ તથા તપેલી વિગેરેમાં રાંધવાથી બરોબર પરિપક્વ થયેલું ભોજન જમાડી જ્યાં સુધી જીવે ત્યાં સુધી માતાપિતાને પોતાની પીઠ ઉપર ઉપાડીને ફરે તો પણ માતાપિતાનો પ્રત્યુપકાર થતો નથી, અર્થાત્ માતાપિતાના ઉપકારનો બદલો વળતો નથી. વળી જો તે કુલીન પુરૂષ માતાપિતાને ધર્મ સંભળાવી, ધર્મનો બોધ કરી અને ધર્મના ભેદો સમજાવી કેવળજ્ઞાનીના કથન કરેલા ધર્મમાં સ્થાપન કરે તો માતાપિતાના ઉપકારનો બદલો વળે. (સ્વામી સેવકના સંબંધમાં પણ ઉપરની માફક યથાયોગ્ય જાણી લેવું).

વળી કોઇ સુગુણ પુરૂષ ઉત્તમ ગુણવાળા સાધુ અથવા શ્રાવક પાસેથી શાસ્ત્રાનુસાર ધર્મ સંબંધી ઉત્તમ વાક્ય શ્રવણ કરી તથા મનથી ધારણ કરી આયુષ્ય સમાપ્ત થતાં મરણ પામી કોઇ પણ દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયો હોય તે વખતે તે દેવ પોતાના ધર્માચાર્યને દુર્ભિક્ષ દેશથી સુભિક્ષ દેશમાં લાવીને મુકે, છાયા તથા જળ રહિત અરણ્યમાંથી સુપ્રદેશમાં લાવી મુકે, અને લાંબા કાળના વ્યાધિથી આકુળ વ્યાકુળ થયેલાને રોગ રહિત કરે તો પણ તેમનો પ્રત્યુપકાર થતો નથી. પરંતુ જો તે સુગુણ પુરૂષ પોતાના ધર્માચાર્યને કેવળજ્ઞાનીના કથન કરેલા ધર્મથી ભ્રષ્ટ થયેલા જોઇ વારંવાર ધર્મ સંભળાવી, ધર્મનો બોધ કરાવી અને ધર્મના બીજા ભેદો સમજાવી કેવળજ્ઞાનીના પ્રરૂપેલા ધર્મમાં સ્થાપન કરે તો ધર્માચાર્યના ઉપકારનો બદલો સારી રીતે વળે છે. તેજ કારણથી ત્રિભુવન ગુરૂ અને કેવળજ્ઞાનદિવાકર શ્રીમન્ વીર વિભુ પોતાના બ્રાહ્મણ માતાપિતાને પ્રતિબોધ કરવા માટે બ્રાહ્મણકુંડ ગામના ઉપવનમાં પધાર્યા હતા. તે સાંભળી તેમને વંદન કરવા માટે દેવાનંદા અને ઋષભદત્તનું ત્યાં આગમન થયું હતું. તે અવસરે શ્રીમન્મહાવીર સ્વામીનું દર્શન થતાંજ દેવાનંદાના સ્તનમાંથી દૂધની ધારા છૂટી તે જોઇ ઇંદ્રાદિક દેવોની સભાની અંદર શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો કે, "હે ભગવન્! આમ થવાનું શું કારણ હશે?" તેમણે જણાવ્યું કે "હે ગૌતમ! આ દેવાનંદા પ્રથમની મ્હારી માતા છે." શ્રી ગૌતમસ્વામીએ બીજી વાર પૂછ્યું કે "હે ભગવન્ આ દેવાનંદા કેવી રીતે આપની માતા છે?" ભગવાને પોતાનું દેવાનંદાના ગર્ભમાં આગમન અને ઇંદ્રના આદેશથી હરિણુગમેષિ દેવે કરેલું ગર્ભનું હરણ વિગેરે પૂર્વનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી તેમના માતાપિતાને પ્રતિબોધ થવાથી તેમણે દીક્ષા ગ્રહણ કરી, અનુક્રમે અગીયાર અંગનું પઠન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત

કરી મોક્ષને પ્રાપ્ત થયા. એજ વિષયમાં કહ્યું છે કેઃ—

"वीरजिणपुव्वपियरो, देवानंदा जसन्नदत्तो अ ।
इक्कारसंग विन्नणो, होऊणं सिवसुहं पत्ता ॥ ४ ॥

શબ્દાર્થ—" મહાવીર સ્વામીનાં પ્રથમનાં માતાપિતા દેવાનંદા અને ઋષભદત્ત અગીયાર અંગના જાણ થઇ મોક્ષસુખને પ્રાપ્ત થયા. ૪ "

એવીજ રીતે ભીષ્મપિતામહે માતાપિતાની આજ્ઞાનું પાલન કરવા, તેમના મનને સમાધિ કરવા અને તેમને ખુશી રાખવા માટે પાણિગ્રહણ નહીં કરવું વિગેરે બાબતની પ્રતિજ્ઞા કરી હતી. પ્રથમ રાજાના પુરોહિત શ્રી આર્યરક્ષિત ચૌદ વિદ્યાનું અધ્યયન કરી દશપુર નગરમાં આવ્યા, તે વખતે રાજા પ્રમુખ લોકોએ તેમનો મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો, તે જોઈ સર્વ લોકોને આનંદ થયો, પરંતુ માતાનો હર્ષ જોવામાં ન આવતાં તેમને માતાના મનની સમાધિ માટે તેનું કારણ પુછી માતાની રજા લઇ તોષલી પુત્રાચાર્યની પાસે દૃષ્ટિવાદનો અભ્યાસ કરવા માટે ગયા. ત્યાં તેમણે દીક્ષા ગ્રહણ કરી અનુક્રમે પોતાના માતાપિતા ભાઈ વિગેરેને પ્રતિબોધ કર્યો. માતા પિતાના ઉપલક્ષણથી કલાચાર્ય, શ્રેષ્ઠી, અને ધર્મગુરૂ વિગેરેનું ગ્રહણ કરવું. કહ્યું છે કેઃ—

" माता पिता कलाचार्य, एतेषां ज्ञातयस्तथा ॥
वृद्धा धर्मोपदेष्टारो, गुरुवर्गः सतां मतः ॥ ५ ॥ "

શબ્દાર્થ—" માતા, પિતા, કલાચાર્ય, તથા તેમના ગોત્રીય, વૃદ્ધ અને ધર્મોપદેશ આપનાર એટલાને સત્પુરૂષોએ ગુરૂ વર્ગ માનેલો છે. ૫" વળી કહ્યું છે કે—

"राज्ञः पत्नी गुरोः पत्नी, मित्रपत्नी तथैव च ।
श्वश्रूर्माता च, माता च, पञ्चैता मातरः स्मृताः ॥६॥
जनेता चोपनेता च, यश्च विद्यां प्रयच्छति ।
अन्नदाता भयत्राता, पञ्चैते पितरः स्मृताः ॥७॥ "

શબ્દાર્થ—" વળી રાજપત્ની, ગુરૂપત્ની, મિત્રપત્ની, સાસૂ અને પોતાની માતા એ પાંચ માતા કહેવાય છે. ૬ જન્મ આપનાર, સંસ્કાર કરનાર, વિદ્યા આપનાર, અન્ન આપનાર અને ભયથી રક્ષણ કરનાર એ પાંચ પિતા કહેવાય છે. ૭ "

" सहोदरः सहाध्यायी, मित्रं वा रोगपालकः ।

मार्गे वाक्यसखा यस्तु, पञ्चैते भ्रातरः स्मृताः ॥८॥"

શબ્દાર્થ—" સહોદર, સાથે અભ્યાસ કરનાર, મિત્ર, વ્યાધિમાં રક્ષણ કરનાર અને માર્ગમાં વાતચિત્ત કરનાર એ પાંચ ભાઇઓ કહેવાય છે. ૮ " એ આદિ બીજા પણ નમસ્કારરૂપ પૂજાને યોગ્ય જાણી લેવા.

હવે ગ્રંથ કર્ત્તા આ ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા માતાપિતાની પૂજા કરવાનો આગ્રહ કરે છે—

कृतज्ञतामात्मनि संविधातुं, मनस्विना धर्ममहत्वहेतोः।
पूजाविधौ यत्नपरेण माता–पित्रोः सदा भाव्यमिहोत्तमेन॥९॥"

શબ્દાર્થ—" આ લોકમાં પ્રશસ્ત મનવાળા ઉત્તમ પુરૂષે પોતામાં કૃતજ્ઞતાનું આરોપણ કરવાના અને ધર્મની શ્રેષ્ઠતા વધારવાના હેતુથી, હમેશાં માતાપિતાની પૂજા કરવામાં પ્રયત્ન કરવા ઉદ્યુક્ત થવું જોઇએ. ૯ " इति नवमो गुणः ॥

दशम गुण वर्णन.

શ્રા વકના પાંત્રીશ ગુણ પૈકી નવમા ગુણનું વિવરણ પૂર્ણ કરી "ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવા" રૂપ દશમા ગુણનું વર્ણન કરે છે.

त्यजन्नुपप्लुतं स्थानम्—વળી ધર્મની યોગ્યતા મેળવનાર ગૃહસ્થ સ્વચક્ર પરચક્રના વૈરથી દુષ્કાળ, મરકી, સાત ઇતિઓ અને પ્રજાના પરસ્પર કલેશથી ઉપદ્રવવાળા ગામ કે નગરાદિક સ્થાનનો ત્યાગ કરનાર હોય. જો તેવા સ્થાનનો ત્યાગ કરવામાં ન આવે તો પ્રથમ ઉપાર્જન કરેલા ધર્મ, અર્થ અને કામ વિગેરેનો નાશ હોવાથી અને નવીન ધર્મ અર્થ કામનું ઉપાર્જન નહી થવાથી તેના ઉભય લોકનો નાશ થાય છે. જેમ દ્વારિકાના ઉપદ્રવ વખતે દ્વારિકાના અને વલ્લભીના ભંગ વખતે વલ્લભીના લોકોના ઉભય લોકનો નાશ થયો હતો. અથવા ધર્મ, અર્થ અને કામ વિગેરેને અડચણ કરનાર ભિલ્લ પલ્લી મ્લેચ્છગામ અને દેવગુરૂની સામગ્રીથી રહિત નગરાદિકને ઉપપ્લુત કહે છે. તેવા સ્થાનમાં ધર્મ, અર્થ અને કામની ઇચ્છા રાખનાર પુરૂષે વાસ કરવો નહીં. કારણકે તેવા સ્થાનમાં રહેવાથી ચોર, સ્ત્રીલંપટ અને દુષ્ટ રાજા વિગેરેના સંસર્ગથી ધર્મ અને અર્થની હાનીજ થાય છે. તેમજ દેવદર્શન, ગુરૂનું આગમન અને સાધર્મિકના સંસર્ગ વિગેરેનો અભાવ હોવાથી નવીન ધર્માદિકનું ઉપાર્જન પણ થઇ શકતું નથી. કહ્યું છે કે—

सद्धर्मदुर्गसुस्वामिव्यवसायजलेन्धने ।
स्वजातिलोकरम्ये च देशे प्रायः सदा वसेत् ॥१॥

गुणिनः सुकृतं शौचं, प्रतिष्ठा गुणगौरवं ।
अपूर्वज्ञानलाभश्च, यत्र तत्र वसेत्सुधीः ॥ २ ॥
यत्र देशे न सन्मानं, न बुद्धिर्न च बान्धवाः ।
न च विद्यागमः कश्चिन्न तत्र निवसेद्बुधः ॥ ३ ॥
अनायके न वास्तव्यं, न वास्यं बालनायके
स्त्रीनायके न वास्तव्यं, न वास्यं बहुनायके ॥ ४ ॥
बालराज्यं भवेद्यत्र, द्वैराज्यं यत्र वा भवेत् ।
स्त्रीराज्यं मूर्खराज्यं वा, यत्र स्यात्तत्र नो वसेत् ॥५॥

શબ્દાર્થ—શ્રેષ્ઠધર્મ, કિલ્લો, સારો સ્વામી, વેપાર, જળ, ઇંધન, અને પોતાની જાતિના લોકથી મનોહર હોય એવા દેશમાં પ્રાયે કરી ધર્માર્થી પુરૂષ હમેશાં વાસ કરે ॥૧॥ જે દેશમાં ગુણિજનો રહેતા હોય, પુણ્યકાર્ય થતાં હોય, પવિત્રતા હોય, માન જળવાતું હોય, ગુણોનું ગૌરવ થતું હોય અને અપૂર્વ જ્ઞાનનો લાભ થતો હોય તેવા દેશમાં બુદ્ધિમાન પુરૂષ વાસ કરે. ॥ ૨ ॥ જે દેશમાં સન્માન, બુદ્ધિ, બાંધવો અને કોઇ પ્રકારની વિદ્યાની પ્રાપ્તિ ન હોય તેવા દેશમાં પંડિત પુરૂષ વાસ કરે નહીં. ॥ ૩ ॥ જે દેશમાં નાયક ન હોય, બાળ નાયક હોય, સ્ત્રી નાયક હોય અને ઘણા નાયક હોય તેવા દેશમાં વાસ કરે નહીં. ॥ ૪ ॥ જે દેશમાં બાળકનું રાજ્ય હોય, જ્યાં બે રાજાઓનું ભેગું રાજ્ય હોય અને જ્યાં મૂર્ખનું રાજ્ય હોય તેવા દેશમાં વાસ કરે નહીં. ॥ ૫ ॥

આ બીનાને શાસ્ત્રકાર ઉદાહરણ આપી સ્પષ્ટ રીતે જણાવે છે તે આ પ્રમાણે છે.

પદ્મપુર નગરમાં નિર્વિચાર નામે રાજા અને તેને પાષાણભેદી નામે મંત્રી હતો. એક વખતે માળવાધિપતિ શ્રી વિક્રમરાજા સ્ત્રીના રાજ્ય તરફ જતાં પદ્મપુરમાં આવી ચડયો અને ત્યાં કેટલાક દિવસ રહ્યો હતો. તે એક વખતે રાજસભામાં ગયો હતો તે વખતે નિર્વિચાર રાજાની પાસે એક ચોરની માતા આ પ્રમાણે બોલી રહી હતી ‘હે રાજન્? મ્હારો પુત્ર પાંચ પ્રકારના ચોરના આચારથી ચોરી કરતો હતો. તેને ધન્યશ્રેષ્ઠીના ઘરમાં બાતર પાડતાં ત્રુટિ પડતી ભીંતે મારી નાખ્યો છે. તેથી હું તમારી આગળ ન્યાય માગું છું.’ આ વાત સાંભળી રાજાએ શ્રેષ્ઠીને બોલાવ્યો અને ચોર માર્યા વિગેરેના વૃત્તાંત પુછ્યો. શ્રેષ્ઠીએ કહ્યું કે ‘તેમાં મહારો શો દોષ? તે તો ભીંત ચણનારા મીસ્ત્રીઓ જાણે’ રાજાએ તેમને પણ બોલાવ્યા. તેઓએ જવાબ આપ્યો કે ‘ઘર ચણતી વખતે એક વેશ્યા હમારા જોવામાં આવી અને તેના રૂપથી હમારાં ચિત્તો

વિહ્વળ થવાને લીધે ભીંત બરોબર ચણી શકયા નહીં તેમાં હમારો શો દોષ ?' રાજાએ વેશ્યાને બોલાવી પુછયું. વેશ્યાએ જવાબ આપ્યો કે ' રસ્તામાં જતાં મ્હારા સામે કોઇક દિગંબર (નિર્વસ્ત્ર પુરૂષ) આવ્યો તેની મને લજ્જા આવવાથી તે માર્ગ છોડી જ્યાં ભીંત ચણાતી હતી તે માર્ગથી હું ગઈ હતી. ' આ વાત સાંભળી વેશ્યાને રાજાએ છોડી દીધી. પછી રાજાએ દિગંબરને બોલાવ્યો અને તેને પુછયું પણ તે કાંઇ બોલ્યો નહીં, એટલે રૂષ્ટ થયેલા નિર્વિચાર રાજાએ તેને શૂળીએ ચઢાવવાની આજ્ઞા કરી તે પછી કોઇએ રાજા પાસે આવી કહ્યું કે તે શૂળીમાં માતો નથી. રાજાએ આદેશ કર્યો કે શૂળી ઉપર જે માય તેને શૂળી ઉપર ચઢાવો આ પ્રમાણે આદેશ થતાં રાજાના શાળાને શૂળી ઉપર ચઢાવી દીધો. કહ્યું છે કે—

" विचारयति कस्तत्त्वं, निर्विचारे नृपे सति।
राजोक्त्या राजशाल्लोऽपि, शूलायामधिरोपितः ॥६॥

શબ્દાર્થ:—" જ્યાં રાજા નિર્વિચાર હોય ત્યાં તત્ત્વનો વિચાર કોણ કરે ? જુઓ રાજાની ઉક્તિથી રાજાના સાળાને પણ શૂળી ઉપર ચઢાવી દીધો ॥ ૬ ॥ "

આ પ્રમાણે જોઇ આ નગરની પ્રજા કેવી રીતે સુખી થતી હશે. ? એમ વિચાર કરતો શ્રીવિક્રમરાજા પોતાના કાર્ય માટે ચાલ્યો ગયો, આવા નગરમાં વાસ કરવો તે લાભકારક નથી. કહ્યું છે કે—

" यदि वांच्छति मूर्खत्वं, वसेद्ग्रामे दिनत्रयम् ।
अपूर्वस्यागमो नास्ति, पूर्वाधीतं विनश्यति ॥ ७ ॥

तथा—

जत्थ पुरे जिणभवणं, समयविउ साहुसावया जत्थ ।
तत्थ सया वसियव्वं, पभूयजलं इंधणं जत्थ ॥ ८ ॥

શબ્દાર્થ—જો મૂર્ખતા મેળવવાની ઇચ્છા હોય તો જે ગામમાં અપૂર્વ જ્ઞાનની પ્રાપ્તિ નથી અને પૂર્વનું ભણેલું નાશ પામે છે તેવા ગામમાં ત્રણ દિવસ વાસ કરવો ૭ વળી જ્યાં જિનેશ્વરનું મંદિર હોય, જ્યાં સિદ્ધાંતના જાણ સાધુ અને શ્રાવકો વસતા હોય, અને જ્યાં પ્રચુર જળ તથા ઇંધણ મળતાં હોય ત્યાં હમેશાં રહેવું જોઇએ. ૮॥

કદી સાધુજનોના વિરહવાળો દેશ ઘણા ગુણવાળો હોય તો પણ ધર્માર્થી પુરૂષે તેવા દેશમાં રહેવું જોઇએ નહીં. અથવા દુષ્કાળ, પરચક્રનો ઉપદ્રવ, મરકી વિગેરેને સૂચવનારા અનેક ઉત્પાતોથી પરાભવ પામેલા સ્થાનને ઉપપ્લુત કહે છે તે આ પ્રમાણે

છે—જ્યાં દેવની મૂર્ત્તિઓ અને પર્વતો કંપતા હોય, જ્યાં દેવની મૂર્ત્તિઓ પરસેવા-વાળી થતી હોય અને હાસ્ય કરતી હોય, જ્યાં નદી કોઇકિ વખતે રૂધિર જેવા જળને વહન કરતી હોય; તથા નિમિત્ત શિવાય વૃક્ષો ઉપરથી રૂધિર અને ફેન વિગેરેની વૃષ્ટિ થતી હોય, જ્યાં સ્ત્રીઓને મસ્તક રહિત ધડ ઉત્પન્ન થયું હોય, ત્યાં ઘોર દુષ્કાળ અને પરચક્રના ઉપદ્રવ સાથે ચતુષ્પદનો નાશ થાય. જ્યાં બે માથાં ચાર કાન અને ચાર નેત્રવાળો બાળક ઉત્પન્ન થયો હોય તેવા દેશમાં પરચક્રનું આગમન થાય. અને દુર્ભિક્ષ પડે એમ સૂચવે છે. ઇત્યાદિ સવિસ્તર જણાવી દશમા ગુણનો ઉપસંહાર કરતાં ગ્રંથકાર ટૂંકમાં સારાંશ બતાવે છે.—

" उपद्रुतं वैरविरोधमारि—स्वचक्रमुख्यैर्नगरादि यत्स्यात् ।
न यत्र चैत्यं च सुसाधुयोगो, न तत्र धीमान् विदधीत वासम् ॥ ९ ॥ इति दशमो गुणः ॥

શબ્દાર્થ—જે નગરાદિક શત્રુ, વિરોધ રાખનાર, મરકી અને સ્વચક્ર વિગેરેથી ઉપદ્રવ યુક્ત હોય; અને જ્યાં જિનમંદિર તથા સારા સાધુનો યોગ ન હોય તેવા નગરાદિકમાં બુદ્ધિમાન પુરૂષ વાસ કરે નહિ. ॥ ૯ ॥ ઇતિ દશમો ગુણઃ ॥

एकादश गुण वर्णन.

હવે ગૃહસ્થોને ' નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ નહીં કરવા રૂપ ' અગીયારમા ગુણનું વર્ણન કરે છે.

' **अप्रवृत्तश्च गर्हिते** '—વળી દેશ, જાતિ, કુલ અને કાળ વિગેરેની અપેક્ષાએ જે નિંદિત કાર્ય હોય તેને ગર્હિત કહે છે. તેવા કાર્યમાં (ધર્મી પુરૂષ) પ્રવૃત્તિ કરનાર ન હોય, તેમાં દેશગર્હિત કર્મ આ પ્રમાણે છે. સૌવીરદેશમાં કૃષિ કર્મ અને લાટ દેશમાં મદિરા ઉત્પાદન કરવાની ક્રિયા કરવી તેને દેશગર્હિત કહે છે. બ્રાહ્મણને મદિરાપાન કરવું તથા તલ, લુણ, લાખ અને લોઢા વિગેરેનો વેપાર કરવો એ જાતની અપેક્ષાએ નિંદિત કર્મ ગણાય છે. તથા કુળની અપેક્ષાએ ચૌલુક્યોને મદિરાપાન કરવું તે કુળથી નિંદિત કર્મ છે. કાળની અપેક્ષાએ બ્રાહ્મણોને નિંદિત કર્મ આ પ્રમાણે છે.—

' अग्निहोत्रं गवालम्भं, संन्यासं पलपैतृकम् ।
देवराच्च सुतोत्पत्तिं, कलौ पञ्च विवर्जयेत् ॥ १ ॥

શબ્દાર્થ:—" હોમ, ગાયનો વધ, સંન્યાસ, પૂર્વજોને માંસના પિંડ અને દીયરથી પુત્રની ઉત્પત્તિ કરવી એ પાંચ કલિયુગમાં (બ્રાહ્મણો) ત્યાગ કરે ૧ "

વળી જ્ઞાનપૂર્વક જિનધર્મ અંગીકાર કરનાર શ્રાવકોએ પંદર કર્મદાનથી વેપાર કરવો, કાળ વખતે કે રાત્રિએ ભોજન અને અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરવું વિગેરે શ્રાવકોને ગર્હિત કર્મ કહેવાય છે. તેવાં ગર્હિત કર્મ કરનાર શ્રાવકોનાં બીજાં પણ ધર્મકાર્યો ઉપહાસ્યને માટે થાય છે. કહ્યું છે કે—

" अनुचितकर्मारम्भः, प्रकृतिविरोधो बलीयसा स्पर्द्धा ।
प्रमदाजनविश्वासो, मृत्युद्वाराणि चत्वारि ॥ २ ॥

શબ્દાર્થ—" અયોગ્ય કર્મનો આરંભ, પ્રજાની સાથે વિરોધ, બળવાનની સાથે સ્પર્ધા અને સ્ત્રીજાતિનો વિશ્વાસ આ ચારે મૃત્યુનાં દ્વાર છે. ॥ ૧ ॥

ભાવાર્થ—" **अनुचितकर्मारम्भः** જે કાર્ય પોતાને ઉચિત ન હોય તે કાર્ય કરવાનો આરંભ કરવો તે મૃત્યુના દ્વાર સમાન છે. જેમકે મુનિપણું ગ્રહણ કરીને પ્રાણાતિપાત, મૃષાવાદ, ચોરી, મૈથુન અને પરિગ્રહ વિગેરેમાં નિમગ્ન થવું, રેલ વગેરે વાહન દ્વારા પ્રયાણ કરવું, મંત્ર, જંત્ર, તંત્ર ઔષધિ કામણ, ટુમણ, વશીકરણાદિકનું કરવું કરાવવું, ઇર્ષા અહંકારને વશ થઈ પોતાના આત્મિક કર્ત્તવ્યને ભુલી જઇ ધર્મકાર્યને જલાંજલી આપી ગૃહસ્થોને કરવા યોગ્ય કાર્યમાં ગૃહસ્થોની સાથે ખટપટમાં ઉતરવું, એકના પક્ષમાં ઉભા રહી બીજાનો પરાજય કરવા પ્રયાસ કરવો, પોતાનો કકો ખરો કરવા લોકોની ખુશામત કરી પોતે ધારેલા કાર્યને પાર પાડવા નિરંતર મચ્યા રહેવું, ઉત્તમ પુરૂષો ઉપર અસત્ય આક્ષેપો મુકી તેમને જાહેરમાં હલકા પાડવા પ્રયાસ કરવો, ગુણીના ગુણો ઉપર દ્વેષ ધારણ કરી તેની નીંદા કરવામાં મચ્યા રહેવું, વીર રસની પુષ્ટી કરી શ્રોતાઓને પાણી ચઢાવવું, વ્યાખ્યાનમાં શૃંગારાદિક રસનું પોષણ કરી શ્રોતાઓને તદ્રમય બનાવવા, સ્ત્રી વિગેરેની વિકથા કરી પોતાના અમૂલ્ય સમયને ગુમાવી દેવો, સ્ત્રીઓના સંસર્ગમાં આવવું, જ્ઞાતિના ઝગડાઓમાં ભાગ લઇ તેના ફેસલા આપવા, રાજ વિરૂદ્ધ કાર્યને ઉત્તેજન આપવું, અને પોતાના કે પરના આત્માને ઉદ્ધાર કરવાનું જે મુખ્ય કાર્ય છે તેને ભુલી જવું વિગેરે વિગેરે કાર્યો મુનિઓને અનુચિત ગણાય છે. તેમજ ગૃહસ્થોએ પણ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવનો વિચાર કરી પોતાની શક્તિ જોઇ જેમાં ખરેખરો આત્મ લાભ સમાએલો હોય તેવા ઉચિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. અમુક વખતે અમુક કાર્ય અનુચિત ગણાય છે અને તેજ કાર્ય અમુક સંયોગોમાં બીજી વખતે ઉચિત થાય છે, તેથી અમુક કાર્યો કરતાં પહેલાં આજુબાજુના સંયોગોનો વિચાર કરી કાર્યોનો આરંભ કરવો. ધર્મ વિરૂદ્ધ, રાજ વિરૂદ્ધ, દેશ વિરૂદ્ધ, અને લોક વિરૂદ્ધ વિગેરે અને બીજાં પણ આ લોક અને પરલોકને હાનિ પહોંચાડનાર કાર્યોનો આરંભ કરતાં પહેલાં મન સાથે વિચાર કરવામાં આવે તો કોઇ વખત પણ અનુચિત કાર્ય કરવાનો પ્રસંગ આવેજ નહીં. આ શિવાયનાં ગૃહસ્થોને બીજાં કયાં કાર્યો અનુચિત છે તે ગ્રંથકારે જુદા જુદા ગુણોમાં પ્રસંગોપાત જણાવ્યાં છે. તેથી અત્રે લખ્યાં નથી. પણ અનુચિત કાર્યનો આરંભ કરનાર મૃત્યુના દ્વારને પ્રાપ્ત થાય છે તે વાત ધ્યાનમાં રાખી પોતાના અને બીજાના આત્માનું કલ્યાણ જેમાં સમાયેલું હોય અને આ ભવ સંબંધી તથા ભવાંતર સંબંધી નાના પ્રકારની વિડંબના સહન ન કરવી પડે તેવા ઉચિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી અને અનુચિત કાર્યથી તો દુરજ રહેવું જોઇએ.

प्रकृतिविरोधः—પ્રજાવર્ગની સાથે વિરોધ કરવો તે પણ ધર્મી પુરૂષોને ઉચિત નથી. કારણ કે ગમે તેટલી સાવચેતી છતાં પણ માણસ જાતની ભુલ થયા શિવાય રહેતી નથી. કારણ કે પ્રાણી માત્રને કર્મોની સાથે અનાદિનો સંબંધ છે. અને તેને લઇને હમેશાં ભુલ થવા સંભવ છે. બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્ય જાત વિશેષ સમજી છે, તોપણ અનાદિકાલના અભ્યાસને લઇને ભુલ થતાં વાર લાગતી નથી. શ્રુતધરો જેવા મહા જ્ઞાની પુરૂષો જેઓ સંસારની સંપૂર્ણ અસારતાને સારી રીતે સમજે છે, અને તેવા અસાર સંસારથી મુક્ત થવા અતિ તીવ્ર ઉપયોગથી ધર્મકાર્યમાં પ્રવૃત્તિ કરે છે. છતાં પ્રમાદને વશ થઇ તેઓથી પણ ભુલ થઇ જાય છે. તો અલ્પજ્ઞોની ભુલ થાય તેમાં નવાઇ જેવું નથી; તેથી આવી વખતે પ્રજાવર્ગવિરોધી હોવાથી તેઓ આવી ભુલનો લાભ લઈ ધન, આબરૂ અને શરીરાદ્ધિને અડચણ કરવા ચુકતા નથી; તેથી પણ વધીને રાજા અને અમલદાર વર્ગના કાન ભરી ભુલ કરનારને ખરાબ કરવા માટે બનતી કોશીસ કરી ખરાબ કરે છે. માટે પ્રજાવર્ગ કે અમુક સમુદાય સાથે વિરોધ કરવો યોગ્ય નથી. તેવો વિરોધ કરનારને મૃત્યુનું દ્વાર સમીપમાં છે એમ સારી રીતે સમજવું. પ્રજાવર્ગ કે સમુદાયની સાથેનો વિરોધ તો દૂર રહો પણ એક વ્યક્તિની સાથે પણ વૈર વિરોધ રાખવો ઉચિત નથી. શાસ્ત્રની દૃષ્ટિએ જોતાં સમરાદિત્ય જેવા મહાત્માને એક પક્ષના વિરોધને લઇને કેટલું સહન કરવું પડ્યું છે. આ પ્રસિદ્ધ બીના પ્રાયે કોઇથી અજાણ નથી, માટે વિરોધ કરતાં પહેલાં આવા મહાત્મા પુરૂષોનાં ચરિત્રો ધ્યાનમાં લાવી સર્વથા વિરોધ કરતાં અટકવું જોઇએ, અને તેમ કરવાથી સંસારીક અને ધાર્મિક કાર્યમાં પ્રજાવર્ગ અડચણ કરતા થતો નથી.

बलीयसा स्पर्द्धा—બળવાન સાથે હરિફાઇ કરવી તે પણ યોગ્ય નથી. કદાચ કોઇ કારણને લઇને હરીફાઇ થઈ જાય તો નિર્બળને પોતાનો બચાવ કરતાં ઘણી અડચણ પડે છે. તેથી જાણી જોઇને બળવાનની સાથે હરીફાઇ કરવાથી દૂર રહેવું ઘણું સારૂં છે. અને જો તેમ કરવામાં ન આવે તો પોતે નિર્બળ છતાં બળવાન સાથે હરીફાઇ કરનારને મૃત્યુનું દ્વાર કાંઇ દૂર નથી. જો કે મનબળ, વચનબળ, કાયબળ, જ્ઞાનબળ, ધનબળ, કુટુંબબળ, અને રાજબળ વિગેરે બળ ગણાય છે, તો આ બધામાંથી જે બળની સાથે સ્પર્દ્ધા કરીએ તેમાં સામો માણસ વિશેષ બળવાન હોય તો પાછું હઠવું પડે છે. અને તેની સાથે વિરોધ થાય છે. કદી કોઇ માણસમાં શરીરબળ વધારે હોય અને ધનબળ ન હોય તો એકાદ વખતે તે શરીરબળથી ધનવાનનો પરાજય કરી શકે છે. પણ પાછળથી તે પરાભવનો બદલો લેવા ધનવાન પોતાના ધનબળથી શરીરબળવાળાને ભાડે રાખી અથવા તો બીજી યુક્તિ કરી તેનો પરાભવ કરતા ચૂકતો નથી. માટે પ્રથમ તો

કોઇની સાથે પણ સ્પર્દ્ધા કરવી યોગ્ય નથી તેમાં પણ વિશેષ હોય તેની સાથે તો હરીફાઇમાં ઉતરવાથી ઘણું ખમવું પડે છે.

પ્રમદાજન વિશ્વાસઃ—પ્રાયે સ્ત્રી વર્ગનો કદી પણ વિશ્વાસ કરવા યોગ્ય નથી, કારણકે સ્ત્રી ગમે તેવી બુદ્ધિશાળી હોય તો પણ તેનું મનઃ પુરૂષના જેટલું ગંભીર, વિચારશીળ અને સહનશીળતાવાળું હોવાનો સંભવ થોડો છે. તેથી ધૂર્ત્તપુરૂષો તેમને અનુકૂળ લાલચ આપી હરેક રીતે ફોસલાવી પટાવી તેના હૃદયમાં રહેલી ગુપ્ત બીનાને સહેલાઇથી મેળવી શકે છે, તેમજ તેના ઉપર થોડું પણ શારીરિક કષ્ટ આવી પડતાં પોતાના મન ઉપરનો કાબુ ગુમાવી દે છે અને પોતાના પતિને કે સ્વજનને ગમે તેટલી હાનિકારક વાત હોય તો પણ તેવી વાતને પ્રગટ કરવામાં બીલકુલ વિચાર કરતી નથી. માટે અતિ ગૂહ્ય વાત કે જે પ્રગટ થવાથી પોતાને ગામને કે દેશને હાનિ થાય તેવી અથવા તો જેનાથી પોતાની આજીવિકા ચાલતી હોય તેવા વેપાર ઉદ્યોગની ગુપ્ત વાત સ્ત્રી પાસે કદી પણ કરવી યોગ્ય નથી. ઉપર જણાવેલી બીના ઘણે ભાગે ઘણી સ્ત્રીઓનો એવો સ્વભાવ હોવાથી અત્રે લખવાની જરૂર પડી છે. નહીં તો ઇતિહાસિક નજરે જોતાં શીળવતી અને અનોપદેવી જેવી અનેક સ્ત્રીઓ પોતાના પતિને રાજકાર્યમાં સલાહ આપનારીઓ અને ગંભીર, સહનશીળ અને વિચારશીળ વિગેરે ઉત્તમ ગુણવાળીઓ જોવામાં આવે છે. ઉપરોકત બાબત માટેના ઉદાહરણો શાસ્ત્રકારોએ ઘણે ઠેકાણે આપેલાં છે તેથી તેવાં ઉદાહરણો અત્રે લખ્યાં નથી.

ઉપરોક્ત ગર્હિત કર્મો પ્રાયે કરી વિવેકી અને ધર્મની યોગ્યતાવાળા પુરૂષો માટે છે. પણ અધર્મી માટે નથી. તેને માટે કહ્યું છે કેઃ—

" पौरोहित्यं रजनिचरितं ग्रामणीत्वं नियोगो,
माठापत्यं वितथवचनं साक्षिवादः परान्नम् ।
धर्मिद्वेषः खलजनरतिः प्राणिनां निर्दयत्वं,
मा भूदेवं मम पशुपते जन्मजन्मान्तरेऽपि " ॥ ३ ॥

શબ્દાર્થઃ—પુરોહિતપણું, રાત્રિએ (સ્વેચ્છાએ) ભ્રમણ, ગામનું નાયકપણું, અધિકારીપણું, મઠનું અધ્યક્ષપણું, અસત્ય વચન, સાક્ષિ આપવી, બીજાનું અન્ન ખાવું, ધર્મી ઉપર દ્વેષ રાખવો, દુર્જન ઉપર પ્રેમ રાખવો અને પ્રાણીઓ ઉપર નિર્દયતા રાખવી એ સર્વ હે મહાદેવ (શિવ) મને દરેક જન્મમાં પ્રાપ્ત ન થાઓ. ॥૩॥

વળી ખરાબ વેપાર કરનારને આશ્રિ કોઇ સ્થળે કહ્યું છે કેઃ—

" हस्तौ दानविवर्जितौ श्रुतिपुटौ सारस्वतद्रोहिणौ,
लंचालुञ्चितवित्तपूर्णमुदरं गर्वेण तुङ्गं शिरः ।
चक्षुः साधुविलोकनेन रहितं पादौ न तीर्थाध्वगौ,
भ्रातः कुक्कर मुञ्च मुञ्च सहसा निन्द्यस्य निन्द्यं वपुः ॥४॥"
अधिकारात्त्रिभिर्मासैर्मागापत्यात्त्रिभिर्दिनैः ।
शीघ्रं नरकवाञ्छा चेत् दिनमेकं पुरोहितः ॥ ५ ॥
दश शूनासमश्चक्री, दश चक्रिसमो द्विजः ।
दश द्विजसमा वेस्या, दश वेस्यासमः नृपः ॥ ६ ॥ "

શબ્દાર્થ:—" દાનથી રહિત બે હાથ, શાસ્ત્રદ્રોહી બે કાન, રૂસવતથી લુંટેલા દ્રવ્યે ભરેલું પેટ, અહંકારથી ઉંચું થયેલું મસ્તક, સાધુના દર્શનથી પરાઙ્મુખ નેત્રો, અને તીર્થ તરફ ગમન નહીં કરનાર પગ એવા આ તહારા નિંદનીકમાં પણ નિંદનીક શરીરનો એકદમ ત્યાગ કર ॥ ૪ ॥ " ત્રણ મહીનાનો અધિકાર ભોગવવાથી અને ત્રણ દિવસ મહતું અધ્યક્ષપણું કરવાથી દુર્ગતિ થાય છે. જો આથી પણ શીઘ્ર નરકમાં જવું હોય તો એક દિવસ પુરોહિત થા. ॥ ૫ ॥ દશ કસાઇ સમાન એક કુંભાર, દશ કુંભાર સમાન એક કલાલ, દશ કલાલ સમાન એક વેસ્યા, અને દશ વેશ્યા સમાન એક રાજા ગણાય છે. ॥ ૬ ॥ વળી કહ્યું છે કે—

अकर्त्तव्यं न कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि ।
कर्त्तव्यमेव कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि ॥ ७ ॥ "

શબ્દાર્થ—" કંઠ સુધી પ્રાણ આવે તોપણ જે કરવા યોગ્ય નથી તે કરવું નહીં અને કંઠ સુધી પ્રાણ આવે તો પણ જે કરવા યોગ્ય છે, તે કરવુંજ જોઇએ. ॥ ૭ ॥ "

ભાવાર્થ—પ્રાણિએ હમેશાં પોતાના કર્ત્તવ્યનો વિચાર કરવા યોગ્ય છે. જેમ અવ્યસ્થિત ચિત્તે સ્થાનનિર્ણય કર્યા શિવાય ગતિ કરનાર કરતાં, સ્થાનનો નિર્ણય કરી તે તરફ ગતિ કરનાર માણસ પોતાના ઇચ્છિત સ્થાનને જલદી મેળવી શકે છે. તેવીજ રીતે હું કોણ, મારે શું કર્ત્તવ્ય છે, દેશ કાલ કયો છે, સાનુકૂળ કે પ્રતિકૂળ કોણ છે, તથા મહારૂં કર્ત્તવ્ય શું છે, મહારૂં કૂળ અને જાતિ કેવી છે, કયું કાર્ય કરવાથી મહારા આત્માને લાભ થશે ઇત્યાદિ જાણતોનો વિચાર કરી પોતાનું કર્ત્તવ્ય નક્કી કરે છે.

અને જે પોતાના આરંભેલા ઉત્તમ કાર્યનો પ્રાણાંતે પણ ત્યાગ કરતા નથી તેમજ અકર્ત્તવ્યને પણ કોઇ પ્રકારે અંગીકાર કરતા નથી તે પોતાની ધારેલી નેમ શીઘ્ર પાર પાડી શકે છે, હાલ તો કર્ત્તવ્યનો વિચાર કર્યા શિવાય અજ્ઞાનથી ગતાનુગતિક પ્રવૃત્તિ કરવામાં પોતાનું કર્ત્તવ્ય માને છે તેથી કર્ત્તવ્યને બદલે અકર્ત્તવ્યને કર્ત્તવ્ય સમજી તેનો આરંભ કરવામાં આવે છે, માટે પોતાની ધારેલી નેમ પાર પાડી શકતા નથી; માટે પોતે આરંભેલા ગમે તેવા કાર્યને વચ્ચમાંજ મુકી દેવું પડે છે અને તેથી અતો-ભ્રષ્ટ તતોભ્રષ્ટ થાય છે. માટે કાર્ય કરતાં પહેલાં ઉપર બતાવ્યા પ્રમાણે વિચાર કરવો અને પછી આરંભેલા સારા કાર્યને પ્રાણાંત થતાં પણ તે કાર્યનો ત્યાગ કરવો નહીં. તેવીજ રીતે પોતાને, સ્વજનને, દેશને, જાતિને અને રાજને જે અહિતકારી કર્ત્તવ્ય હોય તેને કદી પણ અંગીકાર કરવા પ્રયાસ કરવો નહીં. આ ઠેકાણે આરોગ્યદ્વિજનું ઉદાહરણ આ પ્રમાણે છે.—

ઉજ્જયણિ નગરીમાં બાલ અવસ્થાથીજ ઘણો રોગી હોવાથી રોગ એવા નામથી પ્રસિદ્ધ થએલો એક બ્રાહ્મણ હતો. તે સમ્યકત્વ પૂર્વક અનુવ્રત વિગેરે શ્રાવકના શુદ્ધ આચારોને પાલણ કરવામાં તત્પર હોવાને લઇને એક ઉત્તમ શ્રાવક હતો. તેણે રોગના પ્રતિકારની સામગ્રી પ્રાપ્ત થતી હતી તો પણ તેણે રોગને સહન કરવાનોજ આશ્રય લીધો અને વિચાર કર્યો કે—

" पुनरपि सहनीयो दुःखपाकस्त्वयायं,
न खलु भवति नाशः कर्मणां संचितानाम् ।
इति सह गणयित्वा यद्यदायाति सम्यक् ,
सदसदिति विवेकोऽन्यत्र भूयः कुतस्ते ॥ ८ ॥
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।
नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ॥९॥"

શબ્દાર્થ—હે આત્મન્ ! તહારે આ દુઃખના ફળનું પરિણામ બીજી વખત પણ સહન કરવાનું છે. કારણ સંચિત કરેલાં કર્મનો ખરેખર ભોગવ્યા શિવાય નાશ થતો નથી. તેથી કર્મો સાથે છે એમ ગણીને જે જે આપત્તિ આવી પડે તેને સારી રીતે સહન કર. બીજે ઠેકાણે બીજી વાર હે આત્મન્ ! તને સદસદ્વિવેક ક્યાં મળવાનો છે. ? ॥ ૮ ॥ કરેલું શુભ અથવા તો અશુભ કર્મ અવશ્ય ભોગવવુંજ પડે છે. કારણ તે કર્મ ભોગવ્યા શિવાય કલ્પની સેંકડો કોટિઓ થઈ જાય તોપણ નાશ થતું નથી. ॥ ૯ ॥

એવી રીતે સહન કરનાર તે રોગ દ્વિજની ઇંદ્રે આ પ્રમાણે પ્રશંસા કરી ' અહો આ રોગ દ્વિજ મહાસત્ત્વ વાળો છે. જેની પાસે રોગના અનેક પ્રત્યુપકારો પ્રાપ્ત થયેલા છે તો પણ તેની ઉપેક્ષા કરી રોગની પીડાને સહન કરે છે ' પછી આ વાતની શ્રદ્ધા ન થવાથી બે દેવતાઓ વૈદ્ય થઇ પૃથ્વી ઉપર આવી બોલ્યા કે ' હે રોગ બ્રાહ્મણ ! અમે તને રોગમાંથી મુકત કરીએ પરંતુ રાત્રિમાં મધ, મદિરા, માંસ અને માખણનો ઉપભોગ કરવો પડશે. ' એવું વૈદ્યનું કહેવું સાંભળી, સુરેંદ્રથી પણ અધિક પ્રતિષ્ઠાવાળો રોગ બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યો ' કેવળ સામાન્ય કુળમાં ઉત્પન્ન થયો હોય તો પણ પુરૂષને લોક અને લોકોત્તરમાં નિંદિત કર્મનો ત્યાગ કરવો તેજ પ્રતિષ્ઠાનો હેતુ છે. ' કહ્યું છે કે--

" न कुलं वृत्तहीनस्य प्रमाणमिति मे मतिः ।
अन्त्येष्वपि प्रजातानां वृत्तमेव विशिष्यते ॥ १० ॥ "

શબ્દાર્થ:—" સારા આચરણથી રહિત એવા મનુષ્યનું કુલ ઉત્તમ હોય તો પણ તેવું કુળ કાંઇ પ્રમાણભુત થતું નથી એમ મહારૂં માનવું છે. કેમકે ચંડાલાદિક જાતિમાં ઉત્પન્ન થએલાનું કુળ અધમ છે, તો પણ તેનું આચરણ સારૂં હોય તો તે શ્રેષ્ઠ ગણાય છે. ॥ ૧૦ ॥ "

' વળી બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થએલાની મહારી તો વાતજ શી ? તેમાં પણ વિશેષે કરી હમણાં જૈનધર્મને અંગીકાર કરનાર મહારાથી આ નિંદિત કર્મ કરવું કેમ ઉચિત ગણાય ? ' વળી કહ્યું છે કે:--

" निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टं ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ ११ ॥ "

શબ્દાર્થ:—" નીતિમાં નિપુણ એવા પુરૂષો નિંદા કરો અથવા તો સ્તુતિ કરો, લક્ષ્મી ઇચ્છા પ્રમાણે ઘરમાં પ્રવેશ કરો અથવા જાઓ અને આજેજ અથવા તો યુગાંતરમાં મરણ થાઓ; પરંતુ ધીર પુરૂષો ન્યાય માર્ગથી એક પગલું પણ ચલાયમાન થતા નથી ॥ ૧૧ ॥ " ઉપર પ્રમાણે વિચાર કરી રોગ બ્રાહ્મણ બોલ્યો ' હે વૈદ્યો ! હું બીજાં પણ પવિત્ર ઔષધોથી રોગનો ઉપાય ઇચ્છતો નથી તો વળી સર્વ લોક અને શાસ્ત્રોથી નિંદિત અને ધર્મી પુરૂષોને અયોગ્ય એવાં આ ઔષધોથી

મ્હારે શું પ્રયોજન છે ? ' વળી કહ્યું છે કે—

" मद्ये मांसे मधुनि च, नवनीते तक्रतो बहिर्नीते।
उत्पद्यन्ते विपद्यन्ते, ससूक्ष्मा जन्तुराशयः ॥ १२ ॥ "
सप्तग्रामेषु यत्पापमग्निना भस्मसात्कृते ।
तदेतज्जायते पापं, मधुबिन्दुप्रभक्षणात् ॥ १३ ॥
यो ददाति मधु श्राद्धे, मोहितो धर्मलिप्सया ।
स याति नरकं घोरं, खादकैः सह लम्पटैः ॥ १४ ॥

શબ્દાર્થઃ—" મદિરા, માંસ, મધ, અને છાશથી જુદા કરેલા માખણમાં સૂક્ષ્મ એવા જંતુનો સમૂહ ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે ॥ ૧૨ ॥ અગ્નિથી સાત ગામ બાળતાં જે પાપ થાય તેટલું પાપ મધના એક બિંદુના ભક્ષણથી થાય છે. ॥ ૧૩ ॥ જે પુરૂષ ધર્મની ઇચ્છાએ મોહિત થયેલો શ્રાદ્ધમાં મધ આપે છે તે પુરૂષ લોલુપ એવા ખાનારાઓની સાથે ઘોર નરકમાં પડે છે. ॥ ૧૪ ॥ " ઇત્યાદિ રોગબ્રાહ્મણ વૈદ્યોને કહે છે, તે તે બંને વૈદ્યોએ રોગબ્રાહ્મણના સ્વજનોને તે બીના જણાવી દિધી અને તેઓએ રાજાને જણાવી. તેથી સ્વજન અને રાજાદિક સમુદાય ભેગો થયો અને અને તે રોગદ્વિજને શાસ્ત્રસંબંધી વાર્તાલાપે કરી રોગનો ઉપાય કરવામાં પ્રવૃત્તિ કરાવવા લાગ્યો. તે આ પ્રમાણે છેઃ—

" शरीरं धर्मसंयुक्तं रक्षणीयं प्रयत्नतः ।
शरीराच्च्रवते धर्मः, पर्वतात्सलिलं यथा ॥ १५ ॥ "

શબ્દાર્થઃ—" ધર્મ સહિત શરીરનું પ્રયત્નથી રક્ષણ કરવું જોઇએ. કારણકે જો શરીરનું રક્ષણ કરવામાં ન આવે તો જેમ પર્વત ઉપરથી જળ ખરી જાય છે તેમ શરીરમાંથી ધર્મ ખરી જશે. ॥ ૧૫ ॥ ખરેખર શરીર ધર્મસાધનનું એક મુખ્ય કારણ ગણાય છે. વળી કહ્યું છે કે—

" यस्मिन् सर्वजनीनपीनमहिमा धर्मः प्रतिष्ठाङ्गतो—
यस्मिंश्चिन्तितवस्तुसिद्धिसुखदः सोऽर्थः समर्थः स्थितः ।
यस्मिन्काममहोदयो शमरसीकाराज्जिरामोदयो
सोऽयं सर्वगुणाश्रयो विजयते पिण्डः करण्डो धियाम् ॥ १६ ॥ "

શબ્દાર્થ:—" જે શરીરમાં સર્વ જનોને હિતકારી અને પુષ્ટ મહિમાવાળો ધર્મ પ્રતિષ્ઠાને પામ્યો છે, જે શરીરમાં મનવાંચ્છિત વસ્તુની સિદ્ધિના સુખને આપનાર અર્થ સમર્થપણે રહેલો છે, અને જે શરીરમાં શમરસ અને આકૃતિથી સૌંદર્યતાના ઉદયવાળા કામ અને મોક્ષ રહેલા છે તેવા સર્વ ગુણોનું સ્થાન રૂપ અને બુધ્ધિઓના કરંડીઆ રૂપ શરીર વિજય પામે છે. ॥ ૧૬ ॥ "

એવી રીતે રાજા વિગેરેએ રોગબ્રાહ્મણને કહેવામાં આવ્યું તો પણ તે ધર્મમાં દૃઢ હોવાથી શરીર વિગેરેની અભિલાષાને ત્યાગ કરી, મોક્ષના સુખનોજ અભિલાષી થયો. કહ્યું છે કે:—

" जं अज्जसुहं जविणो, संजरणीयं तवं जवेकल्लं ।
मग्गंति निरुवसग्गं, अवयग्गसुहं बुहा तेण ॥ १७ ॥ "

શબ્દાર્થ—" ભવ્ય જીવોને જે સુખ આજ છે, તે સુખ આવતી કાલે યાદ કરવા લાયક થાય છે. તે કારણથી પંડિત પુરૂષો ઉપદ્રવ રહિત મોક્ષસુખની ગવેષણા કરે છે. ॥ ૧૭ ॥ "

ભાવાર્થ:—' जं अज्जसुहं जविणो '—જે સુખ ભવ્ય પ્રાણીને આજ હોય છે તે સુખ આવતી કાલે માત્ર સંભારવા રૂપજ થાય છે. એટલે કે સુખનો અનુભવ કિંચિત્ માત્ર આત્માને જે ક્ષણે થાય છે તેની બીજી ક્ષણે તે અનુભવ નષ્ટ થાય છે. પછીથી માત્ર સ્મૃતિનો વિષય રહે છે. જગતમાં સુખ કહેવામાં આવે છે તે વસ્તુને લઇને નથી પણ મનની માન્યતાને લઇને છે. જો વસ્તુને લઈને સુખ હોત તો તે ચિરસ્થાઇ ગણાત. કારણ કે વસ્તુની અમુક સ્થિતિ હોય છે, તેટલી સ્થિતિસુધી સુખ કાયમ રહેવું જોઇએ, પરંતુ તેમ દેખાતું નથી. જ્યારે દેશાંતરથી ઘણે કાળે પુત્રાદિકનું આગમન થાય છે ત્યારે જે આનંદ થાય છે તે આનંદ ત્યારપછીના સમયમાં રહેતો નથી જુઓ ? પુત્રરૂપ હર્ષનું કારણ વિદ્યમાન છતાં આનંદમાં ફેર પડી જાય છે. એટલે કે આવી માન્યતાવાળા સુખોમાં મોહ પામવા જેવું નથી. કારણ કે માન્યતાવાળા સુખમાં સાંસારિક ઉપાધીને લઇને તે સુખ દુઃખરૂપ થઇ જાય છે. માટે તત્ત્વાદિકના જાણ એવા પંડિત પુરૂષો હમેશાં અવ્યાબાધ અક્ષય એવા મોક્ષ સુખની ઇચ્છા રાખે છે. મોક્ષનું સુખ અવર્ણનીય છે, વચનાતીત છે, આત્માના શુદ્ધ સ્વભાવરૂપ છે, એમ અનુભવ થાય છે. જ્યારે વિભાવને મુકીને એક ક્ષણવાર પણ આત્મામાં રમણતા થાય છે, ત્યારે તે જીવનમુક્ત દશાનું સુખ અહીંયાં પણ અનુભવાય છે. માટે વિભાવ એટલે પુદ્ગલ (વિષય) જન્યસુખ તેવા સુખની કોઇ પણ પ્રકારે ઇચ્છા દૂર કરી કર્મથી આચ્છાદિત થએલા આત્માના ગુણોને પ્રગટ કરવા માટે

શાસ્ત્રોક્ત રીતિએ હમેશાં લક્ષ આપવું.

તે પછી રોગ બ્રાહ્મણે શરીર અને અર્થની પીડાનું વૃત્તાંત કહ્યું કે—

" **आपदर्थे धनं रक्षेद्दारान् रक्षेद्धनैरपि ।**
आत्मानं सततं रक्षेदारैरपि धनैरपि " ॥ १ ॥

શબ્દાર્થ—" આપત્તિને માટે ધનનું, ધનથી સ્ત્રીઓનું અને ધન તથા સ્ત્રીઓથી આત્માનું નિરંતર રક્ષણ કરવું. ॥ ૧૮ ॥ "

ભાવાર્થ—' **आपदर्थे धनं रक्षेत्** ' ધર્મની સહાયથી જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે, ત્યારે માણસ ધર્મ અને પોતાના કર્ત્તવ્યને ભુલી જાય છે, અને વિચાર કરે છે કે આવીજ રીતે ધનની પ્રાપ્તિ હમેશાં થયાં કરશે એમ કલ્પના કરી પ્રાપ્ત થયેલા ધનનો આંખ મીચીને વ્યય કરે છે. વખતે લોભને લઇને પ્રાપ્ત થએલું સઘળું ધન વ્યાપારમાં રોકી દે છે, તેનું પરિણામ એ આવે છે કે, પોતાનું મેળવેલું પણ ધન જતું રહે છે, અને પોતે આપત્તિમાં આવી પડે છે; તેથી આપત્તિના બચાવ માટે ધન કેવી રીતે વધારવું તથા તેની વ્યવસ્થા કેવી રીતે કરવી વિગેરે આ શાસ્ત્રકારે પોતેજ આગળ જણાવ્યું છે. અત્રે એટલુંજ કહેવું બસ થશે કે–ભવિષ્યકાલની આપત્તિનો વિચાર કરી તેને માટે આવકમાંથી અમુક હિસ્સો અવશ્ય બચાવી રાખવો જોઇએ.

' **दारान् रक्षेच्च धनैरपि** ' જો સ્ત્રી ઉપર આપત્તિ આવે તો તે વખતે ધનનો વ્યય કરી સ્ત્રીનું રક્ષણ કરવું જોઇએ. આ સંબંધમાં હાલમાં કેટલેક ઠેકાણે ગેરસમજને લઇને ઉલટો પ્રચાર ચાલે છે. એટલે કે જેઓને સરલતાથી કન્યા મળી શકે છે, તેઓ પોતાની સ્ત્રી રોગાદિકથી પીડાતી હોય, તોપણ જેવી જોઇએ તેવી સારવાર કરવામાં શિથીલ બની ધન વ્યય કરવામાં કંજુસાઇ કરે છે, અને તેથી પોતાના પતિ તરફની બેદરકારી જોઇ રોગ ગ્રસ્ત સ્ત્રી હમેશાં ચિંતાતુર બની જાય છે, અને તેની સમાધી નાશ પામે છે; તેથી તેનો આ ભવ શ્વસુર પક્ષનો અનાદર જોઇ બેદરૂપ થાય છે, તેથી તેનું સમાધીથી મરણ થતું નથી પરભવ પણ પ્રાયે બગડે છે. તો દરેક રીતે સ્ત્રી ઉપર આવી પડતી આપત્તિનું નિવારણ કરવા ધન વ્યય ઉપર લક્ષ નહીં આપતાં બુદ્ધિમાન્ પુરૂષોએ તેના આત્માને શાન્તિ મળે તેવા ઉપાયો યોજવા જોઇએ.

' **आत्मानं सततं रक्षेत्** ' આત્માનું અહિત ન થાય તેની હમેશાં કાળજી

રાખવી એટલે કે સ્ત્રીનો તથા ધનનો પ્રતિબંધ નહીં રાખતાં એકાંતે આત્માનું હિત થાય તેવી પ્રવૃત્તિ કરવા ઉદ્યુક્ત થવું. આત્માનું રક્ષણ થવાથી ધન અને સ્ત્રીનું તો રક્ષણ પોતાની મેળેજ થશે. કારણ કે ધન અને સ્ત્રી મળવી એ પુણ્યાધિન છે, અને પુણ્ય કરવું તે આત્માને આધીન છે, તો જે આત્માથી સ્વર્ગ અને મોક્ષ બન્ને સાધી શકાય છે, તે આત્માનું અહિત ધન અને સ્ત્રી માટે થવા દેવું યોગ્ય નથી. સ્ત્રીના વિયોગથી અથવા ધનનો એકદમ નાશ થવાથી જાણે પોતે તે રૂપજ હોય નહીં! એમ ધારી સ્ત્રી અને ધનની પાછળ આત્મહત્યા કરવા ચુકતા નથી, આ અજ્ઞાનનું કારણ છે. આત્મા પોતેજ સ્ત્રી અને ધનાદિક મેળવી શકે છે, તો તેનું અહિત આવા કારણે થવા દેવું એ બુદ્ધિમાન પુરૂષોનું કામ નથી, માટે ધન અને સ્ત્રીના ત્યાગપૂર્વક પણ સંયમાદિક ગ્રહણ કરી આત્માની ઉન્નતિ કરવી યોગ્ય છે, તેમ સર્વથા ન બને તો દેશવિરતીપણું લઈને પણ અમુક અંશે સ્ત્રી ધનાદિકના ઉપરનો મોહ ઓછો કરી આત્માનું રક્ષણ કરવા પ્રવૃત્તિ કરવી ઉચિત છે.

વળી ધર્મી પુરૂષોને શરીર ધન તુલ્ય છે, અને આત્મા શરીર તુલ્ય છે, એવી રીતે થએ છતે શરીરની પીડાની ઉપેક્ષા કરી આત્માની રક્ષા કરવી જોઇએ. ઇત્યાદિ આ પ્રમાણે તે રોગ બ્રાહ્મણનું પોતાની પ્રતિજ્ઞામાં નિશ્ચળપણું જાણવામાં આવવાથી તે બન્ને દેવોને મહાન હર્ષ થયો. અહો! આ બ્રાહ્મણ સાત્વિક પુરૂષોમાં શિરોમણી છે, અને શક્રેંદ્રે તેની સાચી પ્રશંસા કરી છે, એવો વિચાર કરી તે પછી તે બન્ને દેવોએ પોતાનું સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું અને શક્રેંદ્રે કરેલી પ્રશંસા વિગેરે વૃત્તાંત લોકમાં પ્રસિદ્ધ કર્યો, તથા દેવોએ તેના સર્વ રોગનું હરણ કર્યું અને રત્નોથી તેનું ઘર ભરી દીધું. પછી સર્વ ઠેકાણે તે બ્રાહ્મણનું આરોગ્ય દ્વિજ એવું નામ રૂઢિમાં આવ્યું, અને તે સંપૂર્ણ પુરૂષાર્થ (ધર્મ, અર્થ અને કામ)ને સાધવાવાળો થયો, અને દેવોએ પોતાના સ્થાન તરફ ગમન કર્યું. એવી રીતે નિંદિત કર્મનો ત્યાગ કરતાં બીજા મનુષ્યોને ધર્મમાં સ્થિરતા થાય છે, અને પોતાના આત્માનું સંસારથી તારવું કીર્ત્તિ, પ્રતિષ્ઠા વિગેરે ગુણો પ્રાપ્ત થાય છે, તથા નિંદિત કર્મના ત્યાગથી અનિંદિત કર્મ પણ તેટલું જ કરવું જોઇએ કે જેથી અંતે સુખી થવાય. કહ્યું છે કે—

" मासैरष्टभिरह्वा च, पूर्वेण वयसायुषा ।
तन्नरेण विधातव्यं, यस्यान्ते सुखमेधते ॥ १९ ॥
दिवसेनैव तत्कार्यं, येन रात्रौ सुखीभवेत् ।
तत्कार्यमष्टभिर्मासैर्वर्षासु स्यात् सुखीयः ". ॥ २० ॥

पूर्वे वयसि तत्कार्यं, येन वृद्धः सुखीभवेत् ।
सर्ववयसा च तकार्यं येन प्रेत्य सुखीभवेत् " ॥ ३१ ॥

શબ્દાર્થ—" આઠ મહીનાએ, એક દિવસે, પ્રથમની અવસ્થાએ અને આયુષ્યે કરી મનુષ્યે તેવું કાર્ય કરવું જોઇએ કે આઠ મહીનાની, એક દિવસની, પ્રથમ વયની અને આયુષ્યની અંતે સુખને પામે ॥ ૧૯ ॥ દિવસે તેવું કાર્ય કરવું કે જેથી રાત્રિએ સુખી થવાય આઠ મહીનામાં એવું કાર્ય કરવું કે વર્ષા ઋતુમાં સુખી થવાય ॥ ૨૦ ॥ પ્રથમ વયમાં એવું કાર્ય કરવું કે જેથી વૃદ્ધાવસ્થામાં સુખી થવાય. સંપૂર્ણ વયથી એવું કાર્ય કરવું કે જેથી પરલોકમાં સુખી થવાય ॥ ૨૧ ॥"

ભાવાર્થ—કાર્ય કરતાં પહેલાં મનુષ્ય માત્રે વિચાર કરવો જોઇએ કે આ કાર્યનું ફળ ભવિષ્યમાં કેવું મળશે. આમ વિચાર કર્યાથી પ્રાયે અકૃત્ય થતાં નથી, વૈર વિરોધ થતો નથી અને જીવને ભવિષ્યમાં શાંતિ મળે છે. વગર વિચારે કાર્ય કરવાથી લાભદાયી કાર્યથી પણ દુઃખ થાય છે. કેમકે એનું પરિણામ ક્યારે અને કેવું આવશે તે અનિશ્ચિત હોય છે, માટે કાર્ય કરતાં પહેલાં વિચાર કરવાનો કે આ કાર્ય પ્રાયે આટલી મુદતમાં પુરૂં થશે. હું તે કરવા સમર્થ છું, દેશકાળાદિ અનુકૂળ છે. આ કાર્યથી મને કાંઇ પણ ઉપાધી થશે નહીં. એમ સમજી કાર્ય કરે તો દિવસના કરેલા કાર્યથી રાત્રિએ ચિંતારહિત હોવાથી નિદ્રા આવવામાં અડચણ નડશે નહીં, તેમજ આઠ માસમાં કરેલા કાર્યથી ચતુર્માસમાં ધર્મસાધન વિગેરે ક્રિયામાં વિઘ્ન આવી પડશે નહીં. એજ પ્રમાણે પ્રથમની અવસ્થામાં એવું કાર્ય કરવું કે જેથી વૃદ્ધાવસ્થામાં ધર્મસાધન કરી શકાય, અને આખી જીંદગી એવી રીતે વ્યતીત કરવી જોઇએ કે જેથી આગામિ ભવમાં સુખપૂર્વક ધર્મની પ્રાપ્તિ થાય. આ હેતુથી જેનું પરિણામ થોડા કાળમાં સમજાય તેવું ન હોય એવાં તથા બીજાની સાથે વિરોધ થાય તેવાં કાર્યો કદિ પણ કરવાં નહીં. હમેશાં ચિન્તા છે તે ચિતા સમાન છે, એવું આજ ગ્રંથમાં કહી આવ્યા છીએ, માટે જે કાર્ય કરવાથી ચિન્તા ઉભી થાય અને હમેશાં ચિત્ત ઉદ્વિગ્ન રહે તેવાં કાર્ય ધર્મી પુરૂષોએ કદિ કરવાં નહીં. જેમાં વસ્તુની આપ લે છેજ નહીં, પણ કેવળ ભાવ ઠંડી ધનની આપ લે કરવામાં આવે છે, એવા સટ્ટા, સરત, જુગાર વિગેરેથી મન ઉપર બરેબરી અસર થાય છે, અને મન હમેશાં ચિન્તાતુર રહે છે, તો આવા વેપારથી જરૂર વિરામ પામવો. વળી બરેબરો વસ્તુની આપ લેનો વેપાર પણ પોતાની શક્તિ ઉપરાંત કરવાથી ચિત્તને અસમાધી રહે છે, અને વખતે નફાને બદલે નુકસાન થઇ જાય છે, તો ગજા ઉપરના વેપાર કરવાથી પણ મનુષ્ય સુખી થતો નથી,

માટે જે કાર્ય દિવસે કરવાથી રાત્રિ સારી રીતે સુખથી વ્યતીત કરી શકાય તથા આઠ માસમાં કરેલા કાર્યથી ચતુર્માસ સારી રીતે નિર્વિઘ્નપૂર્વક થઈ શકે, અને વૃદ્ધાવસ્થા તથા આગામિક ભવ સુધરે એવાં કાર્ય કરવાં જોઇએ.

અગીયારમા ગુણને સમાપ્ત કરતાં ગ્રંથકાર ધર્માધિકારી બતાવે છે.

"देशजातिकुलगर्हितकर्माण्यादरात्परिहरन् गृहमेधी ।
आचरँश्च तदगर्हितमार्यैर्धर्मकर्मणि नवेदधिकारी" ॥१॥

શબ્દાર્થ:—ગૃહસ્થ દેશ, જાતિ અને કુળથી નિંદિત કર્મોનો આદર પૂર્વક ત્યાગ કરતો અને આર્ય લોકોથી અનિંદિત કર્મને આચરણ કરતો ધર્મ કાર્યમાં અધિકારી થાય છે ૧. इति एकादशमो गुणः ॥ समाप्त ॥

દ્વાદશ ગુણ વર્ણન.

હવે આવકના પ્રમાણમાં અર્થ રાખવારૂપ બારમા ગુણનું વિવરણ કરે છે.

તથા પોષ્ય વર્ગનું પોષણ કરવામાં, પોતાના આવા પીવા વિગેરેના ભોગમાં અને દેવ તથા અતિથિના પૂજન વિગેરેના પ્રયોજનથી દ્રવ્યનો અર્થ કરવો તેને વ્યય કહે છે. તથા ખેતી, પશુને પાલણ કરવાની વૃત્તિ, વેપાર અને રાજાની સેવાથી ઉત્પન્ન થએલો દ્રવ્યનો લાભ તેને **આય** કહે છે. તે આવકનો રીતસર અર્થ કરતો ગૃહસ્થ ગૃહસ્થધર્મને યોગ્ય થાય છે, અર્થાત્ જે પુરૂષ આવકના પ્રમાણમાં અર્થ રાખે છે. તે પુરૂષ ગૃહસ્થ ધર્મની સન્મુખ થાય છે. કહ્યું છે કે—

"आओचियदाणे, आओचियभोगे, आओचियनिहिकरेसिया"

ગૃહસ્થ નિરંતર આવકને અનુસાર દાનમાં તથા ભોગમાં અર્થ કરે અને આવકના અનુસાર નિધાનમાં સ્થાપન કરે. અર્થાત્ આવકના ત્રણ ભાગ સરખા કરી દ્રવ્યની વ્યવસ્થા કરે. અને કેટલાએક આવકને ઉચિત અર્થના ચાર વિભાગ કરી વ્યવસ્થા કરવાનું કહે છે. તેમાં નિર્ધન પુરૂષોના અર્થનો વિભાગ આ પ્રમાણે છે.

" पादमायान्निधिं कुर्यात्, पादं वित्ताय शोधयेत् ।
धर्मोपभोगयोः पादं, पादं भर्त्तव्यपोषणे ॥ १ ॥
आयादर्द्धं नियुंजीत, धर्मे यद्वाधिकं ततः ।
शेषेण शेषं कुर्वीत, यत्नतस्तुच्छमैहिकम् ॥ २ ॥

यतः—

चत्वारो धनदायादा, धर्मचौर्याग्निनृनृतः ।
ज्येष्ठेऽपमानिते पुसां, हरन्त्यन्ये बलाद्धनम् " ॥ ३ ॥

શબ્દાર્થ—નિર્ધન પુરૂષ આવકમાંથી ચોથો ભાગ નિધાનમાં સ્થાપન કરે અને ચોથો ભાગ દ્રવ્ય ઉપાર્જન કરવા માટે વેપારમાં રોકે, તેમજ ચોથો ભાગ ધર્મ તથા પોતાના ઉપભોગમાં ખર્ચે અને ચોથો ભાગ પોષ્ય વર્ગના પોષણમાં ખર્ચે ॥ ૧ ॥ ધનવાન પુરૂષોને તો ખર્ચ કરવાનો વિભાગ આ પ્રમાણે છે. ધનવાન પુરૂષ આવકમાંથી અડધો અડધ અથવા તો આવકથી અધિક ધર્મમાં વિનિયોગ કરે (ખરચે) પછી શેષ રહેલા દ્રવ્યથી આ લોક સંબંધી બાકીનાં તુચ્છ કાર્યો યતનાથી કરે ॥ ૨ ॥ વળી કહ્યું છે કે ધર્મ, ચોર, અગ્નિ અને રાજા એ ચાર દ્રવ્યના ભાગીદારો છે. તેઓમાંથી મોટા ભાગીદાર ધર્મનું અપમાન થએ છતે પુરૂષોના ધનને ચોર, અગ્નિ અને રાજા આ ત્રણ ભાગીદારો બલાત્કારે હરણ કરી લે છે. ॥ ૩ ॥

ભાવાર્થ—" पादमायान्निधिं कुर्यात् " દરેક ધર્મીષ્ટ અથવા સુખી થવાની ઇચ્છાવાળા સામાન્ય પુરૂષે પોતાની આવકના ચાર ભાગ કરવા જોઇએ અને તેમાંથી ચતુર્થાશ ધર્મના ઉપભોગમાં વાપરવું, કારણ કે ધન પ્રાપ્તિ હમેશાં ધર્મથી થાય છે. માટે જે ધર્મથી ધનની પ્રાપ્તિ થઇ છે તેવા ધર્મને સર્વથી મુખ્ય ગણી સામાન્ય પક્ષ વાળા પુરૂષે પણ આયતમાંથી ઓછામાં ઓછો ચતુર્થાશ ધર્મ કાર્યમાં વ્યય કરવા ચુકવું નહીં.

આવકનો ચોથો ભાગ વેપારમાં રોકવો તથા ચોથો ભાગ સાચવી રાખવો. અને ચોથા ભાગથી સ્વજન વર્ગનું પોષણ કરવું આવી રીતે જો વર્ત્તન કરવામાં આવે તો ચિત્તની સમાધીનો ભંગ થવાનો પ્રસંગ કોઇ પણ વખતે ઘણું કરીને આવતો નથી. અને વ્યવહાર સારી રીતે ચલાવી શકાય છે. કેટલીએક વખત આવકનો વિચાર કર્યા શિવાય ખરચ કરવામાં આવે છે, અને તેથી થએલી દ્રવ્યની હાનીવડે સારાં કુટુંબો પણ છિન્ન ભિન્ન થએલાં જોઇએ છીએ. સામાન્ય લોકો આવકના પ્રમાણથી અધિક ખરચ કરે, અને તેથી તેમની અવસ્થા શોચનીય થાય તેમાં કાંઇ નવાઈ નથી. રાજાઓ પણ પોતાના રાજ્યની આવક ઉપર ધ્યાન આપ્યા શિવાય પોતાની કીર્ત્તિ જાહેરમાં લાવવા પોતાના ગજા ઉપરાંત દાનાદિકમાં લક્ષ્મીનો વ્યય કરી પોતાનાં રાજ્યને ગુમાવી દે છે, એમ ઘણાં ઉદાહરણો શાસ્ત્ર દૃષ્ટિથી તથા ઇતિહાસિક નજરે જોતાં માલમ પડે છે, માટે આવકને અનુસારે ખરચ કરવામાં ઉપર જણાવ્યા પ્રમાણે પ્રવર્ત્તિ કરવી.

ઉપર જણાવેલી બીનાતો સામાન્ય ધન વાલા માટે બતાવીછે પણ જેની પાસે વિશેષ સમૃદ્ધિ હોય અને આવકનું સારૂં સાધન હોય તેને તો આવકમાંથી અડધો અડધ ધન ધર્મમાં વ્યય કરવું જોઇએ. કારણકે ભવિષ્યની આપત્તિના બચાવમાટે

જેની પાસે જોઇએ તેટલું ધન છે, અને આવક પણ સારી છે તેથી ભવિષ્યની આપત્તિનો સંભવ ઘણે ભાગે થોડો રહે છે તેવા પુરૂષે આ ભવની પેઠે આવતો ભવ પણ સુખરૂપ થાય તેને માટે આવકમાંથી અડધો અડધ ધન દર વર્ષે હીસાબ કરી ધર્મ કાર્યમાં ખરચવું જોઇએ તેથી પણ કોઇ અવસરે અધિક ખરચ કરે તો પણ તેને અડચણ આવી પડતી નથી. બાકી આલોકનાં કાર્યો છે તેને અવશેષ રહેલા ધનથી યત્ન પૂર્વક કરવાં, વળી કહ્યું છે કે—દુનીયામાં વગર કરે ધનના ચાર ભાગીદાર થઇ જાયછે. અને તેમાં જો મુખ્ય ભાગીદાર જે ધર્મ છે, તેના ઉપર દુર્લક્ષ કરવામાં આવેતો બાકી રહેલા જે ત્રણ ભાગીદારો રાજા, ચોર અને અગ્નિ એ પ્રાયે ધનવાનની ઇચ્છા વિના પણ તે ધનનો બલાત્કારથી પણ નાશ કરે છે, માટે ધનવાન પુરૂષોએ ધર્મ ઉપર વધારે લક્ષ આપી તેમાં ધન ખરચવા પ્રયાસ કરવો જોઇએ.

જો આવકના પ્રમાણમાં ખરચ કરવામાં ન આવે તો તેને કૃપણતા રૂપ પદવીની પ્રાપ્તિ થાય છે, અને કૃપણો તો હમેશ પોષણ કરવા લાયક પોતાના આત્માને ઠગી દ્રવ્યનેજ ભેગું કરે છે; પરંતુ તે દ્રવ્યથી ધર્મને ઉપાર્જન કરતો નથી તેજ કારણથી કહ્યું છે કે—

" नेह लोके नान्यलोके, न धर्मे नार्थकामयोः ।
नोपकारे नापकारे, कदर्य उपतिष्ठते " ॥४॥

શબ્દાર્થ—" કૃપણ પુરૂષ આલોકના, પરલોકના, ધર્મના, અર્થ તથા કામના, ઉપકારના કાર્યમાં ઉભો રહેતો નથી. " ॥ ૪ ॥

ભાવાર્થ—આ સંબંધમાં સોપારા નિવાસી એક કોડાકોડી સુવર્ણના માલિક એક કૃપણ શ્રેષ્ઠીનું ઉદાહરણ છે તે આ પ્રમાણે છે—

ઉજ્જયિની નગરીમાં વિક્રમ રાજા રાજ્ય કરતો હતો. એક વખતે રાજસભામાં નટોએ અપૂર્વ નાટક કર્યું,તે વખતે રાજસભામાં બેઠેલા એક ગોવાળીઆએ નટોને એક બીજોરૂં ભેટ આપ્યું. તે અવસરે નટોએ કહ્યું કે,—" એક ગણું દાન અને સહસ્ર ગણું પુણ્ય." આ વાક્ય શ્રવણ કરી રાજાએ પુછયું કે આ કેમ સંભવે ? ત્યારે નટોએ કહ્યું કે—સોપારક નગરમાં કૃપણના ઘરે જઈને જુવો. પછી કૌતુક જોવાની ઇચ્છાવાળો રાજા સોપારામાં ગયો, ત્યાં લોકો પાસે કૃપણના ઘરની પૃચ્છા કરી. લોકોએ કહ્યું કે, તેના ઘરને વેગળું નાખ તેનું નામ પણ લઇશ નહીં, આજ તને ભોજન મળશે કે નહીં ? તેનો પણ સંશય છે, એમ કહી લોકોએ તેને ત્યાં જતાં અટકાવ્યો તો પણ રાજા તેને ઘેર ગયો, ત્યાં કૃપણને દોરડાં વણવા વિગેરે ખરાબ કામ કરતો જોયો અને

તેની નજીક રહીને રાજાએ તેનું ભોજન તથા આચ્છાદન (કપડાં) પ્રમુખ જોઈ લીધું. પછી સાયંકાળે ઉતારો કરવાની ઇચ્છાવાળો અને માર્ગથી શ્રમિત થયેલો રાજા કદર્ય (કૃપણ) ના ઘરની નજીકમાં દાન દેવાની શ્રદ્ધાવાળો ખલ્વાટ (તાળીઓ) એવું બીજું નામ છે જેનું એવા ગોવીંદનામના બ્રાહ્મણની ઝુંપડીમાં ગયો, ત્યાં અભ્યાગતની ઇચ્છા રાખનાર ગોવીંદબ્રાહ્મણે રાજાને ઉચિત સ્થાનમાં બેસાડ્યો, અને ગોવીંદ રાજાના થાકને દુર કરવાને અર્થે તેલની યાચના કરવા માટે કદર્યનીપાસે ગયો અને તેલ માગ્યું. પણ તે આપતો નથી ઘણું કહ્યું ત્યારે તેલના પુણ્યનો ચોથો ભાગ માગી લઇ એક કર્ષનો ચોથો ભાગ (સોળ માસા) ઘણી મુશ્કેલીથી આપ્યું, તે તેલથી રાજાના શરીરે મર્દન કર્યું અને ઉષ્ણ જળથી રાજાને સ્નાન કરાવ્યું, તે પછી આપસ આપસમાં આવવા વિગેરેનું કારણ પુછતાં રાજાએગોવિંદને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. ગોવીંદે પોતાના ઘર આગળ રહેલા વડ વૃક્ષની ઉપર પ્રથમની પરિચયવાળી દેવીને પુછ્યું, એટલે દેવીએ ખરી વાત કહી બતાવી. પછી ગોવિંદે રાજાની આગળ આ પ્રમાણે કહ્યું. તને ગોવાળીયાના " એક ગણું દાન અને સહસ્ત્ર ગણું પુણ્ય " વચનનો નિશ્ચય નવ મહીનાને અંતે કાંતિ નગરીમાં થશે. વળી આ રાત્રીના પાછલા પોહોરે મ્હારૂં સર્પના દંશથી મૃત્યુ થશે અને અતિસારના વ્યાધિથી કદર્યનું પણ મૃત્યુ થશે. આ વાતનો નિર્ણય કરી તમારે કાંતિ નગરીમાં આવવું પ્રભાતે તેજ પ્રમાણે બનાવ બન્યો તેથી ગોવીંદની કહેલી વાત ઉપર પ્રતિતિવાળો રાજા પણ કોઇ એક વનની અંદર જતાં તેના રૂપથી પરાધીન થયેલી કોઇ વ્યંતરીથી સેવા કરાએલા રાજાએ નવ મહીના પૂર્ણ કર્યા પછી કાંતિ નગરી તરફ જવાની ઇચ્છાવાળા તે રાજાને દેવીએ ઉપાડીને કાંતિનગરી પાસે મુકી દીધો, ત્યાં કાંતિ નગરીના દરવાજામાં પ્રવેશ કરતાં કોઇ દરિદ્ર સ્ત્રી પોતાની બાલિકાનો ત્યાગ કરતી જોવામાં આવી. રાજાએ પુછયું આ શું ? તે સ્ત્રીએ કહ્યું કે પ્રથમ પણ મ્હારે દુર્ભગા એવી સાતકન્યાઓ છે અને આ આઠમી કન્યા થઇ તેનો ત્યાગ કરૂં છું, આ વાત સાંભળી દયાળુ વિક્રમ રાજાએ સવા લાખ રૂપીઆની કિંમતની પોતાની મુદ્રિકા (વીંટી) આપી તે બાલિકાની રક્ષા કરી, પછી રાજા નગરીની અંદર ગયો ત્યાં રાજ માર્ગમાં પડહો વગડાવવામાં આવતો હતો " રાજાને પુત્ર થયો છે તે સ્તનપાન કરતો નથી અને બોલે છે કે તમે મને મિત્ર કરાવો. એ પ્રમાણે પડહને સાંભળી વિક્રમ રાજા પડહાને વગડતાં અટકાવી રાજાના મ્હેલમાં રાજપુત્ર પાસે આવ્યો, તે વખતે વિક્રમ રાજાને જોઇ બાળક બોલ્યો હે મિત્ર વિક્રમ ! પધારો તમારો સંદેહ ટળી ગયો ? ચિત્તમાં ચમત્કાર (આશ્ચર્ય) પામેલો રાજા પણ બોલ્યો હે મિત્ર બાળક ! જે કહેવાનું હોય તે તમે કહો, બાળકે કહ્યું કે હું ગોવીંદ બ્રાહ્મણ છું અભ્યાગત થયેલા તમોને તેલ મર્દન કરવાના પુણ્યથી હું કાંતિ નગરીના રાજાનો પુત્ર થયો છું અને તે કદર્ય—

દરિદ્ર સ્ત્રીની પુત્રીપણે થએલો છે. તેણે તેલના ચોથા ભાગનું પુણ્ય માંગી લેવાથી અને તમારૂં તેને દર્શન થવાથી તમે તેને સવાલાખ રૂપીયાની કિંમતની મુદ્રિકા અર્પણ કરી તેથી તેણીને જીવિત પ્રાપ્ત થયું. આ કારણથી "એક ગણું દાન અને સહસ્ત્ર ગણું પુણ્ય" એ વાક્યનો નિશ્ચય થયો પછી તે બાળકને આલિંગન કરી હર્ષિત થએલો રાજા પોતાના નગર તરફ ચાલી નિકળ્યો.

એવી રીતે શ્રાવકને અનુસરી ખરચ નહીં કરનાર મનુષ્યને લોકમાં શોભા, કીર્ત્તિ અને ધર્મની પ્રાપ્તિ થતી નથી અને આગામિક કાળમાં પણ કદર્યની પેઠે સારૂં પરિણામ આવતું નથી. કહ્યું છે કે—

"त्यागो गुणो वित्तवतां, वित्तं त्यागवतां गुणः ।
परस्परवियुक्तौ तु, वित्तत्यागौ विडम्बना ॥ ५ ॥"

શબ્દાર્થ—દ્રવ્યવાન પુરૂષોને ત્યાગ (દાન) હોય તો તે ગુણ છે. અને દાન કરવાવાળા પુરૂષોને દ્રવ્ય હોય તો તે ગુણ છે. દ્રવ્ય અને ત્યાગ આ બન્ને આપસ આપસમાં જુદા હોય તો એ બન્નેની વિડંબના થાય છે. ॥ ૫ ॥ (અર્થાત્ ધનાઢ્ય દાતા ન હોય અને દાતા ધનાઢ્ય ન હોય તો વિડંબના શિવાય બીજું શું છે?)

દાતાને દૂરથીજ દેખતાંની સાથે વર્ષાઋતુના મેઘની પેઠે જનસમૂહ ઉજ્જીવિત (આનંદિત) થાય છે. વખતો વખત દાનરૂપ વૃષ્ટિની પ્રવૃત્તિ કરનાર દાતા જેમ મહોટા હાથીની પેઠે નીચ પુરૂષોથી પરાભવ પામતો નથી, તેમજ ઉદાર મનુષ્ય દાનરૂપ અંકુશથી ક્ષણવારમાં હાથીની માફક રાજાઓને વશ કરે છે, જેમ સૂર્યને અંધકારનાં પુદ્ગલો પરાભવ કરી શકતાં નથી, તેમ દાતાને દુર્જન મનુષ્યોનાં વચનો પરાભવ કરી શકતાં નથી. તથા દાતા દેશ અને કાળથી નષ્ટ થયો હોય તો પણ તે વિક્રમાદિત્ય વિગેરેની પેઠે અવિનાશી યશરૂપ શરીરથી જાણે? આગળ સ્ફુરાયમાન ન હોય તેમ પ્રકાશે છે. વધારે કહેવાથી શું? કહ્યું છે કે—

"संपदि विपदि विवादे, धर्मे चार्थे परार्थसङ्घटने ।
देवगुरुकृत्यजाते स्फुरत्युदारः परं लोके ॥ ६ ॥"

શબ્દાર્થ—આ લોકમાં ઉદાર માણસ સંપત્તિમાં, વિપત્તિમાં, વિવાદમાં ધર્મમાં અને અર્થમાં બીજાના અર્થને સાધવામાં તથા દેવ અને ગુરૂ સંબંધી કાર્ય પ્રાપ્ત થતાં સ્ફુરાયમાન થાય છે. ॥ ૬ ॥

આથી શ્રાવકને અનુસાર ખરચ કરનાર થવું જોઈએ. જો શ્રાવકથી અનુચિત ખરચ હોય તો તે ખરચ જેમ રોગ શરીરને કૃશ કરી સંપૂર્ણ કાર્યમાં અશક્ત બનાવી દે છે, તેમ મનુષ્યના વૈભવરૂપ સારને કૃશ કરી પુરૂષને સંપૂર્ણ વ્યવસાયમાં અસમર્થ બનાવી દે છે. કહ્યું છે કે:—

" आयव्ययमनालोच्य, यस्तु वैश्रमणायते ।
अचिरेणैव कालेन, सोऽत्र वै श्रमणायते ॥ ७ ॥ "

શબ્દાર્થ—જે પુરૂષ આવક અને ખરચનો વિચાર કર્યા શિવાય કુબેરભંડારીના જેવી આચરણા કરે છે, તે પુરૂષ થોડાજ વખતમાં ખરેખર આ લોકમાં સાધુ જેવો બની જાય છે. ॥ ૭ ॥

ભાવાર્થ—આવક અને ખરચનો જે પુરૂષો બરોબર વિચાર કરતા નથી તેમને બહુ સહન કરવું પડે છે. કેટલાએક પોતાની આવકના પ્રમાણથી, બીજાની દેખાદેખીથી અને સ્વાર્થીઓની ખોટી પ્રશંસાથી કુલાઇ જઇ ગજા ઉપરાંત દાન દે છે. અથવા ભોગાદિકમાં લક્ષ્મીનો વ્યય કરે છે અને તેથી જ્યારે તેની પાસેથી ધન ઘટી જાય છે, ત્યારે તે પોતે દાન લેવા યોગ્ય થઇ જાય છે. માટે દાનભોગાદિકમાં લક્ષ્મીનો વ્યય કરવો તે આવકનો વિચાર કરી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ફરમાન મુજબ દ્રવ્યના વિભાગ કરી પછી વ્યય કરવો ઉચિત છે. માત્ર ધન ખરચી કીર્ત્તિ સંપાદન કરવાથી કિંવા ભોગ ભોગવવાથી આ મનુષ્યજન્મનું સાર્થક થતું નથી. ધન પુણ્ય પ્રમાણે મળે છે. તો બીજાની ઇર્ષ્યા સ્પર્ધા ન કરતાં પોતાની શકિત અનુસાર દ્રવ્યનો વ્યય કરવો. શકિત અનુસાર વ્યય કરનારને પ્રાયઃ ચિત્તની સમાધી રહેવાથી ધર્મધ્યાનાદિક કરવામાં વિઘ્ન આવતું નથી. આત્માની ઉચ્ચતા એકાંત ગજા ઉપરાંત દ્રવ્ય ખરચ્યા કરતાં સમભાવમાં રહેવાથી વિશેષ થાય છે. તેમજ કર્મક્ષય પણ ધ્યાનાદિક કરવાથી શીઘ્ર થઇ શકે છે. તેથી એકાંત દ્રવ્ય ખરચવાથીજ ધર્મ થાય છે, એમ માનવું અયોગ્ય ગણાશે. જેમકે ત્રિજગત્પૂજ્ય શ્રી તીર્થંકર ભગવાન એક વર્ષ સુધી હમેશાં એક ક્રોડ અને આઠ લાખ સોનૈયાનું દાન કરતા હતા, છતાં પણ તે દાન તેઓશ્રીને સકલ કર્મ ક્ષય કરવામાં તથા સંપૂર્ણ સમાધી મેળવવામાં સાધનભૂત થયું નહીં, પણ કર્મનો સંપૂર્ણ ક્ષય કરવા માટે તથા કેવળજ્ઞાન ઉત્પન્ન કરવા માટે બાર વર્ષ સુધી ઘોર તપસ્યા અને ધ્યાન કરવાં પડ્યાં. કોઇ જીવ ધર્મ કાર્યમાં ધન ખરચવાથી ધન મળશે, એવી આશા રાખી પોતાના ગજા ઉપરાંત અગર આવકના સાધન ઉપરાંત ધન ખરચે છે; તે દુઃખી થાય છે. તેણે ભાવ પૂર્વક ધર્મ કાર્યમાં ખરચેલા ધનનું ફળ કાંઇ જતું નથી. પણ તે ફળ અંતરાય કર્મના ઉદયથી તત્કાળ નહી મળવાથી અને પોતાની પાસેના દ્રવ્યનો વ્યય થઈ જવાથી પ્રાપ્ત થએલા દારિદ્રને લઇને વખતે ધર્મ ઉપરથી પણ આસ્થા ઉઠાવી નાખે છે. માટે શાસ્ત્રકાર મહારાજાએ જે રીતે દ્રવ્યનો વ્યય કરવાની આજ્ઞા ફરમાવી છે તેનું ઉલ્લંઘન કરવું નહીં, અને શાસ્ત્રકારની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર વખતે વૈશ્રમણ (કુબેર) જેવો હોય તોપણ પોતાના ગજા ઉપરાંત ખરચ કરનાર **वै श्रमणायते** એટલે ખરેખર તે સાધુ જેવો થઇ જાય છે.

વળી લક્ષ્મી પુણ્યને અનુસારે પ્રાપ્ત થાય છે. એવો નિશ્ચય કરી કદી આવક થોડી હોય તો પણ ઘરના ખરચમાં સંકોચ કરી પુણ્ય કર્મમાં ખરચ કરવોજ જોઇએ. કારણ થોડો પણ પુણ્ય કર્મમાં ખરચ કરવામાં આવ્યો હોય તો તે કાળે કરી એક ક્રોડ દ્રવ્ય જેટલો થાય. જેમ શ્રી તેજપાલ મંત્રિના ઘર દેરાસરમાં ત્રણ વર્ષના પુણ્ય કાર્યનો ખરચ છત્રીશ હજાર રૂપીયા પ્રમાણ થયો હતો, તે દ્રવ્યથી મંત્રીએ આઉલૂ ગામમાં જિનમંદિર કરાવ્યું હતું.

હવે ગ્રંથકાર બારમા ગુણની સમાપ્તિ કરતાં દ્રવ્યના પ્રમાણમાં વ્યયકરનાર ગૃહસ્થને શું ફળ થાય છે તે બતાવે છે—

एवं गृहस्थों विभवानुरूपं, व्ययं वितन्वन् लभते प्रतिष्ठाम्।
यशांसि पुण्यं सुखसंपदश्च, धर्मार्थकामाभिमतोरुसिद्धम् ॥८॥

શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે વૈભવને અનુસાર ખરચ કરનાર ગૃહસ્થ પ્રતિષ્ઠા, યશ, પુણ્ય, સુખ અને સંપત્તિને મેળવે છે. તથા ધર્મ, અર્થ અને કામને અભિમત મહોટી સિદ્ધિને પણ મેળવે છે. ॥ ૮ ॥ इति द्वादशः गुण समाप्त ॥

ત્રયોદશ ગુણ વર્ણન.

હવે ક્રમથી પ્રાપ્ત થએલ વૈભવને અનુસારે વેષ રાખવારૂપ તેરમા ગુણનું વર્ણન કરે છે.

તથા વેષ એટલે વસ્ત્ર અલંકાર વિગેરે લોગ્ય પદાર્થો. વિત્ત એટલે વૈભવ. ઉપલક્ષણથી, વય, અવસ્થા, દેશ, કાળ, જાતિ, પુરૂષ અને સ્ત્રી વિગેરેનો સંગ્રહ. તદનુસાર એટલે વૈભવના સરખો વેષ ધારણ કરતો ગૃહસ્થ ધર્મનો અધિકારી થાય છે. જો વૈભવ વિગેરેથી અનુચિત વેષ ધારણ કરવામાં આવે તો લોકોમાં ઉપહાસ્યપણાને, તુચ્છપણાને અને આ અન્યાયી છે એવી શંકા વિગેરેના દોષોનું પાત્ર થાય છે. કહ્યું છે કે—

" आत्मवित्तानुमानेन, कालौचित्येन सर्वदा ।
कार्यो वस्त्रादिशृङ्गारो, वयसश्चानुसारतः ॥ १ ॥
अर्थादधिकनेपथ्यो, वेषहीनोऽधिकं धनी ।
अशक्तौ वैरकृत् शक्तैर्महद्भिरुपहस्यते ॥ २ ॥
न धार्यमुत्तमैर्जीर्णं, वस्त्रं च न मलीमसम् ।
विना रक्तोत्पलं रक्तं, पुष्पं च न कदाचन ॥ ३ ॥
आकाङ्क्षन्नात्मनो लक्ष्मीं, वस्त्राणि कुसुमानि च ।
पादत्राणानि वान्येन, विधृतानि न धारयेत् ॥ ४ ॥

શબ્દાર્થ—ગૃસ્થોએ નિરંતર દ્રવ્ય, કાળ અને અવસ્થાને અનુસારે વસ્ત્ર વિ. ગેરેનો શૃંગાર કરવો જોઈએ ॥ ૧ ॥ દ્રવ્યના પ્રમાણથી વધારે સારો વેષ રાખનાર, વિશેષ ધનવાન છતાં ખરાબ વેષ રાખનાર અને નિર્બળ છતાં બળવાનની સાથે વૈર કરનાર એવા પુરૂષોનો મોટા પુરૂષો ઉપહાસ્ય કરે છે ॥ ૨ ॥ તથા ઉત્તમ પુરૂષોએ કદીપણ જીર્ણ અને મલીન વસ્ત્ર ધારણ કરવું નહીં. તેમજ લાલ કમળ શિવાય બીજું લાલ પુષ્પ ધારણ કરવું નહી. ॥ ૩ ॥ જે પુરૂષ પોતાને માટે લક્ષ્મીની ઇચ્છા રાખતો હોય, તે પુરૂષ બીજાએ ધારણ કરેલાં વસ્ત્રો, પુષ્પો અને ઉપાનહ (પગરખાં) ધારણ કરે નહીં ॥ ૪ ॥

અથવા આવકને અનુસાર ખરચ કરનાર અને વૈભવને અનુસાર વેષ ધારણ કરનાર ધર્મનો અધિકારી થાય છે. એમ બીજો પણ અર્થ થાય છે. જે માણસ આવક છતાં કૃપણતાથી ખરચ કરતો નથી અને દ્રવ્ય હોવા છતાં ખરાબ વસ્ત્ર વિગેરેને ધારણ કરનાર થાય છે. તેથી લોકોમાં નિંદિત થએલો તેપુરૂષ ધર્મમાં પણ અધિકારી થતો નથી અને મમ્મણ શેઠની પેઠે કલેશનો ભાગી થાય છે. તથા વૈભવને અનુસાર વેષ કરે છતે પણ વિશેષે કરી દેવની પૂજાના વખતે અને જિન મંદિર તથા ધર્મસ્થાનમાં જવાના વખતે નિરંતર પહેરાતા વેષથી અધિક ઉત્તમોત્તમ વેષ અને અલંકારનો ઉપભોગ કરવો. કહ્યું છે કે—નિર્મળ અને ઉત્તમ વેષ ધારણ કરનાર પુરૂષ મંગળ મૂર્ત્તિ થાય છે. તેથી તેવા પ્રકારના પુરૂષને લક્ષ્મીની વૃદ્ધિ થાય છે. તે આ બે શ્લોકોથી બતાવે છે—

श्रीर्मङ्गल्यात् प्रभवति, प्रागल्भ्याच्च प्रवर्द्धते ।
दाक्ष्यात्तु कुरुते मूलं, सँय्यमात्प्रतितिष्ठति ॥ ५ ॥

शिरः सपुष्पं चरणौ सुपूजितौ, निजाङ्गनासेवनमल्पभोजनम् ।
अनग्नशायित्वमपर्वमैथुनं, चिरप्रनष्टां श्रियमानयन्त्यमी ॥ ६ ॥

શબ્દાર્થ—લક્ષ્મી મંગલ કરવાથી પ્રાપ્ત થાય છે, બુદ્ધિથી વૃદ્ધિ પામે છે, નિપુણતાથી મૂલ કરે છે અને ઇંદ્રિયોના નિગ્રહ વિગેરે નિયમોથી સ્થિર થાય છે. ॥૫॥ પુષ્પ સહિત મસ્તક, સારા પૂજેલા ચરણ, સ્વસ્ત્રી સંતોષ, થોડું ભોજન, વસ્ત્ર સહિત શયન અને પર્વ દિવસમાં મૈથુનનો ત્યાગ આ સર્વે ઘણા કાળથી નષ્ટ થયેલી લક્ષ્મીને પાછી લાવે છે. ॥ ૬ ॥

આ સંબંધમાં કર્ણદેવનું વૃત્તાંત આ પ્રમાણે છે—

કર્ણદેવ રાજાને દેવ પૂજા વખતે અગ્નિથી ધોએલાં ધોતીયાં, ચંદ્રાદિત્ય નામે કુંડળો, પાપ ક્ષયંકર નામે હાર અને શ્રી તિલક નામે બાજુબંધ વિગેરે અલંકાર ધારણ કર્યા શિવાય દેવપૂજનો વિધિ કરવામાં આવતો નહીં.

હવે ગ્રંથકાર મહારાજ ઉપદેશદ્વારા ધર્મને યોગ્ય કોણ હોય તે બતાવી તેરમા ગુણની સમાપ્તિ કરે છે.—

एवं वितन्वन् विभवानुसारिवेषोपचारं रुचिरं विवेकी ।
स्वधर्मशोभोन्नतिकृद् गृहस्थो, विशेषधर्मार्हतया विभाति ॥७॥

શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે જે વિવેકી ગૃહસ્થ મનોહર એવા વૈભવને અનુસાર વેષનો વ્યવહાર કરે છે તે પુરૂષ પોતાના ધર્મની શોભારૂપ ઉન્નતિ કરનાર થાય છે. અને પોતે વિશેષ ધર્મની યોગ્યતાને મેળવી શોભાને પામે છે.॥૭॥

इति त्रयोदशः ॥



चतुर्थदश गुण वर्णन.

ઉપર કમથી પ્રાપ્ત થએલ 'બુદ્ધિના આઠ ગુણો મેળવવારૂપ' ચૌદમા ગુણનું વિવરણ આરંભે છે.

તથા બુદ્ધિના આઠ ગુણો છે. તે જે પુરૂષમાં હોય તે પુરૂષ ધર્મ મેળવવાને અધિકારી થાય છે. તે આઠ ગુણો આ પ્રમાણે છે.

शुश्रुषा १ श्रवणं २ चैव, ग्रहणं ३ धारणं ४ तथा ।
ऊहो ५ ऽपोहो ६ ऽर्थविज्ञानं, ७ तत्वज्ञानं ८ च धीगुणाः ॥१॥

શુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, ઉહા, અપોહા, અર્થજ્ઞાન અને તત્વજ્ઞાન એ બુદ્ધિના આઠગુણો જાણવા. ૧ તેમાં સાંભળવાની ઇચ્છા તેને શુશ્રુષા કહેવાય છે. શુશ્રુષાની ઇચ્છા શિવાય શ્રવણાદિક ગુણોની પ્રાપ્તિ નથી. ૧ શ્રવણ એટલે સિદ્ધાંતાદિકનું સાંભળવું. આ સાંભળવું મ્હોટા ગુણના સંયોગને માટે થાય છે. ૨ તેને માટે કહ્યું છે કે—

क्षाराम्भस्त्यागतो यद्वत्, मधुरोदकयोगतः ।
बीजं प्ररोहमादत्ते, तद्वत्तत्वश्रुतेर्नरः ॥ २ ॥
क्षाराम्भस्तुल्य इह च, भवयोगोऽखिलो मतः ।
मधुरोदकयोगेन, समा तत्त्वश्रुतिः स्मृता ॥ ३ ॥

ખારા જળનો ત્યાગ થવાથી અને મીઠા જળનો સંયોગ મળવાથી જેમ બીજ અંકુરને ધારણ કરે છે તેવી રીતે તત્વનું શ્રવણ કરવાથી પુરૂષ દોષનો ત્યાગ કરી ગુણને ગ્રહણ કરે છે. ૨ અહિં સંસારનો સંપૂર્ણ સંયોગ ખારા જળના સમાન માન્યો છે, અને તત્વનું સાંભળવું તેને મીઠા જળના સમાન કહ્યું છે. ૩ સાંભળવા પૂર્વક

શાસ્ત્રોનું ઉપાદાન કરવું તે ગ્રહણ કહેવાય છે. ૩ ગ્રહણ કરેલાં શાસ્ત્રોને સ્મૃતિમાં રાખવાં તેને ધારણા કહે છે. ૪ જાણેલા પદાર્થનું અવલંબન કરી તેવા પ્રકારના બીજા પદાર્થોમાં વ્યાપ્તિ વિગેરેનો વિતર્ક કરવો તેને ઉહા કહે છે. ૫ અનુમાન અને ઉકિત (કથન) વડે વિરૂદ્ધ એવા હિંસાદિક પદાર્થથી પાપ લાગે છે. એમ જાણવાથી પાછા હઠવું તેને અપોહ કહે છે. ૬ અથવા સામાન્ય જ્ઞાનને ઉહ કહે છે અને વિશેષ જ્ઞાનને અપોહ કહે છે. ઉહાપોહના યોગથી અજ્ઞાન, સંશય અને વિપરીતતાનો ત્યાગ કરવાથી જે જ્ઞાન થાય તેને અર્થ વિજ્ઞાન કહે છે. ૭ ઉહાપોહા અને અર્થ વિજ્ઞાનથી વિશુદ્ધ (નિર્મળ) એટલે આ પ્રમાણે જ છે. એવો નિશ્ચય તેને તત્વજ્ઞાન કહે છે. ૮આ બુદ્ધિના આઠ ગુણો યથા સંભવ જાણવા. આ શુશ્રુષા વિગેરેથી બુદ્ધિના ઉત્કર્ષવાળો પુરૂષ નિરંતર વિચાર પૂર્વક પ્રવૃત્તિ કરનાર હોય તો કદિપણ અકલ્યાણને પ્રાપ્ત થતો નથી. પરંતુ સંપૂર્ણ ધર્મ અને વ્યવહારના પરમાર્થના વિચાર કરવામાં તત્પર થાય છે. કહ્યું છે કે—

बुद्धिजुओ आलोयइ, धम्मठाणं जवाहि परिसुद्धं ।
जोगत्तमप्पणोच्चिय. अणुबंधं चेव जत्तेणं ॥ ४ ॥

બુદ્ધિમાન્ પુરૂષ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ ઉપાધિથી નિર્મળ એવા ધર્મસ્થાનનો તથા પોતાના યોગ્યપણાનો અને ઉત્તરોત્તર ફળરૂપ અનુબંધનો પણ મ્હોટા પ્રયત્નથી વિચાર કરે છે. ૪ ઉપરની ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે.

બુદ્ધિના ઉપલક્ષણથી બુદ્ધિના ગુણવાળો પુરૂષ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એવાં વિશેષણોરૂપ ઉપાધિથી દોષરહિત એવા ધર્મસ્થાનની તેમજ પોતાના આત્માની યોગ્યતાનો પણ વિચાર કરે. એકલા ધર્મસ્થાનનીજ આલોચના કરે છે એમ નહી એ अपि શબ્દનો અર્થ છે. જેમ કે કયા ધર્મસ્થાનને હું યોગ્ય છું. તેને માટે કહ્યું છે કે:—

कः कालः कानि मित्राणि, को देशः कौ व्ययागमौ ।
कश्चाहं का च मे शक्ति, रिति चिन्त्यं मुहुर्मुहुः ॥ ५ ॥

કયો કાળ વર્ત્તે છે ? કોણ મિત્રો છે ? કયો દેશ છે ? ખર્ચ અને આવક કયાં છે ? હું કોણ છું ? અને મ્હારી શકિત શી છે ? એવી રીતે વારંવાર ચિંતવવું ૫ તેવીજ રીતે ઉત્તરોત્તર ફળરૂપ અનુબંધ (ફળસાધન) નો મ્હોટા પ્રયત્નથી વિચાર કરે છે. અહિં ક્રિયાપદનો છેલ્લા પદની સાથે સંબંધ કર્યો છે. વળી કહ્યું છે કે--

बुज्झइय जहाविसयं, सव्वं धम्मंति एत्थुदाहरणं ।
वेदज्जयणपरिच्चा, बटुकदुगं जागघायंमि ॥ ६ ॥

બોધ કરવાને ઇચ્છેલ એવા સર્વ ધર્માદિક વસ્તુનો બોધ થાય છે. તે બોધ જાણવાને અર્હીંયા વેદાભ્યાસની પરીક્ષામાંના બે છાત્રોનું બકરાને મારવા વિષે ઉદાહરણ છે. ઉપલી ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે.--બોધ કરવાને ઇચ્છેલ એવા સર્વ ધર્માદિક વસ્તુનો, વિપરીત વિગેરે દોષના ત્યાગપૂર્વક બોધ થાય છે. સમ્યક્ અને તેનાથી વિપરિત અસમ્યક્ બોધને વિષે વેદાભ્યાસની પરીક્ષામાંના નારદ અને પર્વત નામના બે છાત્રોનું ઉદાહરણ છે. તે આ પ્રમાણેઃ—

શુક્તિમતી નામે નગરીમાં ક્ષીરકદંબક નામના ઉપાધ્યાય પાસે વસુ, પર્વત અને નારદ આ ત્રણ છાત્રો વેદોનો અભ્યાસ કરતા હતા. એક વખતે બે જૈન મુનિઓ ભિક્ષા લેવા માટે ક્ષીરકદંબક ઉપાધ્યાયના ઘરે આવ્યા. ત્યાં અભ્યાસ કરતા છાત્રોને જોઈ તે બે મુનિઓમાંથી એક જ્ઞાની મુનિએ બીજા મુનિ પ્રત્યે કહ્યું કે, આ ત્રણ વિદ્યાર્થિઓમાંથી વસુ છે, તે રાજા થશે અને આ બે બ્રાહ્મણ છાત્રોમાંથી એક નરકમાં અને બીજો સ્વર્ગે જશે. એવી મુનિની આ વાર્તાને કોઇ ઠેકાણે પટાંતર રહેલા ઉપાધ્યાયે સાંભળી લીધી. પછી ચિંતાયુકત એવા ક્ષીરકદંબક ઉપાધ્યાયે તે છાત્રોની પરીક્ષા કરવાનો પ્રારંભ કર્યો. કોઇક વખતે લાખના રસથી ભરેલું બકરાનું ચામડું બકરાની આકૃતિ જેવું કરી કૃષ્ણપક્ષની આઠમની રાત્રિએ ઉપાધ્યાયે પર્વતને બોલાવીને આપ્યું અને કહ્યું કે આ બકરાને તારે તેવી જગામાં મારી નાંખવો કે જ્યાં કોઇપણ તેને જોઇ શકે નહિં. આમ કરવાથી વેદ સાંભળવાની યોગ્યતા થાય છે. પછી તે બકરાને ઉપાડીને ગુપ્ત પ્રદેશમાં ગયો અને વિચાર વગરના તે પર્વતે તેને મારી નાંખ્યો. તે પછી બકરાના શરીરમાંથી નિકળેલા લાખના રસથી ભિજાએલો પર્વત આ રૂધિર છે, એમ માની સરોવરમાં સ્નાન કરી ગુરૂપાસે આવ્યો અને ગુરૂને આ વૃત્તાંત નિવેદન કરી દીધો. પછી તેના પિતા ક્ષીરકદંબક ઉપાધ્યાયે તેને કહ્યું કે તેં એ બકરાને કેમ માર્યો? કારણ કે સર્વ ઠેકાણે ફરનારા તિર્યગ્જૃંભક દેવતાઓ અને આકાશમાં તારાઓ જુવે છે અને તેને તું પોતે પણ જોતો હતો. ત્યારે તું કેમ કહે છે કે કોઇ ન જુવે તેવી રીતે આ બકરાને મારી નાંખ્યો છે. અહો ? તારી કેવી મૂઢતા છે ? પછી કૃષ્ણપક્ષની ચતુર્દશીના દિવસે પૂર્વોકત વિધિએ નારદને બકરો મારવા વિગેરેનું કહેવામાં આવ્યું. એટલે નારદ પણ ગુરૂના વાકયને બહુમાન કરતો વન અને ભુવન વિગેરે જે જે સ્થાનમાં જાય છે, ત્યાં ત્યાં આ નારદ વનસ્પતિ અને દેવતાઓ જુવે છે; એમ જાણી તેણે વિચાર કર્યો કે કોઇપણ એવું સ્થાન નથી કે કોઇને કોઇ ન દેખી શકે, તેથી ખરેખર આ બકરાને મારવાની ગુરૂની આજ્ઞાજ નથી, એમ ધારી ગુરૂપાસે આવી તેને પોતાના આત્માની સર્વ પરિણતિનું નિવેદન કરી દીધું. પછી ઉપાધ્યાય તેની સારી અને ઉચિત બુદ્ધિથી સંતોષને પ્રાપ્ત થયા અને કહ્યું કેઃ—

उदीरितोऽर्थः पशुनापि गृह्यते, हयाश्चनागाश्चवहन्तिनोदिताः ।
अनुक्तमप्यूहति पण्डितोजनः, परेङ्गितज्ञानफला हि बुद्धयः ।७।

પ્રેરણા કરાએલા અર્થને પશુ પણ ગ્રહણ કરે છે. અર્થાત્ સમજે છે. અને પ્રેરણા કરાએલા અશ્વો તથા હસ્તિઓ ચાલે છે. પરંતુ પંડિત પુરૂષ તો કથન નહી કરાએલા અર્થને પણ વિતર્કથી ગ્રહણ કરે છે. કારણકે બુદ્ધિ તો બીજાના અભિપ્રાયને જણાવનાર શરીરની ચેષ્ટારૂપ ઇંગિત જ્ઞાનના ફળવાળી હોય છે. ।।૭।। પછી ઉપાધ્યાયે નારદને કહ્યું કે આ બીના કોઇને જણાવવી નહીં. તે પછી પર્વતને વેદનું શ્રવણ કરતાં અટકાવ્યો અને નારદ ઉચિત બુદ્ધિવાળો છે, એમ જાણી તેને વેદ સાંભળવાની આજ્ઞા આપી. હવે ગ્રંથકાર મહારાજ ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા જે બુદ્ધિયુકત હોય તે ધર્મને યોગ્ય થાય છે. એમ બતાવે છે—

इच्छं पुमर्थेषु विशुद्धबुद्धि, गुणैः समेतः सुविचारसारम् ।
प्रवर्त्तमानो लभते निजार्थ, सिद्धिं जनो धर्मरसोचितत्वम् ॥८॥
इतिचतुर्दशः

ઉપર જણાવ્યા પ્રમાણે નિર્દોષ એવી બુદ્ધિના ગુણોથી યુકત તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ પુરૂષાર્થને વિષે પ્રવૃત્તિ કરનાર પુરૂષ સારા વિચારના સારભૂત એવી પોતાના અર્થની સિદ્ધિને અને ધર્મરૂપ રસની યોગ્યતાને પ્રાપ્ત કરે છે. ૮

પંદરમા ગુણનું વિવરણ.



શ્રાવકના પાંત્રીશ ગુણ પૈકી ચૌદમા ગુણનું વર્ણન પુરૂં કરી ક્રમ પ્રાપ્ત **"નિરંતર ધર્મને શ્રવણ કરવારૂપ"** પંદરમા ગુણનું વિવરણ કરવાનો પ્રારંભ કરે છે.

તથા હમેશાં ઉન્નતિ અને મોક્ષનાં કારણભૂત એવા ધર્મને શ્રવણ કરતો ગૃહસ્થ શ્રાવકધર્મને યોગ્ય થાય છે. તથા પ્રતિદિન ધર્મ સાંભળવામાં તત્પર રહેનારો પુરૂષ મનના ખેદને દૂર કરવામાં સમર્થ થાય છે. તેને માટે કહ્યું છે કેઃ—

क्लान्तमिहो (अपो) ष्रति खेदं, तसं निर्वाति बुध्यते खेदं (मूढं) स्थिरतामेति व्याकुल, मुपयुक्त सुन्नाषितं चेतः ॥ १ ॥

ભાવાર્થઃ—સારા કથનમાં ઉપયોગવાળું મન શ્રમિત થએલાના ખેદને દૂર કરે છે, પરિતાપ પામેલાને શાંત કરે છે, મૂઢ થએલાને બોધ કરે છે અને આકુલ થએલાને સ્થિર કરે છે. ૧ હમેશાં ધર્મનું શ્રવણ કરવું એ ઉત્તરોત્તર ગુણની પ્રાપ્તિનું સાધન હોવાથી પ્રધાન છે. એકલા આ શ્રવણ ગુણથી બુદ્ધિના ગુણ માંહેલો શ્રવણ ગુણ જુદો છે.

વળી નિરંતર ધર્મ સાંભળવાનો અભાવ થતાં પ્રાપ્ત થએલો પણ ધર્મ મણિકાર શ્રેષ્ઠીની પેઠે ચાલ્યો જાય છે. તે મણિકાર શ્રેષ્ઠીનું ઉદાહરણ આ પ્રમાણે છેઃ—

એક વખતે રાજગૃહિ નગરમાં શ્રી મહાવીર સ્વામી ભગવાન્ પધાર્યા હતા, તે વખતે ત્યાં સૌધર્મ દેવલોકનો રહેવાસી અને ચાર હજાર સામાનિક દેવતાઓથી પરિવરેલો દુર્દુરાંક નામા દેવ સૂર્યાભ દેવની પેઠે ભગવાન્ મહાવીર સ્વામીની આગળ બત્રીશ પ્રકારનાં નાટકો કરી પોતાના સ્થાનપ્રત્યે ચાલ્યો ગયો. તે પછી શ્રી ગૌતમસ્વામીએ ભગવાન્ મહાવીરસ્વામીને પુછયું કે હે ભગવન્? દુર્દુરાંક દેવે આટલી બધી ઋદ્ધિ કયા પુણ્યથી પ્રાપ્ત કરી? આવો પ્રશ્ન થતાં ભગવાન્ મહાવીર સ્વામીએ જવાબ આપ્યો કે, આજ નગરમાં મ્હોટી રુદ્ધિવાળો મણિકાર નામે શ્રેષ્ઠિ રહેતો હતો. તેણે એક વખતે મ્હારા મુખથી ધર્મ શ્રવણ કરી, ધર્મને અંગી-

કાર કર્યો હતો અને તે ધર્મને ઘણા કાળસુધી પાળ્યો; પરંતુ તેવા પ્રકારના ધર્મોપદેશક સાધુ પાસે ધર્મનું શ્રવણ નહી કરવાથી તે મિથ્યા બુદ્ધિવાળો થયો. એક વખતે ગ્રિષ્મ ઋતુમાં તેણે અઠમ કરી ત્રણ દિવસનો પૌષધ કર્યો હતો. ત્રીજા દિવસની રાત્રિમાં તૃષાથી પીડિત થએલો અને આર્ત્તધ્યાનને પ્રાપ્ત થએલો તે શેઠીયો વિચાર કરવા લાગ્યો કે જે પુરૂષો વાપી, કુપ વિગેરેને કરાવે છે, તે પુરૂષોનેજ ધન્ય છે. હું પણ પ્રાતઃકાળે એક વાવડીને કરાવીશ. ઇત્યાદિ ચિંતવન કરી પ્રાતઃકાળે અઠમનું પારણું કરી શ્રેણિક રાજાના આદેશથી વૈભારગિરિની સમીપમાં તેણે એક વાવડી કરાવી અને તેની ચારે દિશાઓમાં ભોજનશાળા, મઠ અને દેવાલય સહિત ઉદ્યાનો કરાવ્યાં. પછી ધર્મનો ત્યાગ કરનારા તે શેઠીયાને સોળ મોટા રોગો ઉત્પન્ન થયા. તેની પીડાથી દુર્ધ્યાન કરી તે મૃત્યુ પામ્યો અને તેજ વાપિકામાં દેડકો થયો. વાપિકાને જોતાંજ તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, તે જાતિસ્મરણ જ્ઞાનથી પોતે ધર્મની વિરાધના કરી હતી તેનું આ ફળ છે એમ તેના જાણવામાં આવતાં તેને વૈરાગ્ય થયો. હવેથી મ્હારે છઠનો તપ કરવો અને તેના પારણામાં વાવડીને કીનારે રહેલું નિર્દોષ લોકોના સ્નાનનું જળ તથા મૃત્તિકાદિકનું ભક્ષણ કરવું; એવો અભિગ્રહ ધારણ કર્યો. આ અરસામાં વાપિકાની અંદર પ્રાપ્ત થએલા લોકો પરસ્પર વાર્ત્તાલાપ કરે છે કે આજે ભગવાન્ મહાવીરસ્વામી પધાર્યા છે. તેમને વંદન કરવા જઇશું એવી જનોક્તિને શ્રવણ કરી તે દેડકો મને વંદન કરવા માટે ત્યાંથી નીકળ્યો. રસ્તામાં ચાલતાં શ્રેણિકરાજાના ઘોડાના ખુરથી ચગદાઈ મરણ પામી, દેવ થયો છે. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં મનુષ્ય થઈ મોક્ષમાં જશે. ઉપર જણાવ્યા પ્રમાણે હે ગૌતમ ? હમેશાં ધર્મનું શ્રવણ નહી કરવાથી ઉત્પન્ન થએલા વિપાકને જાણી, નિરંતર ધર્મનું શ્રવણ કરવામાં તત્પર થવું જોઇએ. કહ્યું છે કેઃ—

परमागम सुस्सूसा, अणराउ धम्मसाहणे परमो ।
जिणगुरु वेयावच्चे, नियमो समत्तलिंगाइं ॥ २ ॥

પરમાગમ એટલે દ્વાદશાંગીરૂપ સિદ્ધાંત તેને સાંભળવાની ઇચ્છા, પરમાગમનું શ્રવણ કર્યા શિવાય સમકિત અને વિવેકાદિકના ગુણનો સમૂહ પ્રાપ્ત થતો નથી. ૧ તથા ધર્મસાધનને વિષે ઉત્કૃષ્ટો અનુરાગ અને જિનેશ્વર ભગવાન્ તેમજ ગુરૂની વૈયાવચ્ચ કરવાનો નિયમ આ ત્રણ સમ્યકત્વ પ્રાપ્તિના લિંગો છે. તેને માટે હરિભદ્રાચાર્ય મહારાજે કહ્યું છે કેઃ—

क्षारान्नस्त्यागतो यद्वत्, मधुरोदकयोगतः
बीजंप्ररोहमादत्ते, तद्वत्तत्वश्रुतेर्नरः ॥ ३ ॥

क्षाराम्नस्तुल्य इह च, नवयोगोऽखिलोमतः ।
मधुरोदक योगेन, समा तत्व श्रुतिः स्मृता ॥ ४ ॥
बोध्याम्नः श्रोतस श्चैष, सिरातुल्या सतां मता ।
अन्नावेऽस्याः श्रुतं व्यर्थ, मसिरावनि कूपवत् ॥ ५ ॥

ખારા જળનો ત્યાગ થવાથી અને મધુર જળનો સંયોગ મળવાથી જેમ બીજ અંકુરને ધારણ કરે છે, તેમ તત્ત્વનું શ્રવણ કરવાથી પુરૂષ મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યક્ત્વને ગ્રહણ કરે છે. ૩ અહિં સંસારનો સંપૂર્ણ સંયોગ ખારા જળની સમાન માન્યો છે અને તત્ત્વનું શ્રવણ કરવું તેને મીઠા જળના સમાન કહ્યું છે. ૪ આ શ્રુતિ બોધરૂપ જળના પ્રવાહની સિરા સમાન છે. તે સત્પુરૂષોને માન્ય છે. તત્ત્વ શ્રુતિના અભાવે સિરા વિનાની પૃથ્વીમાં કુપની પેઠે તે શ્રુતજ્ઞાન નકામું છે. ૫ ઇતિ શુશ્રુષાનું લક્ષણ આ પ્રમાણે છેઃ—

तरुणो सुही वियड्ढो, रागी पिय पण इणी जुओ सोउं।
इच्छइ जह सुरगीयं, तउ हिया समय सुस्सूसा ॥ ६ ॥

યૌવન અવસ્થાવાળો, નિરંતર સુખી, નિપુણ, ષડ્જાદિ રાગોને જાણ અને વ્હાલી પ્રાણપ્રિયાથી યુક્ત એવો કોઇ પણ પુરૂષ જેમ દેવતાના ગીતને શ્રવણ કરવાની ઇચ્છા રાખે છે, તેનાથી પણ અધિક જૈનાગમને શ્રવણ કરનારની ઇચ્છાવાળો હોય. ૬

સુંદર ધર્મરૂપ ગુણના સમૂહમાં અતિશય રમણ કરનારી ચિત્તની વૃત્તિવાળા સુદર્શન શ્રેષ્ઠી આ ઠેકાણે ઉદાહરણમાં મુકવા. તે સુદર્શન શ્રેષ્ઠીનો વૃત્તાંત આ પ્રમાણે છેઃ—

મગધદેશમાં રાજગૃહ નામે પ્રધાન નગર હતું. તે નગરમાં પ્રજાનું પાલન કરવામાં અતિશય ઇચ્છાવાળો શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. જેના શુદ્ધ સમ્યક્ત્વને પાલન કરવાનું ત્રણ જગત્‌ને વિષે બિદ્વાનો બીજાને સમ્યક્ત્વની વૃદ્ધિને માટે દૃષ્ટાંત આપતા હતા. તે નગરમાં અર્જુન નામે એક માળી વસતો હતો. તેને રૂપની સંપત્તિવડે પ્રશંસા કરવા લાયક બંધુમતી નામે ભાર્યા હતી. તે અર્જુન માળી નગરના ઉદ્યાનમાં રહેલા અને પ્રાતીહાર્યયુક્ત મુદ્ગરપાણિ નામે યક્ષનું હમેશાં પુષ્પના સમૂહથી પૂજન કરતો હતો. એક દિવસે તે નગરમાં આણંદના સાગરરૂપ અને ચિત્તના ઉત્સાહવાળા નગરના લોકો કોઇક સારા મહોત્સવનો પ્રારંભ કરે છે. તે પ્રાતઃકાળે મ્હારાં પુષ્પો ઘણાં મોંઘા થશે એવો વિચાર કરી તે અર્જુન માળી પોતાની ભાર્યાની સાથે પુષ્પના બગીચામાં ગયો. ત્યાં પુષ્પના સમૂ-

હથી કરંડીયાને ભરી સાયંકાળે વાસ કરવાની ઇચ્છાથી તે અર્જુન માળી યક્ષના મંદિરમાં આવ્યો. આ વખતે કોઈ દુષ્ટ હૃદયવાળા છ ગોઠીલા પુરૂષોએ વિચાર કર્યો કે આપણે આ માળીને બાંધી તેની ભાર્યાને તેના દેખતાં ઇચ્છા પ્રમાણે ભોગવીએ. એમ વિચાર કરી યક્ષના મંદિરમાં પ્રથમથીજ કોઇ ગુપ્ત પ્રદેશમાં તેઓ સંતાઈ રહ્યા હતા. અર્જુન માળી યક્ષના મંદિરમાં પ્રવેશ કરી ક્ષણ વાર એકચિત્તવાળો થઈ નિઃશંકપણે જેટલામાં યક્ષની પૂજા કરવામાં તત્પર થાય છે તેટલામાં તે છ ગોઠીલા પુરૂષોએ બાહાર નિકળી એકદમ તે માળીને દૃઢ બંધનથી બાંધી લીધો અને તેના દેખતાં તેની ભાર્યા સાથે સ્વેચ્છાથી તેઓ ભોગ ભોગવવા લાગ્યા. તેવા પ્રકારના તે આ કાર્યને જોઇ રોષથી ભયંકર બનેલો અર્જુન માળી મંત્રથી બંધાએલા સર્પની પેઠે પ્રહાર કરવાને અસમર્થ હતો. તેને માટે કહ્યું છે કેઃ—

पितृघातादि दुःखानि, सहन्ते बलिनोऽपि हि ।
प्रिया घर्षणजं दुखं, रङ्कोऽपि न तितिक्षति ॥ ७ ॥

ભાવાર્થ—બલવાન્ પુરૂષો પણ પિતા પ્રમુખના ઘાતના દુઃખને સહન કરે છે, પરતું પોતાની ભાર્યાના પરાભવથી થએલા દુઃખને રંક માણસ પણ સહન કરી શકતો નથી. ૭

પછી તે અર્જુન માળી દુર્વચનોથી યક્ષને આ પ્રમાણે ઉપાલંભ દેવા લાગ્યો કે હે યક્ષ ? ખરેખર તું પાષણનોજ છે, પરંતુ ખરો દેવતા નથી. જો તું ખરો દેવતા હોત તો તહારા દેખતાં આ પાપી અને અધમ ગોઠીઆઓ તહારા મંદિરમાં જે મુખથી પણ ન કહી શકાય તેવું અપકૃત્ય કરે છે, તે કેમ કરી શકે ? હે યક્ષ ? જો તહારો કોઈ પણ જાગ્રત પ્રભાવ--અતિશય હોત તો આ પ્રમાણે તહારા પૂજકની વિડંબના કેમ કરે ? આ પ્રમાણે તેનાં વચન સાંભળી કોપના આટોપથી વિકરાળ થએલો યક્ષ તે માળીના શરીરમાં પ્રવેશ કરી એકદમ કાચા તંતુની પેઠે તેના બંધનને તોડી નાંખી યક્ષે લોઢાના મુદ્ગરને ઉગામી સ્ત્રીની સાથે તે છ ગોઠિઆઓને ચૂર્ણની પેઠે ચૂર્ણ કરી નાંખ્યા. તે દિવસથી લઇને રોષાતુર થએલો તે યક્ષ નગરની બાહાર બીજા છ પુરૂષો અને એક સ્ત્રી મળી એકંદર સાત મનુષ્યને નિરંતર મારી નાંખે છે. તેનો આ વૃત્તાંત પૃથિવીપતિ શ્રેણિક રાજાના જાણવામાં આવ્યાથી નગરના લોકોને પટહોદ્ઘોષણા પૂર્વક આ પ્રમાણે નિવારણ કર્યા કે જ્યાં સુધી અર્જુન માળીએ સાત મનુષ્યોનો વિનાશ ન કર્યો હોય ત્યાં સુધી નગરથી બાહાર કોઇએ નિકળવું નહીં. જે દિવસે તે નગરના ઉદ્યાનમાં પ્રાણીઓને જીવાડવાના વૈભવવાળા શ્રી વર્દ્ધમાનસ્વામી પધાર્યા, તે દિવસે જિનેશ્વરના આગમનને જાણતાં છતાં અર્જુનમાળીના ભયથી તે ઉદ્યાનમાં કોઈ પણ પુરૂષ

ભગવાન્ મહાવીર સ્વામીને વંદન કરવા માટે જવાની ઇચ્છા કરતો નથી. આ તરફ તે નગરમાં અતિ શુદ્ધ સમ્યક્ત્વવાન્ અને નિર્લિભાની સુદર્શન નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે શ્રેષ્ઠી ભગવાન્ મહાવીરસ્વામીના વચનામૃતનું પાન કરવાની ઇચ્છાવાળો હતો, તેથી તે શ્રેષ્ઠીએ પોતાના માતા પિતાને ભગવંતને વંદન કરવા નિમિત્તે જવાની વિજ્ઞપ્તિ કરી; અર્થાત્ ત્યાં જવાની આજ્ઞા માંગી. પછી તેના માતા પિતાએ કહ્યું કે હે વત્સ ? હાલ તે માર્ગમાં જતાં તને અર્જુન માળીએ કરેલો મહાન ઉપસર્ગ થશે. તેથી હે વત્સ ? આજે તું અહિં રહીનેજ જિનનાયકને વંદન કર અને પૂર્વે શ્રવણ કરેલી ભગવાન્ની દેશનાની ભાવના ભાવ. પછી સુદર્શને પોતાના માતા પિતાને કહ્યું કે જગદ્‌ગુરૂ મહાવીરસ્વામી અહિં આવે છતે તેમને વંદન કર્યા શિવાય ભોજન કરવું તે પણ યોગ્ય નથી. મને અર્જુન માળીનો કરેલો ઉપસર્ગ પણ નહીં થાય, કારણ કે જિનેશ્વરનું ધ્યાન કરનારાઓને કદિ પણ વિઘ્નો પ્રાપ્ત થતાં નથી. તેને માટે કહ્યું છે કેઃ—

उपसर्गाः क्षयंयान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।
मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे ॥ ८

सव्वेताह पसत्था, सुमिणा सउणा गहाय नखत्ता ।
तिजयण मंगल निलयं, हियएण जिणं वहं तस्स ॥ ९

જિનેશ્વરની પૂજા કરતાં ઉપસર્ગો નાશ પામે છે. વિઘ્નરૂપ વેલડીઓ છેદાઈ જાય છે. અને મનપ્રસન્નતાને પામે છે. ૮ જે પુરૂષ ત્રણ જગત્નાં મંગળોના સ્થાનરૂપ એવા જિનેશ્વર ભગવાનને પોતાના હૃદયમાં ધારણ કરે છે, તે પુરૂષને સર્વ સ્વપ્નો, શકુનો, ગ્રહો અને નક્ષત્રો પ્રશસ્ત થઈ જાય છે. ૯

આ પ્રમાણે પોતાના માતા પિતાને જૈનાગમનાં વચનો સંભળાવી અને પોતે જૈનાગમને સાંભળવાની ઇચ્છામાં ઉત્સુક હૃદયવાળો તે સુદર્શન શ્રેષ્ઠી જગતનું વાત્સલ્ય કરનાર એવા ભગવાન્ મહાવીર સ્વામીને વંદન કરવા માટે ગયો. જેવામાં તે માર્ગમાં ચાલતો હતો, તેવામાં અર્જુનમાળી પોતે મુદ્ગરને ઉગામી યમરાજાની પેઠે તેના સન્મુખ આવ્યો, તેને તેવી રીતે આવતો જોઈ સુદર્શન શ્રેષ્ઠી જિનેશ્વરના ધ્યાનમાં તત્પર થઇ તેજ ઠેકાણે કાયોત્સર્ગ કરી ઉભો રહ્યો. તે વખતે તે પરમેષ્ઠી મહામંત્રના જાપથી અસહ્યતેજવાળા અને વિસ્તારયુકત ધૈર્યવાળા તે સુદર્શન શ્રેષ્ઠીને પરાભવ કરવાને અસમર્થ થએલો, રોષ રહિત થએલો અને ભય પામેલો યક્ષ પોતાના મુદ્ગરને ગ્રહણ કરી, એક દમ અર્જુન માળીના શરીરનો ત્યાગ કરી પોતાના સ્થાનપ્રત્યે ચાલ્યો ગયો. તેનાથી

મુકત થએલો તે માળી છેદાએલા વૃક્ષની પેઠે ભૂમિ ઉપર પડી ગયો. ક્ષણવારમાં ચૈતન્ય આવ્યું. એટલે પોતાની આગળ ઉભા રહેલા સુદર્શનને જોયો. તે અર્જુનમાળીએ સુદર્શનને પુછયું કે તમે કોણ છો ? અને કયાં જાઓ છો ? ત્યારે સુદર્શન તેના કર્ણને અમૃત જેવી પ્રિય લાગે તેવી વાણી બોલ્યા. હું શ્રમણોપાસક છું અને ભગવાન્ મહાવીરસ્વામીને વંદન કરવા જાઉંછું. હે અર્જુન ? જો તમારી પણ સર્વજ્ઞને નમસ્કાર કરવાની ઇચ્છા હોય તો તમે પણ ચાલો. તે પછી ઉત્સુક થએલા તે બન્ને સમોસરણને વિષે આવ્યા. ત્યાં ભક્તિપૂર્વક જિનેશ્વરને નમસ્કાર કરી ભગવાનની દેશનાને શ્રવણ કરે છે. તે દેશના આ પ્રમાણે છે.

मानुष्यमार्यं विषयः सुकुलप्रसूतिः,
श्रद्धालुता गुरुवचः श्रवणं विवेकः
मोहान्धिते जगति संप्रति सिद्धिसोध
सोपान पङ्क्तिरियं सुकृतोपलभ्याः ॥ १० ॥

अथवा–तिक्कालं जिणवंदनं पइदिणं पूआ जहासत्तिउं ।
सझाउं गुरुवंदनंच विहिणा दाणं तहावस्सयं ।
सत्तीए वयपालणं तह तवो अपुव्वनाणज्जणं ।
एसो सावयपुंगवाणभणिउं धम्मो जिणं दागमे ॥११॥

સાંપ્રતકાળમાં મોહથી અંધ બનેલા આ જગત્ને વિષે મનુષ્યજન્મ, આર્ય દેશ, સારા કુળમાં જન્મ, શ્રદ્ધાલુતા, ગુરૂના વચનનું શ્રવણ અને વિવેક એ પુણ્યથી પ્રાપ્ત થએલી મોક્ષરૂપ પ્રાસાદમાં જવાની પગથીયાંની શ્રેણી છે. ૧૦ ત્રિકાળ જિનવંદન, નિરંતર યથાશક્તિ જિનપૂજા, સ્વાધ્યાય, વિધિપૂર્વક ગુરૂવંદન, દાન, પ્રતિક્રમણ, શક્તિ પ્રમાણે વ્રતનું પાલવું, તપસ્યા અને અપૂર્વ જ્ઞાનનું ઉપાર્જન આ ઉત્તમ શ્રાવકનો ધર્મ જિનેશ્વર ભગવાન્ના આગમને વિષે કહેલો છે. ૧૧

આ પ્રમાણે જિનેશ્વરની હર્ષ પૂર્વક દેશના સાંભળી સુદર્શન શ્રેષ્ઠીએ ભાવપૂર્વક શક્તિ પ્રમાણે અભિગ્રહો ગ્રહણ કર્યા. તે પછી જિનેશ્વરને વંદન કરવાથી પોતાના આત્માને કૃતાર્થ માનતો ધર્મ સાંભળવાની ઇચ્છાના ઉદ્યમથી રંગાએલો સુદર્શન પોતાને ઘરે આવ્યો. અર્જુને પણ અમૃત સમાન ઉજવળ એવી અરિહંતની દેશનાનું પાન કરી, વૈરાગ્યના રંગથી ભગવાન્ શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી. મારે જાવજ્જીવ નિરંતર છઠની તપસ્યા કરવી. આ પ્રમાણે અભિગ્રહને ગ્રહણ કરી પરીષહોને સહન કરતો અને સંલેખના કરવામાં તત્પર એવા અર્જુન માળી

મુનિએ આઠ મહિના સુધી વ્રત પાળ્યું. તે પછી કર્મનો ક્ષય થવાથી સુખના સ્થાન રૂપ મોક્ષને પ્રાપ્ત થયો. સુદર્શનશ્રેષ્ઠી પણ નિર્દોષ અને ઉત્તમ શ્રાવકધર્મને આરાધી-દેવતાનું સુખ મેળવી કર્મનો ક્ષય થવાથી અનુક્રમે મોક્ષમાં જશે.

હવે ગ્રંથકાર મહારાજ પંદરમા ગુણનું વિવરણ પુરૂં કરતાં ઉપદેશદ્વારા ભવ્ય પ્રાણીઓને નિરંતર ધર્મ શ્રવણ કરવાની ભલામણ કરે છે—

इत्यागमश्रवणसादरमानसस्य,
वृत्तं निशम्य वणिजोऽस्य सुदर्शनस्य ।
संसारवारिनिधितारणनौनिभायां,
धर्मश्रुतौ कुरुत भव्यजनाः प्रयत्नम् ॥१२॥

શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે જૈનાગમને શ્રવણ કરવામાં સાદર હૃદય-વાળા આ સુદર્શન વણિકનું વૃત્તાંત શ્રવણ કરી સંસારરૂપ સમુદ્રને તરવામાં નાવ સમાન એવા ધર્મ શ્રવણમાં હે ભવિ પ્રાણીઓ નિરંતર પ્રયત્ન કરો. ॥૧૨॥ ઇતિ આ-ગમની શુશ્રૂષારૂપ સમ્યક્ત્વના લિંગ વિષે સુદર્શન શ્રેષ્ઠિની કથા સમાપ્ત થઇ ॥

षोडशगुणवर्णन.

હવે શ્રાવકના પાંત્રીશ ગુણ પૈકી પંદરમા ગુણનું વિવરણ પુરૂં કરી ક્રમથી પ્રાપ્ત થએલ "અજીર્ણમાં ભોજનનો ત્યાગ કરવારૂપ" સોળમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

તથા અજીર્ણ એટલે પ્રથમ કરેલા ભોજનનું પાચન ન થયું હોય ત્યાં સુધી અથવા પૂર્વભોજન પરિપાકને ન પામ્યું હોય ત્યાં સુધી નવા ભોજનનો ત્યાગ કરવાના સ્વભાવવાળો ગૃહસ્થ શ્રાદ્ધધર્મને યોગ્ય થાય છે. તથા અજીર્ણમાં ભોજન કરવામાં આવે તો સર્વ જાતના રોગોના મૂળરૂપ અજીર્ણની વૃદ્ધિ કરેલીજ કહેવાય છે. કહ્યું છે કેઃ—**अजीर्णपभवा रोगा इति।** સર્વ રોગો અજીર્ણથી ઉત્પન્ન થાય છે. અને તે અજીર્ણ શરીરના ચિન્હોથી જાણી લેવું. તે ચિન્હો આ પ્રમાણે છે—

मलवातयोर्विगन्धो, विड्भेदो गात्रगौरवमरुच्यम् ।
अविशुद्धश्चोद्गारः, षड् जीर्णे व्यक्तलिङ्गानि ॥१॥

શબ્દાર્થ—વિષ્ટા તથા વાયુમાં દુર્ગંધ છુટે, વિષ્ટામાં ફેરફાર થાય, શરીર ભારે થાય, ભોજન ઉપર અરૂચી થાય, અને ખરાબ ઓડકાર આવે એ છ અજીર્ણ થવામાં સ્પષ્ટ ચિન્હો છે. ॥ ૧ ॥

ભાવાર્થ—વળી અજીર્ણમાં ગ્રહણ કરાએલો આહાર મનુષ્યના વાત, પિત્ત કફના દોષને એકદમ પ્રકોપ કરાવે છે. ખરેખર રોગની ઉત્પત્તિ અજીર્ણથી થાય છે અને તે અજીર્ણ રસશેષ, આમ, વિષ્ટાધ્ધ, અને વિપક્વ વિગેરેના ભેદથી ચાર પ્રકારે કહેલું છે. રસશેષ અજીર્ણમાં બગાસાં, આમ અજીર્ણમાં ઓડકાર, વિષ્ટાધ્ધ અજીર્ણમાં અંગભંગ, અને વિપક્વ અજીર્ણથી ધૂમાડાના જેવો ઓડકાર થાય. તથા અજીર્ણના ઉપલક્ષણથી રોગાદિકના ઉદયમાં, સ્વજન, દેવ, અને ગુર્વાદિકના ઉપસર્ગમાં તથા દેવ ગુરૂના વંદનના અભાવમાં વિવેકી પુરૂષોને ભોજન કરવું યુક્ત નથી. તેને માટે કહ્યું છે કેઃ—

देवसाधुपुरस्वामिस्वजनव्यसने सति ।
ग्रहणे च न भोक्तव्यं, सत्यां शक्तौ विवेकिना ॥२॥

तथागमश्च—

अहव न जमिज्ज रोगे, मोहुदये सयणमाइ उस्सग्गे ।
पाणिदयातवहेउं, अंते तणुमायणट्ठं च ॥ ३ ॥

શબ્દાર્થ—દેવ, સાધુ, નગરનાયક, અને સ્વજનોને કષ્ટ પ્રાપ્ત થયે છતે તથા ચંદ્ર સૂર્યાદિકના ગ્રહણમાં વિવેકી પુરૂષે શક્તિ છતાં ભોજન કરવું નહીં. ॥ ૨ ॥

ભાવાર્થ—તેવીજ રીતે આગમમાં પણ કહેલું છે કે—અથવા રોગમાં, મોહોદયમાં સ્વજનાદિકને કષ્ટ થતાં પ્રાણીઓની દયાથી, તપસ્યાના કારણથી અને અંત વખતે શરીરનો ત્યાગ કરવા માટે ભોજન કરવું નહીં. ॥ ૩ ॥ તથા વિશેષ પર્વોમાં શ્રી સંપ્રતિ રાજા અને કુમારપાળ રાજાની પેઠે ભોજનનો ત્યાગ કરવો જોઇએ. હવે ગ્રંથકાર ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ધર્મને યોગ્ય બતાવે છે.

विशेषकारणैरेवमभोजनपरायणः ।
सदारोग्यगुणोल्लासी, धर्मयोग्यो गृही भवेत् ॥ ४ ॥

ઉપર જણાવ્યા પ્રમાણે વિશેષ કારણોથી ભોજનનો ત્યાગ કરવામાં તત્પર અને નિરંતર આરોગ્યતાના ગુણથી ઉલ્લાસ પામેલો પુરૂષ ગૃહસ્થધર્મને યોગ્ય થાયછે.॥૪॥

सप्तदशगुणवर्णन.



વે શ્રાવકના પાંત્રીશ ગુણ પૈકી સોળમા ગુણનું વિવરણ પૂર્ણ કરી ક્રમથી આવેલા "કાળે ભોજન કરવારૂપ" સત્તરમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે—

તથા અન્નાદિકથી ઉપજીવન કરનાર ગૃહસ્થ જ્યારે ખાવાની ઇચ્છા થાય તે કાળે લોલુપતા વિગેરેનો ત્યાગ કરી જઠરાગ્નિના બળ પ્રમાણે હિતકારી અને પ્રમાણોપેત ભોજન કરે. કહ્યું છે કેઃ—

कण्ठनाडीमतिक्रान्तं, सर्वं तदशनं समम् ।
क्षणमात्रसुखस्यार्थे, लौल्यं कुर्वन्ति नो बुधाः ॥१॥
जिह्वे प्रमाणं जानीहि, भोजने वचने तथा ।
अतिभुक्तमतिचोक्तं, प्राणिनां मरणप्रदम् ॥२॥

શબ્દાર્થ—કંઠનાડીનું ઊલંઘન કરી ગયા પછી તે તમામ ખાવાનું સરખું છે; તેથી પંડિત પુરૂષો ક્ષણમાત્રના સુખને અર્થે લોલુપતા કરતા નથી.॥૧॥હે જિવ્હે ! ભોજન કરવામાં તથા વચનો બોલવામાં તું પ્રમાણ રાખજે, કારણ અતિ ભોજન કરેલું અને અતિ બોલાએલું પ્રાણિઓને મરણ આપનારૂં થાય છે. ॥ ૨ ॥

ભાવાર્થ—અધિક કરેલું ભોજન ખરેખર વમન, વિરેચન, અને મરણ વિગેરે કરનાર હોવાથી સારૂં નથી. જે પુરૂષ પ્રમાણોપેત ભોજન કરે છે, તે ઘણું ભોજન કરે છે. ક્ષુધા વગર ખાધેલું અમૃત પણ વિષરૂપ થાય છે તથા ક્ષુધાનો કાળ ઉલંઘન કરવાથી અન્ન ઉપર દ્વેષ થાય છે અને શરીર સીદાય છે. અગ્નિ બુઝી ગયા પછી ઇંધણ શું કરશે ? કહ્યું છે કે—

पानाहारादयो यस्याविरुद्धाः प्रकृतेरपि ।
सुखित्वायावकल्पन्ते, तत्सात्म्यमिति गीयते ॥ ३ ॥

શબ્દાર્થ—જેની પ્રકૃતિને વિરૂદ્ધ એવાં આહાર પાણી વિગેરે જે મુખને માટે કલ્પાય તેને સાત્મ્ય કહે છે. ॥ ૩ ॥

ભાવાર્થઃ—એવા લક્ષણવાળા સાત્મ્યથી જન્મથી માંડીને સાત્મ્ય વડે ભોજન કરેલું વિષ પણ પથ્ય થાય છે. પરંતુ અસાત્મ્ય હોય તોપણ જે પથ્ય હોય તે સેવવું. પરંતુ સાત્મ્યથી પ્રાપ્ત થએલ પણ અપથ્ય હોય તો તે સેવવું નહી. બલવાન્ પુરૂષને બધુંએ પથ્ય છે એમ માની કાળકૂટ વિષ ન ખાવું. વિષ તંત્ર (ઔષધી) ને જાણનારો સુશિક્ષિત હોય તોપણ કદાચિત્ વિષથી જ મરણ પામે છે. એવી રીતે અજીર્ણમાં ભોજનનો ત્યાગ ન કરે અને અસાત્મ્યથી ભોજન કરે છતે પ્રાયે કરી હમેશાં રોગ વિગેરેની ઉત્પત્તિથી આકુલ વ્યાકુલ થનાર અને તેથી નિરંતર આર્ત્તધ્યાનમાં તત્પર રહેનાર પુરૂષને ધર્મની યોગ્યતા કેવી રીતે થાય ? આથી ગૃહસ્થ પુરૂષે યથોકત ગુણવાળા થવું જોઇએ. ભોજન કરવાની વિધિ આ પ્રમાણે છેઃ—

ઉત્તમ પુરૂષોએ પિતાને, માતાને, બાલકોને, સગર્ભાસ્ત્રીને, વૃદ્ધને, અને રોગિઓને પ્રથમ ભોજન આપી પછી પોતે ભોજન કરે, તથા ધર્મનો જાણુ પુરૂષ પોતાનાં રાખેલાં પશુઓની તથા નોકર વિગેરે મનુષ્યોની ચિંતા કરી પોતે ભોજન કરે તેમ કર્યા સિવાય ભોજન કરે નહીં. તથા મૂળમાં काले એવું વાકય છે. તે ઉપરથી અકાળનો ત્યાગ કરવો એમ સૂચવે છે. અતિ પ્રાતઃકાળ, સાયંકાળ અને રાત્રિના લક્ષણવાળો અકાળ કહેવાય છે. તેવા કાળમાં ભોજન કરવું સર્વ શાસ્ત્રમાં નિષિદ્ધ હોવાથી અને મહાન્ દોષ તથા મહાન્ પાપનું કારણ હોવાથી યુકત નથી તેને માટે કહ્યું છે કેઃ—

चत्वारो नरक द्वाराः, प्रथमं रात्रिभोजनम् ।
परस्त्रीगमनं चैव, संधानानन्तकायिके ॥ ५ ॥

શબ્દાર્થઃ—પહેલું રાત્રિભોજન, બીજું પરસ્ત્રીગમન, ત્રીજું બોળ અથાણું અને ચોથું અનંતકાયનું ભક્ષણ એ ચાર નરકમાં પ્રવેશ કરવાનાં દ્વાર છે. ॥ ૪ ॥

હે યુધિષ્ઠર? રાત્રિમાં પાણી પણ પીવું યોગ્ય નથી. તેમાં વિશેષે કરી તપસ્વી અને વિવેકી ગૃહસ્થોને તો બીલકુલ યોગ્ય નથી. જે સારી બુદ્ધિવાળા પુરૂષો હમેશાં રાત્રિમાં આહારનો ત્યાગ કરે છે તે પુરૂષોને એક માસમાં પંદર ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે. આ લોકમાં કોઈ એવો કાળ છે કે જે કાળમાં ભોજન ન થાય તેથી જે પુરૂષ અકાળનો ત્યાગ કરી કાળે ભોજન કરે છે, તેને ધર્મનો જાણુ સમજવો. જે પુરૂષ હમેશાં રાત્રિભોજનનું પચ્ચખાણ કરે છે તે પુરૂષને ધન્ય છે. કારણ લોકમાં આયુષ્ય સો વર્ષનું કહેવામાં આવે છે તેથી રાત્રિભોજનનું પચ્ચખાણ કરનાર પુરૂષ

આયુષ્યના અડધા ભાગે ઉપોષિત ગણાય છે. જે પુરૂષ અર્ધઘડી અથવા ફકત એક ઘડીનું વ્રત ધારણ કરે છે તે પુરૂષ દેવલોકમાં દેવપણે ઉપન્ન થાય છે. તો જેને બાર પોહોરનું વ્રત ધારણ કર્યું હોય તેની તો વાતજ શી ? જે કારણોને લઈ પ્રાણીઓનું જીવિતવ્ય અનેક કષ્ટોથી વ્યાપ્ત થએલું હોય છે તેમાં કથંચિત્ ભાગ્યનો યોગ થાય તો પ્રાણી રાત્રિમાં ભોજન કરનાર ન થાય તથા—રાત્રિભોજનના દોષને જાણનારો જે પુરૂષ દિવસના આદિમાં અને દિવસના અવસાનમાં બે બે ઘડીનો ત્યાગ કરી ભોજન કરે છે તે પુરૂષ પુણ્યના ભાજનરૂપ થાય છે. આ લોક સંબંધી રાત્રિભોજનના દોષો આ પ્રમાણે છેઃ—

કીડી ખાવામાં આવે તો બુદ્ધિનો નાશ કરે છે, કાંટો ખાવામાં આવે તો તાળવાનો ભેદ કરે છે, ગળામાં વાળ લાગ્યો હોય તો કંઠને બગાડે છે. સંસક્ત જંતુઓની સંતતિ અને સંપાતિમ અનેક પ્રાણિઓના વિનાશનો હેતુ હોવાથી રાત્રિ ભોજન મહાન્ પાપનું મૂળ છે. તેથી ત્યાગ કરવું શ્રેય છે. તેને માટે વિવેક વિલાસમાં કહ્યું છે કે—

અતિ પ્રાતઃકાળે, સાયંકાળે, રાત્રિએ, અન્નની નિંદા કરતાં, માર્ગમાં ચાલતાં જમણા પગ ઉપર હાથ મુકી તથા ખાવાની વસ્તુ ડાબા હાથમાં લઈ ભોજન કરવું નહીં. ખુલ્લી જગામાં, તડકામાં, અંધકારમાં, વૃક્ષના અધોભાગમાં અને તર્જની આંગળીને ઉંચી કરી કદિપણ ભોજન કરવું નહીં. મુખ, હાથ અને પગ ધોયા વિના, નગ્ન અવસ્થામાં, મલિનવસ્ત્ર પહેરી અને ડાબા હાથથી થાળી ઉપાડીને કદી પણ ભોજન કરવું નહીં. વિચક્ષણ મનુષ્યે એક વસ્ત્ર પહેરી, ભીનાવસ્ત્રથી મસ્તકને વીંટાળી, તથા અપવિત્ર છતાં ખાવાની વસ્તુ ઉપર લોલુપ થઈ કદિ પણ ભોજન કરવું નહીં. પગરખાં સાથે, વ્યગ્રચિત્તે, કેવળ જમીન ઉપર બેસી, પલંગમાં રહી, અગ્નિ, નૈર્ઋત, વાયવ્ય અને ઈશાનરૂપ વિદિશા તથા દક્ષિણદિશા તરફ મુખ રાખી અને ટુંકા આસન ઉપર બેસી ભોજન કરવું નહીં. આસન ઉપર પગ રાખી, ચંડાળ કે ધર્મભ્રષ્ટ પુરૂષોના દેખતાં અને ભાંગેલા તથા મલિન ભાજનમાં ભોજન કરે નહીં. આ ભોજન કોના તરફથી આવ્યું છે એમ જાણવામાં ન હોય, અજાણ્યું હોય અને બીજી વખત ગરમ કરેલું હોય તેવું ભોજન કરે નહીં. તેમજ જમતાં જમતાં બચ બચ એવા શબ્દોએ સહિત અને મુખનો વિકાર કરતો ભોજન કરે નહીં. ભોજન નિમિત્તે આમંત્રણ કરવાથી પ્રીતિને ઉપન્ન કરતો અને ભોજનની શરૂઆતમાં ઇષ્ટદેવના નામનું સ્મરણ કરતો સરખા વિશાળ અને અતિ ઉંચું નહોય તેવા સ્થિર આસન ઉપર બેસી ભોજન કરે. માસી, માતા, બ્હેન અને ભાર્યા વિગેરે સ્ત્રીઓએ આદર પૂર્વક પકાવેલું, ભોજન કરી નિવૃત્ત થએલા પવિત્ર પુરૂષોએ પીરસેલું અને સર્વ લોકો ભોજન કરી રહ્યા પછી પોતે ભોજન કરે. આ લોકમાં પોતાનું પેટ કોણ ભરતું નથી ? માટે જે ઘણા જીવોનો આધાર હોય તેજ પુરૂષ પુરૂષ ગણાય

છે. તેથી ભોજન વખતે પ્રાપ્ત થએલા આંધવાદિકને ભોજન કરાવે. જે પુરૂષો સુપાત્રને દાન આપી અથવા તો અધિક શ્રદ્ધાથી સુપાત્રનું સ્મરણ કરી ભોજન કરે છે, તે ધન્ય છે. તે શિવાયના કેવળ પોતાનું પેટ ભરનારા નરાધમોથી શું ? અતિથિઓને ભક્તિથી, અર્થિજનોને શક્તિ અનુસારે અને દુઃખીજનોને અનુકંપાથી યોગ્યતા પ્રમાણે કૃતાર્થ કરી પછી મહાત્મા પુરૂષોને ભોજન કરવું યોગ્ય છે. યાચના કરનારા સંન્યાસી અને બ્રહ્મચારિઓને ભિક્ષા આપે. જે ગ્રાસ પ્રમાણ હોય, તેને ભિક્ષા કહે છે અને ચાર ગ્રાસને અગ્ર કહે છે. ઉત્તમ બ્રાહ્મણો ચાર અગ્રને-હંતકાર કહે છે. અથવાતો ભોજનને હંતકાર કહે છે અને ભિક્ષાને અગ્ર પણ કહે છે. અતિથિ, વિદ્વાન્, જ્ઞાતિબંધુ અને અર્થિજનોની પૂજા કરી પોતાના વૈભવપ્રમાણે તેમને આપ્યા શિવાય ભોજન કરવું નહીં. જે વખતે દક્ષિણ નાસિકા વહેતી હોય તે વખતે મૌન કરી, શરીરને સિધું રાખી, દરેક ખાવાની વસ્તુ સુંઘીને અને દૃષ્ટિદોષના વિકારને ટાળીને ખરાબ સ્વાદથી, સ્વાદ વગરથી અને વિકથાથી વર્જિત થએલું તથા શાસ્ત્રમાં નિષેધ કરેલા સંપૂર્ણ આહારના ત્યાગ કરવાથી મનોહર એવા અન્નાદિકનું ભોજન કરવું જોઇએ. તથા ભોજન કરતાં સારી સ્નિગ્ધ, મધુર અને રસ યુક્ત વસ્તુ પ્રથમ ખાવી. પ્રવાહી, ખાટી, અને ખારી વસ્તુ વચમાં ખાવી, તીખી તથા કડવી વસ્તુ ભોજનના અંતમાં ખાવી. મનુષ્યે ભોજન કરી રહ્યા પછી રસથી ખરડાએલા હાથે પાણીનો એક કોગળો હમેશાં પીવો. વળી ભોજન કરી રહ્યા પછી જળથી ભિજાએલા હાથે બે ગાલને, બીજા હાથને અને બે ચક્ષુને સ્પર્શ ન કરે કિંતુ કલ્યાણને માટે પોતાના બે ઢીંચણે સ્પર્શ કરે. કહ્યું છે કેઃ—

मा करेण करं पार्थ, मा गल्लौ मा च चक्षुषी ।
जानुनी स्पृश राजेन्द्र, जर्त्तव्या बहवो यदि ॥ ५ ॥

શબ્દાર્થ—હે યુધિષ્ઠિર રાજેંદ્ર ? જો તમારે ઘણા માણસોનું પોષણ કરવું હોય તો ભોજન કર્યા પછી ભીના હાથે બીજા હાથનો, બે ગાલનો અને બે નેત્રનો સ્પર્શ કરીશ નહીં પરંતુ તમારા બે ઢીંચણે સ્પર્શ કરજે. ॥ ૫ ॥

હવે ગ્રંથકાર મહારાજ ગુણની સમાપ્ત કરતાં વિધિથી ભોજન કરનારને ફળ બતાવે છે.

विधिनैवं विशुद्धात्मा, विदधानः सुभोजनम् ।
गृहिधर्मार्हतामात्म—न्यारोपयति सत्तमः ॥ ६ ॥

શબ્દાર્થ—ઉપર જણાવેલી વિધિથી વિશુદ્ધ આત્માવાળો થઇ સારા ભોજનને કરતો અતિશય શ્રેષ્ઠ પુરૂષ પોતાના આત્મામાં ધર્મની યોગ્યતાનું આરોપણ કરે છે. ॥ ૬ ॥

अष्टादशगुणवर्णन.

હવે શ્રાવકના ત્રાંત્રીશ ગુણ પૈકી સત્તરમા ગુણનું વિવરણ સમાપ્ત કરી ક્રમથી પ્રાપ્તથએલ "ત્રિવર્ગના સાધન કરવા રૂપ" અઢારમા ગુણનું વિવરણ કરે છે.

તથા–ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામ તેમાં જેનાથી અભીષ્ટકાર્યનો ઉદય અને મોક્ષની સિદ્ધિ થાય તે ધર્મ કહેવાય છે. જેનાથી સર્વ વસ્તુના કાર્યની સિદ્ધિ થાય તે અર્થ કહેવાય છે. અને જેનાથી અભિમાનના રસથી પ્રેરાએલી સર્વ ઇંદ્રિયોને પ્રીતિ થાય તે કામ કહેવાય છે. તેથી પરસ્પર એક બીજાનો (ધર્મ અને કામનો) વિઘાત (નાશ) અથવા તો બાધા ન થાય તેવી રીતે ધર્માભિલાષી પુરૂષ ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગનું સાધન કરે. પરંતુ એકલા ધર્મને અથવા તો એકલા અર્થ કે કામને સાધે નહીં. કહ્યું છે કેઃ—

यस्य त्रिवर्गशून्यानि दिनान्यायान्ति यान्ति च ।
सलोहकारभस्त्रेव, श्वसन्नपि न जीवति ॥ १ ॥

શબ્દાર્થ—જે પુરૂષના ધર્મ અર્થ અને કામરૂપ ત્રિવર્ગના સાધન શિવાયના દિવસો આવે છે અને જાય છે, તે પુરૂષ લુહારની ધમનની પેઠે શ્વાસ લે છે તો પણ તે જીવે છે એમ કહેવાય નહીં. ॥ ૧ ॥

તેમાં ધર્મ અને અર્થનો વિનાશ થવાથી અવિચારણીય એવા ઉત્પન્ન થએલા પદાર્થનો વ્યય કરવારૂપ તાદાત્વિક વિષય સુખમાં લુબ્ધ થએલા વનહસ્તિની પેઠે કયો પુરૂષ આપત્તિના સ્થાનરૂપ થયો નથી ? જે પુરૂષને કામ ઉપર અત્યંત આસક્તિ હોય છે તે પુરૂષનો બ્રહ્મદત્ત વિગેરેની પેઠે ધન, ધર્મ, અને શરીરનો નાશ થાય છે. તથા ધર્મ અને કામનું ઉલ્લંઘન કરી ઉપાર્જન કરેલા દ્રવ્યનો બીજાઓ અનુભવ કરે છે. અને પોતે તો હસ્તીનો નાશ કરનાર સિંહની પેઠે અથવા મમ્મણ વિગેરેની પેઠે ઉત્કૃષ્ટા પાપનું ભાજન થાય છે. તથા અર્થ અને કામનું ઉલ્લંઘન કરી

એકલા ધર્મની સેવા કરવી તે યતિઓનો જ ધર્મ છે. પરંતુ અર્થકામની ઉપેક્ષા કરી કેવળ ધર્મ કરવો એ ગૃહસ્થોનો ધર્મ નથી. તથા બીજ ભોજન કરનાર કણબીની પેઠે ધર્મને બાધા કરી અર્થ અને કામની સેવા કરે નહીં. તથા અધર્મિ પુરૂષને આગામી કાળે કાંઇપણ કલ્યાણકારી નથી. જે પુરૂષ પરલોકના સુખથી અવિરોધી આ લોકના સુખનો અનુભવ કરે છે, તે પુરૂષ અભયકુમારની પેઠે ખરેખર સુખી થાય છે. એવી રીતે અર્થને બાધ કરી એકલા ધર્મ અને કામને સેવનારા પુરૂષને ઘણું કરજ થાય છે. અને કામને બાધ કરી એકલા ધર્મ અને અર્થને સેવનારા પુરૂષને ગૃહસ્થપણાનો અભાવ થાય છે. અર્થાત્ ગૃહસ્થધર્મ ચાલી શકતો નથી. આ પ્રમાણે તાદાત્વિક મૂળહર અને કદર્યને વિષે ધર્મ, અર્થ અને કામની પરસ્પર બાધા થવી સુલભ છે. એ ત્રણે પુરૂષોનાં લક્ષણો આ પ્રમાણે છે.

જે પુરૂષ કાંઇ પણ વિચાર કર્યા સિવાય ઉત્પન્ન થએલા દ્રવ્યનો વ્યય કરે છે, તે **તાદાત્વિક** કહેવાય છે. જે પુરૂષ પિતા અને પિતામહના મેળવેલા દ્રવ્યને અન્યાયથી ભક્ષણ કરે છે, અર્થાત્ ઉડાવે છે તે **મૂળહર** કહેવાય છે. અને જે પુરૂષ નોકરોને કે પોતાના આત્માને કષ્ટ આપી દ્રવ્યનો સંચય કરે છે, પરંતુ કાંઇપણ વ્યય કરતો નથી તે **કદર્ય** કહેવાય છે. તેમાં તાદાત્વિક અને મૂળહર આ બન્નેના દ્રવ્યનો નાશ થવાથી તેમના ધર્મ તથા કામનો નાશ થાય છે. તેથી તેમનું કલ્યાણ નથી, કદર્યનો દ્રવ્યસંગ્રહ તો રાજા, ભાગીદાર અને ચોર વિગેરેનો ભંડાર કહેવાય છે તેથી તે દ્રવ્યનો સંગ્રહ ધર્મ તથા કામનો હેતુ થતો નથી. ઇત્યાદિ. આમ કહેવાથી ગૃહસ્થને ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગને બાધા કરવી ઉચિત નથી એમ પ્રતિપાદન કર્યું. જ્યારે ભાગ્યના યોગથી ધર્મ, અર્થ અને કામમાંથી કોઇને બાધા થવાનો સંભવ થાય ત્યારે ઉત્તરોત્તર બાધા થયે છતે પૂર્વ પૂર્વની બાધાનું રક્ષણ કરવું. તેનું જ આ ઠેકાણે પ્રતિપાદન કરે છે.—

જ્યારે કામને બાધ આવે, ત્યારે ધર્મ તથા અર્થને બાધા થવા દેવી નહીં. કારણ ધર્મ તથા અર્થ અબાધિત હોય તો કામને સહેલાઇથી મેળવી શકાય છે. અને કામ તથા અર્થને બાધ આવે તો ધર્મનું રક્ષણ કરવું. કારણ કે, અર્થ તથા કામની પ્રાપ્તિ થવામાં મૂળ કારણ ધર્મ છે. તેને માટે કહ્યું છે કેઃ—

धर्मश्चेन्नावसीदेत, कपालेनापि जीवतः ।
आढ्योऽस्मीत्यवगन्तव्यं, धर्मवित्ता हि साधवः ॥१॥

तथा—त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य ।
तत्राऽपि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थ
कामौ ॥ २ ॥

શબ્દાર્થ—હાથમાં કપાલ લઇ ભિક્ષાથી જીવનારા પુરૂષોનો જો ધર્મ સીદાતો ન હોય તો હું ધનાઢ્ય છું એમ જાણવું. કારણ સાધુ (શ્રેષ્ઠ) પુરૂષો ખરેખર ધર્મ-રૂપી પૈસાથી જ યુક્ત હોય છે. ૨ વળી કહ્યું છે કેઃ—

ધર્મ અર્થ અને કામરૂપ ત્રિવર્ગના સાધન સિવાય પુરૂષનું આયુષ્ય પશુની પેઠે નિષ્ફળ છે. ધર્મઅર્થ અને કામરૂપ ત્રિવર્ગમાં પણ પંડિત પુરૂષો ધર્મને શ્રેષ્ઠ કહે છે. કારણ તે ધર્મ સિવાય અર્થ તથા કામની પ્રાપ્તિ થતી નથી. ૩

તથા ધર્મ ધનાર્થિ પુરૂષોને ધન આપનારો અને સર્વ કામાર્થિ પુરૂષોને કામિત આપનારો છે. હવે ગ્રંથકાર મહારાજ ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ધર્મારાધનનું ફળ બતાવે છેઃ—

अन्योन्याबाधया, शुद्धोपधयाराधयन्सुधीः ।
त्रिवर्गं क्रमतः स्वर्गापवर्गसुखभाग् भवेत् ॥४॥ इति अष्टादशः॥

શબ્દાર્થ—સદ્ બુદ્ધિવાળો પુરૂષ શુદ્ધ ધર્મ, અર્થ અને કામથી દરેક વસ્તુનું યથાસાધન કરી અને પરસ્પર બાધા સિવાય ત્રિવર્ગનું સાધન કરતો અનુક્રમે દેવ-લોક તથા મોક્ષના સુખનો ભાગી થાય છે. ૪

एकोनविंशगुणवर्णन.

વે શ્રાવકના પાંત્રીશ ગુણપૈકી અઢારમા ગુણનું વિવરણ પુરૂં કરી અનુક્રમથી પ્રાપ્ત થએલ " અતિથિ વિગેરેની ભાકત કરવારૂપ" ઓગણીશમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

તથા હમેશાં અતિનિર્મળ અને એક સરખી વિધપૂર્વક ક્રિયાની પ્રવૃત્તિને લઇને જેને તિથિ વિગેરે દિવસોનો વિભાગ ન હોય તે અતિથિ કહેવાય છે. કહ્યું છે કેઃ—

तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।
अतिथिं तं विजानीयात्. शेषमभ्यागतं विदुः ॥ १ ॥

શબ્દાર્થઃ—જે મહાત્માએ સર્વ તિથિ, પર્વ અને ઉત્સવોનો ત્યાગ કર્યો છે, તે મહાત્માને અતિથિ જાણવા અને બાકીના બીજાઓને અભ્યાગત જાણવા ૧

ભાવાર્થઃ—જે મહાત્માને રૂપામાં, સુવર્ણમાં, અને ધન તથા ધાન્યમાં લોભ ન હોય તે મહાત્માને અતિથિ જાણવો. તથા શિષ્ટાચારમાં તત્પર અને સર્વ લોકોથી પ્રશંસિત હોય તે સાધુ કહેવાય છે. તથા दीङ् ધાતુ ક્ષય અર્થમાં હોવાથી સર્વ ધર્મ, અર્થ અને કામને આરાધન કરવાની શક્તિથી હીણ હોય તે દીન કહેવાય છે. અતિથિ, સાધુ અને દીન (રંક) પુરૂષોને વિષે હિતશિક્ષા અને યોગ્ય અવસરે અન્નપાનાદિક આપવારૂપ તથા યથાયોગ ઉચિતતાનું ઉલ્લંઘન કર્યા શિવાય પ્રતિપત્તિ (ગૌરવ) કરનાર હોય તે પુરૂષ ધર્મનો અધિકારી થાય છે. ઔચિત્યતાને માટે કહ્યું છે કેઃ—

औचित्यमेकमेकत्र, गुणानां कोटिरेकतः ।
विषायते गुणग्राम, औचित्यपरिवर्जितः ॥ २ ॥

શબ્દાર્થ—એક તરફ કેવળ ફક્ત ઉચિતતા અને એક તરફ ગુણોની કોટી હોય તોપણ ઉચિતતાથી રહિત એવો ગુણોનો સમૂહ વિષરૂપ ગણાય છે. ૨

વળી કહ્યું છે કે—

અથવા તે ઉચિતરૂપ ચિંતામણિ પુણ્યવાન્ પુરૂષોને શું નથી કરતો ? તે ઉચિતરૂપ ચિંતામણિ અપરિચિત લોકોમાં પણ એકદમ આદેયપણાને વિસ્તારે છે. ખરાબ આચરણવાળા અને નાશ કરવાને ઉદ્યુકત થએલા નરપતિ જેવાને પણ શાંત કરે છે. અને ધર્મ, અર્થ તથા કામરૂપ ત્રિવર્ગને પ્રાપ્ત કરાવે છે. તેથી આ લોકમાં તથા પરલોકમાં કલ્યાણ થાય છે. તેમાં મુખ્ય વૃત્તિએ સર્વ વિરતિ ગ્રહણ કરનાર મુનિઓ અતિથિ કહેવાય છે. તેથી તેવા અતિથિઓને વિષે પોતાના અનુગ્રહને માટે પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરવાને માટે અને કર્મોનો નાશ કરવાને માટે સર્વ પ્રકારની ઇચ્છા રહિત અને શ્રદ્ધાવાળા વિવેકી પુરૂષે હમેશાં સંવિભાગ કરવો જોઇએ. તેને માટે શ્રાવક સામાચારીમાં કહ્યું છે કેઃ-"જ્યાં સાધુઓનું આગમન હોય, જ્યાં જિનેશ્વર ભગવાનનું ચૈત્ય-મંદિર હોય અને જ્યાં વિદગ્ધ-ડાહ્યા સાધર્મિકો વસતા હોય તેવા સ્થાનમાં શ્રાવક વાસ કરે." પ્રથમ પ્રાતઃકાલે જ્યાં સુધી જિનપ્રતિમા અને સાધુઓને વિધિપૂર્વક વંદન ન કર્યું હોય ત્યાં સુધી પાણી પણ પીવું કલ્પે નહીં. મધ્યાન્હ કાળે બીજીવાર મધ્યાન્હે પણ દેવગુરૂને અવશ્ય વંદન કરી શ્રાવકને ભોજન કરવું કલ્પે. વળી સાયંકાલે પણ તેમને વંદન કરી શયન કરવું જોઇએ. ભોજન કરવાનો કાળ પ્રાપ્ત થતાં દાનનું ફળ ઉત્તમ છે એમ જાણી, ઉપાશ્રયમાં જઇ, વિધિપૂર્વક મુનિપતિ-આચાર્યને વંદન કરી ભકિતના સમૂહથી અત્યંત ભરાએલા શરીરવાળો અને મહાન્ સંવેગથી પુલકિત (વિકસ્વર) શરીરવાળો શ્રાવક પોતે જ નિર્દોષ અન્નપાનવડે મુનિઓને પ્રતિલાભિત કરે. બીજે ઠેકાણે પણ કહ્યું છે કેઃ-"પોતાના ઘરમાં સુપાત્રરૂપ મુનિ પ્રાપ્ત થયે છતે, અતિ વિશુદ્ધ શ્રદ્ધાથી જે પુરૂષે સર્વ પ્રકારે દોષ રહિત દાન આપ્યું નથી, તે પુરૂષનું કલ્યાણ કેવી રીતે થાય ?" નહિ પ્રાપ્ત થએલા પદાર્થને પ્રાપ્ત કરવાની ઇચ્છારૂપ આશંસા વિગેરેથી વિમુખ થએલો અને શ્રદ્ધાથી વિકસ્વર થએલા રોમરૂપ કંચુકને ધારણ કરતો શ્રમણોપાસક કર્મોનો નાશ કરવામાં હેતુરૂપ દાન અવશ્ય સુપાત્રરૂપ મુનિઓને આપે. એવી રીતે સૂત્રમાં વર્ણવેલા વિધિ વડે મોક્ષનું કારણ ભૂત દાન આપવું જોઇએ. તથા અનુકંપાદાન તીર્થંકરોએ કોઇ ઠેકાણે નિષેદ્ધ કર્યું નથી. વ્યવસાયનું ફળ વૈભવ છે. અને વૈભવનું ફળ સુપાત્રમાં વિનિયોગ કરવો તે છે. તેમા અભાવમાં વ્યવસાય અને વૈભવ પણ દુર્ગતિનું કારણ થાય છે. તથા બાહ્ય, નાશવંત અને સુપાત્રમાં આપેલા દ્રવ્યથી જે નિત્ય અને અંતરંગ રૂપ ધર્મ થાય તો શું પ્રાપ્ત થયું નથી ? દેવ ગુરૂનો સંવિભાગ કરી દુઃખી પુરૂષો તથા બંધુવર્ગને આપી જે ભોગવે છે તે ભોગવેલું કહેવાય છે. તે સિવાય બાકી તો ઉદર ભરવું ગણાય છે. કહ્યું છે કેઃ—

अर्हत्न्यः प्रथमं निवेद्य सकलं सत्साधुवर्गायच,
प्राप्ताय प्रविभागतः सुविधिना दत्वा यथाशक्तितः ।
देशायातसधर्मचारिनिरतं सार्द्धं च काले यथा ।
भुञ्जीतेति सुभोजनं गृहवतां पुण्यं जिनैर्भाषितं ॥३॥

શબ્દાર્થ:—પ્રથમ સર્વ વસ્તુ તીર્થંકરોને નિવેદન કરી અર્થાત્ નિવેદ ધરાવી પછી પ્રાપ્ત થએલા સાધુવર્ગને વિધિ પૂર્વક વિભાગ કરી શક્તિ પ્રમાણે દાન આપી દેશાંતરથી આવેલા સધર્મીઓની સાથે ભોજનકાળે ઉત્તમ ભોજન કરે એ ગૃસ્થોને પવિત્ર ભોજન છે, એમ જિનેશ્વરોએ કથેલું છે. ૨.

આ અતિથિદાન થોડું આપેલું હોય તો પણ તત્કાલ ઘણા ફળને આપનારૂં થાય છે, તે વિષે એક દૃષ્ટાંત આ પ્રમાણે છે.

કોઇકિ ગામમાં દાન દેવાની બુદ્ધિવાળો અને ભદ્રિક પરિણતિવાળો **સુધન** નામે શેઠ હતો તેને **ધનશ્રી** નામે ભાર્યા હતી તે પણ પોતાના સ્વામિના સમાન સ્વભાવવાળી હતી. એક વખતે કોઇ જૈન મુનિ પાસે તેણે નીચે જણાવ્યા પ્રમાણે ધર્મદેશના સાંભળી.

દેવની ભક્તિથી, ગુરૂની ઉપાસનાથી, સર્વ પ્રાણીઓ ઉપર અનુકંપા કરવાથી, સત્ પુરૂષોની સંગતિથી, અને સિદ્ધાંતનું શ્રવણ કરવાથી હે લોકો, મનુષ્ય જન્મનું ફળ ગ્રહણ કરો. સત્પાત્રમાં દાન આપવું તે લક્ષ્મીનું આભૂષણ છે. વિરતિ (પચ્ચખાણ) ધારણ કરવું તે વિદ્યાનું આભૂષણ છે. કેવળ ધર્મને જ ધારણ કરવો તે શરીરનું આભૂષણ છે અને કેવળ સત્ય જ બોલવું તે વાણીનું આભૂષણ છે. પૃથ્વીનું આભૂષણ પુરૂષો છે. પુરૂષોનું આભૂષણ અતિઉત્તમ લક્ષ્મી છે. લક્ષ્મીનું આભૂષણ દાન છે. અને દાનનું આભૂષણ સુપાત્ર છે, તેમાં સર્વ દાનોમાં અન્નનુંદાન અતિશય મોટામાં મોટું ગણાય છે. તેને માટે કહ્યું છે કે-તીર્થંકર જેવા લોકોત્તર પુરૂષો પણ અન્ન દાતાના હાથની નીચે પોતાના હાથને ધારણ કરે છે, તેથી તે દાન સત્પાત્રમાં આપવામાં આવ્યું હોય તો ઘણા ફળવાળું થાય છે. તેને માટે અન્યદર્શનમાં પણ આ પ્રમાણે કહેલું છે. " હે રાજન્ અન્નદાનના જેવું બીજું ઉત્કૃષ્ટ દાન નથી. કારણ આ ચરાચર સંપૂર્ણ જગત્ અન્નથી ધારણ કરાએલું છે." ઇતિહાસ પુરાણમાં પણ કહેલું છે કે-"હે, પુરૂષ શ્રેષ્ટ-રાજન્ સર્વ પ્રાણીઓના પ્રાણો અન્નને વિષે રહેલા છે, તેથી પંડિત પુરૂષોએ અન્નદાતા પુરૂષને પ્રાણદાતા કહેલો છે." પુરૂષ શ્રેષ્ટ વૈવસ્વત નામે રાજાએ સ્વર્ગ લોકમાંથી ચ્યવતા એવા તે કેસરિધ્વજ રાજાને કરૂણાથી કહ્યું કે, "હે રાજન્! કર્મ ભૂમિમાં જઇ ને તમારે બીજી વાર સર્ગમાં આવવાની ઇચ્છા

હોય તો તું અન્ન આપજે. અન્ન આપજે. અન્ન આપજે.” એમ પદ્મપુરાણમાં કહેલું છે, ત્યાં તે સુધન શ્રેષ્ઠીએ મુનિનીપાસે શ્રાવકનાં બાર વ્રતોનો અંગીકાર, ત્રિકાળ જિન-પૂજા, એકાંતર ઉપાસ અને અતિથિને દાન આપ્યા પછી પારણું કરવું ઇત્યાદિ અભિગ્રહો ગ્રહણ કર્યા, પછી ઘેર આવીને પોતાની ભાર્યાને પોતે ધર્મ અંગીકાર કર્યાનું જણાવ્યું. એવી રીતે બન્ને સ્ત્રી પુરૂષને પુણ્ય કાર્ય કરતાં અનુક્રમે કેટલાએક કાળે અંતરાયકર્મના ઉદયથી પૂર્વનું દ્રવ્ય ક્ષીણ થઇ ગયું અને પોતે નિર્ધન થઇ ગયો. આ અરસામાં સુધનને તેની ભાર્યાએ પ્રેરણા કરી કે મ્હારા પિતાના ઘરથી દ્રવ્ય માંગી લાવી વેપાર કરો, પરંતુ શ્રેષ્ઠી લોકોની ઉપહાસ્ય અને લજ્જા વિગેરેના કારણોથી પોતાના સસરાના ઘેર જવાને ઇચ્છતો નથી. તોપણ હમેશાં ભાર્યાની પ્રેરણાથી ઉદ્વેગ પામેલો સસરાના ઘર તરફ જવા નિકળ્યો. માર્ગમાં સાથવાનું ભાતું સાથે લિધું હતું. માર્ગમાં એક ઉપવાસ થયો, બીજે દિવસે બે પોહોર સુધી વિલંબ કરી ત્રિજા પોહોરે એક મહીનાના ઉપવાસી સાધુને સાથવો વોહોરાવી તેણે પારણું કર્યું; ત્રિજે દિવસે વળી ઉપવાસ કર્યો અને ચોથા દિવસે સસરાના ઘેર આવી પહોંચ્યો સસરા વિગેરેએ તેનો સત્કાર કર્યો, પરંતુ કાંઇ પણ દ્રવ્ય આપ્યું નહીં કારણકે નિર્ધનતાને લઇ અનાદરતાને લાયક અને દ્રવ્ય પાછું મળવાની આશાના અભાવથી કોઇપણ આદર કરતું નથી. કહ્યું છે કેઃ—

धनमर्जय काकुस्थ, धनमूलमिदंजगत् ।
अन्तरंनैवपश्यामि, निर्धनस्य मृतस्य च ॥ ४ ॥

શબ્દાર્થઃ-હે કાકુસ્થ, તું દ્રવ્યને ઉપાર્જન કર. આ જગતનું મૂળ દ્રવ્ય છે. કારણ કે નિર્ધન પુરૂષ અને મૃત્યુ પામેલા પુરૂષમાં હું કાંઇ પણ તફાવત જોતો નથી. ૪.

ભાવાર્થઃ—“જાતિ, વિદ્યા અને રૂપ એત્રણે પણ ગુહાના વિવરમાં પડો અને એક દ્રવ્યને જ વધારો. કારણકે જેનાથી ગુણો પ્રગટ થાય છે.” પછી નિરાશ થએલો સુધન પાછો વળ્યો, અનુક્રમે પોતાના ગામની નજીક રહેલી નદીમાં આવી વિચાર કરવા લાગ્યો કે “ મ્હારી ભાર્યાએ મ્હોટા મનોરથથી મને મોકલ્યો હતો પરંતુ મને ખાલી આવેલો જાણી તેણીને મ્હોટું દુઃખ થશે.” એવો મનની અંદર વિચાર કરી તેણે સારા રંગના અને ગોળ નદીના કાંકરા ગ્રહણ કરી લીધા અને પોટલું બાંધ્યું, તે પોટલાને ઉપાડી પોતાને ઘેર આવ્યો; તેની ભાર્યા પણ ગાંસડીના અનુસારે આ મ્હારો સ્વામી દ્રવ્યથી પરિપૂર્ણ થઇને આવ્યો છે. એમ જાણી હર્ષ પામી ગાંસડી ઘરની અંદર લઇ ગઇ. તે શેઠના કરેલા સત્પાત્રને દાન આપવા પૂર્વક ભોજન કરવાના અભિગ્રહથી સંતુષ્ટ થએલી શાસનદેવીએ તે સર્વ પાષાણના કાંકરાઓને રત્નો બનાવી દીધાં, તેમાંથી એક રત્ન લઇ તેની ભાર્યાએ ભોજન

અને વસ્ત્રાદિકની ગોઠવણ કરી, પછી તે રત્નોથી સુધન શેઠ પાછો બીજીવાર પ્રખ્યાત વેપારી થયો. આ લોકમાં પણ સત્પાત્રના દાનનું ફળ જોઈ સુધન શેઠ હમેશાં અતિથિઓનો સત્કાર કરવામાં તત્પર થયો.

તથા સર્વ વિશિષ્ટ લોકો, સંમત થએલા–માનેલા, પિતામાતા અને સહોદર વિગેરે સાધુ કહેવાય છે. તેવા સાધુઓને વિષે પણ યોગ્યતા પ્રમાણે ગૃહસ્થ સત્કાર કરનાર હોય, કહ્યું છે કે—" પુરૂષે ઘણાં ગુણો પ્રાપ્ત કર્યા હોય પણ જે પુરૂષ સમ્યક્ પ્રકારે યોગ્ય આચરણાને જાણતો નથી તે પુરૂષ લોકમાં શ્લાઘાને પ્રાપ્ત થતો નથી એમ જાણી ઉચિત આચરણા કરો. ઉચિત આચરણથી શું થાય છે? એવી કોઈ શંકા કરે તેને માટે કહ્યું છે કે—

"મનુષ્યપણું સર્વને સામાન્ય છે. તે છતાં કેટલાએક પુરૂષો આ લોકમાં કીર્ત્તિને પ્રગટ કરે છે. તેને તમે વિકલ્પ શિવાય ઉચિત આચરણાનું માહાત્મ્ય જાણો." તે ઉચિતપણું નવ પ્રકારે થાય છે, તે આ પ્રમાણે છેઃ—

तं पुण पिय१ माइ२ सहोयरेसु३ पणइणि४ अवच्च५ सयणेसु६ ।
गुरुजण७ नायर८ परतित्थिएसुए९ पूरिसेण कायव्वं ॥५॥

શબ્દાર્થ—વળી તે ઉચિત આચરણા પિતા, માતા, સહોદર-બાંધવ, ભાર્યા, સંતાન, સ્વજન, ગુરૂજન, નગરલોક અને અન્યદર્શનીઓને વિષે ધર્માર્થી પુરૂષે કરવી જોઇએ. ॥ ૫ ॥

ભાવાર્થ—તેમાં પ્રથમ પિતા સંબંધી ઉચિત આચરણા કહે છે. પુત્ર પોતે જ વિનય પૂર્વક પિતાના શરીરની શુશ્રૂષા કિંકરની પેઠે કરે તથા પિતાના વાક્યને મુખમાંથી નિકળતાં પહેલાં અંગીકાર કરી લે, તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. પગ ધોવા, શરીરનું મર્દન કરવું અને તેમને ઉઠાડવા–બેસાડવા વિગેરે કરવા રૂપ અથવા દેશકાળ વિગેરેને અનુકૂળ શરીરના સુખને અર્થે કરવારૂપ સાત્મ્યની યોગ્યતાથી ભોજન, શય્યા, વસ્ત્ર અને કેશર, ચંદન, કસ્તુરી પ્રમુખ શરીરના વિલેપન વિગેરેને સંગ્રહ કરવારૂપ પિતાના શરીરની સેવા મનની પ્રીતિના ઉત્કૃષ્ટરૂપ વિનયથી કરે પરંતુ બીજાના આગ્રહને લઇ અવજ્ઞાથી અથવા નોકરોથી પિતાની સેવા કરાવે નહીં. આ પ્રમાણે કાયા સંબંધી પિતાની ઉચિત આચરણા જાણવી. વચન સંબંધી ઉચિત આચરણા તો પિતાના મુખથી નિકળતા પહેલાં અર્થાત્ બોલાતા આદેશરૂપ વચનને આદરપૂર્વક અંગીકાર કરે. પરંતુ અવજ્ઞા કરે નહીં. હવે પિતાની મન સંબંધી ઉચિત આચરણા કહે છે. સર્વ પ્રકારના પ્રયત્નથી સર્વ

કાર્યોની અંદર પિતાના ચિત્તને અનુસરે તથા બુદ્ધિના ગુણોનો નિર્વાહ કરે અને નિયમના સદ્ભાવને પ્રકાશ કરે તથા પિતાને પુછીને કરવા યોગ્ય કાર્યોની અંદર પ્રવૃત્તિ કરે, પિતાએ નિષેદ્ધ કરેલો તે કાર્ય કરતો અટકી જાય. કાર્યમાં સ્ખલિત થતાં કઠોર વચનો કહેવામાં આવે તો પણ વિનયનો લોપ કરે નહીં. વળી તે પિતાને ધર્મ સંબંધી થએલા મનોરથોને વિશેષપણે પરિપૂર્ણ કરે ઇત્યાદિ પિતાનું ઉચિત આચરણ જેમ કરવાનું છે, તેમજ માતાનું પણ ઉચિત આચરણ કરવું. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. તે પિતાને ધર્મ સંબંધી એટલે દેવની પૂજા, ગુરૂની સુશ્રૂષા, ધર્મનું શ્રવણ, વિરતિ તથા આવશ્યક-પ્રતિક્રમણનો અંગીકાર, સાત ક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય અને તીર્થયાત્રા વિગેરે ધર્મ સંબંધી મનોરથોને વિશેષપણે આદર સહિત પરિપૂર્ણ કરે. આ લોકમાં **હરિષેણ, મહાપદ્મ** વિગેરે ચક્રવર્ત્તીની પેઠે લોકમાં ગુરૂ સમાન પોતાના માતા પિતાને વિષે ઉચિત આચરણા કરવી તે ઉત્તમ સંતાનોનું કર્ત્તવ્ય છે. કારણ કે અત્યંત દુઃખે કરીને જેમના ઉપકારનો બદલો ન આપી શકાય તેવા માતા પિતાને અરિહંતના ધર્મમાં સારી રીતે જોડી દેવા સિવાય તેમના ઉપકારનો બદલો આપવાને બીજો ઉપાય નથી. તેને માટે શ્રી જિનાગમમાં કહેલું છે કે— **तिन्हं दुप्पडियारं समणाऊसो इत्यादि** આ વાકયનું સવિસ્તર વર્ણન પ્રથમ અમે લખિ આવ્યા છીએ ત્યાંથી જાણી લેવું. જેવી રીતે પિતા સંબંધી ઉચિત આચરણ બતાવ્યું છે, તેવીજ રીતે માતા સંબંધી પણ તે સઘળું ઉચિત આચરણ જાણી લેવું. પરંતુ પિતા કરતાં માતામાં જે વિશેષ કરવાનું છે તે કહે છે-પિતાથી વિશેષ એટલું છે કે, માતાની અસદૃશ ચિત્તની અનુકૂળતાને વિશેષપણે પ્રગટ કરે અર્થાત્ માતાની ઇચ્છાનુસાર વર્ત્તન કરે. કારણ કે સ્ત્રીઓના સ્વભાવને સુલભ એવા પરાભવને જનની વહન કરી શકતી નથી, એ હેતુથી માતાનું મન કોઇ પ્રકારે ખેદયુક્ત ન થાય તેવી રીતે વર્ત્તન કરે. હવે સહોદર સંબંધી ઉચિત આચરણ કહે છે. સહોદરને વિષે ઉચિત આચરણ આ પ્રમાણે છે. પોતાના સહોદર-ભાઇને પોતાના આત્માને સદૃશ જુવે અને સર્વ કાર્યોમાં જ્યેષ્ઠ બંધુ હોય અથવા તો કનિષ્ટ બંધુ હોય તો પણ બહુ માન કરે, જુદાઇ દર્શાવે નહીં, યથાર્થ અભિપ્રાયને જણાવે, સહોદરને યથાર્થ અભિપ્રાય પુછે, વ્યવહારમાં પ્રવૃત્તિ કરાવે અને સહોદરથી થોડું પણ દ્રવ્ય છાનું રાખે નહીં. આ ઉચિત આચરણ વિનીત સહોદર સંબંધી છે. વળી કદાચિત્ સહોદર બરાબ આચરણવાળા અને જાર પુરૂષો વિગેરેના સંસર્ગથી અવિનીત પણ થાય, આવા કારણથી તે કાર્યમાં જે કરવું જોઇએ તે બતાવે છે.-અવિનીત સહોદરને અનુકુળ વર્તન કરે, તેના મિત્રો પાસે એકાંતે ઉપાલંભ અપાવે અને સ્વજન વર્ગો પાસે બીજાના વ્યપદેશથી શિખામણ અપાવે. પોતે હૃદયમાં સ્નેહયુક્ત હોય તો પણ તે અવિનીત સહોદરની ઉપર કુપિત થએલાની પેઠે

પોતાના આત્માને પ્રગટ કરે અને તે જ્યારે વિનયમાર્ગને અંગીકાર કરે, ત્યારે કપટ રહિત સ્નેહ પૂર્વક તેને બોલાવે. તેની ભાર્યા અને પુત્રાદિકને વિષે દાન તથા સન્માન કરવામાં સમાન દૃષ્ટિ થાય.

ભ્રાતૃ સંબંધી ઉચિત આચરણને સમાપ્તિ કરી ભાર્યા સંબંધી ઉચિત આચરણ કહે છે. ઉપર જણાવ્યા પ્રમાણે ભ્રાતૃ સંબંધી ઉચિત આચરણ કહી કાંઇક ભાર્યા સંબંધી ઉચિત આચરણ કહું છું. સ્નેહ સહિત વચનથી સન્માન કરી તેણીને સન્મુખ કરે. તથા તે સ્ત્રીને શુશ્રૂષાદિકમાં પ્રવૃત્તિ કરાવે, વસ્ત્ર તથા આભરણ વિગેરેને યોગ્યતા પ્રમાણે આપે. અને જ્યાં લોકની ભીડ હોય એવા નાટક જોવા વિગેરે સ્થાનોમાં જવાનો નિષેધ કરે. રાત્રિમાં ઘરથી બાહાર ફરવાનો પ્રચાર અટકાવે, બરાબ શીળવાળા અને પાખંડી લોકોના સંસર્ગથી દૂર રાખે, ઘરના કાર્યોમાં જોડી દે અને પોતાથી જુદી પાડે નહીં. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. " રાજમાર્ગે અથવા બીજાને ઘેર ગમનાગમનાદિક કરવારૂપ રાત્રિના પ્રચારને અટકાવે પરંતુ ધર્મ તથા પ્રતિક્રમણ વિગેરેની પ્રવૃત્તિના નિમિત્તે માતા, બ્હેન વિગેરે સારા શીલવાળી સ્ત્રીઓના સમૂહની અંદર પ્રાપ્ત થએલી હોય તો અટકાવ કરે નહીં. તથા દાન, સ્વજનનો સત્કાર અને રસોઈ વિગેરેનો પ્રયોગ કરવારૂપ ઘરકાર્યોમાં સ્ત્રીને અવશ્ય જોડી દે. જો ગૃહકાર્યમાં સ્ત્રીને જોડવામાં ન આવે તો ઉદાસ રહે અને સ્ત્રી ઉદાસ રહે તો ઘર સંબંધી કાર્યોનો બગાડ થાય છે. તથા સ્ત્રીનું અપમાન થાય તેમ બોલાવે નહીં. કોઈ કાર્યમાં બલાયમાન થાય તો શિક્ષા કરે, કુપિત થઇ હોય તો મનાવે. અને દ્રવ્યની હાનિ કે વૃદ્ધિ થઇ હોય તે તથા ઘર સંબંધી ગુપ્ત વ્યતિકર તેની પાસે પ્રગટ કરે નહીં. " વળી સારા કુળમાં ઉત્પન્ન થએલી, પરિણત વયવાળી, નિષ્કપટ, ધર્મમાં તત્પર રહેનારી અને સમાન ધર્મવાળી એવી સ્વજનની સ્ત્રીઓની સાથે પ્રીતિ કરાવે, તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. " સારા કુળની સ્ત્રીઓનો હીનકુળની સ્ત્રીઓ સાથે સંસર્ગ થવો તે ખરેખર અપવાદરૂપ વૃક્ષનું મૂળ કારણ છે, તેથી ઉચિત આચરણ સેવનાર ધર્માર્થી પુરૂષે સારા કુળમાં ઉત્પન્ન થએલી, એક ગુરૂએ ઉપદેશ કરેલી શુદ્ધ સામાચારીમાં આસક્ત એવી સમાન ધર્મવાળી અને બંધુઓની સ્ત્રીઓની સાથે પોતાની ભાર્યાની પ્રીતિ કરાવે. વળી રોગાદિકમાં તેણીની ઉપેક્ષા કરે નહીં, અને તેણીના ધર્મકાર્યોને વિષે પોતે સારી રીતે સાહ્ય કરવાવાળો થાય. ઇત્યાદિક પ્રાયે કરી પુરૂષનું ભાર્યા સંબંધી ઉચિત આચરણ જાણી લેવું. હવે પુત્ર સંબંધી ઉચિત આચરણ બતાવે છે. પુત્ર પ્રત્યે પિતાનું ઉચિત આચરણ એ છે, કે, બાલ્યાવસ્થામાં પુત્રનું લાલન-પાલન કરે. જ્યારે બુદ્ધિનો ગુણ પ્રગટ થાય ત્યારે પુત્રને અનુક્રમે કળાઓમાં નિપુણ બનાવે. તેમજ હમેશાં દેવ, ગુરૂ, ધર્મ, મિત્ર અને સ્વજન વર્ગની સાથે પરિચય કરાવે. અને

ઉત્તમ પુરૂષોની સાથે મૈત્રીભાવ કરાવે. આ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે. " ગુરૂઓ એટલે ધર્માચાર્યો, યથાર્થ સ્વરૂપવાળા દેવ તથા ધર્મો, પ્રિય અને હિતોપદેશ આપનારા મિત્રો, અને પિતરાઇ તથા માતુલ વિગેરેની સાથે પુત્રનો પરિચય કરાવે. એવી રીતે પરિચય કરાવે છતે આ હમારા દેવ ગુરૂઓ વિગેરે છે એવા પ્રકારની સારી વાસનાથી વાસિત થાય છે; તેથી પુત્રની સાથે ઉચિત આચરણ કરનાર પિતાએ દેવ, ગુરૂ, ધર્મ, સ્વજન વિગેરેની સાથે પરિચય કરાવવો તે ઉચિત છે. તથા કુલ જાતિ અને વર્ત્તણુકથી ઉત્તમ એવા લોકોની સાથે પુત્રને મિત્રતા કરાવે. " જો કદિ ઉત્તમ પુરૂષોની મિત્રતાથી દ્રવ્યની પ્રાપ્તિ ન થાય તો પણ અનર્થનો પરિહાર તો અવશ્ય થાય. " વળી સમાન કુળમાં જન્મેલી રૂપવતી કન્યાની સાથે પાણીગ્રહણ કરાવે, ઘર સંબંધી કાર્યભારમાં નિયુક્ત કરે અને અનુક્રમે ઘરનું સ્વામીપણું અર્પણ કરે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. " સરખા વંશની, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યોગ્ય વયવાળી અને સુંદર શરીરના અવયવવાળી કન્યાનું પાણિગ્રહણ કરાવવામાં આવ્યું હોય તો ચિત્તમાં રતિ-પ્રીતિ થવાનો સંભવ છે. અને જો વિપરીત ગુણવાળી કન્યાની સાથે સંબંધ કરવામાં આવે તો ગૃહવાસ વિડંબનારૂપ થાય છે. તેથી યોગ્ય કન્યા સાથે પાણિગ્રહણ કરાવવું ઉચિત છે. તથા ખરીદ, વેચાણ, આવક અને ખર્ચના ઉપયોગ રૂપ લક્ષણવાળા ઘરના બોજાને ઉપાડવાની યોગ્યતાને જાણી તેને ઘરકાર્યમાં નિયુક્ત કરે. તેમ કરવાથી હંમેશાં તે કાર્યો કરવાની ચિંતાથી વ્યગ્ર ચિત્તવાળો હોવાથી તથા પોતામાં સ્વાતંત્ર્યપણાના અને ઉન્માદ વિગેરેના અભાવથી તે યોગ્યતા પ્રમાણે ખર્ચ વિગેરે કરે છે. પછી અનુક્રમે અહંકાર વિગેરે દોષોનો તિરસ્કાર કરનાર તે પુત્રને ગૃહસ્વામિત્વ અર્પણ કરે. જેથી તે પોતાના સમાન મનુષ્યોથી પરાભવને પામે નહીં. " વળી તેના પ્રત્યક્ષમાં તેની પ્રશંસા કરે નહીં. દુર્વ્યસનોથી નાશ થએલાની દુર્દશા કહી સંભળાવે અને આવક અને ખર્ચમાંથી બાકી રહેલા દ્રવ્યનો પોતે જ તપાસ કરે. વ્યાખ્યા-" પૂર્વભવમાં કરેલા સુકૃત-પુણ્યના ઉદયથી પોતાની સમાન ગુણવાળા અથવા અધિક ગુણવાળા તે પુત્રની પ્રશંસા તેના પ્રત્યક્ષમાં કરે નહીં તથા દુર્વ્યસનોથી નાશ થએલાનું નિર્ધનપણું તિરસ્કાર અને તાડના વિગેરે દુર્દશાને અભિપ્રાય પૂર્વક પુત્રને કહી સંભળાવે, જેથી તેવા પ્રકારના દુર્વ્યસનોમાં પ્રવૃત્ત કરે નહીં. તથા ખરચ અને આવકમાંથી બાકી રહેલા દ્રવ્યનો પોતે જ તપાસ રાખે; જેથી પુત્રને આડા માર્ગે જવાનો અવકાશ મળે નહિ; તથા પુત્રને રાજાની સભા દેખાડે અને દેશાંતરની અવસ્થાઓને પ્રગટ કરે. ઇત્યાદિ પિતાનું પુત્ર પ્રત્યેનું ઉચિત આચરણ જાણવું. " હવે સ્વજન સંબંધી ઉચિત આચરણ કહે છે. " સ્વજન સંબંધી ઉચિત આચરણ એ છે કે, પોતાના ઘરની વૃદ્ધિનાં

કાર્યોમાં હમેશાં સ્વજનોનું અવશ્ય સન્માન કરે, તેમજ હાનિ સંબંધી કાર્યમાં પણ તેમને સમીપમાં રાખે, વ્યાખ્યા–" પિતા માતા અને પત્નીના પક્ષમાં ઉત્પન્ન થએલા સ્વજનોને પુત્રના જન્મમહોત્સવ વખતે, તેનું નામ પાડતી વખતે, પુત્રના વાળ ઉતારવાની વખતે અને વિવાહાદિરૂપ ઘરની વૃદ્ધિના કાર્યોમાં ભોજન, વસ્ત્ર અને તાંબૂલાદિક શુભ વસ્તુઓથી સત્કાર કરે. તેમજ પોતાના કુટુંબમાં મરણ થયું હોય તેવા કાર્યોમાં અને ઉત્તરક્રિયા વિગેરે હાનિજનક કાર્યોમાં પણ તેમને સાથે રાખી કાર્ય કરે. તથા પોતાને પણ સ્વજનોના કષ્ટ તથા મહોત્સવ વિગેરે કાર્યોમાં. હંમેશાં તેમની સમીપમાં રહેવું, તેમજ નિર્ધન થઇ ગએલા અને રોગોથી આકુળ-વ્યાકુળ થએલા સ્વજનોનો ઉદ્ધાર કરવો. તેમની પુંઠ પછવાડે ચાડી ખાવી નહીં, તેમની સાથે શુષ્ક કલેશ કરવો નહીં, તેમના શત્રુઓની સાથે મૈત્રી કરવી નહિ અને તેમના મિત્રોની સાથે મૈત્રી કરવી. તે ઘરમાં ન હોય ત્યારે તેમના ઘરમાં જાય નહિ, દ્રવ્ય સંબંધી સંસર્ગનો ત્યાગ કરે અને ગુરૂ, દેવ તથા ધર્મ સંબંધી કાર્યોમાં તેમની સાથે એક ચિત્તવાળા થવું." સ્વજન સંબંધી ઉચિત આચરણ સમાપ્ત કરી ધર્માચાર્ય સંબંધી ઉચિત આચરણ કહે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સ્વજન પ્રત્યે ઉચિત આચરણ કહ્યું. હવે ધર્માચાર્ય સંબંધી ઉચિત આચરણ કહીએ છીએ. " ધર્માચાર્યોને ભકિત અને બહુમાન પૂર્વક ત્રિકાળ પ્રણામ કરે. તેમણે દર્શાવેલી નીતિથી આવશ્યક પ્રમુખ કાર્યો કરે અને તેમની પાસે શુદ્ધ શ્રદ્ધાથી ધર્મોપદેશ શ્રવણ કરે. તેમના આદેશને બહુમાન આપે, મનથી પણ તેમનો અવર્ણવાદ ચિંતવે નહિ. તેમનાં અવર્ણવાદ બોલનારને અટકાવે અને હંમેશાં તેમની સ્તુતિને પ્રગટ કરે, તેમના છિદ્રો જુવે નહિ, તેમના સુખ દુઃખમાં મિત્રની પેઠે પ્રવૃત્તિ કરે, અને તેમના વિરોધીઓના વિઘ્નને સર્વ પ્રકારના પ્રયત્નથી દૂર કરે. વળી ધર્મકાર્યમાં સ્ખલિત થતાં ધર્માચાર્ય પ્રેરણા કરે તો તે સર્વ તથેતિ કહી માન્ય કરે પ્રમાદથી સ્ખલિત થએલા પોતાના ધર્માચાર્યને પણ એકાંતમાં પ્રેરણા કરે. સમયને યોગ્ય તેમનો ભકિતથી સર્વ વિનયોપચાર કરે. ધર્માચાર્યના ગુણાનુરાગને અત્યંત નિષ્કપટપણે પોતાના હૃદયમાં ધારણ કરે. તે ધર્માચાર્ય દેશાંતરમાં હોય તો પણ તેમના ભાવોપચારને હમેશાં યાદ કરે. ઇત્યાદિક ધર્માચાર્ય સંબંધી ઉચિત આચરણ જાણવું." નાગર શબ્દની વ્યુત્પત્તિ પૂર્વક તેનું ઉચિત આચરણ કહે છે.

જે નગરમાં પોતે વસતો હોય તેજ નગરમાં સમાન વૃત્તિવાળા જે પુરૂષો વસે છે તે નગરજનોને નાગર કહે છે. આ ગાથાની વ્યાખ્યા સ્પષ્ટ છે. કેવળ વ્યાપાર વૃત્તથી જીવનાર હોય તેને સ્વ સમાન વૃત્તિવાળો કહે છે. તે નાગરિકનું ઉચિત આચરણ એ છે કે, " તેમના તરફ હમેશાં એક ચિત્તવાળા સમાન સુખ દુઃખ-

વાળા અને વ્યસન તથા મહોત્સવમાં સમાન સમાગમવાળા થવું. વ્યાખ્યા–" ચિત્ત-ના એક સરખા અભિપ્રાયથી સુખ, દુઃખ, વ્યસન અને મહોત્સવ વિગેરેને વિષે તુલ્ય ક્રિયાવાળા થવું. જો નાગરિકો એક સરખા અભિપ્રાયવાળા ન હોય તો રાજા અને નોકરોથી હમેશાં પરાભવ થવાનો સંભવ છે. સામુદાયિ કાર્યમાં પણ રાજાનું દર્શન એકલા એકલા જઇ કરવું નહિ. એકાંતમાં મશલત કરવારૂપ મંત્ર તેનો ભેદ કરવો નહિ અને પૈશુન્ય (ચાડીયા) પણું છોડી દેવું. વ્યાખ્યા–" જુદી જુદી મહત્તા અને પ્રભુતા વિગેરે મેળવવાની અભિલાષાથી એકલા એકલા જઇ રાજાનું દર્શન કરવું નહિ, તેમ કરવાથી ખરેખર બીજાઓને દ્વેષ અને અવિશ્વાસ વિગેરે ઉત્પન્ન થવાનો સંભવ છે. કારણ જે ઘણા સ્વામિવાળો સમુદાય હોય તે અવશ્ય સીદાય છે કહ્યું છે કેઃ—

सर्वे यत्र विनेतारः, सर्वे पण्डितमानिनः ।
सर्वे महत्त्वमिच्छन्ति, तच्छृन्दमवसीदति ॥ ६ ॥

શબ્દાર્થ—જે સમુદાયમાં સઘળા નાયક હોય, સઘળા પોતાને પંડિત માનનારા હોય, અને સઘળા મહત્તાને ઇચ્છનારા હોય તે સમુદાય સીદાય છે. અર્થાત્ નાશ પામે છે. ૬

વળી આપસ્સ આપસના ગુપ્ત વિચારોનો ભેદ કરવો, ચાડી ખાવી અને કોઇને રૂસવત આપવી વિગેરે કાર્યો કરવાં નહિ. વળી કહ્યું છે કે, જો બે પક્ષમાં તકરાર ઉભી થઈ હોય તો પોતે ત્રાજવાની સમાન મધ્યસ્થ થવું. પરંતુ રૂસવત વિગેરે લઇ સ્વજનની સાપેક્ષાથી નીતિમાર્ગનું ઉલ્લંઘન કરવું નહિ. વ્યાખ્યા–" ધન ધાન્ય અને ભૂમિ વિગેરેના સંબંધમાં બે પક્ષ વચ્ચે તકરાર ઉભી થઇ હોય તો મધ્યસ્થ થવું જોઇએ. પરંતુ સ્વજન સંબંધી રૂસવતનો ઉપચાર (ભક્તિ) કરવા વિગેરેથી નીતિમાર્ગનો ત્યાગ કરવો નહિ. દાન, કર વિગેરે વધારી બળવાન પુરૂષે દુર્બલ પુરૂષનો પરાભવ કરવો નહિ. અને સ્વલ્પ અપરાધમાં ન્યાયની કોર્ટ સુધી લઇ જઇ દંડ કરાવે નહિ. વ્યાખ્યા–" સ્વલ્પ અપરાધ છતાં પણ દંડ અપાવવામાં અને દાન કે બીજા કરને વધારવામાં પરસ્પર વિરોધ થવાથી સમુદાયનો ભંગ થાય છે. અર્થાત્ સમુદાયમાં ભંગાણ પડી જાય છે, અને જ્યારે સમુદાયમાં ફાટફુટ થાય ત્યારે સમુદાયનો પરાભવ જ થાય છે. તેથી ઐકયતા જાળવવા માટે નાગરિકોએ વિચાર પુરઃસર દરેક કાર્ય કરવામાં પ્રવૃત્તિ કરવી જોઇએ. જેથી ભવિષ્યમાં પશ્ચાતાપ કરવાનો વખત આવે નહિ. કહ્યું છે કેઃ—

संहतिः श्रेयसी पुंसां, स्वपक्षेतु विशेषतः ।
तुषैरपि परिभ्रष्टा, न प्ररोहन्ति तन्दुलाः ॥ ७ ॥

શબ્દાર્થ—પુરૂષોનો ઐક્યતારૂપ સમુદાય છે તેજ કલ્યાણકારી છે. તેમાં પણ પોતાના પક્ષમાં તો સંહતિ-વિશેષપણે શ્રેયષ્કર છે. જેમ ત્વચા (ફોતરા) થી ભ્રષ્ટ થએલા તંદુલો (ચોખાઓ) અંકુરિત થતા નથી, તેવીજ રીતે સંહતિ-સમુદાયથી ભ્રષ્ટ થએલા પુરૂષો ઉન્નતિને પ્રાપ્ત થતા નથી. ૭

ભાવાર્થ—વળી પોતાના આત્મહિતની અભિલાષા રાખનાર પુરૂષોએ કારણિક પુરૂષોની સાથે દ્રવ્ય સંબંધી વહિવટ કરવો નહિ તો સ્વામીની સાથે દ્રવ્યનો વહિવટ કેમ થાય ? વ્યાખ્યા—" પોતાના હિતને ઇચ્છનાર પુરૂષોએ લક્ષ્મી વ્યયના, રાજાના, દેવના અને ધર્મના અધિકારી વર્ગની સાથે તથા તેમનાથી આજીવિકા કરનાર અન્ય પુરૂષોની સાથે પણ અર્થ સંબંધી–દ્રવ્ય સંબંધી વહિવટ કદિપણ કરવો નહિ. કારણકે તે પુરૂષો દ્રવ્યને ગ્રહણ કરતી વખતે ખરેખર કૃત્રિમ આલાપ વિગેરેથી પ્રસન્નતાને દર્શાવે છે. પરંતુ જ્યારે તે દ્રવ્ય પાછું લેવાનો વખત આવે, ત્યારે પોતાના આવેલા દ્રવ્યની ઉઘરાણી કરાએલા તે પુરૂષો પોતાના તિલના તુષ જેટલા ઉપકારને પ્રગટ કરી તેજ વખતે દાક્ષિણ્યતાનો ત્યાગ કરે છે. તેથી નાગરિકોએ અધિકારી વર્ગની સાથે દ્રવ્ય સંબંધી વહિવટ કરતાં વિચાર કરવો. કારણ કે તેમની સાથે દ્રવ્ય સંબંધી વહિવટ કરવામાં લક્ષ્મીનો વિનાશ અને પરિણામે તેમની સાથે વૈર અને વિરોધ થવાનો પ્રસંગ આવી પડે છે. માટે નાગરિકોએ વિચાર કરી તેમની સાથે વર્ત્તન કરવું. જેથી ભવિષ્યમાં પશ્ચાતાપ કરવાનો પ્રસંગ આવે નહિ. કહ્યું છે કે:—

द्विजन्मनःक्षमामातु, र्द्वेषःप्रीतिः पणस्त्रियः ।
नियोगिनश्च दाक्षिण्यमरिष्टानां चतुष्टयम् । ८

શબ્દાર્થ—બ્રાહ્મણોની સાથે ક્ષમા, માતાની સાથે દ્વેષ, વેશ્યાની સાથે પ્રીતિ અને અધિકારી વર્ગની સાથે દાક્ષિણ્યતા રાખવી એ ચાર અશુભનાં કારણ છે. ૮

ભાવાર્થ—વળી પ્રભુની સાથે તો વિશેષપણે દ્રવ્ય સંબંધી લેવડદેવડ કરવીજ નહીં. કારણ કે તેમની સત્તા નીચે રહી દ્રવ્ય પાછુ મેળવવું તો દૂર રહ્યું પરંતુ પોતાના જાનમાલનો પણ નાશ થવાનો વખત આવે છે તેથી નાગારકોએ દ્રવ્ય વ્યવહારમાં વિચાર પુરસ્સર પ્રવર્ત્તન કરવું જોઇએ.

ઉપર જણાવ્યા પ્રમાણે નાગરિક પ્રત્યેના ઉચિત આચરણને સમાપ્ત કરતાં પરતીર્થિક સંબંધી ઉચિત આચરણ કહે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાયે કરી નાગરિકોની પરસ્પર ઉચિત આચરણનું શાસ્ત્રાનુસાર વર્ણન કર્યું. હવે પરતીર્થિક પ્રત્યેનું ઉચિત આચરણ કાંઇક સંક્ષેપથી

વર્ણન કરૂં છું. તેમાં પ્રથમ પરતીર્થિકોને નામ માત્રથી ઓળખાવે છે. બૌદ્ધ, વૈષ્ણવ અને શૈવ એ દરેકના ચાર ચાર ભેદો છે. અને કપિલ મતાવલંબી તથા કૌલ-મતાવલંબી (વામી) ની અપેક્ષાએ મીમાંસકના બે ભેદો છે. હવે ઉપરોકત પરતીર્થિઓ પ્રત્યેનું કર્ત્તવ્ય કહે છે. ઉપર જણાવેલા પરતીર્થિઓ પોતાને ઘેર ભિક્ષા નિમિત્તે પ્રાપ્ત થયા હોય તો તેમનું ઉચિત કાર્ય કરવું. તેમાં પણ રાજાના પૂજનિકોનું તો વિશેષપણે ઉચિત આચરણ કરવું. અહિં કોઈ શંકા કરે કે અસંયતી એવા પરતીર્થિઓનું ઉચિત આચરણ શા માટે કરવું જોઇએ ? એવી શંકાના સમાધાનમાં ગ્રંથકાર મહારાજ કહે છે કે યદ્યપિ ચિત્તમાં ભકિત ન હોય, તેમનામાં રહેલા ગુણોની અંદર પક્ષપાત ન હોય તોપણ પોતાને ઘેર આવેલા પરતીર્થિઓનું ઉચિત આચરણ કરવું એ ગૃહસ્થોનો ધર્મ છે. આ વ્યવહાર એક દર્શનવાળાએજ અનુસરેલો છે. અમે નહીં પરંતુ આ વ્યવહાર સર્વ દર્શનવાળાને સમ્મત છે એ હેતુથી કહે છે કે ઘેર આવેલા પરતીર્થિઓનું ઉચિત આચરણ કરવું તથા કષ્ટમાં પડેલાઓનો ઉદ્ધાર કરવો અને દુઃખી થએલા પરતીર્થિઓના ઉપર દયા લાવવી એ ધર્મ સર્વ મતાવલંબીઓને સમ્મત છે. વ્યાખ્યા–" પુરૂષની અપેક્ષાએ ઘેર આવેલા પરતીર્થિઓને મીઠા વચનથી બોલાવવા, આસન આપવું, આમંત્રણ કરવું અને તેમનું કાર્ય કરી આપવું. વિગેરેને ઉચિત આચરણ કહે છે. બાકીનો અર્થ સ્પષ્ટ છે. " હવે ઉચિત આચરણના ફળને પ્રગટ કરે છે. પૂર્વે જણાવેલી યુકિતથી પિતા અને માતાનું ઉચિત આચરણ કરનારા અને પ્રસન્ન મુખવાળા પુરૂષો જૈનધર્મના અધિકારી થાય છે. અર્થાત્ સમકિત, દેશવિરતિ અને સર્વ વિરતિરૂપ જૈનધર્મને યોગ્ય થાય છે. જે પુરૂષો ઉપર જણાવેલા નવ પ્રકારના લૌકિક એવા પણ ઉચિત આચરણ માત્ર કાર્યને વિષે તત્પર થતા નથી, તે પુરૂષો લોકોત્તર પુરૂષની તીક્ષ્ણ બુદ્ધિથી ગ્રહણ કરી શકાય, તેવા જૈનધર્મને વિષે કેવી રીતે પ્રવીણ થાય ? તેથી સર્વ ગુણોની પ્રાપ્તિ થયા છતાં પણ પ્રથમ ધર્માર્થી પુરૂષે અવશ્ય ઉચિત આચરણ કરવામાં નિપુણ થવું જોઇએ. ઉત્તમ પુરૂષોને ઉચિત આચરણની પ્રવૃત્તિ સ્વાભાવિક હોય છે, તે દેખાડે છે. " જેમ સમુદ્રો મર્યાદાનો ત્યાગ કરતા નથી, પર્વતો પોતાના સ્થાનથી ચલાયમાન થતા નથી તેમ ઉત્તમ પુરૂષો કદિપણ ઉચિત આચરણનું ઉલ્લંઘન કરતા નથી." તેજ વાતને દૃષ્ટાંતથી દૃઢ કરે છે. જગતના ગુરૂ તીર્થંકરો પણ ગૃહસ્થાવસ્થામાં પોતાના માતા પિતાનું અભ્યુત્થાનાદિક ઉચિત આચરણ અવશ્ય કરે છે. વ્યાખ્યા–" જેણે ત્રણ જગતના લોકોની કાંઇપણ પરવા નથી તેવા જગદ્ગુરૂ તીર્થંકરોએ પણ જ્યારે ઉપરોકત રીતિ એ પોતાના માતા પિતા વિગેરેનું ઉચિત આચરણ આચરેલું છે, ત્યારે બીજા સામાન્ય પુરૂષોએ તો અવશ્ય વિશેષપણે તે ઉચિત આચરણ કરવામાં પ્રયત્ન કરવો જોઇએ. જેથી વિશેષ ધર્મને મેળવવા ભાગ્યશાળી થવાય. કહ્યું છે કે:–

विद्याःसन्ति चतुर्दशापि सकलाः खेलंतु तास्ताः कलाः
कामं कामितकामकामसुरभिः श्रीः सेवतां मन्दिरम् ।
दोर्दण्डद्वयडम्बरेण तनुतामेकातपत्रां महीम्
न स्यात् कीर्त्तिपदं तथापि हि पुमानौचित्यचञ्चूर्न चेत् ॥૯॥

શબ્દાર્થ—ભલે ચતુર્દશ વિદ્યાઓ હોય, તેને સર્વ કલાઓ ક્રીડા કરતી હોય, અત્યંત ઇચ્છિત કામનાને પૂરનારી કામધેનું હોય, નિરંતર લક્ષ્મી મંદિરને સેવતી હોય, અને બે ભુજા દંડના આડંબરથી પૃથ્વીને એક છત્ર નીચે વિસ્તારી હોય તોપણ જો પુરૂષ ઉચિત આચરણ કરવામાં નિપુણ ન હોય તો તે પુરૂષ અવશ્ય કીર્ત્તિના આસ્પદને પ્રાપ્ત થતો નથી. ૯ ॥

વળી વખતસર પ્રાપ્ત થએલા અભ્યાગતોની બરદાસ મ્હોટા ફળને માટે થાય છે. તે ઉપર જેમ લોકોમાં **શાલિવાહન**નો પ્રબંધ પ્રખ્યાત છે. તેમ ગ્રંથકાર મહારાજ બતાવે છે.

પ્રતિષ્ઠાન પુરમાં **સાતવાહન**—શાલિવાહન નામે રાજા હતો. તે એક વખતે અશ્વથી હરણ કરાએલો અટવીમાં આવી પડયો. તે અટવીમાં એક વડ નીચે બેઠેલા ભિદત્રની સાથે રાજાને મૈત્રી થઈ. આજે આ રાજા મ્હારો અતિથિ છે, એમ વિચારી ભિદત્રે રાજાને સાથવાનું ભોજન આપી સત્કાર કર્યો. અનુક્રમે રાત્રિમાં ઘણી શીત પડતાં ભિદત્રે રાજાને પોતાના ઘરની અંદર વિશ્રામ કરાવ્યો અને પોતે ઘરની બ્હાર સુતો. રાત્રિમાં તે ભિદત્ર શીતની અતિ પીડાથી મરણ પામ્યો. તે જોઈ તેની ભાર્યા ભિલડી હાથમાં કાતિ ગ્રહણ કરી હું તને સ્ત્રીહત્યા આપીશ એમ રાજાને કહ્યું. તે અવસરે રાજાએ પણ દશ હજાર સોનામ્હોર આપી ભિલડીને ખુશી કરી પછી તેની સેના આવી પહોંચી. તેની સાથે રાજા નગરમાં પ્રાપ્ત થયો ત્યાં રાજ્યનું પાલન કરતાં રાજાને ભિદત્રનું મૃત્યુ સ્મરણમાં આવવાથી રાજાને ચિંતા થઇ કે " દાનનું ફળ નથી તો પછી આ લોકમાં અનર્થ થવાનો સંભવ છે. " પછી રાજાએ પંડિતોને બોલાવીને પુછયું કે તમે મને દાનનું ફળ પ્રત્યક્ષ બતાવો, નહીં તો માનવયંત્રથી તમારો નાશ કરવામાં આવશે. તે પંડિતો રાજાને પ્રત્યુત્તર આપવાને અસમર્થ થએલા આપસઆપસમાં વિચાર કરવા લાગ્યા. એમ વિચાર કરતાં છ માસ થઇ ગયા પછી પંડિતોમાં મુખ્ય એવા **વરરૂચિ** નામના પંડિતે સરસ્વતીને પ્રત્યક્ષ કરી પૂછયું. સંતુષ્ટ થએલી તે દેવીએ કહ્યું કે આ નગરમાં **ધનપતિ** નામે એક વેપારી છે તેને ઘેર એક માસની અંતે પુત્ર ઉત્પન્ન થશે, તે બાલક જન્મતાંની સાથે તને બોલાવશે તે વખતે

ત્હારે રાજાને સાથે લઇ ત્યાં જવું તે બાલક દાનનું પ્રત્યક્ષ ફળ બતાવશે. તે પછી એક મહીનાની અંતે તે શેઠને ત્યાં પુત્ર થયો, તેણે પ્રગટ અક્ષરવાળી વાણીથી વરરૂચીને બોલાવ્યો તે રાજાને સાથે લઈ ધનપતિને ઘેર ગયો તે બન્નેની આગળ બાલક બોલ્યો કે "હે મહારાજ! તમે જય પામો. જે ભિક્ષુએ વનમાં તમને સાથવાનું દાન આપ્યું હતું, તે હું છું અને નવ કોડ સુવર્ણના સ્વામી ધનપતિનો હું પુત્ર થયો છું તેથી દાનનું ફળ આ લોકમાં પણ છે." આ વાતને સાંભળી રાજા વિગેરે ચમત્કાર પામ્યા અને તે દિવસથી રાજા વિગેરે લોકો દાન આપવામાં તત્પર થયા.

તથા દીન અનાથને દુઃખી વિગેરેને વિષે તો દયાથી દાન આપવું જોઇએ તેને માટે કહ્યું છે કેઃ મોક્ષફળના દાનને વિષે પાત્ર તથા અપાત્રની સમાલોચના કરવાની છે, પરંતુ જે દયા દાન છે તેનો કોઇ પણ ઠેકાણે તત્ત્વજ્ઞોએ નિષેધ કરેલો નથી. હવે ગ્રંથકાર મહારાજ ગુણની સમાપ્તિ કરતાં ફળ દર્શાવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે અતિથિ વિગેરેની પ્રતિપત્તિ કરવામાં તત્પર અને સદ્બુદ્ધિ વાળો ગૃહસ્થ પોતાના આત્માને વિષે ગૃહસ્થધર્મની યોગ્યતાને આરોપણ કરે છે.

विंशतितमः गुणवर्णन.

હવે માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ પૈકી ઓગણીશમા ગુણનું વિવરણ સમાપ્ત કરી અનુક્રમથી પ્રાપ્ત થએલ "હમેશાં અભિનિવેશ (મિથ્યાગ્રહ) નો ત્યાગ કરવારૂપ" વીશમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

જે પુરૂષ આગ્રહરહિત હોય તેને અનભિનિવિષ્ટ એટલે અનાગ્રહી કહેવામાં આવે છે અને નીતિમાર્ગને નહીં પ્રાપ્ત થએલા પુરૂષને પણ બીજાથી મ્હારો પરાભવ થશે એવા પરિણામથી કાર્યનો આરંભ કરવો તેને અભિનિવેશ (આગ્રહ) કહેવામાં આવે છે. અને તે અભિનિવેશ નીચ પુરૂષોને જ હોય છે. કહ્યું છે કેઃ-દુરાગ્રહ નિષ્ફળ નીતિ અને ગુણરહિત મુશ્કેલી ભરેલા આરંભો કરાવી નીચ લોકોને શ્રમ આપે છે. પ્રવાહની સામે તરવાના વ્યસનવાળા મચ્છો તેવા દુરાગ્રહથી જ વૃથા પરિશ્રમ કરે છે.

શઠતાને લઇને નીચ પુરૂષોને પણ કોઇક વખતના અભિનિવેશપણાનો સંભવ છે. આથી કહે છે કે હમેશાં આગ્રહ રહિત હોય તે પુરૂષ ધર્માધિકારી થાય છે. અને આગ્રહવાળો પુરૂષ પ્રાયે કરીને તત્વાદિકના વિચારની બાહાર હોવાથી જમાલી વિગેરેની પેઠે પોતાના અંગીકાર કરેલાને જ પ્રતિપાદન કરે છે. કરાતું અને કરેલું એ બન્નેમાં સર્વ પ્રકારે પૃથક્ ભાવજ છે તેમ માનવાથી અભિનિવેશિક નામના મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કેઃ—

જેમ અજીર્ણથી જ્વરની પ્રાપ્તિ થાય છે અને સૂર્યના અભાવે અંધકાર થાય છે. તેમ નૃશંસ એટલે આત્માના ગુણનો ઘાત કરનાર એવા અભિનિવેશ (આગ્રહ) થી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે એમ સમજવું. વળી જેના મનની અંદર અત્યંત વેગવાળો અભિનિવેશ રૂપી વિષનો વેગ પ્રસરે છે તેને વિષે ગુરૂના ઉપદેશરૂપ મંત્રને પ્રયુક્ત કર્યો હોય તો પણ સંક્રમણ થતો નથી. જેમ રાવણ અને દુર્યોધનને

વિષે અનુક્રમે વિભીષણ અને ભીષ્મપિતામહના ઉપદેશો સંક્રમણ થયા ન હતા. કહ્યું છે કેઃ—

आग्रही बत निनीषति युक्तिं, यत्र तत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु बुद्धिर्यत्र तत्र सुखमेति निवेशम् ॥१॥

શબ્દાર્થ— જે આગ્રહી પુરૂષની બુદ્ધિ જે પદાર્થમાં આગ્રહવાળી હોય તેમાં આગ્રહી પુરૂષ યુક્તિને લઇ જવા ઇચ્છે છે અને પક્ષપાત રહિત એવા પુરૂષની મતિ તો જ્યાં યુક્તિ હોય ત્યાં પ્રવેશ કરે છે.

હવે ગ્રંથકાર મહારાજ ગુણની સમાપ્તિ કરતાં ફળ દેખાડે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે જે સરળ હૃદયવાળા પુરૂષો દુઃખના સ્થાનભૂત અભિનિવેશ (આગ્રહ) નો ત્યાગ કરે છે તે વિશાળ બુદ્ધિવાળા અને નિષ્કપટી પુરૂષો ગૃહસ્થધર્મને યોગ્ય થાય છે.

एकविंशतितमः गुणवर्णन.

હવે માર્ગાનુંસારીના પાંત્રીશ ગુણ પૈકી વીશમાં ગુણનું વર્ણન પુરૂં કરી ક્રમથી પ્રાપ્ત થયેલ "ગુણમાં પક્ષપાત કરવારૂપ" એકવીશમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

સુજનતા, ઉદારતા, દાક્ષિણ્યતા વિનય અને પ્રેમ પૂર્વક પ્રથમ બોલાવવાપણું વિગેરે તથા પોતાના કે પરના ઉપકારનું કારણભૂત એવા આત્માના ધર્મરૂપ ગુણો કહેવાય છે. તે ગુણોને વિષે પક્ષપાત કરનાર હોય. પક્ષપાતતો એ છે કે ગુણોને વિષે બહુમાન, તે ગુણોની પ્રશંસા અને સહાય્ય આપવા વિગેરેથી અનુકૂળ પ્રવૃત્તિ કરવી તેને પક્ષપાત કહે છે. તે ગુણોનો પક્ષપાત કરનારા પુરૂષો ખરેખર ફળવાળા પુણ્યરૂપ બીજને સિંચન કરવાથી આ લોક અને પરલોકમાં ગુણના સમૂહની સંપત્તિને પ્રાપ્ત કરે છે. ત્યારે રામચંદ્રજી અને લક્ષ્મણજીએ અયોધ્યાથી વનવાસ કરવાને માટે પ્રયાણ કર્યું તે વખતે માર્ગમાં માળવા દેશમાં પ્રવેશ કરતાં માળવ દેશના અધિપતિ સિંહોદર રાજાની સાથે યુદ્ધમાં ગુરૂ પાસે જિનેશ્વર શિવાય બીજાને મહારે નમસ્કાર ન કરવો એવા અભિગ્રહને ગ્રહણ કરનાર અને શુદ્ધ સમ્યકત્વને ધારણ કરનાર વજ્રકર્ણ રાજાના ગુણનો પક્ષપાત કરી રામ લક્ષ્મણે સિંહોદર રાજાનો નિગ્રહ કરી વજ્રકર્ણ રાજાને મદદ કરી, કહ્યું છે કે—

ना गुणी गुणिनं वेत्ति, गुणी गुणिषु मत्सरी ।
गुणी च गुणरागी च, विरलः सरलो जनः ॥१॥

ભાવાર્થ—જે ગુણ વગરનો છે, તે ગુણિ પુરૂષને જાણતો નથી, અને જે ગુણવાન્ હોય છે, તે બીજા ગુણિ પુરૂષો ઉપર અદેખાઇ કરનાર હોય છે. તેથી પોતે ગુણવાન્ હોય અને બીજાના ગુણની અંદર રાગ કરનાર સરળ મનુષ્ય તો કોઇ વિરલો જ હોય છે. ૧

ભાવાર્થ—હે ભાઇ ! તું પૂર્ણ લક્ષ્મીવાળો હોય તો પણ ગુણોને વિષે અનાદર કરીશ નહિ. ઘડો સંપૂર્ણ હોય તો પણ ગુણ (દોરી) છેદાઇ જવાથી કૂપની અંદર નીચે પડે છે. અંતરંગમાં ગુણોને ધારણ કરનારા પુરૂષો જ અન્ય પુરૂષોના હૃદયમાં સ્થિર થાય છે (વાસ કરે છે.) એ સમગ્ર અર્થને પુષ્પોની માળાઓ દૃઢ કરી બતાવે છે. જેમ પુષ્પોની માળાઓ પોતાની અંદર ગુણ (દોરી) ને ધારણ કરે છે તેથી તે બીજાના હૃદય ઉપર આરૂઢ થવાને સમર્થ થાય છે, તેમજ જે પુરૂષો પોતાના હૃદયમાં ઔદાર્યાદિક ગુણોને ધારણ કરે છે, તે પુરૂષો અવશ્ય અન્ય પુરૂષોનાં હૃદયમાં વાસ કરે છે. પ્રથમ સંપૂર્ણ ભૂતળને ભૂષિત કરનારા ગુણિ પુરૂષો તો દૂર રહો, પરંતુ સાંપ્રતકાળમાં જે પુરૂષોને ગુણોની અંદર અનુરાગ છે, તેવા પુરૂષો પણ દુર્લભ છે. વળી જે ધનુષ્ય સંગ્રામમાં શત્રુના સૈનિકોની શ્રેણિઓને વિષે પૃષ્ટ દેખાડે છે, જે ધનુષ્ય સંગ્રામમાં જ વક્રતાને ધારણ કરે છે, અને જે કઠોર ધનુષ્ય સંગ્રામમાં કઠિન ધ્વનિને ફેંકે છે, તો તેવા પ્રકારના દોષને ભજનાર ધનુષ્યના ગુણ (પણચ) ને ગ્રહણને કરતો આ રાજા પ્રગટપણે વિખ્યાત થએલો ગુણગ્રાહીઓની સીમારૂપ છે. ગુણની અંદર પક્ષપાત કરવામાં ન આવે, તો વસુરાજા વિગેરેની પેઠે અનર્થ જ પ્રાપ્ત થાય છે. હવે ગ્રંથકાર મહારાજ એકવીશમા ગુણની સમાપ્તિ કરતાં ફળ બતાવે છે. જે બુદ્ધિમાન્ પુરૂષો અન્ય પુરૂષોના સદ્ગુણોનો ઉલ્લાસ કરનારા છે, તે પુરૂષો સદ્ધર્મના બીજરૂપ સમ્યક્ત્વને આત્માની અંદર આરોપણ કરે છે.

द्वाविंशतितमःगुणवर्णन.

હવે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ પૈકી એકવીશમા ગુણનું વર્ણન સમાપ્ત કરી ક્રમથી પ્રાપ્ત થએલ "અદેશ અને અકાળ ચર્યાનો ત્યાગ કરવારૂપ" બાવીશમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

અદેશ અને અકાળ એટલે નિષેદ્ધ કરેલા દેશ તથા કાળને વિષે ચર્યા–ગમનનો ત્યાગ કરનાર પુરૂષ ગૃહસ્થધર્મને યોગ્ય થાય છે. નિષેધ કરેલા દેશ તથા કાળનું આચરણ કરનાર પુરૂષ રાજા અને ચોર વિગેરેથી અવશ્ય ઉપદ્રવને પ્રાપ્ત થાય છે. નિષિદ્ધ કરેલ દેશો નીચે પ્રમાણે છેઃ—

કારાગૃહ તથા વધ કરવાના સ્થાનમાં, જુગાર રમવાના સ્થાનમાં, પરાભવના સ્થાનમાં, ભંડારના મકાનમાં અને બીજાના અંતેઉરમાં જવું નહીં. ખરાબ સ્થાનમાં, સ્મશાનમાં, શૂન્ય સ્થાનમાં, ચાર રસ્તા જ્યાં ભેગા થતા હોય તેવા સ્થાનમાં, ધાન્યના કોતરાં તથા સુકાં ઘાસથી વ્યાપ્ત થએલા સ્થાનમાં, ઉકરડાની જગ્યામાં ઉખર ભૂમિમાં, બગીચામાં, નદીના કાંઠામાં, સભામાં, ચોતરામાં, રસ્તામાં અને ચોર વેશ્યા તથા નટ વિગેરેના સ્થાનમાં બુદ્ધિમાન્ પુરૂષ ગમન કરે નહીં, તથા કુબડાની, ખરાબ મિત્રની અને રાજાના દૂતની સાથે ગોષ્ઠી અને નિષિદ્ધ કરેલ કાળમાં ગમન કદિ પણ કરે નહીં. માર્ગમાં એકાકી ગમન કરવું નહીં અને જ્યારે સર્વ શયન કરે ત્યારે એકાકી જાગવું નહીં. કારણ રસ્તામાં એકલા ચાલવાથી અનર્થ અથવા તો મરણ થાય છે. નીતિને વિષે કહ્યું છે કે, " વખત વગરની ચર્યા, અશદશની સાથે ગોષ્ઠી અને કુમિત્રની સેવા કદિ પણ કરવી નહીં, જુઓ કમળના વનમાં સુતેલા પક્ષીને ધનુષ્યથી છુટા પડેલા બાણે માર્યું હતું. તેજ વૃત્તાંતને પ્રતિપાદન કરે છેઃ—

કોઇ વનમાં સરોવરની સમીપમાં **મંદરરક્ષા** નામે હંસ રહેતો હતો. એક વખતે તે સ્થાનમાં એક ઘુવડ પક્ષી આવ્યો. હંસે તેને બોલાવ્યો કે, તું કોણ છે ?

અને આ વનમાં તું કયાંથી આવ્યો છે ? એમ હંસના પુછવાથી તે ઘુવડ પક્ષીએ કહ્યું કે, હું તમારા ગુણોનું શ્રવણ કરી તમારી સાથે મિત્રતા કરવા માટે આવ્યો છું. તે પછી હંસ અને ઘુવડની આપસ આપસમાં મૈત્રી થઇ અને તે બન્ને પક્ષીઓ સાથે ક્રીડા કરે છે. એક વખતે હંસની આગળ ઘુવડે કહ્યું કે એક વાર તમારે પણ મ્હારા સ્થાનમાં આવવું. એવી રીતે કહીને હંસની રજા લઈ ઘુવડ પક્ષી પોતાના સ્થાન પ્રત્યે ચાલ્યો ગયો. પછી કોઇક વખતે હંસ પણ તેના સ્થાનમાં ગયો ત્યાં ઘણાં સ્થાનોમાં જોયો પણ ઘુવડ જોવામાં આવ્યો નહીં; પછી કોઈ વૃક્ષની બખોલમાં પેઠેલા ઘુવડને જોયો ત્યારે હંસે કહ્યું કે " હે ભદ્ર ? તું બખોલમાંથી બહાર આવ, હું હંસ છું અને તને મળવા માટે આવ્યો છું. " ત્યારે ઘુવડે કહ્યું કે, " હે ભાઇ ? દિવસમાં હું બહાર નિકળવાને સમર્થ નથી તેથી તમે અહીં રહો. રાત્રિમાં તમારી સાથે ગોષ્ઠી કરીશ. " અનુક્રમે રાત્રિ પડતાં બન્ને પક્ષીઓ મળ્યા અને પરસ્પર કુશળ વાર્ત્તાઓ વર્ત્તી ગોષ્ઠી સમાપ્ત થતાં હંસ ત્યાંજ સુઈ ગયો, તે વખતે તે વનમાં રાત્રિમાં કોઈ સાર્થ પડાવ નાંખીને રહ્યો છે, રાત્રિના પાછલા પહોરે સાર્થને ચાલવાના વખતમાં ઘુવડે બરાબ સ્વરવાળો શબ્દ કર્યો અને પોતે નદીના બિલમાં પ્રવેશ કરી ગયો અને હંસને તો ત્યાંજ સુતો મુકયો. તે પછી તે ઘુવડના શબ્દને સાંભળી ક્રોધયુક્ત થએલા સાર્થપતિએ દુઃષ્ટ શકુનની નિવૃત્તિ કરવાને માટે શબ્દવેધી બાણથી હંસને મારી નાંખ્યો. આ કારણથીજ અકાળ ચર્યા ન કરવી ઇત્યાદિ કહેવામાં આવ્યું છે.—હવે ગ્રંથકાર મહારાજ બાવીશમા ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ આપે છે. ધર્મને અર્થે પોતાના આત્માનું કલ્યાણ ઇચ્છનાર અને હમેશાં સ્થિરતાને ધારણ કરનાર એવા વિચારના જાણ પુરૂષે નિષિદ્ધ કરેલી દેશચર્યા અને કાળચર્યાનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

त्रयोविंशतितमःगुणवर्णन.



વે માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ પૈકી બાવીશમા ગુણનું વર્ણન પુરૂ કરી ક્રમથી પ્રાપ્ત થયેલ "પોતાના અથવા પરના બળાબળને જાણવારૂપ" ત્રેવીશમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

પોતાની અથવા બીજાની શક્તિને એટલે દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ વિગેરેથી કરેલા સામાર્થ્યને જાણતો અને તેવીજ રીતે સ્વપરના અસામર્થ્યને પણ જાણતો એવો પુરૂષ ધર્મને યોગ્ય થાય છે. પોતાના અને બીજાના બલાબલનું જ્ઞાન થયે છતે બરેબર સઘળો આરંભ સફળ થાય છે, નહી તો તે સઘળો આરંભ નિષ્ફળ છે. કહ્યું છે કે:—

स्थाने शमवतां शक्त्या, व्यायामे वृद्धिरङ्गिनाम् ।
अयथाबलमारंभो, निदानं क्षयसम्पदः ॥ १ ॥

શબ્દાર્થ—શક્તિની યોગ્યતા પ્રમાણે પરિશ્રમ કરવામાં આવે તો ઉપશમવાળા પ્રાણિઓની સંપદા વૃદ્ધિ પામે છે અને શક્તિનું ઉલ્લંઘન કરી જે આરંભ પરિશ્રમ કરવો છે તે સંપત્તિના વિનાશનું કારણ છે. ૧

ભાવાર્થ—અનુચિત કાર્યનો આરંભ કરવો, પ્રજાની સાથે વિરોધ કરવો, બળવાન્ પુરૂષની સાથે સ્પર્દ્ધા કરવી અને સ્ત્રીજનનો વિશ્વાસ કરવો એ ચારે મૃત્યુનાં દ્વાર છે. સ્વ અને પરના બળાબળ વિગેરેના જ્ઞાન પૂર્વક કાર્યનો આરંભ કરવાથી યશ, સ્વાર્થની સિદ્ધિ અને મહિમા વિગેરેની પ્રાપ્તિ થાય છે. લક્ષણાવતી નગરીના અધિપતિ લક્ષણસેન રાજાના મંત્રી **કુમારદેવ**ની પેઠે કીર્તિ વિગેરે થાય છે. તેજ વૃત્તાંતને ગ્રંથકાર મહારાજ પ્રતિપાદન કરે છે.

લક્ષણાવતી નગરીને વિષે **લક્ષણસેન** નામે રાજા રાજ્ય કરતો હતો અને તેને બીજું જીવિત હોય તેની પેઠે **કુમારદેવ** નામે મંત્રી હતો. તેજ સમયમાં

વારાણુસીનામા નગરીને વિષે સાઠ લાખ અશ્વોનો અધિપતિ **જયંતચંદ્ર** નામે રાજા રાજ્ય કરતો હતો અને તે રાજાને મહાશયોમાં, અન્નદાતાઓમાં અને સત્યવાદીઓમાં અગ્રેશ્વર **વિદ્યાધર** નામે મંત્રી હતો. એક વખતે જયંતચંદ્ર રાજાની સભામાં એવી વાર્ત્તા નીકળી કે લક્ષણાવતી નગરીનો કીલ્લો મુશીબતથી લઈ શકાય તેવો છે. અને તે નગરીનો રાજા પણ બળવાન્ છે. એમ એ વાતને ધારણ કરી કાશીના અધીપતિ જયંતચંદ્રે પ્રતિજ્ઞા કરી કે–"અમારે અહિંથી ચઢાઇ કરી તેજ કીલ્લો કબજે લેવો. જો હું તે કીલ્લાનો કબજો ન લઈ શકું તો જેટલા દિવસ સુધી હું કીલ્લાની નજીકમાં રહું તેટલા લક્ષ સુવર્ણ દંડમાં ગ્રહણ કરીશ અન્યથા હું પાછો ફરીશ નહીં." એવી પ્રતિજ્ઞા કરી જયંતચંદ્ર રાજા નીકળ્યો અને એકદમ લક્ષણાવતી નગરીની સમીપમાં આવ્યો. આ વાતની ખબર પડતાં લક્ષણસેન રાજા એ નગરીના દરવાજા બંધ કરાવી નગરીની અંદર રહ્યો. નગરીની અંદર પ્રથમથી ધાન્યાદિકનો સંગ્રહ કરેલો નહીં હોવાથી સર્વ વસ્તુઓનો સંકોચ થઇ પડયો. પછી નગરીની અંદર અને નગરીની બહાર રહેલા લશ્કરની વચ્ચે યુદ્ધ પ્રવર્ત્યું. અનુક્રમે યુદ્ધ કરતાં અઢાર દિવસ નીકળી ગયા. તે અવસરે લક્ષણસેન રાજાએ કુમારદેવ વિગેરે મંત્રિઓની આગળ કહ્યું કે, "જે આપણે આ શત્રુને દેશની અંદર પ્રવેશ કરતાં અટકાવ્યો નહીં તે ઘણું ખોટું કર્યું. હમણાં કિલ્લો ઘેરાએલો હોવાથી નગરીના લોકો દુઃખી થાય છે. તેથી પ્રાતઃકાળે નગરીથી બહાર નીકળી યુદ્ધ કરવું અને તેને હું દંડ તો આપીશજ નહીં." એવી રીતે પ્રતિજ્ઞા કરી યુદ્ધની સામગ્રીને કરાવે છે, તેજ રાત્રિને વિષે કુમારદેવ નામના મંત્રિએ વિચાર કર્યો કે જયંતચંદ્ર રાજા મહાન્ સૈન્યથી યુકત છે અને પ્રતિજ્ઞા પાળવામાં શૂરવીર છે અને હમારો રાજા પણ પ્રતિજ્ઞા પાળવામાં શૂરવીર છે તો પણ તેવા પ્રકારની સેનાથી યુકત નથી. "શકિતનું ઉલ્લંઘન કરી આરંભ કરવો છે, તે સંપત્તિના વિનાશનું કારણ છે" તેથી હમણાં જે તે ઉપાયથી શત્રુને પાછો ફેરવવો. એમ વિચાર કરી રાત્રીને વિષે ગુપ્ત વૃત્તિથી કુમારદેવ મંત્રી વિદ્યાધર મંત્રીની પાસે ગયો અને તેને નમસ્કાર કરો તેના ખોળામાં પત્રિકા મુકી તેની આગળ ઉભો રહ્યો. પછી વિદ્યાધર મંત્રીએ પુછયું કે "તમે કોણ છો? અને શામાટે આવ્યા છો?" તેણે કહ્યું કે "હું લક્ષણસેન રાજાનો મંત્રી કુમારદેવ છું અને તમને મળવાને આવ્યો છું. મારે તમને કાંઈક કહેવાનું છે. પરંતુ તે વચનથી કહેવાને અસમર્થ છું. તેથી આ પત્રિકા કહેશે." પછી વિદ્યાધર મંત્રીએ પત્રિકાને હાથમાં લઇ વાંચી લીધી તેમાં આ શ્લોક જોવામાં આવ્યો.

उपकारसमर्थस्य, तिष्ठन् कार्यातुरः पुरः।
मूर्त्त्या यामार्त्तिमाचष्टे, न तां कृपणया गिरा ॥३॥

શબ્દાર્થ—ઉપકાર કરવામાં સમર્થ એવા પુરૂષની આગળ કાર્ય કરાવવાને આતુર થએલો પુરૂષ ઉભો રહી જે પીડાને કહે છે તે પીડાને કૃપણ વાણીથી કહેતો નથી. ॥ ૨ ॥

એ શ્લોકના અર્થનો વિચાર કરી વિદ્યાધર મંત્રીએ વિચાર કર્યો કે, આ મહાન્ પુરૂષ મ્હારી પાસે આવ્યો છે અને જયંતચંદ્ર રાજા અહીંથી પાછો ફરે એમ એ ઇચ્છે છે તેમજ દંડ પણ આપવાને ઇચ્છતો નથી. વળી આ ભાર મ્હારા ઉપરજ આરોપણ કરે છે તે કારણથી આ કુમારદેવ મંત્રીને વ્યસન–કષ્ટરૂપ સમુદ્રમાંથી નિસ્તાર કરવો જોઇએ. કહ્યું છે કેઃ—જે પુરૂષનો આશ્રય લઇ સર્વ પ્રાણીઓ નિર્ભયતાથી સુઇ રહે છે, તેજ પુરૂષ લોકને વિષે પુરૂષ કહેવાય છે અને તેજ પુરૂષ આ લોકમાં પ્રશંસાને પ્રાપ્ત થાય છે. એમ વિચાર કરી તે પછી કુમારદેવ મંત્રીને કહ્યું કે, તમે ભય રાખશો નહીં. તેમજ દંડ પણ આપશો નહીં. પ્રાતઃકાળે અમારૂં સૈન્ય–લશ્કર આ સ્થાનમાં રહેશેજ નહીં. તેથી તમે પોતાના સ્થાન પ્રત્યે ચાલ્યા જાવ. આ પ્રમાણે કહી તેનો સત્કાર કરી વિદાય કર્યો પછી કુમારદેવ મંત્રી પોતાના સ્થાન પ્રત્યે ચાલ્યો ગયો. વિદ્યાધર મંત્રીએ પણ જયંતચંદ્ર પાસે જઇ કહ્યું કે હે રાજેન્દ્ર ? આજે આપણા અઢાર દિવસો વ્યતીત થઇ ગયા. કુમારદેવે પોતાની જાતે આવીને અઢાર લાખ સુવર્ણ દંડના સ્થાનમાં આપી ગયો છે. તેથી તેમને અભય આપો. આપ પ્રસન્ન થાવ અને આપ પોતાના સ્થાન પ્રત્યે પધારો. તેમનો કિલ્લો લેવો મુસીબત ભરેલો છે. આ પ્રમાણે શ્રવણ કરી, કાશીપતિ જયંતચંદ્રે તત્કાળ રાત્રિને વિષેજ પ્રયાણ કર્યું. આ વાત સાંભળી લક્ષણાવતીનો રાજા ખુશી થયો. તેણે પોતાના મંત્રી કુમારદેવને પુછયું કે, જયંતચંદ્ર કેમ ચાલ્યો ગયો ? મંત્રીએ જવાબ આપ્યો કે તમને યુદ્ધ કરવામાં તત્પર થયેલા સાંભળી ભયભીત થએલો તે પાછો ચાલ્યો ગયો. અનુક્રમે કાશી અધિપતિ કાશીની નજીક પ્રાપ્ત થયો તે વખતે જયંતચંદ્રે મંત્રીને આદેશ કર્યો કે લક્ષણાવતી નગરીના સ્વામીએ આપેલું દંડ સંબંધી સુવર્ણ યાચકોને આપી દો, જેથી મ્હારા યશની વૃદ્ધિ થાય. વિદ્યાધર મંત્રીએ રાજાને વિજ્ઞપ્તિ કરી કે કુમારદેવ મંત્રીએ એકજ રત્ન આપેલું છે તેથી તેનું સુવર્ણ એકદમ કેવી રીતે થઇ શકે ? રાજાએ કહ્યું કે જો એમ છે તો તે રત્ન મને બતાવો. પછી મંત્રીએ રાજાને પત્રિકામાં લખેલો શ્લોક બતાવ્યો અને કુમારદેવ મંત્રીના આગમન વિગેરેનો વૃત્તાંત કહી સંભળાવ્યો. એ વૃત્તાંતને જાણી જયંતચંદ્ર રાજાએ કહ્યું કે, હે મંત્રી ? વિદ્યાધર ? આ પત્રિકા તે વખતે મને કેમ ન બતાવી ? જેથી આપણે તેઓની ઉપર મ્હોટી કૃપા કરત. પછી જયંતચંદ્ર રાજાએ અઢાર લાખ સુવર્ણ યાચક વર્ગને આપ્યું અને અઢાર લાખ સુવર્ણ લક્ષણસેન રાજાને તથા અઢાર લાખ સુવર્ણ કુમારદેવ મંત્રીને મોકલી

આપ્યું; પછી પોતે કાશીમાં ગયેા. તે સુવર્ણ પ્રાપ્ત થયેલ તે લક્ષણસેન રાજાએ કહ્યું કે, હે મંત્રી ? આ સુવર્ણ શેનું આવ્યું ? કુમારદેવે કહ્યું કે હે દેવ ? તમને જયંતચંદ્ર રાજાએ દંડ તરીકે ભેટ મોકલાવ્યું છે તેથી લક્ષણાવતીનેા સ્વામી પ્રસન્ન થયેા અને સર્વ લેાકેાને કલ્યાણની પ્રાપ્તિ થઇ. આથીજ સ્વ અને પરના બળાબળને જાણનાર હેાય એમ કહ્યું છે.

હવે ગ્રંથકાર મહારાજ ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ફળ બતાવે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે બીજાઓના અને પેાતાના બલાબળને જાણનાર બુદ્ધિમાન્ પુરૂષ ફળવાળા આરંભના કાર્યવાળેા હેાવાથી ધર્મરૂપ કર્મને માટે અધિકારી થાય છે. ૨૩





चतुर्विंशगुणवर्णन.

વે માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ પૈકી ત્રેવીશમા ગુણની સમાપ્તિ કરી ક્રમથી પ્રાપ્ત થએલ " વ્રતમાં રહેલા અને જ્ઞાનથી વૃદ્ધોની પૂજા કરવારૂપ " ચોવીશમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

તથા અનાચારનો ત્યાગ કરવો અથવા સારી રીતે આચારનું પાલન કરવું, તેને વૃત્ત કહે છે. તે વૃત્તને વિષે રહેનારા હોય તેને **વૃત્તસ્થ** કહે છે અર્થાત્ તે વૃત્તમાં રહેવાવાળા કહેવાય છે. અને ત્યાગ કરવા લાયક તથા ગ્રહણ કરવા લાયક વસ્તુનો નિશ્ચય કરવો તેને જ્ઞાન કહે છે. તેવા જ્ઞાનથી જેઓ વૃદ્ધ–મ્હોટા હોય તેમને જ્ઞાનવૃદ્ધ કહે છે. ઉપર જણાવ્યા પ્રમાણે વ્રતમાં રહેવાવાળા એવા જ્ઞાન વૃદ્ધોની પૂજા કરનાર થવું જોઇએ, કહ્યું છે કેઃ—

तपःश्रुतधृतिध्यान–विवेकयमसंयमैः ।
ये वृद्धास्तेऽत्र ज्ञास्यन्ते, न पुनः पलिताङ्कुरैः ॥१॥

શબ્દાર્થ—તપરયા, શાસ્ત્રની ધારણા, ધ્યાન, વિવેક, પાંચ પ્રકારના અનુવ્રત કે મહાવ્રત રૂપયમ અને સત્તર પ્રકારના સંયમથી જે વૃદ્ધો છે તે આ લોકમાં વૃદ્ધ કહેવાય છે. પરંતુ પળીયાંના અંકુરોથી કાંઇ વૃદ્ધ કહેવાતા નથી. ૧

ભાવાર્થ—વૃત્તસ્થ જ્ઞાન વૃદ્ધોની પૂજા કરવી એટલે તેમની પરિચર્યા કરવી, હાથ જોડવા, આસન આપવું, ઉભા થવું અને તેમની આજ્ઞાનું પાલન કરવું વિગેરે કરવારૂપ પૂજા કહેવાય છે. ખરેખર વૃત્તમાં રહેલા જ્ઞાનવંત પુરૂષોની પૂજા કરવામાં આવી હોય તો કલ્પ વૃક્ષોની પેઠે સારા ઉપદેશ રૂપ ફળોથી સફળ છે અર્થાત્ ઉપદેશરૂપ ફળ આપનારા થાય છે. તેને માટે કહ્યું છે કેઃ–નિર્દોષ ઉપદેશ, હમેશાં ધર્મને ધારણ કરનારાઓનું દર્શન અને યોગ્ય રીતે વિનય એ સાધુની સેવાનું મ્હોટું ફળ છે. શ્રી ભાગવતમાં પણ કહ્યું છે કેઃ–મહાન્ પુરૂષોની સેવા–ઉપાસ્તિ મુક્તિનું દ્વાર કહેવાય છે અને સ્ત્રીઓનો સંગ કરનાર પુરૂષનો સંગ કરવો તે નરકનું દ્વાર કહેવાય છે. જે સમાન ચિત્તવાળા, શાંતિ પામેલા, ક્રોધરહિત થએલા, સારા હૃદયવાળા અને સાધુ પુરૂષો છે, તે મહાન્ પુરૂષો કહેવાય છે. તેમની પૂજા

અને સેવા વિગેરે કરવાથી સારા ફળની પ્રાપ્તિ થાય છે. જેમ આમરાજાને શ્રીમદ્ બપ્પભટ્ટ આચાર્યથી પાપની નિવૃત્તિ, પોતાના જીવનું સંરક્ષણ અને ઠેકાણે ઠેકાણે જયની પ્રાપ્તિ વિગેરે થઇ હતી. તેમજ કુમારપાળ રાજાને પણ તેમની સેવા કરવાથી શુદ્ધ ધર્મ વિગેરેની પ્રાપ્તિ થઇ હતી અથવા શ્રી હેમચંદ્રાચાર્યથી કપર્દી શેઠની પેઠે ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. આ ઠેકાણે તેજ શેઠનું વૃત્તાંત બતાવે છે.

શ્રી પત્તન (પાટણ) નગરમાં શ્રી કુમારપાળ રાજાના રાજ્યની અંદર કપર્દી નામે એક નિર્ધન શ્રાવક રહેતો હતો. તે શ્રાવક દિવસમાં પોતાની આજીવિકાના કાર્યમાં આકુળ વ્યાકુળ હોવાથી રાત્રિને વિષે પોષધશાળામાં આવી પ્રતિક્રમણ કરતો અને રાત્રિમાં ત્યાંજ સુઇ રહે તો સંથારાપોરષી ભણાવ્યા પછી શ્રી હેમચંદ્રાચાર્યની વિશ્રામણા—ભક્તિ કરતો હતો. એક વખતે તે કપર્દીની સીમા વગરની સેવા અને ભકિતથી શ્રી હેમચંદ્રાચાર્ય તેના ઉપર સંતુષ્ટ થયા અને કહ્યું કે તમારો નિર્વાહ કેવી રીતે થાય છે ? કપર્દીએ કહ્યું કે પોટલું લઇ ફેરી કરવાથી મહારો નિર્વાહ થાય છે. તે સાંભળી દયાથી આદ્ર થએલા ગુરૂ મહારાજે તે કપર્દી શેઠને **दृष्ट्वाभवन्तं** ઇત્યાદિ ભકતામર સ્તોત્રના અગીયાર મા કાવ્યનો આમ્નાય—ગુરૂગમ આપ્યો. તે શ્રેષ્ઠી બ્રહ્મચર્યનું પાલન, પૃથ્વી ઉપર શયન અને એક વખત ભોજન વિગેરે કરવામાં તત્પર થઇ તેને ત્રિકાળ એકસો આઠ વખત સ્મરણ કરે છે એવી રીતે સ્મરણ કરતાં છ મહીના થવા પછી રાત્રિને વિષે કામધેનુના રૂપથી ચક્રેશ્વરી દેવીએ પ્રગટ થઇ કહ્યું કે પ્રાતઃકાળે કોરા ઘડાઓ તૈયાર કરી રાખવા. તેની અંદર મ્હારૂં દુધ નાંખવાથી તે ઘડાઓ સુવર્ણના થઇ જશે. બીજે દિવસે સોળ મણના પ્રમાણવાળા બત્રીશ ઘડાઓ કરાવ્યા પછી રાત્રિને વિષે તે કપર્દી શ્રેષ્ઠીએ કામધેનુને દોહી એક ઘડો સ્થાપન કર્યો. પ્રાતઃકાળે સર્વે ઘડાઓ સુવર્ણથી ભરાઇ ગયા. ત્રીજે દીવસે તેણે રાજા વગેરેને ભોજન કરવા માટે આમંત્રણ કર્યું. પ્રથમ સ્થાપિત ઘડામાં રહેલા દુધના પરમાન્નથી રાજા વિગેરેને ભોજન કરાવ્યું પછી ગુરૂવર્ય શ્રીમદ્ હેમચંદ્રાચાર્યને બોલાવ્યા અને તે ઘડાઓ બતાવ્યા, તે જોઇને સર્વેને વિસ્મય થયો. તે પછી તે કપર્દી મ્હોટી ઋદ્ધિવાળો વ્યવહારી—શેઠ થયો. આવી રીતે ગુરૂમહારાજની ઉપાસના ફળ આપનારી છે ઇત્યાદિ. અથવા જેમ નાગાર્જુનને શ્રીમદ્ પાદિલિપ્તાચાર્યની સેવાથી આકાશમાં ગમન કરવાનો લેપ અને શ્રાવકના ધર્મ વિગેરેની પ્રાપ્તિ થઈ હતી. હવે ગ્રંથકાર મહારાજ ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ફળ બતાવે છે.

સારા વૃત્તમાં રહેવાવાળા જ્ઞાનવંત પુરૂષો જે કારણથી સદ્બુદ્ધિને આપનારા થાય છે, એ હેતુથી તેમની પૂજાવડે વિવેકી પુરૂષ ધર્મને કષ્ટ સિવાય પ્રાપ્ત કરે છે.

पंचविंश गुणवर्णन.



વે માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ પૈકી ચોવીશમા ગુણની સમાપ્તિ કરી અનુક્રમે પ્રાપ્ત થએલ "પોષ્ય વર્ગનું પોષણ કરવા રૂપ" પચીશમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

વ્યવહારથી અવશ્ય ભરણ પોષણ કરવા લાયક એવા માતા, પિતા, ભાર્યા અને સંતાન વિગેરે પોષ્ય કહેવાય છે. અને તેમને યોગ તથા ક્ષેમ કરવાથી (નહી પ્રાપ્ત થએલાની પ્રાપ્તિ કરાવવી તેને યોગ કહે છે. અને પ્રાપ્ત થએલાનું રક્ષણ કરવું તેને ક્ષેમ કહે છે) પોષણ કરે તે પોષક કહેવાય છે. તેથી ગૃહસ્થોએ પોષ્ય વર્ગનું પોષણ કરનાર થવું જોઇએ. કહ્યું છે કેઃ—વૃદ્ધાવસ્થાને પહોંચેલા માતા પિતાઓનું, ઉત્તમ આચારવાળી ભાર્યાનું અને નાના બાળકોનું સેંકડો ઉપાય કરીને પણ પોષણ કરવું જોઇએ એમ મનુ મુનિએ કહ્યું છે. વળી કહ્યું છે કેઃ—

चत्वारि ते तात गृहे वसन्तु, श्रियाजिजुष्टस्य गृहस्थधर्मे ।
सखा दरिद्रो भगिनी व्यपत्या, ज्ञातिश्च वृद्धो विधनः कुलीनः ॥१॥

શબ્દાર્થઃ—હે તાત!? ગૃહસ્થ ધર્મની અંદર લક્ષ્મીથી સેવાએલા તમારા ઘરને વિષે દરિદ્રી મિત્ર, સંતાન વગરની બ્હેન, વૃદ્ધ થએલો જ્ઞાતિનો પુરૂષ અને નિર્ધન થએલો કુલીન પુરૂષ એ ચાર વાસ કરીને રહો ?

ભાવાર્થઃ—જો પોષ્ય વર્ગનું પોષણ કરવામાં ન આવે, તો લોકાચારના રહિત પણાથી ખરેખર ગૃહસ્થોનો અપયશ થાય છે અને શોભા તથા મહિમાની હાનિ થાય છે. તથા તે પોષ્ય વર્ગનું બરોબર યુકિતથી પોષણ ન કર્યું હોય, તો ચોરી રૂપ અન્યાય વિગેરેમાં પ્રવૃત્તિ કરવાથી અનર્થને આપનારા અને પોતાની ઇચ્છા પ્રમાણે વર્ત્તન કરનારા થાય છે. જેમ સાગર શ્રેષ્ટીના છોકરાઓની વહુઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્ત્તનારી થઈ હતી, તેમ થાય તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

ચંપાપુરીમાં સાગર નામે એક શેઠ હતો. તેને ચાર પુત્રો અને તેમની ચાર વહૂઓ હતી. કાળે કરી સાગર શેઠની ભાર્યા મરણ પામી. પોતે કૃપણ હોવાથી તૃષ્ણાથી ચપલ થયેલી ચિત્તની વૃત્તિવાળો સાગર શેઠ હમેશાં ઘરમાં જ રહેતો હતો. જો ઘરનું કોઇપણ માણસ તેની દૃષ્ટિએ મનોહર ભોજન કરે, સુંદર વસ્ત્ર પહેરે કે સ્નાન દાન વિગેરે કરે તો તેની સાથે તે અહોનિશ કજીઓ કરતો. વધારે તો શું પણ કોઈ અનાજની કણવૃત્તિ પણ આપવાને સમર્થ ન હતું. આ પ્રમાણે કરવાથી શેઠીયાનો સઘળો પરિવાર હેરાન થવા લાગ્યો. પછી શેઠના પુત્રોની ચારે વહૂઓ જ્યારે રાત્રિમાં શેઠ સુઇ જાય ત્યારે પોતાની ઇચ્છા પ્રમાણે ભોજન કરવા લાગી, ઇચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગી અને સર્વ ઠેકાણે ભ્રમણ કરવા લાગી. એક વખતે તે ચારે વહૂઓને એક યોગિની મળી. પછી પ્રસન્ન થએલી તે યોગિનીએ તે વહૂઓને આકાશગામીની વિદ્યા આપી તે પછી પશુને બાંધવાના સ્થાનમાં રહેલા એક મ્હોટા કાષ્ટ ઉપર આરૂઢ થઈ આકાશમાં ગમન કર્યું અને સર્વ ઠેકાણે ક્રીડા કરી પાછલી રાત્રે આવી તે કાષ્ટને જ્યાં ત્યાં નાંખી સુઈ ગઈ. એવી રીતે હમેશાં રાત્રિને વિષે ગમનાગમન કરે છે. એક દિવસે પશુને બાંધવાની અને દોહોવાની ફિકર કરનાર અને કાષ્ટનું જ્યાં ત્યાં પડવાના કારણને જાણવાની ઇચ્છાવાળા નોકરે રાત્રિમાં ગુપ્ત ગતિથી જોઇ લીધું અને વહુઓનું ચરિત્ર તેના જાણવામાં આવ્યું. પછી તેણે વિચાર કર્યો કે આવતી કાલે હું તપાસ કરીશ કે આ વહુઓ કયાં જાય છે ? તદનંતર બીજા દિવસની સાયંકાળે સર્વ પશુઓને બાંધી દોહી વિગેરે કાર્ય કરી તે કાષ્ટના પોલાણમાં પ્રવેશ કરીને બેસી રહ્યો. રાત્રિને વિષે પ્રથમની પેઠે તે કાષ્ટ આકાશમાં ચાલ્યું અને અનુક્રમે સુવર્ણદ્વીપમાં ગયું. ત્યાં ચારે વહુઓ લાકડા ઉપરથી ઉતરીને વનમાં ભ્રમણ કરવા લાગી. તે નોકર પણ કાષ્ટથી આહાર નીકળી અને જ્યાં જુવે છે ત્યાં સુવર્ણને જ જુવે છે, તે જોઈ વિસ્મય પામ્યો. વહુઓના આવવાના વખતે કેટલુંએક સુવર્ણ ગ્રહણ કરી તે નોકર પ્રથમની રીતિ પ્રમાણે કાષ્ટના પોલાણમાં પ્રવેશ કરી ગયો. એટલામાં તે વહુઓ આવી અને કાષ્ટ યંત્રશક્તિથી આકાશમાં ઉડ્યું. વહુઓ ક્ષણમાત્રમાં પોતાના સ્થાનમાં આવી કાષ્ટનો ત્યાગ કરી પોતપોતાની શય્યામાં સુઇ ગઇ. આવી રીતે કરતાં કેટલોએક કાળ વ્યતીત થએ છતે તે નોકર સુવર્ણના બળથી ઘરનું કાર્ય કરતો નથી અને સાગર શેઠની સામું બોલવા લાગ્યો. આથી ધૂર્ત્ત શેઠીયાએ વિચાર કર્યો કે, આ સેવકને કાંઇપણ પ્રાપ્ત થયું છે એમ મને શંકા છે. પછી તે શેઠીયાએ એક વખતે એકાંતમાં કોમળ વચનોથી એવી રીતે કહ્યું કે જેથી તે નોકરે વહુઓનો તમામ વૃત્તાંત પેટમાં નહી જર્યાથી પ્રગટ કરી દીધો. પછી આજે હું તપાસ કરીશ ત્હારે કોઇને કહેવું નહીં, એમ શેઠે નોકરને જણાવીને રાત્રિમાં ગુપ્ત રીતે કાષ્ટના પોલાણમાં રહ્યો. પ્રથમની રીતિ પ્રમાણે કાષ્ટ સુવર્ણદ્વીપમાં પ્રાપ્ત થયું. પછી શ્રેષ્ઠી પોલાણમાંથી

બાહાર નીકળ્યો, ત્યાં તેણે સર્વ ભૂમિ સુવર્ણમય દેખી તથા તે લોભાકુળ શ્રેષ્ઠીએ તે કાષ્ટના પોલાણને સુવર્ણથી ભર્યું અને પોતે સંકોચ કરી પોલાણમાં રહ્યો. શેઠે કેટલુંએક સુવર્ણ પોતાના બોળામાં ગ્રહણ કર્યું. બે વહુઓ કાષ્ટ ઉપર બેસે છે અને બે વહુઓ વહન કરે છે એવી વ્યવસ્થાથી નિરંતર વારા ફરતી વહન કરે છે. આજે તો પાછી આવતી વહુઓમાંથી વહન કરવાવાળી વહુઓને ઘણો ભાર લાગ્યો. જેવામાં સમુદ્ર ઉપર આવી તેવામાં તે થાકી ગઇ, પછી પરસ્પર કહેવા લાગી કે આ કાષ્ટનો ત્યાગ કરી જે જળ ઉપર તરે છે તેને ગ્રહણ કરીએ. આ વાતને સાંભળી કાષ્ટના પોલાણમાં રહેલો શેઠ બોલ્યો કે હે વહુઓ ? હું કાષ્ટની અંદર છું તેથી આ કાષ્ટનો ત્યાગ કરશો નહીં. શેઠના આ વચન સાંભળી વહુઓ ખુશી થઇ બોલી કે આજ આપણા ઘરમાંથી પાપ નીકળવા દ્યો, એમ કહી સાગર શેઠને સાગરની અંદર ફેંકી દીધો. પછી વહુઓ પોતાને ઘેર પાછી આવી અને સુખી થઇ. એવી રીતે પોષ્ય વર્ગનું પોષણ કરવામાં ન આવે, તો ગૃહસ્થોને પરિવાર પોતાનો થતો નથી અને ધર્મની યોગ્યતા પણ થતી નથી. પોષ્ય વર્ગનું પોષણ કરવાથી ગૃહસ્થોનો પરિવાર સુખી થાય છે તેમને સુખ થવાથી ધર્મકાર્યો સુસાધ્ય થાય છે. પોષ્ય વર્ગના પોષણનો વ્યવહારથી વિચાર કરી હવે નિશ્ચયથી વિચાર કરે છે.

નિશ્ચયથી વિચાર કરીએ તો દેવ, ગુરૂ અને પોતાનો આત્મા એ ત્રણ જ પોષણ કરવા લાયક છે. કહ્યું છે કેઃ—જગત્‌ના નાથ–તીર્થંકર સદ્‌ગુરૂ અને પોતાનો આત્મા એ ત્રણ પોષણ કરવાં. બીજાનું પોષણ કરવાથી શું પ્રયોજન છે ? ઉત્કૃષ્ટા નિશ્ચયથી તો પોતાનો આત્મા જ પોષણ કરવા લાયક છે. કારણ કે તેનું પોષણ કરવામાં ન આવે તો બીજાનું પોષણ કરવું તે પોષણ જ નથી. કહ્યું છે કેઃ—

परलोकविरुद्धानि, कुर्वाणं दूरतस्त्यजेत् ।
आत्मानं यो न संधत्ते, सोऽन्यस्मैस्यात्कथंहितः ॥१॥

ભાવાર્થ—પરલોક સંબંધી વિરૂદ્ધ કાર્યો કરનારનો વેગળેથી જ ત્યાગ કરવો અને જે પોતાના આત્માને ધારણ કરી શકતો નથી તે પુરૂષ બીજાના હિતને માટે કેવી રીતે થાય !

હવે ગ્રંથકાર મહારાજ ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ફળ બતાવે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે ન્યાયથી વર્ત્તન કરવામાં તત્પર રહેનાર જે પુરૂષ પોષ્યજનોનું પોષણ કરે તે પ્રશંસા કરવા લાયક એવી આત્માની સ્થિતિવાળો થઇ સારા ધર્મરૂપ કર્મને યોગ્ય થાય છે.



षड्विंशगुणवर्णन.

વે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ પૈકી પચીસમા ગુણનો સમાપ્તિ કરી ક્રમથી પ્રાપ્ત થયેલ "લાંબા કાળે થનાર અનર્થાદિકનો વિચાર કરવારૂપ" છવીસમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

લાંબા કાળે થનાર હોવાથી દીર્ઘ એવા અર્થ કે અનર્થને જોનાર અર્થાત્ પર્યાલોચન કરવાના સ્વભાવવાળો દીર્ઘદર્શી કહેવાય છે. કહ્યું છે કેઃ—

आढवइ दीहदंसी, सयलं परिणामसुंदरं कज्जं ।
बहुलाभमप्पकेसं, सलाहणिज्जं बहुजणाणं ॥ १ ॥

શબ્દાર્થ—દીર્ઘદર્શી પુરૂષ પરિણામે સુંદર, ઘણો લાભ અને અલ્પ કલેશવાળું તથા ઘણા લોકોને પ્રશંસા કરવા લાયક એવા સર્વ કાર્યનો આરંભ કરે છે.

જેમકે ધન શ્રેષ્ઠી. તેની કથા આ પ્રમાણે છે.

વસંતપુર નગરને વિષે પુત્ર, પુત્રની વહુ, ભોજાઇ, બ્હેન વિગેરે ઘણા કુટુંબની સંપત્તિવાળો અને મ્હોટી ઋદ્ધિથી વૃદ્ધ ધન નામે એક શેઠ રહેતો હતો. એક વખતે તે નગરના જિતશત્રુ રાજાએ ધન શ્રેષ્ઠીના ઘરની નજીકમાં એક દેવનું મંદિર કરાવ્યું, તે મંદિરમાં રાજાએ નિયુક્ત કરેલા નાચનાર અને નાચનારી વિગેરેના સમૂહથી યુક્ત એવા ગંધર્વો પ્રાતઃકાળે અને સાયંકાળે ગીત તથા નૃત્ય વિગેરે કરતા હતા. તે સાંભળવાના રસથી પરાધીન હૃદયવાળો ધન શ્રેષ્ઠીનો મહિલાદિ વર્ગ ઘરના ધંધાનો ત્યાગ કરી ઉભા રહી સાંભળે છે. પ્રથમ તો શરમયુક્ત હોવાથી અપેક્ષા પૂર્વક સાંભળતો હતો, પરંતુ અનુક્રમે તે મર્યાદા રહિત થયો. તેમનું તેવા પ્રકારનું આચરણ જોઇ, ધન શ્રેષ્ઠિએ વિચાર કર્યો કે આ સારૂં થતું નથી. કહ્યું છે કેઃ—

चवन्ना मयलणसीला, सिणेहपरिपूरीयावि तावेइ ।
दीवयसिहव्व महिला लद्धप्पसरा भयंदेइ ॥ २ ॥

શબ્દાર્થ— " ચપલ, મલીન સ્વભાવવાળી અને સ્નેહથી પરિપૂર્ણ ભરેલી હોય તોપણ સ્વછંદ વર્ત્તન કરનારી સ્ત્રી દીપશિખાની પેઠે તાપ અને ભય આપનારી થાય છે ॥૨॥ "

તેથી જ્યાંસુધી ચંદ્રમા જેવા મ્હારા નિર્મળકુળમાં મલિનતા પ્રાપ્ત ન થાય ત્યાંસુધીમાં મધુર વચનોથી સમજાવવા રૂપ સામ ઉપાયથીજ મ્હારા કુટુંબને અટકાવું એમ વિચાર કરી ધનશ્રેષ્ટિએ પોતાના ઘરના એક ભાગમાં દેવમંદિર કરાવ્યું અને તેમાં ધનદ યક્ષની મૂર્ત્તિ સ્થાપન કરી. જે વખતે તે ગંધર્વો રાજાના મંદિરમાં ગાનાદિકનો અભ્યાસ કરે છે તેજ વખતે તે શ્રેષ્ટિ યક્ષની આગળ મૃદંગ, વાંશળી આદિ વાજિંત્રના શબ્દમય કરાવવા લાગ્યો. આથી ગંધર્વ વિગેરેના ગીત નૃત્યાદિકમાં વ્યાઘાત થવા લાગ્યો. તેથી કોઇ કાંઇ પણ સાંભળી શકતા નથી એવી રીતે ઉદ્વેગ પામેલા તે ગંધર્વો રાજા પાસે ગયા અને જણાવ્યું કે હે દેવ ! ધનશ્રેષ્ઠી અમારા કલાભ્યાસમાં અટકાવ કરે છે. આ પ્રમાણે તેમની વિજ્ઞપ્તિ થતાં રાજાએ ધનશ્રેષ્ઠિને બોલાવી કહ્યું કે હે શેઠ ! શા માટે તેઓને અડચણ થાય તેમ વર્તો છો ? ધનશ્રેષ્ટિએ જણાવ્યું કે હે દેવ ? શાસ્ત્રમાં આ પ્રમાણે ઉપદેશ કરેલ છે કે સંસાર અસાર છે, યૌવન ચપળ છે, લક્ષ્મી નાશવંત છે, પ્રિયનો સમાગમ સ્વપ્ન સરખો છે, પાપના પરિણામ દુઃસહ છે, અમે વૃદ્ધ થયા છીએ અને પરલોકગમન નજીક આવ્યું છે. હવે ધર્મ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. તેને માટે કહ્યું છે કે—

" जं जं करेइ तं तं न सोहए जुव्वणे अइक्कंते।
पुरिसस्स महिलियाए इक्कं धम्मं पमुत्तूणम् ॥३॥ "

શબ્દાર્થ " પુરૂષ અને સ્ત્રીના યૌવન અવસ્થાનું ઉલ્લંઘન થયા પછી એક ધર્મ કાર્ય શિવાય (અવસ્થાઅનુચિત) જે કાર્યો કરવામાં આવે છે, તે શોભતાં નથી ॥૩॥

આ હેતુથી હે રાજન્ ? મ્હારી ભુજાથી ઉપાર્જન કરેલ દ્રવ્યથી મેં એક મંદિર બંધાવ્યું છે અને તે મંદિરમાં મારા ઇષ્ટદેવની પૂજા વખતે અનંતફલને આપનારી નાદ પૂજા (સંગીત પૂજા) કરાવું છું. શ્રેષ્ઠિનાં આવાં વચન સાંભળી રાજાએ કાંઇક હસીને કહ્યું કે શેઠજી જો તમે આવા પ્રકારના વૈરાગ્યથી રંગાએલા છો તો તમારે વનવાસ કરવો યોગ્ય છે. ગૃહસ્થાશ્રમમાં કેવી રીતે ધર્મ કરી શકાય ? તે માટે કહ્યું છે કે—

" पुत्तनियलाइं जंमि य आसपिसाई विनिच्छयं छलइ।
तत्थ य धण? गिहवासे सुमिणेवि न जाउ धम्मगुणो॥४॥

શબ્દાર્થ—" જ્યાં પુત્રકલત્રાદિનો (વાસ છે) ત્યાં આશા રૂપ પિશાચની અવશ્ય છલે છે. તો તેવા ગૃહસ્થાવાસમાં હે ધનશ્રેષ્ઠિન્ સ્વપ્નમાં પણ કદી ધર્મ થતો નથી. ॥૪॥ '

આ સાંભળી ધનશ્રેષ્ઠિએ કહ્યું કે હે રાજન્ ? આપનું કહેવું સત્ય છે, પરંતુ લોક કહે છે કે--

" गृहाश्रम समो धर्मो न भूतो न भविष्यति ।
पालयन्ति नराः शूराः क्लीबाः पाषण्डमाश्रिताः ॥५॥ "

શબ્દાર્થ—" ગૃહસ્થાશ્રમ જેવો ધર્મ થયો નથી. અને થવાનો નથી. શૂરા પુરૂષો તેને પાળે છે. અને કાયર પુરૂષો પાખંડનો આશ્રય લે છે. ॥ ૫ ॥"

પછી રાજાએ કહ્યું કે, હે ઉત્તમ વણિક ? ગૃહસ્થાશ્રમ સંબંધી દાનાદિક ધર્મ ગુરૂઓના ઉપદેશથી જાણવામાં આવે છે તેથી તે (વાનપ્રસ્થ) આશ્રમની તમે અવગણના ન કરો ' ધન શ્રેષ્ઠિએ કહ્યું કે હે રાજન્ ? લોકવાક્ય તો આ પ્રમાણે છે-' જે બ્રાહ્મણ કહે તે કરવું જે કરે તે ન કરવું. ' ઇત્યાદિ પ્રત્યુત્તર આપવામાં તત્પર એવા શ્રેષ્ઠિને રાજાએ કહ્યું કે-' હે વિશેષજ્ઞ ? આવી રીતે વચનના વિસ્તાર કરવાથી શું ફળ છે ? આ બાબતમાં જે પરમાર્થ હોય તે નિવેદન કરો ' તે પછી હાથ જોડી ધનશ્રેષ્ઠિએ વિજ્ઞપ્તિ કરી કે હે પ્રજાવત્સલ ! અમે તમારી છત્ર છાયામાં વસીએ છીએ, મ્હારૂં કુળ નિર્મળ છે, કુળને કલંક ન આવે તેવી વૃત્તિથી આટલો વખત નિર્ગમાવ્યો છે, મ્હારા ઘરમાં સ્ત્રીઓ ઘણી છે.--

" चवलाइं इंदियाइं वियार बहुलं च जुव्वणं देव ! ।
सच्छन्द गई कामो अविवेओ फुरइ पाणीणम् ॥६" "

શબ્દાર્થ—" હે રાજન્ ! ઇંદ્રિયો ચપલ છે, યૌવન ઘણા વિકારવાળું છે, કામદેવ સ્વતંત્ર ગતિ કરનાર છે, પ્રાણીઓનો અવિવેક સ્ફુરિ રહ્યો છે. ॥ ૬॥

તેથી હે મહારાજ ! આ ગંધર્વોના ગીત, વિનોદ અને હાસ્યાદિક અઘટિત ચેષ્ટાઓ વિગેરેને જોવાથી મ્હારો પરિવાર સ્વચ્છંદ થઇ વિનાશ ન પામે, એ હેતુથી દેવમંદિર કરાવવા રૂપ અનાગત (સ્વચ્છંદ થતા પહેલાં) ઉપાય યોજ્યો છે. કહ્યું છે કે-ઘર સળગે ત્યારે કુવો ખોદવો, સંગ્રામ જાગે ત્યારે ઘોડાને શિક્ષણ આપવું અને નદીમાં પુર આવે ત્યારે પાળ બાંધવી જેમ સહેલાઇથી થતું નથી, તેમ પરિવારનો નાશ થયા પછી સુધારો સહેલાઇથી થઇ શકતો નથી. તે પછી રાજાએ સભા સમક્ષ ધનશ્રેષ્ઠિને કહ્યું કે હે શ્રેષ્ઠિ મુખ્ય ! તમારી બુદ્ધિની નિપુણતા શ્રેષ્ઠ છે,

સદુપાયનો પ્રકાશ પ્રશંસનીય છે, અને દીર્ઘદર્શીપણું ભવિષ્યમાં ઉન્નતિ કરનારૂં છે. ઇત્યાદિ પ્રશંસા પૂર્વક રાજાએ શ્રેષ્ઠિને મંત્રિપદ ઉપર સ્થાપન કર્યો. અનુક્રમે એજ ગુણ વડે જૈનધર્મ પામી સુખી થયો.

હવે ગ્રંથકાર પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ દ્વારા ફળ બતાવે છે—

सर्वकार्येषु यो दीर्घदर्शी स्याद्धनवन्नरः ।
स योग्यो भाग्यतः शुद्धधर्मकर्मणि जायते ॥७॥

શબ્દાર્થ:—જે પુરૂષ ધન શ્રેષ્ઠિની પેઠ સર્વ કાર્યોમાં દીર્ઘદર્શી હોય તે પુરૂષ ભાગ્યથી નિર્દોષ ધર્મકાર્યમાં યોગ્ય થાય છે ॥૭॥

॥ इति षड्विंशतितमो गुणः ॥



सप्तविंशगुणविवरण.

વે માર્ગનુસારીના પાંત્રિશ ગુણ પૈકી છવીસમા ગુણનું વિવરણ પુરૂં કરી ક્રમથી પ્રાપ્ત થએલ " વિશેષ જાણવા રૂપ " સતાવીમા ગુણનો પ્રારંભ કરે છે.

विशेषज्ञः—એટલે વસ્તુ તથા અવસ્તુના, કાર્ય અને અકાર્યના, પોતાના અથવા પરના વિશેષને અર્થાત્ આંતરને જે જાણે છે, એટલે નિશ્ચય કરી શકે છે તે વિશેષજ્ઞ કહેવાય છે. જે પુરૂષ વિશેષજ્ઞ નથી તે પુરૂષ ખરેખર પશુથી વધી જતો નથી. અથવા તો બીજી રીતે પોતાના આત્માનેજ ગુણ દોષથી ઉપર ચઢવા રૂપ વિશેષને જે જાણે તેને વિશેષજ્ઞ કહેવાય છે. તેને માટે કહ્યું છે. કે—

" प्रत्यहं प्रत्यवेक्षेत नरश्चरितमात्मनः
किन्तु मे पशुभिस्तुल्यं किन्तु सत्पुरुषैरिति ॥१॥ "

શબ્દાર્થ:--" પુરૂષ પોતાનું કર્તવ્ય હમેશાં જોયા કરે કે શું મ્હારૂં ચરિત્ર પશુના જેવું છે કે સત્પુરૂષોના જેવું છે ? ॥૧॥ વળી કહ્યું છે કે—

" जो नवि दिणे दिणे संकलेइ के अज्ज अज्जिआ मि गुणा
अगुणेसु य न हु खलिओ कह सो अ करिज्ज अप्पहियं ॥२॥ "।

શબ્દાર્થ—" આજે કેટલા ગુણો ઉપાર્જન કર્યા એવી સંકળના જે પુરૂષ હમેશાં કરતો નથી. અને અવગુણો મેળવવામાં ઉદ્યુકત હોય છે, તે પુરૂષ પોતાનું આત્મહિત કેવી રીતે કરી શકે ? ॥ ૨ ॥ " વળી કહ્યું છે કે—

" वत्थूणं गुणदोसे लक्खेइ अपक्खवायभावेण ।
पाएण विसेसन्नू उत्तम धम्मारिहो तेण ॥३॥ "

શબ્દાર્થ:—" પક્ષપાત શિવાય વસ્તુના ગુણ દોષોને જે ઓળખે છે, તે પ્રાયે કરી વિશેષજ્ઞ કહેવાય છે. અને તેથી તે ઉત્તમ ધર્મને યોગ્ય થાય છે. ॥૩॥ તે વિષે ખાઇના પાણીને સુગંધીવાળું કરનાર સુબુદ્ધિ મંત્રિનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે—

ચંપાનગરીમાં જિતશત્રુનામે રાજા છે. તેને સારી રીતે જિનમતનો જાણ સુબુદ્ધિ નામે મંત્રિ છે. એક વખત રાજાએ રસયુક્ત સુંદર રસોઇ કરાવી ઘણા સામંતો અને મંત્રિની સાથે રાજાએ ભોજન કર્યું. આ રસમાં આસક્ત થયેલો રાજા અને સામંત વિગેરેએ પણ અહો ? રસ અહો ? ગંધ ઇત્યાદિ બોલી રસોઇની પ્રશંસા કરવા લાગ્યા, પરંતુ સુબુદ્ધિ મંત્રિતો મૌન રહ્યો; તેથી રાજાએ પુછ્યું કે— હે મંત્રિન્ ! તમે કેમ પ્રશંસા કરતા નથી ? મંત્રિએ જવાબ આપ્યો કે હે રાજન ! પદાર્થોના સ્વરૂપનું મને જ્ઞાન હોવાથી મનોજ્ઞ અને અમનોજ્ઞ પદાર્થોમાં મને વિસ્મય થતો નથી. કેમકે સુગંધીવાળા પુદ્ગલો દુર્ગંધયુક્ત અને રસયુક્ત પુદ્ગલો પણ રસ વિનાનાં થઇ જાય છે. તેથી નિંદા કે પ્રશંસા કરવી યુક્ત નથી તો પણ રાજાએ આ વાતની શ્રદ્ધા કરી નહીં. કોઇ દિવસે રાજપાટિકામાં જતાં માર્ગમાં ઘણા નિર્જીવ કલેવરોથી દુર્ગંધવાળું, ખરાબ વર્ણવાળું, મલીન અને સૂર્યના તાપથી ઉકળેલું ખાઇનું પાણી જોઇ રાજાએ વસ્ત્રથી નાશિકા ઢાંકી બોલ્યો કે અહો ? આ જળ કેવું દુર્ગંધયુક્ત અને બિભત્સ છે ? સુબુદ્ધિએ કહ્યું કે હે રાજન્ ? તમે આ જળની નિંદા ન કરો. કારણ કે ખરાબ પદાર્થો શ્રેષ્ટ પદાર્થપણે અને શ્રેષ્ટ પદાર્થો ખરાબ પદાર્થપણે પરિણમે છે. તેથી મહાન્ પુરૂષોને જુગુપ્સા કરવી યોગ્ય નથી. પરંતુ રાજાએ એ વાત માન્ય કરી નહી. પછી મંત્રિએ રાજાને પ્રતિબોધ કરવા માટે ગુપ્ત રીતે પોતાના પ્રમાણીક પુરૂષો પાસે વસ્ત્રથી ગળેલું તે ખાઇનું પાણી મંગાવ્યું અને પોતાના ઘરમાં લાવી, કોરા ઘડાઓની અંદર નાખ્યું અને તેને કતકફળના ચૂર્ણ વિગેરેથી નિર્મળ બનાવ્યું. વળી તેને બીજીવાર ગળીને નવા ઘડાની અંદર નાખ્યું. એવી રીતે એકવીસ દીવસે તે જળ નિર્મળ, સ્વાદિષ્ટ, શીતળ અને જળ રત્ન જેવું થઇ ગયું. પછી તે જળને સુગંધી દ્રવ્યોથી વાસિત કરી રાજાના રસોઇયાઓને આપ્યું. ભોજન વખતે તેઓએ રાજા પાસે મૂક્યું. તે જળનો લોકોત્તર રસ અને સ્વાદિષ્ટતા વિગેરે ગુણોને પ્રાપ્ત કરી ખુશી થયેલો રાજા રસોઇયાઓને કહે છે કે આ જળ ક્યાંથી પ્રાપ્ત થયું ? તેઓએ જવાબ આપ્યો કે અમને મંત્રિએ આપ્યું છે. રાજાએ મંત્રિને પુછ્યું. મંત્રિએ કહ્યું કે હે રાજન્ ? જો તમે મને અભયદાન આપો, તો હું આ પાણીની ઉત્પત્તિ જણાવું. રાજા તરફથી અભયદાન મળતાં મંત્રિએ તેનો યથાર્થ વૃત્તાંત કહી સંભળાવ્યો, પણ રાજા શ્રદ્ધા કરતો નથી. તેથી મંત્રિએ પૂર્વોક્ત વિધિએ ખાઇનું જળ મંગાવી તેવીજ રીતે તે જળને જળ રત્ન જેવું કરી બતાવ્યું. તે જોઈ વિસ્મય થએલા રાજાએ મંત્રિને પુછ્યું તમે આ કેવી રીતે જાણ્યું ? મંત્રિએ જવાબ આપ્યો કે " પુદ્ગલોનો પરિણામ "

થયા કરે છે ઇત્યાદિ ગુરૂના વચનથી, તે પછી રાજા પણ સંપૂર્ણ પદાર્થોના અંતરની અભિલાષા કરતો ગુરૂની સેવામાં તત્પર એવો શ્રાવક થયો. અનુક્રમે તે બંન્ને દીક્ષા ગ્રહણ કરી મોક્ષે ગયા. કહ્યું છે કે, સુબુદ્ધિના વચનથી પાણીના દ્રષ્ટાંત વડે જિતશત્રુ રાજા પ્રતિબોધ પામ્યો અને અગીયાર અંગને ધારણ કરનારા તે બન્ને શ્રમણ સિંહો સિદ્ધ થયા.

અથવા આત્માના ગમન અને આગમનાદિકને જાણવારૂપ લક્ષણને વિશેષ કહે છે. કહ્યું છે કે—

" इहोपपत्तिर्मम केन कर्मणा, कुतः प्रयातव्यामितो भवादिति।
विचारणा यस्य न जायते हृदि,कथं स धर्मप्रवणो भविष्यति ॥४॥'

શબ્દાર્થ:—કયા કર્મના ઉદયથી આ ઠેકાણે મ્હારી ઉત્પત્તિ થઈ છે,અને આ ભવથી મ્હારે કયાં જવાનું છે? એવી સમાલોચના જે પુરૂષના અંતઃકરણમાં થતી નથી તે ધર્મમાં તત્પર કેવી રીતે થઇ શકે? ॥૪॥ "

અથવા તો સમયને ઉચિત જે અંગીકાર કરવારૂપ હોય, તેને વિશેષ કહે છે. જેમ કે જે કાળે જે પદાર્થ ત્યાગ કરવાને અથવા ગ્રહણ કરવાને લાયક હોય, તે પદાર્થનું નિપુણ વૃત્તિથી વિચાર કરી ગ્રહણ કરવું જોઇએ. આ કર્તવ્ય નિપુણનું લક્ષણ હોવાથી અને સર્વ પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત કરાવવામાં હેતુ હોવાથીજ લોકમાં કહેવાય છે કે—

" यः काकणीमप्यपथप्रपन्नामन्वेषते निष्कसहस्रतुल्याम्।
कालेन कोटिष्वपि मुक्तहस्तस्तस्यानुबन्धं न जहाति लक्ष्मीः॥५॥

શબ્દાર્થ:—ખરાબ માર્ગમાં પ્રાપ્ત થએલી એક કોડીને પણ જે પુરૂષ હજાર સોનામ્હોર ગણી ગવેષના કરે છે, પરંતુ અવસર આવે કોટિદ્રવ્ય ખરચવામાં પણ હાથ ખુલ્લો મુક છે, તેવા પુરૂષના સંબંધને લક્ષ્મી ત્યાગ કરતી નથી. ॥૫॥

આ ઠેકાણે વહુની જઠરા સંબંધી પીડાને દૂર કરનાર મોતી અને પ્રવાળાંના ચૂર્ણનો રોટલો કરનાર શ્રેષ્ટિનું દ્રષ્ટાંત છે તે બીજા ગ્રંથથી જાણી લેવું.

અથવા સર્વ ઠેકાણે આ લોક અને પરલોક સંબંધી હિતને અનુસરનાર એવા વ્યાપાર તથા ધર્મ વિગેરેના વિધાનમાં વિદ્યમાન ફળના ઉદ્દેશનો જે નિર્દોષ એવો ઉત્તરોત્તર નિશ્ચય તેને વિશેષ કહે છે. અને તેને જે જાણે તે વિશેષજ્ઞ કહેવાય છે. એવા પ્રકારના ગુણયુક્ત પુરૂષની દરેક ક્રિયાઓ ફળશૂન્ય થતી નથી. જેમ સાગરદત્ત નામના શ્રેષ્ટિની વિશેષજ્ઞપણાને લીધે સર્વ ક્રિયાઓ ફળવતી થઈ, તે દ્રષ્ટાંત નીચે મુજબ છે—

તામ્રલિપ્તી નામની નગરીમાં સાગરદત્ત નામનો તમામ વિષયમાં ઉંડો ઉતરી વિશેષ નિશ્ચય કરનારો એક વણિક વસતો હતો. તે જાતિસ્મરણ જ્ઞાનને લીધે સ્ત્રીમાં વિરક્ત હોવાથી પરણવા ઇચ્છિતો ન હતો. અને તે પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતો. પુરૂષાંતરમાં આસક્ત થએલી તેની સ્ત્રીના ઝેર દેવાથી મૂર્છિત થએલાને આ મરી ગયો છે, એમ ધારી તે કુલટાએ બહાર ફેંકી દીધો, પરંતુ કોઇ ગોવાલણીએ રહેમ લાવી તેને જીવાડયો. ત્યારબાદ તે બ્રાહ્મણ વૈરાગ્યથી પ્રેરાઇ તાપસ થઇ મરણ પામ્યો અને તે અહીં સાગરદત્તપણે ઉત્પન્ન થયો. તે ગોવાલણી પણ લૌકિક ધર્મ એટલે દુનિયામાં પ્રસિદ્ધ સ્થૂલ ધર્મના નિયમોમાં અનુરાગ ધરાવતી કાળક્રમે મરણ પામી, તામ્રલિપ્તી નગરીમાં વ્યાપારીની પુત્રી રૂપે ઉત્પન્ન થઈ. એક વખત માર્ગમાં તેણીને જોઇ સાગરદત્તની દ્રષ્ટિને કાંઇક આનંદ થયો. તેના માતાપિતાએ તેના આ અભિપ્રાયને સમજી લઇ સાગરદત્તને તેણીની સાથે પરણાવ્યો. પરંતુ સાગરદત્તના અંતઃકરણમાં હર્ષને સ્થાન મળ્યું નહીં. તે વ્યવહારીની પુત્રીએ બુદ્ધિના બળથી કલ્પી લીધું કે આ મહારો સ્વામી ખરેખર જાતિસ્મરણ જ્ઞાન ધરાવે છે અને તે પૂર્વજન્મમાં કોઇ સ્ત્રીથી કદર્થના પામેલો છે, એવો અર્ધ નિશ્ચય થયા બાદ તે વિચક્ષણાએ એક વખત આ ગાથા લખી મોકલાવી--

दड्ढस्स पायसेणं जुत्तं दाहियंपि किमिह परिहरिउं।
तुच्छोदयसंभविणो नहु दुद्धे पूयरा हुंति ॥६॥

શબ્દાર્થ:--દુધથી દાઝેલા મનુષ્યને દહીંનો ત્યાગ કરવો શું યોગ્ય છે ? થોડા જલમાં થનારા પોરાઓ શું દુધમાં હોઇ શકે ? ॥૬॥ તાત્પર્યકે એક સ્ત્રી કુલટા અનુભવવામાં આવી, તેથી શું સઘળી તેવીજ છે એમ સંભવ થાય ? નહીંજ.

ઉપરની ગાથાનો ભાવાર્થ ધારણ કરી સાગરદત્તે પણ એક શ્લોક ઉત્તરરૂપે લખી મોકલ્યો--

कुपात्रे रमते नारी गिरौ वर्षति वारिदः ।
नीचमाश्रयते लक्ष्मीः प्राज्ञः प्रायेण निर्द्धनः ॥७॥

શબ્દાર્થ:-સ્ત્રી નીચની સાથે રમણ કરે છે, વર્ષાદ્રિ (જરૂરીઆત શિવાયના) પર્વત ઉપર વર્ષે છે. અને ઘણે ભાગે પંડિત પુરૂષ નિર્ધન હોય છે ॥૭॥ તેણીએ ફરીથી એક ગાથા લખી મોકલાવી કે--

पाययदोसो कत्थ व न होइ न हु एत्तिएण तच्चाओ ।
अणुरत्तंपि हु संज्झं किं दिवसयरो न भासेइ ॥८॥

શબ્દાર્થ:—સ્વાભાવિક દોષ કયાં નથી હોતો? માટે એટલા માત્રથી પરિત્યાગ કરવો ઘટતો નથી. અનુરાગવાળો સંધ્યાને પણ શું સૂર્ય પ્રકાશિત નથી કરતો ॥૬॥

આ પ્રમાણે તર્ક વિતર્ક કરતાં સાગરદત્તના ચિત્તમાં આનંદ થયો. આ અરસામાં સાગરદત્તનો શ્વસુરવર્ગ પાટલીપુત્ર નગરમાં ગયો. સાગરદત્ત પણ વહાણદ્વારા વ્યાપાર કરવા લાગ્યો. વ્યાપાર કરતાં સાત વખત વહાણો ભાગ્યાં અને સઘળું ધન ચાલ્યું ગયું. એ વખત કૂવામાંથી પાણી કાઢનાર પુરૂષને સાત વખત નિષ્ફળતા મળવા છતાં આઠમી વખતે પાણી નીકળેલું જોઇ શુકનગ્રંથી બાંધી સિંહલદ્વીપ પ્રત્યે પ્રયાણ કર્યું. માર્ગમાં પ્રબલ વાયરાએ તેનું વહાણ સિંહલદ્વીપને બદલે રત્નદ્વીપમાં પ્રાપ્ત કર્યું. આ વખતે તેને સાર વિનાના કરીયાણાનો ત્યાગ કરી વહાણને રત્નોથી ભરી લીધું. અને ત્યાંથી પાછો ફર્યો, પરંતુ રસ્તામાં ખલાસીઓએ રત્નોના લોભથી તેને સમુદ્રમાં ફેંકી દીધો. પ્રથમ ભાંગેલા વહાણનું પાટીયું મળવાથી સમુદ્રને ઉતરી અનુક્રમે પાટલીપુત્રમાં પહોંચી શ્વસુરવર્ગને મળ્યો. અને વહાણ રત્નદ્વીપમાં પ્રાપ્ત થયું ત્યાંથી માંડી સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. રાજાની આગળ પણ સાગરદત્તે આ હકીકત પ્રથમથીજ જણાવી દીધી. ભાગ્યયોગે તે ખલાસીઓ પણ પાટલીપુત્રમાં આવી પહોંચ્યા. રાજાની આગળ રત્નોના ભેદ સંખ્યા અને સ્વામી વિગેરેનો પ્રશ્ન થતાં તેમનું સઘળું પોગળ ખુલ્લું થયું. રાજાએ તે રત્નો સાગરદત્તને અપાવ્યાં. પછી સાગરદત્ત કેટલાએક કાળે તામ્રલિપ્તીમાં પ્રાપ્ત થયો. ત્યાં તેણે વિચાર કર્યો કે ઉપાર્જન કરેલું દ્રવ્ય કોઇ સારા સ્થાનમાં ન ખરચાય, તો તે કલેશ અને દુર્ગતિ વિગેરે ફળનેજ આપનાર થાય છે. તેને માટે કહ્યું છે કે:—

लक्ष्मीः सर्पति नीचमर्णवपयः सङ्गादिवाम्भोजिनी
संसर्गादिव कण्टकाकुलपदा न क्वापि धत्ते पदम् ।
चैतन्यं विषसंनिधेरिव नृणामुज्जासयत्यञ्जसा
धर्मस्थाननियोजनेन गुणिभिर्ग्राह्यं तदस्याः फलम् ॥९॥

શબ્દાર્થ:—સમુદ્રજળના સંગથીજ જાણે લક્ષ્મીને નીચ પાસે જવાનો ટેવ પડી ન હોય ? કમલિનીના સંસર્ગથી પગમાં લાગેલા કાંટાથી ઉત્પન્ન થતી વ્યથાને લઇનેજ જાણે સર્વત્ર અસ્થિર ન હોય ? હલાહલ વિષની પાસે રહેવાથીજ જાણે મનુષ્યોની સમજ શકિતને લક્ષ્મી નાશ પમાડતી ન હોય ? તેટલા માટે વિવેકી પુરૂષોએ ધર્મસ્થાનમાં ઉપયોગ કરી લક્ષ્મીને સફળ કરવી જોઇએ ॥૭॥

ત્યારબાદ મોટા દાનની શરૂઆત કરી ક્યા દેવને સ્થાપન કરવા ઇત્યાદિ વિષયમાં જુદા જુદા મતવાળાઓને પુછયું પણ કોઇ સ્થળે એક મત થયો નહીં. તેટલામાં કોઇ પ્રમાણિક માણસે જણાવ્યું કે હે ભદ્ર? દેવતાઓ ભાવથી વશ કરી

શકાય છે. માટે તેના ચિંતન કરવારૂપ સમાધિમાં તત્પર થા. એટલે રત્નાધિષ્ઠાત્રી દેવતા પોતેજ નિશ્ચય કહેશે. આ વાત સાંભળી સાગરદત્ત પણ ત્રણ ઉપવાસ કરી ધ્યાનારૂઢ થયો. તેના દ્રઢ નિશ્ચયથી ખેંચાયેલી શાસનદેવીએ જિનપ્રતિમા સ્થાપન કરવા માટે કહ્યું. હર્ષ પૂર્વક સાગરદત્તે તેની માંગણી કરી. દેવીએ ભગવાન્ પાર્શ્વનાથ સ્વામિની સુવર્ણમય પ્રતિમા અર્પણ કરી. કાળક્રમે મુનિનો યોગ મળતાં તેણે પ્રશ્ન કર્યો કે આ પ્રતિમા કોની છે? મુનિ તરફથી જવાબ મળ્યો કે વિતરાગની પ્રતિમા છે. સાગરદત્તે ફરી પૂચ્છયું કે તે ક્યાં છે? મુનિઓએ જણાવ્યું કે તે પુંડવર્ધન દેશમાં છે. આ વાત સાંભળી સાગરદત્ત ત્યાં ગયો. તે વખતે કેવળજ્ઞાનના પ્રકાશથી સાક્ષાત્ સૂર્ય રૂપ શ્રી પાર્શ્વનાથ સ્વામીને સમવસરણમાં બેઠેલા જોઇ તેણે દ્રવ્ય અને ભાવથી પ્રણામ કર્યા. પછી તેણે દેવના સ્વરૂપની પૃચ્છા કરી. તે અવસરે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપ દ્વારા ભગવાન્ જે જે પ્રકારે દેવનું સ્વરૂપ કહી બતાવે છે, તે તે પ્રકારે વિશેષપણે નિશ્ચયમાં પરાયણ થઇ તેણે વીતરાગને દેવપણે જાણ્યા, અને તત્ત્વવૃત્તિથી વીતરાગમાં રૂચિ પ્રગટ થઈ. કહ્યું છે કે--

लोगुत्तरा खु एए, भावा लोगुत्तराण सत्ताण ।
पडिभासंते सम्मं, इब्भाण व जच्चरयणगुणे ॥१०॥

શબ્દાર્થ:—જેમ જાતિવાળા રત્નોના ગુણોની પરિક્ષા ઝવેરી શિવાય બીજાને હોતી નથી, તેમ જે જે અસાધારણ ગુણ લોકોત્તર પદાર્થો હોય છે તેનું લોકોત્તર પ્રાણીઓને સમ્યક પ્રકારે ભાન થાય છે.

ત્યારબાદ તેણે રત્નોથી મંદિર કરાવ્યું અને તેમાં પાર્શ્વનાથસ્વામિની પ્રતિમા સ્થાપન કરી. હમેશાં ત્રણ વખત પૂજા કરતાં તેનો કર્મરાશી નાશ પામ્યો. એ પ્રમાણે દરેક વસ્તુની ખાત્રી કરવા રૂપ માત્ર એક વિશેષજ્ઞ ગુણથી છેવટે ચારિત્ર ગ્રહણ કરી વિશેષ ક્રિયામાં તત્પર થઇ અનુક્રમે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયો.

હવે ગ્રંથકાર ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ દ્વારા ફળ બતાવે છે--

एवंविधान् विशेषान् यो विज्ञायात्र प्रवर्त्तते ।
स धर्म योग्यतामात्मन्यारोपयति सत्तमः ॥११॥

શબ્દાર્થ:—ઉપર જણાવેલા વિશેષોને જાણી જે પુરૂષ તેમાં અહીં પ્રવૃત્તિ કરે છે; તેસજ્જનશિરોમણી પોતાના આત્મામાં ધર્મની યોગ્યતાને આરોપણ કરે છે.॥૧૧॥

॥ इति सप्तविंशतितमो गुणः ॥

अथ अष्टविंशतिगुण वर्णन.

વે સતાવીશમા ગુણનું વર્ણન સમાપ્ત કરી ક્રમથી પ્રાપ્ત થએલ " કૃતજ્ઞ " ગુણના વિવરણનો પ્રારંભ કરે છે.

કૃતજ્ઞ:—તેમજ કરેલું એટલે બીજાએ કરેલા ઉપકારને જે જાણે પરંતુ ઓળવે નહી તે કૃતજ્ઞ કહેવાય છે. એ પ્રમાણે વર્ત્તન કરનારને ખરેખર કલ્યાણનો લાભ થાય છે. કેમકે કૃતજ્ઞ પુરૂષ ઉપકાર કરનારનું બહુમાન કરે છે. તેને માટે કહ્યું છે કે—

लब्भइ न सहस्सेसु वि उवयारकरोवि इह नरो ताव ।
जो मन्नइ उवयरियं सो लक्खे सुंपि दुल्लक्खो ॥ १ ॥
उत्तमअहमवियारे वीमंसह किं मुहा बुहा तुब्भे ।
अहमो न कयग्घाओ कयन्नुणो उत्तमो नन्नो ॥ २ ॥

શબ્દાર્થ:—આ લોકમાં પ્રથમતો હજાર મનુષ્યોને વિષે પણ ઉપકાર કરનાર મળી આવવો દુર્ઘટ છે, પરંતુ પોતાના ઉપર થયેલા ઉપકારને માનનાર તો લાખોમાં પણ મળવો મુશ્કેલ છે. ॥ ૧ ॥ હે પંડિતો તમો ઉત્તમ અને અધમના વિચાર કરવા શ્યા માટે તર્કવિતર્ક કરો છો ? કારણ કે કૃતઘ્ન કરતાં બીજો કોઈ અધમ નથી અને કૃતજ્ઞથી બીજો કોઇ ઉત્તમ નથી. ॥ ૨ ॥

જે કરેલા ઉપકારને ઓળવે છે, તે ખરેખર કુતરાની બરોબરી કરી શકતો નથી તે બદલ કહ્યું છે કે—

अशनमात्रकृतज्ञतया गुरोर्न पिशुनोऽपि शुनो लभते तुलाम्।
अपिबद्भूपकृते सखिता खले न खलु खेलति स्वे लतिका यथा॥३॥

શબ્દાર્થ:—ઉપકારીના ઉપકારને ભૂલી જનાર મનુષ્ય ફક્ત ભોજનના ઉપકારને નહીં ભુલનાર કુતરાની પણ બરોબરી કરી શકતો નથી. વળી જેમ આકા-

શમાં વેરાઇ રેલાતી નથી, તેમ ઘણો ઉપકાર કર્યા છતાં પણ ખલ પુરૂષમાં મિત્રતા ટકી શકતી નથી. ॥ ૩ ॥

અહીં તાત્પર્ય એવો છે કે, કૃતઘ્નને ઘણી પ્રકારની આપત્તિમાંથી બચાવ્યો હોય, પૈસાની મદદ કરી હોય આ લોક અને પરલોકના હિત માટે હિતશિક્ષા આપી હોય, એ સિવાય ઘણો ઉપકાર કર્યો હોય, છતાં ઉપકાર કરનારનો બદલો વાળવો તો દૂર રહ્યો પણ તેનાં છિદ્રો જોઇ તેના ઉપર આપત્તિ લાવવામાં પણ ચુકતો નથી. કૂતરો તો એક વખત જેનું અન્ન ખાય છે તેના ઘરની ચોકી ભરે છે, કોઇ અજાણ્યા માણસને ઘરમાં દાખલ થવા દેતો નથી, ચોરોથી પણ બચાવ કરે છે; તેથીજ ગ્રંથકારે કૃતઘ્નને કૂતરાની બરોબરી કરવાને લાયક પણ ગણ્યો નથી અને તે વાસ્તવીક છે.

આ લોકમાં ઉપકારને ઓળવનાર, ઉપકારને જાણનાર, ઉપકારનો બદલો વાળનાર અને કારણ શિવાય ઉપકાર કરનાર એમ ચાર પ્રકારના પુરૂષો હોય છે. તે માટે કહ્યું છે કે—

अकृतज्ञा असंख्याताः संख्याताः कृतवेदिनः ।
कृतोपकारिणः स्तोकाः द्वित्राः स्वेनोपकारिणः ॥४॥
नहि मे पर्वता भारा न मे भाराश्च सागराः ।
कृतघ्नाश्च महाभारा भारा विश्वासघातकाः ॥५॥
इहोषरक्षेत्र शरीर शैलतुलां कृतघ्नाः कलयन्ति शश्वत् ।
सुक्षेत्रनेत्राद्भुतशुक्तिधेनुसमाः कृतज्ञाः प्रथिताः पृथिव्याम् ॥६॥

શબ્દાર્થ:—કૃતઘ્નો ગણત્રી વિનાના, કૃતજ્ઞો ગણત્રીમાં આવી શકે તેટલા, ઉપકારનો બદલો વાળનારા થોડા અને પોતાની મેળે ઉપકાર કરનારા બે ત્રણ હોય છે. ॥ ૪ ॥ પૃથિવી કહે છે કે, મને પર્વતો કે સમુદ્રોનો બોજો નથી, પરંતુ કૃતઘ્નો અને વિશ્વાસઘાતકો મોટા બોજારૂપ છે. ॥ ૫ ॥ આ દુનીયામાં કૃતઘ્નો હમેશાં ઉખરક્ષેત્ર, શરીર અને પર્વતની બરોબરીમાં મુકાય છે અને કૃતજ્ઞો શ્રેષ્ઠક્ષેત્ર, ચક્ષુ, આશ્ચર્યકારી છીપ અને તત્કાળ પ્રસૂત ગાય જેવા દુનીયામાં પ્રસિદ્ધ છે. ॥ ૬ ॥

આ શ્લોકનો તાત્પર્ય એવો છે કે, જેમ પાણી પવન તાપ વિગેરે અનુકુળ સામગ્રીનો જોગ મળ્યા છતાં ઉખરભૂમિમાં વાવેલું ઉત્તમ બીજ નિષ્ફળ જાય છે અને ખેતી કરવા રૂપ કષ્ટ શિવાય કાંઇ પ્રાપ્ત થતું નથી; તેમ કૃતઘ્ન પુરૂષને સંપુર્ણ સામગ્રી મળ્યાં છતાં હિત બુદ્ધિથી તેનામાં આરોપણ કરેલા તત્ત્વાદિ વિચારો નિષ્ફળ થાય છે. વળી જેમ શરીરનું નિરંતર નાના પ્રકારની વસ્તુઓથી ગમે તેટલું

પોષણ કરવામાં આવ્યું હોય તોપણ આખરે પોષણ કરનારને દગો દીધા વગર રહેતું નથી. તેમ કૃતઘ્ન પુરૂષનું પરમાર્થ વૃત્તિથી આજીવિકા વિગેરે પુરી પાડી ગમે તેટલું પોષણ કરવામાં આવ્યું હોય, તોપણ તેના ઉપર ઉપકાર કરનારને ઉપકારનો બદલો આપવો તો દૂર રહ્યો, પરંતુ અવસર આવે તે દુષ્ટ માણસ દગો દીધા વિના રહેતો નથી. વળી જેમ પર્વત પત્થર, કાંટા, વિકટ ઝાડી, વિષમ માર્ગ અને વ્યાઘ્રાદિ ક્રૂર પ્રાણીઓનું સ્થાન હોવાને લીધે હમેશાં ભય આપનાર હોય છે, તેમ કૃતઘ્ન પુરૂષ ઉપકાર કરનારને તમોએ અમુક કાર્ય રાજવિરૂદ્ધ કર્યું છે તેને હું બહાર લાવીશ વિગેરે ખોટી ધમકી આપી હમેશાં ભય આપવામાં બાકી રાખતો નથી. આથી વિપરીત સ્વભાવવાળો કૃતજ્ઞ પુરૂષ તો કોઇ વખત પણ ઉપકાર કરનારના ઉપકારને ભુલતો નથી અને ગમે તેવી આપત્તિ આવી પડે તો પણ સારા ક્ષેત્ર વિગેરેની પેઠે ઉત્તરોત્તર ઉત્તમ ફળનેજ આપનારો થાય છે.

જેની ઉપકાર કરવામાં હમેશાં બુદ્ધિ છે તે અને બીજો પોતાના ઉપર કરેલા ઉપકારને કદી ભુલતો નથી એવા આ બન્ને પુરૂષોને પૃથિવી ધારણ કરે છે, અથવા તો આ બે પુરૂષોએ પૃથ્વીને ધારણ કરી છે. કૃતજ્ઞ પુરૂષો થોડા ઉપકારને પણ ઘણો કરી માને છે, જેમકે જંગલમાં ક્ષીરામલકને આપનાર ભીલનો રાજાએ મહાન ઉપકાર માન્યો હતો, તેનું દ્રષ્ટાંત નીચે મુજબ છે.

વસંતપુરનગરમાં જિતારી નામનો રાજા હતો. એક વખત સભામાં બેઠેલા રાજાને દ્વારપાલે વિજ્ઞપ્તિ કરી કે હે રાજન્? બહુ દૂર દેશથી આવેલો સુવર્ણની છડી જેના હાથમાં છે એવો એક ઘોડાનો વેપારી દરવાજા ઉપર ઉભો છે. આ પ્રમાણે કહે છતે રાજાએ તેને સભામાં બોલાવ્યો. તે સોદાગર રાજાને પ્રણામ કરી રાજાની આજ્ઞામળતાં આસન ઉપર બેઠો. એટલે રાજાએ પુછ્યું કે હે ભદ્ર ? કયા કયા દેશોના કયા કયા નામવાળા કેટલી સંખ્યાવાળા કયા કયા ઘોડા લાવ્યો છે તે કહી બતાવ. ઘોડાના વેપારીએ જણાવ્યું કે–કંબોજ, સિંધુ, પારસ અને વાલ્હીક વિગેરે દેશોના અને કર્ક, શ્રીવત્સ, ખુંગાહ, સેરાહ, કિયાહ, હરિત્ત, દુદત્રાહ, કુલાઇ, નીલ, હુલાહ, કવિલ, અષ્ટમંગળ અને પંચભદ્ર વિગેરે નામવાળા ઘોડાઓ છે. હે રાજન્? વિશેષ શું કહું ? એકેક જાતિના સો સો ઘોડાઓ છે. અને તે સઘળા સર્વ લક્ષણોથી શોભિત તેમજ કેળવાએલા છે. ત્યાર બાદ રાજા મંત્રી વિગેરેની સાથે જોવા માટે ઘોડાઓની જગ્યા ઉપર ગયો. ત્યાં સઘળા ઘોડાઓ જોયા. તેમાંથી કોઇએક લક્ષણયુક્ત ઘોડા ઉપર પરીક્ષા કરવા માટે પોતેજ સ્વાર થયો, અને તેની પાસે પાંચ પ્રકારની ગતિ કરાવી વેગની પરીક્ષા વખતે કાનની વચે હણ્યો કે તરતજ ત્યાંથી ઉછળ્યો અને એવી ગતિથી ચાલ્યો કે એક પ્રહરમાં બાર યોજન નિકળી ગયો. આ ઘોડો વિપરીત શિક્ષા પામેલો હશે એમ ધારી રાજાએ લગામ છોડી દીધી ને ઘોડો ત્યાંજ

ઉભો રહ્યો. એટલે રાજા નીચે ઉતર્યો. બરોબર મધ્યાન્હ વખતે તૃષાથી પિડિત થએલા રાજાએ પાણીની તપાસ કરતાં એક ભિલ્લને જોઇ મંદ સ્વરથી કહ્યું કે હે ભિલ્લ ! તૃષાથી પિડિત થએલા મને પાણી દેખાડ. ભિલ્લ પણ રાજાની આકૃતિથી વિસ્મય પામેલો પ્રણામ કરી બોલ્યો કે હે રાજન્ ! હું જ્યાં સુધીમાં પાણી લાવું છું ત્યાં સુધીમાં તૃષાને દૂર કરનાર આ ક્ષીરામલકને મુખમાં રાખો. એમ કહી પોતે પાણી લેવા ગયો. રાજા પણ એક વૃક્ષની છાયાનો આશ્રય લઇ વિચાર કરવા લાગ્યો કે આ ભિલ્લનું મ્હોટું પરોપકારપણું કેવું આશ્ચર્યજનક છે ? આ ઉપકાર કરનાર ભિલ્લનું શું કાર્ય કરી તેમજ શું આપીને એના કરજથી મુક્ત થઈશ; એવો વિચાર કરે છે તેટલામાં તે ભિલ્લ કમલિનીના પડીયામાં પાણી લઇને આવી પહોંચ્યો અને તેણે હાથ પગ અને મુંખનું શોચ કરાવ્યું. તે પછી પવિત્ર, નિર્મળ અને શીતળ જળથી રાજાને ધીરજ આપી. જેટલામાં રાજા ભિલ્લને કાંઇક કહેવા જાય છે તેટલામાં પછવાડે રહેલું સૈન્ય આવી પહોંચ્યું. આ વખતે રાજાને જોઇ સઘળાઓને આનંદ પ્રાપ્ત થયો. રાજાએ તેઓની આગળ પ્રથમની સઘળી હકીકત કહી સંભળાવી અને વિશેષમાં કહ્યું કે તેવા અણીના વખતમાં આ ભિલ્લે આપેલા ક્ષીરામલકની બરોબરી કરવામાં મ્હારૂં સપ્તાંગ રાજ્ય પણ સમર્થ નથી, તો પણ હાથી ઉપર બેસાડી આ ભિલ્લને નગરમાં પહોંચાડો. રાજા પણ મ્હોટા મહોત્સવ પૂર્વક નગરમાં પ્રાપ્ત થયો, ત્યાં તે ભિલ્લનો તેલમર્દન, સ્નાન, વિલેપન વિગેરેથી ઘણો સત્કાર કર્યો. અને ઘણા કાળ સુધી પોતાની પાસે સુખમાં રાખ્યો. કોઈ વખતે વર્ષાકાળમાં વનનું સ્મરણ થવાથી તે ભિલ્લ ત્યાં જવા ઉત્સુક થયો. તેણે અનેકવાર સમજાવ્યો પણ જ્યારે તે રહેવાને કબુલ ન થયો ત્યારે રાજાએ સાથે જઇ ભિલ્લનું નગર સ્થાપન કરી રાજ્યાભિષેક પૂર્વક તે ભિલ્લને રાજગાદી ઉપર બેસાડયો. અને પ્રથમ આપેલા હાથી ઘોડા વિગેરે સઘળું તેને અર્પણ કર્યું, એ પ્રમાણે કૃતાર્થ થઇ રાજા પોતાના નગરમાં પ્રાપ્ત થયો. કેટલાક કાળે તે ભિલ્લ રાજા પણ મહા પ્રતાપી થયો. આ દુનિયામાં ઉત્તમ પુરૂષોના ઉપકારનું માહાત્મ્ય કયો પુરૂષ વર્ણન કરવાને સમર્થ થઈ શકે ? કોઇ પણ નહીં.

ખરી રીતે તો તે કૃતજ્ઞ કહી શકાય કે જે ધર્મ પ્રત્યે ઉપકારક છે. ધર્મ પ્રત્યેનો ઉપકાર તો ધર્મ સંબંધી વિરૂદ્ધોનો ત્યાગ કરવાથી થાય છે. તે ધર્મ વિરૂદ્ધ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

આસ્રવદ્વારમાં પ્રવૃત્તિ, ધર્મકાર્ય કરવામાં અનાદર, મુનિઓ ઉપર દ્વેષ, દેવ-દ્રવ્યનો ઉપભોગ, જિનશાસનું ઉપહાસ, સાધ્વીઓનો સંગ કરવામાં સાહસિકપણું, કૌલાચાર્ય (શાકિતક) ના ઉપદેશમાં રૂચી, વિરતિનો ત્યાગ, ગુરૂ, સ્વામી, ધાર્મિક સુખી, સ્વજન, યુવતિ અને વિશ્વાસીને ઠગવાનો પ્રયત્ન, બીજાની સમૃદ્ધિ જોઇ અ-

દેખાઇ કરવી, હદ વિનાનો લોભ કરવો, કૂળ અને દેશને અનુચિત વસ્તુનો હમેશાં ક્રયવિક્રય કરવો, હૃદયની નિર્દયતા અને ખર કર્મમાં પ્રવૃત્તિ.

વળી શા માટે અહીં આટલો બધો આગ્રહ કરવો જોઇએ. એવું કહેનારને માટે કહ્યું છે કે--

कुलरूवरिद्धिसामित्तणाइ पुरिसस्स जेणमुवणीयम् ।
धम्मस्स तस्स जुज्जइ कह नाम विरुद्धमायरिउम् ॥ ७ ॥

શબ્દાર્થ:—જે ધર્મે પુરૂષને કુળ, રૂપ, સમૃદ્ધિ અને સ્વામિત્વ વિગેરેની પ્રાપ્તિ કરાવી છે તેવા ધર્મથી વિરૂદ્ધ આચરણ કરવું તે કેવી રીતે યોગ્ય કહી શકાય ? ન જ કહેવાય. ॥ ૭॥

તે માટે કોઇએ કહ્યું છે કે--

येनानीतः कुलममलिनं लम्भितश्चारुरूपं
श्लाघ्यं जन्म श्रियमुदयिनीं बुद्धिमाचारशुद्धिम् ।
पुण्यान् पुत्रानतिशयवतीं प्रेत्य च स्वःसमृद्धिं
धर्मं नो चेत्तमुपकुरुते यः कुतोऽसौ कृतज्ञः ॥ ८ ॥

શબ્દાર્થ:—જે ધર્મ નિર્મળ કુળ, સુંદર રૂપ, પ્રશંસા કરવા લાયક જન્મ, ઉદયવાળી લક્ષ્મી, બુદ્ધિ, આચારની વિશુદ્ધિ, પવિત્ર પુત્રો અને પરલોકમાં ઉત્કૃષ્ટ સ્વર્ગની સમૃદ્ધિને પ્રાપ્ત કરાવે છે, તેવા ધર્મને જે ઉપકાર નથી કરતો તે કૃતજ્ઞ શેનો કહેવાય ? ન જ કહેવાય ॥ ૧ ॥ આ હેતુથી જે ધર્મને ઉપકાર કરનાર હોય છે, તેજ કૃતજ્ઞ કહેવાય છે. વળી કહ્યું છે કે:—

विद्वांसः शतशः स्फुरन्ति भुवने सन्त्येव भूमिभृतो–
वृत्तिं वैनयिकीं च बिभ्रति कति प्रीणन्ति वाग्भिः परे ।
दृश्यन्ते सुकृतक्रियासु कुशला दाताऽपि कोऽपि क्वचित्
कल्पोर्वीरुहवद्वनेन सुलभः प्रायः कृतज्ञो जनः ॥ ९ ॥

શબ્દાર્થ:—આ દુનિયામાં સેંકડો વિદ્વાનો સ્ફુરાયમાન છે, કેટલાએક રાજાઓ છે. કેટલાએક વિનયવાળી વૃત્તિને ધારણ કરનારા છે, કેટલાએક સુંદર વાણીવડે ખુશી કરનારા છે, કેટલાએક પુણ્ય ક્રિયામાં કુશળ દેખાય છે અને વનમાં કલ્પવૃક્ષની જેમ કોઇક ઠેકાણે દાતા પણ હોય છે, પરંતુ પ્રાયે કરીને કૃતજ્ઞ પુરૂષ મળવો દુર્લભ હોય છે. ॥ ૯ ॥

હવે પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં ગ્રંથકાર ઉપદેશદ્વારા ફળ બતાવે છે—

मनस्विनः प्रत्युपकारमेकोपकारिणो लक्षगुणं सृजन्तः ।
कृतज्ञचूडामणयो गृहस्थधर्मार्हतामात्मनि योजयन्ति ॥ १० ॥

શબ્દાર્થ:—એક ઉપકાર કરનારનો લાખગુણો પ્રત્યુપકાર કરનારા એવા સમજદાર અને કૃતજ્ઞોમાં મુકુટ સમાન પુરૂષો પોતાના આત્મામાં ગૃહસ્થ ધર્મની લાયકાત સંપાદન કરે છે. ॥ ૧૦ ॥

॥ इत्यष्टाविंशतितमो गुणः

एकोनत्रिंशत्गुण वर्णन.

વે ગ્રંથકાર મહારાજ ક્રમથી પ્રાપ્ત થએલા "લોકવલ્લભ" નામના ઓગણત્રીશમા ગુણનું વર્ણન કરે છે—

लोकवल्लभः—વળી લોકોને એટલે શ્રેષ્ઠ પુરૂષોને દાન અને વિનય વિગેરે ગુણોથી જે વલ્લભ હોય, તે લોકવલ્લભ કહેવાય છે. આ લોકમાં કયો પુરૂષ ગુણવાન પ્રત્યે પ્રીતિવાળો નથી હોતો ? જનવલ્લભપણું છે તેજ સમ્યકત્વ વિગેરેના સાધનમાં પ્રધાન અંગ ગણાય છે. તે માટે શ્રીહરિભદ્રસૂરિ મહારાજ પણ કહે છે કેઃ— **"सव्वजण वल्लहत्तं, अगरहिअं कम्म धीरया वसणे।"** સર્વજન વલ્લભપણું, અનિંદિત કર્મ અને કષ્ટમાં ધીરતા એ સમ્યકત્વાદિના સાધનમાં પ્રધાન અંગ ગણેલું છે. વળી જે લોકપ્રિય નથી હોતો તે ફકત પોતાના સમ્યકત્વના નાશ કરવામાં કારણભૂત છે એમ નહીં પરંતુ બીજાઓથી પોતાની ધર્મક્રિયાને દૂષિત કરાવતો બીજાઓના સમ્યકત્વના નાશ કરાવવામાં પણ કારણભૂત થાય છે. લોકવલ્લભપણાને ઇચ્છા રાખનાર મનુષ્યે આ લોક, પરલોક અને ઉભયલોકના વિરૂદ્ધ કાર્યોનો પરિત્યાગ કરવો જોઇએ. આ લોક વિરૂદ્ધ બીજાની નિંદા વિગેરેને કહે છે. તેમાટે કહ્યું છે કેઃ—

सव्वस्स चेव निंदा विसेसओ तह य गुणसमिद्धाणम् ।
उजुधम्मकरणहसणं रीढा जणपूअणिज्जाणम् ॥ १ ॥

શબ્દાર્થઃ—સઘળાની નિંદા, અથવા તો વિશેષે કરી ગુણવાન પુરૂષોની નિંદા, સરલ મનુષ્યની ધર્મકરણીનો ઉપહાસ અને લોકમાં પૂજ્ય એવા મહાત્માઓની અવજ્ઞા કરવી. આ સઘળાં આ લોક વિરૂદ્ધ ગણાય છે. ॥૧॥

પરલોક સંબંધી વિરૂધ્ધો આ પ્રમાણે છે–પુરોહિતપણું, રાત્રિએ (સ્વેચ્છાએ) ભ્રમણ કરવું, ગામનું નાયકપણું, અધિકારપણું, મઠનું અધ્યક્ષપણું, અસત્ય વચન,

સાક્ષી આપવી, બીજાનું અન્ન ખાવું, ધર્મી ઉપર દ્વેષ રાખવો, દુર્જન ઉપર પ્રેમ રાખવો અને પ્રાણીઓ ઉપર નિર્દયતા રાખવી એ સર્વે હે મહાદેવ (શિવ) મને દરેક જન્મમાં પ્રાપ્ત ન થાઓ.

ઉભય લોક વિરૂદ્ધ નીચે પ્રમાણે છે—

द्यूतं च मांसं च सुरा च वेश्या पापर्द्धि चौर्यं परदारसेवा ।
एतानि सप्त व्यसनानि लोके घोरातिघोरं नरकं नयन्ति ॥२॥
इहैव निन्द्यते शिष्टैर्व्यसनासक्तमानसः ।
मृतस्तु दुर्गतिं याति गतत्राणो नराधमः ॥ ३ ॥

શબ્દાર્થ:—જુગાર ખેલવો, માંસનું ખાવું, મદિરાનું પાન કરવું, વેશ્યાગમન કરવું, શિકાર કરવો, ચોરી કરવી, અને પરસ્ત્રીગમન કરવું એ સાત લોકોમાં વ્યસન ગણાય છે. અને તે ભયંકરમાં ભયંકર નરક પ્રત્યે મનુષ્યોને ખેંચી જાય છે. ॥ ૨ ॥ વ્યસનોમાં આસકિત રાખનાર આ લોકમાંજ શ્રેષ્ઠ પુરૂષોથી નિંદાય છે. અને શરણ રહિત તે નરાધમ મરીને દુર્ગતિમાં જાય છે. ॥ ૩ ॥

અહીં અભિપ્રાય આ પ્રમાણે છે. ઉપર જણાવેલાં લોકોને પરાઙ્મુખ કરવામાં કારણભૂત આ લોક, પરલોક અને ઉભય લોક વિરૂદ્ધ કાર્યોને ત્યાગ કરનારાજ લોકપ્રિય થાય છે. અને વિશેષધર્મનો (ગૃહસ્થધર્મનો) અધિકારી પણ તેજ થઇ શકે છે.

અથવા ઉત્તમ, મધ્યમ અને અધમરૂપ લોક તેને જે વલ્લભ એટલે માન્ય હોય તે લોક વલ્લભ કહેવાય છે. તેવો પુરૂષ પિતાની પેઠે હિતકાર્યમાં જોડનાર, માતાની પેઠે વાત્સલ્ય (નિષ્કપટપ્રેમ) કરવામાં તત્પર, સ્વામીની પેઠે સર્વ ઠેકાણે રક્ષા કરનાર, ગુરૂની પેઠે સર્વકાર્યમાં પુછવા લાયક, આફત આવી પડતાં યાદ કરવા લાયક અને સર્વ ઠેકાણે સર્વકાર્યોમાં સુખ અને દુઃખમાં અભયકુમારની પેઠે સહાય કરનાર હોય છે. તેમાં સર્વ ઠેકાણે યથાયોગ્ય વિનય, હિતકારી ઉપદેશનું આપવું અને બીજાના કાર્યોનું કરવાપણું વિગેરે ગુણો વડે પ્રાપ્ત થનાર ધર્મની યોગ્યતાનું મુખ્ય સાધન જનવલ્લભતા ગણાય છે. તે વિષયમાં શ્રી અભયકુમાર મંત્રિનું ઉદાહરણ નીચે લખી બતાવવામાં આવે છે:—

નવલાખ ગામોથી મનોહર એવા મગધદેશમાં રાજગૃહ નામનું નગર છે; ત્યાં સમ્યક્પ્રકારે સમ્યકત્વને ધારણ કરનાર શ્રેણિક નામનો રાજા હતો. વિનયવાન, વિવેકી, ત્યાગી, કૃતજ્ઞ, કૃપાળુ, અને નીતિ, પરાક્રમ અને ધર્મનો મૂર્ત્તિમાન

સમુદાય જાણે ન હોય એવો તેનો પોતાનો પુત્ર અભયકુમાર મંત્રી હતો. તેને આખા રાજ્યનો કારોબાર સોંપી શ્રેણિકરાજા ચેલણા દેવીની સાથે વિલાસમાં નિમગ્ન થયો. એટલામાં હેમંતઋતુ શરૂ થતાં ત્યાં ભગવાન મહાવીરસ્વામી પધાર્યા. કોઇ વખતે મધ્યાન્હ પછી ચેલ્લણા સહિત શ્રેણિકરાજા ગુણશીલ ચૈત્યમાં ભગવાનને વંદન કરી ત્યાંથી પાછા ફરતાં નદીના કિનારા ઉપર વસ્ત્રરહિત અને કાયોત્સર્ગમાં રહેલાં એક મુનિને જોઇ તત્કાળ વાહનથી ઉતરી ચેલ્લણાની સાથે શ્રેણિકે તે મુનિને પ્રણામ કર્યા અને પછી પોતાને સ્થાને પ્રાપ્ત થયો. ત્યાં સાયંકાળનું આવશ્યક કર્મ કરી વાસભુવનમાં દાખલ થઇ સુખરૂપ નિદ્રામાં તત્પર થયો. આ અવસરે નિદ્રાને આધિન થએલી ચેલ્લણા રાણીનો હાથ ઓઢેલા કપડાથી બહાર નીકળી ગયો અને તે ટાઢથી વીંછીના ડંખની પેઠે પીડિત થયો. તેથી જાગેલી ચેલ્લણારાણીએ નદીના કિનારા ઉપર કાયોત્સર્ગમાં રહેલા મુનિને યાદ કરી બોલી કે–તે કેવી હાલતમાં હશે ? પછી કપડાથી હાથને ઢાંકી દીધો અને સુખેથી સુઇ ગઈ. તે પછી તેનાં આ વાક્યને સાંભળી કુપિત થએલા રાજાએ વિચાર કર્યો કે ખરેખર આ રાણી વ્યભિચારણી છે. તેથી સંકેત કરનાર કોઇપણ યારને સ્મરણમાં લાવી આ પ્રમાણે બોલે છે. એ પ્રમાણે ક્રોધાયમાન થયેલા રાજાએ જાગરૂક અવસ્થામાંજ બાકી રહેલી રાત્રિને ગુમાવી. સૂર્યના ઉદય થતાં ચેલ્લણાને અંતેઉરમાં વિસર્જન કરી, અભયકુમારને કહ્યું કે–અરે અભયકુમાર ! અંતેઉરનો નાશ થયો છે. તે માટે અંતેઉરના દ્વારોને બંધ કરી તમામ બાજુના મુખવાળા અગ્નિને લગાડજે. પરંતુ માતાના સ્નેહથી મોહિત હૃદયવાળો થઈ મ્હારી આજ્ઞાનું ઉલ્લઘંન કરતો નહીં. એ પ્રમાણે અભયકુમારને આદેશ કરી રાજા ભગવાન મહાવીરસ્વામીને વંદન કરવા ગયો. એટલે નિપુણ અને નિશ્ચય મતિવાળા અભયકુમારે પણ વિચાર કર્યો કે–મ્હારી સર્વે માતાઓ સતીમાં તિલ સમાન છે. તો પણ કોઇ કારણથી પૂજ્ય પિતાએ આ અસંભવિત કાર્યની સંભાવના કરી છે. તેમજ પિતાનો કોપ પણ પર્વતની નદીના પુરની પેઠે દુર્નિવાર્ય છે. એ વગર વિચારે કરેલું કાર્ય દુઃખદાયક થાય છે. તે માટે કહ્યું છે કે––

सगुणमपगुणं वा कुर्वता कार्यमादौ परिणतिरवधार्या यत्नतः पण्डितेन ।
अतिरभसकृतानां कर्मणामाविपत्तेर्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥ ४ ॥

શબ્દાર્થ—ગુણવાળું અથવાતો ગુણવગરનું કાર્ય કરનાર પંડિતે પ્રથમ યત્ન પૂર્વક પરિણતિ (વિપાક) નો વિચાર કરવો જોઇએ. ઘણી ઉતાવળથી કરેલા કાર્યનો વિપાક વિપત્તિ પર્યંત શલ્ય પેઠે હૃદયને દાહ કરનાર થાય છે. ॥ ૪ ॥

તેથી હાલ આ અશુભકાર્ય કરવામાં કાળ વિલંબ કરીશ. એ પ્રમાણે વિચાર કરી અભયકુમારે એક જુની હસ્તિશાળા સળગાવી અને નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે અંતેઉર સળગ્યું છે. તે પછી તેણે ભગવાન્ માહાવીરસ્વામી તરફ પ્રયાણ કર્યું એટલામાં સમવસરણમાં ધર્મકથા પૂર્ણ થતાં રાજાએ સર્વજ્ઞને વિજ્ઞપ્તિ કરીકે હે ભગવાન્? ચેલ્લણાદેવી એક પતિ વાળી છે કે અનેક પતિ વાળી છે? ભગવાને ઉત્તરમાં જણાવ્યું કે ચેડારાજાની પુત્રી આ ચેલ્લણાદેવી શીલરૂપ અલંકારને ધારણ કરનારી છે. તેથી હે પાર્થિવ? આ વિષયમાં મન થકી પણ તમો બરાબ વિચાર કરતા નહીં. આ બીના સાંભળી ભગવાનને નમસ્કાર કરી પશ્ચાતાપ કરતો રાજા એકદમ નગરની સન્મુખ ચાલ્યો. માર્ગમાં તેને અભયકુમાર મલ્યો. તેને પુછ્યું કે તેં અંતેઉર બાળ્યું કે નહીં? અભયકુમારે વિનંતિ કરી કે હે રાજન્? આ દુનિયાની અંદર જીવવાનો અર્થી કયો પુરૂષ તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે! તે પછી દ્વેષયુક્ત થયેલો રાજા બોલ્યો કે. "રે દુષ્ટ! માતાના સમુહને બાળી તેમાં તેં પણ કેમ ન પ્રવેશ કર્યો?" અભયકુમારે જવાબ આપ્યો કે–'હે તાત? જિન વચન શ્રવણ કરનાર એવા તમારા પુત્રનું આવા પ્રકારનું મરણ ન થાય. જો તે વખતે આપ પિતાશ્રીએ તેવી આજ્ઞા કરી હોત તો તે પણ હું કરત." પરસ્પર આવી વાત ચાલે છે એટલામાં રાજાને દુઃખે કરી મૂર્ચ્છા આવી તેને ચંદન વિગેરેથી સ્વસ્થ કરી અભયકુમારે વિજ્ઞપ્તિ કરી કે–" હે દેવ! અંતેઉરમાં અગ્નિ નાખ્યો હતો પણ મ્હારી માતાના શીળરૂપ જળથી ઓલવાઇ ગયો. અશુભ મૂહુર્ત્તના સંયોગથી આપનું ફરમાવેલું કાર્ય નિષ્ફળ થયું." એવું નિવેદન કર્યા બાદ જીર્ણ હસ્તિશાળા બાળવા વિગેરેનો વ્યતિકર કહી સંભળાવ્યો તેથી ખુશી થએલા રાજાએ આલિંગન કરી કહ્યું કે 'વર માગ' ઉત્તરમાં અભયકુમારે જણાવ્યું કે–"તમારા પુત્રપણે અને મહાવીર સ્વામીના સુશ્રાવકપણાને પ્રાપ્ત થએ છતે હવે મ્હારે બીજું શું બાકી છે? કે જેને આપવા માટે પિતા અભિલાષા રાખે છે. તોપણ અવસર આવે સાધુધર્મને અંગીકાર કરૂં તે વખતે આપે મને અનુમતિ આપવી" શ્રેણીક રાજાએ એ વાતનો સ્વીકાર કરી ચેલ્લણાના ભવનમાં પ્રાપ્ત થયો. તે પછી રાજા વિચાર કરવા લાગ્યો કે–"પહેલાં પણ ચેલ્લણા મ્હારા હૃદયની વલ્લભા હતી. હમણાં તો શ્રી મહાવીરસ્વામીએ તેણીના શીલનું વર્ણન કરવાથી વિશેષપ્રકારે મને પ્રિય થઇ પડી છે. તેથી જ્યાંસુધી મ્હારી બીજી રાણીઓથી ચેલ્લણા માટે કાંઇ પણ વિશેષ ન કરી શકાય ત્યાંસુધી મ્હારા મનને નિવૃત્તિ નહીં થાય." આ પ્રમાણે વિચાર કરી અભકુમારને કહ્યું

કે–" હે વત્સ ! તું જાણે છે કે મ્હારો ચેલ્લણા ઉપર અસાધારણ મમત્વ ભાવ છે તે માટે મ્હારી પ્રસન્નતાનો સૂચક એક સ્થંભીઓ મહેલ આ ચેલ્લણા માટે તૈયાર કરાવ કે જેથી તે મહેલમાં સુખપૂર્વક રહી શકે." અભયકુમારે પણ જણાવ્યું કે 'હે દેવ ! આ કાર્ય થએલું જ છે" એમ કહી હુશીયાર સુથારને વનમાં જવાનો આદેશ આપ્યો વનમાં પરિભ્રમણ કરતા સુથારે એક લક્ષણવાળું વૃક્ષ જોયું અને વિચાર કર્યો કે–આ વૃક્ષ પ્રસ્તુત્ત કાર્યને યોગ્ય છે. પરંતુ અભયકુમારે પૂજા અને પ્રણિધાન પૂર્વક આવા પ્રકારના વૃક્ષનું ગ્રહણ કરવાનું કહેલું છે. તેથી સુત્રધારે ઉપવાસકરી ઉત્તમ ગંધ, પુષ્પ અને નૈવેદ્ય વિગેરેથી પૂજા કરી બોલ્યો કે રાજાના આદેશથી આ વૃક્ષને હું પ્રાતઃકાળમાં કાપીશ. તે માટે આ વૃક્ષમાં જે કોઈ રાક્ષસ અથવા તો યક્ષ ગંધર્વ કે ગણ વસતો હોય તો તે મ્હારા ઉપર પ્રસન્ન થઇ આ વૃક્ષને છેદવા માટે હુકમ આપે. એ પ્રમાણે પ્રાર્થના કરી સુત્રધાર સુઇ ગયો એટલે તે વૃક્ષમાં રહેનાર વ્યંતરે વિચાર કર્યો કે–અભયકુમારનો વિવેક અને વિનય કેવો આશ્ચર્યજનક છે ? જો અભયકુમારના આદેશથી આ સુત્રધારે ઉપર પ્રમાણે ન કર્યું હોત તો મ્હારા કોપરૂપ પ્રદીપમાં પતંગીયાપણાને પ્રાપ્ત થયો હોત પરંતુ ઉત્તમ પુરૂષો વગર વિચાર્યું કરનારા હોતા નથી. એ પ્રમાણે વિચાર કરી મધ્યરાત્રીમાં જઇ અભયકુમારને કહ્યું કે–વિનય અને પૂજા વિગેરેથી હું તુષ્ટ થયો છું. તેથી સર્વ ઋતુના ફળ અને ફુલવાળા વનખંડથી સુશોભિત એક સ્થંભીયો મહેલ હું જ બનાવીશ માટે સુત્રધારોને ઝાડ કાપવાના કામથી એકદમ નિવર્તન કરો. અભયકુમારે પણ વ્યંતરના વચનથી સૂત્રધારોને તે કામ કરતાં અટકાવ્યા એટલે દેવતાએ એકસ્થંભીયો મહેલ તૈયાર કર્યો. અભયકુમારે પણ શ્રેણીકને વિનંતિ કરી એટલે તરત તેવા પ્રકારના મહેલને જોઇ આશ્ચર્યથી વિકસિત વદનવાળા શ્રેણિક રાજા અભયકુમારને પુછયું કે આવા પ્રકારનો મહેલ કેવી રીતે થયો ? અભયકુમારે ઉત્તરમાં સઘળો યથાર્થ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે પછી ચેલ્લણા રાણીને તે મહેલમાં રાખી અને કહ્યું કે–વિદ્યાધરીની પેઠે મરજી મુજબ વિલાસ કરતી હે સુંદરી ! આ ઠેકાણે રહી તું ધર્મ, અર્થ અને કામરૂપ પુરૂષાર્થ વડે પોતાના જન્મને સફળ કર. આ તરફ અભયકુમાર પણ ગ્રહણ કર્યા પ્રમાણે ગૃહસ્થધર્મનું પાલન કરે છે. કોઈ અવસરે રાજાએ રાજ્ય આપવા માંડયું પણ સંતોષપરાયણ અભયકુમારે તેનો સ્વીકાર નહીં કરતાં વિચારવા લાગ્યો કે જો હું ચરમ (છેલ્લો) રાજર્ષિ થઉં તો રાજ્યને ગ્રહણ કરૂં પરંતુ આ વાતનો નિશ્ચય તો ભગવાનને પુછવાથી થઈ શકશે એમ વિચારે છે એટલામાં ભગવાન મહાવીર સ્વામી પશ્ચિમ દેશથી વીતભયપત્તનના નરેશ ઉદાયનને દીક્ષા આપી રાજગૃહમાં પધાર્યા. અભયકુમાર પણ પોતાના પરિવાર સાથે જિનેશ્વરને વંદન કરવા માટે ગયો અને ત્યાં અવસર મળતાં ભગવાન

મહાવીર સ્વામીને પુછયું કે હે ભગવન્! આ ભરત ક્ષેત્રમાં છેલ્લો રાજર્ષિ કોણ થશે ? ઉત્તરમાં ભગવાને જણાવ્યું કે–આ ઉદાયન ચરમ રાજર્ષિ છે. હવે પછી આ ઉદાયનથી મોટા કે તેના સરખા રાજાઓ દુઃષમ કાળના પ્રભાવથી સાધુવ્રતને અંગીકાર કરશે નહીં; આ વાત સાંભળી સંસારના ભયથી ભયપામેલા અભયકુમારે રાજાના પગમાં પડી પ્રથમ અંગીકાર કરેલું વર રાજાપાસે માંગ્યું. હે તાત! આટલા દિવસ સુધી ચરમ રાજર્ષિપણાની ઇચ્છારાખનાર મ્હારા વડે વ્રત ગ્રહણ કરવા માટે આગ્રહ કરાયો નથી. પરંતુ હમણાં તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગથી મને રાજર્ષિપણું પ્રાપ્ત થવાનું નથી. માટે જો આપ પિતાશ્રી મને અનુમતિ આપો તો હમણાંજ ભગવાન્ મહાવીરસ્વામી પાસે હું મુનિવ્રત અંગીકાર કરૂં. અભયકુમારની આ વાત સાંભળી શોકાકુળ હૃદયવાળા શ્રેણિકરાજાએ કહ્યું કે–હે વત્સ! તારા જેવા ઉત્તમ પુરૂષોને એમ કરવું યોગ્ય છે. પરંતુ મહારા રાજ્યનાં સંપૂર્ણ રાજ્યકાર્ય કરવામાં તુંજ પ્રભુ હતો. આટલા દિવસમાં ત્હારી બીજી પ્રાર્થનાઓ મેં નિષ્ફળ કરી નથી તો આવા ઉત્તમકાર્યમાં વિઘ્ન શામાટે કરૂં ? જે રાજ્યને માટે રાજકુમારો અકાર્યો કરે છે તેવું રાજ્ય આપવા માંડયું પણ તેં ગ્રહણ ન ન કર્યું તેથી હે પુત્ર! તને ધન્ય છે અને ત્હારા ધર્મકાર્યના માર્ગમાં વિઘ્ન ન થાઓ એમ બોલી શ્રેણિક રાજાએ નિષ્ક્રમણ મહોત્સવ કરાવ્યો. અભયકુમાર પણ મેઘની પેઠે પુષ્કળ સુવર્ણની ધારાઓથી વૃષ્ટિ કરતો ભગવાન પાસે આવી પહોંચ્યો. ભગવાને વિધિપૂર્વક દીક્ષા આપી. અભયકુમારની માતા નંદાએ પણ તેની સાથેજ દીક્ષા ગ્રહણ કરી. કેટલાએક કાળે અભયકુમાર અગીયાર અંગને ધારણ કરનાર થયો, પછી ઘણા કાળ સુધી નિરતિચાર પ્રવ્રજ્યા પાળી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો ત્યાંથી ચ્યવી (મનુષ્ય થઈ દીક્ષા ગ્રહણ કરી) મોક્ષમાં જશે.

હવે ગ્રંથકાર પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ફળ બતાવે છે—

नयविनयविवेकच्छेकतादैर्गुणौघैः
सकलजनमनांसि प्रीणयन्तो महान्तः ।
अभयवदिति लोके वल्लभत्वं दधाना
निरुपमजिनधर्मे योग्यतां संश्रयन्ते ॥५॥

શબ્દાર્થ:—ઉપલી કથાના નાયક અભયકુમારની પેઠે નીતિ, વિનય, વિવેક અને નિપુણતા વિગેરે ગુણોએ કરી આ લોકમાં સમગ્ર લોકોના અંતઃકરણોને સંતોષ પમાડનારા મહાન્ પુરૂષો જનવલ્લભપણાને ધારણ કરી સર્વોત્તમ જિનધર્મની યોગ્યતાને મેળવે છે ॥ ૫ ॥ ”

इत्येकोनत्रिंशत्तमो गुणः ॥ २९ ॥

त्रिंशत् गुण वर्णन.

વે ગ્રંથકાર મહારાજ ક્રમથી પ્રાપ્ત થએલા સલજ્જ નામના ત્રીશમા ગુણનું વિવરણ કરે છે—

सलज्जः—નિર્લજ્જતાના અભાવ રૂપ લજ્જાએ કરીને જે યુક્ત હોય તે લજ્જાવાન કહેવાય છે. ખરેખર જે લજ્જાવાન હોય છે તે પોતાના પ્રાણોનો નાશ થતાં પણ અંગીકાર કરેલાનો કદી ત્યાગ કરતા નથી અને અનુચિત કાર્યમાં પ્રવૃત્તિ પણ કરતા નથી. કોઇ વખત દૈવયોગથી અકાર્યમાં પ્રવૃત્તિ થઇ ગઇ હોય તોપણ પ્રાયે કરી પાછો ઠેકાણેજ આવે છે. તે માટે કહ્યું છે કેઃ—

लज्जया कार्यनिर्वाहो, मृत्युर्युद्धेषु लज्जया ।
लज्जयैव नये वृत्तिर्लज्जा सर्वस्य कारणम् ॥ १ ॥
लज्जां गुणौघजननीं जननीमिवार्या—
मत्यन्तशुद्धहृदयामनुवर्त्तमानाः ।
तेजस्विनः सुखमसूनपि सन्त्यजन्ति
सत्यस्थितिव्यसनिनो न पुनः प्रतिज्ञाम् ॥ २ ॥

શબ્દાર્થ:—લજ્જાએ કરી કાર્યનો નિર્વાહ, લજ્જાએ કરી યુદ્ધમાં સુભટોનું મૃત્યુ અને લજ્જાએ કરીનેજ નીતિમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે. તેથી સર્વ આવશ્યક બાબતોનું મૂળ કારણ લજ્જાજ છે. ॥ ૧ ॥ શ્રેષ્ઠ અને અત્યંત શુદ્ધ હૃદયવાળી માતાની પેઠે અનેક ગુણોને ઉત્પન્ન કરનારી લજ્જાને અનુસરનારા તેજસ્વી (પરાક્રમી) અને સત્યની સીમામાં રહેવાની ટેવવાળા પુરૂષો સુખેથી પ્રાણોનો ત્યાગ કરે છે,

પરંતુ કદી પણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી. ॥ ૨ ॥ વળી કહ્યું છે કે—

लज्जालुओ अकज्जं वज्जइ दूरेण जेण तणुअंपि ।
आयरइ सयायारं न मुयइ अंगीकयं कह वि ॥ ३ ॥

શબ્દાર્થ:—આ હેતુથી લજ્જાળુ પુરૂષ અતિ સ્વલ્પ અકાર્યનો પણ દૂરથીજ ત્યાગ કરે છે, સદાચારનું પ્રતિપાલન કરે છે અને કોઇ પણ પ્રકારે અંગીકાર કરેલું છોડતો નથી. ॥ ૩ ॥ તે માટે કહ્યું છે કે—

दूरे ता अन्नजणो अंगे च्चिय जाइं पंच भूयाइं ।
तेसिंपि य लज्जिज्जइ पारद्धं परिहरंतेहिं ॥ ४ ॥

શબ્દાર્થ:—અન્ય પુરૂષથી શરમાવું તો દૂર રહ્યું, પણ શરીરમાંજ જે પાંચ ભૂતો છે તેનાથી પણ પ્રારંભ કરેલાનો ત્યાગ કરનાર લજ્જાળુ પુરૂષ લજ્જા પામે છે. ॥ ૪ ॥ જેમ શ્રીમાન્ આમ્બડ દેવને લજ્જા પ્રાપ્ત થઇ હતી તેનું ઉદાહરણ નીચે બતાવ્યા પ્રમાણે છે.

અણહિલ્લપુર પાટણમાં સર્વ કાર્યોનો અવસર છે જેમાં એવી સભામાં બેઠેલા ચૌલુક્ય ચક્રવર્ત્તી શ્રીકુમારપાળ રાજાએ કોઇવખત કોંકણદેશના મલ્લિકાર્જુનરાજાનું ભાટ દ્વારા કહેવાતું 'રાજપિતામહ' એવું બીરૂદ સાંભળ્યું અને તે સહન નહી થવાથી સભાને નિહાળતાં રાજાના અંતઃકરણને જાણનાર આંબડદેવ મંત્રિએ દેખાડેલા કરસંપુટને જોઇ ચમત્કાર પામેલા રાજાએ સભાવિસર્જન કર્યાબાદ અંજલિબંધ કરવાનું કારણ પુછતાં મંત્રિએ વિજ્ઞપ્તિ કરી કે—આ સભામાં કોઇ તેવા પ્રકારનો સુભટ છે કે જેને મોકલી આ મિથ્યાભિમાની અને નૃપાભાસ રાજાનો ગર્વ ઉતારી શકીયે. એવા પ્રકારના તમારા આશયને જાણનાર અને તમારા હુકમને ઉઠાવવા સમર્થ હોવાથી મેં અંજલિબંધ કર્યો હતો. એવા પ્રકારની તેની વિજ્ઞપ્તિ સાંભળ્યા પછી તરતજ તે રાજા તરફ પ્રયાણ કરવા માટે સેનાનો નાયક કરી અને પાંચઅંગને પહેરામણી આપી સમસ્ત સામંતોની સાથે આંબડદેવને વિસર્જન કર્યો. પછી તે આંબડદેવ અવિછિન્ન પ્રયાણ કરી કુંકણદેશને પ્રાપ્ત થઈ દુર્વારિ પાણીના પૂરવાળી કોલંબિણી નામની નદીને ઉતરી સામેના કિનારા ઉપર પડાવ નાંખે છે અને હજુસુધી તે આંબડદેવ લડવાને સજ્જ થયો નથી એમ વિચાર કરી મલ્લિકાર્જુને તેના ઉપર એકદમ ઓચિંતો હલ્લો લાવી તેના સૈન્યને નસાડી મુક્યું. મલ્લિકાર્જુનથી પરાભવ પામેલો શ્યામવદન, કાળાં વસ્ત્ર, કાળું છત્ર, કાળા અલંકાર અને કાળા મુકટને ધારણ કરનાર તે આંબડદેવ નામનો સેનાધિપતિ પાટણશહેરની નજીકમાં કૃષ્ણગૂઢશહેર નામના સ્થાન વિશે આવી રહ્યો. રાજા-

વાટિકામાં નીકળેલા ચૌલુક્ય શિરોમણી કુમારપાળે તે પડાવ જોઇ પુછયું કે આ કોની સેનાનો પડાવ છે ? ઉત્તરમાં કોઇ ઉતાવળાએ જણાવ્યું કે–મલ્લિકાર્જુનથી પરાભવ પામેલા અને કુંકણદેશથી પાછા ફરેલા આંબડદેવ મંત્રીનો આ સેનાનિવેસ છે. આ વાત સાંભળી તે મંત્રીની અત્યંત લજ્જાથી વિસ્મય થએલા રાજાએ પ્રસન્ન અને મનોહર દ્રષ્ટિથી મંત્રિનો સત્કાર કરી બીજા બળવાન્ સામંતો સાથે મલ્લિકાર્જુનને જીતવા માટે આંબડદેવને ફરીથી મોકલ્યો. અનુક્રમે તે કોલંબિણી નામની નદીને પ્રાપ્ત થઇ તેના ઉપર પુલ જેવો માર્ગ તૈયાર કરી તેજ માર્ગ દ્વારા અનુક્રમે સાવધાન વૃત્તિથી સૈન્યને ઉતારી અસાધારણ યુદ્ધ શરૂ થતાં બહાદુરીથી હસ્તિના સ્કંધ ઉપર આરૂઢ થએલા મલ્લિકાર્જુનનેજ ચેષ્ટારહિત કરતો તે આંબડદેવ નામનો સુભટ મૂશળ જેવા દાંતરૂપ પગથીઆવડે હાથીના કુંભસ્થળ ઉપર આરૂઢ થઈ પ્રચંડ રણ રસના આવેશમાં આવી પ્રથમ તું પ્રહાર કર અથવા તો ઇષ્ટદેવનું સ્મરણ કર એ પ્રમાણે બોલી અને તીક્ષ્ણ ધારવાળા ખડ્ગના પ્રહારથી મલ્લિકાર્જુનને પૃથ્વી ઉપર પાડી નાંખી અને મલ્લિકાર્જુનના નગરને લુટવામાં જ્યારે સામંતો રોકાયા હતા તે વખતે કેશરીસિંહનું બચ્ચું જેમ હાથીનો નાશ કરે છે તેની પેઠે આંબડદેવે સહેજમાંજ મલ્લિકાર્જુનનું મસ્તક કાપી નાખ્યું. પછી તે મસ્તકને સોનાથી વીંટીલઈ તે કુંકણદેશમાં કુમારપાળ ભૂપાળની આજ્ઞા વર્ત્તાવી અનુક્રમે અણહિલ્લપુર પત્તનમાં આવી કુમારપાળ નરેશની સભામાં જ્યારે બ્હોંતેર સામંતોની હાજરી હતી તે વખતે કુંકણદેશના રાજા મલ્લિકાર્જુનના મસ્તકની સાથે શૃંગારકોટી નામની સાડી, માણિક્ય નામનો પટ, પાપક્ષયંકર નામનો હાર, સંયોગસિદ્ધ નામની છીપ, સોનાના બત્રીશ કળશ, મોતિના છો મૂહા, ચાર દાંત વાળો સેટક નામનો એક હાથી, એકસોવીસ પાત્રો અને ચઉદ ક્રોડ સોના મહોર વિગેરે વસ્તુઓથી પોતાના સ્વામિ શ્રી કુમારપાળરાજાની આંબડદેવ મંત્રિએ પૂજા કરી. ઉપર જણાવેલા આશ્ચર્યજનક કાર્યથી ખુશી થએલા રાજાએ પોતાનાજ મુખથી શ્રી આંબડદેવને 'રાજપિતામહ' એવું બીરૂદ આપ્યું.

હવે ચાલતા વિષયની સમાપ્તિ કરતાં ગ્રંથકાર ઉપદેશ દ્વારા આ ગુણ પ્રાપ્ત થવાનું ફળ બતાવે છે—

संकटेऽपि महति प्रतिपन्नं लज्जया त्यजति यन्न मनस्वी।
निर्वहेच्च खलु तेन सलज्जः सम्मतः शुभविधावधिकारी ॥ ५ ॥

શબ્દાર્થ:—મોટું સંકટ આવ્યા છતાં પણ મનસ્વી પુરૂષ અંગીકાર કરેલું લજ્જાથી ત્યાગ કરતો નથી પરંતુ ખરેખર તેનો નિર્વાહ કરે છે. તે હેતુથી લજ્જાવાન્ પુરૂષ ધર્મ કાર્યમાં અધિકારી ગણાય છે. ॥ ૫ ॥

एकत्रिंशत् गुणवर्णन.

હવે ક્રમથી પ્રાપ્ત થએલા સદય નામના એકત્રીશમા ગુણનું વર્ણન કરે છેઃ—

સદયઃ—દુઃખિત પ્રાણિઓનું રક્ષણ કરવાની અભિલાષા રૂપ દયાએ કરી જે યુક્ત હોય તે સદય કહેવાય છે. અને દયાજ ધર્મનું મૂળ છે તેથી દયાળુ જ ધર્મને યોગ્ય છે. કહ્યું છે કે—

देहिनः सुखमीहन्ते, विना धर्मं कुतः सुखम्? ।
दयां विना कुतो धर्मस्ततस्तस्यां रतो भव ॥ १ ॥

શબ્દાર્થઃ—પ્રાણીઓ સુખની ઇચ્છા કરે છે, પરંતુ ધર્મ વિના સુખ ક્યાંથી હોઈ શકે? તેમજ દયા વિના ધર્મ ક્યાંથી હોય? તે માટે હે ભવ્ય! જીવોનું રક્ષણ કરવામાં તત્પર થા. ॥ ૧ ॥

ભાવાર્થઃ—આ જગત્માં ઇંદ્રથી માંડી કુંથુ પર્યંત તમામ પ્રાણીઓ સુખની ઇચ્છા રાખે છે. પરંતુ કષાય, અવિરતિ, પ્રમાદ અને રાગદ્વેષની પરિણતિ વિગેરે પ્રબળ કારણોને લીધે સુખનું ખરેખરૂં કારણ જે ધર્મ છે તેવા જિનોક્ત ધર્મનું યથાર્થ આરાધન કર્યા શિવાય ધર્મથી પ્રાપ્ત થનાર સુખની ઇચ્છા રાખનારને સ્વપ્નમાં પણ સુખ કેવી રીતે મળી શકે! માટે સુખની ઇચ્છા રાખનાર પુરૂષે યથાશક્તિ ભાવપૂર્વક ધર્મ કરવા તત્પર થવું જોઇએ. ધર્મની ઉપાસના કરનારને કેવળ સંસારનું સંપૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે એટલું જ નહીં પરંતુ ઉત્તરોત્તર મોક્ષના અનંત સુખને પણ મેળવી શકે છે. ધર્મ પણ અહિંસા રૂપ હોવો જોઇએ. કારણકે અહિંસા ધર્મનું મૂળ છે. દરેક પ્રાણીને જીવવાની આશા હોય છે, મરણની વાત કાને પડતાં ભયભ્રાંત થઈ જાય છે. એવા અનાથ પ્રાણીઓને પ્રાણ લઈ ધર્મની

ઇચ્છા કરે છે તો હાલહલ ઝેર ખાઈ જીવવાની ઇચ્છા બરોબર છે. વખતે નિકાચિત આયુષ્ય હોવાથી ઝેર જીવિતનો નાશ ન કરી શકે એ કદાચિત્ બનવાજોગ છે, પરંતુ હિંસા કરનારને હિંસાથી ધર્મ થવો તો દૂર રહ્યો પણ નારકીનાં અતિ ભયંકર દુઃખોનો અનુભવ કરવો પડે છે માટે જિનેશ્વર ભગવાને શ્રાવકોને જીવદયા પાળવા માટે જે નિયમો બતાવ્યા છે, તે પ્રમાણે તેનું પાલન કરવા દરેક સુખાભિલાષી પ્રાણીઓએ તત્પર થવું જોઇએ. એકલા જૈનોજ અહિંસાને ધર્મનું મૂળ કારણ માને છે એમ નથી. પરંતુ આર્યાવર્ત્તના તમામ દર્શનવાળા "अहिंसा परमो धर्मः" આ મહા વાક્યને માન્ય કરી અહિંસાને ધર્મનું પ્રધાન અંગ સ્વીકારે છે. તે માટે કહ્યું છે કે—

ददातु दानं विदधातु मौनं वेदादिकं चापि विदांकरोतु ।
देवादिकं ध्यायतु सन्ततं वा न चेद्दया निष्फलमेव सर्वम् ॥२॥

શબ્દાર્થ:—દાન આપો, મૌન ધારણ કરો, વેદાદિક અથવા તો બીજા ગમે તે શાસ્ત્રોને જાણો અને નિરંતર દેવાદિકનું ધ્યાન કરો પરંતુ જો એક દયા નથી તો ઉપર બતાવેલું સઘળું નિષ્ફળ છે એટલે રાખમાં ઘી હોમ્યા બરાબર છે. ॥ ૨ ॥

વિવેકી પુરૂષ દયા પણ પોતાના આત્માની પેઠે કરે. તે માટે કહ્યું છે કે—

प्राणा यथाऽऽत्मनोऽभीष्टा भूतानामपि ते तथा ।
आत्मौपम्येन भूतानां दयां कुर्वीत धर्मवित् ॥ ३ ॥

શબ્દાર્થ:—જેમ પોતાના પ્રાણો અભીષ્ટ છે, તેમ પ્રાણી માત્રને પણ પોતાના પ્રાણો અભીષ્ટ છે. માટે ધર્મજ્ઞ પુરૂષે પોતાની પેઠે બીજા પ્રાણીઓની દયા કરવી જોઇએ. અર્થાત્ પોતાના પ્રાણો જેવા બીજાના પ્રાણો ગણી તેનું રક્ષણ કરવું જોઇએ. ॥ ૩ ॥

कृपानदीमहातीरे सर्वे धर्मास्तृणाङ्कुराः ।
तस्यां शोषमुपेतायां कियन्नन्दन्ति ते चिरम् ॥ ४ ॥

શબ્દાર્થ:—કૃપારૂપ નદીના કિનારા ઉપર સઘળા ધર્મો અંકુરારૂપ છે. જ્યારે તે નદી સુકાઈ જાય ત્યારે તે અંકુરા કેટલા કાળ સુધી ટકી શકવાના ? અર્થાત્ જ્યાં બીલકુલ દયાનો છાંટો પણ નથી તો દયાના આધારે રહેનાર ધર્મનું અસ્તિત્વ ક્યાંથી હોય ? ॥ ૪ ॥

निजप्राणैः परप्राणान् ये रक्षन्ति दयोज्ज्वलाः ।
द्वित्रास्ते सुरसंस्तुत्या दुर्लभाः पुण्यपूरुषाः ॥ ५ ॥

શબ્દાર્થ:—જે દયાળુ પુરૂષો પોતાના પ્રાણોએ કરી બીજાના પ્રાણોનું રક્ષણ કરે છે તેવા દુર્લભ તેમજ દેવતાઓથી સ્તુતિ કરાએલા પવિત્ર પુરૂષો બે ત્રણ અર્થાત્ ગણ્યા ગાંઠ્યા હોય છે. ॥ ૫ ॥

જેમ વિક્રમાદિત્ય નામનો રાજા હતો. તેની કથા આ પ્રમાણે છે.—

એક વખતે અશ્વથી હરણ કરાએલો અને તૃષાથી પીડિત થએલો વિક્રમ રાજા અરણ્યમાં પાણીની તપાસ કરતો હતો. તેટલામાં કોઈએક ગુફામાં કાદવવાળા તલાવડાની અંદર ખુંચી ગએલી અને દુર્બળ એવી એક ગાય તેના જોવામાં આવી. આંસુથી ખરડાએલી આંખોવાળી ગાયે પણ રાજાને જોઇ બરાડા પાડ્યા. તે સાંભળી દુઃખિ થએલા પ્રાણીઓનું રક્ષણ કરવામાંજ ધ્યાન આપનાર રાજાએ પણ તેને બહાર ખેંચી કાઢવા માટે અનેક ઉપાયો કર્યા પરંતુ કોઈ પણ રીતે ગાય બહાર નીકળી શકી નહીં અને રાત્રિ થઈ ગઇ. તેટલામાં કોઈ પણ સ્થળથી ઓચિંતો એક ભૂખ્યો સિંહ તે ગાયનું ભક્ષણ કરવા માટે આવ્યો અને સિંહનાદ કરવા લાગ્યો. તે જોઈ દયાથી સ્નિગ્ધ હૃદયવાળો વિક્રમરાજા વિચાર કરવા લાગ્યો કે—જો આ દુર્બળ અને ભયથી વ્યાકુળ થએલી ગાયને હું અહિંયા મૂકીને ચાલ્યો જઈશ તો આ ગાયને સિંહ જલદી મારી નાંખશે. દુર્બળ, અનાથ, ભયભીત હૃદયવાળા અને બીજાઓથી પરાભવ પામેલા સઘળા પ્રાણીઓનો આશ્રય પાર્થિવજ હોય છે. તે હેતુથી મ્હારા પ્રાણોનો નાશ થાય તો પણ મારે આ ગાયનું રક્ષણ કરવું જોઇએ. એ પ્રમાણે વિચાર કરી તલવારને ઉગામી ગાયની પાસે ઉભો રહ્યો. રાત્રિમાં ટાઢ અને ભયથી ગાય કંપવા લાગી એટલે રાજાએ પોતાના વસ્ત્રોએ કરી તેણીને ઢાંકી દીધી. આ તરફ સિંહ ગાયની સામે ફાળો મારે છે. રાજા તેને તલવારથી ડરાવે છે. એવા પ્રકારનો વૃત્તાંત થએ છતે તે ઠેકાણે વડ ઉપર બેઠેલો એક પોપટ બોલે છે કે—હે માલવેશ્વર ! પોતાના સ્વભાવેજ આજ કે કાલ મરી જનાર આ ગાયને માટે તમ્હારા પોતાનાં પ્રાણોને શ્યા માટે અર્પણ કરે છે ? તમ્હારી ઇચ્છા પ્રમાણે અહીંથી ચાલ્યો જા અથવા તો આ વડ ઉપર જલદી ચડી જા. રાજાએ તેના ઉત્તરમાં જણાવ્યું કે—હે શુકરાજ ! તમારે આ પ્રમાણે બોલવું ન જોઇએ. કેમકે—બીજાના પ્રાણોએ કરી પોતાના પ્રાણોનું રક્ષણ સઘળા પ્રાણીઓ કરે છે. પરંતુ પોતાના પ્રાણોએ કરી બીજાના પ્રાણોનું રક્ષણ કરનાર એક જીમૂતવાહનજ છે. જેમ સૂર્યના ઉદય થવાથી સૂર્યકાંત મણીઓ કાંતિયુક્ત થાય છે, તેમ એક દયાથીજ સત્ય વિગેરે તમામ ગુણો ફળયુક્ત થાય છે. અર્થાત્ સૂર્યકાંત મણીઓ સૂર્યના અસ્તિત્વ સિવાય પોતાના ગુણોને પ્રકાશમાં લાવી શકતી નથી તેવી રીતે સઘળા ધર્મોમાં પ્રધાનપદ ભોગવનારી દયા શિવાય સત્ય પ્રમુખ ગુણો સ્ફુરાયમાન થતા નથી. તેમજ ધર્મરૂપ કલ્પવૃક્ષનું બીજ; સમગ્ર જગત્‌ના પ્રાણીઓને સુખ આપનાર અને અનંત દુઃખોનો નાશ કરનાર જો કોઈ હોય તો તે એક દયાજ છે. એક નાયક વગરનું સૈન્ય

નકામું ગણાય છે, તેમ દેવગુરૂની ચરણોપાસના, તપસ્યા, ઇંદ્રિયોનો નિગ્રહ, દાન આપવું અને શાસ્ત્રોનું અધ્યયન કરવું એ સઘળું એક દયા વિના નિષ્ફળ ગણાય છે. જો આજ કે કાલ અથવા કાળાંતરે મૃત્યુ થવાનું છે એવો નિશ્ચય જ છે તો પછી એક મ્હારા પોતાનો નાશ થયાથી ઘણા પ્રાણીઓના પ્રાણોનું રક્ષણ થતું હોય તો શું એટલાથી બસ નથી ? આ હેતુથી મ્હારા પ્રાણોને પણ અર્પણ કરી આ ગાયને બચાવવી યોગ્ય છે. એવો નિશ્ચય કરી રાજાએ આખી રાત તે ગાયનું રક્ષણ કર્યું. પ્રાતઃકાળમાં સૂર્યોદય થતાં સિંહ, ગાય કે પોપટને દેખ્યા નહીં. કેવળ પોતાને જોઇ મનની અંદર આશ્ચર્ય અને તર્કવિતર્ક કરે છે તેટલામાં બે દેવોને પોતાની આગળ જોયા. વિસ્મય હૃદયવાળા તે બે દેવો પણ આ પ્રમાણે બોલ્યા–સાંપ્રત કાળમાં પૃથવી ઉપર સખાવત કરનાર અને જાગરૂક એવી દયા પ્રમુખગુણોએ કરી શુદ્ધિ કરનાર વિક્રમ રાજાના જેવો કોઇ બીજો પુરૂષ નથી. એ પ્રમાણે દેવોની સભામાં હર્ષિત થએલો સાક્ષાત્ ઇંદ્ર પોતે જ તમારી કીર્ત્તિની પ્રશંસા કરે છે. માટે હે નરદેવ ! તનેં ધન્ય છે. તહારી પરીક્ષા કરવા માટે સિંહ, ગાય અને પોપટનાં રૂપો કરી અમો બન્ને દેવોએ દેવમાયા દેખાડી હતી. તારી દયા રસિકતા ઇંદ્રના વર્ણનથી પણ હજાર ગણી અમોએ જોઈ. માટે વર માગો. રાજા કંઈપણ ઇચ્છતો નથી. તે પછી તે બન્ને દેવો રાજાને કામધેનુ ગાય આપી પોતાના સ્થાને ચાલ્યા ગયા. ખુશી થએલો રાજા પણ કામધેનુ ગાયને સાથે લઈ નગરીની સન્મુખ આવે છે તેવામાં રસ્તાની અંદર એક બાળકવાળા બ્રાહ્મણે રાજાને કહ્યું કે–હે દુઃખી પ્રાણીઓના દુઃખને હરનાર વિક્રમ નરેશ! આ બાળકની માતા મરી ગઈ છે. હવે આ બાલક દુધ વગર રહી શકતો નથી. ઘરમાં લક્ષ્મીનો અભાવ હોવાથી હું ગાય મેળવી શકતો નથી. તેથી હું દુઃખી છું. આ બીના સાંભળી દયાથી સ્નિગ્ધ હૃદયવાળા રાજાએ બ્રાહ્મણને કામધેનુ ગાયને આપી દઈ પોતાના સ્થાનને ભૂષિત કર્યું.

હવે ગ્રંથકાર મહારાજ પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ આપે છે—

एवं दयारसोल्लासि धर्म साम्राज्यशालिनः ।
संपदः सर्वतोवीक्ष्य सदा भाव्यं दयालुना ॥ ६ ॥

શબ્દાર્થ:—એ પ્રમાણે સર્વ ઠેકાણે દયાના રસથી વૃદ્ધિ પામતા ધર્મરૂપ મહાન્ રાજ્યને શોભાવનારી સંપદાઓને જોઇ હે ભવ્ય લોકો ! તમારે નિરંતર દયાળુ થવું જોઇએ. ॥ ૬ ॥

॥ इति एकत्रिंशत्तमो गुणः ॥ ३१ ॥

द्वात्रिंशत् गुणवर्णन.

હવે ક્રમથી પ્રાપ્ત થએલા સૌમ્ય નામના બત્રીશમા ગુણનું વર્ણન કરે છે—

सौम्यः—મનોહર આકૃતિવાળો હોય અથવા જેનું દર્શન પ્રિય હોય તે સૌમ્ય કહેવાય છે. અને તે ગૃહસ્થ ધર્મને યોગ્ય હોઇ શકે છે. તેથી વિપરિત જે ક્રૂર આકૃતિવાળો મનુષ્ય હોય એટલે ભયજનક અને અદર્શનીય હોય તે પ્રાયેકરી લોકને ઉદ્વેગનું કારણ થાય છે. અને તે વિશેષ ધર્મને યોગ્ય થઇ શકતો નથી. ખરેખર સૌમ્યતા સર્વને પોતાનાં તરફ ખેંચનારી હોય છે. જેમકે—

अपकारिण्यपि प्रायः सौम्याः स्युरुपकारिणः ।
मारकेभ्योऽपि कल्याणं रसराजः प्रयच्छति ॥ १ ॥

શબ્દાર્થઃ—જેમ પારો પોતાના મારનારને પણ સુવર્ણ આપે છે તેમ મનોહર આકૃતિવાળા અથવા તો સુકુમાર સ્વભાવવાળા પુરૂષો ઘણું કરી અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરવાવાળા હોય છે. અર્થાત્ આવા સ્વભાવવાળા પુરૂષો દરેક મનુષ્યને પોતા તરફ ખેંચે એમાં કાંઇ નવાઇ નથી. ॥ ૧ ॥

અથવા સુખેથી આરાધન કરવા લાયક એટલે દુઃખેથી આરાધન કરી શકાય તેવા સ્વભાવનો ત્યાગ કરનાર જે હોય તેને સૌમ્ય કહે છે. અને ખરેખર તેવા પુરૂષને સુખેથી અનુકૂળ કરી શકાય છે. આથી ઉલટી પ્રકૃતિવાળો દુરારાધ્ય પુરૂષ તો તીવ્ર સ્વભાવને લીધે પોતાના પરિવારને નારાજ કરનાર અનુક્રમે સહાય વગરનો થાય છે. જ્યારે સુકુમાળ સ્વભાવવાળો સુખેથી આરાધી શકાય એવી પ્રકૃતિ હોવાને લીધે શત્રુપક્ષના લોકોથી પણ સેવાય છે. આ વિષયમાં રામચંદ્રજીનું દૃષ્ટાન્ત સુપ્ર-

સિદ્ધ છે. રામચંદ્રજી પોતાના કટ્ટા દુશ્મન રાવણના પક્ષકારો વિભીષણ, સુગ્રીવ હનુમંત વિગેરેથી સેવાયા હતા, તેનું કારણ રામચંદ્રજીનો સુકુમાળ સ્વભાવ અને સરલ પ્રકૃતિ વિગેરે હતું. તે માટે કહ્યું છે કે—

चन्द्रः सुधामयत्वादुडुपतिरपि सेव्यते ग्रहग्रामैः ।
ग्रहगणपतिरपि भानुर्भ्राम्यत्येको दुरालोकः ॥ २ ॥

શબ્દાર્થ:—ચન્દ્રમા નક્ષત્રોનો સ્વામી છે તો પણ અમૃતમય હોવાથી અર્થાત્ સૌમ્ય પ્રકૃતિને લઈ ગ્રહોના સમૂહથી સેવાય છે. અર્થાત્ ગ્રહોનો સમુદાય ચંદ્રનો આશ્રય કરે છે. અને દુ:ખેથી જોઇ શકાય એવો સૂર્ય ગ્રહોના સમુદાયનો સ્વામી છે તો પણ પોતાની તીવ્ર પ્રકૃતિને લીધે ગ્રહગણથી રહિત એકલો પરિભ્રમણ કરે છે. ૨

અથવા જેનું હૃદય ક્રૂર ન હોય તેવા પુરૂષને સૌમ્ય કહે છે. અને તેવા પુરૂષનો કોઇએ મોટો અપરાધ કર્યા છતાં પણ તેને ખરાબ કરતો નથી. જેમ વીરધવલ નામના રાજાએ કર્યું હતું. તેનું દૃષ્ટાંત જાણવા જેવું હોવાથી નીચે બતાવવામાં આવે છે.

કોઇક વખતે દિવસમાં વીરધવલરાજા ચંદ્રશાળામાં સુતો હતો. તે અવસરે વસ્ત્રથી ઢાંકેલા મુખવાળા અને જાગતા રાજાને ઉંઘે છે એમ માની તેની પગચંપી કરનાર કોઇકે ખવાસે તે રાજાના અંગુઠામાં રહેલી રત્નની અંગુઠી લઇને મોઢામાં મુકી, પણ રાણાએ જાણતાં છતાં કંઈ પણ કહ્યું નહીં અને બીજે દિવસે ભંડારમાંથી તેવા પ્રકારની જ બીજી અંગુઠી કઢાવી અને પહેરીને પાછો ત્યાંજ સુઈ ગયો, પગચંપી કરનાર ખવાસે પ્રથમની પેઠે તેને ગ્રહણ કરવા માટે પ્રારંભ કર્યો, પરંતુ રાજાએ કહ્યું કે આ અંગુઠી લઇ લેતો નહીં. જે ગઇ કાલે લીધી છે તે તનેજ આપવામાં આવે છે. આ વચન સાંભળી ભયભ્રાંત થયેલો ખવાસ રાજાના પગમાં પડયો. તેટલામાં કોઈ એક કાર્ય માટે આવેલા વસ્તુપાલ મંત્રિએ તે ખવાસને હંકાયો તે વખતે રાજાએ કહ્યું કે–હે મંત્રિન્! આ દોષ આ ખવાસનો નથી, પરંતુ અમારી કૃપણતાનો આ દોષ છે. એમ બોલી ભય પામેલા ખવાસને કહ્યું કે, હે વત્સ ! ડરીશ નહીં. હું જાણું છું કે થોડી આજીવિકાથી ઇચ્છા પૂર્ણ થતી નથી. માટે આજથી લઇને અડધો લાખ તહારી આજીવિકા માટે અને આ ઘોડો તને આરોહણ કરવા માટે અર્પણ કરૂં છું. આ પ્રમાણે તે ખવાસને આશ્વાસન આપવાથી રાજાનું લોકમાં ‘ સેવકસદાફળ ’ એવા પ્રકારનું બિરૂદ પ્રસિદ્ધિમાં આવ્યું.

પૂર્વોક્ત પ્રકૃતિવાળા કરતાં વિપરીત સ્વભાવવાળો એટલે કઠોર પ્રકૃતિવાળો મનુષ્ય તો હિતશિક્ષા આપનાર ઉપર પણ નાખુશી બતાવનાર આકૃતિને પ્રગટ કરે છે. આ બાબતમાં લક્ષ્મણસેન રાજાનું ઉદાહરણ નીચે પ્રમાણે છે—

ગૌડદેશમાં લક્ષણાવતી નામની નગરીમાં સંપૂર્ણ બુદ્ધિના ભંડારરૂપ ઉમાપતિધર નામના મંત્રિથી જેના રાજ્યની ચિંતા કરાય છે એવો લક્ષ્મણસેન નામનો રાજા ઘણા કાળ સુધી રાજ્ય કરતો હતો. જેમ મદાન્ધ થયેલો હાથી હાથણીનો સંગ કરવાથી કાદવમાં ફસી પડે છે તેવી રીતે તે રાજા મદોન્મત્ત ગજઘટાના સંસર્ગથી જાણે મદાંધ ન થયો હોય ? તેમ ચંડાલનીના સંસર્ગરૂપ કાદવમાં ફસી ગયો હતો. અર્થાત્ ચંડાલનીની સાથે વિષયસુખમાં મગ્ન થયો હતો. આ વૃત્તાંત ઉમાપતિધર નામના મંત્રીના જાણવામાં આવ્યું હતું. પરંતુ પોતાના સ્વામિની ક્રૂર પ્રકૃતિ હોવાથી સાક્ષાત્પણે પ્રતિબોધ કરવો અશક્ય છે એમ વિચાર કરી તે રાજાને બીજા પ્રકારથી પ્રતિબોધ કરવા માટે સભા મંડપના પાટડા ઉપર મંત્રીએ ગુપ્તપણે નીચેનાં અન્યોક્તિગર્ભિત કાવ્યો લખ્યાં--

शैत्यं नाम गुणस्तवैव तदनु स्वभाविकी स्वच्छता
किं ब्रुमः शुचितां व्रजन्त्यशुचयः स्पर्शात्तवैवापरे ।
किञ्चातः परमास्ति ते स्तुतिपदं त्वं जीवनं देहिनां
त्वं चेन्नीचपथेन गच्छसि पयः ! कस्त्वां निरोधुं क्षमः ॥३॥

શબ્દાર્થ:—હે જળ ! મુખ્યપણે શીતલતા ગુણ તારોજ છે. તો પછી તાહરી સ્વાભાવિક સ્વચ્છતા માટે અમો કાંઇ વર્ણન કરી શકતા નથી. કારણ કે તારા સ્પર્શ માત્રથીજ બીજા અશુચિ પદાર્થો પવિત્રતાને પ્રાપ્ત થાય છે. અને તું પ્રાણી માત્રોનું જીવિતવ્ય છે આથી વધારે તહારી સ્તુતિ શું હોઇ શકે ? આ પ્રમાણે તહારામાં ગુણો હોવા છતાં તું નીચ માર્ગે જતું હોય તો તને રોકવા કોણ સમર્થ થાય ? ॥૩॥ આ કાવ્યમાં જળને ઉદ્દેશી રાજાને બોધ આપ્યો છે.

त्वं चेत्संचरसे वृषेण लघुता का नाम दिग्दन्तिनां
व्यालैः कङ्कणभूषणानि तनुषे हानिर्न हेम्नामपि ।
मूर्ध्नन्यं कुरुषे जडांशुमयशः किं नाम लोकत्रयी-
दीपस्याम्बुजबान्धवस्य जगतामीशोऽसि किं ब्रूमहे॥ ४ ॥

શબ્દાર્થ—હે શંકર ? જો તું વૃષભ (બળદ) ઉપર બેસી ગમન કરે છે તેથી હાથીની હલકાઈ શી ! વળી જો તું સર્પોવડે કંકણરૂપ આભૂષણોને બનાવે છે તેથી સુવર્ણની હાનિ શી ? અને જો તું મસ્તક ઉપર ચંદ્રને ધારણ કરે છે તેથી ત્રણ જગત્માં દીપક સમાન સૂર્યને અપયશ શેનો? તું જગતનો ઈશ છે તેથી અમો વધારે શું બોલી શકીએ ? અર્થાત્ હસ્તિ સુવર્ણ અને સૂર્ય જેવાં ઉત્તમ સાધનો હોવા

છતાં તું નીચનો આશ્રય લે તેમાં તારી હલકાઈ છે. ॥ ૪ ॥ આ કાવ્યમાં પણ શંકરને ઉદ્દેશી રાજાને પ્રતિબોધ કર્યો છે.

छिन्ते ब्रह्मशिरो यदि प्रथयति प्रेतेषु सत्यं यदि
क्षीबः क्रीडति मातृभिर्यदि रतिं धत्ते श्मशाने यदि ।
सृष्ट्वा संहरति प्रजा यदि तथाऽप्याधाय भक्त्या मन-
स्तं सेवे करवाणि किं त्रिजगती शून्या स एवेश्वरः ॥ ५ ॥

શબ્દાર્થ:—યદ્યપિ મહાદેવ બ્રહ્માના મસ્તકને છેદે છે, પિશાચોની અંદર ખરેખર પ્રસિદ્ધિ પામે છે, ઉન્મત્ત થઇ માતાઓ સાથે ક્રીડા કરે છે, શ્મશાનમાં પ્રીતિ રાખે છે અને પ્રજાઓને બનાવી સંહાર કરે છે તો પણ નિરૂપાયે કરવું શું ? ઈશ્વર તેજ છે તેના વિના ત્રણે જગત્ સૂનાં છે માટે તેનામાં ભક્તિથી મનને સ્થાપન કરી હું તે મહાદેવની સેવા કરૂં છું. અર્થાત્ ઉપર જણાવેલા અપવાદોથી પરિપૂર્ણ હોવા છતાં જગતનો ઈશ્વર હોવાને લીધે મહારે નાઇલાજે આદર કરવો પડે છે ॥ ૫ ॥ આ કાવ્યમાં પણ શંકરને ઉદ્દેશી રાજાને બોધ કર્યો છે.

सद्वृत्तसद्गुणमहार्हमहर्घ्यमूल्य कान्ताघनस्तनतटो-
चित चारुमूर्त्ते ! ।
आः पामरीकठिनकण्ठविलग्न भग्न ! हा हार ! हा-
रितमहो ! भवता गुणित्वम् ॥ ६ ॥

શબ્દાર્થ:—શ્રેષ્ઠ ગોળ આકૃતિવાળા, શ્રેષ્ઠ ગુણ (દોરા) વાળા, લાયકાતવાળા, મોટી કિંમતવાળા અને સુંદર સ્ત્રીઓના પુષ્ટ સ્તન ઉપર યોગ્ય રીતે રહેલી મનોહર મૂર્ત્તિવાળા હે હાર ! મને આશ્ચર્યજનક ખેદ થાય છે કે એક ગરીબડીના કઠોર ગળામાં વળગી ભગ્ન થએલા તેં તારૂં ગુણિપણું ગમાવી દીધું છે. ॥ ૬ ॥ આ કાવ્યમાં તો હારને ઉદ્દેશી રાજાને બોધ કર્યો છે.

કોઈ એક પ્રસંગે સભામાં તે શ્લોકોને જોઇ અને તેના અર્થનો બોધ થવાથી રાજામંત્રિ ઉપર અંતરંગમાં દ્વેષ ધારણ કરવા લાગ્યો. કહ્યું છે કે—

प्रायः संप्रति कोपाय सन्मार्गस्योपदर्शनम् ।
विलूननासिकस्येव भवेदादर्शदर्शनम् ॥ ७ ॥

શબ્દાર્થ:—જેમ નાકકટ્ટાને દર્પણ દેખાડવું તે ઘણું કરી કોપ માટે થાય છે તેમ સાંપ્રતકાળમાં સન્માર્ગનો ઉપદેશ આપવો તે પણ ઘણું કરીને કોપ માટેજ થાય છે. ॥ ૭ ॥

તે પછી ઈર્ષાવાળા રાજાએ તે મંત્રિને પદભ્રષ્ટ કર્યો. ત્યારબાદ કોઇ વખતે રાજપાટિકાથી પાછા ફરેલા રાજાએ દુર્દશાવાળો એકાકી અને ઉપાયરહિત એવા મંત્રિને જોઇ ગુસ્સાથી તેનો વધ કરવા માટે મહાવત દ્વારા તેની તરફ હાથીને પ્રેર્યો. તે જોઇ મંત્રિએ કહ્યું કે જ્યાંસુધી હું કાંઇક બોલું છું ત્યાંસુધી મહારા તરફ આવતા હાથીને રોકી રાખ. તેના વચનથી મહાવત તે પ્રમાણે કરે છતે ઉમાપતિધર મંત્રિએ કહ્યું કે—

नग्नास्तिष्ठति धूलिधूसरवपुर्गोपृष्ठिमारोहति,
व्यालैः क्रीडति नृत्यति स्रवदसृग् चर्मोद्वहन् दन्तिनः।
आचाराद्बहिरेवमादिचरितैराबद्धरागो हरः,
सत्यं नोपदिशन्ति यस्य गुरवस्तस्येदमाचेष्टितम् ॥ ८ ॥

શબ્દાર્થ:—મહાદેવ નગ્નપણે રહે છે, ધૂળથી મલિન શરીરવાળો વૃષભ આરોહન કરે છે, સર્પો સાથે ક્રીડા કરે છે, લોહીથી ટપકતા હાથીના ચામડાને ધારણ કરી નાચે છે, ઇત્યાદિ ચરિત્રોએ કરી આચારથી બહાર થયેલો અને રાગમાં આસક્ત રહે છે તે ખરેખર સત્ય છે. કારણકે જેને ગુરૂઓ ઉપદેશ આપતા નથી તેનું આચરણ આવું જ હોય છે. ॥ ૮ ॥

એ પ્રમાણે તે મંત્રિના જ્ઞાનરૂપ અંકુશથી મનરૂપ હાથી વશ થવાને લીધે પોતાના ચરિત્રોથી કાંઇક પશ્ચાતાપ કરતા અને પોતાના આત્માની ઘણી નિંદા કરતા રાજાએ ધીમે ધીમે તે વ્યસનનો ત્યાગ કરી તે ઉમાપતિધરને ફરિથી મંત્રિપદ ઉપર સ્થાપન કર્યો.

હવે ગ્રંથકાર પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં સૌમ્ય પુરૂષનેજ ધર્મનો અધિકારી કહે છે—

एवं सौम्यः सुखासेव्यः सुखप्रज्ञाप्य एव च ।
यतो भवेत्ततो धर्माधिकारेऽधिकृतो बुधैः॥ ९ ॥

શબ્દાર્થ:—ઉપર જણાવેલાં બન્ને ઉદાહરણોથી સ્પષ્ટ સમજી શકાય છે કે સૌમ્ય પુરૂષ સુખેથી સેવા કરવા લાયક અને સુખેથી પ્રતિબોધ કરવા લાયક હોય છે, તેથી પંડિત પુરૂષોએ સૌમ્ય પુરૂષનેજ વિશેષ ધર્મનો અધિકારી ગણ્યો છે. ॥૯॥

॥ इति द्वात्रिंशत्तमो गुणः ॥

त्रयस्त्रिंशत् गुणवर्णन.

હવે ગ્રંથકાર ક્રમથી પ્રાપ્ત થએલા "પરોપકાર કરવા રૂપ" તેત્રીશમા ગુણનું વર્ણન કરે છે—

परोपकृतिकर्मठः—પરોપકાર કરવામાં કર્મઠ એટલે તત્પર હોય તે વિશેષ ધર્મની યોગ્યતા મેળવી શકે છે. ખરેખર જે પુરૂષ પરોપકારપરાયણ હોય છે તે સમસ્ત લોકોનાં નેત્રોને અમૃતના અંજનરૂપ ગણાય છે. અર્થાત્ સમગ્ર પ્રાણીઓને આનંદ આપનાર હોય છે. અને જે નિરૂપકારી હોય છે તે તૃણથી પણ હલકો ગણાય છે. કહ્યું છે કે—

क्षेत्रं रक्षति चञ्चा सौधं लोलत्पटी कणान् रक्षा ।
दन्तात्ततृणं प्राणान् नरेण किं निरुपकारेण ॥ १ ॥

શબ્દાર્થ:—ચંચા પુરૂષ (ક્ષેત્રના રક્ષણ માટે બનાવેલો ઘાસનો મનુષ્ય) ક્ષેત્રનું, ચપલ ધ્વજા પ્રાસાદનું, રાખ (ભસ્મ) અનાજનું અને દાંતમાં ગ્રહણ કરેલું તૃણ પ્રાણોનું રક્ષણ કરે છે. અર્થાત્ જ્યારે આવા અચેતન પદાર્થો પ્રાણીઓને ઉપકાર કરનાર હોય છે, ત્યારે બીજાને ઉપકાર નહીં કરનાર સચેતન પુરૂષો તૃણ વિગેરેથી પણ નકામા ગણાય છે. ॥ ૧ ॥

પરોપકાર કરવો તે મોટા પુરૂષોનો સ્વભાવસિદ્ધ ધર્મજ છે. કહ્યું છે કે—

उपकर्त्तुं प्रियं वक्तुं कर्त्तुं स्नेहमकृत्रिमम् ।
सज्जनानां स्वभावोऽयं केनेन्दुः शिशिरीकृतः ॥ २ ॥

कस्यादेशात् क्षिपयति तमः सप्तसप्तिः प्रजानां
छायां कर्त्तुं पथि विटपिनामञ्जलिः केन बद्धः ।

अभ्यर्थ्यन्ते नवजलमुचः केन वा वृष्टिहेतो-
र्जात्यैवैतं परहितविधौ साधवो बद्धकक्षाः ॥ ३ ॥

શબ્દાર્થ:—પરને ઉપકાર કરવાનો, પ્રીતિજનક બોલવાનો અને વાસ્તવિક સ્નેહ કરવાનો સજ્જન પુરૂષોનો આ સ્વભાવ હોય છે. જેમકે ચંદ્રને કોણે શીતળ કર્યો છે ? કોઇએ નહીં પરંતુ તે તેનો જાતિ સ્વભાવજ છે. ॥ ૨ ॥ સૂર્ય જગત્‌ના અંધકારને શું કોઇના હુકમથી દૂર કરે છે ? વૃક્ષોને માર્ગમાં છાયા કરવા માટે શું કોઇએ અંજલિબંધ કર્યો છે ? નવીન મેઘોને વૃષ્ટિ માટે શું કોઇએ અભ્યર્થના કરી છે ? કોઇએજ નહીં, કિન્તુ પોતાના જાતિસ્વભાવથીજ તે શ્રેષ્ઠ પુરૂષો પરનું હિત કરવામાં તત્પર થાય છે. ॥ ૩ ॥

અહીંયા ચાર પ્રકારના મનુષ્યો હોય છે. તેમાંથી કેટલાએક પ્રયોજન શિવાય પરોપકાર કરનારા અને કેટલાએક પરોપકાર કરનારને બદલો આપનાર આ બન્ને પુરૂષો ધર્મને લાયક છે. આથી વિપરીત બીજા બે ધર્મને લાયક ગણાતા નથી. તે આ પ્રમાણે છે—

ते तावत्कृतिनः परार्थनिरताः स्वार्थाविरोधेन ये
ये च स्वार्थपरार्थसार्थघटकास्तेऽमी नरा मध्यमाः ।
तेऽमी मानुषराक्षसाः परहितं यैः स्वार्थतो हन्यते
ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥ ४ ॥

શબ્દાર્થ:—જેઓ પોતાના સ્વાર્થને બાધ ન આવે તેવી રીતે બીજાનું કાર્ય કરવામાં તત્પર હોય છે તે પ્રથમ પંક્તિના સત્પુરૂષો કહેવાય છે. વળી જેઓ પોતાના અને પરના સ્વાર્થને સાધવાવાળા હોય છે, તે પુરૂષો મધ્યમ ગણાય છે તેમજ જેઓ પોતાના સ્વાર્થને લીધે બીજાના હિતનો નાશ કરે છે, તે પુરૂષો મનુષ્યરૂપ રાક્ષસો ગણાય છે. અર્થાત્ આવા પુરૂષોને કનિષ્ઠ કહેવામાં આવે છે. અને જેઓ પોતાના મતલબ શિવાય પરના હિતનો નાશ કરે છે, તેઓને કેવા કહેવા તે અમો જાણતા નથી ? અર્થાત્ તેવા પુરૂષોને અધમાધમ કહેવા જોઇએ. ॥ ૪ ॥

क्षुद्राः सन्ति सहस्रशः स्वभरणव्यापारमात्रोद्यताः
स्वार्थो यस्य परार्थ एव स पुमानेकः सतामग्रणीः ।
दुष्पुरोदरपूरणाय पिबति स्रोतःपतिं वाडवो
जीमूतस्तु निदाघसंभृतजगत्सन्तापव्युच्छित्तये ॥ ५ ॥

શબ્દાર્થ:—આ દુનીયામાં પોતાનું પોષણ કરવા રૂપ વ્યાપારમાં ઉદ્યમ કરનારા ક્ષુદ્ર પુરૂષો હજારો છે. પરંતુ જેને બીજાના પ્રયોજનમાં જ પોતાનું પ્રયોજન જણાય છે તેવો સજ્જન શિરોમણિ પુરૂષ આ દુનીયામાં એકજ હોય છે. મુશ્કેલીથી ભરી શકાય તેવા ઉદરની પૂરતી માટે જ્યારે વડવાનળ સમુદ્રનું પાન કરે છે, ત્યારે મેઘ તો ગ્રીષ્મઋતુથી વ્યાપ્ત થએલો જગત્નો સંતાપ નાશ કરવા માટે તત્પર થાય છે. આ બે ઉદાહરણો ક્ષુદ્ર અને મહાન્ પુરૂષના ઓળખાણ માટે બસ છે.

कए वि अन्नस्सुवयारजाए कुणंति जे पच्चुवयारजुग्गं ।
न तेण तुल्लो विमलो वि चंदो न चेव भाणू न य देवराया ॥६॥

શબ્દાર્થ:—જેઓએ બીજાને અનેક ઉપકાર કર્યા છે તો પણ જે પુરૂષો ઉપકાર કરનારને યોગ્ય પ્રત્યુપકાર કરે છે અર્થાત્ બદલો આપે છે. તેની બરોબરી નિર્મળ ચંદ્ર, સૂર્ય અને ઇંદ્ર પણ કરી શકતા નથી. અર્થાત્ ઉપકાર કરનારા પુરૂષો કરતાં પ્રત્યુપકાર કરનારા પુરૂષો આ દુનીઆમાં ઉત્તમોત્તમ ગણાય છે. અને તે ઘણાં થોડા હોય છે. ॥ ૬ ॥

ઉપકાર દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે હોય છે તે આ પ્રમાણે છે—અન્ન અને પાણી વિગેરેનું દાન કરવારૂપ હોય તેને દ્રવ્ય ઉપકાર જાણવો અને તે અનિશ્ચિત તેમજ અસ્થિર હોવાથી તેને દ્રવ્ય ઉપકાર કહેવામાં આવે છે. કાંઇ પણ કારણ શિવાય પોતાના આત્માને અને પરને સમ્યક્જ્ઞાન તથા ચારિત્રમાં સ્થાપન કરવો તેને તીર્થંકરો ભાવ ઉપકાર કહે છે. જે કોઇ પુરૂષસિંહો આ જગત્માં પરોપકાર કરે છે, તેઓના યશઃ રૂપ પટહનો ધ્વનિ સઘળી દિશાઓમાં ફેલાય છે. તેટલા માટે સામર્થ્ય હોય તો મનુષ્યે પરોપકાર કરવામાં ઉદ્યમ કરવો જોઇએ. કારણકે પરોપકાર કરવાથી ધર્મ અને ચંદ્ર જેવી નિર્મળ કીર્ત્તિ દુનિયામાં પ્રસરે છે. જેમ વિક્રમરાજાની કીર્તિ ફેલાઇ હતી. આ ઠેકાણે વિક્રમરાજાનું ઉદાહરણ આ પ્રમાણે છે—

એક વખત વિક્રમરાજા રાજપાટિકાથી પાછા ફરતાં રાજમાર્ગમાં દાણા વિણવામાં તત્પર થએલા એક દરિદ્રને જોઇ બોલ્યા કે—'જેઓ પોતાની ઉદરપૂર્ત્તિ કરવામાં પણ સમર્થ હોઇ શકતા નથી તેઓનું આ જગત્માં ઉત્પન્ન થવું શા કામનું છે?' આ પ્રમાણે રાજા તરફથી કહેવામાં આવતાં તે દરિદ્રી બોલી ઉઠ્યો કે—જેઓ સારી રીતે સમર્થ છે છતાં પરોપકાર કરી શકતા નથી તેઓનું જન્મવું પણ આ દુનિયામાં નિરૂપયોગી છે.' આ પ્રમાણે દરિદ્રી તરફથી કહેવામાં આવતાં મહારાજા વિક્રમરાજાએ તે ભિક્ષુને સો હસ્તી અને બે ક્રોડ સોનામહોર બક્ષીસ કરી. વળી પરોપકારનો વિચાર કરતાં કોઇએ કહ્યું છે કે—

येषां न विद्या न तपो न दानं न चापि शीलं न परोपकारः।
ते मर्त्यलोके भुवि भारभूता मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥७॥

शब्दार्थः—જે પુરૂષોને વિદ્યા, તપસ્યા, દાન, શીલ અને પરોપકાર હોતો નથી તે પુરૂષો આ મનુષ્ય લોકમાં પૃથિવીને ભારભૂત થઈ મનુષ્યના રૂપને ધારણ કરી મૃગપણે પરિભ્રમણ કરે છે. ॥ ૭ ॥

આ પ્રમાણે કોઇ કહે છતે હરિણે ઉત્તર આપ્યો કે—

स्वरे शीर्षं जने मांसं त्वचं च ब्रह्मचारिषु ।
शृङ्गे योगीश्वरे दद्यान्मृगः स्त्रीषु स्वलोचने ॥ ८ ॥

શબ્દાર્થ:—હરિણ સ્વરને માટે મસ્તક, મનુષ્યને માંસ, બ્રહ્મચારીઓને ચર્મ, યોગીશ્વરોને શીંગડાઓ અને સ્ત્રીઓને પોતાનાં લોચન આપે છે. અર્થાત્ હિરણનો કહેવાનો આશય એવો છે કે મ્હારા શરીરના સઘળા અવયવો પરોપકારને માટે છે. અને મનુષ્યનો તો એક પણ અવયવ ઉપયોગમાં આવતો નથી તો મ્હારી સાથે મનુષ્યની બરોબરી કરવી તે ઠીક નથી. ॥ ૮ ॥

વળી અહીંઆ પરોપકારના સંબંધમાં વિક્રમરાજાનું ઉદાહરણ આ પ્રમાણે છે—

એક વખતે નદીના કિનારા ઉપર વીરવૃત્તિથી આમ તેમ ફરતા વિક્રમરાજાએ એક બ્રાહ્મણને નદીના પૂરમા ખેંચાતો જોઈ પરોપકાર કરવામાં રસવાળા રાજાએ તેને પાણીમાંથી બહાર કાઢયો. તેના બદલામાં બ્રાહ્મણે શ્રી ગિરિનામના પર્વત ઉપર દેવતાના આરાધનથી પ્રાપ્ત થએલી કાળી ચિત્રાવેલ રાજાને અર્પણ કરી તે લઇ ઉજ્જયિની તરફ પાછા ફરતા માર્ગમાં દરિદ્રીને જોઇ કૃપાપરાયણ થએલા રાજાએ તે ભિક્ષુને કાળી ચિત્રાવેલ આપી દીધી. ત્યારબાદ બ્રાહ્મણે કહ્યું કે—' જે રહેમદિલના રાજાએ દુઃખેથી મેળવેલી કાળી ચિત્રાવેલ એક દરિદ્રીને આપી દીધી તેવા હે વિક્રમાદિત્ય ? પરોપકાર કરવામાં તમારી બરોબરી કરનાર આ પૃથ્વી ઉપર બીજો કોણ હોઇ શકે ? ' કોઇજ નહીં. જુવો અચેત પદાર્થો પણ નીચે બતાવ્યા પ્રમાણે ઉપકાર કરનારા હોય છે—

स्थानभ्रंशखराधिरोपणशिरश्चिल्लसंधारण-
शुष्यत्पांशुनिवेशपादहननक्लेशभ्रमाद्याः क्रियाः ।
धात्रा यद्यपि चाक्रिरे मृदि तथाऽप्युर्वीभवत्वादियं-
पात्रीभूय परोपकारकृतिभूर्युक्तं कुलीने ह्यदः ॥९॥

શબ્દાર્થ:—પોતાના સ્થાનથી બીજા સ્થાનમાં લઈ જવું, ખર ઉપર ચઢાવવું, ઉપર કાઢવનું નાખવું, સુકી ધૂળનું સ્થાપન કરવું, પગથી તાડન કરવું, કલેશનું આપવું, ચાક ઉપર ભમાવવું વિગેરે ક્રિયાઓ જો કે કુંભકાર માટી ઉપર કરે છે તો પણ આ માટી પૃથિવીથી ઉત્પન્ન હોવાને લીધે વાસણરૂપ થઈ પરોપકારજ કરે છે. કુલીનને આમ કરવું યુક્તજ છે. અર્થાત્ માટીની પેઠે ગમે તેવી આકૃત આવે તો પણ કુલીન પુરૂષો પોતાના અપકારી ઉપર પણ ઉપકારજ કરે છે. ॥ ૯ ॥

धूलिक्षेपनखक्षतातुलतुलारोहावरोहस्फुर--
ल्लोहोद्घट्टनपिञ्जनादिविविधक्लेशान् सहित्वाऽन्वहम्।
जज्ञे यः परगुह्यगुप्तिकृदिह श्रित्वा गुणोल्लासितां
कर्पासः स परोपकाररसिकेष्वाद्यः कथं नो भवेत् ॥१०॥

શબ્દાર્થ:—ધૂળમાં પડવું, નખોથી છેદાવું, મ્હોટાં ત્રાજવાં ઉપર ચઢવું, પાછું ઉતરવું, તીક્ષ્ણ લોઢાના ચરખામાં પીલાવું અને પિંજાવું વિગેરે નાના પ્રકારના કલેશોને નિરંતર સહન કરી સુતરરૂપે થઇ જે કપાસ આ લોકમાં બીજાનાં ગુહ્યસ્થાનોને ગોપાવનારો થયો છે, તે કપાસ પરોપકાર પ્રત્યે પ્રેમ રાખનારાઓની અંદર અગ્રગામી કેમ ન થઇ શકે? ॥ ૧૦ ॥

જ્યારે માટી વિગેરે અચેતન પદાર્થો બીજાના ઉપકાર માટે થાય છે, ત્યારે ચેતનયુક્ત પ્રાણીઓનું તો કહેવુંજ શું ? વળી—સંપૂર્ણ સુરાસુરની સંપત્તિ અને મોક્ષસુખ આપવામાં એક કલ્પવૃક્ષ સમાન પરોપકારને જિનેશ્વર ભગવાને સમસ્ત ધર્મોમાં ઉત્કૃષ્ટ ધર્મ કહ્યો છે. તે પરોપકાર દ્રવ્ય અને ભાવથી બે પ્રકારનો હોય છે, એમ જાણી ધીરપુરૂષોએ તે ઉપકાર સઘળા પ્રાણીઓ ઉપર યથાયોગ્ય કરવો જોઈએ. ગરીબ, અનાથ, સંપત્તિહીન, ભૂખ્યા અને તરસ્યા પ્રાણીઓ ઉપર અનુકંપા લાવી તેમજ તપ, નિયમ જ્ઞાન અને દર્શનના ગુણોનો પ્રચાર કરતા મુનિઓને ઉત્કૃષ્ટિ ભક્તિએ પોતાથી શકિત મુજબ અન્નાદિકના આપવાથી ઉપકાર કરવો તેને દ્રવ્ય ઉપકાર કહેવામાં આવે છે. દુ:ખથી રીબાતા પ્રાણીઓને જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ કરવારૂપ ઉત્તમોત્તમ ઉપકાર કરવામાં આવે તો તે ભાવથી ઉપકાર કર્યો એમ કહેવાય. પરંતુ ઉચ્ચકુળમાં ઉત્પન્ન થએલા, ધીર તેમજ ગંભીર પ્રકૃતિવાળા, ભવિષ્યમાં કલ્યાણને મેળવનારા અને મહા સામર્થ્યવાળા ઉત્તમ પ્રાણીઓજ બીજાને ઉપકાર કરવા માટે સમર્થ થાય છે. ભાવ ઉપકાર કરનારાઓને તો નિશ્ચયથી મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થાય છે એ પ્રસિદ્ધ છે. તેવી રીતે દ્રવ્ય ઉપકાર કરનારાઓને પણ ભરત રાજાની પેઠે નિશ્ચયથી (આ લોક અને પરલોક સંબંધી) અતુળ ફળની પ્રાપ્તિ થાય છે. દ્રવ્યોપકાર કરનાર ભરત રાજાનું કથાનક નીચે લખ્યા મુજબ છે.—

આ ભરતક્ષેત્રમાં તેજસ્વી પુરૂષો રૂપ રત્નોના સમૂહથી શોભતી લક્ષ્મીથી પરિપૂર્ણ અને પ્રસિદ્ધ થએલી ભોગવતી નામે નગરી હતી. જે નગરીમાં સજ્જનના સમૂહને આકર્ષ કરનાર નિરંતર લક્ષ્મીથી અવિયુકત અને દાનની વાસનાવાળો સમગ્ર નાગરિક લોક ઘણું કરી પુરૂષોત્તમ (વિષ્ણુ) જેવો હતો. તે નગરીમાં પોતાની કીર્ત્તિથી સમગ્ર ભારતવર્ષને ભરી દેનાર મોટી રાજ્ય લક્ષ્મીરૂપ લતાને પુષ્ટ કરવા માટે મેઘ સમાન, પરોપકાર કરવામાં રસિક, અત્યંત ઉદારતાથી કલ્પવૃક્ષને પણ જીતી લેનાર અને નિશ્ચલ ધૈર્ય તેમજ અભ્યુદયથી સમગ્ર મહીમંડળને ઉજ્જવલ કરનાર ભરત નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને પોતાના રૂપથી દેવાંગનાઓનો તિરસ્કાર કરનારી અને સઘળા અંતેઉરમાં શ્રેષ્ઠતા ભોગવનારી સુલોચના નામની પ્રિયા (ભાર્યા) હતી. તે દંપતીને પૃથ્વીરૂપ કમલિનીને આનંદ આપવામાં ચંદ્ર સમાન, નીતિસંપન્ન અને વિનયવાન્ મહીચંદ્ર નામે પુત્ર હતો. કેટલોએક કાળ ગયા પછી એક વખત હર્ષિત થએલા શ્રી ભરત રાજાએ ભૂપાલ પ્રમુખ કાર્યદક્ષ મંત્રિઓને બોલાવીને કહ્યું કે–'તમારે હમેશાં ચિરંજીવી મહીચંદ્ર નામના આ મ્હારા પુત્રને સઘળા કાર્યોમાં પ્રમાણ તરીકે સ્વીકારવો. અર્થાત્ તેની સલાહ શિવાય કોઇ પણ રાજ્યકાર્ય કરવું નહીં. તેમજ અસાધારણ પરાક્રમવાળા આપ લોકોએ પણ આ પુણ્યશાલી પુત્રની સહાયતાથી સઘળો રાજ્યકારભાર ચલાવવો. હું પોતે ઘણી સંપત્તિવાળો હોવાથી દીન તેમજ અનાથ પ્રાણીઓના સમુદાયને પરોપકાર કરતો હમેશાં સુખપૂર્વક રહીશ.' કહ્યું છે કે—

याचमानजनमानसवृत्तेः पूरणाय बत जन्म न यस्य ।
तेन भूमिरिह भारवतीयं न द्रुमैर्न गिरिभिर्न समुद्रैः ॥ ११ ॥

શબ્દાર્થ:—એવું છે કે જેનું જન્મ યાચક લોકોની મનોવૃત્તિને તૃપ્ત કરવા માટે નથી તેનાથી આ પૃથ્વી ભારવાળી છે. પરંતુ વૃક્ષો, પર્વતો કે સમુદ્રો તેણીને બોજારૂપ નથી. અર્થાત્ સામર્થ્ય છતાં યાચકવર્ગના મનોરથો પૂર્ણ નહીં કરનાર મનુષ્યો તેણીને બોજારૂપ થાય છે. ॥ ૧૧ ॥

પૈસાથી અથવા તો પ્રાણોથી પણ પરને ઉપકાર કરવોજ જોઇએ. પરોપકારથી ઉપાર્જન કરેલું પુણ્ય સેંકડો યજ્ઞોથી પણ થઇ શકતું નથી એ પ્રમાણે હૃદયમાં વિચાર કરી રાજ્યની ધુરા પુત્ર ઉપર મુકી તે રાજા વિશ્વમાં નિરંતર ઉપકાર કરવામાં તત્પર થયો. એક વખતે અનેક પ્રકારની આધિવ્યાધિથી પીડાએલા તેમજ અનેક પ્રકારે નિરંતર મૃત્યુરૂપ સિંહથી ગળી જવાતા મનુષ્યોને જોઇ હૃદયની અંદર સંક્રમણ થએલા તેમના દુઃખથી દુઃખી થએલો તે કૃપાળુ રાજા મનમાં આ પ્રમાણે

વિચાર કરવા લાગ્યો કે–હું પૂર્વે ઉપાર્જન કરેલા પવિત્ર પુણ્યથી ગર્જના કરતા ગજ અને અશ્વોની શ્રેણીથી વિલાસવાળી રાજ્યસંપત્થી વૃદ્ધિ પામેલો આ લોકમાં નરપતિ થયો છું, છતાં અત્યંત દુઃખથી પીડાતા પ્રાણીઓનું રક્ષણ કરવા માટે મ્હારામાં લેશ માત્ર પણ સામર્થ્ય નથી ત્યારે મ્હારી ત્રણ વર્ગની લક્ષ્મી નિષ્ફળ જેવીજ છે. કારણ કે દુઃખથી પીડાતા પ્રાણીઓના દુઃખને દૂર કર્યા સિવાય માનિ પુરૂષો સામ્રાજ્યના મ્હોટા વિલાસોને પણ નકામા ગણે છે. વળી જે રાજા આ દુનીયામાં દુઃખી પ્રાણીઓનું રક્ષણ કરવામાં સમર્થ નથી, તે ખરેખર ચંચા પુરૂષથી પણ હલકાઇને પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે વિચાર કરતાં બીલકુલ ગર્વરહિત થયેલો તે રાજા રાત્રિના સુવાના મકાન પ્રત્યે જેટલામાં સુવા માટે જાય છે તેટલામાં સાવધાન થએલા રાજાએ પોતાની વિશાળ શય્યામાં નિદ્રાવશ થયેલા અને દિવ્ય આકૃતિવાળા એક પુરૂષને જોયો. તેમજ ઉંચા સુવર્ણની અને જ્યોતિથી વાસભૂમિને પ્રકાશ કરનારી એક ગુટિકા તેના પડખામાં પડેલી રાજાના જોવામાં આવી. તે જોતાંજ આશ્ચર્ય પામેલો અને નિર્મળ હૃદયવાળો રાજા વાસભુવનમાં સુતેલા પુરૂષ પાસેથી તે ગુટિકાને જેટલામાં લેવાની તૈયારી કરે છે તેટલામાં એકદમ જાગી ઉઠેલો તે પુરૂષ સંભ્રમથી ઉંચા આકાશમાં ઉડી તરતજ પાછો પડ્યો અને ભયભીત થએલો ક્ષણવાર ઉભો રહ્યો. તે પછી પ્રાણીઓનું રક્ષણ કરવામાં તત્પર ભરત રાજાએ તે પુરૂષને પૂછયું કે–'તું કોણ છે! ક્યાંથી આવ્યો છે? તહારૂં આચરણ આવું કેમ છે?' તેના ઉત્તરમાં તે સાહસિક પુરૂષે જણાવ્યું કે–' હે સ્વામિન્? કૃપારૂપ સમુદ્રના મધ્યમાં રહેનાર અર્થાત્ દયા કરવા લાયક હું અનંગકેતુ નામનો પુરૂષ ગુટિકાની સિદ્ધિ થવાથી ઘણા વેગળા આકાશમાર્ગથી શ્રી પર્વત પ્રત્યે જતાં હે રાજન્! બુદ્ધિહીન થયેલા પરંતુ સુંદર હૃદયવાળાએ આ ખાલી સુખશય્યા જોઈ માર્ગનો ખેદ દૂર કરવા માટે આ શય્યામાં વિશ્રામ લેતાં જેટલામાં હું નિદ્રાવશ થઉં છું તેટલામાં તમારૂં આગમન થયું. હવે પછી તમારા પ્રસાદથી હું જીવિતદાન મેળવીશ' ત્યારબાદ નરપતિએ જીવોને સુખ આપનારી વાણીનો ઉચ્ચાર કર્યો કે–' હે મહાભાગ્યશાળી! તું નિશ્ચિંત હૃદયવાળો થઈ સુખેથી નિદ્રા લે, જેથી હું તહારી પાસે રહું ઘણા કાળ સુધી જીવિતને ધારણ કરનાર એવા તને પવન નાંખું' એ પ્રમાણે નરપતિના બોલવાથી ખુશી થએલો રાજાના ચરણમાં પ્રણામ કરી તે સિદ્ધ પુરૂષ બોલ્યો કે–' હે વિશ્વને આધારભૂત! તું દેવતાઓને પણ નમસ્કાર કરવા લાયક છે તેમજ ઉપકારગુણ સઘળા ગુણોમાં શિરોમણી ગણાય છે તે ઉપકાર તહારામાં સીમારૂપે પ્રાપ્ત થઇ ત્રણ જગતની અંદર જાગરૂક થયો છે એવા રાજાઓના અધિપતિ અને મને આયુષ્યપર્યંત જીવિતદાન આપનાર તહારા ઋણથી આ તૃણ જેવો મનુષ્ય

કેવી રીતે મુક્ત થવાનો?' તે પછી તેના વિનયગર્ભિત વચનોથી સ્નેહયુકત હૃદયવાળા રાજાએ અસાધારણ આશ્ચર્ય આપનારી ગુટિકા તે સિદ્ધપુરૂષને સ્વાધીન કર્યાની સાથેજ– 'હે રાજન્! મ્હારા ઉપર પ્રસન્ન થઈ આ ગુટિકાને ગ્રહણ કરી મને અનુગ્રહ કરો' એ પ્રમાણે સિદ્ધપુરૂષે કહે છતે રાજા બીજી વખત આ પ્રમાણે બોલ્યો–'હે કૃતજ્ઞશિરોમણિ! હું કોઈનું કંઈપણ ગ્રહણ કરતો નથી તો હે સિદ્ધપુરૂષ! તમ્હારી આ ગુટિકા મ્હારાથી કેવી રીતે ગ્રહણ કરી શકાય? પરંતુ હે પંડિતપુરૂષ! ઘણા મ્હોટા મહિમાથી આશ્ચર્ય આપનારી અને દુઃખેથી પ્રાપ્ત થનારી આ ગુટિકા કયાંથી મેળવી શકાય છે. તે હકીકત હે ડાહ્યાપુરૂષ! મને કહી સંભળાવ્ય' આ પ્રમાણે રાજાનો આદેશ થતાં તે સિદ્ધપુરૂષ બોલ્યો કે–'હે રાજાઓના મસ્તકોથી મુકુટાયમાન ચરણ! તું સાંભળ, દક્ષિણ દિશામાં અસ્તિ ધરાવતો મલયાચલ નામે એક પર્વત છે તેના અતિ ઉંચા અને સર્વ ઋતુમાં પ્રફુલ્લિત થનાર વનવાળા શિખર ઉપર રામશેખરદેવનું જગતમાં આશ્ચર્યજનક એક મંદિર છે. ત્યાં ખાળમાંથી પડતું અને બળતા અગ્નિના જેવું દેવતાનું સ્નાનજળ જે સાહસિક પુરૂષ પોતાના હાથમાં છ મહિના સુધી ધારણ કરે છે તે પરાક્રમના ખજાનારૂપ તેમજ શુદ્ધવિધિનો જાણકાર પુરૂષ દેવની પ્રસન્નતાથી હે રાજન્! આવા પ્રકારની ગુટિકાને મેળવી શકે છે. વળી આ ગુટિકા માટે અનેક ડાહ્યાપુરૂષો તે ઠેકાણે આવે છે પરંતુ કોઈએક પુણ્યાત્મા મહાશય તેણીને પ્રાપ્ત કરી શકે છે.' આ પ્રમાણે તે સિદ્ધપુરૂષનું મનોહર વચન સાંભળી હૃદયમાં વિસ્મય થએલા રાજાએ તે સિદ્ધપુરૂષને ઘણા માનપૂર્વક ત્યાંથી રવાને કરી તેજ શય્યામાં પવિત્ર અને નિશ્ચિત હૃદયવાળો રાજા સુખરૂપ નિદ્રાથી અર્ધરાત્રિનું ઉલ્લંઘન કરી શય્યામાંથી ઉઠી તરતજ વેશ બદલાવી અત્યંત પરાક્રમી, હાથમાં તરવાર ધારણ કરનાર, કલ્યાણ કરનાર, મહાન્ પુરૂષોની ગતિને અનુસરનાર અને ચારે તરફથી નિપુણ પરિવારથી પણ નહીં જાણવામાં આવેલો તેમજ રાજાઓની અંદર હસ્તિસમાન તે ભરતરાજા પોતાના દેદીપ્યમાન રાજભવનમાંથી બહાર નિકળી ગયો. ત્યારબાદ અત્યંત ઉત્સાહ અને નિરંતર ગતિથી માર્ગમાં ચાલતાં તે વેગવાળા રાજાએ નિર્વિઘ્નપણે ઘણી પૃથ્વીનું ઉલ્લંઘન કર્યું, તેમ કરતાં કેટલાએક દિવસો પછી રાજા તાપની આપત્તિ દૂર કરનાર મલયાચલના શિખરને રત્નના મુકુટસમાન અને હાલતા ચંદન તેમજ કલ્પવૃક્ષની શ્રેણીથી શોભનાર એવા રામશેખરદેવના મંદિરને પ્રાપ્ત થયો. ત્યાં પુષ્કરિણીના જળથી સ્નાન કરી નિર્મળ થએલો, સજ્જનોને પ્રીતિ ઉત્પાદક અને ઇંદ્રિયોને વશ કરનાર તે રાજાએ કમળોને લઈ મંદિરમાં પ્રવેશ કર્યો અને ત્યાં નિષ્કપટ અનુષ્ઠાને કરી પવિત્ર થએલા રાજાએ રામશેખરદેવની પૂજા કર્યાબાદ તે નિષ્કપટ રાજા જેટલામાં સ્નાત્રનું પાણી ગ્રહણ કરવા માટે પ્રયત્ન કરે છે તેટલામાં સ્નાત્રના પાણીની ચારે તરફ પરિભ્રમણ કરતા,

કોલાહલ કરતા અને માર્ગનું અવલોકન કરનારા ઘણા મનુષ્યો તેના જોવામાં આવ્યા. તે પછી કુતુહલથી રાજાએ ' તમે કેટલા છો ' એવો પ્રશ્ન કરે છતે તેઓએ હાથ ઉંચા કરી જણાવ્યું કે–' અમે એક સો અને આઠ છીએ ' આવી રીતે વાતો કરવાથી કાંઇ કાર્યસિદ્ધિ થવાની નથી એ પ્રમાણે મુખેથી બોલતા રાજાએ એકદમ અગ્નિના જેવું ઉષ્ણ સ્નાત્રનું પાણી કરકમળમાં ધારણ કર્યું પરંતુ તે પાણીની આંતરા વગર પડતી ધારાને કરકમળમાં ધારણ કરનાર તે સાહસિક રાજાનું એક રોમ માત્ર પણ કંપ્યું નહીં અને તેના નિ:સીમ પરાક્રમથી અંત:કરણમાં પ્રસન્ન થએલા દેવે તત્કાલ એક ઉત્તમ ગુટિકારત્ન રાજાને અર્પણ કર્યું. તે માટે કહ્યું છે કે—

रथस्यैकं चक्रं भुजगदमिताः सप्ततुरगा निरालम्बो
मार्गश्चरणविकलः सारथिरपि ।
रविर्यात्येवान्तं प्रतिदिनमपारस्य नभसः
क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥ १२ ॥

શબ્દાર્થ:—એક પૈડાનો રથ, સર્પથી વસ કરેલા સાત ઘોડાઓ, આલંબન વગરનો રસ્તો અને પગ વિનાનો સારથી છે તો પણ સૂર્ય હમેશાં મર્યાદા વગરના આકાશનો છેડો લાવે છે. તેથી સ્પષ્ટ જણાઇ આવે છે કે મહાન્ પુરૂષોની કાર્યસિદ્ધિ પરાક્રમમાં વાસ કરે છે ન કે સાધનમાં. અર્થાત્ જો કે સૂર્યનાં સાધનો નિર્બલ છે તો પણ પોતાના પરાક્રમથી સૂર્ય આકાશનો અંત લાવે છે. તેમ સત્ત્વવાળા પુરૂષોએ પોતાના સત્ત્વથીજ ધારેલા કાર્યની સિદ્ધિ કરવી જોઇએ. સાધનો તો કેવળ નિમિત્ત માત્રજ હોય છે. સત્ત્વ વિનાનો પુરૂષ ગમે તેટલા સાધનયુક્ત હોય, તો પણ જ્યારે કાર્ય આવી પડે છે ત્યારે તે સાધનો તેને બોજારૂપ થઈ પડે છે. અને કાર્યસિદ્ધિ કરી શકતો નથી. ખરી રીતે વિચાર કરીએ તો કાર્યસિદ્ધિ સત્ત્વમાંજ રહેલી છે. ॥ ૧ ॥

વળી ગુટિકા માટે આવેલા આ લોકોના મનોરથો અધુરા રહ્યા છતાં પરાક્રમથી મેળવેલી આ ગુટિકાને ગ્રહણ કરી હું કેવી રીતે ચાલ્યો જઉં એ પ્રમાણે વિચાર કરી પરોપકાર કરવાના વ્રતવાળા રાજાએ એકદમ તે ગુટિકા તેમાંના કોઇએક પુરૂષને આપી દીધી. વળી બીજી વખત પોતાના માટે પૂર્વની પેઠે વિધિપૂર્વક તે પાણીને ધારણ કરતા પુણ્યવાન્ રાજાએ તેવી બીજી ગુટિકા પુણ્યથી પ્રાપ્ત કરીકે તરતજ પરોપકાર કરવામાં અતૃપ્ત થએલા અને કૃપાળુ પુરૂષોની અંદર અસાધારણ તે મહાશય રાજાએ બીજા કોઇ પુરૂષને તે ગુટિકા આપી દીધી. હવે તે સઘળા મનુષ્યોની એક સાથે ઇષ્ટ સિદ્ધિ કરવાની ઇચ્છાથી ત્રીજી વખત પણ તે સ્નાત્રના પાણીને હાથમાં ધારણ કરનારા અને પ્રથમ બે વખત ઉષ્ણ જળ ધારણ કરવાથી

તેની સઘળી આંગળીઓ બળી જવાને લીધે આ વખતે ઘણોજ બળે છે તો પણ અત્યંત સ્થિર ચિત્તવાળા રાજાના સર્વોત્તમ સાહસથી તેમજ તેની ઉપમારહિત ઔદાર્યતાની લીલાથી હૃદયમાં પ્રસન્ન થએલો અને અતુલ્ય વાત્સલ્ય કરવામાં કલ્પવૃક્ષ સમાન રામશેખરદેવ પ્રકટ થઇ બોલ્યો કે—' હે પ્રજાપ્રિય ! ઘણું કરીને છમહિના સુધી ઉપાસના કરનાર એવા કોઇએક સાધક પુરૂષને પણ જ્યારે આ ગુટિકા આપતો જ નથી ત્યારે મેં તને એક દિવસમાં બે ગુટિકાઓ અર્પણ કરી પરંતુ હે ઉત્તમપુરૂષ ! તેં તો તે બે ગુટિકાઓ લીલા માત્રમાંજ બીજાઓને આપી દીધી, માટે હે ધીરપુરૂષની ધૂરાને ધારણ કરનાર શ્રેષ્ઠ પુરૂષ ! તહારી ઔદાર્યતાની દોસ્તીનો પ્રકાશ આશ્ચર્યજનક છે તેથી હું તહારી ઉપર તુષ્ટ થયો છું માટે જે તને ઇષ્ટ હોય તે કહી દે એટલે તે હું કરી દઉં. ' દેવનાં આવા વચનો સાંભળી વિનયથી નમીપડેલા રાજાએ કહ્યું કે—' તું જગતને પૂજનિક દેવ કયાં ? અને તૃણ જેવો હું કયાં ? અર્થાત્ તહારી અને મ્હારી બરોબરી થઇ શકેજ નહીં પરંતુ તહારા દર્શનથી મ્હારો આ જન્મ સફળ થયો છે તો પણ હે સ્વામિન્ ! મ્હારી એક પ્રાર્થના સફળ કરવાને તું યોગ્ય છે અને હમેશાં તહારે શરણે આવેલા મનુષ્યોનું મનોવાંચ્છિત પૂર્ણ કરવામાં કામકુંભ જેવો તુંજ પ્રસિદ્ધ થયેલો છે. તે માટે હે વિબુધ ! જલદી પ્રસન્ન થઈ મ્હારી સેવાથી આ લોકોની કામના પૂર્ણ કર.' એવી રાજાની પ્રાર્થનાથી ખુશી થએલા તે રામશેખરદેવે તે લોકોને અને રાજાઓને એકદમ ગુટિકાઓ આપીને વિસર્જન કર્યા. ભરતરાજા પણ દેવથી મેળવેલી ગુટિકાને લઇ વળી વિનયપૂર્વક રામશેખરદેવને નમસ્કાર કરી કૃતાર્થ થએલો, પવિત્ર મનવાળો અને વિશાળ બુદ્ધિવાળો રાજા આકાશ માર્ગથી જતાં મહારાષ્ટ્રદેશમાં અલંકારરૂપ રિષ્ટપુર નામના નગર પ્રત્યે પ્રાપ્ત થયો. તે નગરના ઉદ્યાનમાં ભવ્ય પ્રાણીઓના સમૂહને ધર્મમાર્ગનો ઉપદેશ કરતા, આત્મરમણતામાં પ્રીતિ કરનારા મુનીંદ્રોથી સેવા કરાતા પ્રકાશ કરનાર ઉત્તમજ્ઞાન યુક્ત, રોગરહિત, સંપૂર્ણપાપોને નાશ કરનાર અને વેગળે રહેલા સૂરીશ્વરને તે ભરતરાજાએ હર્ષપૂર્વક જોયા. ત્યારબાદ કુતૂહળથી તે સ્થાનમાં જઈ પ્રાણીઓને આધારભૂત, સારો વિચાર કરનાર અને પ્રકૃતિથી ભદ્રકપરિણતિવાળા તે રાજાએ સૂરિને નમસ્કાર કરી ઉચિતસ્થાનમાં બેઠો. તે અવસરે વિસ્મય થએલા ઘણા લોકની પ્રશંસા યુક્ત સૂરીશ્વરે પણ રાજાને ઉચિત ઉપદેશ આપ્યો તે આ પ્રમાણે છે.—

चिन्तारत्नं मणीनामिव दिविजकरी सिन्धुराणां ग्रहाणा-
मिन्दुः कल्लोलिनीनां सुरसरिदमरक्ष्माधरः पर्वतानाम्।

कल्पद्रुः पादपानां हरिरमृतभुजां चक्रवर्ती नराणाम्,
धर्माणामन्यजन्तूपकृतिरपि तथा राजते ह्युत्तमत्वे ॥ १३ ॥

શબ્દાર્થ:—મણીઓમાં ચિંતામણિરત્ન, હાથીઓમાં ઐરાવણહાથી, ગ્રહોમાં ચંદ્રમા, નદીઓમાં ગંગાનદી, પર્વતોમાં મેરૂપર્વત, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, દેવતાઓમાં વિષ્ણુ અને મનુષ્યોમાં ચક્રવર્ત્તી જેમ ઉત્તમપણે શોભે છે તેમ સમગ્રધર્મોમાં પરોપકાર ધર્મ પણ ખરેખર ઉત્તમોત્તમ પણે શોભે છે. ॥ ૩ ॥

એ પ્રમાણે આચાર્યનો ઇષ્ટઉપદેશ શ્રવણકરી પ્રસન્ન મનવાલા રાજાએ આગ્રહ પૂર્વક યથોચિત ઉપકાર કરવા રૂપ ધર્મને ગ્રહણ કર્યો. તે પછી અરિષ્ટપુર નામના નગરમાં પરિભ્રમણ કરતાં વીરવૃત્તિનું આચરણ કરવામાં નિપુણ હૃદયવાળા તે ભૂપતિએ સાક્ષાત્ ઉત્તમશરીરવાળા અને રાજાના સુભટ સમુદાયથી વધ્યભૂમિ પ્રત્યે લઇજવાતા એક મનુષ્યને જોઇ વિચાર કર્યો કે ખરેખર ખેદ કરવા જેવું છે કે મ્હારા જોતાં આ પુરૂષને નિર્દયપણે કેવીરીતે મારે છે ? એ મ્હારે જોવાનું છે. એમ વિચાર કરતાં અત્યંત કરૂણા યુક્ત થએલા રાજાએ તે સઘળા સુભટોના દેખતાંજ તે પુરૂષને પ્રબળ હાથથી ઉપાડી એકદમ આકાશ પ્રત્યે ચાલ્યો ગયો અને બીજાથી ન જિતાય એવા પરાક્રમવાળા તેમજ જેના આગમનની પ્રાર્થના કરાય છે તેવા રાજાએ ક્ષણવારમાં સાતમાળવાળું પોતાની નગરીમાં રહેલું વાસભવન ભૂષિત કર્યું. તે પછી રાજાનું આગમન થએલું જાણી ઉલ્લાસવાળા પરિવારથી વીંટાએલો રાજા જેટલામાં સભાભોજન વિગેરે ક્રિયાને કરવા તત્પર થાય છે તેટલામાં યુવરાજની સાથે ભેગા થએલા સઘળા સાંમતો અને જાણે હર્ષથી ઉલ્લાસપામેલા સમુદ્રો ન હોય ? તેવા નગરના લોકોએ પણ મસ્તકને પૃથ્વી સાથે મેળવી પ્રેમપૂર્વક રાજાને નમસ્કાર કર્યો અને બહુમાન પૂર્વક કુશળવાર્ત્તા પુછી. આ પ્રમાણે આનંદોત્સવ થઇ રહ્યો છે તે વખતે અવસરપામી પવિત્ર વર્ત્તનવાળા મંત્રીઓએ બે હાથ જોડી વિનંતિ કરી કે હે દેવ! કયા કાર્ય માટે આટલાકાળ સુધી કઈ દિશાને આપે પવિત્ર કરી તે હમારા આનંદની વૃદ્ધિમાટે પ્રસન્નથઈ હમોને કહી સંભલાવો ' આ સાંભળી મ્હારે આત્માનાગુણ ગ્રહણ કરવા રૂપ પાપ કેમ કરવું જોઇએ ? એમ વિચાર કરી લજ્જાવાળો રાજા જેટલામાં મૌન ધારણ કરે છે તેટલામાં રાજાની આગળ ઉભેલા કોઈ એક રૂપવાન્ પુરૂષે પ્રધાન કાન્તિવાળો મોતીનો હાર રાજાને અર્પણ કર્યો. એટલે રાજાએ પુછયું કે—' તું કોણ છે ? મને હાર આપવામાં શું કારણ છે ? તે એકદમ પ્રગટ પણે કહીદે ' આપ્રમાણે આદેશથતાં તે પુરૂષે જણાવ્યું કે—' હે મહારાજ ? ગુણરૂપલક્ષ્મીથી શોભનારા આ હારને અર્પણ કવાનું કારણ વિગેરે વૃત્તાંત હું કહું છું, તે તમે ધારણ કરો. એ પ્રમાણે કહી વૃત્તાંત શરૂ કર્યું.

સિંહલદ્વીપમાં રત્નપુરનામે નગરમાં પવિત્ર ગુણરૂપ રત્નોને આધારભૂત રત્નપ્રભ નામે રાજા છે, અને તેને વિલાસ કરતી વિદ્યુત્પ્રભાએ કરી ઉજ્જવલ તેમજ વિકાશ પામતા શીલરૂપ રત્નને ધારણ કરનારી પાર્વતીના જેવી રત્નવતી નામે ભાર્યા છે, કોમળ હૃદયવાળી તેણીએ કોઇએક અવસરે હર્ષ પૂર્વક ગુરૂ મહારાજ પાસે અષ્ટાપદ ઉપર દેવવંદન કરવાનો મહિમા સાંભળી વિવેકરૂપ આમ્રવૃક્ષ પ્રત્યે મેના જેવી, જિનેંદ્રોને નમસ્કાર કરવાની ઈચ્છાવાળી અને દૃઢ નિશ્ચયવાળી રત્નવતીએ જ્યાંસુધી યાત્રા ન થાય ત્યાંસુધી ભોજનમાં સારભૂત ઘી વિગેરે વિગયો નહી લેવા નિશ્ચય કર્યો. અષ્ટાપદ પર્વત ઉપર વિદ્યાધરો અને દેવતાઓની ગતિ છે, પરંતુ ભૂમિચારિ મનુષ્યોની ગતિ નથી, તેથી અંગીકાર કરેલી પ્રતિજ્ઞા પૂર્ણ થવી ઘણી મુસ્કેલ છે. એમ અંતઃકરણમાં માનતી રાજવલ્લભા વારંવાર આ પ્રમાણે બોલવા લાગી કે—આકાશમાં ગમન કરવાવાળા તે વિદ્યાધરો અને દેવતાઓને ધન્ય છે કે, જેઓ હમેશાં તીર્થ યાત્રાએ કરી પોતાના આત્માને પવિત્ર કરે છે. તીર્થ યાત્રાકર્યા શિવાય મહારો આત્મા તો અકૃતાર્થ છે, એ પ્રમાણે નિરંતર વિચાર કરતી તે રાણી અત્યંત ખેદ કરવા લાગી, તે જોઈ રાજા પણ તેણીના દુઃખથી દુઃખી થયેલો આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે, મ્હારી પ્રિયા રત્નવતીની યાત્રાસિદ્ધિ કેવી રીતે થશે? એવી રાજાની ચિંતાને જાણી લઇ મંત્રીઓએ કહ્યું કે—'હે રાજન્? આ કાર્યસિદ્ધિ માટે તું ઘણા ખેદવાળો ન થા.' તે પછી મંત્રિઓએ કહેલું રામશેખર દેવની ગુટિકાનું આશ્ચર્યજનક માહાત્મ્ય સાંભળી મુખ્ય મંત્રિ ઉપર રાજ્યભાર આરોપણ કરી ગુટિકા માટે ઉત્સુક થયેલો અને રાજાઓમાં અગ્રગામી તે રાજા રામશેખર દેવના ભવન પ્રત્યે ચાલ્યો ગયો, તેટલામાં હે પ્રજાપતિ? પરાક્રમના સ્થાનભૂત અને પરોપકાર કરવામાં જાગરૂક થયેલો કોઇએક પુરૂષ ત્યાં આવી પહોંચ્યો. તે વખતે તત્કાળ આવેલા તે પુણ્યશાળી અને અસાધારણ પરાક્રમરૂપ ક્રીડામાં વિલાસ કરનારા ઉત્તમ પુરૂષે એકજ દિવસમાં તે ગુટિકા પ્રાપ્ત કરી અને તેજ વખતે દાનેશ્વરીમાં પ્રધાનપદ ભોગવતા તે મહાન્ પુરૂષે હમારા સ્વામિ રત્નપ્રભ નરેંદ્રને તે ગુટિકા અર્પણ કરી. તે લઇને તત્કાળ કૃતાર્થ થયેલો હમારો સ્વામી પોતાના નગર પ્રત્યે પાછો આવ્યો કેમકે કાર્યની સિદ્ધિ થતાં ઉત્તમ વિચારવાળો પુરૂષ ખરેખર કોઇપણ ઠેકાણે વિલંબ કરી શકતો નથી. પછી તે ગુટિકાના પ્રભાવથી મહાસતી રત્નવતીનો અષ્ટાપદ મહાતીર્થ સંબંધી યાત્રાનો મનોરથ પરિપૂર્ણ થયો. તેથી તે અવસરે ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગથી વિકાસ પામતો તે નગરીનો સઘળો જનસમુદાય આનંદિત થયો, અને તે માટે નિષ્કપટ મનોવૃત્તિથી નગરમાં ધર્મ સંબંધી વધામણાં કરાવ્યાં. ત્યારબાદ આકાશ માર્ગમાં ગમન કરવાની શક્તિ શિવાય આવો અભિગ્રહ પૂર્ણ થવો ઘણો મુશ્કેલ છે એ પ્રમાણે રત્નવતીએ વિચાર કરી નગરની બહાર ચળકતા ચાર દ્વાર-

વાળો, રંગ અને પ્રમાણ વિગેરેથી વર્ણન કરવા લાયક એવી જિનેશ્વરની પ્રતિમાઓથી ભૂષિત, અત્યંત ઉંચો અને જગતના લોકોને આનંદદાયક અષ્ટાપદ અવતાર નામનો એક પ્રાસાદ મનુષ્યોની યાત્રાસિદ્ધિ માટે રાજા પાસે કરાવ્યો. કોઇએક દિવસે આકાશમાં વિહાર કરનારા ઉત્તમ ચારણ સાધુઓ તે અષ્ટાપદમાં દેવોને વંદન કરવાની ઇચ્છાવાળા નિચે ઉતર્યા. પ્રાણીઓને હિત કરનારા તે મુનિયોને મ્હારા રાજાએ વિનયપૂર્વક નમસ્કાર કરી અવસર મળતાં હાથ જોડી પ્રશ્ન પૂછ્યો કે–હે મુનીશ્વરો ! વિશ્વમાં હમેશાં ઉન્નતિ કરનારા અને પરોપકાર કરનારા કયા ઉત્તમ પુરૂષે કારણ શિવાય રામશેખરના મંદિરમાં આશ્ચર્ય કરનારી અને આકાશ માર્ગે ગમન કરવામાં અસાધારણ શક્તિને પ્રગટ કરનારી ગુટિકા મને અર્પણ કરી. ?' આ પ્રશ્નના ઉત્તરમાં અતિ આશ્ચર્યકારક, આનંદજનક અને યથાર્થ એવું હે ભરતભૂપતિ ! તમારૂં ચરિત્ર મુનીશ્વરોએ કહી સંભળાવ્યું તે સત્કારપૂર્વક હમારા રાજાએ સાંભળીને હે રાજેંદ્ર ! ઝેરને દૂર કરનાર આ હાર આપને ભેટણા તરીકે આનંદપૂર્વક મોકલાવ્યો છે. તેથી હે જગતના પ્રાણીઓને આનંદ આપનાર ! હે મહારાજ ! પ્રસન્ન થઇ અમારા અનુગ્રહ માટે આ હારને ગ્રહણ કરો. ભરતરાજા તેનું વિનયયુક્ત વચન સાંભળી સભાની અંદર બહુ માનપૂર્વક આ પ્રમાણે બોલ્યો કે–અહો ! તે રાજાની કૃતજ્ઞતા અહો ! તેની લોકોત્તર સ્થિતિ ! જે મ્હારા સ્વલ્પ પરોપકારને મેરૂપર્વતથી પણ મોટો માની તે ડાહ્યા અને શિષ્ટ શિરોમણિ રાજાએ મહિમાના સ્થાનભૂત આ હારને પોતે મોકલાવ્યો છે, પરંતુ જે પુરૂષ બીજાને ઉપકાર કરી તેના પ્રત્યુકારની ઇચ્છા રાખે છે તે પુરૂષ ક્ષણવારમાં પોતાના આત્માને નિઃસત્ત્વ પુરૂષોની પંક્તિમાં સ્થાપન કરે છે. તે માટે કહ્યું છે કે—

इयमुच्चधियामलौकिकी महती काऽपि कठोरचित्तता ।
उपकृत्य भवन्ति दूरतः परतः प्रत्युपकारशङ्कया ॥ १४ ॥

શબ્દાર્થ:—ઉન્નત બુદ્ધિવાળા પુરૂષોની આ ચિત્ત કઠોરતા મ્હોટી અને કાંઇ વિલક્ષણજ જણાય છે કેમકે પોતે ઉપકાર કરી બીજાના પ્રત્યુપકારની શંકાથી દૂર થઇ જાય છે. અર્થાત્ મેં જેના ઉપર ઉપકાર કર્યો છે, તે પુરૂષ મને તેનો બદલો આપશે એવા ભયથી દૂરથી તેના સંભાગમમાં આવતો નથી. ॥ ૧૪ ॥

તે કારણથી હે ઉત્તમ પુરૂષ ! આ હારને હું ગ્રહણ નહી કરૂં. એ પ્રમાણે તેની સાથે સંભાષણ કરી અને સંતોષ પમાડી તે પુરૂષને રાજાએ પાછો મોકલ્યો. કોઇએક વખત અરિષ્ટપુરથી જે પુરૂષને ઉપાડી લાવ્યા હતા હતા તે પુરૂષને પોતે રાજાએ પુછ્યું એટલે તેણે પોતાનું ચરિત્ર કહી સંભળાવ્યું તે આ પ્રમાણે છે—

કથા કરવાથી આજીવિકા ચલાવનાર, રાજાનો સેવક અને અનેક શાસ્ત્રનો જાણકાર પારાશર નામનો પ્રસિદ્ધિ પામેલો હું કથક છું. દેવતાના આદેશથી જે જે હું કથાનક કહું છું તે તે કથાનક અત્યંત આશ્ચર્યકરવાવાળું અને ખરેખર તેવુંજ હોય છે અર્થાત્ સત્યભૂત હોય છે. કોઇએક વખતે રાજાની આજ્ઞાથી રોગગ્રસ્ત થએલા રાજપુત્રના આરોગ્ય માટે મેં મંત્રોપચારનો પ્રારંભ કર્યો પરંતુ દુષ્ટ કર્મોની ગતિ વિચિત્ર હોવાથી રાજાનો પુત્ર ક્ષણવારમાં મરણ પામ્યો તેથી લોકોમાં મહારો અપવાદ થયો. તે સાંભળી આ પુરૂષેજ કુમારને મારી નાંખ્યો છે એમ ધારી કુપિત થએલા રાજાએ મને મારવા માટે સુભટોને સોંપી દીધો. આપ કૃપાળુ તે સુભટોથી છોડાવી મને અહિં લાવ્યા છો તો હવે પછી મ્હારૂં જીવિત તમારા સ્વાધીન છે. એ પ્રમાણે બોલી તે મૌન થતાં રાજાએ ગૌરવપૂર્વક તેના પ્રત્યે કહ્યું કે, તું કોઇએક આશ્ચર્યજનક કથાનક મને કહી સંભળાવ. રાજાનો આદેશ થતાં રાજાના આશયને સમજનાર તે પારાશર નામના પુરૂષે સાવધાન થઇ રાજા પાસે યથાર્થ કથાને કહેવા લાગ્યો તે કથા નીચે પ્રમાણે છે—

લક્ષ્મીને આધારભૂત ગાંધારદેશમાં વૃદ્ધિ પામતી સંપત્તિથી સ્વર્ગને પણ સેવક બનાવનારૂં ગંધારનામનું નગર હતું. ત્યાં વિરોચન નામનો કોઇક કુલપુત્ર હતો તેને જગત્ની અંબાના જેવી શંભા નામની ભાર્યા હતી. આપસ આપસના અત્યંત પ્રેમરૂપ સમુદ્રમાં નિમગ્ન થએલા અને રાજસેવાથી પરાધીન વૃત્તિવાળા તે બન્નેનો કેટલોએક કાળ વ્યતીત થયો. કોઇ એક વખતે વિરોચનને ચોરોએ મારી નાંખ્યો, જેથી તે મનોહર નંદિગ્રામમાં દામોદર નામના બ્રાહ્મણના પુત્રપણે ઉત્પન્ન થયો. કોઇ એક દિવસે તે દામોદરને જનોઇ દેવાનો મહોત્સવ થઇ રહ્યો છે તેવામાં તેના પૂર્વભવની ભાર્યા શંભા નામની પોતાના પતિનાં હાડકાં ગંગાના પ્રવાહમાં પધરાવી ભોજન બિગેરેને માટે પરિભ્રમણ કરતી દૈવયોગથી ત્યાંજ પ્રાપ્ત થઇ. તેણીએ બ્રાહ્મણોથી મંગળભૂત બનાવેલા દામોદરને જોયો, દામોદરે પણ તેવીજ રીતે તેણીને જોઇ. આ પ્રમાણે પરસ્પર જોવાથી તે બન્નેનો પૂર્વભવ સંબંધી અસ્ખલિત પ્રેમ ઉલ્લાસ પામ્યો. તે માટે કહ્યું છે કે–

यं दृष्ट्वावर्द्धते स्नेहः क्रोधश्च परिहीयते ।
स विज्ञेयो मनुष्येण एष मे पूर्वबांधवः ॥ १ ॥

શબ્દાર્થ:—જેને દેખીને સ્નેહ વૃદ્ધિ પામે અને ક્રોધ નાશ પામે તે પુરૂષને મનુષ્યે જાણવો જોઇએ કે એ મ્હારો પૂર્વભવનો સંબંધી છે અગર સ્વજન છે. ॥૧॥

વળી ઊહાપોહ કરવાથી અર્થાત્ વિચાર કરવાથી દામોદરને જાતિસ્મૃતિજ્ઞાન

ઉત્પન્ન થયું તેનાથી શંખાને ઓળખી લીધી અને તેનામાં એક ચિત્ત થયેલો તેની દૃષ્ટિ બ્રાહ્મણો મુકાવે છે પણ મૂકતો નથી. આ સ્ત્રીનો સંસર્ગ દામોદરના કુળને કલંકભૂત છે એમ વિચાર કરી બ્રાહ્મણોએ ધુંધારાવ કરતી શંખાને ત્યાંથી કાઢી મૂકી. તે પછી તેના વિયોગરૂપ અગ્નિથી સંતપ્ત થયેલો અને ઉદ્વેગ પામેલો દામોદર પણ મરણ પામી કોઇ એક વનની અંદર હરિણપણે ઉત્પન્ન થયો, તે વનમાં તેવીજ અવસ્થાવાળી શંખાને પરિભ્રમણ કરતી હરિણે જોઇ, ત્યાં પણ પૂર્વના પ્રેમથી તે બન્નેને પાછી તેવીજ પ્રીતિ પ્રગટ થઇ આવી; તે પછી સર્વ ઠેકાણે તેની પછવાડે ભ્રમણ કરતા અને નિર્ભય મનવાળા હરિણને ક્રૂરપણે મારવાથી દુઃખ ભોગવી મરણ પામી વાંદરો થયો, તે ઠેકાણે પણ તે શંખાને જોઈ પૂર્વની પેઠે સ્નેહ ઉત્પન્ન થયો તેથી તેણીને ફળ વિગેરે લાવીને આપતાં લોકથી મૃત્યુને પ્રાપ્ત થયો. તે પછી વાણારસીની સીમાની પાસેના ગ્રામમાં વેદવિદ્યામાં નિપુણ દિન્ન નામે બ્રાહ્મણનો પુત્ર થયો. તેને કોઇએક દિવસે દક્ષણા માટે વાણારસી પ્રત્યે જતાં ત્યાં રસ્તામાં અનશનવાળી અને જીર્ણ શરીરવાળી શંખાને જોઈ તે દિન્ન બ્રાહ્મણે કહ્યું કે હે ભદ્રે! તું કોણ છે? એ પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે તેણીએ પણ પ્રથમનું સઘળું પોતાનું વૃત્તાંત કહી સંભળાવ્યું. તેણીએ કહેલું તેવા પ્રકારનું પોતાનું વૃત્તાંત જાણે પ્રથમ સાંભળ્યું ન હોય તેમ તે દિન્ન નામના બ્રાહ્મણને વૈરાગ્યને ઉત્પન્ન કરનારી પોતાના પૂર્વભવની જાતિસ્મૃતિ ઉત્પન્ન થઈ. તે પછી સંસારથી ભય પામેલા, ઉત્તમ વિચાર કરનારા અને સ્વજનોથી ક્ષોભ નહી પામનાર તે દિન્ન નામના બ્રાહ્મણે તેજ ઠેકાણે અનશન ગ્રહણ કરી અનુક્રમે મરણ પામી તું અહીં રાજાપણે ઉત્પન્ન થયો છે. એ પ્રમાણે પારાશરના કહેલા પોતાના પૂર્વભવ સંબંધી વિસ્મયને આપનારા સઘળા ભવો રાજાના સ્મરણમાં આવ્યા. અર્થાત્ જાતિસ્મૃતિ જ્ઞાનથી સાક્ષાત્પણે જોયા. તે પછી સંસારની અસારતા જોતાં ઉત્કૃષ્ટ સંવેગરૂપ અમૃતમાં નિમગ્ન થએલા, શ્રેષ્ઠ ધર્મ કરવા માટે ઉદ્યુકત થએલા અને અત્યંત હર્ષિત થએલા તે રાજાએ પોતાના સંપૂર્ણ દેશને કૈલાશના જેવા જિન મંદિરોથી ભૂષિત કર્યો, તેમજ નિદાન વગરના એટલે આ દાનથી ભવાંતરમાં અમુક ફળ મને પ્રાપ્ત થાઓ એવી ઇચ્છા વગરના અને યોગ્યતા પ્રમાણે પ્રવર્તાવેલા મહા દાનથી દુઃખી, અનાથ, અને દીન પુરૂષોના દુઃખને દુર કરી, પરમાર્થથી ગુરૂરૂપ પારાશર નામના કથક પુંગવને ઘણા માન પૂર્વક નાના પ્રકારની સમૃદ્ધિથી આનંદિત કરી, મહીચંદ્ર નામના પોતાના પુત્રને મ્હોટા મહોત્સવ પૂર્વક રાજ્ય ઉપર સ્થાપન કરી યુગંધર નામના સૂરીશ્વરની પાસે રાજાએ દીક્ષા ગ્રહણ કરી. અતિચારથી વિમુખ થએલા સાધુઓની સાથે ચરણસત્તરી, કરણસત્તરી અને મન, વચન, કાયાના યોગોથી આત્મસ્વરૂપને સાધન કરતાં સમાધિપૂર્વક મરણ પામી બારમા દેવલોકમાં આ ભરત

રાજર્ષિ ઇંદ્રના સમાન ઋદ્ધિવાળો થઇ દેવતા સંબંધી સુખસમૃદ્ધિ પ્રાપ્ત કરી ત્યાંથી ચવી એ પ્રકારે મ્હોટા રાજ્યની પૃથ્વીને ધારણ કરવારૂપ મહાન્ લક્ષ્મીને અથવા તો સાધુઓની ક્ષમા (શાંતિ) ને ધારણ કરવારૂપ મ્હોટી લક્ષ્મીને પ્રાપ્ત કરી અનુક્રમે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ લક્ષ્મીવાળો મોક્ષરૂપ વધુનો સ્વામી થશે.

॥ इति श्रीभरतभूपति कथा ॥

હવે પ્રસ્તુત ગુણનો ઉપસંહાર કરતાં ગ્રંથકાર પરોપકારની પ્રાધાન્યતા પ્રકટ કરી પરોપકારી પુરૂષ વિશેષ ધર્મ કરવાને યોગ્ય છે એમ બતાવે છે—

ज्येष्ठः पुमर्थेषु सदैव धर्मो धर्मे प्रकृष्टश्च परोपकारः ।
करोति यश्चैनमनन्यचेताः स धर्मकर्मण्यखिलेऽधिकारी ॥१॥

શબ્દાર્થ—ધર્મ, અર્થ અને કામરૂપ પુરૂષાર્થમાં ધર્મરૂપ પુરૂષાર્થજ હમેશાં મ્હોટો ગણાય છે. તેમાં પણ પરોપકાર શ્રેષ્ઠ ગણાય છે, તેવો પરોપકાર એક ચિત્તવાળો થઈ જે પુરૂષ કરે છે, તે પુરૂષ સંપૂર્ણ ધર્મકાર્યમાં અધિકારી થાય છે. ॥ ૧ ॥

॥ इति त्रयस्त्रिंशत्तमो गुणः ॥

चतुस्त्रिंशत् गुणवर्णन.

વે ગ્રંથકાર ક્રમથી પ્રાપ્ત થયેલા અંતરંગારિ ષડ્વર્ગનો ત્યાગ કરવા રૂપ ચોત્રીશમા ગુણના વિવરણનો પ્રારંભ કરે છે—

अन्तरङ्गारिषड्वर्गपरिहारपरायणः—અંતરંગારિ ષડ્વર્ગ એટલે કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ રૂપ આ છ ભાવ શત્રુઓનો પરિહાર કરવામાં એટલે તેને નહીં સેવવામાં તત્પર હોય તે પુરૂષ ગૃહસ્થ ધર્મને યોગ્ય થાય છે. તેમાં યુકિત વગર યોજાયેલા કામ, ક્રોધ, લોભ, માન, મદ, અને હર્ષ સારા ગૃહસ્થોને અંતરંગારિષડ્વર્ગ (છ ભાવશત્રુઓ) ગણાય છે. તેને માટે કહ્યું છે કે—

कामः क्रोधस्तथा लोभो हर्षोमानो मदस्तथा ।
षड्वर्गमुत्सृजेदेनं तस्मिंस्त्यक्ते सुखी भवेत् ॥ १ ॥

શબ્દાર્થ:—કામ, ક્રોધ, લોભ, હર્ષ, માન અને મદરૂપ આ ષડ્વર્ગનો ત્યાગ કરે છે તે પ્રાણી સુખી થાય છે. અર્થાત્ કામ વિગેરે ભાવ શત્રુઓજ પ્રાણી માત્રને ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણ કરાવે છે અને તે તે ગતિના ભયંકર દુઃખોનું ભાજન કરે છે માટે વિચારવંત પુરૂષે ઉપરના છ શત્રુઓના સંસર્ગથી બચવા બનતો પ્રયાસ કરવો. ॥ ૧ ॥

તેમાં પ્રથમ કામરૂપ શત્રુને વર્ણવે છે—બીજાએ અંગીકાર કરેલી અથવા તો પરણ્યા વગરની સ્ત્રીઓની અંદર દુષ્ટ આશય તેને કામ કહે છે અને તે કામ રાવણ, સાહસગતિ અને પદ્મનાભ વિગેરેની પેઠે વિવેક તેમજ રાજ્યનો નાશ કરવામાં અને નરકમાં પાડવા વિગેરેમાં કારણભૂત થાય છે. કહ્યું છે કે—

तावन्महत्त्वं पाण्डित्यं कुलीनत्वं विवेकिता ।
यावज्ज्वलति चित्तान्तर्न पापः कामपावकः ॥ २ ॥

શબ્દાર્થ:—મોટાઇ, પંડિતપણું, કુલીનપણું અને વિવેક ત્યાંસુધી જોવામાં આવે છે કે જ્યાંસુધી અંત:કરણમાં પાપયુક્ત કામરૂપ અગ્નિ પ્રદીપ્ત થયો નથી. અર્થાત્ અંત:કરણમાં કામાગ્નિનો પ્રવેશ થતાં મહત્વ વિગેરે ગુણગણને બાળીને ભસ્મ કરે છે માટે આવા કટ્ટાશત્રુને હૃદયમાં દાખલ થતાં પહેલાં તેનાથી થતી ખરાબી વિગેરેનો વિચાર કરી શમ, દમ રૂપ જલના પ્રવાહથી તેને શાંત કરવો જોઈએ. ॥ ૨ ॥

दृश्यं वस्तु परं न पश्यति जगत्यन्धः पुरोऽवस्थितं
कामान्धस्तु यदस्ति तत्परिहरन् यन्नास्ति तत्पश्यति ।
कुन्देन्दीवरपूर्णचन्द्र कलशश्रीमल्लतापल्लवा-
नारोप्याशुचिराशिषु प्रियतमागात्रेषु यन्मोदते ॥ ३ ॥

શબ્દાર્થ:—જગત્ની અંદર અંધ પુરૂષ પોતાની આગળ રહેલી દેખાય એવી વસ્તુને પણ જોઈ શકતો નથી, જ્યારે કામાંધ પુરૂષ તો જે વસ્તુ હોય છે તેનો ત્યાગ કરી જે વસ્તુ ન હોય તેને જુવે છે. જેમકે કામાંધપુરૂષ અશુચિના ઢગલા રૂપ પોતાની ભાર્યાના શરીરની અંદર મોગરાનું ફુલ, કમળ, પુર્ણચંદ્ર, કળશ અને શોભાવાળી લતાઓના પાંદડાઓનો આરોપ કરી ખુશી થાય છે. ॥ ૩ ।

ભાવાર્થ:—યથાર્થ વિચાર કરવાથી જણાઈ આવે છે કે અંધ પુરૂષને કર્મના દોષથી ચક્ષુનો વિષય નહીં હોવાને લીધે પોતાની પાસે રહેલી વસ્તુઓને ન જોઈ શકે એ બનવાજોગ છે. અને તે નહીં જોએલી વસ્તુઓને સ્પર્શદ્વારા ગમે તેવા રૂપમાં તેનું વર્ણન કરે પરંતુ તે હાંસીને પાત્ર થતો નથી. કામાંધ પુરૂષ તો પોતાની ચક્ષુઇંદ્રિયદ્વારા દરેક વસ્તુઓને તેના ગુણ દોષોની સાથે જોઇ શકે છે. છતાં જેના શરીરના બાર દ્વારોથી નિરંતર નગરના ખાળની પેઠે અશુચિનો પ્રવાહ વહ્યા કરે છે, તેવી સ્ત્રીઓ અશુચિની ખાણરૂપ હોવાથી હમેશાં અપવિત્ર છે તેને પવિત્રપણે દેખનારા કામાંધ પુરૂષો જેનો એક પણ અવયવ પવિત્ર નથી છતાં સ્ત્રીઓના નેત્રોને કમળની, મુખને પૂર્ણચંદ્રની, લલાટને અર્ધચંદ્રની, કીકીને તારાની, ભ્રકુટીને ધનુષ્યની, મુખના શ્વાસને કમળની સુગંધીની, વાણીને અમૃતની, સ્તનને કળશની, જંઘાઓને કેળની અને ગતિને ગજની ઉપમા આપે છે. વાસ્તવિકમાં જેની ઉપમા આપવામાં આવે છે, તેના ગુણોનો લેશ પણ સ્ત્રીઓના અવયવોમાં હોતો નથી, છતાં મોહ પરવશ થયેલા કામી પુરૂષો તેણીનામાં શ્રેષ્ઠ પદાર્થોનો આરોપ કરી અપવિત્રને પવિત્ર માની આનંદ માનનારાઓને જન્માંધથી પણ ઉતરતા દરજ્જાના માનવામાં કાંઇ પણ દોષ નથી. કારણ કે જેઓ અનંતા આત્મિક સુખને ભુલી જઇ

થોડા સુખને માટે અસત્કલ્પનાઓ કરી પોતાના પવિત્ર આત્માને કર્મદ્વારા મલીન કરે છે, તેવા કામાંધથી બીજો વધારે અંધ કોણ હોઇ શકે !

नान्यः कुतनयादाधिर्व्याधिर्नान्यः क्षयामयात् ।
नान्यः सेवकतो दुःखी नान्यः कामुकतोऽन्धलः ॥ ४ ॥

શબ્દાર્થ:—ખરાબ વર્તનવાળા પુત્ર જેવો બીજો આધિ (માનસિક પીડા) નથી, ક્ષયરોગ જેવો બીજો રોગ નથી, સેવકના જેવો બીજો દુઃખી નથી અને કામી પુરૂષના જેવો બીજો અંધ નથી. ૪

હવે ક્રોધનું સ્વરૂપ બતાવે છે. બીજાના અથવા તો પોતાના કષ્ટનો વિચાર કર્યા સિવાય કોપ કરવો તેને ક્રોધ કહે છે અને તે ચંડકૌશિક વિગેરેની પેઠે દુર્ગતિનો હેતુ હોવાથી મહાત્મા પુરૂષોને ક્રોધ કરવો યુક્ત નથી. તે માટે કહ્યું છે કે—

सन्तापं तनुते भिनत्ति विनयं सौहार्दमुच्छादय-
त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ।
कीर्तिं कृन्तति दुर्मतिं वितरति व्याहन्ति पुण्योदयं,
दत्ते यः कुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम् ॥५॥

શબ્દાર્થ—જે ક્રોધ સંતાપને વિસ્તારે છે, વિનયનો નાશ કરે છે, મિત્રતાને દુર કરે છે, ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, પાપવાળા વચનને પેદા કરે છે, કલેશને ધારણ કરે છે, કીર્તિને કાપી નાખે છે, દુર્મતિને આપે છે, પુણ્યના ઉદયને હણે છે અને કુગતિને અર્પણ કરે છે, તેવો દોષયુક્ત ક્રોધ સત્પુરૂષોને ત્યાગ કરવા લાયક છે. ૫

अपनेयमुदेतुमिच्छता तिमिरं रोषमयं धियापुरः ।
आविभिद्य निशाकृतं तमः प्रभया नांशुमताऽप्युदीयते ॥६॥

શબ્દાર્થ:—પોતાના અભ્યુદયની ઇચ્છા રાખનાર પુરૂષે પ્રથમ ક્રોધરૂપ અંધકારને બુદ્ધિએ કરી દુર કરવો જોઇએ. કેમકે રાત્રિએ કરેલા અંધકારનો પ્રભાથી નાશ કર્યા સિવાય સૂર્ય પણ ઉદય થતો નથી. અર્થાત્ જેમ અંધકારથી ઢંકાયેલા દરેક પદાર્થો પ્રકાશમાં આવી શકતાં નથી તેમ જે પુરૂષ ક્રોધરૂપ અંધકારથી છવાયેલો છે તે પુરૂષ કોઈ વખત પણ પોતાના ગુણો અથવા તો પોતાને પ્રકાશમાં લાવવા શક્તિમાન્ થઇ શકતો નથી માટે આત્મગુણ પ્રકટ કરવાની ઇચ્છા રાખનારે કોપ થવાનું કારણ પ્રાપ્ત થયું હોય તો પણ કોપના ભયંકર વિપાકનો વિચાર કરી ક્ષાંતિદ્વારા ઉપશમાવવો જોઈએ કે જેથી કોપરૂપ અંધકારનો પડદો ખશી જવાથી પવિત્ર આત્મગુણો સહેલાઇથી પ્રકાશમાં આવશે. ૬

जितरोषरया महाधियः सपदि क्रोधजितो लघुर्जनः
विजितेन जितस्य दुर्मतेर्मतिमद्भिः सह का विरोधिता॥७॥

શબ્દાર્થ:—જ્યારે વિશાળ બુદ્ધિવાળા પુરૂષો એકદમ ક્રોધના વેગને જિતી લે છે, અર્થાત્ ક્રોધને પોતાની બુદ્ધિ બળવડે દબાવી દે છે, ત્યારે તુચ્છ પુરૂષને અર્થાત્ નિર્બળ બુદ્ધિના મનુષ્યને ક્રોધ જિતી લે છે અર્થાત્ પરાભવ કરે છે. ખરૂં છે કે વિજેતા એટલે બળવાન્ સાથે મંદમતિનો એટલે નિર્બલ હૃદયવાળા પુરૂષનો અને બુદ્ધિમાન્ એટલે ઈંદ્રિયો ઉપર કાબુ રાખી શકનારાઓ સાથે પરાભવ પામેલાનો એટલે નિર્બલનો વિરોધ શી રીતે હોઈ શકે? તાત્પર્ય કે—ક્રોધ બુદ્ધિમાન મનુષ્યના વિચારબળ સામે ટકી શકતો નથી. પરાભવજ પામે છે, જ્યારે તેજ ક્રોધ નિર્બળ મનના માણસ સામે ફાવી જાય છે. વિરોધ તો સરખા બળવાળાનો ટકી શકે. ન્યૂનાધિક બળવાળાનો વિરોધ વધારે વખત ટકી શકતો નથી. જે બળવાન્ હોય તે જિતે અને નિર્બળ હારી જાય. ॥ ૭ ॥

વૃક્ષથી ઉત્પન્ન થયેલું ઝેર વૃક્ષનો નાશ કરતું નથી, સર્પથી પેદા થયેલું ઝેર સર્પનો નાશ કરતું નથી. પરંતુ આ ક્રોધરૂપ ઉત્કટ હલાહલ તો જેનાથી ઉત્પન્ન થાય છે, તેનેજ બાળી નાંખે છે એ કેવું ખેદજનક આશ્ચર્ય છે ?

હવે લોભનું વર્ણન કરે છે—દાન દેવા લાયક પુરૂષોને વિષે પોતાના પૈસાનો વ્યય નહી કરવો તેમજ કારણ શિવાય બીજાના ધનને લઈ લેવું તેને લોભ કહે છે. વળી પાપોનું મૂળ પણ લોભજ ગણાય છે. લોભાનંદી વિગેરે વાણીઆને સઘળા પાપનું મૂળ આ લોભજ થયો હતો. એ પ્રમાણે સાંભળી લોભ નહીં કરતાં સંતોષ રાખવો જોઇએ. લોભથી ગાભરા બનેલા મનુષ્યો આ પ્રમાણે ચેષ્ટા કરે છે—

લોભ હમેશાં ચિંતન કરવા લાયક છે, પરંતુ લોભી પુરૂષોથી તો સર્વકાળમાં ભય દેખાય છે. કેમકે લક્ષ્મીમાં લુબ્ધ થએલા પુરૂષોમાં કાર્યાકાર્યનો વિવેક હોતોજ નથી તેથી લોભવશ થઈ બીજાનું અહિત કરે એ બનવાજોગ છે. માયા, અપલાપ, વસ્તુની અદલાબદલી, ભ્રાંતિ, તપાસ અને કૂડકપટ કરવાનું મૂળ કારણભૂત, સંગ્રહ કરવામાં દુષ્ટ પિશાચરૂપ અને સર્વ હરણ કરનાર લોભજ છે. લેવડદેવડમાં ખોટાં ત્રાજવાં, લાઘવ ક્રિયા, ફેકવું અને ખાવાના બાનાથી ખરેખર દિવસના ચોરો આ વાણીઆઓ મહાજન છતાં પણ ચોરી કરે છે. અનેક પ્રકારનાં વચનોની રચનાથી આખા દિવસમાં લોકોના ધનનું હરણ કરી તે કૃપણ ઘરકાર્યમાં ત્રણકોડીઓ મુશ્કેલથી આપે છે અને તે કથા સાંભળવામાં રાગી હોવાથી હમેશાં પવિત્ર પુસ્તક સાંભળવા જાય છે, પરંતુ કાળા સર્પથી ડંખાયેલાની પેઠે દાનધર્મથી પલાયન કરે છે. વળી વસ્તુના વેચાણ વખતે મૌન ધારણ કરનાર તે ધૂર્ત્ત વાણીઓ કોઇને ઉત્તર

આપતો નથી, પરંતુ થાપણ મુકવી છે એવા શબ્દ માત્રને સાંભળી તેની સાથે સારી રીતે આલાપસંલાપ કરે છે, ઉભો થાય છે, પ્રણામ કરે છે, કુશળ પુછે છે અને સ્થાન આપે છે, તેમજ હાથમાં કેવળ થાપણને જોઈ વાણીઓ ધર્મ સંબંધી કથાઓ કરવા લાગે છે. આ સ્થાન તમારે સ્વાધીન છે, પરંતુ ઘણા કાળ સુધી થાપણનું પાલન કરવું મુશ્કેલ છે; દેશકાળ વિષમ છે તોપણ હે શ્રેષ્ઠ પુરૂષ! હ્યારો હું દાસ છું, થાપણનું પાલન કરનાર અને પ્રશંસા કરવા લાયક આ ઉત્તમ દુકાન કોઇ વખત કલંકીત થઇ નથી, એ પ્રમાણે કાર્યના જાણ પુરૂષોએ ઘણી વખત અનુભવ કર્યો છે એ વાત તું જાણતો નથી. એ વિગેરે મંદમતિની પાસે પરસ્પર અસમંજસ વર્ણન કરી આંતરિક મનોરથોથી ખુશી થતો તે પાપી સુવર્ણના સમૂહને ગ્રહણ કરે છે. તે પછી તે થાપણ પચાવવાથી ઉત્પન્ન થયેલા લેવડદેવડમાં અપરિમિત લાભ થવાથી અને કરિયાણાના સમૂહથી તે વેપારી કુબેરની હાંસી કરે છે, અને સંસારરૂપ જીર્ણ મંદિરમાં ઉત્પન્ન થએલા ભયંકર મ્હોટા ઉંદરો જેવા તે કૃપણપુરૂષો દાન તથા ઉપભોગથી રહિત એવા દ્રવ્યની રક્ષા કરવામાં હમેશાં આનંદ માને છે. હવે તે થાપણ મૂકનાર પુરૂષ દિશાઓમાં પરિભ્રમણ કરી ભવિતવ્યતાના યોગથી કોઈ પણ રીતે ધનથી અને જનથી રહિત થયેલો ઘણા લાંબા કાલે પોતાના દેશને પ્રાપ્ત થયો. ત્યાં શંકાયુક્ત થયેલા તે કર્પણ પુરૂષે કોઈને પુછ્યું કે તે મહાપુરૂષ કયાં ગયો ? તે સાંભળી કોઇ એક પુરૂષ તેની પાસે આવી બોલ્યો કે તે મહાપુરૂષની વિભૂતિ તો આજકાલ કાંઇક જુદીજ દેખાય છે. આ પ્રમાણે સાંભળી અત્યંત વિસ્મયથી મસ્તકને ધુણાવતો તે તેના ઘર પ્રત્યે ગયો, ત્યાં દ્વારમાં રોકાયેલો તે નિર્બુદ્ધિ અને જીર્ણ કપડાંવાળો ઘણા કાળ સુધી ત્યાંજ બેસી રહ્યો. પછી કોઇ પણ પ્રકારે ધીમે ધીમે ઘરમાં જઇ એકાંત મળતાં નામ, નિશાની પ્રકટ કરી તે પુરૂષે પોતાનું થાપણ મૂકેલું દ્રવ્ય તે શેઠીઆ પાસે માગ્યું એટલે તે શેઠીયો ભ્રૂભંગ પૂર્વક હાથને કંપાવતો બીજાના ઉપર દૃષ્ટિ રાખી તેના પ્રત્યે કહેવા લાગ્યો કે ઠગ, પાપી અને આજીવિકા રહિત આ પુરૂષ કયાંથી આવ્યો છે. તું કોણ છે ? અથવા કોનો પુત્ર છે ? હ્યારૂં દર્શન પણ યાદ આવતું નથી તો બોલવાની વાતજ શી ? અહો ! ઘણો ખેદ છે કે કયારે ? કયા સ્થાનમાં ? કેવી રીતે ? કયા પુરૂષે કોણે શું આપ્યું હતું તે તું કહી દે ? તો પણ નિરંતર શંકાશીલ થયેલા પુરૂષે મ્હોટા પુરૂષોની અંદર આ જનને પ્રતીતિ કરાવવી તે દિવસ કહી દે અને તે દિવસે ચોપડામાં લખેલું સઘળું તું પોતે જોઈ લે ! હું વૃદ્ધ થયો છું. દુકાનનો બોલો પુત્ર ઉપર નાંખ્યો છે, માટે મ્હારૂં લખેલું સઘળું તે જાણે છે. એ પ્રમાણે તે શેઠીયાએ વિસર્જન કરેલો તે ધીરજ વગરનો પુરૂષ તેના પુત્ર પાસે જાય છે. પુત્ર તરફથી ઉત્તર

મળે છે કે ધનની વાત પિતા જાણે. પુત્ર તો સઘળું લખેલું જાણે. એ પ્રમાણે તે પુરૂષનું દડાની પેઠે ઘણા કાળ સુધી ગમનાગમન થાય છે. આ પ્રમાણે રાજકુળમાં અને વ્યાપારમાં વાણીઓ મરણ પામે છે, પરંતુ ધનનો લેશ પણ આપતો નથી, તેમજ નીચે લખ્યા પ્રમાણે વિચાર પણ કરતો નથી.

દ્રવ્ય કોને પ્રિય હોતું નથી ? દ્રવ્યથી કોનું હૃદય લોભાતું નથી ? પરંતુ યશરૂપ ધનમાં લુબ્ધ થયેલા પુરૂષો દુષ્ટ કાર્યોથી દ્રવ્યની ઈચ્છા રાખતા નથી. જે પુરૂષે પોતાના શ્રેષ્ઠ આચારનો ત્યાગ કરી, કુટિલ બુદ્ધિથી બીજાને ઠગે છે તે મૂઢમતિએ પુણ્ય વગરના પોતાના આત્માનેજ ઠગ્યો છે. ઘણો ખેદ છે કે દ્રવ્યના અર્થી ડાહ્યા પુરૂષો પણ શું કરતા નથી ? અર્થાત્ ન કરવાનાં સઘળાં કાર્યો કરે છે. નીચ પુરૂષની ઘણા કાળ સુધી ખુશામત કરે છે. શત્રુને પણ પ્રણામ કરે છે. નિર્ગુણી પુરૂષનું ઉચ્ચ ગુણગાન કરે છે. પરોપકારને ભૂલી જનાર કૃતઘ્ન પુરૂષની સેવા કરવામાં પણ લેશ માત્ર ખેદ અનુભવતો નથી. દ્રવ્યના ખરચની શંકાથી મિત્રને વિષે પ્રીતિ પ્રગટ કરતો નથી. બદલો આપવો પડશે એવા કારણથી ભય પામેલો સેવાથી ગ્રહણ થતો નથી. અર્થાત્ સેવા કરાવતો નથી, મ્હારી પાસે દ્રવ્ય માગશે એવી બુદ્ધિથી અસત્ય ભાષણ કરે છે અને સ્તુતિ કરવાથી પણ ખુશી થતો નથી, તો લક્ષ્મીનો ખરચ કરવાના વ્યતિકરથી ત્રાસ પામેલો કૃપણ કેવી રીતે જીવિ શકે ? મ્હોટા લાભથી પણ લોભ પરાભવ પામતો નથી, કારણ કે જે માત્રાથી અધિક હોય તે માત્રાહિનથી કેવી રીતે જીતી શકાય ?

અત્યંત આગ્રહનો ત્યાગ નહી કરવો અથવા તો વ્યાજબી કહેલું ગ્રહણ ન કરવું તેને માન કહે છે. તત્ત્વાતત્ત્વનો વિચાર નહી કરનાર કદાગ્રહી પુરૂષોની દુર્યોધન વિગેરેની પેઠે આ માન ઘણી ખરાબી કરે છે માટે માન શત્રુના સંસર્ગથી દૂર રહેવું જોઈએ. કહ્યું છે કે—

आग्रही बत निनीषति युक्तिं तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् ॥ १ ॥

શબ્દાર્થ:– જે આગ્રહી પુરૂષની મતિ જે ઠેકાણે રહેલી હોય તે ઠેકાણે આગ્રહી પુરૂષ યુક્તિને લઈ જવાને ઇચ્છે છે. પરંતુ પક્ષપાત રહિત પુરૂષની મતિ તો જે ઠેકાણે યુક્તિ હોય છે તે ઠેકાણે વાસ કરે છે. અર્થાત્ આગ્રહી પુરૂષનો જે પદાર્થમાં આગ્રહ થયો હોય, ત્યાં યુક્તિને બલાત્કારથી પણ બાંધ બેસાડે છે. અને અપક્ષપાતી પુરૂષ તો જે વસ્તુસ્વરૂપ યુક્તિ પુરસ્સર હોય ત્યાં મતિને લઇ જાય છે. ॥૧॥ વળી–

औचित्याचरणं विलुम्पति पयोवाहं नभस्वानिव,
प्रध्वंसं विनयं नयत्यहिरिव प्राणस्पृशां जीवितम् ।
कीर्त्तिं कैरविणीं मतङ्गज इव प्रोन्मूलयत्यञ्जसा,
मानो नीच इवोपकारनिवहं हन्ति त्रिवर्गं नृणाम् ॥ २ ॥

શબ્દાર્થ:—અહંકાર પવનની પેઠે મેઘરૂપ ઉચિત આચરણાનો લોપ કરે છે. સર્પની પેઠે પ્રાણીઓના જીવિતરૂપ વિનયને નાશ પમાડે છે. હાથીની પેઠે કીર્તિરૂપ કમલનીને એકદમ મૂળથી ઉખાડી નાંખે છે. અને નીચની પેઠે મનુષ્યોના ત્રિવર્ગરૂપ ઉપકારના સમુહનો નાશ કરે છે. અર્થાત્ અંહકાર રૂપ કટ્ટો શત્રુ જેના અંત:કરણમાં નિરંતર વાસ કરી રહ્યો હોય તેવા પુરૂષના હૃદયમાંથી વિનય પ્રમુખ ગુણો પલાયન કરી જાય છે. એ બીના વાસ્તવિક છે. કારણકે એક સ્થાન માટે હમેશાં જ્યાં કટાકટી થઇ હોય તેવા સ્થાનનો સજ્જન પુરૂષો પણ ક્ષણવારમાં ત્યાગ કરી નિરૂપાધિ-સ્થાનનો આશ્રય લે છે. ॥ ૨ ॥

दृग्भ्यां विलोकते नोर्ध्वं सताङ्गैश्च प्रतिष्ठितः ।
स्तब्धदेहः सदा सोष्मा मान एव महागजः ॥ ३ ॥

શબ્દાર્થ:—સાતે અંગોથી સ્થિર થયેલો, અક્કડ શરીરવાળો અને હમેશાં ગરમીથી ભરેલો અહંકાર રૂપ મદોન્મત્ત હાથી નેત્રો વડે ઉંચુ પણ જોઇ શકતો નથી. અર્થાત્ જેમ હાથી પગ છાતી વિગેરે સાત અંગોથી સ્થિરથયેલો હોવાથી તેમજ અક્કડ શરીર હોવાને લીધે ઉંચુ જોઇ શકતો નથી, તેમ માની પુરૂષ પણ જાતિ, કુળ, રૂપ, ઐશ્વર્ય વિગેરે મદોથી ઘેરાએલો હોવાથી તેમજ અક્કડ શરીર અને અભિ-માનની ગરમીને લઇને દૃષ્ટિ વડે ઉંચું જોઇ શકતો નથી. ॥ ૩ ॥

માનનો ત્યાગ થવાથી જ બાહુબલી મહર્ષિની પેઠે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. માટે આત્મહિતની ઇચ્છા રાખનાર વિવેકી પુરૂષે માનનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

હવે મદનું વર્ણન કરે છે—બળ, કુળ, ઐશ્વર્ય, રૂપ અને વિદ્યા વિગેરેથી અહંકાર કરવો અથવા બીજાને દબાવવાને કારણભૂત હોય તેને મદ કહેવામાં આવે છે. તે માટે કહ્યું છે કે:—

સઘળા મનુષ્યોના હૃદયમાં સ્થાન કરનાર એક મદરૂપ શત્રુ છે. કારણ કે જે-નાથી આવેશવાળો થયેલો મનુષ્ય સાંભળી શકતો નથી જોઇ શકતો નથી અને અક્કડ રહે છે. અર્થાત્ ખરી બીના સાંભળવામાં અને યથાર્થ વસ્તુ જોવામાં પ્રતિ-બંધક હોવાથી મનુષ્ય જાતિ માટે ખરો દુશ્મન માનજ છે. મૌન ધારણ કરવું,

મુખને બીજાના તરફથી ફેરવી દેવું, ઉપર જોવું, નેત્રોનું બંધ કરવું, શરીરનું મરડવું અને વીંટવું આ સઘળું અહંકારનું પ્રાથમિક રૂપ ગણાય છે. એટલે ઉપર જણાવેલી ચેષ્ટાઓથી અભિમાની મનુષ્ય એકદમ ઓળખાઇ આવે છે. શૌર્યમદ, રૂપમદ, શૃંગારમદ અને ઉંચકુળનો મદ આ સઘળા મદરૂપ વૃક્ષો મનુષ્યોના વિભવ રૂપ મદથીજ ઉત્પન્ન થએલાં છે. શૌર્યમદ ભુજાને, રૂપમદ આરિસા વિગેરેને અને કામમદ સ્ત્રીને જુવે છે. પરંતુ આ વિભવમદ તો જાત્યંધ હોવાથી કાંઇ જોઇ શકતો નથી. અર્થાત્ પ્રથમના મદો જ્યારે અકેક વસ્તુ તરફ મનુષ્યોનું ધ્યાન ખેંચાવે છે, ત્યારે ધનમદ તો મનુષ્યોને તદન આંધળોજ બનાવી દે છે. મનુષ્યોનો ધનમદ તો કાંઇ આત્મારામ (આત્માનંદ) જેવોજ જણાય છે. કારણ કે જેમ આત્માનંદથી મનુષ્ય આંતરિક સુખના આનંદથી નેત્રો બંધ કરી લે છે અને ધ્યાનારૂઢ થઈ જાય છે તેમ ધનમદથી પણ આંખ્યો મીચે છે અને જાણે એકાગ્રતાપૂર્વક સમાધી ચઢાવી ન હોય તેમ સમાધિમાં લીન થઇ જાય છે. મનુષ્યોનો અધિકારમદ હમેશાં ભ્રકૂટી ચઢાવવાવાળો હોવાથી વિકાળ, કઠોર ભાષણ કરાવનાર, હઠપૂર્વક તાડના કરનાર અને સર્વ ભક્ષણ કરનાર ક્રૂર રાક્ષસ જેવો ગણાય છે. પુરૂષોનો એક કુળમદ તો પોતાના પૂર્વજના પ્રતાપની મ્હોટી મ્હોટી વાતો કરનાર, પોતાનાં બીજાં કાર્યોને ભૂલી જનાર, દીર્ઘદર્શીપણાનો અને જ્ઞાનનો નાશ કરનાર હોય છે. સઘળા મદો અવધિવાળા હોવાથી પોતપોતાનાં કારણોને અભાવ થવાથી નાશ પામે છે, પરંતુ એક ગુરૂમદ અર્થાત્ મોટાઇનો મદ સર્પના જેવો વાંકો અપરિમિત કાળ સુધી સ્ફુરે છે અર્થાત્ ઘણા લાંબા કાળ સુધી રહી શકે છે. સામંતોનો મૌન ધારણ કરવામાં, વૃદ્ધિ પામતા ધનાઢ્યોનો નિશ્ચલ દૃષ્ટિમાં, ધનવાળાઓનો ભ્રૂભંગ અને મુખના વિકારમાં વિટ વિગેરેનો બે ભ્રમરોમાં, દ્યૂત અને પંડિતોનો જિહ્વામાં, રૂપવાળાઓનો દાંત, કેશ અને વેષમાં, વૈદ્યોના હોઠમાં, મ્હોટા અધિકારીઓ અને જ્યોતિષિઓનો ગળામાં, સુભટોનો સ્કંધમાં, વાણીઆઓનો હૃદયમાં, કારિગરોનો હાથોમાં, તરૂણ સ્ત્રીઓનો સ્તનતટમાં, બ્રાહ્મણોનો ઉદરમાં, ચતુર કાસદિઆઓનો જંઘાઓમાં, હાથીઓનો ગંડસ્થળમાં, મયૂરોનો પિંચ્છામાં અને હંસોનો ગતિની અંદર મદ (અહંકાર) રહેલો છે. વિશાળ હૃદયવાળા મનુષ્યોને સર્વથા આવો મદ કરવો યોગ્ય નથી. કહ્યું છે કે:—

नो निर्जित्य जरां स्वभावमधुरं तारुण्यमास्वादितं,
नो निर्जित्य यमं कृता निजतनुः कल्पान्तसंस्थायिनी।
नो दारिद्र्यभुजङ्गमाज्जगदिदं स्वैश्वर्यतो मोचितं,
किं माद्यन्ति विपश्चितोऽपि हि मुधा विद्यालवाद्यैर्गुणैः॥४॥

શબ્દાર્થ:-જ્યારે વિદ્વાન પુરૂષોએ ઘડપણને જીતી સ્વભાવથી મનોહર યોવનનો આસ્વાદ પ્રાપ્ત કર્યો નથી, યમને જીતિ લઇ પોતાના શરીરને કલ્પાંત સુધી સ્થિર કર્યું નથી અને પોતાના વૈભવથી આ જગતને દરિદ્રરૂપ સર્પના મુખમાંથી પણ છોડાવ્યું નથી, ત્યારે તેઓ વિદ્યા વિગેરે સ્વલ્પ ગુણોથી શા માટે અહંકાર કરતા હશે તાત્પર્ય કે અભિમાન કરવા જેવું એક પણ કાર્ય કરી શકતા નથી, છતાં લોકો મિથ્યાભિમાન કરે છે. ॥૪॥

दिग्वासाश्चन्द्रमौलिर्वहति रविरयं वाहवैषम्यकष्टं
राहोरिन्दुश्च शङ्कां निवहति गरुडान्नागलोकश्च भीतः ।
रत्नानां धाम सिन्धुः कनकगिरिरयं वर्त्ततेऽद्यापि मेरुः,
किं दत्तं ? रक्षितं किं ? ननु किमिह जगत्यर्जितं येन गर्वः॥५॥

શબ્દાર્થ—મહાદેવ દિશારૂપ કપડાંને ધારણ કરે છે, આ સૂર્ય અશ્વોના વિષમ (એકીને વિષમ કહે છે) પણાનું દુઃખ ભોગવે છે, ચંદ્ર રાહુની શંકાને વહન કરે છે, નાગલોક ગરૂડથી ભય પામે છે, સમુદ્ર રત્નોનું ગૃહ છે, અને આ મેરૂપર્વત પણ હજુ સુધી સોનાના પર્વત રૂપવિદ્યમાન છે તો પછી હે મનુષ્યો તમોએ શું કાંઇ દાન આપ્યું છે ? શું કોઇનું રક્ષણ કર્યું છે ? શું આ જગતમાં કાંઇ ઉપાર્જન કર્યું છે ? કે જેને લઇને અહંકાર ધારણ કરાય છે. ॥૫॥ વળી ભર્તૃહરિએ કહ્યું છે કે—

पातालान्न समुद्धृतो बत ? बलिर्नीतो न मृत्युः क्षयं,
नोन्मृष्टं शशिलाञ्छनस्य मलिनं नोन्मूलिता व्याधयः ।
शेषस्यापि धरां विधृत्य न कृतो भारावतारः क्षणम् ,
चेतः सत्पुरुषाभिमानगणनां मिथ्या वहल्लज्जसे ॥ ६ ॥

શબ્દાર્થ—ખેદ છે કે પાતાલથી બલિરાજાને ઉદ્ધર્યો નથી, મરણનો નાશ કર્યો નથી, ચંદ્રનું મલિન લાંછન ભૂશ્યું નથી, રોગોને ઉખેડી ફેંકી દીધા નથી અને પૃથ્વીને ક્ષણવાર ધારણ કરી શેષનાગનો પણ ભાર ઉતાર્યો નથી. તો હે ચિત્ત ! તું સત્પુરૂષોના અભિમાનની ગણનાને વહન કરતું નકામું લજ્જા પામે છે. ॥ ૬ ॥
इति अहंकार ॥

હવે હર્ષનું વર્ણન કરે છે—પ્રયોજન વિના બીજાને દુઃખી કરવાથી અથવા તો શિકાર અને જુગટું વિગેરે અનાચારનું સેવન કરવાથી અંતઃકરણમાં પ્રમોદ ઉત્પન્ન થાય તેને હર્ષ કહેવામાં આવે છે અને આ હર્ષ દુર્ધ્યાનયુકત હૃદયવાળા અધમ પુરૂષોનેજ સુલભ હોય છે, અર્થાત ઉત્તમ પુરૂષોએ તો કર્મબંધનના કારણભૂત

કાર્યમાં કોઈ વખત પણ હર્ષ કરવો ચોગ્ય નથી. પાપ કાર્યમાં આનંદ માનવાથી નિકાચિત કર્મનો બંધ થાય છે અને તેનું ફળ ભોગવ્યા વિના છુટકારો થતો નથી. અનાચારમાં આનંદ માનવો એ અધમ પુરૂષનુંજ કામ છે તેમાટે કહ્યું છે કે—

परवसणं अभिनंदइ निरवक्खो निद्दओ निरणुतावो ।
हरिसिज्जइ कयपावो रुद्दज्झाणोवगयचित्तो ॥ १ ॥

શબ્દાર્થ—પાપ વિગેરેની અપેક્ષા નહી રાખનાર અને પશ્ચાતાપ નહી કરનાર નિર્દય પુરૂષ બીજાના કષ્ટને સારૂં માને છે અને રૌદ્રધ્યાન યુક્ત ચિત્તવાળો પાપ કરીને ખુશી થાય છે. ॥ ૧ ॥

तुष्यन्ति भोजनैर्विप्राः, मयूरा घनगर्जितैः ।
साधवः परकल्याणैः खलाः परविपत्तिभिः ॥ २ ॥

શબ્દાર્થ:—બ્રાહ્મણો ભોજન વડે, મયૂરો મેઘની ગર્જનાથી, સજ્જન પુરૂષો બીજાના કલ્યાણથી અને દુર્જનો (નાલાયક) બીજાની આપત્તિ (દુ:ખ) થી ખુશી થાય છે. અર્થાત્ બીજાને દુ:ખી દેખી આનંદ માને છે. ૨

આ લોકમાં વિવેકી પુરૂષોને નિંદનીક હોવાથી, અપજશ તેમજ અનર્થોનું કારણ હોવાથી અને પરલોકમાં દુર્ગતિના હેતુ હોવાથી ઉપર જણાવેલા કામાદિ અંતરંગ શત્રુઓ ત્યાગવા લાયક કહેલા છે.

હવે ગ્રંથકાર મહર્ષિ પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં અંતરંગારિનો ત્યાગ કરનારને મુખ્ય ફળ દેખાડે છે—

आन्तरं षडरिवर्गमुदग्रं, यस्त्यजेदिह विवेकमहीयान् ।
धर्मकर्मसुयशः सुखशोभाः, सोऽधिगच्छति गृहाश्रमसंस्थः

શબ્દાર્થ:—જે મહોટા વિવેકવાળો પુરૂષ પ્રચંડ આંતરિક ષડરિવર્ગનો આ લોકમાં ત્યાગ કરે છે તે પુરૂષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં પણ ધર્મકાર્ય, સુકીર્ત્તિ, સુખ અને શોભા પ્રાપ્ત કરે છે. અર્થાત્ જે માનસિક દુર્વૃત્તિઓથી બચ્યો છે, તે સર્વત્ર પ્રતિષ્ઠા પામી આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

॥ इति श्री चतुस्त्रिंशत्तमो गुणः ॥

पंचात्रिंशत् गुणवर्णन.



વે ગ્રંથકાર મહારાજ ક્રમથી પ્રાપ્ત થએલા પાંત્રીશમા ગુણનું વર્ણન કરે છે.

'वशीकृतेन्द्रियग्रामः'—વળી જેણે ઇંદ્રિયોના સમૂહને વશ કર્યો છે એટલે ઇંદ્રિયોને સ્વચ્છંદપણે પ્રવૃત્તિ કરતાં રોકે છે તે વશીકૃતેન્દ્રિયગ્રામ કહેવાય છે એટલે અત્યંત આસક્તિનો પરિત્યાગ કરી સ્પર્શનાદિ ઇંદ્રિયોના વિકારોનો રોધ કરનાર હોય છે અને તેજ ગૃહસ્થ ધર્મને લાયક ગણાય છે. ખરેખર ઇંદ્રિયોનો જય કરવો, તેજ પુરૂષોને ઉત્કૃષ્ટિ સંપત્તિનું કારણ છે. તેને માટે કહ્યું છે કે—

आपदां कथितः पन्था इन्द्रियाणामसंयमः ।
तज्जयः संपदां मार्गो येनेष्टं तेन गम्यताम् ॥१॥

શબ્દાર્થ:—ઇંદ્રિયોનું સ્વતંત્રપણું તે આપત્તિનો માર્ગ છે અને ઇંદ્રિયોનો જય કરવો તે સંપત્તિનો માર્ગ છે એમ વિદ્વાનોનું કહેવું છે, માટે જે રસ્તે જવું ઇષ્ટ હોય તે રસ્તે ગમન કરવું. ૧

इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ ।
निगृहीतविसृष्टानि स्वर्गाय नरकाय च ॥२॥

શબ્દાર્થ:—સ્વર્ગ અને નરક એ બન્ને જે કહેવાય છે, તે સર્વ ઇંદ્રિયોજ છે. કારણ કે ઇંદ્રિયો વશ કરવાથી અને છુટી મુકવાથી અનુક્રમે સ્વર્ગ અને નરકને માટે થાય છે. અર્થાત્ જે જિતેન્દ્રિય હોય છે, તે પુરૂષ અવશ્ય સ્વર્ગમાં જાય છે અને જે ઇંદ્રિયોને સ્વતંત્રપણે પ્રવૃત્તિ કરાવે છે તે મરણ પામી નરકમાં જાય છે. અને ત્યાં ભયંકર દુઃખોને ભોગવે છે. ૨

जितेन्द्रियत्वं विनयस्य कारणं गुणप्रकर्षो विनयादवाप्यते ।
गुणानुरागेण जनोऽनुरज्यते जनानुरागः प्रभवा हि संपदः ॥३॥

શબ્દાર્થ:—જિતેંદ્રિયપણું વિનયનું કારણ છે, વિનયથી ગુણોને પ્રકર્ષ પ્રાપ્ત કરાય છે. ગુણાનુરાગથી લોક રાગી થાય છે અને લોકોના અનુરાગથી ઉત્પન્ન થનારી સંપદાઓ પ્રાપ્ત થાય છે. ॥ ૩ ॥

સંગ્રામમાં મેળવેલા જયથી પણ ઇંદ્રિયોનો જય મ્હોટો ગણાય છે, એટલે ઇંદ્રિયોનો જય મેળવવો ઘણો મુશ્કેલ છે. તે આ પ્રમાણે છે—

સો મનુષ્યોમાં એક શૂરવીર, હજારમાં એક પંડિત અને લાખોમાં એક વક્તા હોય છે, પરંતુ દાનેશ્વરી તો હોય ખરો અથવા ન પણ હોય; અર્થાત્ દાનેશ્વરી દુર્લભ હોય છે. યુદ્ધમાં જય મેળવવાથી શૂરવીર, વિદ્યાથી પંડિત, વાક્‌ચાતુર્યથી વક્તા અને ધન દેવાથી કાંઇ દાતાર કહેવાતો નથી, પરંતુ ઇંદ્રિયોને જિતવાથી શૂરવીર, ધર્મનું આસેવન કરવાથી પંડિત, સત્ય ભાષણ કરનાર વક્તા અને ભય પામેલ જંતુઓને અભયદાન આપનાર દાનેશ્વરી, ગણાય છે. ઇંદ્રિયોના પ્રસંગથીજ મનુષ્ય અવશ્ય દોષ સેવે છે. અને તેજ ઇંદ્રિયોને વશ કરવાથી મનુષ્ય અનુક્રમે સિદ્ધિ મેળવે છે. પુરૂષનું બનાવેલું શરીર તે રથ છે, આત્મા નિયંતા (સારથી) છે. આ રથના ઘોડા ઇંદ્રિયો છે તે ઇંદ્રિયરૂપ શ્રેષ્ઠ અને કુશળ ઘોડાઓને સાવધાન થઇ દમનાર પુરૂષ સુખેથી ધીર પુરૂષની પેઠે ઇચ્છિત સ્થાનમાં પહોંચે છે. ચક્ષુઇંદ્રિનો વિજય મેળવવામાં લક્ષ્મણનો દૃષ્ટાંત છે, તે આ પ્રમાણે છે—સીતાને કુંડલ, કંકણ વગેરે છે ઇત્યાદિ પ્રશ્ન થતાં લક્ષ્મણે જવાબ આપ્યો કે—હું કુંડલોને કે કંકણને જાણતો નથી પરંતુ હમેશાં તેણીના ચરણકમળમાં વંદન કરતો હોવાથી ઝાંઝરો છે, તે હું જાણું છું.

વળી સંપૂર્ણ ઇંદ્રિયોના જયનું મૂળ કારણ જીહ્વા ઇંદ્રિયનો જય છે અને તે જીહ્વા ઇંદ્રિયનો જય કરવો તે તો તેવા પ્રકારના ઉચિત આહાર અને સંભાષણથી કરવો જોઇએ. નિંદા નહીં કરવા લાયક કર્મથી પ્રાપ્ત થએલો તેમજ પ્રમાણોપેત અને શ્રેષ્ઠ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવા માટેજ આહાર કરવો ઉચિત ગણાય છે. તે માટે કહ્યું છે કે—

आहारार्थं कर्म कुर्यादनिंद्यं भोज्यं कार्यं प्राणसंधारणाय ।
प्राणा धार्यास्तत्त्वजिज्ञासनाय तत्त्वं ज्ञेयं येन भूयो न भूयात् ॥४॥

શબ્દાર્થ:—આહાર માટે અનિંદ્ય કર્મ કરવું, પ્રાણોને ધારણ કરી રાખવા માટે ભોજન કરવું, તત્ત્વોની જિજ્ઞાસા માટેજ પ્રાણોને ધારણ કરી રાખવા અને તત્ત્વને જાણવું કે જેથી ફરી જન્મ લેવોજ ન પડે. ॥ ૪ ॥

પ્રમાણથી અધિક આહાર લેવાથી નવા નવા મનોરથોની વૃદ્ધિ, પ્રબળ નિદ્રાનો ઉદય, નિરંતર અશુચિપણું, શરીરના અવયવોમાં ગુરૂતા, સઘળી ક્રિયાઓનો ત્યાગ અને ઘણું કરી રોગોથી પીડિત થાય છે; તેટલા માટે હમેશાં રસનેંદ્રિયને અતૃપ્તજ રાખવી. રસનાઇંદ્રિય અતૃપ્ત હોય તો બીજી સઘળી ઇંદ્રિયો પોતપોતાના વિષયમાં પ્રવૃત્તિ કરવાથી તૃપ્ત થએલીજ ગણાય છે. તે માટે કહ્યું છે કે—

यत्तत्क्रिया हि काव्येन काव्यं गीतेन बाध्यते ।
गीतं च स्त्रीविलासेन स्त्रीविलासो बुभुक्षया ॥ ५ ॥

શબ્દાર્થ:—જે તે ક્રિયા કાવ્યથી, કાવ્ય ગીતથી, ગીત સ્ત્રીઓના વિલાસથી અને સ્ત્રીઓનો વિલાસ ભૂખથી દબાઇ જાય છે. અર્થાત્ ઉત્તરોત્તર એક એકથી બલવંત હોવાથી પુર્વનું બળ નકામું થાય છે.

જીહ્વેન્દ્રિય તૃપ્ત હોય તો બીજી સઘળી ઇંદ્રિયો પોતાના વિષયની પ્રવૃત્તિમાં ઉત્સુકતા જોવામાં આવે છે તેથી અતૃપ્તજ ગણાય છે. વચનની વ્યવસ્થાનું પણ નિયમિતપણું હોવું જોઇએ તે માટે કહ્યું છે કે—

महुरं निउणं थोवं कज्जावडियं अगव्वियमतुच्छं ।
पुव्वमइसंकलियं भणन्ति जं धम्मसंजुत्तं ॥ ६ ॥

શબ્દાર્થ:—મધુર, નિપુણતાવાળું, થોડું, કાર્યને લગતું, અહંકાર વગરનું, તુચ્છતા વિનાનું. અને પ્રથમ વિચાર કરેલું જે બોલાય છે, તેજ ધર્મયુકત ગણાય છે. ॥ ૬ ॥

ઇત્યાદિ યુક્તિથી આહારની મર્યાદા કરતાં વચનની મર્યાદા અધિક ગણાયછે. કારણ કે વિકારને પ્રાપ્ત થયેલા આહારતો ઔષધાદિકના પ્રયોગથી દૂર કરી શકાય છે, પરંતુ વચનનો વિકાર તો આખા જન્મારા સુધી હૃદયથી દૂર કરી શકાતો નથી. તેને માટે છે, આ ઠેકાણે કહ્યું છે કે—

जिह्वां प्रमाणं जानीहि भोजने वचने तथा ।
अतिभुक्तमतीवोक्तं प्राणिनां प्राणनाशकम् ॥ ७ ॥

શબ્દાર્થ:—ભોજન કરવામાં અને બોલવામાં જીભનેજ પ્રમાણ જાણવી. કારણકે અત્યંત ખાધેલું અને અત્યંત બોલાયેલું પ્રાણીઓના પ્રાણોનો નાશ કરનારૂં થાય છે. ॥ ૭ ॥

ખરેખર જિતેંદ્રિય પુરૂષ કોઇથી પણ ભય પામતો નથી. કહ્યું છે કે—

यस्य हस्तौ च पादौ च जिह्वा च सुनियंत्रिता ।
इन्द्रियाणि सुगुप्तानि रुष्टो राजा करोति किम् ॥ ८ ॥

શબ્દાર્થ:—જેના હાથ, પગ અને જીભ સારી રીતે વશ થયેલી છે, તેમજ ઇંદ્રિયો કાબુમાં છે તેને કુપિત થએલો રાજા પણ શું કરી શકવાનો ? ॥ ૮ ॥

હવે ગ્રંથકાર મહર્ષિ પ્રસ્તુત ગુણનો ઉપસંહાર કરતાં ફળ બતાવે છે—

एवं जितेन्द्रियो मर्त्यो मान्यो मानवतां भवेत् ।
सर्वत्रास्खलितो धर्मकर्मणे चापि कल्पते ॥ ९ ॥

શબ્દાર્થ:—ઉપર પ્રમાણે જિતેંદ્રિય મનુષ્ય માનવાળા મનુષ્યોને પણ માનનીક થાય છે અને સર્વત્ર સ્ખલના પામ્યા શિવાય ધર્મકાર્યમાં પણ યોગ્ય થાય છે. ॥૧॥

॥ इति पंचत्रिंशत्तमो गुणः ॥

હવે ગ્રંથકાર મહર્ષિ શ્રાદ્ધગુણ વિવરણ ગ્રંથનો ઉપસંહાર કરતાં કાંઇક વિશેષ બતાવે છે—

સર્વ પ્રકારે ઇંદ્રિયોનો નિરોધ કરવો તે તો યતિ (મુનિ) ઓનો ધર્મ છે. આ સ્થળે તો શ્રાવકધર્મને ઉચિત ગૃહસ્થના સ્વરૂપનો અધિકાર હોવાથી ઉપર જણાવ્યા પ્રમાણે કહેવામાં આવ્યું છે. એવા પ્રકારના વિશેષ ધર્મની શોભાને પુષ્ટિ કરનાર સામાન્ય ગુણો (ન્યાયસંપન્ન વિભવાદિ) થી વધેલો મનુષ્ય અવશ્ય ગૃહસ્થધર્મને એટલે સમ્યક્ત્વ મૂળ બાર વ્રતરૂપ વિશેષ ધર્મને માટે કલ્પાય છે. અર્થાત્ અધિકારી ગણાય છે. ('गृहिधर्माय कल्पते' આ પદ દરેક ગુણની સાથે સંબંધ ધરાવે છે, માટે જ્યાં ન હોય ત્યાં પણ જોડી લેવું.)

य एवं सेवन्ते सुकृतरतयः शुद्धमतयो,
विशेषश्रीधर्माभ्युदयदमिमं सद्गुणगणम् ।
ससम्यक्त्वं धर्मं व्रतपरिगतं प्राप्य विशदं
श्रयन्ते ते श्रेयःपदमुदयदैश्वर्यसुभगाः ॥१॥

શબ્દાર્થ:—પુણ્યમાં પ્રીતિ રાખનાર અને શુદ્ધ બુદ્ધિવાળા જે મનુષ્યો વિશેષધર્મના અભ્યુદયને દેનારઆ (ઉપર જણાવેલા રૂપ) શ્રેષ્ઠ ગુણસમૂહને ઉપર જણાવ્યા પ્રમાણે સેવે છે, તે અભ્યુદય આપનાર ઐશ્વર્યથી સારા નશીબવાળા પુરૂષો સમ્યક્ત્વ સહિત નિર્મળ બાર વ્રતરૂપ શ્રાવકધર્મને પ્રાપ્ત કરી મોક્ષપદને મેળવે છે. ॥૧॥

તપાગચ્છની આદિમાં ત્રણ જગતના પૂજ્ય અને પ્રશસ્ત જ્ઞાન તથા ક્રિયાવાળા-ઓની મધ્યે અગ્રગણ્ય જગચ્ચંદ્રસૂરિ થયા. ॥ ૧ ॥

તેમની પાટ ઉપર ગૌતમસ્વામિના જેવા પ્રભાવવાળા શ્રીદેવેંદ્રસૂરિ થયા, તેમના પછી યુગની અંદર ઉત્તમ શ્રી વિદ્યાનંદ ગુરૂ પ્રગટ થયા. ॥ ૨ ॥

ત્યારબાદ જગતને વિસ્મય પમાડનાર શ્રી ધર્મઘોષસૂરિ થયા, તેમની પછવાડે સૂરિવરોમાં પ્રધાન શ્રી સોમપ્રભસૂરિ થયા. ॥ ૩ ॥

તે પછી સત્પુરૂષોને કલ્પવૃક્ષ સમાન અને જ્ઞાનરૂપ લક્ષ્મીવાળા શ્રી સોમતિલક ગુરૂ થયા, ત્યારબાદ ઘણી કીર્ત્તિવાળા શ્રી દેવસુંદરસૂરિ થયા. ॥ ૪ ॥

તેમના શિષ્ય યુગને વિષે ઉત્તમ, પૃથ્વીમાં પ્રસિદ્ધ થયેલા અને જગત્માં અત્યંત સૌભાગ્યવાળા શ્રી સોમસુંદરસૂરિ થયા. ॥ ૫ ॥

તેમના આત્મજ્ઞશિષ્ય શ્રી જિનમંડનગણિએ શ્રુતની ભક્તિથી શ્રાવકના ગુણોની શ્રેણિના સંગ્રહરૂપ ગ્રંથને બનાવ્યો. ॥ ૬ ॥

અણહિલ્લપુરપાટણમાં અનેક પ્રકારના શાસ્ત્રોનો સાર ગ્રહણ કરી ચૌદશોઅઠ્ઠાણું (૧૪૯૮) ની સાલમાં બનાવેલો આ ગ્રંથ ચિરકાળ સુધી વૃદ્ધિ પામો. ॥૭॥

इतिश्रीतपागच्छनायकश्रीसोमसुंदरसूरिशिष्य-
श्रीजिनमंडनगणिमहोपाध्यायविरचित
श्राद्धगुणविवरणभाषांतर
समाप्त.

ખાસ ખરીદવા લાયક ગ્રંથો.

જૈન દર્શનના તત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ.

"આત્મપ્રબોધ."

(ભાષાંતર)

આત્મજ્ઞાન એ મોક્ષને પ્રાપ્ત કરાવનાર હોવાથી સર્વનું ઉપકારક છે. જેથી આ ગ્રંથનું ઉપર મુજબનું નામ આપી અતિ શુદ્ધ આત્મજ્ઞાનનો માર્ગ અભિધેય રૂપે આ ગ્રંથના કર્ત્તા મહાન્ આચાર્ય **શ્રીજિનલાભસૂરિએ** નિરૂપણ કરેલ છે. આ ગ્રંથમાં ચાર પ્રકાશ (પ્રકરણ) આપવામાં આવેલ છે. જેમાં પ્રથમ પ્રકાશમાં **સમ્યક્ત્વનું સ્વરૂપ,** તેના ભેદ વીગેરેનું એટલા બધા વિસ્તારથી અને ઐતિહાસિક દૃષ્ટાંતોથી સ્ફુટ સરળ રીતે નિરૂપણ કરવામાં આવેલ છે કે, અત્યાર સુધીમાં આ વિષયના પ્રસિદ્ધ પામેલ ગ્રંથોમાં આ ગ્રંથ એક ઉચ્ચ પ્રતિષ્ઠા મેળવવા સાથે ઉત્તમ નમુના રૂપે થયેલ છે. બીજા પ્રકાશમાં **દેશવિરતિનું સ્વરૂપ,** ત્રીજા પ્રકાશમાં **ઉત્તમ મુનિવ્રતનું સ્વરૂપ** અને ચોથા પ્રકાશમાં **પરમાત્મ ભાવનું સ્વરૂપ** દર્શાવેલ છે. આ આખા ગ્રંથના દરેક વિષય માટે અનેક કથાઓ, ઉપનયો અને આગમો પ્રકરણો વિગેરેની પ્રસંગે પ્રસંગે અનેક સાક્ષીઓ આપી ગ્રંથકર્ત્તાએ ભવિ જીવોના લાભાર્થે ઉત્તમ મહદ્ પ્રયાસ કર્યો છે. આ ગ્રંથ અતિ ઉપયોગી અને દરેક મુનિ મહારાજાઓ અને જૈન બંધુઓને શ્રવણ, મનન નિદિધ્યાસન કરવા જેવો છે. આ ગ્રંથના વિશેષ વખાણ કરવા કરતાં તે ખાસ વાંચી જવા વિનંતિ કરીએ છીએ.

આ ગ્રંથ ઉંચા સીતેર રતલી ડોરલીંગ ગ્લેઝ કાગળો ઉપર રોયલ આઠપેજી સુંદર જૈની (શાસ્ત્રી ખાસ) ટાઇપમાં છપાવવામાં આવેલ છે. લગભગ ૬૦ ફારમ ૫૦૦ પાનાનો સુંદર બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

તૈયાર છે. **જલદી મંગાવો.** **તૈયાર છે.**

તપોરત્ન મહોદધિ.

(તપાવલી ભાગ ૧–૨)

અનેક ગ્રંથોમાંથી તમામ પ્રકારના તપોનો કરેલો સંગ્રહ.

શ્રી પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી **ભક્તિવિજયજી મહારાજના** અપૂર્વ પ્રયાસનું આ ફળ છે. કે જે તે બે વિભાગમાં પ્રગટ કરવામાં આવેલ છે. પ્રથમ વિભાગમાં ૮૮ પ્રકારના આચારદિનકરમાં જણાવેલા તપોનું તથા બીજા વિભાગમાં ૭૩ પ્રકારના અન્ય ગ્રંથાદિમાં કહેલા તપોનું વર્ણન આ ગ્રંથમાં વિધિ–વિધાન સહિત ઘણી ઉંચી અને સરલ શૈલીથી આપવામાં આવેલું છે.

બંને વિભાગમાં તપ અને તેના ગુણ્ણા વિગેરે બહુજ વિસ્તારથી આપવામાં આવેલ છે. આ ગ્રંથની અંદર અનેક ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે, તે ગ્રંથોના નામનું લીસ્ટ પણ સાથે આપવામાં આવેલ છે. વળી દરેક તપનો મહિમા વાંચવાથી હૃદયમાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. વળી તપને લગતા પ્રશ્નોત્તરો દાખલ કરી તેને ખાસ ઉપયોગી બનાવવામાં આવેલ છે. અનેક ગ્રંથો, બુકો, તપના ટીપણાઓ અને છુટક પ્રતો તેમજ ચાલુ પ્રચારથી જે જે તપો જાણવામાં આવ્યા તે તમામનો સંગ્રહ કરેલો છે જે આ ગ્રંથ સાદ્યંત વાંચવા વિચારવાથીજ તેની અપૂર્વ કિંમત થઇ શકે તેવું છે. ઉંચા એન્ટીક ઈંગ્લીશ પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપથી પ્રતના આકારે મોટો ખર્ચ કરી છપાવવામાં આવેલ છે. બાવીશ ફારમનો મોટો ગ્રંથ છતાં માત્ર તેની કિંમત રૂા. ૦–૮–૦ આઠ આના રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

વિવિધ પૂજા સંગ્રહ.

(શ્રીમદ્ વિજયાનંદ સૂરિ (આત્મારામજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ વિરચિત ચૌદ પૂજાઓનો સંગ્રહ.)

મહોપકારી **શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વર** રચિત પૂજાઓ કે જેને માટે સંગીતના પ્રોફેસરો અને પૂજાના જાણકાર રસિકો તેમની રચનાના સંબંધમાં અનેક વિધ પ્રશંસા કરે છે, તે પાંચ પૂજાઓ તથા તેમને પગલે ચાલનારા પ્રસિદ્ધ વક્તા શ્રીમાન્મુનિરાજ શ્રી **વલ્લભવિજયજી મહારાજની** બનાવેલી ૯ પૂજા કે જે વર્તમાન સમયને અનુસરતા રાગરાગણીથી ભરપુર હોઇ આકર્ષક છે. ગયા અને તેની પહેલાના વર્ષમાં મુંબઇ નગરીમાં તેઓશ્રીના ચાતુર્માસ દરમ્યાન તેઓની છેલ્લી બનાવેલી શ્રી પંચપરમેષ્ઠિની પૂજા મુંબઇની જૈન પ્રજાએ વારંવાર ભણાવી, સાંભળી તેની અપૂર્વ રસિકતા જાણી અપૂર્વ આનંદ અનેકવાર લીધેલ છે, અને તેની ઉપયોગિતા, કૃતિની રસિકતા એકમતે સિદ્ધ થઈ ચુકી છે, તેની વારંવાર માગણી થવાથી ઉક્ત બંને મહાત્માઓની કૃતિની તમામ પૂજાઓ સાથે છપાવી છે. પૂજા શોધવામાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે કૃપા કરેલી હોવાથી તદ્દન શુદ્ધ છપાયેલ છે.

ઉંચા ઈંગ્લીશ ગ્લેજ કાગળો ઉપર સુંદર શાસ્ત્રી મોટા ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી તેનું એટલું બધું સુંદર બાઇંડીંગ કરાવવામાં આવેલ છે કે તે જોતાં તરતજ ગૃહણ કરવાની ઇચ્છા થાય. જેને માટે ઘણો મોટો ખર્ચ કરવામાં આવેલ છે, જે શુમારે ત્રીસ ફારમ સવાચારશો પાનાનો દળદાર ગ્રંથ છતાં તેનો બહોળો પ્રચાર થવા માટે મુદ્દલથી ઓછી કિંમતે એટલે માત્ર રૂા. ૦–૮–૦ આઠ આના (પોસ્ટેજ જુદું) ની કિંમત રાખવામાં આવેલ છે, માત્ર જુજ નકલો બાકી છે, જેથી નીચેના સરનામે લખી જલદીથી મંગાવો.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.